
દેવ-દાનવ

- હરકિસન મહેતા



DEV - DANAV (Gujarati Novel)
By : HARKISAN MEHTA
Published by :
PRAVIN PRAKASHAN PVT. LTD.,
Dhebar Road, RAJKOT.

પ્રકાશક :
પ્રવીણચંદ્ર એમ. પટેલ
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ.

આવૃત્તિ : ૧ લી ૧૯૮૧
આવૃત્તિ : ૨ જી ૧૯૮૮
આવૃત્તિ : ૩ જી ૧૯૯૦
આવૃત્તિ : ૪ થી ૧૯૯૬
આવૃત્તિ : ૫ મી ૨૦૦૧

કિંમત : રૂા. ૨૨૦-૦૦

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ. ફોન : (02827) 52764 / 52967

વાર્તાનું બીજ

દસેક વર્ષ અગાઉ નેપાલના પ્રવાસે જવાનું થયું ત્યારે ત્યાંના મહારાજાના મૃત્યુ પછી થતી કટ્ટોખાનો વિધિ વિષે જાણવા મળ્યું. એ જ અરસામાં રોયલ નેપાલ ઍરલાઈન્સના વિમાનનું અપહરણ કરવાની ઘટના પણ બની હતી. ત્યારથી આ કથાનું બીજ મનમાં રોપાઈ ગયું હતું.

એને નવલકથાનું સ્વરૂપ આપવાનો સમય આવ્યો ત્યારે ફરી નેપાલનો એક પ્રવાસ ખેડીને જરૂરી સામગ્રી એકઠી કરી. ખાસ કરીને 'કટ્ટોખાનો' વિધિ વિષે વિસ્તારથી જાણવાની ઇચ્છા હતી, પરંતુ આ અંગે ત્યાંના બહુ ઓછા લોકોને જાણકારી હતી અને કેટલાકે માહિતી આપવાની આનાકાની પણ કરી. ત્યાંના રાજકીય વાતાવરણમાં એ અરસામાં 'ગરમી' હોવાને કારણે કદાચ આમ બન્યું હશે.

આ નવલકથાનાં પ્રારંભનાં પ્રકરણો વાંચી 'ચિત્રલેખા'ના કેટલાક વાચકોએ 'આ પ્રવાસકથા બની રહી છે' એવી ટકોર કરી હતી, પરંતુ કથાનો નાયક ગાઇડ હોવાથી અને કથાવસ્તુને નેપાલના રાજકીય, સામાજિક તેમજ સાંસ્કૃતિક જીવન સાથે લેવાદેવા હોવાથી એ પૃષ્ઠભૂમિ અનિવાર્ય હતી. જોકે કથા જેમ જેમ વિકસતી ગઈ તેમ તેમ વાચકોને કાઠમંડુની કુંવારી દેવી, પશુપતિનાથ મંદિર, કેસિનો વગેરેના આલેખનની અનિવાર્યતા સમજાઈ હોવાના પડઘા એમના પાત્રોમાં પડ્યા.

અસંખ્ય વાચકોએ આ નવલકથા માણી અને વખાણી એનો મને સંતોષ છે.

અક્ષય ત્રીજ, ૬ મે, ૧૯૮૧ — **હરકિસન મહેતા**

૭, ગુરુકૃપા,
૬ઠ્ઠો રસ્તો,
જુહૂ સ્કીમ,
વિલેપાર્લે (પશ્ચિમ), મું.- ૫૬.

એક

પશુપતિનાથના ભવ્ય પ્રવેશદ્વારમાં આઠ દસ પ્રવાસીઓના જૂથ સાથે જયદેવ દાખલ થયો ત્યાં સુધી મંદિરથી થોડે દૂર લપાઈને એ ઊભી રહી. આગળ વધવા માટે પગ ઉપાડતાં પહેલાં તેણે આજુબાજુ નજર કરી લીધી. વારંવાર માથા પરથી છટકી જતી સાડીનો છેડો સરખો કર્યો. સોનેરી વાળની એકાદ લટ પણ બહાર ડોકાઈ ન જાય એની ચોકસાઈ કરી લીધી. ઢંડી વર્તાતી ન હોવા છતાં ખભે વીંટાળેલી શાલમાં બંને હાથ ઢાંકી દીધા. ગરમી ગુમાવી બેઠેલા સૂરજ હિમાલયના પહાડો તરફ ઝૂકી રહ્યો હતો છતાં તેણે આંખો પરથી ગોગલ્સ હઠાવવાને બદલે ઠીકઠાક કર્યા. મંદિરમાં પહોંચી જવાની અધીરાઈને વશમાં રાખી ઉતાવળાં છતાં સાવચેત પગલે એ આગળ વધી. પ્રવેશદ્વાર ચાર ડગલાં દૂર હતું ત્યાં એકાએક એને ધ્રાસ્કો પડ્યો : સેન્ડલ ઉતારવાનું ચૂકી ગઈ ! ખૂણામાં બેઠેલા બૂટ-ચંપલ સાચવતા છોકરા પર નજર પડી. પેલો તેની સામે મરક્યો ત્યારે પોતે ભોંઠી પડી ગઈ : કેટલી બધી વાર ગોખી રાખ્યું હોવા છતાં ખરે વખતે જ ભુલાઈ ગયું ! જરાક મોડી પડી હોત તો પ્રવેશદ્વારમાં પગ મૂકતાં પહેલાં જ આ છોકરાએ ચોરી પકડી પાડી હોત.

પીઠ ફેરવીને તેણે સેન્ડલ ઉતારી આપ્યાં. મોજાં પહેર્યાં હોવાથી પગની ગોરી ચામડી ચાડી ખાઈ શકે તેમ નહોતી.

મંદિર તરફ આવતા કેટલાક ભાવિકોને જોઈ તેણે ઝડપભેર પગ ઉપાડ્યા. જેવી એ દરવાજામાં દાખલ થઈ કે રાવણના માથાં જેવડો ઘંટ રણક્યો અને સંધ્યાના વાતાવરણની સાથોસાથ જ્યુલીના દિલને પણ ધ્રુજાવી દીધું. ધડકતા હૃદયે તે એક તરફ ઊભી રહી ગઈ.

'ભગવાન શંકરના આ પોઠિયાનું વિરાટ કદ જોઈને ઘણા વિમાસણમાં પડી જાય છે !' જયદેવ છટાભરી શૈલીએ ટૂરિસ્ટોને સમજાવી રહ્યો હતો : 'આઠ ફૂટની સોને મઢેલી કાયા નજરે પડતાં જ તમારી જેમ દરેક પ્રવાસી સ્તબ્ધ અને મુગ્ધ બની જાય છે. પોઠિયાના આ વિરાટ સ્વરૂપ પાછળ એક દૃષ્ટિ રહેલી છે. કોઈ પણ બિનહિન્દુને આ મંદિરમાં પ્રવેશ અપાતો નથી. પશુપતિનાથની મૂર્તિ પર કોઈ વિધર્મીની નજર સુદ્ધાં ન પડવી જોઈએ. અગાઉ વિદેશી લોકો મંદિરના પ્રવેશદ્વાર પાસે ઊભા રહી શંકર ભગવાનની મૂર્તિનું દૂરથી નિરીક્ષણ કરવા બહુ આવતા. દેવ પર એમની નજર ન પડે એટલા ખાતર આ વિરાટ પોઠિયાને વચોવચ સ્થાપી દીધો.' બોલતાં બોલતાં જયદેવે કટાક્ષ પણ કરી લીધો : 'હવે તો દરવાજે ઊભા રહીને અંદર નજર નાખનારાને પોઠિયાની પૂંઠ જ જોવા મળે છે!'

સાંભળીને બે ચાર ટૂરિસ્ટ હસી પડ્યા, પણ સંતાઈને ઊભેલી જ્યુલીને એ ખટક્યું.

'ધારો કે કોઈ પરદેશી મનાઈહુકમનું ઉલ્લંઘન કરીને મંદિરમાં દાખલ થઈ જાય તો ?' યુવાન દેખાતા એક ટૂરિસ્ટે પૂછ્યું: 'એને કાંઈ સજા થાય ખરી ?'

એ સવાલે જ્યુલીને થથરાવી મૂકી. જયદેવ એનો જવાબ સંભળાવે એ પહેલાં જ્યુલીને મંદિર બહાર ભાગી છૂટવાની વૃત્તિ જોર કરી ઊઠી. જય હમણાં જ બોલી ઊઠશે : મનાઈનો ભંગ કરનારને ધક્કા મારીને બહાર હડસેલી મૂકે... નેપાલની હદમાંથી કાઢી મૂકે... કદાચ એને થોડા દિવસની કેદ ફટકારે...

પરંતુ આવો કોઈ જવાબ આપવાનો જયદેવને મોકો જ ન મળ્યો. સોનેરી રંગના વિરાટ નિર્જીવ પોઠિયાની પીઠ પર બેઠેલા

ચંચળ વાંદરાએ એક ટૂરિસ્ટ પર તરાપ મારી અને આંખના પલકારામાં તેના હાથમાંથી પૂજાની સામગ્રીનો પડિયો ઝૂંટવી લઈ વાંદરો છલાંગ ભરતો સામેના ઝાડની ડાળી પર ચડી ગયો. પેલો હેબતાઈ ગયેલો પ્રવાસી હળવી ચીસ નાખીને ભોંઠો પડી ગયો અને આજુબાજુ ઊભેલા બધા એ ગમ્મત પર ખિલખિલાટ હસી પડ્યા. દૂર ઊભેલી જ્યુલી માંડ માંડ હસવું દબાવી શકી.

'એ બંદર !' ઊંચી ડોક કરીને જયદેવે ઝાડ પર બેઠેલા વાંદરાને ટપાર્યો : 'આપણો દેશ જોવા આવેલા ટૂરિસ્ટ સાથે આવું વર્તન કરાય ?'

ત્યારે વડીલના ઠપકાને નહીં ગણકારતા લુચ્ચા બાળકની જેમ વાંદરો ડાળી પર પીઠ ફેરવી લઈ પેલા પડિયામાંથી ખાવાનું ફંફોળતો બેસી રહ્યો.

'મિસ્ટર ગાઇડ !' ટૂરિસ્ટના જૂથમાંથી કોઈએ અધીરા અવાજે જયદેવને પૂછ્યું : 'આ પશુપતિનાથ મંદિરનો મહિમા તો સમજાવો.'

અને જયદેવની પાણીદાર આંખોમાં ઊપસી આવતી ચમક સંધ્યાના ઝાંખા અજવાળામાં આટલે દૂરથી પણ જ્યુલીની નજરે ચડ્યા વગર રહી નહીં. પોતાના દેશની સભ્યતા-સંસ્કૃતિ, દેવ-દેવીઓની કે પહાડ-પર્વતોની વાત કહેવાની હોય ત્યારે જયદેવના સમગ્ર શરીરમાં ચેતન તરવરી ઊઠતું. ઇંગ્લિશ, સંસ્કૃત, હિન્દી અને નેપાલી શબ્દોના મીઠાશભર્યા મિશ્રણ સાથે ભાવવિભોર વાણીમાં એ પુરાણકથા સંભળાવતો ત્યારે એની વાક્છટાથી સદીઓ પહેલાંની ઘટના સાંભળનારની નજર સમક્ષ તાદૃશ્ય થઈ ઊઠતી. તેના વણઅટક્યા વાણીપ્રવાહમાં આસપાસના સૌ કોઈ આપોઆપ તણાવા લાગતા.

'મહાદેવ શંકરનું આ મંદિર હિન્દુઓનું અતિ પવિત્ર તીર્થધામ છે. તમે તો જાણો છો, અમારું આ નેપાલ વિશ્વભરમાં એકમાત્ર હિન્દુ રાષ્ટ્ર છે. છતાં બુદ્ધ અને હિન્દુ ધર્મનું સમન્વયભર્યું સહઅસ્તિત્વ પણ અહીં જ જોવા મળે છે. ત્રીસ વર્ષ પહેલાં આ દેશનાં દ્વાર બહારની દુનિયાના લોકો માટે સદંતર બંધ હતાં. છતાં

એ કાળમાં પણ શિવરાત્રીના પર્વ નિમિત્તે જગતના હિન્દુ યાત્રીઓને પશુપતિનાથનાં દર્શન માટે છ દિવસના પ્રવેશની છુટ્ટી મળતી. મહાદેવજીના આ પવિત્ર મંદિરની પુરાણકથા એવી છે કે...'

અને જયદેવની મધુર વાણીનો પ્રવાહ વહેવા માંડ્યો. પ્રવાસીઓ મંત્રમુગ્ધ બનીને તેમાં તણાવા લાગ્યા ત્યારે સલામત અંતર સાચવીને ઊભેલી જ્યુલી ગોગલ્સના કાચની ગુલાબી ઝાંયમાંથી તેને એકીટશે નિહાળતી રહી. પૂરા છ ફિટની પ્રભાવશાળી ઊંચાઈ, તેજસ્વી લલાટ, મોટી પાણીદાર આંખો, પ્રમાણસરનું નાક, શબ્દોના ઉચ્ચાર સાથે ઉઘાડ-બંધ થતા પાતળા હોઠોની નાજુક હિલચાલમાં વચ્ચે વચ્ચે ઉપલા હોઠના ખૂણા પાસે એક દાંત પર ચડી ગયેલો બીજો દાંત દેખાઈ જતો... જ્યુલીને યાદ આવી ગયું, બે વર્ષ અગાઉ નેપાલના પ્રવાસે આવી ત્યારે ગાઇડ તરીકે સાથે ફરતા મોહક જયદેવના દાંતની આ ખામી તેને ખટકી જતી. પણ પછી તો ધીમે ધીમે એ જ ખામી જયદેવના પ્રસન્ન વ્યકિતત્વની વિશિષ્ટતા હોય તેમ ગમવા માંડી.

પરંતુ જ્યુલીને એથીય વધુ વહાલી લાગતી જયદેવની વિલક્ષણતા હતી એના પહેરવેશની. હાથવણાટના સુતરાઉ કાપડમાંથી સિવડાવેલો પગથી માથા સુધીનો પોશાક સંપૂર્ણ નેપાળી. સાંકડા પાયસાનો પાયજામો, બટનને બદલે કસની દોરીવાળો કુરતો અને તેના પર હાફકોટ. બહુ ઠંડી હોય ત્યારે કુરતા પર સ્વેટર ચડાવે અને માથે નેપાળી ટોપી ! પહેલા પ્રવાસના આઠ દિવસના સહવાસ દરમ્યાન જ્યુલીએ તેને એક વાર પૂછી લીધેલું : 'ગાઇડ તરીકે તમારે રોજરોજ દેશદેશાવરના જાતજાતના શોખીન ટૂરિસ્ટો સાથે ફરવાનું થાય છે છતાં તમે આ અસલ પોશાક છોડ્યો કેમ નહીં ?' ત્યારે એ હસ્યો હતો. હિમાલય પર્વતમાળાના શિખર પાછળથી ઊગતા સૂરજનાં કૂણાં કિરણો જેવી એના સ્મિતમાં કુમાશ વર્તાઈ હતી. કદાચ એ કહી શક્યો હોત કે મારો આ પોશાક તો અમારી સભ્યતા-સંસ્કૃતિનું પ્રતીક છે. અમારે તમારા પશ્ચિમના દેશોનું અનુકરણ શું કામ કરવું જોઈએ ? પણ તેને બદલે બહુ જ સ્વાભાવિકતાથી તેણે સામું પૂછેલું : 'કેમ આ વેશમાં હું

વરવો દેખાઉં છું ?'

તેના અનુસંધાનમાં બંને વચ્ચે આગળ ચાલેલો સંવાદ બે વર્ષ પછી અત્યારે પણ જ્યુલીને શબ્દશઃ યાદ આવી ગયો :

'જયદેવ, તમે કોના જેવા લાગો છો એ હું તમારી પાસેથી જ જાણી શકું એમ છું.'

'એટલે ?'

'એટલે એમ કે તમારા હિન્દુ ધર્મમાં કરોડો દેવ-દેવીઓ છે.'

'શાસ્ત્રો પ્રમાણે ચોક્કસ આંકડો ૩૩ કરોડ દેવ-દેવીઓ છે.' કહીને જયદેવે ઉમેર્યું હતું : 'કેટલાક પરદેશી મજાકમાં કહે છે કે નેપાલની ધરતી પર મનુષ્યો કરતાં દેવ-દેવીઓની વસ્તી અને મકાનો કરતાં મંદિરોની સંખ્યા વધારે છે.'

'હું મજાક નથી કરતી, સીરીઅસલી પૂછું છું... આટલા બધા દેવતામાંથી તમે કોના જેવા લાગો છો ? તમારો દેખાવ ક્યા દેવને મળતો આવે છે ?'

સાંભળીને જયદેવનો ચહેરો જોવા જેવો થઈ ગયો હતો. એ થોડીવાર ગંભીર બની ગયેલો, પછી હસીને કહ્યું હતું : 'એ દેવતાનું નામ તો અત્યારે નહીં કહું, પણ કાલે તમને મંદિર જોવા લઈ જઈશ ત્યારે એની મૂર્તિ જ દેખાડીશ.'

અને બીજે દિવસે તેને હનુમાન ધોકાના મંદિરે લઈ જઈને જયદેવે સિંદૂરથી લથબથ ગદાધારી હનુમાનની મૂર્તિ દેખાડી ત્યારે પોતે એના પર કેવી ખિજાઈ ગઈ હતી !

એ યાદ આવતાં અત્યારેય જ્યુલી મરક મરક હસી પડી.

'આપણે જરા ઝડપ કરવી જોઈએ.' જયદેવ પ્રવાસી જૂથને કહેતો સંભળાયો : 'સંધ્યા આરતીનો સમય થવા આવ્યો. આરતીનાં દર્શન કરતાં પહેલાં આપણે પાછળ જઈ આવીએ. મંદિરની પછવાડે બાગમતી નદી વહે છે, તેના ઘાટ પર અગ્નિસંસ્કાર થાય તો માનવીનું જીવન અને મૃત્યુ પણ સાર્થક થયું મનાય છે...'

ટૂરિસ્ટોને દોરતો જયદેવ ચાર છ ડગલાં આગળ વધીને અચાનક અટકી ગયો. તેણે ડોક ફેરવીને પાછળ જોયું ત્યારે જ્યુલીને

ધ્રાસ્કો પડ્યો : એને મારી હાજરીનો વહેમ તો નહીં પડ્યો હોયને?

પણ ના, જયદેવનું ધ્યાન તો બીજે જ ક્યાંક સ્થિર થયું હતું. સોનેરી પોઠિયાની છાયામાં નગારું વગાડનારની બાજુમાં બેઠેલા શરણાઈવાદક પાસે જઈને એ નીચે નમ્યો. તેના હાથમાંથી વાજિંત્ર લઈને ટૂરિસ્ટોને દેખાડ્યું : 'તમે લોકો ગુજરાતી છો એટલે એક કૌતુકની વાત કહું. તમારી જબાનમાં તમે આને શું કહો છો ?'

'શરણાઈ.' એક મહિલા બોલી ઊઠી.

'નહીં.' બીજા ભાઈએ સુધારો કર્યો : 'અમારે ત્યાં એને તિતૂરી કહીએ છીએ.'

'અને અહીં નેપાળમાં અમે એને શું કહીએ છીએ એ તમને આ વાદક જ કહેશે,' કહીને જયદેવે પેલાને નેપાળી ભાષામાં સમજાવ્યું: 'તારા આ વાજિંત્રનું નામ કહે જોઈએ.'

'ગુજરાથી બાજા !' પેલાએ કહ્યું એટલે જયદેવે દોહરાવ્યું: 'સાંભળ્યુંને, તમારી ગુજરાતની તિતૂરી અહીં નેપાલમાં આવીને ગુજરાતી બાજા તરીકે જ ઓળખાય છે !'

ગુજરાતી પ્રવાસીઓને આ માહિતી પોરસ લેવા જેવી લાગી. 'વધુ અચરજ પમાડે એવી એક વાત પણ જાણી લોને જયદેવે આગળ વધતાં ઉમેર્યું : 'પશુપતિનાથ મંદિરના પૂજારીની ગાદી નેપાલ કે ઉત્તર ભારતના નહીં પણ દક્ષિણ ભારતથી આવેલા બ્રાહ્મણો જ સંભાળે છે. વર્ષોથી આ પરંપરા ચાલી આવી છે. એક પુરોહિતનું સ્થાન ખાલી પડે એટલે દક્ષિણ ભારતથી બીજા પુરોહિતને બોલાવવા પડે.'

જ્યુલીને હવે જયદેવના શબ્દો સ્પષ્ટ સંભળાતા નહોતા છતાં એ પૂરી ઉત્કંઠાથી તેની પ્રત્યેક ક્રિયા નિહાળી રહી હતી. માર્ગમાં ઊંચે લટકતો મોટો ઘંટ વગાડતો જયદેવ, પગથિયાં ચડતી વખતે ચરણસ્પર્શ લેતો જયદેવ, ગોખલા જેવો કોઈ બાકોરામાં ડોક નાખીને ઊંચા અવાજે મહાદેવનું નામસ્મરણ ઉચ્ચારતો જયદેવ... ધર્મ પ્રત્યેની તેની આ દૃઢ આસ્થા જ્યુલીને ક્યારેક ઊંડા આશ્ચર્યમાં નાખી દેતી. એ તેનો બાહ્યાચાર કે શિષ્ટાચાર હોત તો નવાઈ ન લાગત, પણ સાચા દિલથી સંપૂર્ણ શ્રદ્ધા સાથે તેનું આચરણ કરતો

હતો. થોડા દિવસ પહેલાં જ પોતે એને પૂછી બેઠેલી : 'જય, તમારો આ ભક્તિભાવ મારી સમજમાં ઊતરતો નથી ! આટલું શિક્ષણ, આધુનિક વિજ્ઞાનની આટલી સમજ છતાં ધર્મ પ્રત્યેનો આવો દૃઢ અનુરાગ ! મને તો ક્યારેય વિરોધાભાસ જેવું લાગે છે.'

'સાચું શિક્ષણ કે વિજ્ઞાન માણસને ધર્મ વિમુખ બનાવે છે એવું તમને કોણે કહ્યું મિસ જ્યુલી ?' ભાગ્યે જ દલીલમાં ઊતરતા જયદેવે ક્હેલું: 'કર્મકાંડી બ્રાહ્મણ કુળમાં જન્મેલો, બનારસ વિદ્યાપીઠમાં વિદ્યા પામેલો... વળી પાછો રાજપુરોહિતનો પુત્ર... ધર્મ પ્રત્યેની આ શ્રદ્ધા તો અમારો સંસ્કાર વારસો ગણાય.'

'એમ તો બ્રાહ્મણ ગણાતા કેટલાકને મેં તદ્દન હલકી કક્ષાએ જતાય જોયા છે. હરદ્વારમાં એક સાધુએ મારી છેડતી કરવાનીય ચેષ્ટા દેખાડી હતી...'

ત્યારે જયદેવ તેની સામે તાકી રહ્યો હતો. ના, એની કીકીઓમાં બીજો કોઈ ભાવ ઊપસ્યો નહોતો. સચ્ચાઈના રણકા સાથે તેણે એટલું જ કહેલું : 'એમ તો મિસ જ્યુલી, બે વરસ પહેલાં તમે તમારી સાહેલીઓ સાથે અહીં આવેલા, મને ગાઇડ તરીકે છેક ટાઇગર સ્પોટ સુધી સાથે લઈ ગયેલા ત્યારે તમારી સ્વરૂપવાન સખીએ મારું બ્રહ્મચર્ય વ્રત તોડવાની કોશિશ ક્યાં નહોતી કરી? એથી શું મારે તમારા સૌ માટે એવો હલકો અભિપ્રાય બાંધી લેવાનો?'

આવું કહેનારો જયદેવ એના પ્રવાસી જૂથને દોરી પશુપતિનાથ મંદિરની પછવાડે પહોંચી ગયો હતો. એ તો નજર સામેથી અદૃશ્ય થયો પણ બે વર્ષ પહેલાં બની ગયેલી ઘટનાનું દૃશ્ય જ્યુલીના મનમાં આકાર પામવા લાગ્યું.

ઓસ્ટ્રીઆની સૌંદર્ય સ્પર્ધામાં ભાગ લઈને બ્યૂટિક્વીનનું પ્રથમ સ્થાન તો નહીં પણ રનર્સઅપનો બીજો નંબર પ્રાપ્ત કરીને જ્યુલી તેની બે સાહેલીઓના સંગાથે સિલોન, ભારત અને નેપાલના પ્રવાસે આવેલી. ખટમંડુની સોલ્ટી ઑબેરાય હોટેલના મેં નેજરે ત્રણે સ્વરૂપવાન મહેમાનને નેપાલના ચોખાના વાઇનની એક એક વાટકી

ધરીને સ્વાગત કરતાંની સાથે જ કહેલું : 'મિટ મિસ્ટર જયદેવ આર્ય, યોર ગાઇડ !'

નેપાલી પોશાકમાં ઊભેલા જુવાનિયાને નિહાળી ત્રણે સખીઓ થોડીવાર એકબીજી સામે જોઈ રહેલી. ચંચળ સ્વભાવની બોલકી નોરાએ પગથી માથા સુધી એનું નિરીક્ષણ કરી લઈ કટાક્ષમાં પૂછ્યું હતું : 'મિસ્ટર ગાઇડ, તમે તો કોઈ શિખાઉ વિદ્યાર્થી જેવા દેખાવ છો ! ગાઇડ તરીકેની કામગીરીની શરૂઆત અમારાથી જ કરવાના કે ?'

ત્યારે હોટેલના મૅનેજર જયદેવની તારીફમાં કાંઈક બોલવા જતા હતા, પણ તેને રોકી પાડી જયદેવે જ નોરાને જવાબ આપેલો: 'મિસ નોરા, તમારી વાત સાવ સાચી છે. માણસ ગમે એટલું શીખી જાય તોપણ એ વિદ્યાર્થી જ રહેવાનો. નેપાલ રૉયલ કૉલેજમાં વિદ્યાર્થીઓને ઇતિહાસમાં પહેલો પાઠ શીખવતી વખતે પ્રથમ વાક્ય હું એ જ કહું છું કે તમને ભણાવતાં ભણાવતાં હુંય ભણું છું.'

જ્યુલી એ જવાબથી પ્રભાવિત થઈ હતી પણ નોરાએ પજવણી ચાલુ રાખેલી : 'એટલે મિસ્ટર ગાઇડ, આડકતરી રીતે તમે એમને એ પણ જણાવી દીધું કે આપ સાહેબ કૉલેજમાં ઇતિહાસના પ્રોફેસર છો.'

'પ્રોફેસર નહીં, લેક્ચરર છું... અને બપોર પછી ગાઇડની કામગીરી બજાવું છું, જેથી મારા દેશનાં જોવાલાયક સ્થળોને નજીકથી નિહાળી શકું.'

'જોવાલાયક સ્થળો અને અમારા જેવી જોવાલાયક છોકરીઓનેય નજીકથી નિહાળી શકો ને !'

નોરા માનભંગ કરવાની શૈલીમાં બોલી ગઈ ત્યારે જ્યુલીએ તેને વારી હતી : 'પ્લીઝ નોરા, ધિસ ઇઝ ટૂ મચ !'

બસ ત્યારથી નોરા જયદેવની પાછળ પડી ગયેલી. કોઈક સ્થળ જોતી વખતે એકાદો બાલિશ સવાલ પૂછીને તેને પજવવાનું ચૂકતી નહીં. અવારનવાર તો ગમબૂટ જેવા પીંડી સુધીના શૂઝમાં છુપાવેલી છૂરી બહાર કાઢી જોડાની એડી પર તેની ધાર ઘસતી એ જ્યુલી અને લ્યુસીને કહેવાને બહાને જયદેવને સંભળાવતી :

'વીએનાથી આપણે નીકળ્યા ત્યારે ઘણાએ તાકીદ કરી હતી, ત્રણે એકલી જાવ છો પણ સંભાળજો. ગરમ પ્રદેશના લોકો ગોરી સ્ત્રીઓને જોઈને વરુની જેમ ભુરાયા થાય છે. એટલા માટે તો આ છૂરી સાથે લીધી. લંકા અને ભારતમાં તો આધેડ વયના જ ગાઇડ મળેલા, બિચારા આપણાથી આઘા જ રહેતા... એટલે છૂરીનો ઉપયોગ કરવા ન મળ્યો. હવે જોઈએ, નેપાલમાં શું થાય છે !'

પણ જયદેવને પજવવાની રમતમાં નોરા પોતે જ અંદરથી પલળતી જતી હતી. ત્યાં ટાઇગર સ્પોટની બે દિવસની ટૂરમાં એ અણધારી ઘટના બની ગઈ. રબ્બરના તરાપામાં ચારે જણા નદી પાર કરતા હતા ત્યાં બરાબર મઝધારમાં નોરા તરાપામાંથી ઊછળી પડી. પહેલાં તો ત્રણેને લાગ્યું કે આદત મુજબ એ ગમ્મત કરે છે, પણ તરતાં આવડતું હોવા છતાં નદીના તાણમાં ખેંચાતી નોરા ડૂબકાં ખાવા લાગી ત્યારે જયદેવે પાણીમાં ઝંપલાવ્યું. બડાઈખોર માનવી મૃત્યુનો ભય જુએ ત્યારે બીકણ બની જાય તેમ નોરાની મતિ મૂંઝાઈ ગઈ હતી. જયદેવે તેને ઝાલી લીધી ત્યારે પોતાની કાયાનો બધો જ ભાર એણે એના પર નાખી દીધો. તરતાં તરતાં તેને ખેંચી લાવીને જ્યુલી-લ્યુસીની મદદથી જયદેવે એને તરાપામાં ચડાવી ત્યાં સુધીમાં નોરાની કાયામાં કામવાસનાની વીજળી વહેવા લાગી. જયદેવે તેને બચાવવાની દાખવેલી બહાદુરી કરતાંય એ કુંવારા પુરુષના સ્નાયુબદ્ધ દેહની ધગધગતા સીસા જેવી દાહે નોરાનાં અંગેઅંગને પિગળાવી દીધાં હતાં.

પણ જયદેવ તો બીજી જ પળે સ્થિતપ્રજ્ઞ બની ગયો. ભીંજાએલી નોરાના જોબન પર નજર ઠેરવ્યા વિના પીઠ ફેરવીને એણે એટલું જ કહેલું, 'તરતાં આવડતું હોય છતાં અજાણ્યા જળમાં ઝંપલાવવાનું ડહાપણ ન કરાય.'

તંબુ પર પહોંચીને તાપણાના અગ્નિ સામે બેઠાં બેઠાંય નોરાની નજર જયદેવના દેહ પરથી ખસી નહોતી. એક તરફ સૌંદર્યનો અહંકાર વળ ખાતો હતો તો બીજી બાજુથી કામવાસનાનો સાપ ફૂંફાડા મારતો હતો... અને રાત્રે સૂતાં પહેલાં નોરાએ બંને

બહેનપણીઓ સમક્ષ નિરધાર જાહેર કરી દીધો : 'આજે હું આ પુરુષનું બ્રહ્મચર્ય ખંડિત કરીને જ રહેવાની.'

સૂમસામ જંગલ વચ્ચે ચાંદની રાતે નોરા જુસ્સાભેર જયદેવના તંબુમાં દાખલ થઈ. ઊંઘતા જયદેવના લાંબા વાળ પર હાથ પસવાર્યો. નીંદરમાં પણ મલકતો તેનો ચહેરો જોઈને નોરાની છાતીના શ્વાસોચ્છ્વાસ ઉછાળા મારવા લાગ્યા અને જેવી એ જયદેવના મુખ તરફ ઝૂકી કે પેલો ઝબકીને જાગ્યો, પોતાના પર ઝળૂંબતી નોરાને જોઈ ઝાટકા સાથે એ બેઠો થઈ ગયો. ધીરજ ખૂટી જતી હોય તેમ નોરાએ તેનો એક હાથ પકડી લીધો : 'સાંજે તેં મને ડૂબતી બચાવી એનો આભાર માનવાનું પણ હું વીસરી ગઈ...' કહેતાં બીજા હાથે તેણે પોતાના નાઇટ ગાઉનનાં બટન છોડવા માંડ્યાં ત્યારે ઝાટકા સાથે હાથ છોડાવી બિછાનામાંથી ઊભો થઈ જયદેવ તંબુના દરવાજા તરફ ધસી ગયો. પણ બંને હાથે શરીર પરથી ગાઉનનું આવરણ હઠાવતી નોરા તેનો રસ્તો રોકીને તંબુના દરવાજા આડે ઊભી રહી ગઈ.

નિષ્પલક નેત્રે નોરાને નિહાળતો જયદેવ જડની જેમ જમીન પર ખોડાઈ રહ્યો. તેના ચહેરા પર ધાર્યા હતા એવા કોઈ ભાવ ઊપસતા દેખાયા નહીં ત્યારે નોરાએ શબ્દોનો સહારો લેવો પડ્યો:

'સ્ત્રીની કાયા ભલભલા પુરુષના માર્ગ રોકી શકે છે જયદેવ !'

છતાં એ ચૂપ રહ્યો.

'કદાચ આજ પહેલાં તેં ક્યારેય કોઈ નારીને નિર્વસ્ત્ર સ્વરૂપે નિહાળી નહીં હોય.'

હવે જયદેવના હોઠ સળવળતા દેખાયા. બોલતાં પહેલાં એણે થૂંક ગળે ઉતારવું પડ્યું : 'આવા જ સ્વરૂપે એક નારીને મેં જોઈ છે નોરા.'

એના અવાજમાં નરી નિર્લેપતા હતી, આંખો સંપૂર્ણ નિર્વિકાર હતી. નોરાથી એ સહેવાયું નહીં :

'તો એ નારી મારા જેટલી સ્વરૂપવાન નહીં હોય.'

'જગતની સર્વ સ્ત્રીઓ કરતાં એ અધિક સ્વરૂપવાન હતી.'

આ વખતે એના અવાજમાં કરુણતા ભળી હતી. નોરાનાં અંગેઅંગમાં ગર્વખંડનની પીડા જાગવા લાગી. તેણે પડકાર ફેંક્યો: 'કોણ હતી જગતની એ સૌથી સ્વરૂપવાન સ્ત્રી ?'

'મારી માતા !' જયદેવની પાણીદાર આંખોની કીકીઓમાં ભીનાશ ફરી વળતી દેખાઈ : 'હું ચાર વર્ષનો હતો અને મા હતી મરણશૈય્યા પર !'

પાછલા અર્ધા જ વાક્યે નોરાના શરીરની બધી જ ગરમી ચૂસી લીધી. ઘડીભર તો સામે ઊભેલા પુરુષ પ્રત્યે ધિક્કાર વરસાવવા તેનો અહંકાર ખળભળી ઊઠ્યો. પણ જયદેવના નિર્દોષ મુખભાવે અહંકારનેય ઓગાળી નાખ્યો. આંખોમાં ઊભરાતાં આંસુ દેખાઈ ન જાય એટલા ખાતર મોં ફેરવી લઈ પાગલની જેમ નોરાએ તંબુ બહાર દોટ મૂકી હતી. ક્યાં સુધી તેને ધ્રૂસકે ધ્રૂસકે રડતી જ્યુલીએ સાંભળી હતી.

અને એ મધરાતે જ્યુલીએ પોતાના હૃદયમંદિરમાં જયને દેવ તરીકે સ્થાપી દીધો એટલે તો બે વર્ષ પછી એ પછી નેપાલ ખેંચાઈ આવી હતી.

સંધ્યાના ઘંટારવે જ્યુલીને વિચારતંદ્રામાંથી જગાડી દીધી. પ્રવેશની મનાઈ છતાં પોતે પશુપતિનાથના મંદિરમાં ઘૂસી આવી હતી એ યાદ આવતાં સાવધ બની ગઈ. આરતીનાં દર્શન માટે આવતા લોકોમાંથી કેટલાક તેની નજીકથી પસાર થઈ ગયા છતાં પોતે કોઈની નજરે ચડી નહોતી એની નવાઈ ઊપજી. તેની આંખો જયદેવને શોધવા લાગી.

પ્રવાસીઓનાં જૂથની મોખરે જયદેવ મંદિર પછવાડેથી ઉતાવળા પગલે આવતો દેખાયો. 'જરા જલદી કરજો...' ટૂરિસ્ટોને એ કહી રહ્યો હતો : 'નહીંતર ભીડમાં મહાદેવજીનાં દર્શન નહીં થઈ શકે.'

શિવલિંગ સમક્ષ આરસના ઉંબરે મસ્તક ટેકવતા જયદેવને જ્યુલીએ જોયો. તેના કપાળે ચંદનનું તિલક કરતાં પૂજારી દેખાયા. શંખ ફૂંકાયો, ઝાલર વાગવા માંડી, ઘંટારવ શરૂ થયા અને ત્રણે દરવાજે ઊભેલા દર્શનાર્થીઓને દેખાય એ રીતે પૂજારીએ ભગવાન શંકરની આરતી ઉતારવા માંડી. સમૂહમાં ગવાતી આરતીના ધ્વનિથી મંદિરના વાતાવરણમાં અલૌકિકતા પ્રસરવા લાગી.

આજુબાજુમાં કોઈનું ધ્યાન પોતાના પર નથી એની ખાતરી કરતી જ્યુલી દબાતાં પગલે આગળ વધી સોનેરી પોઠિયાની ઓથે જઈને ઊભી રહી ગઈ. ભીડમાં ઊભેલા લોકોના માથા પછવાડે વચ્ચે વચ્ચે ઊંચા થતાં પૂજારીના હાથમાંની આરતીની જ્યોતનો મહિમા નહીં સમજતી હોવા છતા જ્યુલીના ચિત્તમાં પ્રસન્નતા પ્રસરતી રહી.

ભીડથી દૂર ખસીને મંદિરના એક થાંભલે પીઠ ટેકવી બંને હાથ જોડી, આંખો મીંચીને આરતીમાં લીન બની ગયેલા જયદેવના ચહેરા પર જ્યુલીને કોઈ અજબની કરુણા રેલાતી દેખાઈ. મંત્રમુગ્ધ બનીને જ્યુલી એને નીરખી રહી હતી ત્યાં–

અરે, ધ્યાનમાં બિડાએલી જયદેવની બંધ પાંપણો વચ્ચેથી આંસુ ટપકતાં કેમ દેખાય છે ? ભગવાન પ્રત્યેની એની ભક્તિની આ અભિવ્યક્તિ હતી કે અંતરનાં ઊંડાણમાંથી ફૂટી નીકળેલી કોઈ પીડા ? જ્યુલી ગદ્ ગદ્ બની ઊઠી. હૃદયમાં લાગણીનો ઉછાળો આવ્યો. આંખો પરથી ગોગલ્સ હઠાવી ઘડીભર માટે વાસ્તવિકતા વીસરી જઈને જ્યુલી તેના તરફ સરકી. હળવેકથી તેની બાજુમાં જઈને પોતાની રેશમી સાડીના પાલવથી એનાં આંસુ લૂછવાની તેને ઘેલછા જાગી ઊઠી... પણ અર્ધે પહોંચી ત્યાં અચાનક તેના કંઠમાંથી હળવી ચીસ નીકળી ગઈ. હાથમાં પકડેલા ગોગલ્સ પર તરાપ મારીને છટકી જતા વાંદરાથી હેબતાઈને ચીસ નંખાઈ ગયા પછી જ્યુલીને પોતાની મૂર્ખાઈનું ભાન થયું . ફરી ચીસ ન પડાઈ જાય એવી ચેષ્ટામાં તેણે બંને હાથ મોં પર ઢાંકી દીધા. આરતીના ધ્વનિમાં બીજા કોઈનું લક્ષ તેની ચીસ તરફ દોરાયું નહોતું. પણ ચોંકી ગયેલો જયદેવ પોતાને જોઈ ગયો છે એ ખ્યાલ આવતાં જ પીઠ ફેરવી જ્યુલીએ દરવાજા તરફ દોટ મૂકી.

ભયભીત હૃદયે શ્વાસભેર દોડતી જ્યુલીએ સાડીના છેડામાં અટવાતા પગને સમયસર સંભાળી ન લીધો હોત તો પ્રવેશદ્વારના ઉંબરે જ ગડથોલિયું ખાઈને એ પટકાઈ પડત.

બહાર નીકળ્યા પછી પણ પગરખાં સાચવતા પેલા છોકરા પાસેથી સેન્ડલ પાછાં લેવા રોકાયા વગર તેણે દોડવાનું ચાલુ રાખ્યું. ઘટ્ટ થતા અંધકારમાં કદાચ એ ક્યાંય સુધી દોડ્યા જ કરત પણ

દૂર ઊભેલી હોટેલની મોટરવાન પર નજર પડતાં તેના પગે બ્રેક લાગી ગઈ. હાંફતી છાતી પર બંને હાથ દાબી દઈ પથ્થરની દીવાલના ટેકે એણે ઊભા રહી જવું પડ્યું. પોતાની આ નાસભાગ કોઈ જોઈ ગયું તો નથીને એ જાણી લેવાની બેચેની જાગી, પણ મંદિર તરફ ડોક ફેરવીને જોવા જેટલીય હિંમત રહી નહોતી.

ત્યાં પીઠ પાછળથી સંભળાતાં કોઈનાં ઉતાવળાં પગલાંના અવાજે જ્યુલીને થરથર કંપાવી મૂકી. પગલાં વધુ ને વધુ નજીક આવતાં ગયાં અને તેનું હૃદય ભયથી ભીંસાવા લાગ્યું. આવનાર વ્યક્તિ હમણાં જ પાછળથી ગરદન પર પંજો મારશે, કાંડું પકડી લેશે. ઝાટકો મારીને પોતાને રસ્તા પર ઢસડીને મંદિરનાં ચોગાનમાં લઈ જઈ બધાની વચ્ચે ઊંચા અવાજે પોતાના ઘોર અપરાધનું એલાન કરશે : આ પરદેશી સ્ત્રીએ પશુપતિનાથ મંદિરની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે ! એને આકરી સજા ફટકારો.....

પણ સાવ લગોલગ આવીને એ પગલાં થંભી ગયાં. જ્યુલીને થયું કે પોતાનું થડકતું હૃદય પણ હમણાં જ થંભી જશે. થીજી ગયેલી બે પાંચ પળો તેને આકરી સજા જેવી લાગી.

'જ્યુલી !'

પગલાં પરથી તો પોતે પારખી ગઈ હતી પણ અવાજ સાંભળ્યા પછી પૂરી ખાતરી થઈ ગઈ. ધીમે ધીમે તેણે જમણી તરફ ડોક ફેરવી, ખભા પરથી અપરાધી નજરે જયદેવ સામે જોયું ન જોયું ત્યાં પાંપણો ઝૂકી ગઈ.

'તમે આ શું કર્યું મિસ જ્યુલી ?'

પેલીના હોઠ ફફડ્યા પણ અવાજ ન નીકળ્યો. 'આઇ એમ સૉરી' કહેવા જેટલો આ નાનકડો અપરાધ નહોતો.

'જાણી જોઈને તમે આવું શું કામ કર્યું જ્યુલી ?'

જયદેવના શબ્દોમાં કરડાકીનો અણસાર વર્તાયો ત્યારે તેણે પાંપણો ઊંચી કરવી પડી. થોડીવાર પહેલાં જે આંખોને આંસુ વહાવતી જોઈ હતી તેમાં અત્યારે પ્રકોપ હતો કે પીડા ? જ્યુલી કળી ન શકી. એણે તો માન્યું હતું કે જયદેવનો ક્રોધ ભભૂકી ઊઠશે, નહીં કહેવા જેવાં આકરાં વેણ સંભળાવી દેશે... ઘડીભર જયુલીને પૂછવાનું મન થયું : 'મંદિરમાં મેં પ્રવેશ કર્યો તેથી શું એ અપવિત્ર

બની ગયું ? તમારા દેવતા પર દૂરથી મારી નજર પડી એટલામાં એ અભડાઈ ગયા ? તમારો મહાન હિન્દુ ધર્મ શું આટલો બધો સંકુચિત છે કે બિનધર્મીને અસ્પૃશ્ય ગણી આઘા રાખો છો ?'

પણ જ્યુલીને પોતાની દલીલ મિથ્યા લાગી. પોતે ભૂલ તો કરી જ હતી, કદાચ મંદિરને અભડાવ્યું ન હોય તોપણ જયદેવનું દિલ જરૂર દુભાવ્યું હતું.

'જય, હું મનને વશ રાખી ન શકી. કોણ જાણે કયા બળે હું ખેંચાઈ આવી !'

'હું જાણું છું !' જયદેવ ઉતાવળે બોલી ગયો : જ્યાં જવાની મનાઈ હોય ત્યાં એવું તે શું છે એ જોવાની જિજ્ઞાસાને તમે વશ થઈ ગયાં.'

'માત્ર જિજ્ઞાસા કરતાં કાંઈક વિશેષ કારણ હતું જય !'

જ્યુલીએ ખુલાસો કરી નાખવાનું નક્કી કર્યું ત્યાં જ મંદિરના પ્રવેશદ્વારમાંથી બહાર આવતા પ્રવાસીઓ પર તેની નજર પડી. એણે જયદેવને ઇશારો કર્યો : 'પેલા લોકો બહાર નીકળ્યા.'

'ઠીક છે, તમે અહીંયાં જ રહેજો...' કહેતો જયદેવ ટૂરિસ્ટો સાથે જોડાઈ ગયો. જ્યુલી તરફ ધ્યાન ખેંચાય નહીં એ રીતે વાતોએ વળગાડી એમને હોટેલની મોટરવાનમાં બેસાડ્યા. બેસવામાં છેલ્લે વિદ્યાપતિ બાકી રહી ગયો. આજકાલ એ જયદેવ સાથે રહીને ગાઇડ બનવાની તાલીમ લઈ રહ્યો હતો.

'વિધુ, તું સૌની સાથે હોટેલ પર જા, હું તારી મોટરબાઇક પર આવું છું.'

વિદ્યાપતિની ચકોર આંખો જ્યુલીને જોઈ ચૂકી હતી. બાઇકની ચાવી જયદેવના હાથમાં સોંપતાં એ મલક્યો : 'સમજી ગયો જયુ !' કહેતો એ મોટરવાનમાં ડ્રાઇવરની પડખે ગોઠવાઈ ગયો. ઘેરાતા અંધકારને ચીરતી લાઇટ સાથે વાન સ્ટાર્ટ થયા પછી જયદેવે જોયું જયુલી એની જગ્યાએ ઊભી નહોતી : ફરી ક્યાં ગાયબ થઈ ગઈ ? એને ઉચાટ જાગ્યો.

પણ નજર લંબાવી ત્યારે જોડા સાચવતા પેલા છોકરા પાસે એ સેન્ડલ પહેરતી દેખાઈ. તેણે વિચાર્યું : મંદિરમાં પ્રવેશ કરતી વખતે એણે સેન્ડલ કાઢી નાખવાનું યાદ રાખ્યું હતું ખરું ! અરે, એ તો સાડી પહેરીને આવી છે એનો અર્થ એ થયો કે લોકોની

નજર ચૂકવીને મંદિરમાં ઘૂસવાની પાકી તૈયારી કરીને હોટેલ પરથી નીકળી હશે ! પાછી ઉપરથી કહે છે : મંદિરમાં દાખલ થવાનું કોઈક વિશેષ કારણ હતું !

ધીમા પગલે જ્યુલી તેની પાસે આવી ત્યારે પેલું કારણ પૂછી લેવાની તેની જિજ્ઞાસા જોર કરી ઊઠી. પણ પૃચ્છા કરવાથી ઊલટતપાસ લીધા જેવું લાગશે એમ માની મનને વાળી લીધું.

'અરે જ્યુલી ! અહીં તો કોઈ વાહન દેખાતું નથી, તમે આવ્યા શેમાં ?'

'આવી તો ટૅક્સીમાં પણ થોડે દૂર ટાયરને પંક્ચર પડ્યું એટલે થોડું પગે ચાલી નાખ્યું.'

'ચાલી નાખ્યું એ તો સારું કર્યું પણ હવે પાછા ફરવાનું કેમ ?'

જ્યુલી કહેવા જતી હતી : તમારી સાથે ચાલી નાખીશ... પણ ત્યાં એના હાથમાં મોટરસાઇકલની ચાવી દેખાઈ એટલે જવાબ સ્ફૂરી ગયો : 'કેમ, તમારી પાસે બાઇકની ચાવી તો છે. હું તમારી પાછળ બેસી જઈશ.'

જય તેને ધારી ધારીને જોવા લાગ્યો. સોનેરી વાળ, આસમાની આંખો, ગોરા ગાલમાં પડતાં ખંજન અને રતૂમડા હોઠ પર મરકતું મુગ્ધ સ્મિત...

'કેમ મારા પ્રસ્તાવથી મૂંઝવણમાં પડી ગયા ?' જ્યુલીએ સંભળાવ્યું : 'તમારી સાથે મને બાઇક પર બેઠેલી જોઈને કદાચ કોઈ ધારી લે કે...'

અને જયદેવને થોડા વરસ પહેલાં કોઈકે કહેલા એવા જ શબ્દો સાંભરી આવ્યા : મને સાઇકલ પર બેસાડીને લઈ જઈશ તો કોઈ નહીં માની લે કે હું તારી કોઈક છું...

યાદ આવી ગયેલા શબ્દોના ભણકારાએ ધક્કો માર્યો હોય તેમ એ ચૂપચાપ મોટરસાઇકલ પર ગોઠવાયો. જ્યુલીએ પણ તેની પાછળ બેઠક લીધી. જયદેવને સંકોચ ન થાય એટલા ખાતર એના ખભા પર તેણે પોતાના હાથ ટેકવ્યા નહીં.

હોટેલ સુધીના આખે રસ્તે બંને પોતપોતાના ખ્યાલમાં ખામોશ રહ્યાં. ઓબેરોયનાં પગથિયાં પાસે બાઇક ઊભી રહી ત્યારે

જુગારખાનાને દરવાજે ઊભેલો વિદ્યાપતિ દેખાયો.

'મિસ જ્યુલી, તમને એક ઓળખાણ કરાવું.' કહેતા જયદેવે ઇશારત કરીને વિદ્યાપતિને નજીક બોલાવ્યો.

'આ છે મારો મિત્ર વિદ્યાપતિ... કદાચ રાત્રે તમે લોકો કેસીનોમાં જુગાર રમવા જતા હો તો એને અચૂક જોયો હશે.'

જ્યુલી એને જોતી રહી. ઉંમરમાં સરખો પણ જયદેવ કરતાં જરા બટકો. સહેજ ભરાવદાર શરીર, નેપાલી નાકનકશો અને કપાળમાં લાલ તિલક.

'જ્યુલી, વિદ્યાપતિ સાત વર્ષથી કેસીનોમાં લોકોને જુગાર રમાડવાની સેવા બજાવે છે ! આજકાલ એને ગાઇડ બનવાની ધૂન વળગી છે એટલે બપોરે મારી સાથે રખડે છે.'

'ભારે વિચિત્ર કહેવાય, રાત્રે ટૂરિસ્ટોને કેસીનોમાં જુગાર રમાડે અને દિવસે મંદિરોમાં લઈ જઈ દેવ-દેવીઓનાં ગુણગાન સંભળાવે !'

સાંભળીને વિદ્યાપતિના જાડા હોઠ પર હાસ્ય ચમકી ગયું. કાંડા-ઘડિયાળમાં જોતાં તેણે કહ્યું : 'જયુ, આઠ વાગવા આવ્યા. હું ડ્યૂટી પર લાગી જાઉ. બાઇક તું જ ઘેર લઈ જજે.' પછી જતાં જતાં યાદ આવ્યું હોય તેમ જ્યુલીને કહ્યું : 'કેસીનોમાં આવો તો મળજો.'

વિદ્યાપતિના ગયા પછી ફરી બંને વચ્ચે ખામોશી છવાઈ ગઈ. અધૂરા મિલને છૂટા પડવાનું ગમતું ન હોય એવું જયુલીએ મહેસૂસ કર્યું. કાંઈક કહી દેવાનું રહી જતું હતું, કાંઈક પૂછી લેવાનું પણ મન થતું હતું. અત્યારે કહેવાનું માંડી વાળી એને પૂછી લેવાનું જ પસંદ કર્યું.

'જય, આરતી વખતે તમે થાંભલાના ટેકે તન્મય બનીને ઊભા હતા ત્યારે તમારી બંધ આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં.'

જયદેવ ચોંક્યો. તેણે જ્યુલી પરથી આંખો ફેરવી લીધી. જવાબ ટાળવા માંગતો હોય તેમ મોટરસાઇકલ પર ગોઠવાયો પણ પેલીએ બાઇકનું હૅન્ડલ પકડી લીધું : 'સાચું કહેજો, કોઈકની યાદનાં એ આંસુ હતાંને ?'

આ વિદેશી છોકરી પોતાનું મન વાંચી ગઈ એથી જયદેવ જરા અસ્વસ્થ બની ગયો.

'કોને યાદ કરતા હતા તમે ?' વિલંબ સહેવાતો ન હોય તેમ પેલીએ અધીરાઈ દર્શાવી : 'વાંધો ન હોય તો કહોને.'

ત્યારે જયદેવે કહેવું પડ્યું 'રૂખીને !'

'રૂખી ?'

'હા, મારી નાની બહેન રૂક્ષ્મણી... થોડાં વર્ષ પહેલાં જે મને છોડીને ચાલી ગઈ...!' બોલતાં ગળગળો થઈ ગયો જયદેવ.

'ચાલી ગઈ ! ક્યાં ?'

'ખબર નથી.' શબ્દોમાં દર્દનો લસરકો આવી ગયો : 'બીજા બધા એને મરેલી માને છે, પણ છ વર્ષમાં એના મૃત્યુનો કોઈ જ પુરાવો મળ્યો નથી.'

'છ વર્ષ ! ત્યારે એ કેવડી હતી ?'

'અત્યારે એ તમારી સામે આવીને ઊભી રહે તો તમારા જેવડી લાગે.'

'એટલે એ જીવતી છે જ એની તમને...'

'ના ખાતરી નથી પણ મરી ગઈ હોય એમ મન માનતું નથી.' જયદેવનો અવાજ ઘૂંટાવા લાગ્યો : 'રૂક્ષ્મણી અદૃશ્ય થઈ ગઈ ત્યારે હું બનારસમાં હતો. મારી પરીક્ષા ચાલતી હતી એટલે મને આઠ દિવસ લગી કોઈએ જાણ ન કરી. ખબર પડી ત્યારે બહુ મોડું થઈ ચૂક્યું હતું.'

જ્યુલીએ નિઃસાસો નાખ્યો : 'પણ એ જીવતી છે એમ તમે શેના પરથી માનો છો ?'

'કેટલીક વાત સમજાવી નથી શકાતી જ્યુલી.' જયદેવના કંઠમાં ડૂમો ભરાઈ આવ્યો : 'એ અરસામાં અમારા નેપાલમાંથી આ રીતે અવારનવાર છોકરીઓ ગૂમ થઈ હતી.'

'ઓહ ગોડ !' જ્યુલી થથરી ઊઠી : 'તમારી આ દેવભૂમિમાં દાનવ પણ વસે છે ખરા !'

જયદેવ તેનો કોઈ જવાબ આપી ન શક્યો. બાઇકના પેડલને ઝાટકો મારી સ્ટાર્ટ કરી. જયુલીને તેના મુખ પર પ્રકોપની રતાશ ઊપસતી દેખાઈ અને પોતે ગુડ નાઇટ કહી શકે એ પહેલાં તો ઝનૂની વેગે જયદેવ મોટરસાઇકલ હંકારીને અદૃશ્ય થઈ ગયો.

બે

બેઠા ઘાટના ઘર પાસે મોટરસાઇકલ થોભાવીને જયદેવે બારણાની સાંકળ ખટખટાવી. જાણે તેની જ રાહ જોવાઈ રહી હોય એમ તાબડતોબ અંદરથી દરવાજા ઊઘડી ગયા : 'આવી ગયા મોટાભાઈ.'

પોણો સો વર્ષના બુઝર્ગ શેરપા માનસિંગે એના હાથમાંથી મોટરસાઇકલનો કબજો લેવાની ચેષ્ટા સાથે પૂછ્યું : 'પેલા પશુપતિનો પોઠિયો લઈ આવ્યા કે ?'

છેલ્લા એક કલાકથી ગંભીર રહેલા જયદેવથી અનિચ્છાએ હસી જવાયું. માનસિંગને અગાઉ પોતે ઘણી વાર ટોકી ચૂક્યો હતો કે એનું નામ પશુપતિ નહીં, વિદ્યાપતિ છે. પણ શેરપાની જીભે વિદ્યા ચડતું જ નહીં. તેમાં વળી વિદ્યાપતિની મોટરસાઇકલને પશુપતિનો પોઠિયો કહ્યો એટલે હસવું દાબી શકાયું નહીં.

'માનભા, તમે આઘા ખસો, હું પોઠિયાને અંદર લઈ લઉં છું.' જયદેવે મોટરસાઇકલ સોંપવાની આનાકાની તો કરી પણ શેરપા નોકરે તેને દાદ દીધી નહીં : 'મારી દયા નહીં ખાવ મોટાભાઈ? બુઢ્ઢો થયો એટલે હું કાંઈ નકામો નથી થઈ ગયો. કહેતા હો તો પોઠિયાને પીઠ પર ઊંચકીને હજુય હિમાલય ચડી જાઉં.'

ત્યારે જયદેવને ત્રણ વરસ પહેલાં માનસિંગે માગેલું વચન તાજું થયું. ટૂરિસ્ટો સાથે ગાઇડ તરીકે પોતે પોકરાન ગયેલો ત્યાં

આ શેરપા માનસિંગને સામાન ઊંચકવા રાખેલો. અગાઉ વિદેશી પર્વતારોહક સાથે અનેકવાર હિમાલયનાં ઊંચાં શિખરો સુધી જઈ આવેલા માનસિંગના જમણા પગે હિમડંખ લાગ્યો. હિમાલયનો બરફ તેના પાંચે આંગળીને બટકાં ભરી ગયેલો. ત્યાર પછી ઊંચાં આરોહણ બંધ કરીને પોકરાનમાં સામાન ઊંચકવાની મજૂરી ચાલુ કરેલી. બચપણથી સામાન ઊંચકીને વળી ગયેલી કમર અને હિમડંખથી બટકી ગયેલા એક પગ સિવાય સિત્તેર વરસે પણ એ અડીખમ લાગતો હતો. બાળ-બચ્ચાંમાં કંઈ હતું નહીં અને ઊંચાઈનો વસવાટ છોડીને તળેટીમાં રહેવા જવાની ઇચ્છા થયા કરતી હતી ત્યાં જયદેવનો ભેટો થઈ ગયો : 'ચાલો મારી સાથે કાઠમંડુ. અમારું ઘર સંભાળજો અને રોટલો ખાજો.'

'ના ભાઈસા'બ જાત હાલે ત્યાં લગી બેઠાં બેઠાં રોટલા ખાવાનુંનૌ બોલતા.' હિમાલય જેવી ખુમારી સાથે એણે કહ્યું હતું: 'સાથે લઈ જાવ ખરા પણ ક્યારેય મારા બુઢાપાની દયા નહીં ખાતા.'

અને ત્રણ વરસમાં માનસિંગ ઘરના માણસ જેવો બની ગયો. હાથ મોં ધોઈ કપડાં બદલીને જયદેવ ઓસરીમાં આવ્યો ત્યાં સુધીમાં તો શેરપાએ તેનું ભાણું પીરસી રાખ્યું હતું. નીચી જાતનો હોવાથી બ્રાહ્મણ ઘરના રસોડામાં જવાની એને મનાઈ, પણ રાત્રે જયદેવની ઓરમાન માએ ઢાંકી રાખેલું ભાણું ઓસરીમાં પીરસવાનું કામ તો શેરપાનું જ. ગુરખાલી ભાષાનું કોઈ પહાડી ગીત ગણગણતો એ જયદેવને જમાડતો.

'માનભા, મને જમાડીને જ જમવાનો તમારો નિયમ સમજાતો નથી.' જયદેવે અગાઉ અનેકવાર કહેવાઈ ગયેલું વાક્ય દોહરાવ્યું : 'હવે એવું બધું બંધ કરી દો તો સારું.'

'થોડા દિવસમાં બંધ કરી દઈશ બસ !'

સાંભળીને જયદેવ એવો ચોંક્યો કે કોળિયો હાથમાં રહી ગયો અને ડોક ઊંચી થઈ ગઈ. તેણે માન્યું કે માનસિંગે નારાજીથી છણકો કર્યો છે પણ તેને બદલે શેરપાના કરચલીવાળા ચહેરા પર સ્મિત દેખાયું.

'હું મજાક નથી કરતો માનભા !' જરા કરડાકી સાથે તેણે

કહ્યું છતાં પેલાનું સ્મિત મૂરઝાયું નહીં.

'હું પણ ક્યાં મજાક કરું છું મોટાભાઈ ?' તેના ભાણામાં ચાવલ પીરસતા માનસિંગે ઉમેર્યું : 'તમે જમીને મેડીએ જાશો એટલે મારી વાતની ખાતરી થઈ જશે.'

'મેડીએ ?' જયદેવને સમજાયું નહીં : 'ત્યાં ખાતરી થવા જેવું શું છે ?'

'પુરોહિતજી તમારી વાટ જોતા બેઠા છે. બનારસથી તમારા મામાનો કાગળ આવ્યો છે.' કહેતો માનસિંગ થોડું થોભ્યો. પણ પહાડી માણસ રહ્યો એટલે ભોળા મનમાં વધુ વાર ભેદ ટકાવી શક્યો નહીં : 'મામાએ તમારા સગપણનું લખ્યું છે.'

'મામાએ !' જયદેવ વિમાસણમાં પડી ગયો.

'પુરોહિતજી માજીને કાગળ વાંચી સંભળાવતા હતા એટલે મને ખબર પડી. થોડા દિવસમાં ઘરમાં વહુમાનાં પગલાં થશે પછી તમને જમાડવાનો અને જમાડીને જમવાનો મારો નિયમ એ જ ઝૂંટવી લેશે ને ?'

પણ ઊંધું ઘાલીને જમતા જયદેવના કાને એના શબ્દો ઝિલાતા નહોતા. બે વરસથી લગ્નના પ્રસ્તાવને એ ટાળતો રહ્યો. પરણવાનું મન જ થયું નહોતું. પિતા સમક્ષ કાંઈ ને કાંઈ બહાનું ઉપજાવી વાત ટાળી દેતો. ગળે ઊતરે એવાં બધાં જ બહાનાં ખૂટી ચૂક્યાં હતાં. ખરેખર તો ન પરણવા માટેનું કોઈ જોરદાર કારણ પણ પોતાની પાસે ક્યાં હતું ?

'જય !' મેડીની બારીમાંથી પિતાનો અવાજ સંભળાયો ત્યારે એ સહેજ ધ્રૂજી ઊઠ્યો : 'તેં જમી લીધું હોય તો જરા ઉપર આવી જજે.'

'આવ્યો પિતાજી,' કહેતો એ હાથ ધોઈને ઊભો થયો. હાથ લૂછવા માટે ગમછો ધરતો માનસિંગ એની સામે મરક્યો : 'આ વખતે તમે બરાબરના લાગમાં આવી ગયા મોટાભાઈ ! કહે છે કે મામાએ કન્યા પણ બહુ સરસ ગોતી છે.'

તેના મોં પર ગમછો ફગાવતાં જયદેવે મેડી તરફ પગ ઉપાડ્યા. ધીમે ધીમે સાંકડી સીડી ચડતાં ઝડપભેર કોઈ કારણ

શોધવા માંડ્યું, પણ ઓરડાનો ઉંબરો ઓળંગતી વખતે રોજની આદત છતાં માથું નમાવવાનું ચૂકી ગયો એટલે ધડિંગ અવાજ સાથે માથું પંપાળતાં અંદર દાખલ થવું પડ્યું.

'વાગ્યુંને ?' પુરોહિત પિતાએ લાડભર્યા અવાજે સંભળાવ્યું: 'બનારસથી તારા મામાએ પણ કાગળમાં એ જ લખ્યું છે કે ઉમર-લાયક દીકરા-દીકરીએ વડીલોની ઇચ્છા માથે ચડાવી લેવા માટે થોડું નમતાં શીખવું જોઈએ.'

માથું પંપાળતા જયદેવે પિતા સામે બેઠક લીધી. તકિયાને અઢેલીને બેઠેલા સાઠ વટાવી ચૂકેલા રાજપુરોહિત ગૌરીશંકરે ગાદી નીચે દબાવેલું પરબીડિયું કાઢી તેની સામે ધરી દીધું : 'વાંચ, તારા મામાનો પત્ર.'

પત્રમાં શું લખ્યું છે એનો અણસાર તો મળી ચૂક્યો હતો. જયદેવે ઘડી ખોલીને ઉતાવળે નજર ફેરવવા માંડી. પહેલા ફકરામાં લખાયેલા ખબરઅંતર પછી મૂળ વાત આવી : 'અમારા ભાણેજ જયદેવ માટે અમે અહીં એક સુંદર કન્યા શોધી રાખી છે. ખાનદાન ઘર છે. શ્રીવાસ્તવસાહેબ સરકારના સી. બી. આઇ. ખાતાના મોટા અમલદાર છે. મૂળ તો બનારસના પણ વર્ષોથી દિલ્હીમાં વસે છે. એમની બીજા નંબરની કન્યા ઊર્મિલા આપણા જયને બધી રીતે લાયક છે. ગયા વર્ષે જય અમારી સુલક્ષણાનાં લગ્ન પ્રસંગે બનારસ આવ્યો હતો ત્યારે ઊર્મિલા પણ અહીં જ હતી. સુલક્ષણાની એ બહેનપણી થાય એટલે લગ્ન માટે ખાસ આવેલી. આપણા જયને તેણે જોયો છે અને લગ્ન પ્રસંગે ઉમાએ બેત્રણ શાસ્ત્રીય ગીતો ગાયાં હતાં એટલે જયને પણ એ છોકરી બરાબર યાદ હશે. અમારા સૌની દૃષ્ટિએ તો બધી રીતે મેળ મળે છે પણ...'

પણ... આગળ અટકીને જયદેવે પિતા સામે જોઈ લીધું, પણ એ તો પત્ર પૂરો થવાની આતુરતા સાથે તેની સામે તાકી રહ્યા હતા એટલે પોતે આગળ વાંચવા માંડ્યું :

'એક જ વાતનો વાંધો આવે છે. શ્રીવાસ્તવજી પુત્રીને પરણાવી નેપાલ મોકલતાં ખચકાય છે. એમની એક વિનંતી છે, જયદેવ દિલ્હી કે બનારસમાં સ્થાયી થવાનું વિચારે તો ઘણો આગળ આવી શકે એવી

લાયકાત ધરાવે છે. જમાઈને એ પોતાની સાથે રાખવાના મતના નથી તેમ દીકરી બહુ દૂર જાય એવું પણ ઇચ્છતા નથી.'

આ રીતનો પ્રસ્તાવ તમને લખવાનું પહેલાં તો અજુગતું લાગ્યું, પણ જયની મામીએ આગ્રહ કરીને લખાવ્યું કે જયુ બનારસમાં જ ભણ્યો છે. અહીં યુનિવર્સિટીમાં એને સારી પોસ્ટ પણ મળી શકે એમ છે. એક બે વરસ અમારી સાથે રહે કે જુદું ઘર માંડીને રહે.... અને પછી બંનેની ઇચ્છા થાય તો ભલે કાઠમંડુ ચાલ્યા આવે. આટલા ખાતર આવા સારા ઘરની આવી સંસ્કારી કન્યાનું માગું જવા કેમ દેવાય ? બાકી તમારા સૌની જેવી મરજી... પૂરતો વિચાર કરીને ચાર-છ દિવસમાં જવાબ લખજો.

લિ. **ભગવતીચરણનાં વંદન.'**

ઘડી વાળીને કાગળ પરબીડિયામાં સરકાવતાં જયદેવે નિરાંતનો શ્વાસ લીધો : આ પ્રસ્તાવ નકારવા માટે જોરદાર કારણ છે : પાંપણ ઊંચી કરીને પિતા સામે જોયું તો એ આંખો દ્વારા જ તેનો જવાબ માગી રહ્યા હતા : 'બોલ તારું શું કહેવું છે ?'

'પિતાજી, સારી કન્યા ખાતર તમને અને ઘરને છોડી જવાનું હું વિચારું પણ નહીં.' એના અવાજમાં દૃઢતા આવી ગઈ : 'મામાને હું જ ના લખી નાખીશ.'

'પણ જય, ધાર કે તું ઘર છોડીને જા એમાં મને વાંધો ન હોય તો...'

હજુ તો પુરોહિતે વાક્ય પૂરું કર્યું નહોતું ત્યાં જ ઝાટકા સાથે જયદેવની ગરદન ઊંચી થઈ. આંખોમાં અચરજ અંજાઈ ગયુંઃ 'પિતાજી તમે....' એનો કંઠ રૂંધાવા લગ્યો.

'હા જય, વાસ્તવિકતા સામે આંખમિચામણાં કરવાનો કોઈ જ અર્થ નથી.' બાજુના ઓરડામાં સૂતેલી પત્ની સાંભળી ન લે એટલા ધીમા અવાજે એ કહેતા હતા : 'તું લગ્ન કરવાનું શું કામ ટાળતો રહે છે એ તો હું જાણતો નથી, પણ લગ્ન કરીને તું આ ઘરમાં સુખેથી રહી નહિ શકે એટલું જરૂર જાણું છું.'

પિતા પુત્ર વચ્ચે આટલી અંગત વાત ભાગ્યે જ થતી હોવાથી જયદેવની આંખો વધારે પહોળી થઈ.

'હું જાણું છું જય, નવી મા સાથેનો ક્લેશ કંકાસ ટાળવા માટે જ તું મોટાભાગનો સમય ઘરની બહાર રહે છે. પરણ્યા પછી કદાચ કંકાસનું કારણ વધી જાય તો તું ઘરમાં કે બહાર પણ સુખેથી જીવી નહીં શકે.'

'પણ પિતાજી મેં ક્યારેય તમારી સામે ઘરની કોઈ ફરિયાદ...'

'ફરિયાદ નહીં કરનારો માણસ ભીતરથી વધુ દુ:ભાતો હોય છે દીકરા !' પુરોહિત ગળગળા થઈ ગયા : 'તારી નવી મા વારંવાર સંભળાવે છે કે જય તમને વધુ વહાલો લાગે છે અને મારા કપિલને તમે પરાયો જ માનો છો... તમારો જય બત્રીસલક્ષણો અને મારો કપિલ કુલક્ષણો !'

'પણ પિતાજી, અત્યારે આ બધું...'

'મને કહી નાખવા દે જય, અંતરનો ઊભરો ઠાલવી લેવા દે.' કહેતાં એ અટકી ગયા. એમની આંખોની કીકીઓ ભીની થતી દેખાઈ : 'તારી મા પરલોક સિધાવી ત્યારે તું ચાર વર્ષનો હતો અને રૂખી બે જ વરસની....તારી ચિંતા નહોતી, પણ રૂખીને ઉછેરવા માટે માની જરૂર લાગી એટલા ખાતર તમારા માટે નવી મા લઈ આવ્યો... એ વખતે ક્યાં ખબર હતી કે રૂખી પણ અઢાર વરસની જુવાનજોધ થઈને એની માને રસ્તે પરલોક...'

'પિતાજી !' જયદેવ આવેશભર્યા અવાજે અધવચ્ચે બોલી ઊઠ્યો : 'રૂખી હાજર નથી એટલે હયાત નથી એવું નહીં બોલો.'

અને પિતા-પુત્ર વચ્ચે ઘડીભર સ્તબ્ધતા છવાઈ ગઈ. હૃદયનો ડૂમો બેસાડવા માટે પુરોહિત છાતી પર હાથ પસરાવતા હતા અને જય અસ્વસ્થતા છુપાવવા માટે હાથની મુઠ્ઠી ઉઘાડ-બંધ કરતો હતો. છેલ્લાં છ વર્ષમાં પિતા-પુત્ર વચ્ચે આ મતભેદ પર અનેક વાર બોલાચાલી થઈ ચૂકી હતી. ક્યારેક હળવી તો ક્યારેક ઉગ્ર દલીલો થતી અને છેવટે બંને પોતપોતાના મત પર અટલ રહીને ચર્ચા અધૂરી છોડી દેતા. પુત્રી મરી પરવારી છે એવો કોઈ પુરાવો પિતા આપી શકે તેમ નહોતા અને બહેન જીવતી હોવાની માન્યતા માટે ભાઈ કોઈ સદ્ધર કારણ રજૂ કરી શકતો નહોતો. પિતા દલીલ કરતા : રૂખીની શોધ કરવામાં આપણે કોઇ પ્રયાસ

બાકી નથી રાખ્યા....તેની સામે જયની દલીલ એ હતી કે રૂખીની જેમ ગુમ થયેલી એકાદ- બે છોકરીનો પત્તો પાંચ વર્ષેય લાગ્યો હતો ખરો ને ? તો પછી શું કામ માની લેવું કે રૂખી હયાત નથી?

ફરી પાછી એની એ જ ચર્ચાએ ચડી જવાની બંનેને દહેશત જાગી.

'જય, તું એકવાર બનારસ તો જઈ આવ.' પિતાએ મૂળ વાત પર આવી જવાની અધીરાઈ સાથે કહ્યું : 'કન્યાને જોઈ આવ. તારા અને એના વિચારોમાં મેળ બેસતો હોય તો પરણ્યા પછી અહીં રહેવું કે બનારસ એનો વિચાર આપણે પછી કરી લેશું.'

છતાં જય નમતું નહીં જોખવા માટે શબ્દો શોધતો હતો ત્યાં પિતાએ ઉમેર્યું : 'અત્યારે જવાબ આપવાની જરૂર નથી. જા, જઈને સૂઈ જા. સવારે પૂજા-પાઠ કરી સ્વસ્થ ચિત્તે મારી વાત પર વિચાર કરી જોજે.'

ત્યારે પિતા સામે જોતો એ ચૂપચાપ ઊભો થયો. સામી દીવાલે ટિંગાતી છબી પર તેની આંખો સ્થિર થઈ. એક હળવો નિઃસાસો નીકળી ગયો. સ્કૂલના યુનિફૉર્મમાં પોતાની સાથે સાઇકલ પર બેસીને રૂખીએ આ ફોટો પડાવ્યો હતો... જાણે અત્યારેય ફોટોફ્રેમના કાચ પાછળથી નાનીબહેન તેને કહેતી હતી : મને તમારી સાથે સાઇકલ પર બેસાડીને લઈ જશો તો કોઈ નહીં માની લે કે હું તમારી...

હવે જયદેવ વધુ વાર ઊભો રહી શક્યો નહીં. ઝડપભેર પગ ઉપાડતો સીડી ઊતરીને ઓસરીમાં ઊભેલા માનસિંગ તરફ જોયા વિના જ પોતાના ઓરડામાં પ્રવેશી ગયો.

આસપાસ બધું જ સૂમસામ વર્તાતું હતું. સળિયાવાળી બારીમાંથી દેખાતા પહાડો પણ ઉદાસ લાગતા હતા. પથારીમાં પડખાં ફેરવતાં તેણે વિચાર્યું : આજનો દિવસ જ કાંઈક વિચિત્ર રીતે વીત્યો... તેને જ્યુલી યાદ આવી ગઈ : શું કામ એ પશુપતિ મંદિરમાં ઘૂસી આવી ગશે ? તેની ચોરી પકડી પાડ્યા પછી હું કેમ એની સાથે ઝઘડી પડ્યો નહીં ?

અને જાત સાથે ઝગડતા જયદેવની આંખો આપોઆપ બિડાવા લાગી.

કાંડાઘડિયાળનું એલાર્મ વાગતાં જ જ્યુલીની આંખો ઝબકી ઊઠી. એક બટન દાબીને એલાર્મ બંધ કરી દીધું અને બીજું બટન દબાવી સમય જોઈ લીધો : બરાબર પોણા છ થયા હતા. આળસ મરડી ઠંડીની ધ્રુજારી ખંખેરતી એ બિછાનામાં બેઠી થઈ. બાજુની રૂમમાં સૂતેલા પપ્પા પણ પાંચેક મિનિટમાં જાગી જવાના હતા. ઝટપટ ઊઠીને એણે મોં ધોયું. એટલીવારમાં બાજુની રૂમના બાથરૂમનું બારણું ખખડ્યું એટલે સમજી ગઈ કે પપ્પા પણ જાગી ગયા છે. રાત્રે પિતા સાથે સંતલસ કરીને જ્યુલીએ ગોઠવી રાખ્યું હતું: બીજાને ઊંઘતા મૂકી આપણે બંને ઊપડી જશુ.

જીવનમાં કેટલાક સંબંધો કેવા વિચિત્રપણે ગોઠવાઈ જતા હોય છે ! જ્યુલીના રૂમની એક બાજુના રૂમમાં તેના પિતા જેની સાથે હતા એ તેની માતા નહોતી અને બીજી બાજુના રૂમમાં માતા જે પુરુષનું પડખું સેવતી હતી એ તેનો પિતા નહોતો ! પિતાની બીજી વારની પત્નીને એ આન્ટી કહેતી અને માતાના બીજવરને અંકલ કહીને બોલાવતી ! દસ વરસ પહેલાં મમ્મી-પપ્પા છૂટાછેડા લઈને અલગ થયા ત્યારે પોતાને મમ્મી સાથે રહેવાનું આવ્યું. મમ્મીએ માઇકલ સાથે ઘર માંડ્યું અને પપ્પાએ ડોરોથીને મિસિસ એન્ડરસન બનાવી દીધી.

શરૂ શરૂનાં એક-બે વરસ તો જ્યુલી એવી ભ્રમણામાં રાચતી રહી કે વિખૂટાં પડેલાં મા-બાપ ફરી પાછાં એક થઈ જશે. પોતાના જીવનના બે અલગ અલગ હિસ્સા પાછા સંધાઈ જશે.... પણ એવું કંઈ બન્યું નહીં. જ્યુલીના મનમાં એક ખટકો રહી ગયો : આવાં કટકે કટકે જિવાતાં લગ્નજીવનનો શું અર્થ ? બે વ્યક્તિ ભેગી મળીને ત્રીજા પાત્રનું સર્જન કરે અને પછી એ બંને જ જુદાં પડી જાય એ કેટલું વિચિત્ર ? કદાચ એટલે જ પુખ્ત વયે પહોંચેલી જ્યુલી લગ્નથી કે લગ્નના પરિણામે એવા કોઈ પણ જાતના સંબંધથી દૂર રહેવા લાગી.

બે વર્ષ અગાઉ પૂર્વમાં આવવાનું થયું ન હોત તો હજુય એને પ્રેમમાં પડવાનો વિચાર સ્ફૂર્યો ન હોત. અહીં એણે પરણીને

ઝઘડતાં અને ઝઘડીનેય સાથે રહેતાં માબાપોને જોયાં. પરણતાં પહેલાં કોઈ પુરુષનો વિચાર સુદ્ધાં નહીં કરતી નેપાલી સ્ત્રીઓને જોઈ. પોતાની પ્રકૃતિને આ પરંપરા વધુ માફક આવશે એવી પ્રતીતિ થઈ અને મનોમન એ જયદેવને હૃદયમાં સ્થાપી બેઠી.

બે વરસ અગાઉ નેપાલની વિદાય લેતી વખતે મનમાં ગાંઠ વાળી લીધી હતી : મમ્મી અને પપ્પાને લઈને ફરી અહીં આવીશ. ત્યાં સુધી જયદેવ સાથે પત્રવ્યવહાર ચાલુ રાખીશ અને મમ્મી-પપ્પાને નેપાલ લઈ આવીને કહીશ કે જુઓ, મેં આ પુરુષને પસંદ કરી લીધો છે.

મમ્મીને અંકલ સાથે અને પપ્પાને આન્ટી સાથે નેપાલ-ભારતના પ્રવાસે લઈ આવવા માટે એણે છ-છ મહિના સુધી સમજાવટ ચાલુ રાખવી પડેલી : એક વાર તમે લોકો આ દેશ જુઓ પછી મને કહેજો. એ બહાને આપણે પાંચ જણા એકાદ મહિનો સાથે તો રહેશુંને. જ્યુલીની એક ખૂબી હતી, તેની નિખાલસ મીઠાશ ગમે તેને પિગળાવી દેતી.

અને બારણે ટકોરા પડ્યા. કપડાં બદલીને તૈયાર થઈ જવા આવેલી જ્યુલીએ દરવાજો ઉઘાડ્યો. બંનેનું ગુડમૉર્નિંગ સામસામું ટકરાયું. પુત્રીએ ચડાવેલો નેપાલી પુરુષનો પોશાક જોઈને પપ્પા એન્ડરસન મલક્યા : 'આવો ડ્રેસ તેં ક્યારે સિવડાવી લીધો ?' પછી જ્યુલીના નેપાલી કુરતાની દોરી સરખી બાંધતાં ઉમેર્યું : 'પેલાં ત્રણેયને ઊંઘતાં મૂકીને આપણે મૉર્નિંગવૉકને બદલે કોઈક રહસ્યમય કામે જઈ રહ્યાં હોઈએ એવું લાગે છે.'

'રહસ્યમય તો નહીં પપ્પા, પણ થોડું રોમાંચક જરૂર લાગે છે.' કહેતી જ્યુલીએ પપ્પાના હાથમાં હાથ પરોવીને પગ ઉપાડ્યા : 'લેટ્સ ગો.'

લિફ્ટમાં નીચે ઊતરી, હોટેલની લોબી વટાવી, બાપ-દીકરી ધુમ્મસઘેરી ખુશનુમા ઠંડી વચ્ચે પહેલાં ધીમે અને પછી ઝડપભેર આગળ વધતાં હતાં. સૂરજદેવના આગમનની બીકે ધુમ્મસનાં ઘટ્ટ વાદળ વિખરાઈ જવાની પેરવીમાં નીચે ઊતરતાં હતાં. સૂમસામ રસ્તા પર ખંભે કાવડમાં ગોબીના ગોટા ઊંચકીને ઉતાવળે પગલે જતો નેપાલી ખેડુ કે માથે પોટલી અને પીઠ પર બાળક ઊંચકીને કામે જતી મજૂરણ સિવાય

ભાગ્યે જ કોઈ અવરજવર હતી. રસ્તા વચ્ચે ફંટાતી એક કેડી તરફ જ્યુલીએ પગ વાળ્યા ત્યારે એન્ડરસન ઊભા રહી ગયા. ઊંચી ટેકરીની ટોચે ધુમ્મસના આવરણ પાછળ દેખાતાં બૌદ્ધ મંદિર તરફ ડોક ઊંચી કરતાં એમણે હાંક મારી : 'જ્યુલી, મન્કી ટેમ્પલ સુધી ચડીને જવાની આપણી શ્રદ્ધા નથી.'

જ્યુલીએ ડોક ફેરવી પપ્પા સામે જોયું, થોડું મલકીને સંભળાવ્યું : 'મને ખબર છે, તમે હાર્ટપેશન્ટ છો. ચાર ડગલાં ચડી થોડે ઊંચે જઈને બેસીએ.' કહેતાં સહારો આપવાની ચેષ્ટા સાથે એણે પિતા તરફ હાથ લંબાવ્યો: 'પપ્પા, ભગવાન બૌદ્ધના આ સ્વયંભૂ સ્તૂપને મન્કી ટેમ્પલ કહેવાનું સારું નથી લાગતું. અમેરિકન ટૂરિસ્ટોએ મંદિરના વાંદરા પરથી આવું સહેલું છતાં બેહૂદું નામ ભલે પાડી દીધું, પણ આપણે યુરોપવાસીઓ જીભને થોડું કષ્ટ આપી સ્વયંભૂ સ્તૂપ જરૂર બોલી શકીએ.'

'એટલે જ્યુલી, તું મને થોડા સંસ્કૃત શબ્દોના ઉચ્ચાર શીખવવા માટે સવારના પહોરમાં અહીં સુધી ખેંચી લાવી ?' હાંફતા એન્ડરસને બોલવા માટે ઊભા રહી જવું પડ્યું : 'આપણે આટલે દૂર સ્થળો જોવા અને આનંદ માણવા આવ્યા છીએ, સંસ્કૃત શીખવા કે સંસ્કૃતિ સમજવા નહીં.'

'નહીં પપ્પા, તમને અને મમ્મીને અહીં સુધી ખેંચી લાવવા પાછળ મારો બીજો પણ એક ઇરાદો હતો.' જ્યુલીએ પપ્પાના ખભા પર હાથ મૂકી હેતાળવા ભાવે શરૂઆત કરી : 'એ ખરું કારણ કહેવા માટે જ તમને એકલાને ફરવા લઈ આવી.'

ત્યારે એન્ડરસનની આંખોમાં કુતૂહલ સળવળી ઊઠ્યું. ઊગતા સૂરજનાં કૂમળાં કિરણથી ચમકવા લાગેલી બૌદ્ધસ્તૂપની ટોચ પર નજર રાખી એમણે પૂછ્યું : 'બૌદ્ધ ધર્મનો અંગીકાર કરીને તું સાધ્વી તો નથી બની જવા માગતી ને ?'

'બિલકુલ નહીં પપ્પા, હું તો સંસાર માંડવાની વાત કહેવા તમને અહીં લઈ આવી.'

'રિઅલી ?' સહેજ શરમાતી પુત્રીના રતૂમડા ગાલ પર ટાપલી મારીને એમણે પૂછ્યું : 'ક્યારે નકકી કરી નાંખ્યું તેં ? હજુ

અઢી મહિના પહેલાં ક્રિસ્ટમસ પર મારી પાસે આવી ત્યારે તું અખંડ કુંવારિકા જેવી વાતો કરતી હતી. મેં પૂછેલું : કેટલા બોયફ્રેન્ડ છે? ડેટિંગ કેવુંક ચાલે છે ? મારી દીકરી પાછળ કેટલા જુવાનિયા લટ્ટુ છે ? ત્યારે તારા નકારાત્મક જવાબો સાંભળીને મેં જબરો આઘાત અનુભવેલો... તને કોઈ માનસશાસ્ત્રીની પાસે લઈ જવાની વિચારણા કરેલી. બહુ મોડાં લગ્ન કરવાના ગેરફાયદા પર તને લાબું ભાષણ સંભળાવી દીધેલું અને છતાં તારા પર કોઈ અસર થતી દેખાઈ નહીં ત્યારે મને ચિંતા થવા લાગી હતી...'

એકધારું બોલીને હાંફતા પિતાને જ્યુલી મુગ્ધ ભાવે જોવા લાગી : 'ત્યારે ચિંતા થતી હતી તો હવે જાણ્યા પછી શું થાય છે પપ્પા ?'

તેનો નટખટ સવાલ સાંભળીને એન્ડરસને આંખો પહોળી કરી : 'હવે ઠપકો આપવાની ઇચ્છા થાય છે.'

'શેનો ઠપકો ?'

'આ ખુશખબર સંભળાવવા ખાતર તું અમને આટલો ખર્ચો કરાવી છેક ઓસ્ટ્રીઆથી અહીં લઈ આવી. ત્યાં કહેવામાં શું વાંધો આવી જતો હતો ?'

'પપ્પા...?' ઠપકામાં પિતાનું વાત્સલ્ય વરસતું જોઈને જ્યુલી લાગણીવશ બની ગઈ : 'તમને નેપાલ સુધીનો પ્રવાસ કરાવવાનું કારણ એટલું જ કે મારી પસંદગીનું પાત્ર હું તમને અહીં જ દેખાડી શકું એમ હતી.'

એન્ડર સન આગળ ચાલતા અટકી ગયા : 'એટલે ?'

'એટલે કે એ પુરુષ નેપાલી છે.'

'હેં !' પપ્પાના ચહેરા પર વીજળીવેગે ભાવપલટો આવી ગયો. હાંફતાં અટકી જઈને એમણે હોઠ ભીડી દીધા : 'જ્યુલી... તેં કાંઈ નેપાલી યુવાનને....'

'હા પપ્પા ! બે વરસ પહેલાં આવી ત્યારે મનમાં એના પ્રત્યે ભાવ જાગ્યો હતો. બે વરસ દરમિયાન એ ફિલિંગ દિવસે દિવસે વિકસતી રહી. અંતિમ નિર્ણય લેતાં પહેલાં તમારો અભિપ્રાય જરૂરી લાગ્યો.'

સંમતિને બદલે પુત્રીએ અભિપ્રાય શબ્દ વાપર્યો હતો

એ એન્ડરસનના ધ્યાન બહાર ગયું નહીં. જ્યુલીની પસંદગીનું પાત્ર જાણી લેવાની જિજ્ઞાસા જોર કરતી હોવા છતાં થોડી ધીરજ ધારણ કરી વત્સલ ભાવે વાત આગળ વધારી : 'હવે સમજાયું કે કાલ સાંજે તું ત્રણચાર કલાક અમારાથી છૂટી પડીને ક્યાં ચાલી ગઈ ! એકાએક તને સાડી પહેરવાની હોંશ કેમ જાગી ગઈ !'

વાત કરતાં કરતાં જ બંને હોટેલ તરફ પાછાં ફરવા માંડ્યાં હતાં એનો ખ્યાલ ન રહ્યો.

'મારી શાણી દીકરી હવે કહે જોઈએ, તેં અહીંના પ્રિન્સને તો વશ કરી લીધો નથી ને ?'

એમનું અનુમાન સાંભળીને જ્યુલીને હસવું આવી જવું જોઈતું હતું, પણ એણે ગંભીર બનવું પડ્યું : 'તમે નેપાલના પ્રિન્સને જોયો છે પપ્પા ?'

'અરે મને તો એના નામની ખબર નથી, એ કુંવારો છે કે નહીં એય જાણતો નથી; એને જોયો સુદ્ધાં નથી.'

'પણ મેં જેને પસંદ કર્યો છે એને તો તમે જોયો છે.'

'કોને ?'

'ત્રણ દિવસથી જે આપણી સાથે ફરતો.' એને નામ લેવાની અધીરાઈ છતાં એક હળવી ધ્રુજારી અનુભવીને જ્યુલીએ કહ્યું : 'જયદેવને !'

'જયદેવ ?' આંચકા સાથે એન્ડરસનના પગ થંભી ગયા. વિહ્વળ નજરે એ જ્યુલીને જોવા લાગ્યા. કરડાકી ધારણ કરવા લાગેલાં સૂરજનાં કિરણોમાં એમના ચહેરા પરનાં પરસેવાનાં બુંદ તગતગવા લાગ્યા : 'તું જયદેવ ગાઇડની વાત કરે છે જ્યુલી ?'

શ્વાસ રોકીને ઊભેલી જ્યુલીએ મક્કમતાથી હકારમાં ડોક હલાવી: 'હા પપ્પા !'

ડોક વાળી લઈને એન્ડરસને પગ ઉપાડ્યા. જ્યુલી પણ ચૂપચાપ ચાલવા લાગી. એણે ધાર્યું જ હતું કે પહેલો પ્રત્યાઘાત અનુકૂળ નહીં આવે... છતાં પપ્પા ઉતાવળો ઉગ્ર અભિપ્રાય પણ નહીં આપી દે. મારી લાગણીને સમજવાની પૂરી કોશિશ જરૂર કરશે. પોતે પણ આત્મવિશ્વાસપૂર્વક એમને સમજાવી લેવાનો પ્રયાસ કરવો પડશે.

હોટેલ તરફનો રસ્તો કપાતો રહ્યો અને જ્યુલી પોતાની દૃષ્ટિએ જોયેલા જયદેવનો પરિચય આપતી રહી : 'એ ગાઇડ ભલે રહ્યો પણ રાજપુરોહિતનો પુત્ર છે. સાદાઈ એ તેની ગરીબી નહીં પણ સદ્‌ગુણ છે. વિદ્યા એને વરી છે અને ધર્મને એણે જીવનમાં ઉતાર્યો છે. સ્ત્રીને એ સાધન નહીં પણ સહધર્મચારિણી માને છે... એની પસંદગી કરવામાં હું શું ભૂલ કરું છું પપ્પા ? હા, એની ચામડી ગોરી નથી, એનો દેખાવ આપણી જાત જેવો નથી, તેની રહેણીકરણી આપણાથી જુદી છે, ભાષા અને સભ્યતા આપણાથી અલાયદી છે, પણ શું એટલા ખાતર ?'

ઘણીવાર સુધી ખામોશ રહીને સાંભળી રહેલા પિતાએ આખરે પૂછપરછ કરવી પડી : 'જ્યુલી, તેં એને પૂછી જોયું કે દેશ છોડીને એ આપણી સાથે...'

'પપ્પા, એણે દેશ છોડવાની જરૂર નથી.' જ્યુલીએ ભીતરનો ભેદ ખોલી નાખ્યો : 'હું જ આપણો દેશ અને આપણો ધર્મ છોડીને એના જેવી થઈ જવા માગું છું.'

એન્ડરસન ફરી એકવાર ચોંકી ઊઠ્યા. ત્યારે જ્યુલીએ પોતે બે વરસ દરમ્યાન કરેલી પૂર્વતૈયારીની વાત કહી સંભળાવી. બે વરસ અગાઉ નોરા-લ્યુસી સાથે પોતે નેપાલ આવેલી ત્યારે ટાઇગર સ્પોટ પર નોરા અને જયદેવ વચ્ચે બની ગયેલી ઘટના પણ વિના સંકોચે તાજી કરી.

હોટેલ નજીક આવતી દેખાઈ એટલે પિતાએ કહેવું પડ્યુંઃ 'તમે બંનેએ નક્કી જ કરી નાખ્યું હોય તો...'

'નહીં પપ્પા, નક્કી તો મેં એકલીએ જ મનોમન કર્યું છે.' જ્યુલીએ ફરી પપ્પાને ચોંકાવ્યા : 'હજુ જયદેવને એની જાણ પણ નથી.'

હેબતાઈ જવાના ભાવથી પિતા પુત્રીને જોતા રહ્યા ત્યારે જ્યુલીએ ઊંડો શ્વાસ લેતાં કહ્યું : 'હું સમજું છું, તમને આ બધું બહુ વિચિત્ર લાગશે, અસ્વાભાવિક વર્તાશે, પણ જયદેવ સમક્ષ પ્રસ્તાવ મૂકવા માટે મને તમારા અને મમ્મીના પ્રોત્સાહનની જરૂર પડશે.'

'અને ધાર કે તારા પ્રસ્તાવનો એ અસ્વીકાર કરશે તો?'

'તો ?' જ્યુલીના હોઠ ઘડીભર સિવાઈ ગયા. સ્વીકાર

કરશે જ એમ કહી દેવાનું અજુગતું લાગ્યું અને અસ્વીકારનો વિકલ્પ પોતે વિચાર્યો જ નહોતો.

'પપ્પા, એવું થાય તો શું કરીશ એની મને ખબર નથી.'

પુત્રીના અવાજમાંથી ઓસરી ગયેલા જુસ્સાએ એન્ડરસનને સાવધ કરી દીધા. એની ઉંમરની બીજી બધી યુવતી કરતાં જ્યુલી ઘણી રીતે જુદી પડતી હતી. એ કંઈક જુદું કરી નાખવાની ધગશ ધરાવે છે, પણ એટલા ખાતર એને નસીબ પર પડતી કેમ મૂકી દેવાય ?

'ચાલ જ્યુલી, આપણે નીચે રેસ્ટોરાંમાં જ ગરમાગરમ ચા પી લઈએ.'

પિતાનો એ પ્રસ્તાવ જ્યુલીને ભારે હૂંફાળો લાગ્યો.



ચાના કપ સાથે ઇન્દ્રાણીએ જયદેવના ઓરડામાં પ્રવેશ કર્યો ત્યારે એ પૂજા-પાઠમાંથી પરવારી રહ્યો હતો : 'મા તમે ?' સુખડના તિલકવાળા એના કપાળમાં અચરજની કરચલી ઊપસી આવી : 'તમારે ચા આપવા આવવું પડ્યું ! રોજ તો માનસિંગ....'

'એને મેં કામસર બહાર મોકલ્યો.' ચાનો કપ પલંગ પાસે ટિપોય પર મૂકતાં એણે સંભળાવ્યું : 'સાવકા બેટાને ઝેર પિવડાવવું હોય તો ઓરમાન માએ જાતે જ ચા આપવા આવવું પડે ને ?'

જયદેવે ચોંકીને પહેલાં ચાના કપ તરફ અને પછી નવી મા સામે જોયું. મજાક કરતી હોય એવો કોઈ ભાવ એને દેખાયો નહીં. સુંદર ચહેરાવાળી વ્યક્તિ કર્કશ બોલે છે ત્યારે સાંભળનારને વધુ વસમું લાગે છે. માનું મેણું મજાકમાં ફેરવી નાખવા માટે જયદેવે કપ ઊંચકી બે-ત્રણ ઘૂંટ ચા પીધી : 'ખરેખર ચામાં ઝેર ભેળવ્યું હોય તોય સ્વાદમાં ઝેર મીઠું લાગે છે.'

છતાં ઇન્દ્રાણીના મુખની તંગ રેખા જરાય ઢીલી ન પડી. મોટી આંખોમાં ધાર લાવી કતરાતી નજરે જોતાં એણે તીર છોડ્યું: 'ઝેર ચાની સાથે નથી ભેળવ્યું, એ તો તને ચાની ઉપર મુખવાસની જેમ આપવાની છું.'

જયદેવ પામી ગયો કે મામલો અતિ ગંભીર દેખાય છે.

નવી મા કોઈ પણ જાતની પ્રસ્તાવના કે પરિણામની પરવા વિના તડફડ કરવા જ આવી છે. બાકીની ચા એકીશ્વાસે એ ગટગટાવી ગયો : 'બોલો !' કહેતાં એણે ઉમેર્યું : 'બેસીને કહેશો તો તમને બોલવાનું વધુ ફાવશે.'

'ફટકો મારવો હોય તો ઊભા ઊભા જ વધુ ફાવટ આવે!'

કેટલી નિર્દય નારી છે ! જયદેવનો જીવ કંપી ઊઠ્યો : આ જનમની ઓરમાન મા છે એટલે નહીં, પણ ગયા જનમનું કોઈ વેર વાળવાનું હશે એટલે જ આવી રૌદ્ર બની શકે છે... એણે મસ્તક ઝુકાવી દીધું :

'ફટકો મારવો હોય તો ઝટ કરો, વધ કરવા માટે બલીની ગરદન શ્રેષ્ઠ જગ્યા ગણાય છે !'

'તું મારી આજ્ઞા માથે ચડાવવાનું વચન આપી રહ્યો છે જયદેવ !'

'મા, હું તો માથું સુદ્ધાં આપી રહ્યો છું' જયદેવે મસ્તક નમાવેલું જ રાખતાં કહ્યું : 'હવે તમે કોઈ જાતની દયા દાખવતાં નહીં.'

ઊંડો શ્વાસ છોડતી માના ઘૂંટાએલા શબ્દો બાણની જેમ છૂટ્યા : 'તારા પિતા દશરથ રાજા હોત તો કૈકેયીની જેમ હું માંગી લેત કે ભરતને ગાદી અને રામને વનવાસ.'

ત્યારે જયદેવે ડોક ઊંચી કરી માના ઉગ્ર મુખ પર નજર માંડી. ગળા સુધી આવેલા નિઃશ્વાસને એણે પાછો ઠેલી દીધો : 'સમજી ગયો મા, કૈકેયીમાતાની જેમ તું પણ માગી રહી છે, કપિલને ગાદી અને જયને વનવાસ.'

'બહુ જલદી સમજી ગયો મારો બત્રીસ લક્ષણો બેટો.' વીંછીના ડંખ જેવો કટાક્ષ મારીને એણે ઉમેર્યું : 'પણ કપિલને માટે રાજપુરોહિતની ગાદીનો માર્ગ મોકળો કરવા તું વનવાસમાં જાય, ત્યારે તારા પિતા રાજા દશરથની જેમ દેહ છોડે એ અન્ત મને નહીં જોઈએ જય !'

'એવો અન્ત તો હું પણ ઇચ્છું નહીં મા !' જયદેવના બોલમાં કરુણા ટપકવા લાગી : 'એવું ન બનવા દેવાનો ઉપાય પણ તમારે જ ચીંધવો પડશે.'

'એ ઉપાય તો તને તારા પિતાએ કાલે જ ચીંધાડી દીધો.'

ઇન્દ્રાણીએ ગર્વિષ્ઠ સ્મિત ફરકાવતાં કહ્યું : 'બનારસની કન્યાનો હાથ સ્વીકારી લે. તારા પિતા તારા સુખને ખાતર પુત્રની જુદાઈ જીરવી લેશે.'

'એટલે કે તમે...' જયદેવના હોઠ પર આક્ષેપ ઊપસી આવતો હતો, પણ હવે એ બધી કડવાશનો શું અર્થ !

'હા જય, કાલ રાતે તમારા બંને વચ્ચે થયેલી વાતચીત હું બારણા પાછળથી સાંભળતી હતી.'

અપરાધના જરાસરખા અણસાર વિના એણે કહ્યું ત્યારે જયદેવથી લુખ્ખું હસી જવાયું : 'મા, ખરેખર તમને એવું લાગે છે કે પિતાની રાજપુરોહિતની ગાદીમાં હું કપિલની આડે આવીશ ?'

'કદાચ તું આડે ન આવ પણ તારા પિતા જરૂર આડે આવે.' ધીરજ ખૂટી જવા આવી હોય તેમ ઇન્દ્રાણી અસ્વસ્થ બની ગઈ. જયદેવ વિચાર કરવાનો સમય માગે, કોઈની સલાહ લઈને આડો ફાટે એ પહેલાં એનું વચન મેળવી લેવાનું હતું : 'જય, હવે કૈકેયી મટીને, હું મત્સ્યગંધા બની જાઉં છું અને તારે ભીષ્મ બનવાનું છે.'

'એટલે ?'

'એટલે કે તારે ભીષ્મ પ્રતિજ્ઞા લેવાની છે. પંદર દિવસમાં જ એ પ્રતિજ્ઞાનું પાલન કરવાનું છે.'

'પંદર જ દિવસ !' જયના હૃદય પર કરવત ફરી વળી. બધું જ ત્યજીને ચાલી જવાનું... કોના સુખ ખાતર ? પિતાના, ઓરમાન માતાના કે સાવકા બંધુના ?

અને પોતાની જાણ બહાર જયદેવની આંખો ઊનાં આંસુથી છલકાઈ ગઈ. ગાલ પરથી દડી રહેલાં આંસુ ઝીલી લેવા માટે તેણે જમણા હાથની હથેળી ધરી દીધી. ટપ, ટપ, ટપ... આંસુ ટપકતાં રહ્યાં અને ઇન્દ્રાણી અપલક નજરે જોતી રહી.

આંસુ અટક્યાં ત્યારે જયદેવે મા સામે જોયું. ભીની કીકીઓ દૃઢ સંકલ્પથી તગતગી ઊઠી :

'મા ! હાથમાં અશ્રુજલની અંજલિ સાથે પ્રતિજ્ઞા પૂરી કરવાનો સંકલ્પ લઉં છું.' કહેતાં એણે હથેળીનું જળ ભોંય પર વહાવી દઈને ઉમેર્યું : ' બસ ?'

બસ, ઇન્દ્રાણીએ એક ક્ષણ પૂરતું એની સામે જોયું અને ચક્રવર્તી વિજય પ્રાપ્ત કર્યો હોય એવા રુઆબથી બહાર નીકળી ગઈ.

ત્રણ

'આ છે તુલજા ભવાનીદેવીનું ભવ્ય મંદિર. અમારા નેપાલન રાજકુટુંબની કુળદેવીનું મંદિર ઇસ્વીસન ૧૫૪૯માં મલ્લાવંશના રાજવી રાજા મહેન્દ્રે બંધાવ્યું.'

કાઠમંડુના દરબાર ચોકમાં પેગોડા શૈલીની કલાત્મક બાંધણીની લાકડાની ઊંચી ઇમારતનું વર્ણન કરતાં જયદેવે પ્રવાસીઓને સમજાવ્યું : 'પહેલી નજરે ચડે એવી અમારા નેપાલની વિશિષ્ટતા એ છે કે અહીંના મહેલો, મંદિરો કે મકાનોની પુરાણી ઇમારતો લાકડાં એટલે કે કાષ્ઠના બાંધકામની છે અને એટલે તો આ પાટનગરનું નામ ક્રાષ્ઠમંડપ પરથી કાઠમંડુ પડી ગયું.'

જયદેવ સાથે આવેલા ટૂરિસ્ટો ઊંચી ડોક કરીને તુલજાભવાની દેવી મંદિરનાં ત્રાંબાનાં છાપરાં અને સોનાની ટોચ નિહાળી રહ્યા હતા ત્યારે પડખે ઊભેલી જ્યુલી જયના ચહેરા પર મીટ માંડીને ઊભી હતી. આજે તેને જયના સ્વરમાં, શૈલીમાં, આંખોમાં અને વર્તનમાં પણ કંઈ ખૂટતું હોવાનો ભાસ થતો હતો. સવારે ચા પીતાં પીતાં પિતા-પુત્રીએ નક્કી કરી નાખેલું : જ્યુલીએ આજે રાત્રે જ લગ્નનો પ્રસ્તાવ જય સમક્ષ રજૂ કરી દેવો. જયને રાત્રે સાથે જમવાનું નિમંત્રણ આપવું. એક બે કલાકના એ સહવાસમાં વડીલોએ વાતચીત દ્વારા પ્રસ્તાવ પેશ કરવો... પપ્પા એન્ડરસને જાતે જ જયને ચિઠ્ઠી લખી એને ઘેર મોકલાવી હતી

મિસ્ટર જય, નેપાલમાં અમારું રોકાણ હવે બે દિવસનું જ છે. અમારા સૌની ઇચ્છા છે કે આજ રાત્રે આપણે સાથે ડિનર લઈએ. તમે ઘેરથી નક્કી કરીને નીકળી શકો એટલા માટે રૂબરૂ નિમંત્રણ આપવાને બદલે માણસ સાથે ચિઠ્ઠી મોકલી છે. આશા છે કે તમને કોઈ અગવડ નહીં હોય... જવાબમાં જયદેવે નિમંત્રણનો સહર્ષ સ્વીકાર કરીને આભાર માન્યો પણ તેમાં હર્ષને બદલે ઉદાસીનો અણસાર દેખાતો હતો : શું કારણ હશે ? ગઈ કાલે મેં પશુપતિનાથ મંદિરમાં અનધિકૃત પ્રવેશ કર્યો એનો સંતાપ હશે ?

'હવે ચાલો તમને અહીંની એક અજાયબ જગ્યાએ લઈ જાઉં.' જયદેવે તુલજાભવાની મંદિરનો મહિમા વર્ણવી લઈને ટૂરિસ્ટ જૂથને સામી દિશાના એક નાનકડા મકાન તરફ દોર્યું. જ્યુલી પણ સૌની સાથે દોરાઈ.

'દુનિયાભરના પ્રવાસીઓ આ નાનકડા મકાનમાં પ્રવેશ કરીને ભારે કૌતુક અનુભવે છે.' જયદેવની સાથે રહીને ગાઇડની તાલીમ લઈ રહેલા વિદ્યાપતિએ મદદનીશની ફરજ અદા કરતાં કહ્યું : 'આ ઘર હોવા છતાં મંદિર જેવું છે કારણ કે એમાં એક દેવી વસે છે - જીવતી દેવી !'

જીવતી દેવી-લિવિંગ ગોડેસ-સાંભળતાં જ સૌની ચાલમાં ઉત્તેજના આવી ગઈ. સાંકડી ખડકીના નીચા દરવાજામાં માથાં નમાવી સૌ દાખલ થયા. અગાઉ બે વાર આવી ચૂકેલી જ્યુલી પણ જયદેવની જબાનેથી વધુ એક વાર આ અદ્ભુત પરંપરાનું પુરાણ સાંભળવા આતુર બની ગઈ. અફસોસ માત્ર એટલો જ હતો કે પોતે હિન્દુ પ્રવાસીઓની માફક આ જીવંત દેવીનાં દર્શન કરવા મેડી પર નહીં જઈ શકે...

બે માળની લાકડાની ઇમારતના આંગણામાં બધાએ પ્રવેશ કર્યો ત્યારે આધેડ વયનાં દસ બાર જાપાની સ્ત્રી-પુરુષો ઊંચી ડોક કરી બીજા માળની લાકડાના કોતરકામવાળી બારી તરફ તાકીને ઊભાં હતાં અને એક નેપાલી જુવાનિયો જાપાની ભાષામાં એમને માહિતી આપતો હતો. હમણાં જ પેલી બારીમાંથી દેવી દર્શન આપશે એવી ઉત્કંઠા સાથે દરેક જાપાનીએ કૅમેરા તૈયાર રાખ્યા હતા.

'આ મકાનમાં રહેતી સાત વર્ષની બાળા અમારા સૌની કુંવારી દેવી છે !' જયદેવે શ્રદ્ધાના રણકા સાથે કહેવા માડ્યું : 'વર્ષોથી આ પ્રથા સતત ચાલી આવે છે. સમજણી થયેલી શાક્ય જાતિની એક બાળાને કુંવારી દેવી તરીકે સ્થાપીને અહીં રાખવામાં આવે છે. એની પસંદગી માટે બહુ આકરી પરીક્ષા લેવાય છે. જેનો ચહેરો સૌમ્ય-સુંદર હોય, જેના શરીરની ચામડી પર એકે ડાઘ કે ઉઝરડો ન હોય અને જેનું કાળજું કાચું-પોચું ન હોય એને જ આ સ્થાન સાંપડે છે.'

હજુ તો જયદેવે શરૂઆત કરી ત્યાં જ ઇંગ્લિશ સમજતા હોવા છતાં જાપાની ભાષાનો જ દૃઢ આગ્રહ રાખનારા પેલા જાપાની પ્રવાસીઓય નજીકથી સાંભળવા તેની તરફ સરકવા લાગ્યા. જયદેવની મોહક શૈલીનો એ પ્રભાવ જોઈને જ્યુલી ખુશ થઈ.

'આ પ્રથા પાછળની કથા એવી છે કે અનેક પેઢીઓ અગાઉના એક રાજવી પર કુળદેવી તુલજાભવાની બહુ પ્રસન્ન હતા. ગમે તેવી મૂંઝવણભરી વિકટ પરિસ્થિતિમાં રાજવીને કુળદેવી તરફથી દૈવી સંકેત દ્વારા માર્ગદર્શન મળતું અને એની સમસ્યાનો સુખદ ઉકેલ આવી જતો. પરંતુ એક વાર કોઈ એવી સમસ્યા રાજવીને મૂંઝવી રહી હતી, જેનો ઉકેલ ચીંધવા માટે તુલજાદેવીએ સાક્ષાત્ રાજાના શયનખંડમાં પ્રગટ થવું પડ્યું. આટલા સખત ચોકીપહેરા વચ્ચેથી જે વ્યક્તિ પોતાના શયનખંડમાં પ્રવેશી જાય એ દેવી સિવાય બીજું કોઈ હોય નહીં એની ખાતરી થતાં રાજા દેવીનાં ચરણોમાં પડી ગયા. દેવીની વાણી સંભળાઈ : રાજન, હવે પછી જ્યારે જ્યારે તું દ્વિધામાં પડી જઈશ ત્યારે હું આ રીતે પ્રગટ થઈને આવીશ, પરંતુ આ માટે તારે મારી બે આમન્યાનું ચુસ્તપણે પાલન કરવું પડશે. હું પ્રગટ થાઉં છું એની જાણ કોઈને જ કરવી નહીં. તારી સાથે ચોપાટ રમતાં રમતાં હું તને સમસ્યાનો ઉકેલ સૂચવીશ. પરંતુ આપણા બંને વચ્ચે એક પરદો રહેશે, જેથી તું ફરી ક્યારેય મારું મુખ જોઈ ન શકે. આ ગોઠવણ ઘણા સમય સુધી ચાલી. પણ એક વાર ચોપાટની રમત વચ્ચે કુતૂહલના આવેશમાં રાજાએ દેવી સામેથી પરદો હટાવી લીધો ત્યારે એને દેદીપ્યમાન

સ્વરૂપ જોઈને રાજવીના મનમાં જરાવાર માટે ભક્તિને બદલે આસક્તિનો ભાવ જાગી ગયો. બસ, બીજી જ પળે દેવી તેની નજર સામેથી અદૃશ્ય થઈ ગયાં. આમન્યાનો ભંગ કરવા બદલ રૂઠેલાં દેવીને પ્રસન્ન કરવા રાજવીએ બહુ તપ કર્યું. સાચા હૃદયથી પશ્ચાત્તાપ વ્યક્ત કર્યો ત્યારે દેવીએ તેને એટલું આશ્વાસન આપ્યું કે તારા પછી ગાદીએ આવનારા કોઈ રાજવી ક્યારેય દેવીને દોષ દૃષ્ટિથી નિહાળવાનું પાપ ન કરે એટલા ખાતર હું પુખ્ત વયને બદલે બાળસ્વરૂપ ધારણ કરીને પ્રગટ થઈશ. જીવંત સ્વરૂપે મારાં દર્શન માટે તારે કોઈ નખશિખ નિર્દોષ કુંવારી કન્યાની શોધ કરી મારા સ્થાને સ્થાપવી પડશે અને કુળદેવીની એ આજ્ઞા મુજબ કુંવારી દેવીની પરંપરા વર્ષોથી ચાલુ રહી છે. દર વર્ષે એક વાર નેપાલનરેશ પોતે અહીં પધારી કુંવારી દેવીને દંડવત્ પ્રણામ કરી એમના આશીર્વાદ લઈ જાય છે.

જયદેવ શ્વાસ ખાવા રોકાયો ત્યારે મંત્રમુગ્ધ બનીને સાંભળતા પ્રવાસીઓમાંથી કોઈએ પૂછ્યું : 'તમારી આ કુમારી દેવી કાંઈ ચમત્કાર કરી દેખાડે છે ખરી ?'

કટાક્ષમાં પુછાયેલા આ પ્રશ્નથી વિદ્યાપતિને જરા અસ્વસ્થ બની જતો જ્યુલીએ જોયો, પણ આવા સવાલોથી ટેવાઈ ગયેલા જયદેવે સંયમ જાળવીને જ જવાબ વાળ્યો : 'કુંવારી દેવીને સાક્ષાત્ દેવી તરીકે નહીં પણ તુલજાદેવીના પ્રતીકરૂપે એમના બાળસ્વરૂપને અમે પૂજીએ છીએ. કદી કોઈ મનુષ્યને નહીં નમનારા નેપાલનરેશ છ વર્ષની સામાન્ય બાળાને દંડવત્ નમસ્કાર કરે એ પણ એક ચમત્કાર જ છે ને !'

જ્યુલી તેના આ સચોટ જવાબ પર વારી ગઈ, ત્યાં બૌદ્ધ સાધુ જેવા દેખાતા જાપાનીએ પૂછ્યું : 'આ લિવિંગ ગોડેસની પસંદગી કેવી રીતે થાય છે એ તમે કહ્યું નહીં.'

'એ પણ કહું છું !' જયદેવે ઊંચી ડોક કરી પેલી બારી પર નજર નાખી લીધી. એ ખાલી દેખાઈ એટલે કહેવાનું શરૂ કર્યું: 'હાલની દેવી જ્યારે બાળા મટી જશે, યૌવનમાં પ્રવેશ કરવાનાં લક્ષણ પ્રગટ થશે કે માસિક ધર્મ પાળતી થાય એ પહેલાં નવી દેવીની

શોધ ચાલુ થઈ જશે. શાક્ય જાતિની અનેક બાળાઓના માતાપિતા તરફથી આ માટે પ્રસ્તાવ આવશે, તેમાંથી પહેલી દૃષ્ટિએ દેવી બનવાની લાયકાત ધરાવતી બાળાઓની શારીરિક ચકાસણી કરી દરેકની જન્મકુંડળીનો અભ્યાસ થશે અને દૈવી અંશો ધરાવતી જન્મપત્રિકાવાળી બેચાર બાળાને અંતિમ ચકાસણી માટે પસંદ કરવામાં આવશે... આ ચકાસણી ક્યારેક અગ્નિપરીક્ષા જેવી કઠોર હોય છે.'

'જયદેવે સૌની જિજ્ઞાસા જગાડવાની ઢબે કહી આગળ ચલાવ્યું : 'અમારે ત્યાં વર્ષમાં એકવાર દેવી-દેવતા સમક્ષ પશુબલિ ચડાવવામાં આવે છે. એ દિવસે આ બાળાઓને મંદિરમાં હાજર રાખી એમની નજર સમક્ષ એક પછી એક અનેક ભેંસોનો વધ થતો રહે છે. લોહીના ફુવારા ઊડતા હોય, વધ થયેલાં પ્રાણીની ડોક અલગ થઈ ગઈ હોય, ધડ તરફડતું હોય અને એ વિકરાળ દૃશ્યનો આઘાત અસ્વસ્થ થયા વિના જીરવી લેવાય ત્યાં બીજો વધ થાય, ત્રીજો, ચોથો...'

'બસ બસ !' એક ગુજરાતી ટૂરિસ્ટે ધ્રૂજતા અવાજે જયદેવને અટકાવી દીધો : 'વધને વટાવીને આગળ શું થાય છે એ કહોને ભાઈસા'બ !'

'કહું છું સાહેબ !' તેના વિક્ષેપનો સદ્ઉપયોગ કરતાં જયદેવે કહ્યું : 'વધની વાત સાંભળતાં જ તમે અસ્વસ્થ થઈ જાવ છો તો પાંચ-છ વર્ષની બાળાનું શું થતું હશે ? છતાં એ આ અગ્નિપરીક્ષામાંથી પાર ઊતરે ત્યાં બીજી કઠોર પરીક્ષા રાહ જોતી હોય છે. એ જ રાત્રે મંદિરના જુદા જુદા ખંડનાં આ બાળાઓને એકલી પૂરી દેવામાં આવે છે. રાત ઘનઘોર થવા માંડે એટલે કેટલાક માણસો બહારથી ભૂત, પ્રેત અને જાતજાતનાં વિકરાળ પ્રાણીઓના ભયાનક અવાજોના ચિત્કાર કરવા લાગે. ભલભલા પુરુષો પણ છળી જાય એવા બિહામણા ચિત્કારો સાંભળવા છતાં જે અડગ રહે, ભયની ચીસ ન પાડે કે જેના શરીરમાં તાવ ચડી ન આવે એવી એક બાળા દેવી તરીકે પસંદગી પામે.'

આટલી વાત સાંભળતાં ઘણાનાં મુખ ડઘાઈ જવાના ભાવ

ઊપસી આવ્યા. કુમારી દેવી પ્રત્યે સદ્‌ભાવ જાગ્રત થયો અને કોઈ આગળ કાંઈ પૂછે એ પહેલાં પેલી બારીમાંથી એક વ્યક્તિ ડોકાતી દેખાઈ.

ઝાટકા સાથે બધી જ ગરદન ઊંચી થઈ, પણ દરેકે વળતો એવો જ ઝાટકો અનુભવ્યો. ત્યાં તો ઊભી હતી પોણો સો વરસની એક બોખી બુઢ્ઢી ! એણે જયદેવના નામની હાક મારીને નેપાલી ભાષામાં કાંઈક કહ્યું એટલે જયદેવે સૌને સમજાવ્યું : ‘માજી કહે કે થોડી જ વારમાં કુંવારી દેવી બારીમાં આવીને ઊભાં રહેશે.’

‘એ ડોશી દેવીની દાદીમા લાગે છે ?’

‘નહીં, માજી તો બાળ દેવીનાં પાલક છે. એક વાર કુંવારી દેવી તરીકે સ્થપાયા પછી છોકરી તેના કુટુંબ સાથે રહી શકે નહીં. તેનાં માતાપિતાને રાજવી તરફથી નજીકના કોઈ મકાનમાં રહેવાની સગવડ મળે. બીજી બધી મદદ મળે. એનાં માતા-પિતા કે વડીલો મળવા આવે ત્યારે એમણે પણ દેવીને નમવું પડે.’

બરાબર એ જ વખતે એકીસાથે અનેક કૅમેરાની ચાંપો દબાવા લાગી. બારીમાં પધારેલી દેવીને નિહાળતા પ્રવાસીઓ આપસમાં ગુસપુસ કરવા લાગ્યા : કેટલી નાની છે ! રસ્તા પર જતી હોય તો આપણે એને એક નજરે જોઈએ પણ નહિ... કેટલાકને લાગ્યું કે આ છોકરીના પ્રભાવ કરતાં ગાઇડ જયદેવની કથા વધુ રોમાંચક હતી. કોઈને બાળદેવીની નિર્દોષતા સ્પર્શી ગઈ તો કોઈ બુદ્ધિવાદીએ ટીકા પણ ઉચ્ચારી : આટલી નાની વયમાં બિચારીને દેવી બનાવી દઈને એના બાળપણનો આનંદ ઝૂંટવી લીધો.

‘ચાલો, તમને ઉપર લઈ જાઉં.’ પોતાની સાથે આવેલા ટૂરિસ્ટોને કહેતાં જયદેવે ઉમેર્યું : ‘તમારામાંથી જેને જેટલી શ્રદ્ધા હોય એ પ્રમાણે રકમ ધરજો, ઇચ્છા થાય તો પગે લાગજો. કાંઈ પૂછવાનું મન થાય તો પેલાં માજી મારફત પૂછપરછ કરજો.’

‘ચાલો, ચાલો નજીકથી દેવીનાં દર્શન તો કરીએ.’ કહેતાં અધીરાઈભેર પ્રવાસીઓ જયદેવની પાછળ દોરાયા. સીડી ચડતાં પહેલાં સૌ બૂટ-ચંપલ ઉતારવા રોકાયાં ત્યારે જયદેવને જ્યુલીનો ખ્યાલ આવ્યો. એ તો ત્યાં જ ઊભી હતી. એની આંખોમાં મજબૂરીના ભાવ ડોકાતા હતા : મને જ સાથે નહીં લઈ જાવ ? પણ તેના હોઠ પરનું આછેરું સ્મિત

કહેતું હતું : ગભરાશો નહીં, ગઈ કાલની જેમ અહીં ઘૂસી નહીં આવું.

'જ્યુલી !' જયદેવે ઉપર જવા માટે પગથિયું ચડતાં કહ્યું: 'વિદ્યાપતિ તને કંપની આપવા નીચે જ રહેશે.'

ત્યારે એ થોડું હસી, જાણે કહેવા માગતી હોય : કંપની આપવા નહીં, પણ પ્રવેશ કરવાના મનાઈહુકમનો હું ભંગ ન કરું એની ચોકી રાખવા !

કુંવારી દેવી બારી સામેથી હઠી જતાં જાપાની ટૂરિસ્ટોએ ફોટા ખેંચવાના બંધ કર્યા એટલે બે-ચાર છોકરા દેવીના ફોટા વેચવા માટે એમને ઘેરી વળ્યા : 'સા'બ, તમે પાડેલા દેવીના ફોટા ચાલુ પોશાકમાં છે જ્યારે આ તો વરસમાં એક વાર દેવી શણગાર સજીને જાહેરમાં આવે છે એ પ્રસંગની તસવીર છે, લઈ લો સાહેબ.'

તસવીર ખરીદીને એક જાપાની જ્યુલી પાસે ઊભેલા વિદ્યાપતિ તરફ સરકી આવ્યો : 'મિસ્ટર, તમે મને એ કહેશો કે આ કુંવારી દેવીઓ જિંદગીભર કુંવારી જ રહેતી હોય છે ?'

'જી નહીં.' વિદ્યાપતિએ સમજાવ્યું : 'દેવી મટી ગયા પછી એ બીજી કન્યાઓની જેમ નિશાળમાં ભણવા જાય છે. અમારા રાજા નો બધો ખર્ચ ભોગવે છે અને ભણી લીધા પછી એ કોઈને પરણી પણ જાય છે.'

'તો તો બરાબર !' કહેતો જાપાની તેના સહપ્રવાસીઓ સાથે જોડાઈને બહાર નીકળી ગયો, પણ જ્યુલીના મનમાં એક પ્રશ્ન ઊપસતો ગયો. અગાઉ પોતે જયદેવને જે પૂછવાનું ભૂલી ગઈ હતી તે વિદ્યાપતિને પૂછી લીધું : 'હેં વિદ્યાપતિ, ભૂતકાળનાં દેવી તરીકે માન-સન્માન પામેલી યુવતીને પરણવા માટે તમારા નેપાલીઓ તો પડાપડી કરતા હશે ને ?'

ત્યારે વિદ્યાપતિ હસ્યો : 'નહીં મિસ જ્યુલી, હજુ હમણાં સુધી સારા ઘરના કોઈ મુરતિયા એને પરણતાં ડરતા.'

' એમાં ડર શેનો ?'

' મૃત્યુનો !' વિદ્યાપતિએ જ્યુલીને ચોંકાવી : 'એક વાર કુંવારી દેવી રહી ચૂકેલી સ્ત્રી સાથે લગ્ન કરી એનું કૌમાર્ય ખંડિત કરવાથી મૃત્યુ થાય છે એવી દૃઢ માન્યતા હતી.'

'કેવી વિચિત્ર માન્યતા !' જ્યુલીએ દલીલ કરી : 'આવું તે કદી બને ખરું.'

'વારંવાર નહીં બનતું હોય પણ એકાદ વખત એવું બન્યું છે ખરું.' વિદ્યાપતિએ પુરાવો રજૂ કર્યો : 'મારા કાકીમા આજે તો પાંસઠ વર્ષનાં છે, પાંચ-છ વર્ષની વયે એ અહીં કુંવારી દેવી તરીકે રહી ચૂક્યાં છે. એમનાં લગ્ન થયા પછી બીજે જ વરસે પતિનું મૃત્યુ થયું હતું.'

'સાચ્ચે !' જ્યુલીને માનવામાં ન આવતું હોય તેમ પૂછ્યું: 'તમારા પોતાના જ કાકા એનો ભોગ બન્યા ?'

'નહીં, મારા કાકા તો એમના બીજી વારના પતિ હતા.' વિદ્યાપતિએ માન્યતાના સમર્થનમાં આડું જોઈને સંભળાવ્યું : 'કૌમાર્ય ખંડિત કરનાર તો પહેલો જ પતિ હોય ને.'

કોણ જાણે કેમ, આ સાંભળીને જ્યુલી પણ લજાઈ ગઈ. વાત વાળી લેવા માટે મકાનની બારી તરફ ઊંચી ડોક કરતી એ બબડી : 'સદાય આનંદમાં રહેનારો જય આજે ઉદાસ કેમ દેખાય છે ?'

'ઉદાસ ?' વિદ્યાપતિ ચોંક્યો. જયદેવમાં આ છોકરીને આટલી હદે રસ જાગ્યો કે મને જેની ખબર ન પડી એ તેની નજરે ચડી ગયું ? જ્યુલીને જવાબ આપવો કે સામો સવાલ પૂછી લેવો તેની વિમાસણમાં પડેલા વિદ્યાપતિની પીઠ પર અવાજ અફળાયો: 'કેમ વિધુ, શું ચાલી રહ્યું છે ? તેં અહીંથી જ તારા જુગારખાનાનો પ્રચાર શરૂ કરી દીધો કે ?'

કપાળમાં દેવીના હાથે કરાવેલા ચાંદલા સાથે પાછા ફરેલા જયદેવને જ્યુલી ઘડીભર તાકી રહી. થોડીવાર પહેલાની ઉદાસી એની આંખોમાંથી અદૃશ્ય થઈ ચૂકી હતી. દેવ-દેવીઓ સમક્ષ નમવાથી કદાચ માનવીના મસ્તકનો ભાર ઘડીવાર માટે હળવો થઈ જતો હશે!

'અમે જુગારખાનાની જ વાત કરતા હતા.' જ્યુલીએ તુક્કો ઉપજાવી કાઢ્યો : 'વિદ્યાપતિ સાથે મેં એક કાવતરું ઘડ્યું કે રાત્રે જમ્યા પછી તમને કેસીનોમાં ખેંચી જવા.'

ત્યારે જયદેવ મલક્યો : 'મિસ જ્યુલી, કદાચ તમે નહીં

જાણતા હો કે અહીંના જુગારખાનામાં નેપાલી નાગરિકોને રમવાની છૂટ નથી.'

'રમવાની મનાઈ હશે, પણ જોવાની તો છૂટ છે ને.' વિદ્યાપતિએ જ્યુલીને ટેકો આપ્યો ત્યારે જય ખરેખર માની બેઠો કે બંનેએ મળીને કાંઈક ગોઠવી રાખ્યું લાગે છે. બહાર ઊભેલા હોટેલના વાહન સુધી ચૂપચાપ આગળ વધીને તેણે વિદ્યાપતિ તરફ હાથ લંબાવ્યો : 'વિધુ, ચાવી આપજે ને, આજે પણ તારી મોટરબાઇક લઈ જાઉં છું.'

વિદ્યાપતિ કાંઈ કહે એ પહેલાં જ્યુલી બોલી ઊઠી : 'ભૂલી ગયા ? તમારે રાત્રે અમારી સાથે ડિનર લેવાનું છે...?'

'મને યાદ છે.' કહેતાં એણે વિદ્યાપતિના હાથમાંથી ચાવી લઈ લીધી : 'પશુપતિના મંદિરે જઈ આવીને જમવા માટે હું સમયસર હોટેલ પર પહોંચી જઈશ.'

જ્યુલી કહેવા માગતી હતી : હુંય તમારી સાથે આવું... પણ જયદેવની આંખોમાં ફરી ઊપસી આવતી ઉદાસી જોઈ એણે શબ્દો પાછા વાળી લીધા.

કાઠમંડુની બજાર વચ્ચેથી પસાર થતી મોટરવાનમાં વિદ્યાપતિની બાજુમાં બેઠેલી જ્યુલી થોડીવાર વિચારે ચડી ગઈ : જય આજે મૂડમાં નથી. લગ્નનો પ્રસ્તાવ રજૂ કરવાનું આજની રાત પૂરતું મુલતવી રાખું તો ? ત્યાં અચાનક તેના મગજમાં ઝબકારો થયો -

'વિદ્યાપતિ, તમારા દેશમાં ખરેખર ઉંમરલાયક છોકરીઓની તંગી છે ?'

આવા વિચિત્ર સવાલથી ઝબકેલા વિદ્યાપતિએ જ્યુલી સામે જોયું, પણ એ તો ગંભીર જ રહી : 'તમારા આ સર્વગુણસંપન્ન મિત્ર જયદેવ હજુ સુધી કુંવારા કેમ રહી ગયા, એની જ મને નવાઈ લાગે છે.'

'એમ તો હુંય કુંવારો જ છું ને, મિસ જ્યુલી.' કહીને એણે સુધારી લીધું : 'પણ મારી અને જયની સ્થિતિ જુદી છે. જય કોઈને પસંદ કરતો નથી ત્યારે હું તો કોઈને પસંદ કર્યા પછીય કુંવારો છું.'

'એટલે ?' જ્યુલીએ ઝાટકા સાથે તેના તરફ ગરદન ફેરવીને

પૂછ્યું : 'પસંદ કરેલી કન્યા સાથે પરણતાં તમને કોઈ રોકે છે ?'

પણ વિદ્યાપતિ તરફથી તરત કોઈ જવાબ ન મળ્યો. જ્યુલીને એની ખામોશી ખટકી, છતાં અંગત વાત જાણી લેવાની અધીરાઈ કરવામાં અવિવેક લાગ્યો એટલે ચૂપ બેસી રહી. મોટરવાન હોટેલ પર પહોંચી અને ટૂરિસ્ટો વિખરાયા ત્યાર પછી બંને ઘણીવાર એકબીજા સામે જોતાં ઊભાં રહ્યાં. છેવટે જ્યુલીએ જ પહેલ કરવી પડી : 'કહો વિદ્યાપતિ, તમે પસંદ કરેલી પેલી યુવતી કોણ છે ?'

'છે નહીં, હતી.' વિદ્યાપતિના અવાજમાં નિઃસાસો ભળ્યો: 'મિસ જ્યુલી, તમે એના વિષે થોડું જાણો છો. જયદેવે કાલે જ તમને રૂખીની વાત કહી.હતી.'

'એટલે તમે અને રૂખી....'

'હા, અમે મનોમન એકબીજાને વરી ચૂક્યાં હતાં. જય પણ એ જાણતો હતો.... ત્યાં અચાનક એ અદૃશ્ય થઈ ગઈ.'

જાણે આગલી સાંજનું પુનરાવર્તન થઈ રહ્યું હોય એવી પીડા જ્યુલીએ અનુભવી. વાત રૂખીની જ હતી પણ ગઈકાલની જુદાઈ ભાઈની હતી અને આજે પ્રેમીની... થોડીવાર સહાનુભૂતિ નીતરતી આંખે તેને જોઈ રહ્યા પછી એણે પૂછી લીધું : 'તો શું તમે આખી જિંદગી રૂખીની યાદમાં અપરિણીત...'

'આખી જિંદગીની તો ખબર નથી, પણ રૂખી કોનો શિકાર બની એ જાણું નહીં... એનું વેર વાળું નહીં ત્યાં સુધી તો નહીં જ!'

અને વિદ્યાપતિ પરાણે પગ ઉપાડતો હોય તેમ કેસીનો તરફ આગળ વધી ગયો. દરવાને ઉઘાડેલા દરવાજામાંથી એ જુગારખાનામાં અદૃશ્ય થયો ત્યાં સુધી જ્યુલીના કાનમાં એના શબ્દો પડઘાતા રહ્યાઃ એનું વેર વાળું નહીં ત્યાં સુધી તો નહીં જ....

અચાનક શીતળ હવા ફૂંકાવા લાગી હોય તેમ જ્યુલીએ થરથરાટી અનુભવી : કદાચ લગ્નના પ્રસ્તાવના જવાબમાં જયદેવ પણ આવું જ કાંઈક કહેશે તો ?

ચાર

જ્યુલી-પરિવાર સાથે ભોજન પતાવીને જયદેવ વિદાય લઈ લેવા માગતો હતો, પણ બધાએ અગાઉથી જ પાકું કરી રાખ્યું હોય તેમ 'આજે તો તમારે કેસીનોમાં અમારી સાથે આવવું જ પડશે.' એવા દુરાગ્રહને એણે વશ થવું પડ્યું. ખાસ કરીને જ્યુલીના પપ્પાએ સંભળાવ્યું કે, 'ભાઈસા'બ, ત્રણ રાતથી હું સતત હારતો રહ્યો છું, બેચાર હજાર ઓછા કરી નાખ્યા, હવે તમારા જેવા લકી માણસની કંપનીમાં રમું તો એટલિસ્ટ હારેલી રકમ પાછી મળી જાય... એટલા પૂરતું માન રાખો અમારું!' ત્યારે જુગારખાનામાં પગ નહીં મૂકવાની જીદ તેણે જતી કરવી પડી. અગાઉ વિદ્યાપતિએ તેને કેટકેટલીવાર સમજાવ્યું હતું, એક વાર તું અંદર આવીને જોઈ તો જા. તારા ટૂરિસ્ટો જુગારમાં ઓતપ્રોત થઈને જીતવા માટે કેવાં વલખાં મારે છે ! છતાં એણે દોસ્તનેય કદી નમતું જોખ્યું નહોતું.

આજના દિવસની શરૂઆત જ કોઈક અજબ રીતે થઈ હતી. સવારે સાવકી માએ વનવાસનું વચન માગી લીધું, સાંજે કુંવારી દેવીનાં દર્શનમાં પેલી છ વરસની બાળાના ચહેરામાં નાની બહેન રૂખીનો આભાસ જોયો અને અત્યારે જ્યુલીના પરિવાર સાથે ડિનર લેવામાં પરાયા માણસે પોતાના બની રહ્યા હોય એવી આત્મીયતા અનુભવી... હવે કોને ખબર, બાકીની રાત કેવી વીતશે ?

રાત્રે મોટર-સાઇકલ પર ઘેર પાછા ફરતી વખતે ઠંડી ન

લાગે એટલા ખાતર શાલ વીંટાળીને આવેલા જયદેવે બધાની સાથે કેસીનોમાં જેવો પ્રવેશ કર્યો કે બહારની ઠંડી બહાર જ રહી ગઈ. ઉંબરો ઓળંગતાં જ જાણે નાણાંની ગરમી લાગવા માંડી હોય એવું મહેસૂસ કર્યું. ભૂગર્ભમાં જતાં એક પછી એક પગથિયાં ઊતરતાં જયદેવની લગોલગ આવીને જ્યુલીએ ટકોર કરી : 'તમારાં શાસ્ત્રોમાં પાતાળલોકનું વર્ણન આવે છે એ કદાચ આવા જુગારખાના માટે જ હોવું જોઈએ.'

સાંભળીને જયદેવ હસ્યો : 'અમારાં શાસ્ત્રોનો આટલો બધો અભ્યાસ કરી નાખ્યો તમે ?'

'હા...' જ્યુલી કહેવા જતી હતી કે અભ્યાસ કરવાનું કારણ પણ આજે મધરાતે તમે જાણી જવાના !

પગથિયાં પૂરાં થયાં ત્યાં રોશનીથી ઝળહળતા કાઉન્ટર પર નાણાંની લેવડદેવડ માટે બેઠેલા કૅશિયરો દેખાયા. સામે એક પાટિયું વાંચવા મળ્યું : અહીં માત્ર ભારતીય ચલણમાં જ જુગાર રમી શકાય છે...જયદેવને એ વિચિત્ર લાગ્યું : ટૂરિસ્ટોને જુગારનું આકર્ષણ આપી નાણાં કમાવા કેસીનો ખોલનારે એ વાત પણ ધ્યાનમાં લીધી કે કોઈ નેપાલી આ લતમાં ફસાઈને પાયમાલ ન થઈ જાય !

ત્યાં તો જમણી તરફના ખૂણામાંથી રૂપાની ઘંટડી રણકતી હોય એવો અવાજ સંભળાયો. ઘણાના કાન ચમક્યા. જયદેવની નજર ત્યાં દોડી ગઈ. લાઇનબંધ રાખેલા વજનના કાંટા જેવા સ્લોટ મશીનમાંથી એક ખૂણાના મશીન સામે બાર-તેર વરસની છોકરી ઊભી હતી અને રણકતી ઘંટડી સાથે તેના મશીનમાંથી વરસતા સિક્કાનો ખણખણાટ સાંભળતી પોતાની ખુશનસીબીની ઉત્તેજના અનુભવતી હતી. કોઈને અવાજ સંભળાયો : 'બેબીને જૅકપોટ લાગ્યો.'

'ચાલો જય, આપણે સ્લોટ મશીનથી શરૂઆત કરીએ. જ્યુલીએ કાઉન્ટર પરથી પ્લાસ્ટિકનો વાટકો ભરીને સિક્કા ખરીદી લેતાં કહ્યું : 'નસીબ અજમાવવાની એ સૌથી સહેલી રીત છે.'

'સહેલી કે કઠિન, ન રમનારા માટે બધી જ રીત સરખી ગણાય.' જયદેવે બંધિયાર વાતાવરણમાં ગૂંગળામણ અનુભવી : 'હું

તો માત્ર આ પાતાળલોકનો પ્રેક્ષક છું.'

એટલી વારમાં જ્યુલીના પપ્પા અને અંકલે નોટો વટાવીને પ્લાસ્ટિકનાં ગોળ ચકરડાં લીધાં. પપ્પા એન્ડરસન રૂલેટના શોખીન હતા, તો માઇકલ અંકલ તીન પત્તીમાં દિલચસ્પી ધરાવતા હતા. જય અને જ્યુલીને એકલાં પાડી દેવા માગતાં ચારે વડીલો કેસીનોના મુખ્ય ખંડમાં રવાના થઈ ગયા. સિક્કા ભરેલા પ્લાસ્ટિકના વાટકા સાથે જ્યુલી લાઇનબંધ ગોઠવેલાં મશીનોમાંથી એકની સામે ગોઠવાઈ ગઈ ત્યારે જયદેવે તેની પાછળ ખેંચાવું પડ્યું. તેણે મનને મનાવી લીધુંઃ સાથ આપવા આવ્યો જ છું તો આઘા રહેવાનો શું અર્થ? માનવીના મનોરંજનની આ લીલા પણ નિહાળી લે જય, તારે હવે અહીં વધુ દિવસ ક્યાં રહેવાનું છે !

મશીનના કાણામાં સિક્કા સરકાવી જ્યુલીએ હૅન્ડલ ઘુમાવતાં સમજાવ્યું : 'હવે જોજો, આ કાચની પાછળ જુદી જુદી નિશાનીવાળાં ચકરડાં ફરે છે.' કહીને ફરી તેણે બીજો સિક્કો નાખી હૅન્ડલ ફેરવ્યું : 'આમાંથી એક જ લાઇનમાં એકસરખી ત્રણ નિશાનીઓ આવી જાય તો મશીન સિક્કાનો નાનો-મોટો વરસાદ વરસાવશે.'

જયદેવ સ્લોટ મશીનની કામગીરીથી વાકેફ હોવા છતાં અજાણ્યા રહીને સાંભળ્યા કર્યું. જ્યુલીની જેમ આસપાસનાં બીજાં મશીનો પર નસીબ અજમાવનારાઓ હૅન્ડલ ઘુમાવીને સિક્કાનો ધોધ છૂટવાની રાહ જોતા હતા. કોઈકનું મશીન થોડાક સિક્કા પાછા આપતું તો કોઈક મશીન દાનતચોર માણસની જેમ સિક્કા હજમ કરી જતું. રમનારા પણ નસીબ બદલવા માટે એકને છોડી બીજા મશીન પર ગોઠવાઈ જતાં. એક મહિલા પોતાના હાથે સિક્કા નખાવતી અને બાજુમાં ઊભેલા પતિને હૅન્ડલ ચલાવવાનું કહેતી. ઘણીવાર સુધી પૈસાનો વરસાદ ન વરસ્યો એટલે પત્નીએ છણકો કર્યો : તમે છો જ સાવ બુંધિયાળ, લાવો હું હૅન્ડલ ઘુમાવું.... એક સરદારજી જાણે મંદિરના આંગણે ઊભેલા પ્રત્યેક ભિખારીને દાન કરતા હોય તેમ દરેક મશીનમાં ચાર-પાંચ સિક્કા ઓરીને હૅન્ડલ ઘુમાવતો ફરતો રહેતો હતો.

'અહીં તો જુઓ જય !' જ્યુલીએ તેનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યું: 'હવે આ વચ્ચેની પટ્ટીમાં ત્રીજો સ્ટાર આવશે તો ત્રણસોનાં વરસાદ વરસી પડશે.' કહીને તેણે હૅન્ડલ ઘુમાવ્યું ત્યાં સાચે જ જોરદાર ઘંટડીના અવાજે અને રંગબેરંગી રોશનીના ઝબકારાએ સૌને ચમકાવી દીધાં. જ્યુલી સામેનું મશીન સિક્કા ઓકવા માંડ્યું. કેટલાક તો એ તરફ દોડી આવ્યા. પૈસાના ખણખણાટથી જ્યુલીના ચહેરા પર ઊપસતી ઉત્તેજનાએ જયને પણ ગેલમાં લાવી દીધો. કોઈકે ઊંચા અવાજે ખુશાલી વ્યક્ત કરી : 'આ છોકરીને સ્પેશિયલ એવોર્ડ લાગ્યો !' સિક્કા વરસતા બંધ થયા ત્યાં સુધી જ્યુલીએ મુઠ્ઠીઓ ભરીને મશીનમાંથી પૈસા ઉલેચતી રહી : 'જય, જોયું તમારી કંપનીનું ફળ !'

જવાબમાં જય મલક્યો : 'મને જશ નહીં આપો મિસ જ્યુલી, આ મશીનો કોઈને ફેવર કરતાં નથી. ઘણા બધાનું પડાવી લઈને થોડાકને પાછું આપવાની આ તો ચાલાકી છે !'

'એ મિસ્ટર !' પાછળથી કોઈકનો અવાજ સંભળાયો : 'તમે અમારા કેસીનોની પ્રમાણિકતા પર આરોપ લગાવો છો.'

બંનેએ પાછળ ફરીને જોયું તો વિદ્યાપતિ ખુશાલી વરસાવતો ઊભો હતો : 'એન્ડરસનસાહેબે કહ્યું કે તમે બંને અમારાં મશીનો લૂંટવાની પેરવીમાં એટલે આવકાર આપવા અને ગુડલક વિશ કરવા આવ્યો... પણ એ કામગીરી તો મારા પહેલાં અમારા આ ઉદાર સ્લોટ મશીને બજાવી લીધી. તમારી આ શુભ શરૂઆત જોતાં ડર લાગે છે કે સવાર સુધી આમ જ જીતતા રહેશો તો ફરીવાર...'

'મને તમે લોકો કેસીનોમાં આવવા નહીં દો એમ જ ને?' જ્યુલી અધવચ્ચે બોલી ઊઠી ત્યારે વિદ્યાપતિએ મરક મરક હસતાં કહ્યું : 'નહીં મિસ જ્યુલી, ફરીવાર તમને આવવા દઈશું, પણ આ અણીશુદ્ધ આદમીની સાથે નહીં !'

'એટલે તમે એમ માનો છો કે હું તમારા આ મિત્રની હાજરીને લીધે જીતી ગઈ ?'

'હું જ નહીં, તમે પણ એમ માનો છો.' વિદ્યાપતિએ લુચ્ચાઈભર્યાં સ્મિત સાથે કહ્યું : 'થોડીવાર પહેલાં તમે જ તો જયને

એવું કાંઈક કહી રહ્યાં હતાં.' ત્યારે જ્યુલી શરમાઈ ગઈ અને વિદ્યાપતિએ જયનો હાથ પકડી લીધો : 'ચાલ, તને અંદર લઈ જાઉં. પહેલી વાર તું મારા અડ્ડામાં આવ્યો એટલે મૅનેજર પાસેથી ખાસ અર્ધા કલાકની છુટ્ટી લઈ લીધી. અહીં અમારે ત્યાં આવતાં ભાતભાતનાં પાત્રો જોવાની તને મજા પડશે.'

'એટલે તમે એમને મારાથી વિખૂટા પાડી દેવા માગો છો?' જ્યુલીએ બીજા મશીન પર નસીબ અજમાવવાનું ચાલુ કરતાં કહ્યું: 'ઠીક છે. લઈ જાવ એમને.... હું એમના વગર પણ જીતવાનું ચાલુ રાખું છું કે નહીં એ જોજો !'

બનાવટી ગુસ્સો ઉછાળતી જ્યુલી તરફ જોઈ લઈને જયદેવ વિદ્યાપતિ સાથે જુગારના મુખ્ય ખંડમાં દાખલ થયો. પહેલી નજરે જ તેને વિદ્યાપતિની વાત સાચી લાગી. મોટો હૉલ જાતજાતના જુગારીઓથી ઊભરાતો હતો. મોટા ભાગના માણસો પોતપોતાની રમતમાં તલ્લીન બની ગયા હતા. કેટલાક નહીં રમનારા બીજાને રમતાં જોવામાં મશગૂલ દેખાતા હતા અને કેસીનોવાળા આ બધાને રમતમાં રણખાણ રાખવા ખડા પગે ફરજ બજાવતા હતા. વેઇટરો બીઅર, વ્હીસ્કી કે કોલ્ડ ડ્રિન્કસના ગ્લાસની ટ્રે લઈને અહીંથી ત્યાં સરકતા રહેતા હતા. હૉલના ઝાંખા પ્રકાશમાં ઘૂમરી ખાઈને ખોવાઈ જતા સિગારેટના ધુમાડાની જેમ ખિસ્સાં ખંખેરાઈ ગયેલા જુગારી ફરી વાર જીતવા આવવાનો ઇરાદો લઈને વિખરાઈ જતા અને એમની જગ્યાએ નવા ગોઠવાઈ જતા.

'કેવો છે માનવીઓનો આ મેળો ?' જયદેવે થોડીવાર નિરખી લીધું એટલે વિદ્યાપતિએ પૂછ્યું : 'શું લાગે છે તને ?'

'મેળો નહીં શંભુમેળો.' જયની ઝડપભેર ફરતી નજર સામેથી એક પછી એક ચહેરા ઊપસીને ભૂંસાઈ જતા હતા. બે જાપાની પુરુષોની વચ્ચે ઊભેલી સ્ત્રી, સરદારજીની પડખે રમતા પારસીબાવા, સિગારેટ પીતી-હાથમાં પ્લાસ્ટિકનાં ચકરડાંની થપ્પી પકડીને બેઠેલી અમેરિકન યુવતી, સ્થૂળ મારવાડીની પાછળ ઊભેલી દૂબળી બંગાલણ... ચામડીના રંગ જુદા, પોષાકની પદ્ધતિ અલગ, ભાષા ભિન્ન ભિન્ન, ચહેરાના હાવભાવ પણ વિવિધ... છતાં બધાંની

મનોવૃત્તિ તો એક જ : અહીંથી જીતીને જ જવું છે !

'વિધુ, અહીં આવનારા દરેક જણ જાણતો હોય છે કે જુગારમાં થોડાક જ જીતીને જાય છે.' જયદેવની જિજ્ઞાસા જાગ્રત થઈ: 'છતાં ફરી ફરીને રમવા શું કામ આવતા હશે ?'

'જુગારી માનસ, જયુ ! જે થોડાક જીતીને જાય છે એમાં પોતે એક કેમ નહીં હોય ? એવી દલીલ કરીને દરેક રમવા લલચાય છે. એક વાર હારીને જાય તો બીજીવાર કેમ નહીં જીતું એવા પ્રલોભનથી ફરીને ખેંચાઈ આવે છે. બસ, પછી તો હાર-જીતના હિસાબ કરતાંય વધુ પ્રબળ બની જાય છે જુગારનો ચસ્કો.'

જયદેવે જુદી જુદી રમતનાં ટેબલો પર નજર ફેરવીને દરેકનાં નામ વાંચ્યાં : બ્લૅક જૅક, પોન્ટુન, ક્રેપ્સ, ફલશ, બેકારેટ, પોકર, રૂલેટ... મોટા ભાગની રમત ગંજીપાનાં પત્તાં પર રમાતી હતી. પરંતુ મોટી સંખ્યામાં રમનારા રૂલેટના ટેબલ પર દેખાતા હતા, જેમાં ગંજીપાને બદલે ચકરડામાં ફરતો પ્લાસ્ટિકનો લખોટો હાર-જીત નક્કી કરી આપતો હતો.

'વિધુ, આમાં સૌથી ઝડપી રમત કઈ ?'

જયદેવનો વધતો જતો રસ જોઈને વિદ્યાપતિએ અચરજ અનુભવતાં સમજાવ્યું : 'ઝડપી કે ધીમી, રમતનો આધાર આમ તો રમનારા પર છે, છતાં તીન પત્તીની અને આ ચકરડાવાળી રૂલેટની રમત હાર-જીત માટે બહુ ઝડપી કહેવાય.'

'ઝડપી એટલે કેટલી હાર-જીત...' જયદેવ આ પ્રશ્ન પૂરો કરે એ પહેલાં કાળું પેન્ટ, સફેદ શર્ટ અને કૉલરમાં લગાડેલી કાળી બો-ટાઇના યુનિફૉર્મવાળા કેસીનોના એક માણસે વિદ્યાપતિની નજીક સરકી આવીને તેના કાનમાં ફૂંક મારી. તેના પ્રત્યાઘાતરૂપે વિદ્યાપતિના ચહેરા પર ક્ષણિક અસ્વસ્થતા ઊપસાતી દેખાઈ.

'ઠીક છે, થોડી વાર ચૂપચાપ ચાલવા દે. પછી હું સંભાળી લઈશ.'

'શું બાબત છે વિધુ ?' પેલો માણસ દૂર ગયો એટલે જયથી પૂછાઈ ગયું : 'મારા કારણે તારી ડ્યૂટીમાં ખલેલ પડતી હોય તો...'

'એવું નથી.' આજુબાજુ જોઈ લેતાં વિદ્યાપતિએ ધીમેથી કહ્યું:

'એ કહેવા આવ્યો હતો કે એક-બે નેપાલી જુગાર રમવા બેસી ગયા છે.'

'તો હવે ?'

'હવે શું ? થોડીવાર પછી હું એમને ઓળખી કાઢીશ. હળવેકથી એને ખભે હાથ મૂકીને બહાર નીકળી જવાની ઇશારત કરીશ એટલે ગુનેગારની જેમ ઊભા થઈને એ ચાલતી પકડશે.' કહીને તેણે ઉમેર્યું : 'જય, નેપાલી નાગરિકોને અહીં રમવાની મનાઈ છે ખરી, પણ બૅન્કના ઑફિસર કે એલચીખાતામાં કામ કરતા નેપાલી સાહેબોને ખાસ છૂટ આપવામાં આવી છે, એટલે માત્ર નેપાલી ચહેરો જોઈને ઉઠાડી ન દેવાય... કોઈક વાર ચોરીછૂપીથી રમવા બેસી ગયેલો નેપાલી અનાડી નીકળે તો કળથી કામ લેવું પડે. સમજાવી-પટાવીને બહાર કાઢવો પડે. બોલાચાલી કે ગરમા-ગરમી થાય તો બીજા રમનારા અપસેટ થઈ જાય.'

સાંભળીને જયદેવ ઝડપભેર હૉલમાં નજર દોડાવવા લાગ્યો. કદાચ આવો કોઈક નેપાલી પોતાની આંખે ચડી જશે... પણ તેને તો રૂલેટ ટેબલ પર જ્યુલીના પપ્પા, મમ્મી અને આન્ટી દેખાયાં. ફલશના ટેબલ પર જ્યુલીના માઇકલ અંકલ ત્રણ પત્તાં જોઈને ચાલ ચાલતા જોવા મળ્યા. સાંજે પોતે જેને કુંવારી દેવીના દર્શને લઈ ગયો હતો એ મારવાડી રમીમાં મશગૂલ હતો, તો કલકત્તાની ગુજરાતણ પાસાં ફેંકવાના દાવમાં નસીબ અજમાવતી હતી....તે એક પણ નેપાલી ચહેરો શોધી શક્યો નહીં ત્યારે વિદ્યાપતિને એની ચેષ્ટા પર હસવું આવી ગયું : 'જયુ, એટલી સહેલાઈથી એને તારી આંખો પકડી નહીં શકે. છુપાઈને રમનારા તો ઊંધું ઘાલીને બેઠા હોય છે....ચાલ, આપણે જરા આગળ વધતા જઈએ.'

વાતાવરણમાં ઘુમરાતા ધુમાડાને હવામાં હાથ હલાવી આઘાપાછા કરતો જય તેની પાછળ સરકતો ગયો. અચાનક એણે વિદ્યાપતિનો ખભો દાબ્યો. રૂલેટના ટેબલ પર દાવ ખેલતા આધેડ વયના આદમીની પીઠ તરફ ઇશારત કરી : 'વિધુ, મને તો એ જ નેપાલી લાગે છે, ચહેરો સંતાડવા માટે જ એણે તમારા કેસીનોના આવા બફારા વચ્ચે મોઢું મફલરથી ઢાંકી દીધું હશે.'

વિદ્યાપતિને હસવું આવ્યું : 'તારી ધારણા મુજબનો એ નેપાલી નથી. હા, તેનો ચહેરો અને દેખાવ જોઈને તું માની શકીશ નહીં કે અમારા અડ્ડાનો અઠંગ ખેલાડી છે. સુતરાઉ કાપડનું ચોળાએલું ખમીશ, કૉલરના ખૂણા ફાટેલા, બે દિવસનું મેલું ધોતિયું અને પગમાં સસ્તાં ચંપલ....એ જો બહાર હોટેલના ગેટ પર મળ્યો હોય તો મજૂર માનીને એને આપણે સામાન ઉપાડવા આપી દઈએ. કોઈક પરદેશી કદાચ ભિખારી માનીને ભૂલથી ભીખ પણ આપી દે. પરંતુ હૈદ્રાબાદના નિઝામ જેવો એ કંજૂસ જુગારમાં પાંચ-પચીસ હજારની હેરાફેરી કરી જાય છે.'

'આ માણસ ?' જયદેવના માનવામાં આવતું ન હોય તેમ એને તાકી રહ્યો : 'દેખાવ પરથી તો સાચે જ દરિદ્રી લાગે છે !'

'તો હવે એની બાજુમાં રમતા પેલા કાશ્મીરીને જો' વિદ્યાપતિએ તેને બીજો ખેલાડી દેખાડ્યો. એ ઉંમરમાં મોટો હતો, પોશાક સાધારણ હતો પણ તેના કબજામાં પડેલી પ્લાસ્ટિકનાં ચકરડાંની ત્રણ ચાર થોકડી જોતાં માલદાર લાગતો હતો.

'આ બુઢ્ઢાની જુવાન રૂપાળી બૈરી કાઠમંડુની હોટેલમાં સફાઈકામ કરે છે. હોટેલનો પગાર તો ઘરખર્ચ પૂરતો માંડ મળતો હશે પણ પ્રવાસીઓ બહુ મોટી બક્ષિસ આપતા જાય છે અને એ બધી બક્ષિસ તેનો આ ધણી અહીં રૂલેટના ચકરડા પર ચડાવી દે છે !'

જયદેવથી નિઃસાસો નંખાઈ ગયો. કહેવા જતો હતો : આપણી દેવભૂમિમાં આ જુગારખાનું નાખીને પાપનો ધંધો શું કામ ચાલુ કર્યો ?

ત્યાં તો ફલશના ટેબલ પર તીનપત્તી રમતા એક દાઢીવાળા હૃષ્ટપુષ્ટ ખેલાડીએ વિદ્યાપતિને હાંક મારી નજીક બોલાવી લીધો એટલે જયદેવે પણ તેની સાથે આગળ વધવું પડ્યું. ફલશના છ જુગારીમાંથી બે તો જુવાન છોકરીઓ હતી. એક સિગારેટ ફૂંકતી હતી તો બીજીના હાથમાં વ્હીસ્કીનો ગ્લાસ હતો. જયદેવ જાણતો હતો કે એ બંને છોકરીઓ કેસીનોની પગારદાર હતી અને બીજા ખેલાડીઓને સાથ આપવા જ રમતી હતી. જ્યુલીના માઇકલ અંકલ રમવામાં એટલા ઓતપ્રોત બની ગયેલા કે જય સામે ઊભો હોવા

છતાં ધ્યાન ખેંચાયું નહીં.

'ભાઈ વિદ્યાપતિ, હું અત્યારે ચાર-પાંચ હજારની જીતમાં છું.' પેલા હૃષ્ટપુષ્ટ ખેલાડીએ નીચે ઝૂકેલા વિદ્યાપતિના કાનમાં કહ્યું: 'બે કલાકમાં બીજા બે-પાંચ જીતી લઉં પછી નીકળી જવું છે. ત્યારે તું મને અહીંથી ઉઠાડી દેવાનો ઉપકાર કરજે ભાઈસા'બ !'

તેની વિનંતી પર મલકીને કાંડાઘડિયાળમાં જોતાં વિદ્યાપતિએ કહ્યું : 'ભલે, અત્યારે સવા અગિયાર થયા છે. હું સવા વાગે તમને યાદ કરાવવા આવીશ, ત્યારે ઊઠવું ન ઊઠવું તમારી મરજી.'

'દસ હજાર થાય એટલે ચોક્કસ ઊઠી જવું છે.' કહીને પેલો રમતમાં ગૂંથાઈ ગયો. વિદ્યાપતિ જયદેવને હાથ પકડી આગળ લઈ ગયો.

'આ નમૂનો પણ કમાલ છે !' તેણે એનો કિસ્સો કહી સંભળાવ્યો : 'મેઇન બજારમાં એ શેઠિયાની ઇમ્પોર્ટેડ માલની મોટી દુકાન ચાલે છે. અઠવાડિયે બે-ત્રણ રાત અચૂક રમવા આવે. થોડા દિવસ પહેલાં આવી જ રીતે એ જીતતા હતા. નવ વાગ્યાથી રમવાનું શરૂ કર્યું. એકાદ કલાક અહીં રમે અને જીતે એટલે બીજા ટેબલ પર બીજી રમતમાં બેસે. ત્યાં પણ જીતે એટલે ત્રીજું ટેબલ પકડે. ફ્લેટની રમતમાં તો જીતનો આંકડો એક લાખ ત્રીસ હજારે પહોંચી ગયો...'

'અને પછી એ હારવા માંડ્યો એમ જ ને ?' જયદેવે અનુમાન કરીને કિસ્સા પર પૂર્ણવિરામ મૂકવાની ચેષ્ટા કરી, પણ વિદ્યાપતિને એ ખટક્યું : 'પૂરું સાંભળતો ખરો. ઘણું જીત્યા. મેં કહ્યું: 'ઘેર જઈને માલ તિજોરીમાં મૂકી દો...' ત્યારે એણે જીતના નશામાં સંભળાવ્યું : 'અરે આજ તો હું તારો આખો કેસીનો ખરીદી લઉં એટલું જીતી જવા માગું છું... મેં બહુ વાર્યો હોય તેમ માંડ ઊભો થયો: હું બહુ જીતું છું એ તમને લોકોને આકરું લાગે છે. ઠીક છે, કાલે ફરી પાછો આવું છું...'

'પછી ?'

'એ જીતીને ઘરભેગો થયો એટલે હું મનમાં રાજી થયો: ઘણા વખતે એને આવો દાવ લાગ્યો. ડાહ્યા થઈને ગયો એ સારું થયું પણ... જય, હજી તો સાડાત્રણ વાગ્યા નહોતા ત્યાં એ પાછો

આવી ચડ્યાં. આવીને મને કહે, ઘેર ઊંઘ ન આવી. હવે તો તમે લોકો ના પાડશો તોય હું રમવાનો અને જિતાય એટલું જીતીને સવારે જ અહીંથી ઊઠવાનો.'

આટલું કહીને વિદ્યાપતિ જરા વાર અટક્યો. જયદેવની આંખોમાં જિજ્ઞાસા સળવળી ઊઠી એટલે કિસ્સાનો અંત કહેવા માંડ્યો : 'એ બે કલાક બહાર જઈને પાછો આવ્યો ત્યારે નસીબ પણ બહાર જ મૂકતો આવ્યો હોય તેમ હારવા લાગ્યો. ચાર વાગે બીજી બધી રમતો બંધ થઈ એટલે ફલશના ટેબલ પર તીન પત્તીમાં ઝુકાવ્યું. બેફામ બ્લાઇન્ડ રમવા માંડ્યો અને બેફામ હારતો રહ્યો. સવારે સાત વાગે જીતેલા એક લાખ ત્રીસ હજાર ઉપરાંત પોતાના ખિસ્સાંના બાવીસ હજાર પણ હારી ગયો... છતાં ઊઠવાનું નામ ન લે. કેસીનો પાસેથી દસ હજાર ઉછીના માગ્યા. એના જેવા સદ્ધર ઘરાકને કેસીનો ઉછીના પૈસા આપે છે, પણ મૅનેજરે એક શરત કરી : 'તમે આ દસ હજાર હારી જાવ તો બીજા વધારે નહીં માગતા....' અને સાચે જ એ દસ હજારનું દેવું કરીને સવારે સવા આઠ વાગે બહાર નીકળ્યો !'

કિસ્સો સાંભળીને જયદેવ પેલા ખેલાડીને કુતૂહલથી જોવા લાગ્યો એટલે વિદ્યાપતિએ ઉમેર્યું : 'હવે આજે કહે છે કે દસ હજાર જીતી લઉં એટલે મને ઉઠાડી દેજો.'

જયદેવ કાંઈક પૂછવા જતો હતો ત્યાં પાછળથી તેના ખભા પર હાથ પડ્યો : 'ક્યાં છો તમે ?'

ડોક ફેરવીને જોયું તો એન્ડરસનસાહેબ બીજા હાથમાં પ્લાસ્ટિકના લીલા રંગનાં ચકરડાં બતાવતાં બોલી ઊઠ્યા : 'હવે આટલા જ ચિપ્સ બચ્યા છે. લકીમેન, થોડીવાર બાજુમાં ઊભા રહો તો બે-ચાર દાવ લાગી જાય.'

વિદ્યાપતિએ પણ એમને ટેકો આપ્યો : 'જય, તું જરા એમને કંપની આપ. એટલીવારમાં હું પેલા ઘૂસણખોર નેપાલીઓને શોધી કાઢું.' કહેતો એ તેની ડ્યૂટી પર લાગી ગયો.

એન્ડરસન હાથ પકડી જયને રૂલેટ ટેબલ તરફ દોરી ગયા. સૌથી વધુ ભીડ આ રમત પર જામી હતી. ટેબલ ફરતે ગોઠવેલી

ખુરશીઓ ઓછી પડતી હોય તેમ બે ખુરશી વચ્ચે કે પાછળ ઊભા રહીનેય ખેલાડીઓ દાવ ખેલતા હતા. મખમલી સપાટીનાં બે લાંબાં ટેબલ પર ૧ થી ૩૬ના આંકડા ચીતરેલા હતા. ઉપરાંત એક અને બે શૂન્યનાં ખાનાં મળી ૩૮ આંકડામાંથી ગમે તે અને ગમે એટલા આંકડા પર પ્લાસ્ટિકના ચિપ્સ મૂકીને દાવ ખેલી શકાય એવી જોગવાઈ હતી. બંને ટેબલ વચ્ચેનું રૂલેટનું ચકરડું ફરવા લાગે એટલે ખેલાડીઓ પોતાના મનગમતા આંકડા પર દાવ લગાડવા પ્લાસ્ટિકના ચિપ્સ મૂકવા માંડે. થોડો સમય જાય એટલે ફરતાં ચકરડાં પર પ્લાસ્ટિકના નાનકડા લખોટાને ઘૂમતો કરી દે. લખોટો આપમેળે જે નંબરના ખાનામાં પડે એના પર જેણે દાવ લગાડ્યો હોય તેને ૧ના ૩૫ ગણા મળે અને બાકીના બધાના પૈસા કેસીનોવાળા ઉપાડી જાય. જયદેવે જોયું તો કેટલાક ખેલાડી દાવ લાગેલો નંબર કાગળ પર નોંધી લઈ હવે પછી કયો નંબર લાગશે એનું ગણિત માંડીને રમતા હતા!

ત્યાં ભીડમાં ઊભેલા જયદેવને પાછળથી કોઈનો ધક્કો લાગ્યો એટલે એણે જરા ખસવું પડ્યું. એમ કરવા જતાં બાજુની ખુરશીમાં ઊનની વાંદરાટોપી પહેરી ઊંધું ઘાલીને બેઠેલા ખેલાડીના પગ પર તેનો બૂટ ચંપાયો. પેલાએ ઊંહકારા સાથે ડોક ઊંચી કરી: 'જરા જુઓ તો ખરા !'

પણ જયદેવે તેની સામે જોયું ત્યારે બંને હેબતાઈ ગયા. બે-ચાર પળ પૂરતી બંનેની આંખો મળી. પેલાના ચહેરા પરથી લોહી ઊડી ગયું. જયદેવને આંખોમાં પીડા ઊપસી આવી : 'કપિલ તું ?'

'મોટાભાઈ !' હાથ પકડી લઈ જયદેવને પોતાની જ ખુરશીમાં પડખે બેસાડી કપિલે કંપતા ધીમા સ્વરે કહ્યું : 'જો જો, કોઈને ખબર ન પડી જાય, નહીંતર બેઇજ્જતી સાથે મને કાઢી મૂકશે.'

'પણ તું અહીંયાં...'

'ક્યારેક આવું છું.' કપિલે વાંદરાટોપીને છેક આંખ સુધી નીચે ઉતારી ડોક નીચી રાખીને જ કહ્યું : 'હમણાં જ છાનોમાનો ચાલ્યો જઈશ.'

'તને એટલોય વિચાર ન આવ્યો કે તું રાજપુરોહિતનો પુત્ર છો, ભવિષ્યમાં તારે એમની ગાદી શોભાવવાની છે.'

'એ માટે તો તમે છોને....' કપિલના અવાજમાં ભયનો કંપ હતો. ગરમ ટોપી હેઠળ ઢંકાયેલા કપાળે ગભરાટને કારણે પરસેવો નીતરવા લાગ્યો : 'મારામાં રાજપુરોહિત બનવાની લાયકાત પણ ક્યાં છે !'

'લાયકાત કેળવવી પડે છે કપિલ !' જયદેવ નાનાભાઈને ઉપદેશ આપવા ઇચ્છતો હતો પણ સમય અને વાતાવરણ અનુકૂળ ક્યાં હતાં ? છેલ્લો દાવ રમી નાખવા માટે બાકી વધેલા સિક્કા ધ્રૂજતા હાથે બે-ચાર આંકડા પર ગોઠવતા કપિલને એ એટલું જ કહી શક્યો : 'તારા નસીબમાં રાજગાદી લખાઈ ચૂકી છે ભાઈ ! જુગારનાં આ ચકરડાં કરતાં કાળનું ચક્ર વધુ ચમત્કારિક હોય છે.'

પણ કપિલ તો નીચી ડોકે અને ત્રાંસી આંખે રૂલેટના ચક્કરમાં ઘુમરાતા પ્લાસ્ટિકના લખોટાનું ધ્યાન ધરીને બેઠો હતો. મોટાભાઈએ પોતાની ચોરી પકડી પાડી એનો ભય અને બીજા કોઈકની નજરે ચડી જવાના ગભરાટ વચ્ચે પણ એ છેલ્લો દાવ જીતી લેવાની લાલચમાં લપેટાયો હતો.

'જુગાર રમવાના પૈસા તું ક્યાંથી લાવે છે કપિલ ?'

તેનો પેલાએ જવાબ ન વાળ્યો ત્યારે જયથી બોલાઈ જવાયું : 'કેસીનોવાળાને જાણ થઈ ગઈ છે કે તારા જેવા એક-બે નેપાલી રમવા બેસી ગયા છે. કપિલ, પેલો સુપરવાઇઝર શંકાશીલ નજરે તને જોઈ રહ્યો છે.'

સાંભળીને કપિલના શરીરમાં ધ્રુજારી વ્યાપી ગઈ. લખોટો ૩ નંબરના ખાનામાં ગબડી પડ્યો ત્યારે દાવ હારી ચૂકેલો કપિલ મોટાભાઈ સામે દયા યાચતી નજરે નિહાળતો, પરસેવો લૂછવાને બહાને ચહેરો રૂમાલથી છુપાવતો ખુરસીમાંથી સરકીને ભીડ વચ્ચેથી રસ્તો કરી સડસડાટ બહાર નીકળી ગયો. તેને જતો જોઈ રહેલા જયદેવથી નિસાસો નંખાઈ ગયો : નક્કી એણે ઘરમાંથી પૈસા ચોર્યા હશે...

'અરે મિસ્ટર, તમે ક્યાં ગુમ થઈ ગયા હતા ?' ખભા પર ઝળૂંબતી જ્યુલીએ ટહુકો કર્યો ત્યારે જયદેવે જુગારના વાતાવરણ

માટે સજાગ બની જવું પડ્યું : 'જય, પેલાં મશીનો તો મહા મતલબી નીકળ્યાં ! મારા બધા પૈસા પચાવી ગયાં.'

જયદેવે તેને માટે બેસવાની જગ્યા કરી આપી પણ જ્યુલી ઊભાં ઊભાં જ રૂલેટ રમવાના મૂડમાં હતી : 'હવે જોઈએ, તમારો સાથ મને અહીં કેવોક ફળે છે.' કહીને તેણે સો રૂપિયાની નોટ વટાવી પ્લાસ્ટિકના સિક્કા લીધા. પછી પપ્પાની પ્લાસ્ટિકની મૂડી પર નજર જતાં કહ્યું : 'તમે પણ મારી જેમ હારતા લાગો છો પપ્પા !'

'કાંઈ વાંધો નહીં ડાર્લિંગ ડોટર, જુગારમાં હારનાર પ્રણયની બાજી જીતી જાય છે.'

ત્યારે જ્યુલીએ મલકીને જય સામે જોયું પણ એના નિર્લેપ ચહેરાએ કોઈ પડઘો પાડ્યો નહીં.

'તમે નસીબમાં તો માનો છો ને જય ?' જ્યુલીએ તેને બોલતો કરવા પૂછ્યું, પણ જયદેવે હકારમાં જ ડોક હલાવીને જવાબ આપ્યો ત્યારે જ્યુલીએ ઉમેર્યું : 'તો પછી જુગાર પણ નસીબની જ રમત છે. બોલો ક્યા નંબર પર રમું ?'

'તમારા મનમાં જે નંબર સ્ફૂરી આવે તે.' જયનો જવાબ સાંભળી થોડી નિરાશ થયેલી જ્યુલીએ બે-ચાર નંબર પર ચિપ્સ ગોઠવી દીધા. રૂલેટનું ચક્કર ઘૂમતું ગયું, લખોટો લકી નંબરનો ખાનામાં ગબડતો ગયો, લોકો દાવ રમતાં ગયા અને જય નીરસપણે એ જોતો રહ્યો.

'તમે બોર થઈ ગયાને જય ?' જ્યુલીએ ફરી તેને સજાગ કર્યો: 'બસ, હવે આ દસ રૂપિયાનો એક જ ચિપ્સ બચ્યો છે. છેલ્લો દાવ લગાવી દઉં. કહો જોઈએ, તમારો ફેવરિટ આંકડો કયો છે ?'

'ગણિતમાં દરેક આંકડાનું સ્થાન મહત્ત્વનું હોય છે.' એણે હસીને જવાબ ઉડાવી દીધો : 'રમી નાખો મન ફાવે તેના પર !'

પણ જ્યુલી સહેલાઈથી પીછો છોડવા માગતી નહોતી. તેના મગજમાં ઝબકારો થયો. ગુલાબી ગાલ પર ખંજનના ગલ દેખાયા. જયના કાન નજીક હોઠ લઈ જઈને તેણે પૂછી લીધું : 'બાય ધ વે, તમારી ઉંમર કેટલી છે એ તો કહો !'

'છવ્વીસ !' અસાવધ જયથી આંકડો કહેવાઈ ગયો અને લુચ્ચું હસતી જ્યુલીએ ૨૬ નંબર પર દસ રૂપિયાનો સિક્કો લગાવી દીધો. જ્યુલીની ચાલાકી પર જયને હસવું આવી ગયું : જુગાર રમનારાઓ ક્યારેક કેટલા બધા બાલિશ બની જાય છે !

પણ ચકરડામાં ફરતા પ્લાસ્ટિકના લખોટાએ તેને ભોંઠો પાડી દીધો. 'નંબર ટ્વેન્ટી સિક્સ !' સાંભળીને ઉત્તેજનામાં આવી ગયેલી જ્યુલીએ બંને હાથ હવામાં ઉછાળી ઊંચા અવાજે ચિત્કાર કર્યો : 'હું જીતી ગઈ... જય, તમે આપેલો નંબર લકી નીકળ્યો !'

જ્યુલીની એ ચેષ્ટાએ આસપાસના સૌનું ધ્યાન એના તરફ ખેંચ્યું ત્યારે જય હેબતાઈ ગયા જેવો થઈ ગયો : એક દાવ લાગ્યો તેમાં એ આટલી બધી ઉત્તેજિત શું કામ થઈ ગઈ ? દસ રૂપિયાના બદલામાં સાડા ત્રણસો જીતી જવાનો આટલો બધો આનંદ !

પણ જ્યુલીની બીજી ચેષ્ટાએ તેને ફરી ખોટો પાડ્યો. વધાઈ આપવા આવેલા વિદ્યાપતિના હાથમાં જીતના સાડા ત્રણસો રૂપિયા સોંપી દેતાં જ્યુલીએ કહ્યું : 'મારા તરફથી કેસીનોના સ્ટાફને સપ્રેમ ભેટ આપી દેજો... જીતી ગઈ હોવા છતાં મારે અહીંથી જીતીને નથી જવું !'

આજુબાજુના બધા તેને અચરજથી જોઈ રહ્યા. સાડાત્રણ સો રૂપિયાની રકમ બહુ મોટી નહોતી પણ જીતીને નહીં જવાનું જ્યુલીનું કથન કોઈની સમજમાં આવ્યું નહીં... આ અંગે કોઈ પૂછે એ પહેલાં ત્યાંથી છટકી જવા માગતી હોય તેમ જ્યુલીએ પડખે ઊભેલા જયદેવનું કાંડું પકડી લીધું : 'ચાલો, આપણે બહાર ખુલ્લી હવામાં સરકી જઈએ.'

ન તો જયદેવ પોતાનું કાંડું છોડાવી શક્યો કે ન તેની પાછળ ખેંચવાની આનાકાની કરી શક્યો. ગેલમાં આવી ગયેલી જ્યુલીને જયદેવ સાથે જતો જોઈ રહેલા પપ્પા એન્ડરસને મનોમન પુત્રી માટે શુભેચ્છા ઉચ્ચારી : 'ગુડલક માય ડૉટર !'

'બિરાજો !' બંને હાથે જયદેવના ખભા પર ભાર દઈ જ્યુલીએ તેને પલંગ પર બેસાડી દીધો અને પોતે હાંફતી હાંફતી તેની સામે ઊભી રહી. ઘૂરી ચડી આવી હોય તેમ પોતાને ખેંચતી, નીચે કાઉન્ટર પરથી રૂમની ચાવી માગી, લિફ્ટનું બટન દબાવી, રૂમમાં લઈ આવીને બારણું બંધ કરીને સામે હાંફતી, હસતી અને વિચિત્ર હાવભાવથી પોતાને નીરખી

રહેલી જ્યુલીનું સ્વરૂપ પહેલીવાર જયદેવને સાવ નિરાળું લાગ્યું. શાન્ત વહેતી નદી અચાનક પૂરથી ઊભરાઈ ઊઠે, ગાંડીતૂર બનીને દોટ મૂકે...

'જય, અત્યારે હું તને પાગલ જેવી લાગતી હોઈશ...'

પહેલીવાર જ્યુલીના સંબોધનમાં તેને તુંકારો સાંભળવા મળ્યો, અંગ્રેજીમાં 'યુ'નો અર્થ તો તમે જ થાય, પણ આત્મીયતાભર્યા ઉચ્ચાર દ્વારા તેણે તુંકારાનો સંકેત આપ્યો હતો : 'તને થાય છે ને કે હું આ રીતે, આવા સમયે તને અહીં શું કામ ખેંચી લાવી ?'

આશ્ચર્ય અને આશંકાના ભાવથી જોઈ રહેલા જયદેવને કોઈ જવાબ ન જડ્યો ત્યારે ઊંડો શ્વાસ છોડતી જ્યુલીએ જ બોલવાનું ચાલુ રાખ્યું :

'જય, તને કયારેક વિચાર આવ્યો ખરો કે બે વર્ષ અગાઉ આવી ગયેલી આ છોકરી ફરી અહીં શું કામ આવી ? તને ખબર છે કે અમારા ઑસ્ટ્રિયામાં અહીંના જેવા જ પહાડો છે... આવું જ આહ્લાદક પ્રકૃતિસૌન્દર્ય અમારે આંગણે નિહાળવા મળે છે... બે વર્ષથી હું તારી સાથે પત્રવહેવાર દ્વારા સંપર્ક રહી, તારા ધર્મગ્રંથોનો અભ્યાસ કરતી રહી, તારા જીવનમાં રસ લેતી રહી, તારા સહવાસને ઝંખતી રહી અને વિખૂટા પડેલાં મારા માતાપિતાને અહીં નેપાલ તારી પાસે લઈ આવી... શું કામ જયદેવ ?'

એકીશ્વાસે બોલતી જ્યુલીના ચહેરા પર લાલાશ ઊપસતી જતી હતી : 'તું જાણે છે, સમજે છે, છતાં અજાણ રહીને શું કામ મારી પાસે પહેલ કરાવે છે જય ? બે વર્ષ પહેલાં જ હું તો તને મારા હૃદયમાં દેવ તરીકે સ્થાપી ચૂકી હતી...'

'જ્યુ...લી!' જય તેને અટકાવવા માગતો હોય એમ અધીરાઈભેર કાંઈક કહેવા જતો હતો, પણ જ્યુલીએ હાથ આડો ધરી દીધો:

'મને બોલી લેવા દે જય ! મેં બધા જ પ્રતિકૂળ સંજોગોનો પૂરેપૂરો વિચાર કરી લીધો છે... મનને આ માર્ગેથી વાળવા માટે ઘણું વારી જોયું પણ હું ફાવી નહીં. જય... માત્ર તારા પ્રત્યે જ નહીં, તારી આ ભૂમિ અને તારી જીવનદ્રષ્ટિ, તારા દેવી-દેવતા અને તારા

ધર્મશાસ્ત્રો, તારા સંસ્કાર અને તારો સંયમ એ બધા જ પ્રત્યે મારા અંતરમાં પ્યાર પ્રગટયો છે, જય...'

બોલતાં બોલતાં જ્યુલી ગળગળી થતી ગઈ અને જય વધુ ને વધુ વિહ્‌વળ બનતો ગયો :

'હું મારો દેશ, મારો ધર્મ, મારો પહેરવેશ અને મારો સમાજ બધું જ છોડી દેવાનો સંકલ્પ કરીને આવી છું. જય ! મને માત્ર તારા સહવાસની જ નહીં, તારા આ પહાડો અને મંદિરોનીય માયા લાગી છે. તારી જ બનીને હું અહીં જીવવા માગું છું અને તારી જ થઈને હું અહીંના ઘાટ પર ચિતાએ ચઢી જવા ચાહું છું જય !' છેલ્લા શબ્દો ઉત્કટ લાગીના ઊભરા સાથે એ માંડમાંડ ઉચ્ચારી શકી : 'જેવી છે તેવી આ જ્યુલીનો સ્વીકાર કરી લેજો મારા જય... દેવ !'

અચાનક વાવાઝોડું ત્રાટકી પડ્યું હોય એમ જય હચમચી ઊઠ્યો. સામે ઊભેલી વિદેશી યુવતી આજે તેનું સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર થઈ છે ત્યારે પોતે દિશાહીનની જેમ તેને તાકી રહ્યો છે. સવારે આવી જ રીતે સામે ઊભેલી ઓરમાન માએ વચન માગી લીધું હતું : આ ભૂમિ ત્યજીને વનવાસ લેવાનું... અને અત્યારે આ જ્યુલી માગી રહી છે : આ જ ભૂમિમાં સહજીવન ! સવારે એક સ્ત્રીએ તેનું સર્વસ્વ લૂંટી લીધું હતું અને અત્યારે બીજી નારી તેના પર સર્વસ્વ ન્યોચ્છાવર કરવા તૈયાર થઈ છે !

વેદનાથી વલોતા હૃદયે જયદેવ જ્યુલી સામે જોતો રહ્યો ત્યારે સવારે દબાવી રાખેલા બાકીના આંસુ આંખોમાં ઊભરાવા લાગ્યાં. જ્યુલીને થયું કે સ્વયંભૂ સ્તૂપના બુદ્ધની બે આંખોમાંથી જાણે કરુણા વરસી રહી છે. આ અશ્રુ રુદનના નહીં, વરદાનનાં જ હોઈ શકે...

આંસુ થંભી જતાં જયના હોઠ ફફડ્યા. આકાર લેતા એ શબ્દો સાંભળવા માટે જ્યુલીનું સમગ્ર ચિત્તતંત્ર ઝણઝણી ઊઠ્યું. ત્યાં–

બારણે ટકોરા પડ્યા, ડોરબેલ રણકી, સાદ સંભળાયા : 'જ્યુલી... જ્યુલી.... ખોલ ! જલદી દરવાજા ઉઘાડ.'

ક્ષણભર માટે એકબીજા સામે જોતાં બંને હેબતાઈ ગયાં. પપ્પા-મમ્મીના અધીરા અવાજે જ્યુલીને ચોંકાવી અને જયદેવને સજાગ

બનાવી દીધો. જ્યુલીએ દરવાજો ઉઘાડવા ધસી જવું પડ્યું અને જયદેવને ઝટપટ આંસુ લૂછી નાખવાં પડ્યાં.

'તમે સાંભળ્યું !' એન્ડરસન રૂમમાં ધસી આવ્યા : 'જયદેવ, નેપાલના મહારાજ અવસાન પામ્યા.'

મહારાજા શ્રી પાંચનો સ્વર્ગવાસ ! મનમાં બબડતો જયદેવ આંચકા સાથે ઊભો થયો. એ કાંઈક પૂછવા જતો હતો ત્યાં એન્ડરસન એની ભીની આંખો પરથી અનુમાન કરતાં બોલી ઊઠ્યા : 'ઓહ, તમને અમારા અગાઉ જ જાણ થઈ ગઈ લાગે છે.'

'હા જ્યુલી !' હવે મમ્મીએ સાથ પુરાવ્યો : 'મહારાજાના હાર્ટફેલના સમાચાર સાંભળીને નીચેય એક બે જણાને અમે ચોધાર આંસુએ રડતા જોયા. આ જમાનામાં પણ રાજા પ્રત્યે રૈયતને આટલું બધું માન !'

'તમને બંનેને કેવી રીતે જાણ થઈ જ્યુલી ?' એન્ડરસને પૂછ્યું ત્યારે જ્યુલી ખુલાસો કરવા જતી હતી પણ જયદેવ જ વચ્ચે બોલી ઊઠ્યો : 'અમે નીચે દાખલ થયા ત્યારે જ હોટેલ પર ફોન આવ્યો. હું લાગણીવશ બની ગયો. બધાની સામે રડતાં સંકોચ થયો એટલે જ્યુલી સાથે અહીં રૂમમાં....'

જ્યુલી ડઘાઈ ગઈ. જયને આવું અસત્ય ઉચ્ચારવાની શું જરૂર પડી ? મહારાજાના મૃત્યુએ પોતાના જીવનની એક મહામૂલી ઘડીને આઘી ઠેલી દીધી તેનો અફસોસ થયો.

'હવે જ્યુલી !' એન્ડરસનના અવાજમાં સહસા આનંદનો રણકો આવી ગયો : 'આપણે પ્રોગ્રામ બદલવો પડશે. નીચે હોટેલવાળા કહેતા હતા કે પંદર દિવસના શોક પછી નવા રાજવીનો ભવ્ય રાજ્યારોહણ સમારંભ થશે. દુનિયાભરમાંથી મહાનુભાવો આવશે. આવો પ્રસંગ તો આપણા જેવા વિદેશીઓને ભાગ્યે જ જોવા મળે... એટલે અમે તો નક્કી કરી નાખ્યું. ભારતનો પ્રવાસ ટૂંકાવી પંદર દિવસમાં ફરી આપણે નેપાલ આવી જશું. હોટેલનું એડવાન્સ બુકિંગ પણ કરાવી લઉં છું.' પછી જય તરફ જોઈને પૂછ્યું : 'તમારું શું કહેવું છે મિસ્ટર જયદેવ ?'

ત્યારે જયે ગાઈડ બની જવું પડ્યું : 'તમે લોકો જરૂર પાછા આવો, પણ રાજ્યારોહણ ક્યારે થશે એ અત્યારથી કહેવાય નહીં. કાલે સ્વર્ગસ્થ રાજવીના અંતિમ સંસ્કાર થશે, ત્યાર પછી અત્યારના યુવરાજને ગાદી પર બેસાડવાનું શુભ મુહૂર્ત જોવાશે. ક્યારેક આવું મુહૂર્ત છ મહિના કે વરસ પછીનું પણ હોય છે.'

સાંભળીને એન્ડરસનનો ઉત્સાહ ઓસરતો દેખાયો : તો તો કાલે અતિંમ સંસ્કારની વિધિ જોઈને જ સંતોષ માનવો પડશે. ભારતનો પ્રવાસ ટૂંકાવીને ફરી નેપાલ આવવાનો કોઈ અર્થ નથી.'

'સાવ એવું નથી એન્ડરસનસાહેબ !' અચાનક યાદ આવ્યું હોય તેમ જયદેવે માહિતી આપી : 'રાજવીના અવસાન પછી તેરમે દિવસે તમને એક અજબ વિધિ જોવા મળશે... કટ્ટોખાનો !'

'એટલે ?' એન્ડરસનની સાથોસાથ જ્યુલી પણ પૂછી બેઠી : 'એ વિધિમાં એવી તો શું અજાયબી હોય છે ?'

'એ વિધિમાં સ્વર્ગસ્થ મહારાજાનાં પાપ કોઈ એક વ્યકિત પોતાના ઉપર લઈ લેશે !'

'એ વળી કેવી રીતે ?'

'એ કહી દેવા કરતા નજરોનજર જોવાથી જ ખરી મજા માણી શકશો' – કહેતાં જયદેવે ઉમેર્યું : 'રાજાનાં પાપ અંગિકાર કરનાર વ્યકિતને રાજમહેલ તરફથી લાખોની સંપત્તિ પણ મળશે.'

'કમાલ છે !' ત્રણે જણા તાજજુબીથી એને જોઈ રહ્યા. એન્ડરસનની જિજ્ઞાસા પાછી જોર કરી ગઈ : 'રાજાનાં પાપ ખરીદનાર કોણ હશે એ વ્યકિત ?'

'કોઈ પણ એક બ્રાહ્મણ !' બોલતાં બોલતાં જયદેવના મગજમાં કોઈ ઝબકારો થયો હોય તેમ ચહેરા પર ઝડપભેર ભાવ પલટાવા લાગ્યા. તે આગળ બોલે તેની રાહ જોતાં ત્રણે એને તાકી રહ્યાં હતાં. પણ ઘણી વાર સુધી વિચારમાં ખોવાઈ ગયેલા જયદેવ વધુ ખુલાસો કરવાને બદલે અણધારી વિદાય લઈ લીધી : 'મારે જલદી રાજમહેલ પહોંચવું જોઈએ. આવા પ્રસંગે મારે રાજપુરોહિત પિતાની પડખે રહેવું જોઈએ.'

કહીને જ્યુલી તરફ નજર નાખી લઈ એ બહાર નીકળી ગયો.

પાંચ

'શ્રી પાંચને મરવા માટે બીજો કોઈ દિવસ ન મળ્યો કે શુક્રવારની રાત જ પસંદ કરી !'

અંધારા ભંડકિયા જેવી ચીની હોટેલના ખૂણાના ટેબલ પર કોણી ટેકવીને બેઠેલા શર્માએ સિગારેટના ધુમાડા સાથે દાઢ ઉછાળી : 'રાણા, એ રાતે મહારાજાએ મરવાનું મુલતવી રાખ્યું હોત તો પંચાવન લાખની લૂંટ પાર પાડ્યાનો આજે પાંચમો દિવસ હોત...' પછી બિયરના એક બે ઘૂંટ ગળે ઉતારીને ઉમેર્યું : સાલું આખું કાવતરું ફોક થઈ ગયું !'

છતાંય રાણા કંઈ બોલ્યો નહીં. સામે બેઠેલા સત્તાવીસ વરસના શર્માની માંજરી આંખો જોતો એ પોતાની મૂછના વાળ પંપાળતો રહ્યો. શર્માની જ ઉંમરના રાણાની ખાસિયત હતી : કામ વગર વધારે બોલવું નહીં...

'તું યાર, આમ ચૂપચાપ બેસી રહે એ ન ચાલે !' એશટ્રેમાં સિગારેટ દબાવતા શર્માએ ફરી ચાલુ કર્યું : 'મસલત કરવા માટે આવી એકાન્ત જગ્યાએ ભેગા થયા પછી મૂંગા બેસીને એકબીજાના મોઢા જોયા કરવાનો શું અર્થ ?.

તેના જવાબમાં રાણાએ કાંડાઘડિયાળ પર નજર નાખી : 'પેલા બે હજુ આવ્યા કેમ નહીં ? પાંચ વાગ્યાનું કહ્યું હતું અને સવા પાંચ થઈ ગયા.'

શર્મા સમજી ગયો કે પેલા બેના આવ્યા વગર રાણા મસલત શરૂ કરવા માગતો નથી. બોલકણા માણસને હંમેશા થતું હોય છે કે સામે બેઠેલા ખામોશ માણસના મગજમાં શું વિચાર ઘોળાતા હશે ? બૉટલમાં વધેલી બિયર પોતાના ગ્લાસમાં ઠાલવી દઈને. શર્માએ થોડીવાર ચૂપ રહેવાનો પરાણે પ્રયાસ કરવો પડ્યો.

નેપાલ રૉયલ બૅન્કની કાઠમંડુ હેડ ઓફિસમાંથી દર શનિવારે વિરાટનગરની બ્રાન્ચમાં પચીસ-પચાસ લાખની કેશ ટ્રાન્સફર થતી. રૉયલ ઍરલાઈન્સના ડાકોટા પેસેન્જર વિમાનમાં ચલણી નોટોની સ્ટેનલેસ સ્ટીલની ટ્રંક સામાનરૂપે વિરાટનગર રવાના થાય, સાથે પેસેન્જર તરીકે બે બંદૂકધારી પોલીસો જાય. બીજા ઉતારુઓમાં મોટા ભાગે પંદર-વીસ પ્રવાસીઓ અને પાંચ-દસ નેપાલીઓ સફર કરતા હોય. વિરાટનગરના ઍરપૉર્ટ પર વિમાન ઉતરાણ કરે ત્યારે પહેલવહેલા બૅન્કની પેટીઓ ઊતરે, પછી કેશ લઈને આવેલા બે બંદૂકધારી પોલીસો નીચે આવે. પેટીઓ બૅન્કની વાનમાં ગોઠવાઈને રવાના થાય પછી જ પૅસેન્જરોને ઊતરવા મળે. વર્ષોના આ શિરસ્તાનો માત્ર એક જ વાર ભંગ થયો હતો. એક અમેરિકન ટૂરિસ્ટને વિમાનની સફરમાં હાર્ટઍટેક આવ્યો ત્યારે વિરાટનગર ઍરપોર્ટ પર વિમાન ઊતરતાંની સાથે જ એમને સ્ટ્રેચરમાં નીચે લઈ જવા પડેલા. રૉયલ બૅન્કની પેટીનો વારો ત્યાર પછી આવ્યો હતો, જેમાં બૅન્કની કેશ સહિત ડાકોટા વિમાન જ હાઈજેક કરીને ઉઠાવી જવાનું કાવતરું ઘડાયું હતું !

'રાણા, તને ખબર છે. શુક્રવારની અર્ધી રાત મેં કેવી રીતે વિતાવી હતી ?' ખામોશ રહીને તંગ થઈ ગયેલા શર્માએ ફરી ચાલુ કરી દીધું : 'યાર. ખાઈ-પીને નવ વાગે ખાટલામાં પડ્યો. જલદી ઊંઘ તો આવવાની નહોતી, છતાં આંખો મીંચીને પડ્યો રહ્યો. વિચારતંદ્રામાં થોડી વાર તો જાણે ખાટલાને બદલે વિમાનમાં ઊડતો હોઉં એવો ભ્રમ થયો. પછી થયું કે ચાલને હાઈજેકિંગના એક-બે રિહર્સલ કરી લઉં. ઓશીકા નીચે રાખેલી પિસ્તોલ કાઢીને ખાટલામાંથી ઊભો થયો. પાયલટની કૅબિન તરફ જતો હોઉં એ રીતે મારા રૂમના દરવાજા સુધી ગયો...'

'બેવકૂફ, તારે પાયલટની કૅબિન તરફ જવાનું જ નહોતું.' –

અકળાઈ ઊઠેલા રાણાએ બળજબરીથી બોલવું પડ્યું : 'તને પેલા બંદૂકધારી પોલીસ પર જાપ્તો રાખવાનું સોંપ્યું હતું...'

'સારું થયું, એ કહેવા માટેય તું બોલ્યો તો ખરો !' શર્મા ચાર દિવસની વધેલી દાઢી પર હાથ ફેરવતો મલક્યો : 'કલાકે કલાકે પથારીમાંથી ઊઠીને રિહર્સલ કરતો હતો ત્યાં શું થયું ખબર છે ?'

રાણાએ જિજ્ઞાસા દેખાડ્યા વિના જ તેની સામે જોયું ત્યારે શર્મા ગંભીર બની ગયો : 'ચોથીવાર પિસ્તોક તાકીને રૂમના દરવાજા સુધી પહોંચ્યો ત્યાં બારણું ખખડ્યું અને હું એવો ચોંકયો કે હાથમાંથી હથિયાર ઊડી પડ્યું. જાણે કોઈએ કાવતરું પકડી પાડ્યું હોય એમ પરસેવાથી રેબઝેબ થઈ ગયો. ધ્રૂજતા હાથે બારણું ઉઘાડ્યું તો સામે ભાભી ઊભી હતી : 'વિનાયક, તને ખબર પડી ? મહારાજ શ્રીપાંચનું હૃદય બંધ પડી ગયું... સાંભળતાં જ મેં મારા હૃદય પર હાથ દાબી જોયો, એ ધક ધક થતું હતું !'

બીકણ શર્માની બાલિશ વાત પર રાણાને ખીજ ચડી : 'આની જીભ ક્યારેય બધાને જેલ ભેગા કરશે. કાવતરું આડું ફાટયું તો પોલીસની એક જ ઝાપટમાં બધાનાં નામ આ માણસ ઓકી નાખશે... પણ શું થાય, ગોપીનાથે એને સાથે રાખ્યા પછી હવે કાઢી પણ શકાય નહીં. એના પિતા રામચંદ્ર શર્મા નૅપાલમાંથી રાણાશાહી નાબૂદ કરવામાં શહીદ થયા એથી વિશેષ આ વિનાયક શર્મા બીજી કોઈ લાયકાત ધરાવતો નહોતો...'

'રાણા, તને એક વિચાર આવ્યો ખરો ?' શર્માએ બિયર ગટગટાવી જતાં કહ્યું : 'ધાર કે મહારાજ શ્રીપાંચ માત્ર બાર કલાક મોડા મૃત્યુ પામ્યા હોત.. આપણે પ્લેન હાઈજેક કરીને બૅન્કના પંચાવન લાખ લૂંટી ગયા હોત... તો સાંજે 'નેપાલ ટાઈમ્સ'નો વધારો બહાર પડત તેના મથાળે એકીસાથે બબ્બે સનસનાટી ચમકી જાત : મહારાજ શ્રીપાંચ ઈન્દ્રભૂપાળનું આઘાતજનક અવસાન... રૉયલ બૅન્કની લાખોની સાહસિક લૂંટ !'

ત્યારે રાણાની આંખોમાં ચમક ઊપસી આવી. પહેલીવાર તેને કાંઈક બોલવા જેવું લાગ્યું : 'તો તો કમાલ થઈ જાય. બંને સનસનાટી એકસાથે વાંચીને લોકો અને દુનિયાભરના દેશો માની લેત કે

ક્રાન્તિના એક જ ધક્કાથી નેપાલનરેશનું હૃદય બેસી ગયું. નેપાલના લોકો આજે મહારાજાના મૃત્યુ પર શોક કરે છે તેને બદલે બૅન્ક લૂંટની ચર્ચા કરતા હોત!'

'એટલે જ તો કહ્યું કે મહારાજાએ મરવા માટે ખોટો ટાઈમ...'

શર્મા આગળ બોલતો અટકી ગયો. ઊંચો ગોપીનાથ મોટરસાઈકલની ચાવી ઉછાળતો ચાઈનીઝ ડેનમાં દાખલ થઈ રહ્યો હતો. તેની પાછળ બટકો શશીનાથ આંખ પરથી ગોગલ્સ ઉતારતો આવતો હતો. બંને ખાલી ખુરશી પર ગોઠવાયા. રાણાએ કાંડા-ઘડિયાળમાં જોયું. પણ ગોપીનાથે મોડા થવા બદલ કોઈ ખુલાસો કર્યો નહીં. તિબેટી વેઈટર નેપાલી બિયરની ચાર બૉટલ અને બે ગ્લાસ મૂકી ગયો. ચારના ગ્લાસ ભરાયા. ગોપીનાથે બધાની સાથે એક-બે ઘૂંટ પીધા. ચિરૂટ સળગાવી. થોડીવાર આજુબાજુ જોયું, પછી મોટરસાયકલની ચાવીને રમાડતાં કહ્યું : 'આવતા શનિવારે કામ નહીં થઈ શકે. બૅન્કમાંથી બાતમી મળી ગઈ, માંડ દસબાર લાખની કૅશ જશે. શ્રીપાંચના શોકમાં થોડા દિવસ બૅન્કમાં કામકાજ ઠંડા રહેશે.

શર્મા, રાણા અને શશી ત્રણે તેને તાકી રહ્યા. બે મહિનાની મસલત પછી ઘડેલું કાવતરું છેલ્લી ઘડીએ મુલતવી રાખવું પડ્યું. એની તંગદિલી ચારેયના ચહેરા પર વર્તાતી હતી. જોખમ ખેડવાની ઘડી આઘી ઠેલાઈ ગઈ તેનો અજંપો હતો, તેમાં આવતો શનિવાર પણ કૅન્સલ થયો એ વધુ વસમું લાગ્યું. વિલંબને કારણે ક્યાંક કાંઈક જગ્યાએ વાત ફૂટી જાય તો કાયમને માટે કાવતરું ફોક કરવું પડે.

'ત્યાર પછીના શનિવારનું શું ?' રાણાએ ખામોશી તોડવી પડી : 'ત્યારે તો શ્રીપાંચના ૧૪ દિવસ પૂરા થઈ ગયા હશે...'

'બૅન્કના બાતમીદારનું પણ એમ જ કહેવું થયું.' ગોપીનાથે બુઝાયેલી ચિરૂટ ફરી સળગાવી : 'કદાચ ત્યારે રકમ પણ બહુ મોટી હશે. પંચાવન લાખને બદલે પોણો કરોડ...'

ત્રણેના ચહેરા પર પાછી ચમક આવી ગઈ. પંદર દિવસના વિલંબથી પંદર-ત્રીસ લાખનો લાભ થવાની ઉમ્મીદ ઉત્તેજના જગાડે એવી હતી.

'પણ પંદર-વીસ લાખના લાભ સામે એક જોખમ છે.' ગોપીનાથે ગંભીર થઈ જવું પડ્યું : 'કદાચ બૅન્કની કૅશ પર જાપ્તો રાખવા માટે એને બદલે ત્રણ કે ચાર બંદૂકધારીઓ હશે. આપણે હાઈજેકમાં એકાદ સાથી વધારવો પડશે.'

'મારા ધ્યાનમાં એક જણ છે.' રાણાએ તેની મૂછો પર હાથ ફેરવતાં કહ્યું ત્યારે ત્રણે તેની સામે જિજ્ઞાસાથી જોઈ રહ્યાં. નામ ઉચ્ચારતાં પહેલા રાણાએ થોડો વિચાર કરી જોયો. બિયરના બે ઘૂંટ પીધા પછી સંભળાવ્યું : 'વિદ્યાપતિ !'

'કોણ પેલો કેસીનોવાળો ?' શર્માએ ઉતાવળો પ્રત્યાઘાત ઉછાળ્યો : 'એ તો મહારાજાના ભાગમાં ચાલતાં કેસીનો પર નભે છે.'

'પણ એની આંખોમાં સદા અજંપાની ચિનગારી જલતી હોય છે.' ગોપીનાથે નામની તરફેણમાં મત આપ્યો : 'રાણા, એના પર તને પૂરો ભરસો છે ?'

'હા !' મક્કમતાના વજન સાથે રાણાએ સંભળાવ્યું : 'એની આંખોમાં વેરની ચિનગારી જલે છે. એ રાજપુરોહિતની રૂક્ષ્મણીના પ્રેમમાં હતો અને રૂખી અચાનક ગાયબ થઈ ગઈ. વિદ્યાપતિની રાતની ઊંઘ હરામ થઈ ગઈ. એટલે એણે કેસીનોની નોકરી લીધી.'

ત્રણે જણા એના પ્રસ્તાવ પર વિચારતા રહ્યા.

'પણ રાણા, કેસીનોમાં એની અણધારી ગેરહાજરી શંકા નહીં જગાડે ?'

ગોપીનાથનો સવાલ મુદ્દાસરનો હતો અને રાણા પાસે એનો જવાબ પણ હાજર હતો : 'એનો મેં વિચાર કરી લીધો. રાજપુરોહિતની રૂખી ધૂળેટીના દિવસે જ ગાયબ થઈ હતી. આવતા ગુરુવારે ધૂળેટી છે. દર વરસે આ દિવસોમાં વિદ્યાપતિ કેસીનોમાંથી પંદર દિવસની રજા લઈને પ્રેમિકાની યાદમાં ભટકતો રહે છે. વર્ષોથી તેનો આ નિયમ ચાલ્યો આવે છે. એટલે કેસીનોમા એની ગેરહાજરીથી કોઈને શંકા નહીં જાગે.'

'છતાં એ આપણી સાથે જોડાશે જ એની ખાતરી શું ?'

શશીનાથે પહેલીવાર દલીલ કરી એટલે શર્માને સાથ આપવાનો

મોકો મળી ગયો : 'આપણે એની સામે કાવતરું ઉઘાડું કરી દઈએ અને પછી એ સામેલ થવાનો ઈન્કાર કરી દે તો જોખમ વધી જાય.'

'એવું નહીં થાય' – રાણાએ આત્મવિશ્વાસના રણકા સાથે કહી દીધા પછી સુધારી લીધું : 'કદાચ એ સામેલ થવા સંમત ન થાય તોપણ વિશ્વાસભંગ કદી નહીં કરે.'

થોડીવાર માટે ફરી ખામોશી છવાઈ ગઈ. વિદ્યાપતિને બદલે બીજું કોઈક નામ વિચારાતું રહ્યું પણ રાણા એમ નમતું જોખે એવો નહોતો:

'છેલ્લા કેટલાક વખતથી વિદ્યાપતિના મનમાં રાજાશાહી સામે રોષ ઘૂંટાવા લાગ્યો છે. એકવાર મારી સાથેની ચર્ચામાં એ બોલી ગયો કે કોઈની બહેન-દીકરી અચાનક ગાયબ થઈ જાય, વર્ષો સુધી પત્તો ન લાગે, છતાં સત્તાધારીઓનાં પેટનું પાણી ન હાલે એ તે કેવું રાજ ?'

'પણ એની પ્રેમિકા રાજપુરોહિતની પુત્રી હતી.' શર્માએ ફરી આશંકા વ્યક્ત કરી : 'વિદ્યાપતિ રાજપુરોહિતના જયદેવનો જિગરી દોસ્ત છે. રાજા સામેના કાવતરામાં એ આપણી સાથે જોડાય તોપણ મને એમાં જોખમ દેખાય છે.'

'નહીં શર્મા !' ગોપીનાથે ફેંસલો કરી લીધો હોય એ ઢબે તેની દલીલ ઉડાવી દીધી : 'પ્રેમલગ્ન થયેલો માણસ એક વાર ફનાગીરીનો માર્ગ અપનાવે પછી પીછેહઠ કરતો નથી. મારા મનમાં વિદ્યાપતિ બેસે છે... રાણા અત્યારે એ કયાં હશે ?'

ત્યારે રાણાએ કાંડાઘડિયાળ પર નજર નાખી. સવા છ વાગ્યા હતા : 'આઠ વાગે એના કેસીનોની ડ્યૂટી શરૂ થાય છે, અત્યારે એ ઘેર જ હોવો જોઈએ. એને ત્યાં ટેલિફોન પણ છે.'

'તો પછી ઊઠ !' ગોપીનાથે અધીરાઈ દર્શાવી. 'ફોન કરીને બોલાવી લે એને.'

રાણાએ ખિસ્સામાંથી ડાયરી કાઢી. વિદ્યાપતિનો નંબર જોયો અને બૉલપેનથી હથેળી પર લખી લઈને ડાયરી પાછી ખિસ્સામાં સરકાવી દીધી : 'હું એને એટલું જ કહું છું કે તારું તાકીદનું કામ પડ્યું છે, જલદી આવી પહોંચ.'

ફરી ત્રણે જણા ચૂપ થઈ ગયા. બૉટલમાંથી વધેલી થોડી થોડી બિયર દરેકના ગ્લાસમાં ઠાલવીને પીતા રહ્યા, પણ શર્માથી ખામોશી સહેવાઈ નહીં. મૂંગા રહેવાથી એ નર્વસ થઈ જતો : 'ગોપી, ધાર કે પેલો વિદ્યાપતિ સામેલ ન થઈ શક્યો તો ?'

એનો 'તો' ગોપીનાથને ખટક્યો. આ સવાલ પાંચ મિનિટ પછી પણ પૂછી શકાત... છતાં એણે જવાબ શોધવા માટે મગજ કસવા માંડ્યું. ચિરૂટ સળગાવી. તેના ધુમાડાની કડક વાસથી થોડી સ્ફૂર્તિ વર્તાઈ. આંખોમાં ચમક આવી અને જવાબ જડી ગયો :

'અહીંથી પાંચમો નહીં જડી આવે તો પટણાથી એકને બોલાવી લઈશું... હાઈજેક કરીને વિમાન ભારતની સરહદમાં ઉતારવાનું છે એટલે ત્યાંના એક જણ આપણી સાથે હોય તો વધુ ફાવટ રહેશે.'

બીજા બંનેને આ પ્રસ્તાવ વધારે વ્યાજબી લાગ્યો. શર્મા તો કહેવા જતો હતો : એ જ વધુ સારું રહેશે. વિદ્યાપતિને સામેલ કરવાની કોઈ જરૂર નથી...

પણ એને એવો મોકો જ ન મળ્યો. રાણા ધાર્યા કરતાં વધુ ઝડપથી પાછો ફર્યો હતો.

'ફોન પર એ ન મળ્યો કે ?' ગોપીનાથે અનુમાન કર્યું.

'મળ્યો તો ખરો, પણ...' રાણાનો અવાજ જરા બોદો નીકળ્યો : 'તાબડતોબ આવી શકે તેમ નહોતો, એ બહુ અપસેટ હતો.'

'કામ જાણ્યા પહેલાં જ અપસેટ થઈ ગયો ?' શર્માએ કટાક્ષ કર્યો ત્યારે રાણાએ દાંત ભીંસ્યા : 'શટ અપ ! માણસની જિંદગીમાં ક્યારેક સાવ અણધાર્યું જ બની જાય છે.'

'શું બની ગયું રાણા ?' ગોપીનાથે તેને ટાઢો પાડવાની ઢબે પૂછ્યું : એની ગૂમ થયેલી પ્રેમિકાના કોઈ અશુભ ખબર તો નથી ને ?'

'ના, વિદ્યાપતિના જિગરી દોસ્ત જયદેવના અશુભ ખબર છે.' રાણાની અર્ધી વાત સાંભળતાં જ ત્રણેની કમર ટટ્ટાર થઈ ગઈ.

'અવસાનના તેરમા દિવસ મહારાજાની 'કટ્ટોખાનો' વિધિ થવાની તે જયદેવ ખાવાનો !'

'હેં !' ત્રણેના મુખભાવ ઝડપભેર પલટાઈ ગયા. રાણાએ આગળ ખુલાસો કર્યો :

'વિદ્યાપતિને હજુ કલાક પહેલાં જ જાણ થઈ. એને એટલો બધો આઘાત લાગ્યો કે ટેલિફોન પર માંડ માંડ મારી સાથે વાત કરી શક્યો.'

'આટલા ઊંચા આદર્શ અને સાવ છેલ્લા પાટલે જઈ બેઠો જયદેવ !' શર્માએ તિરસ્કારભર્યા સ્વરે કહ્યું.

'બે વરસ અગાઉ કૉલેજમાં એ ભણાવતો ત્યારે એની પ્રતિભા જોઈને થતું કે આગળ જતાં એ કોઈ મહાપુરૂષ થવાનો...' શશીનાથે અફસોસ ઉછાળ્યો : 'તેને બદલે રાજાનાં પાપ ખરીદવા તૈયાર થયો !'

'બે–પાંચ લાખ રૂપિયાની લાલચમાં બ્રાહ્મણત્વ વેચી નાખવા તૈયાર થાય એવો તો જયદેવ નથી.' ગોપીનાથને ગળે વાત ઊતરી નહીં : 'બીજું તો ઠીક, રાજપુરોહિતનો પુત્ર થઈને એ આવું કામ ન કરે...'

ત્યારે રાણાને બોલવાનું સૂઝ્યું : 'હવે સમજાય છે કે આપણે ખબર સાંભળીને આટલા અસ્વસ્થ થઈ જઈએ તો પછી એના નિકટના મિત્ર વિદ્યાપતિની શું હાલત થતી હશે... એટલે હવે વિદ્યાપતિ આપણે પાંચમો સાથી નહીં બની શકે એ નક્કી.'

પાંચમો સાથી તો પટણાથી મળે શકે તેમ હતો જ, પણ એનો નિર્ણય લેવાને બદલે ચારે જણા જયદેવની ચર્ચામાં જ અટવાઈ ગયા.

'ક્યાં છે જય ?'

ઘોડાગાડીમાંથી ઊતરીને ઘરનો ઉંબરો ઓળંગતાં જ રાજપુરોહિતે દીવાલો ધ્રુજાવી દેતી ત્રાડ નાખી : 'ક્યાં છે એ બત્રીસ લક્ષણાનો અવતાર ?'

ઓસરીમાં બેઠેલો માનસિંગ તો એમનો દેખાવ જોઈને જ હેબત ખાઈ ગયો. રસોડામાંથી જયદેવની ઓરમાન મા શ્વાસભેર દોડી આવી: 'શું થયું પુરોહિત ?'

'એ ઘરમાં છે કે નહીં ?' ક્રોધથી ધ્રૂજતાં શરીરે લાકડીના ટેકે પુરોહિત જયદેવના ઓરડા તરફ ધસી ગયા : 'અંદર ભરાઈને શું કરે છે એ ?'

ઓરડાનો ઉંબરો ઓળંગતાં જ એ ઘડીવાર થંભી ગયા. જયદેવ સંધ્યાપાઠમાં બેઠો હતો... પણ પુરોહિત ક્રોધને કાબૂમાં રાખી શકે તેમ નહોતા. પૂજા પૂરી થાય ત્યાં સુધી ધીરજ ધરી શકાય તેમ નહોતી. જયદેવે ડોક ફેરવી પિતા સામે જોયું. એમનો રૌદ્ર ચહેરો, આંખોમાંથી વરસતા અંગારા, કાંપતા હોઠ અને લાકડી સાથે ધ્રૂજતા હાથ...

પિતા-પુત્રની નજર મળી ત્યાં...

'હું રાજદરબારમાંથી જે સાંભળીને આવ્યો એ સાચું છે ?'

'હા પિતાજી !' બોલતા અપરાધીની જેમ જયદેવની ગરદન નમી ગઈ. પીડાથી પાંપણો બિડાઈ ગઈ.

'હા પાડે છે નપાવટ !' ત્રાડ નાખતા પુરોહિત પાગલની જેમ અંદર ધસી ગયા. ઝનૂનભેર દાંત ભીંસીને પુત્રની પીઠ પર લાકડી વીંઝી દીધી : 'હા પાડતા શરમ નથી આવતી ?'

પીઠ પર થયેલા પ્રહારની પીડા બહુ વસમી હતી છતાં જયદેવે હરફ ન કાઢ્યો. પિતાના હાથમાંથી છટકીને દૂર ફેંકાઈ ગયેલી લાકડી તરફ નજર નાખીને એ ઊઠવાનો વિચાર કરતો હતો. લાકડી ઊંચકી લઈ ફરી પિતાના હાથમાં સોંપવા માગતો હતો : મારા અપરાધની ફાવે એટલી સજા ફટકારો. હું ઊંહકારો સુદ્ધાં નહીં કરું પિતાજી !

પણ ક્રોધથી કાંપતા પિતાની સૂકલકડી કાયામાં ન તો એટલી શક્તિ હતી કે ન એમના પિતૃહૃદયમાં એટલી કઠોરતા જાગવાની હતી.

'શું થયું છે આજે તમને ?' ઉંબરે ઊભાં ઊભાં પતિના આક્રોશ નિહાળતી ઈન્દ્રાણી વચ્ચે પડી : 'મારા જય પર તમે તૂટી શું પડ્યા ?'

'તારો જય નહીં, મારો લાડકો, મારો બત્રીસ લક્ષણો, મારો સદાચારી, મારો...' બોલતા બોલતાં ગૌરીશંકર પુરોહિત ભાંગી પડવાની અણી પર આવી ગયા : 'રાજપુરોહિતનો આ પનોતો મહારાજા શ્રીપાંચનાં પાપ ગ્રહણ કરવા તૈયાર થઈ ગયો. મને પૂછ્યા વગર રાજદરબારમાં જઈને 'કટ્ટોખાનો' ખાવાની અરજી મૂકી આવ્યો.'

'હાય ! હાય !' ઈન્દ્રાણીની આંખો ફાટી ગઈ : 'બ્રાહ્મણ થઈને તે આવું ચંડાળ કામ કર્યું ?'

હવે જયદેવ ખામોશ ન રહી શક્યો : 'મા, બ્રાહ્મણ સિવાય બીજા કોઈને 'કટ્ટોખાનો'નો લાભ મળતો નથી. રાજાનાં પાપ માત્ર બ્રાહ્મણ જ ગ્રહણ કરી શકે છે.'

'અરે, પણ નેપાલમાં દરિદ્રી બ્રાહ્મણોનો દુકાળ ક્યાં પડ્યો છે કે તું પાપનું પોટલું બાંધવા તૈયાર થયો ? કહીને પિતા જયદેવને પાટું મારવા માંગતા હતાં, પણ પગે સાથ ન આપ્યો : 'બ્રાહ્મણ હોવા છતાં જેને લક્ષ્મીનાં લોભ હોય એવો અધમ મનુષ્ય રાજાના પાપ ભેળવેલું ભોજન ખાવા તૈયાર થાય છે. ત્યારે તું તો...'

'નહીં પિતાજી, શાસ્ત્રમાં કટ્ટો ખાનારા માટે સ્પષ્ટ આજ્ઞા આપી છે કે...'

'શું ?' દાંત ભીંસીને પુરોહિતે પૂછ્યું : 'આજે હવે મારે તારી પાસેથી શાસ્ત્ર સમજવાનો વખત આવ્યો... શું આજ્ઞા આપી છે બોલ?'

'કે સુપાત્ર બ્રાહ્મણ જ આ દાન સ્વીકારે તો મૃત્યુ પામનાર રાજવીના પાપ ધોવાઈ શકે.' જયદેવ નમ્રપણે સમજાવતો હતો : ધર્મલોભી, દરિદ્રી કે ચારિત્ર્યહીન વ્યકિતનું ખોળિયું બ્રાહ્મણનું હોવા છતાં એ સાચો બ્રાહ્મણ નથી કહેવાતો.'

પુત્રની દલીલનો ધક્કો લાગ્યો હોય તેમ પુરોહિત પાટ પર બેસી પડ્યા. પુત્રને કોઈ પણ ભોગે એ માર્ગેથી પાછો વાળવાનો હતો. ક્રોધથી બુદ્ધિ બહેર મારી જાય છે, મતિ મૂંઝાઈ જાય છે, દૃષ્ટિ ધૂંધળી બની જાય છે. આવેશને કાબૂમાં લેવા માટે એમણે થોડો સમય લીધો, રોષને ઓસરવા દીધો, પછી વચ્ચે ઊભેલી પત્ની સામે કતરાતી નજરે જોયું. એને ત્યાંથી હઠી જવા માટે કહેવાનું મન થયું, પણ કોઈ ફરક પડવાનો નહોતો. જેને સાંભળવું જ છે એ નજરથી દૂર રહીનેય સાંભળશે જ.

'જયુ, તને કોણે આ દુર્બુદ્ધિ સુઝાડી ?' નિઃસાસો નાખતાં એમણે પૂછ્યું : 'પેઢીઓથી સચવાઈ રહેલું આપણું રાજપુરોહિતનું પદ, કર્મકાંડી તરીકેની આપણી કુળની પરંપરા. પાપીઓના પડછાયાથી

દૂર રહેવાની આપણી નીતિ.... આ બધાનો તને જરાય વિચાર ન આવ્યો ? સાત સાત પેઢીના પુણ્ય વટાવીને તું રાજાનાં પાપનો બોજ વેંઢારવા તૈયાર કેમ થયો ભાઈ ?.

ત્યારે જયદેવની ગરદન ઝૂકી ગઈ... પિતાને પોતે કેટલી બધી પીડા આપી રહ્યો હતો !

'નહીં પિતાજી, કોઈએ મને પાપ ગ્રહણ કરવા માર્ગ ચીંધ્યો નથી. કોઈને મેં પૂછયું નથી કે કોઈને મેં કહ્યું પણ નથી.'

'મને કહ્યું હોત ને દીકરા ! તો તને એ માર્ગે જતો રોકવા માટે લાકડી નહીં, ફળિયામાં પડેલી કુહાડી ઉગામતાંય ન અચકાત.'

જયને આંચકો ન લાગ્યો, ન કોઈ જવાબ ઉચ્ચાર્યો.

'તને ખબર છે જય, રાજવીના પાપ લેનાર માનવીને લોકો કેટલા ધિક્કારે છે ? મહાપાપી ગણીને એના પર થૂંકે છે... પથરા ફેંકે છે...' બોલતાં બોલતાં એ ગદ્‌ગદ થઈ ગયા : પાપની લક્ષ્મી સોંપીને એને દેશનિકાલ કરી દેવામાં આવે છે. નેપાલની ધરતી પર ક્યારેય પગલાં પડવા નથી દેતા.'

'હું જાણું છું કે મારે દેશ છોડવો પડશે.' કહીને એણે સાવકી મા સામે જોતાં સંકેતથી સમજાવ્યું. તમને તો હવે ઘરપત થવી જોઈએ...' ત્યારે એની નજર જીરવી શકતી ન હોય તેમ ઈન્દ્રાણીએ મુખ ફેરવી લીધું. પણ મા-દીકરા વચ્ચેની એ ચેષ્ટા રાજપુરોહિતની નજરે પકડી પાડી... તો શું જયદેવ ઘર-કંકાસમાંથી મુક્ત થવા માટે આવો વસમો ઉપાય અજમાવ્યો હશે ?

'પિતાને પુત્રવિજોગનો અજંપો જ આપવો હતો તો કોઈ સારા ઉદ્દેશથી ઘર ને વતન છોડવું હતું જય ! પાપની લક્ષ્મી તને વિલાસને પંથે ખેંચી જશે. બત્રીસ લક્ષણાને દુરાચારી દાનવ બનાવી દેશે... નહીં જયદેવ, હું કદી એમ નહીં થવા દઉં.'

હવે સાવકી માતાથી ચૂપ રહેવાયું નહીં : 'તમે આજ સુધી જેને બત્રીસ લક્ષણો કહેતાં થાકતા નહોતા એનું સાચું રૂપ આજે ઉઘાડું

પડી ગયુંને પુરોહિતજી ! તમારા જયને ભવિષ્યમાં મળનારી રાજપુરોહિતની ગાદીમાં પૂરતું સુખ દેખાયું નહીં હોય, સદાચારનો દંભ કરતા દીકરાને લક્ષ્મીની કેવી લાલચ છે એની તમને આજે ખબર પડી, પણ મને તો ઘણા વખતથી એનાં લક્ષણ પરખાઈ ગયાં હતાં ગોરી ચામડીવાળી બાઈઓના ગાઇડ થઈને ફરે એને સંગદોષ લાગ્યા વગર રહે ખરો ?'

'મા...' જયદેવને ચીસ પાડી ઊઠવાનું મન થયું : મારી પાસેથી વનવાસનું વચન મેળવી લઈને હવે મને જ વગોવવા બેઠાં! પણ એક રીતે મારી આ વગોવણી અત્યારના સંજોગોમાં બંધ બેસતી થઈ જાય છે. પિતાને મારા પ્રત્યે અણગમો જાગે તો વિજોગ ઓછો આઘાતજનક નીવડશે. ભલે સાવકી મા એમના કાનમાં ઝેર રેડી લેતી !

'પિતાજી, આજ સુધી હું માત્ર તમારી જ માયાથી અહીં જકડાઈ રહ્યો હતો. ખોબા જેવડા કાઠમંડુમાં હું જિંદગી વેડફી નાખવા નથી માગતો. પરદેશીઓના ગાઇડ બનીને વિરાટ દુનિયાની બહુ વાતો સાંભળ્યા પછી મને અહીંનું જીવન બંધિયાર લાગવા માંડ્યું. મુક્ત પંખીની જેમ મારે ઊડવું છે અને એ માટે ધનની જરૂર પડે છે.... પછી એ ધન પુણ્યનું હોય કે પાપનું, કોઈ ફરક પડતો નથી. પાંચ રૂપિયાની નોટ પૂજારીની હોય કે વેશ્યાની, એની કિંમત બજારમાં તો એકસરખી જ અંકાય છે.'

અને તેના એ છેલ્લા વાક્યે ગૌરીશંકર પુરોહિતના માથામાં જ્વાળામુખી પહાડ જેવો ખળભળાટ મચાવી દીધો.

'તું.... તું આ બોલે છે ?' આક્રોશના આવેગ સાથે એ ધસી ગયા. જયદેવના માથાના લાંબા વાળ બંને હાથની મુઠ્ઠીમાં જકડી લઈને ત્રાડ નાખી : 'ઊભો થઈ જા ! ઊઠ !' ઝનૂનભેર એને વાળથી ઢસડવાની કોશિશ અજમાવી : 'નીકળી જા મારા ઘરમાંથી... હું તારું મોં નથી જોવા માગતો.'

ઇન્દ્રાણીએ વચ્ચે પડીને પરસેવાથી રેબઝેબ થતા પતિને મહામહેનતે વાર્યા. બહારથી માનસિંગ પણ દોડી આવ્યો. તેની આંખો આંસુથી ઊભરાતી હતી. એ કહી શકતો નહોતો, પણ

અંદરખાનેથી જાણતો હતો કે સાવકા અને સગા પુત્ર વચ્ચેના ભેદભાવે ઘરમાં હોળી પ્રગટાવી હતી.

ભીની આંખો એણે જયદેવને ટેકો આપી ઊભો કર્યો: 'મોટાભાઈ, પિતાજીનું દિલ દુભાવીને દુનિયાની ગમે એટલી લક્ષ્મીથી તમે સુખ નહીં પામી શકો.'

જયદેવે ચૂપચાપ બારણાં તરફ પગ ઉપાડ્યા. ઉંબરા પાસે પહોંચ્યો ત્યારે આપોઆપ પિતા તરફ ડોક ફેરવાઈ ગઈ. એ હાંફતા, કાંપતા, ઘૃણાથી દાંત ભીંસતા ઇન્દ્રાણીનો ટેકો લઈને પરાણે ઊભા રહી શક્યા હતા.

'મારી સામેથી તારું ડાચું ફેરવી લે !' સદાય વાત્સલ્ય વરસાવતા પિતાને આવું બોલવાની પોતે જ પીડા આપી હતી : 'ફરી ક્યારેય આ ઘરમાં પગ મૂકતો નહીં. મારે હવે એક જ પુત્ર છે... મારો કપિલ !'

બંને હાથ જોડીને પિતાને પ્રણામ કરી જયદેવે ઉંબરો ઓળંગ્યો હતો -

'સાંભળતો જા !' પીઠ પર પિતાનાં વેણ અફળાયાં : 'તું એમ માને છે કે હું તને રાજાનાં પાપની લક્ષ્મી હાંસલ કરવા દઈશ? રાજદરબારમાં મારા બોલનું હજુય વજન પડે છે. કટ્ટોખાનો માટે હું તને ગેરલાયક ઠરાવી દઈશ પછી જોજે, તારી કેવી બૂરી વલે થાય તે... ઘરબાર કે આધાર વિનાનો, પાપની લક્ષ્મી કે પુણ્યની મૂડી વગરનો ભીખ માગતો ભટકતો રહેજે... ઠોકરો ખાતો રહેજે! જા હવે બાપનો આ શ્રાપ લઈને નીકળી જા બહાર...'

અને બહારથી મક્કમ દેખાતા પણ અંદરથી ભાંગી ચૂકેલા જયદેવે પિતાના શ્રાપને વરદાન માની લઈ, કોરી આંખે છતાં ભીના હૃદયે ગૃહત્યાગ કરવો પડ્યો.

૯

પશુપતિનાથ મંદિરની આરતી સમાપ્ત થઈ. ઘંટારવના પડઘા શમવા લાગ્યા. ભાવિકો વિખરાવા માંડ્યા છતાં મહાદેવના ઉંબરે ટેકવેલું માથું એણે ઊંચક્યું નહીં. આરસપહાણના શીતળ સ્પર્શથી એના ધગધગતા કપાળને શાતા સાંપડતી હતી. ઉદ્વેગથી તપતા હૃદયને દેવના સાંનિધ્યમાં ટાઢક મળતી હતી. બિડાયેલી પાંપણો વચ્ચે સાકાર થતી ભગવાન શંકરની મૂર્તિને એનું અંતઃકરણ કહી રહ્યું હતું : ભોળાનાથ ! સમુદ્રમંથન સમયે દેવ અને દાનવ વચ્ચેના ઘર્ષણમાં આપ વિષ ગટગટાવી ગયા છતાં ઝેરને તમે કંઠની નીચે ઊતરવા દીધું નહોતું, એટલે જ આપ નીલકંઠ કહેવાયા... પરંતુ હું તો માનવ છું, મહારાજાનાં પાપનું વિષ ખાવા તૈયાર થયો છું. ભોજન સાથે ભેળવેલું પાપ મારા સમગ્ર શરીરમાં વ્યાપી જશે... લોહી, માંસ અને ચામડીમાં પ્રસરી જશે... પરંતુ એ ઝેરથી મારો આત્મા ખરડાય નહીં, અભડાય નહીં એટલું વરદાન માગું છું આપની પાસે !

એ જ વખતે જયદેવના નતમસ્તક પર કોઈનો હાથ પસર્યો. જાણે માગતાં જ વરદાન મળી ગયું હોય એવા અહોભાવથી તેણે ગરદન ઊંચકી તો સામે ઊભા હતા મંદિરના પૂજારી રંગાચાર્ય ! આરતીની જ્યોતિની જેમ એમની બંને આંખો ચમકતી હતી. નીચે ઝૂકીને એમણે જયદેવને બાવડું ઝાલી

ઊભો કર્યો :

'ભોળાનાથ પાસે શું માગતો હતો, જય ?'

ત્યારે જયની પાંપણો ક્ષોભથી ફરફરી ઊઠી : 'ક્ષમા વાચતો હતો મહંતજી !' કહેતાં એની જીભ થોથવાઈ : 'આપ જાણતા નથી કે...'

'હું જાણી ચૂક્યો જય !' પૂજારીએ તેને ચમકાવ્યો : 'તું સ્વર્ગવાસી શ્રીપાંચનાં પાપ આરોગવા તૈયાર થયો છે.'

ત્યારે જયની ડોક નીચી નમી ગઈ. ઠપકો સાંભળી લેવાની એણે તૈયારી કરવા માંડી, પણ તેને બદલે ફરી પોતાના માથા પર વૃદ્ધ પૂજારીએ હાથ પસવાર્યો : 'રાજદરબારમાંથી હું અને તારા પિતા સાથે જ બહાર નીકળ્યા હતા. અગાઉ ક્યારેય મેં એમને એટલા વ્યથિત જોયા નહોતા.'

પૂજારી અટકી ગયા એટલે જયની ડોક ઊંચી થઈ. ઠપકાને બદલે એમની આંખોમાં સહાનુભૂતિ નીતરતી દેખાઈ.

'આપને મારી દયા જાગે છે ને મહંતજી ?'

ત્યારે એમણે ડોક હલાવી : 'દયા કે ઘૃણા કરનાર હું કોણ? તેં આવો નિર્ણય શુ કામ કર્યો એ હું જાણતો નથી, પૂછતો પણ નથી.'

'એટલા માટે પૂછતા નથી કે હું પરાયો છું ?'

'નહીં ! એટલા માટે પૂછતો નથી કે તું પુણ્યાત્મા છો.'

'કદાચ પુણ્યાત્મા હોઉં તોપણ આજથી નવમા દિવસે પાપી બની જવાનો... બ્રાહ્મણ મટીને ચંડાળ થઈ જવાનો !'

ત્યારે પૂજારી મૌન જ રહ્યા. એમની ખામોશી જયને રહસ્યમય લાગી. શું પિતાજીની જેમ એ પણ માનતા હશે કે કટ્ટોખાનો માટે મને ગેરલાયક ઠરાવશે ?

મંદિરનું એક દ્વાર બંધ થતું જોઈને તેને યાદ આવ્યું : 'મહંતજી, પાંચ દિવસ પછી રાજદરબારમાં મારે હાજર થવાનું છે... ત્યાં સુધી મંદિરનો આશ્રય લઉં તો...'

'આ તો ભગવાનનું ઘર છે ભાઈ, ખુશીથી રહે. પછવાડે યાત્રાળુની ઓરડી ખાલી જ પડી છે. સવાર-સાંજ તને ભોજન પણ પહોંચતું થશે.'

'ભોજનનું કષ્ટ...' કહેતો એ અટકી ગયો. આનાકાની કરવાને બદલે પ્રસ્તાવ આવકારી લીધો : 'ભલે મહંતજી, હવે તો હંમેશ માટે વિદાય લેવાની છે. જતાં જતાં મહાદેવનો પ્રસાદ પેટ ભરીને ખાઈ લઉં.'

પૂજારી તેને અપલક નેત્રે જોઈ રહ્યા, જાણે હંમેશ માટેની વિદાય લેવાની વાત તેમના મનમાં બેસતી ન હોય એવો રહસ્યમય ભાવ એમની આંખોમાં ઊપસતો હતો.



સંધ્યા પછીના વાતાવરણની નિઃસ્તબ્ધતા નિહાળતો જય ક્યાંય સુધી મંદિર પછવાડેની પાળે બેઠો રહ્યો. ચોમાસામાં મદમસ્તપણે વહેતી બાગમતી નદી અત્યારે સાવ રાંકડી દેખાતી હતી. તેના આ ઘાટ પર પાંચ દિવસ પહેલાં આવી જ એક સંધ્યાએ મહારાજા ઇન્દ્રભૂષણ શ્રીપાંચના અગ્નિસંસ્કાર થયા ત્યારે અહીં કેવી ભીડ જામી હતી ! માનવ મૃતદેહને અગ્નિમાં ભડભડ બળતો જોવાનું કૌતુક ધરાવતા વિદેશીઓ માટે સામેની ટેકરી પર ખાસ તંબુ તાણ્યા હતા. દૂરબીનો અને કૅમેરા લઈને બપોરથી જ કેટલાક તો જગ્યા રોકીને બેસી ગયા હતા. આટલી બધી ભીડ વચ્ચેય જ્યુલીએ તેને પકડી પાડ્યો હતો: 'જય, તમારા વિના આ વિધિની અમને કોણ સમજ પાડશે !' કહેતી એ પોતાને ટેકરી પર ખેંચી ગઈ હતી.

રાજવીનો મૃતદેહ સુખડની ચિતા પર ગોઠવાયો ત્યારે જ્યુલીની મમ્મી બોલી ઊઠી હતી : 'કેટલું વિચિત્ર, આખી જિંદગી સુંવાળી શૈય્યામાં પોઢનારના દેહને બળતણનાં લાકડાં પર સુવાડીને વિદાય અપાય !'

ચિતાને અગ્નિદાહ અપાયો ત્યારે તો ઘણા વિદેશીઓ હળવો ચિત્કાર કરી ઊઠેલા : 'અરેરે.... જેમનાં મૃત્યુ પર શોકનાં આંસુ વહાવી રહેલા લોકો એની કાયાને આટલી નિષ્ઠુરતાથી

જલાવી કેમ શકે !'

ત્યારે પોતે હિન્દુશાસ્ત્રનો પંચમહાભૂતનો સિદ્ધાંત સમજાવ્યો હતો. નશ્વર શરીર અને અમર આત્માના ભેદનું તત્ત્વજ્ઞાન ડહોળ્યું હતું. ચિતામાં ભસ્મીભૂત થયેલા દેહના અવશેષરૂપે વીણાઈ રહેલાં અસ્થિફૂલ વિષે એ સમજાવતો હતો ત્યાં જ્યુલીએ તેને ભડકાવી દેતાં પૂછ્યું : 'પેલા ત્રણ-ચાર જણા મહારાજની ખોપરીમાં સળિયો ભોંકીને શું કરી રહ્યા છે !'

ત્યારે કોઈએ દુઃખતી નસ દબાવી હોય તેમ પોતે થોડીવાર એની સામે જોઈ રહ્યો હતો. એટલીવારમાં રાજાની ખોપરીમાંથી કાઢેલા હાડકાનો ટુકડો એક માટલીમાં મુકાઈ ગયો એટલે જ્યુલીએ ફરી પૂછ્યું : 'આને પણ ગંગા નદીમાં પધરાવી દેશે ?'

'ના, એ હાડકું કટ્ટોખાનો વિધિ માટે સાચવી રખાશે.' જયદેવે સમજાવવું પડ્યું : 'જે બ્રાહ્મણ રાજાનાં પાપ લેવા તૈયાર થશે તેના ભોજનમાં આ હાડકું પીરસવામાં આવશે.'

'હાડકું ?' હેબતાઈ જતી જયુલીએ પૂછ્યું હતું : 'એને વળી પાપની સાથે શું લાગેવળગે ?'

'મિસ જયુલી, આ સવાલ તમે ગઈકાલે પૂછ્યો હોત તો હું જવાબ ન આપી શકત. આજ સવારે જ મેં આ વિધિનો વિગતસર અભ્યાસ કર્યો. પાપ એ માનવીના મગજની જ પેદાશ છે. વાસના, વિકૃતિ અને લોભ માણસના મનમાં જન્મે છે. ખોપરીના આગલા ભાગનું એક હાડકું કાઢી લઈ, તેને ખાંડી, મધમાં ઘૂંટીને પેલા બ્રાહ્મણના ભોજનની દરેક વાનગીમાં ભેળવી દેશે. એ ભોજન બ્રાહ્મણના પેટમાં જશે એટલે મહારાજનાં પાપ તેની કાયામાં પ્રવેશી જશે.'

'ઓહ !' તાજ્જુબીના ઉદ્‌ગાર સાથે એ બોલી ઊઠી હતીઃ 'કોણ હશે એ બ્રાહ્મણ ?'

ત્યારે પોતે મોં ફેરવી લીધું હતું. જયુલી નેપાલની વિદાય લે ત્યાં સુધી આ વાતની તેને જાણ થવા દેવી નહોતી. મહારાજાના

અંતિમ સંસ્કાર સમાપ્ત થયા અને બધા વિખરાવા લાગ્યા ત્યારે જ્યુલીએ તેને એક તરફ લઈ જઈને પૂછી લીધું હતું : 'કાલે ઍરપૉર્ટ પર બધાની વચ્ચે પૂછી નહીં શકું. ગઈ રાત્રે મારા પ્રસ્તાવ અને તમારા પ્રત્યુત્તર વચ્ચે મહારાજનું અવસાન આવી ચડ્યું... હવે અત્યારે તમારો જવાબ માગું તો અજુગતું ગણાયને ?'

ત્યારે આંખોમાં છવાઈ જતા વિષાદને પોતે છુપાવી દેવો પડ્યો હતો. લાગણીના આવેશને અંકુશમાં લેતાં માંડ માંડ પોતે કહી શક્યો : 'તમે લોકો બાર દિવસ પછી ફરી નેપાલ આવો જ છોને...'

જાણે કરીને તેણે વાક્ય અધૂરું રાખેલું. પોતે જ્યુલીને ભ્રમમાં રાખવા નહોતો માગતો તેમ ભગ્ન પણ કરવા નહોતો માગતો. એટલે જ તો બીજી સવારે તેને અ ૅરપૉર્ટ પર મળવા જવાની હિંમત ચાલી નહોતી.

સ્તબ્ધ વાતાવરણમાં વિચારમગ્ન બની ગયેલા જયના ખભા પર પાછળથી કોઈનો હાથ પડ્યો ત્યારે એ ચોંક્યો : 'કોણ ?'

પાછળ ફરીને જોયું તો વિદ્યાપતિ આવીને ઊભો હતો. કોણ જાણે એ ક્યારનો આવીને ઊભો હશે ! અંધકારમાં તેના મુખભાવ સ્પષ્ટ દેખાતા નહોતા, પણ તેની ચમકતી કીકીઓ ઠપકો સંભળાવતી હતી. પોતે કેટકેટલાનો અપરાધી બની રહ્યો હતો... બાળપણના જે ભાઈબંધથી આજ સુધી ભાગ્યે જ કંઈ છાનું રાખ્યું હતું તેને છેલ્લા પાંચ દિવસની બે ગંભીર બાબતોથી જાણે કરીને અજાણ રાખવાનું પાપ પોતે કરી ચૂક્યો હતો. એક તો ઓરમાન માને આપેલું દેશત્યાગનું વચન અને બીજું મહારાજનાં પાપ સ્વીકારવાનો સંકલ્પ...

'ક્યારે આવ્યો વિદ્યાપતિ ?' પૂછ્યા પછી સમજાયું કે ખોટી રીતે શરૂઆત કરી હતી. શું કામ આવ્યો એમ પૂછવાનુંય અજુગતું લાગ્યું. હું અહીં છું એની તને જાણ ક્યાંથી થઈ એવી પૃચ્છાનોય કોઈ મતલબ નહોતો. ખુદ વિદ્યાપતિ જ ખામોશ રહીને ધારદાર નજરે પોતાને પૂછી રહ્યો હતો : શું કામ જયુ, શા માટે તેં આ માર્ગ અપનાવ્યો ? અને એ પણ મને જાણ કર્યા વિના !

'વિધુ, આજે કેસીનોમાં નથી ગયો ?'

માણસ પોતે જવાબ આપી શકે તેમ ન હોય ત્યારે સવાલો પણ ખોટા જ પૂછી બેસે છે.

'કેસીનો !' વિદ્યાપતિના અવાજમાં ધાર નહીં, ભીનાશ વર્તાઈ : 'જેને જિગરથી પણ વધુ વહાલો ગણ્યો હોય એ જયદેવ જિંદગીનો જુગાર ખેલવા તૈયાર થયો હોય ત્યારે કેસીનોમાં જઈને પરાયા લોકોને જુગાર રમાડવાનું મન કોને થાય ?'

ત્યારે જયદેવથી નિસાસો નખાઈ ગયો : 'જાણું છું કે જિંદગીના જુગારખાનાનો હું સાવ અણઘડ ખેલાડી છું... પણ દોસ્ત, હવે દાવ ખેલી જ નાખ્યો છે તો મને રોકતો નહીં, ટોકતો પણ નહીં.'

'સાથોસાથ એય કહી દે કે જુગાર રમવાનું કારણ પણ પૂછતો નહીં.'

'ચાલ, આપણે અંદર બેસીએ.' કહીને વિદ્યાપતિનો હાથ પકડી સામેની ઓરડીમાં લઈ ગયો. બંનેને અંધકાર પસંદ હોય તેમ બત્તીની સ્વિચ દબાવ્યા વગર જ ભીંતને અઢેલી ચટાઈ પર બેઠક લઈ લીધી.

'છેલ્લા એક અઠવાડિયામાં એવું બધું બનતું ગયું વિધુ કે હું મૂંઝાતો ગયો.' કહીને બનારસથી આવેલા મામાના પત્રની, કૈકેયીની જેમ ઇન્દ્રાણી માએ માંગેલા વચનની અને મધરાતે જયુલીએ પોતાનું સર્વસ્વ સમર્પણ કરવાના પ્રસ્તાવની વાત તેણે મોકળા મને કહી નાખી.

સાંભળીને વિદ્યાપતિ માત્ર થોડીક ક્ષણ જ ખામોશ રહ્યો :

'આ ત્રણે વાત સાથે કટ્ટોખાનોને શું લાગેવળગે જય ? માને આપેલું વચન પાળવા તારા માટે બે દરવાજા આપોઆપ ખુલ્લા થઈ ગયા હતા. બનારસ જઈને પેલી કન્યાને પરણી જઈ શકત... અથવા જયુલીને અપનાવી એના દેશમાં જઈને વસી શકત, પણ પાપનું આ કલંક...'

'વિધુ, બંને વિકલ્પમાં વાત તો પરણી જવાની જ આવતી હતી ને...' હવે તેની દલીલમાં દઢતા આવતી ગઈ : 'ધાર કે મારે

બદલે તારી સામે આ વિકલ્પ આવ્યો હોય તો તું...'

'મારી વાત નહીં કર જય !' ઉગ્ર અવાજે તેણે સંભળાવ્યું: 'તું બરાબર જાણે છે કે રૂખીનો જખમ હજુ એટલો જ તાજો છે...'

'રૂખીનો જખમ !' જયદેવનો શ્વાસ ઘૂંટાયો : 'જેને તેં મનથી તારી માની લીધી હતી એ રૂખીનો જખમ તારા માટે તાજો છે અને જેની એ મા જણી બહેન હતી, મરતી માએ છેલ્લા શ્વાસ લેતી વેળાએ જેને મારા ખોળામાં મૂકી ને સોંપી હતી, જેની એ એક બહેન હતી એ જયદેવને થયેલો જખમ રૂઝાઈ ગયો એમ તેં માની લીધું ?'

વિદ્યાપતિને બોલવાનું કાંઈ સૂઝ્યું નહીં. એ કહી શક્યો નહીં કે ભગિની અને પ્રેયસીની જુદાઈની પીડા જુદી જુદી હોય છે. બહેનના વિયોગમાં કોઈ ભાઈ અપરિણીત રહે એવું સંસારમાં ક્યાંય જોવા મળતું નથી, જ્યારે પ્રિયપાત્રને ખાતર આખી જિંદગી જુદાઈમાં ઝૂરનારા અનેક મળી આવશે... આવું નહીં કહી શકતા વિદ્યાપતિને જયદેવે ચોંકાવ્યો.

'અને બીજી એક વાત. કદાચ તારા માન્યામાં નહીં આવે, પણ મારા મનમાં ઊગી છે એટલે કહી દઉં...' બહાર અંધકારમાં નજર તાકેલી રાખતાં એણે સંભળાવ્યું : 'એ સાંજે કુવારી દેવીનાં દર્શને ગયો ત્યારે પહેલી વાર મને એના ચહેરામાં રૂખી દેખાઈ. જાણે એ મને કહી રહી હતી, ભાઈ મને બચાવો... આ નર્કમાંથી ઉગારી લો.'

હવે વિદ્યાપતિ ધ્રૂજી ઊઠ્યો: 'નર્કમાંથી ?'

'કદાચ આ મારી ભ્રમણા પણ હોય વિધુ, પરંતુ એક કુંવારી યુવતીને ગુમ કરી દેવાય ત્યારે કાં તો એ મૃત્યુ પામીને સ્વર્ગે સિધાવી ચૂકી હોય અથવા તો જીવતી રહીને નર્કમાં સબડતી હોય... એ સિવાય એને માટે ત્રીજો કોઈ વિકલ્પ હોતો નથી.'

ઘણીવાર સુધી બંને ચૂપ થઈ ગયા. બહાર ધીરે ધીરે ખીલતો જતો સુદનો ચંદ્રમા અંધકારને વિખેરતો જતો હતો અને વિદ્યાપતિ અંદરખાનેથી ઓગળતો જતો હતો. રાજાનાં પાપનું ભાથું બાંધીને જય રૂખીની શોધમાં જઈ રહ્યો હતો. તેને રોકવાને બદલે

તો સથવારો આપવાનો હોય. છ-છ વર્ષથી રૂખીને શોધવાના માત્ર ઉપરછલા જ પ્રયાસો થયા હતા. કોઈની જુદાઈમાં ઝૂરવું એટલું જ પૂરતું નથી, એને શોધવા માટે રઝળપાટ પણ કરવી જોઈએ... જયદેવને એ માર્ગ સૂઝી ગયો હતો અને પોતે મોડો પડ્યો હતો.

'શું વિચાર કરે છે વિધુ ?'

'જે તું વિચારે છે એ !' વિદ્યાપતિએ તેનો પંજો પોતાના હાથમાં લેતાં કહ્યું : 'એક વચન આપજે, રૂખીની શોધમાં મને સાથે રાખજે.'

જયદેવ આંચકા સાથે હાથ પાછો ખેંચી લેવા માગતો હતો, પણ એમ કરી શક્યો નહીં. વિદ્યાપતિની જિદ પોતે જાણતો હતો. વચન માગવાનો એને અધિકાર પણ હતો.

'ભલે દોસ્ત, એક વાર મને દેશનિકાલ થઈ જવા દે... પછી પાપની લક્ષ્મીથી જ પાપીઓને શોધવામાં આપણે સાથે જ રહીશું બસ.'

'બસ.' વિદ્યાપતિને ત્યાર પછી કાંઈ કહેવા-પૂછવા જેવું રહ્યું નહીં. જયદેવ સાથે ત્યાં જ રાત વિતાવી નાખવાની ઇચ્છા તો ઘણી જોર કરી ગઈ, પણ પેલા રાણાને પોતે ઘેર બેસાડીને આવ્યો હતો એટલે સવારે આવું છું કહીને એ રવાના થયો.

O O O

ચટાઈ પર શરીર લંબાવી, હાથનો તકિયો બનાવી, જયદેવ વીતેલા જીવનનાં સુખદુઃખનાં સંભારણાં વાગોળતો નિદ્રા અને તંદ્રા વચ્ચેની અવસ્થામાં ઊંઘતો-જાગતો પડ્યો હતો ત્યાં અચાનક તીણી ચીસ સાંભળીને સફાળો બેઠો થઈ ગયો.

કોણ છે ? એવો પોકાર પાડવા જતો હતો ત્યાં ખ્યાલ આવ્યો કે પોતે ઘરમાં નહીં, પશુપતિનાથ મંદિરના આશરે રાત ગુજારી રહ્યો હતો. ઓરડીનાં ઉઘાડાં બારણાં વચ્ચેથી ચંદ્રનો આછો પ્રકાશ ચટાઈ પર પથરાઈ ગયો હતો અને બહાર તમરાંના અવાજ સિવાય બધું જ સૂમસામ હતું.

તો પછી પેલી ચીસ ?

ધબકતી છાતી પર હાથ રાખી તેણે જાત સાથે દલીલ કરી જોઈ : ખરેખર એ ચીસ હતી કે ભ્રમણા ? પોતે દુઃસ્વપ્નમાં કોઈ સ્ત્રીની ચીસ તો નહીં સાંભળી હોય ? કદાચ ઊંઘમાં રૂખીને યાદ કરતાં કરતાં એની ચીસ સાંભળવાનો આભાસ થયો હશે...

તેને યાદ આવ્યું. રૂખીએ આવી જ રીતે એક વાર તીણી ચીસ પાડી હતી. પોતે એને સાઇકલ પછવાડે બેસાડી સ્કૂલે મૂકવા જઈ રહ્યો હતો. સામેથી ટૂરિસ્ટ બસ પુરપાટ ધસી આવતી હતી. કોણ જાણે કેમ, ડ્રાઇવરે વાહન પર કાબૂ ગુમાવ્યો. તે બસ સીધી એની સાઇકલ પર ધસી આવી. છેક છેલ્લી ઘડીએ હૅન્ડલને ઝાટકો મારીને તેણે સાઇકલ તારવી લીધી. પણ એ પહેલાં રૂખીના મોંમાંથી એક ભયાનક ચીસ નીકળી ગઈ હતી. બચી ગયા પછી પણ એનો ભયભીત ચહેરો જોઈને પોતે છળી પડ્યો હતો. હેબતાઈ ગયેલી રૂખી ચોવીસ કલાક સુધી અબોલ રહેલી. ઘરના સૌને ઉચાટ થયો, કદાચ આઘાતને લીધે એ જિંદગીભર અવાચક તો નહીં બની જાય ને ? માંડમાંડ એને બોલતી કરી ત્યારે આંસુ ઊભરાતી આંખે પહેલું જ વાક્ય એણે એ ઉચ્ચાર્યું કે – ભાઈ, મારે કારણે તમે મૃત્યુની હડફેટમાં આવી જાત.... ફરી ક્યારેય મને સ્કૂલે મૂકવા નહીં આવતા!

- અરે ગાંડી, તું તો પાછળ બેઠી હતી. તને લીધા વગર સાઇકલ પર એકલો જતો હોત તોપણ આવું જ બનત.

તેના જવાબમાં એ બોલી ગયેલી : નહીં મોટાભાઈ, હું છું જ અપશુકનિયાળ. મારો જન્મ થયો અને બે જ વર્ષમાં મા તમને છોડીને ચાલી ગઈ...

- મને એકલાને નહીં, આપણને બંનેને છોડીને ચાલી ગઈ. એમાં અપશુકનિયાળ શાની ?

ત્યારે એણે નિસાસો નાખ્યો હતો : તમને ખબર નથી. બાપુએ મારા જન્માક્ષર તૈયાર કરીને પેટીમાં સંતાડી રાખ્યા છે. એમાં મારું કમોત લખાયું છે.

- હેં ! તને એવું કોણે કહ્યું ?

થોડીવાર એ ખામોશ રહી હતી. પછી ગરદન ઝુકાવીને આંખોની પાંપણ ઢાળી દેતાં બોલી ગયેલી : એકવાર ચોરીછૂપીથી

એ જન્માક્ષર કાઢી હું પશુપતિનાથ મંદિરમાં પધારેલા એક ભવિષ્યવેત્તાને દેખાડી આવી હતી. એણે મને ચોખ્ખેચોખ્ખું તો નહોતું કહ્યું, પણ છોકરી, સાચવીને રહેજે, તને ચૂંદડીએ મંગળ છે એવી ચેતવણી આપી દીધી.

- એ જો ખરો જાણકાર હોત તો પહેલવહેલાં તને એમ કહેત કે આ જન્મપત્રિકા તું ચોરીછૂપીથી લઈ આવી છો.

એ વખતે પિતાજી આવી ચડ્યા એટલે વાત અટકી ગઈ અને નવ વર્ષમાં પછી ક્યારેય અકસ્માતની એ ઘટના યાદ આવી નહોતી, કદી પેલી ચીસ પણ ઊંઘમાં સંભળાઈ નહોતી... તો પછી અત્યારે જ એ મરણચીસ કેમ તાજી થઈ ?

અમંગળ વિચારને મનમાંથી હઠાવી દેવા ફરી એણે ચટાઈ પર લંબાવ્યું. અણગમતી વાતને આઘી ઠેલવા માટે માણસ મનગમતી વ્યકિતને વિચારે ચડી જવાનો ઉપાય અજમાવે છે તેમ જયદેવ જ્યુલીને યાદ કરવા લાગ્યો... પણ પલટાયેલા સંજોગોમાં ગમે તેને યાદ કરવાથી ઊંઘવાને બદલે પીડા જ જાગવાની હતી. થોડીવાર પડખાં ફેરવીને એ બેઠો થયો. બહાર ખુલ્લામાં લટાર મારવાથી મનનો સંતાપ ઓછો થશે એમ માનીને ઊભો થયો. કોઈકની ચીસે પોતાના કંઠમાં જગાડેલી પ્યાસ છિપાવવા માટે નળમાંથી પાણી પીધું.

આકાશમાં લટાર મારતાં વાદળો વચ્ચે તારાઓ સંતાકૂકડી રમતા હતા. ફાગણ સુદ આઠમના અર્ધ ચંદ્રમાને નિહાળતો જયદેવ પાળી પાસે જઈને ઊભો રહ્યો. પાતળી બાગમતી નદીનાં સ્થિર પાણીમાં પડતું અર્ધ ચંદ્રનું પ્રતિબિંબ શિવની જટામાં ચમકતા પ્રતીક જેવું લાગ્યું. સમસ્ત પ્રકૃતિ જાણે પોઢી ગઈ હોય એવી ચોતરફ છવાયેલી નીરવતા નિહાળી લઈ જયદેવ પાછો ફરી જવા પગ ઉપાડતો હતો ત્યાં એની નજર નદીના ઘાટ પર જલતી ચિતા પર ચોંટી ગઈ. થોડી વાર પહેલાં જ ચિતા પ્રગટાવી હોય એવું લાગતું હતું. આસપાસ ઊભેલા સાત-આઠ ડાઘુઓ અગ્નિને સતેજ કરવા જાત જાતની ચેષ્ટામાં પડેલા દેખાયા. અગ્નિસંસ્કાર આટોપીને જલદી પાછા ફરી જવાની ઉતાવળમાં હોય એવી એમની હિલચાલ જણાતી હતી. મૃતદેહ બળીને પૂરેપૂરો ભસ્મીભૂત થઈ જાય

ત્યાર પહેલાં સ્વજનો મરનારની જલતી ચિતા છોડીને ચાલ્યા ન જાય એટલા ખાતર જ સમાજે અસ્થિ એકઠાં કરવાની પ્રથા અપનાવી હશે.

સ્મશાન વૈરાગ જેવી અવસ્થા અનુભવતા જયદેવે ઓરડીમાં પાછા ફરી ઊંઘી જવા માટે ચટાઈ પર લંબાવ્યું. મહારાજાનાં પાપ અંગિકારની અગ્નિપરીક્ષા પહેલાં હજુ તેણે એક અઠવાડિયા સુધી સમાજના તિરસ્કારનો સામનો કરવા માટે સ્વસ્થ રહેવાનું હતું અને સ્વસ્થ રહેવા માટે અજંપા વગરની ઊંઘ બહુ જરૂરી હતી.

કદાચ એને એવી ઊંઘ આવી ગઈ હોત પણ દૂરથી સંભળાતા બે વાગ્યાના ડંકાએ તેને ઝબકાવી દીધો. શરીરમાં વિચિત્ર ઝણઝણાટી જાગી ઊઠી. અચાનક જોશ આવ્યું હોય તેમ એ બહાર ધસીને પાળી પાસે પહોંચી ગયો. તેનું અનુમાન સાચું નીકળ્યું. પેલી ચિતા જલતી હતી, પણ આજુબાજુ એકેય ડાઘુ દેખાતો નહોતો!

પાળી પર મુઠ્ઠી પછાડતાં એણે જાતને ઠપકો સંભળાવ્યો: પહેલાં કેમ મને આનો ખ્યાલ ન આવ્યો ? કાંડાઘડિયાળ વગર મંદિરના એકાન્ત વાતાવરણમાં સમયનો અંદાજ કેમ કળી ન શક્યો? ડંકા સંભળાયા ત્યારે જ ભાન થયું કે બે વાગી ગયા છે... પણ મધરાત પછી ઘાટ પર કોઈને અગ્નિદાહ આપવાની પરવાનગી જ ક્યાં છે?

દૂર ભડભડ બળતી ચિતાને એ એકીટશે જોઈ રહ્યો. જાણે એ ચિતા જ ચીસ પાડતી હોય એવો આભાસ થયો. દોડીને ત્યાં પહોંચી જવાની જિજ્ઞાસા જોર કરી ઊઠી, પણ જોશને તેણે અંકુશમાં રાખવું પડ્યું.

હા. ક્યારેક, કોઈક અસાધારણ સંજોગોમાં રાતના બાર પછી અગ્નિદાહની ખાસ પરવાનગી રાજ્ય તરફથી અપાય છે ખરી... વર્ષો પહેલાં રાજકુટુંબમાં કોઈનું રહસ્યમય મૃત્યુ થયું ત્યારે આવી રીતે અંધકારમાં લોકોની જાણ બહાર ચિતા જલી હતી એવું પિતાજીએ કહેલું... પણ પેલા ડાઘુ રાજમહેલના માણસો જેવા લાગ્યા નહોતા. તો પછી કોઈએ વગર પરવાનગીએ મૃતદેહનો નિકાલ કરી નાખ્યો હશે?

મૃતદેહનો કે કોઈ જીવતી વ્યક્તિનો?

વિચાર આવતાં જ ચિતાની જ્વાળા આટલે દૂરથીય તેને દઝાડી ગઈ. તો શું પોતે સાંભળેલી સ્ત્રીની ચીસ કોઈ ભ્રમણા નહોતી? પણ મારા સિવાય બીજાનેય ચીસ સંભળાવી જોઈએને... મંદિરમાંથી બીજું કોઈ પણ જાગી જવું જોઈએને...

તર્ક-વિતર્ક કરતો જયદેવ એકચિત્ત બની અગ્નિજ્વાળામાં ઓગળી જતી ચિતાને જોતો જ રહ્યો. જ્વાળા શમી જઈને અંગારામાં બેસી ગઈ ત્યારે જાણે કોઈ ખેંચી રહ્યું હોય તેમ એણે યંત્રવત્ પગ ઉપાડ્યા. ચાલતાં ચાલતાં પાછળ ઊતરી જવાનો રસ્તો શોધી કાઢ્યો. પાળી વટાવીને નીચે ભૂસકો માર્યો ત્યારે થોડીવાર માટે સૂમસામ વાતાવરણ ખળભળી ઊઠ્યું. જયદેવ પણ ચોરની સાવચેતીથી ઘડીભર સ્થિર થઈ ગયો. તેને પોતાને સમજાતું નહોતું કે પોતે ચિતા તરફ ચોર પગલે શું કામ જઈ રહ્યો છે!

નદી વટાવી સામી બાજુના ઘાટ પર પહોંચ્યો ત્યારે ચિતાની નજીક જતાં તેના પગ થંભી ગયા. થોડીવાર આજુબાજુ દૂર સુધી જોઈ લીધું, કોઈ પોતાને જોતું નહોતું.... એ જરા આગળ વધ્યો. અંગારાની ગરમી મહેસૂસ કરી. શરીરનું એકાદ અંગ પૂરું બળ્યા વગર ચિતા પરથી સરકી પડેલું દેખાયું, પણ એના પરથી તાગ ન નીકળ્યો કે ચિતાએ ચઢનાર વ્યક્તિ સ્ત્રી હતી કે પુરુષ!

ચિતા ફરતે એક-બે ચક્કર લગાવી એ મૂંઝવણમાં પડી ગયો. હવે શું કરવું ? હતાશ થઈને એ પાછા ફરવાનું વિચારતો હતો ત્યાં યાદ આવ્યું, સ્મશાનઘાટનો રખેવાળ નજીકમાં જ રહે છે. કોને અગ્નિદાહ અપાયો તેની એને તો જાણ હશે જ ને.

ઉતાવળે પગલે એ ચઢાણ વટાવી પતરાના ઝૂંપડા જેવા ઘર પાસે જઈ પહોંચ્યો. રખેવાળને હાંક મારવાનું વિચારતો હતો ત્યાં ખાટલા પર ઘોરતો આદમી નજરે પડ્યો. ખભો હલાવીને તેને ઢંઢોળવા માટે જયદેવ જરા ઝૂક્યો ત્યાં પેલાના શ્વાસમાંથી ફેલાતી ગંધનો ધક્કો લાગ્યો હોય તેમ એ પાછો હઠી ગયો : આ માણસ તો ચિક્કાર ઢીંચીને સૂતો લાગે છે ! ખાટલાના પાયા પાસે પડેલી નેપાલી દારૂની બે ખાલી બૉટલો નજરે પડી ત્યારે વહેમ પાકો થયોઃ કોઈએ બાટલી લાવીને આને ઢીંચાડ્યો લાગે છે.

મધરાત પછી કોઈને અગ્નિદાહ આપતાં પહેલાં સ્મશાનના રખેવાળને દારૂના નશામાં ઘોંટાડી દેવો એનો અર્થ સમજાઈ જાય એવો હતો. કદાચ આ માણસને ખબર પણ નહીં હોય કે રાત્રે ચોરીછૂપીથી કોઈને ચિતા પર ચઢાવી દેવાનું કાવતરું ઘડાયું હતું.

દારૂથી ગંધાતો રખેવાળ જાગવાનો નહોતો છતાં પોતાની ગંધ ન આવી જાય એવી સાવચેતીભેર જયદેવ ઝડપથી પાછો જવા લાગ્યો. ચિતા પરથી પસાર થતો હતો ત્યારે પગ નીચે કાંઈક કચડાઈને તૂટવાનો અવાજ આવ્યો અને એ થંભી ગયો. નીચા નમીને જોયું તો ઝીણી ઝીણી કોડીની માળા હાથમાં આવી. પગ નીચે કચડાવાથી તેની બેચાર કોડીઓ તૂટી ગઈ હતી.

કોડીની માળા જોતાં તેણે બુઝાતી ચિતા તરફ નજર નાખી: આનો અર્થ એ કે કોઈ કુંવારી યુવતીને ચિતા પર ચઢાવી દેવામાં આવી !

માળા ખિસ્સામાં સરકાવી દેતો જયદેવ ઝનૂનભેર આગળ વધ્યો. તેને હવે ખાતરી થઈ ચૂકી હતી કે પોતે સાંભળેલી ચીસ ભ્રમણા નહોતી. એક જીવતી કન્યાને ચિતા પર સળગાવી દેવામાં આવી ! ગાયબ થઈ જતી કન્યાઓનો શું આ રીતે જ નિકાલ થઈ જતો હશે?

તેને રૂખી યાદ આવી ગઈ. દિમાગમાં ખળભળાટ મચી ગયો. જેની શોધ માટે મહારાજનાં પાપ લેવા પોતે તૈયાર થયો હતો એ બહેન શું આ રીતે રાખ બનીને નેપાલની ધરતીમાં જ ભળી ગઈ ? શું મારો ગૃહત્યાગ અને દેશનિકાલ વ્યર્થ જશે ?

બહેન જીવતી હોવાથી જયદેવની આસ્થા ઘડીભર માટે ડગી ગઈ. ત્યાં મગજમાં ઝબકારો થયો. તો પછી ગાયબ થયેલી એક-બે કન્યા કઈ રીતે પાછી આવી ? પાગલ થઈને આવેલી એક યુવતીના શરીર પર તો અત્યાચારનાં નિશાન પણ હતાં. ભારતની સરહદ ઓળંગીને એને રખડતી-ભટકતી નેપાલ આવતી નજરે જોનારા એક-બે સાક્ષીઓ પણ હતા. પાગલખાનાના ડૉક્ટરે નિદાન કર્યું હતું કે અત્યાચાર અને બળાત્કારના આઘાતે એનું મગજ ચસ્કી ગયું... તો શું અત્યારે જે ચિતામાં સળગીને રાખ બની ગઈ એને નેપાલની હદબહાર મોકલવામાં દાનવો ફાવ્યા નહીં હોય ?

ધીમે ધીમે જયદેવે ફરી મનોબળ દૃઢ કરી લીધું. કદાચ રૂખી જીવતી હોય તોપણ હવે પોતે પીછેહઠ નહીં કરે. ભૂતકાળમાં ગુમ થયેલી અને ભવિષ્યમાં અપહરણનો ભોગ બનનારી દરેક કન્યા પોતાની બહેન જેવી જ છેને ! કોઈકે તો એના ભાઈ બનવું જ પડશે, કોઈકે તો બલિદાન આપવું જ પડશે...



આખી રાતની ઉજાગરાવાળી આંખે જયદેવે બે-ત્રણવાર બારણાં ખખડાવવાં પડ્યાં. ઊંઘભરેલી આંખો ચોળતો વિદ્યાપતિ દરવાજે ઊભેલા જયને જોઈ ચોંકી ઊઠ્યો : 'જયુ તું ?' અચાનક આવવાનું કારણ પૂછવા જતો હતો, પણ દોસ્તના ચહેરા પર વ્યથાનાં વાદળ ઘેરાયેલાં જોઈ કાંઈક અજુગતું બન્યાનો અણસાર આવી ગયો.

'મને હતું કે કદાચ કેસીનોમાંથી પાછો ફર્યો નહીં હો.' અસ્તવ્યસ્ત ઘરમાં સોફા પર પડેલાં કપડાં ખસેડતાં જયદેવે બેઠક લીધી: 'ટેલિફોન પર કહેવા જેવું નહોતું એટલે દોડી આવ્યો.'

ત્યારે વિદ્યાપતિની આંખોમાં ઊંઘને બદલે જિજ્ઞાસા આળોટવા લાગી. પોતાની રાત પણ ભારે વિમાસણમાં વીતી હતી. રાણાએ બૅન્કલૂંટમાં જોડાવા માટે પ્રસ્તાવ મૂકીને જતાં જતાં કહ્યું હતું : સવાર સુધીમાં નક્કી કરીને જણાવી દેજે. તારો દોસ્ત રાજાનાં પાપ ગ્રહણ કરીને દેશ છોડી જવાનો છે ત્યારે આપણે વિમાનનું અપહરણ કરીને રાજાની બૅન્ક લૂંટવાની છે....

'તું હજુ ઊંઘમાં છો કે કોઈ દ્વિધામાં ?' જયદેવે અધીરાઈ-ભેર કુર્તાના ખિસ્સામાંથી કોડીની માળા કાઢીને તેની સામે ધરી દીધી: 'કાલે રાતે એક ભયાનક ઘટના બની ગઈ વિધુ ! આ માળા પહેરનારી કન્યાને મધરાતે સ્મશાનઘાટ પર જીવતી સળગાવી દીધી.'

આંચકા સાથે વિદ્યાપતિ ટટ્ટાર થઈ ગયો. રાતની ઘટના સાંભળતો ગયો તેમ રોષથી એનાં રૂવાડાં ઊભાં થતાં ગયાં. આંખોમાં અંગારા તગતગવા લાગ્યા.

'વિધુ, તારી જેમ હુંય ક્રોધથી ખળભળી ઊઠ્યો હતો.' ઘટના આટોપી લેતાં તેણે ઉમેર્યું : 'પણ પહેલાં આપણે તપાસ કરવી જોઈએ કે દરબારની પરવાનગીથી ખરેખર કોઈ મૃત્યુ પામનાર

વ્યક્તિને અગ્નિસંસ્કાર તો નથી અપાયા ને ? કદાચ મેં સાંભળેલી ચીસ એક ભ્રમ પણ હોઈ શકે !'

'નહીં !' બંને હાથની મુઠ્ઠીમાં રોષ ઘૂંટતો વિદ્યાપતિ બરાડી ઊઠ્યો : 'જયુ, આ માળા પહેરનારી કોણ હતી ખબર છે ?'

'કુંવારી કન્યા આપણે ત્યાં આવી માળા પહેરે છે.'

વિદ્યાપતિએ દોરાનો એક છેડો પકડી કોડીની માળા તેની નજર સામે લટકાવી રાખી હતી. તેના દાંત ભીંસાતા જતા હતા અને જડબાં તંગ થતાં જતાં હતાં. ઘૂંટાતા શ્વાસે હૃદયદ્રાવક અવાજે બોલતાં એની આંખો ભભૂકી ઊઠી : 'જયુ, કોડીની આ માળા કુંવારી કન્યાની નહીં, કુંવારી દેવીની હતી !'

'કુંવારી દેવી !' ખળભળી ઊઠ્યો જયદેવ : 'તને કેમ ખબર પડી વિધુ ?'

'રાતે બાર વાગે જ્ઞાનચંદ અહીં આવ્યો હતો. તેર વર્ષ પહેલાં એની એકની એક પુત્રી નંદાની કુંવારી દેવી તરીકે સ્થાપના થઈ હતી. સાત વર્ષ અગાઉ એ કુંવારી દેવીના પદેથી ઊતરી ગયા પછી માબાપ સાથે રહીને ભણતી હતી. ચાર દિવસ પહેલાં જ એ ગાયબ થઈ ગઈ.'

'ચાર દિવસ પહેલાં !' જયદેવ ધ્રૂજી ઊઠ્યો : 'એટલે કે મહારાજા શ્રીપાંચના મૃત્યુને બીજે દિવસે...'

'હા, આટલા દિવસ ઘરવાળાએ જાહેર કર્યું નહીં, છાના છાના ઘણી તપાસ કરી... કાલ રાતે મારી પાસે આવીને જ્ઞાનચંદ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો.' બોલતાં વિદ્યાપતિ પોતે જ ગળગળો થઈ ગયો : 'એક વખત કુંવારી દેવીના પદે રહી ચૂકેલી કન્યા જેને આપણે પૂજતા હતા, જેની સમક્ષ મહારાજા પોતે મસ્તક નમાવતા હતા એને ઉઠાવી જઈ, ભોગવટો કરી જીવતી ચિતા પર ચડાવી દેનાર રાક્ષસ આપણા દેશમાં...'

આક્રોશ અને ઉદ્વેગના વમળમાં તેના છેલ્લા શબ્દો ગળા વચ્ચે જ અટવાઈ ગયા.

જયદેવના હૃદયમાં ઉલ્કાપાત મચી ગયો. આવું મહાપાપ થવા છતાં આ ધરતી ફાટી કેમ ન પડી ? બધા દેવો અને મંદિરો ધરતીમાં ગરક કેમ ન થઈ ગયાં ?

સાત

શુક્રવારનો સૂર્ય હિમાલય પર્વતમાળાનાં ઊંચાં શિખરો પાછળથી ડોકિયું કરવાની તૈયારીમાં હતો. પૂર્વ દિશામાં આકાશ સૂર્ય દેવના સ્વાગત માટે રંગબેરંગી જાજમ બિછાવી રહ્યું હતું ત્યારે જયદેવ માતૃભૂમિની માટીનો સ્પર્શ માણતો ઉઘાડા પગે ઉતાવળી ચાલે લટાર મારી રહ્યો હતો. આજનો સૂર્યોદય વતનની ધરતી પરનો અંતિમ સૂર્યોદય બની રહેવાનો હોવા છતાં સૂરજ ઊગી જવાની તેને અધીરાઈ જાગી હતી. કારણ કે સૂરજના આગમનની સાથોસાથ બીજા કોઈનું પણ આગમન થવાનું હતું.

કેવા અજંપામાં એણે આખું અઠવાડિયું વિતાવ્યું ! મહારાજાનાં પાપ અંગીકાર કરવા તૈયાર થયેલા એક વિદ્વાન સંસ્કારી બ્રાહ્મણને લોકો કૌતુક અને તિરસ્કારની નજરે જોવા આવતા હતા. કેટલાક તેની દયા ખાતા તો કોઈકની નજરમાં તેને ઇર્ષા દેખાતી. જાણે કહેતા હોય : મહારાજા મૃત્યુ પામ્યા એમાં આ જુવાન લખપતિ બની જવાનો.... કેટલાક આગાહી કરતા હતા : પાપ સ્વીકારવા માટે પુત્રે ગૃહત્યાગ કર્યો તેના આઘાતથી પિતા રાજપુરોહિતની ગાદી ત્યજી દેશે... એક વિદેશી યુવતીમાં મોહાન્ધ બનીને આ આદર્શવાદી છોકરો પાપની લક્ષ્મી પ્રત્યે લલચાયો, પણ પેલીની સાથે એના દેશમાં જશે એટલે ગોરી છોકરી એની બધી લક્ષ્મી પડાવી લઈ એને પડતો મૂકી દેશે... સોમવારની સાંજ સુધી તો એક બીજી પણ શક્યતા

ચર્ચાતી રહી હતી : કટ્ટોખાનો માટે જયદેવને બદલે બીજા જ બ્રાહ્મણની પસંદગી થશે. રાજપુરોહિતે જ આ બ્રાહ્મણને ઊભો કર્યો છે. એ બિચારો સાવ દરિદ્રી હતો. એક જ જોડી કપડામાં મંદિરમાં ભટકીને પેટ ભરતો હતો. એને પકડી લાવીને રાજપુરોહિતે પાપની લક્ષ્મીનો ઉમેદવાર બનાવી દીધો. જયદેવને બદલે એના પર પસંદગી ઊતરશે તો પેલો બિચારો આટલા બધા પૈસા જોઈને પાગલ જેવો થઈ જશે અને રખડી પડેલો જયદેવ નહીં ઘરનો રહે કે નહીં પેલી વિદેશી છોકરીનો!

એટલે જ સોમવારની સાંજે ઉમેદવારની પસંદગીનો ફેંસલો સાંભળવા માટે રાજમહેલની બહાર હજારો માણસોની ભીડ જામી હતી. જયદેવને પશુપતિનાથ મંદિરથી રાજદરબારની પરદાવાળી બંધ મોટરમાં લાવવો પડ્યો હતો. બે ચોકીદારો વચ્ચે નમ્રભાવે અને નિરાંતવી ચાલે જયદેવ દરબારહૉલમાં દાખલ થયો ત્યારે બધાની નજર તેને ટાંપી રહી. કોઈકને તે ફાંસીની સજા સાંભળવા આવેલા ગુનેગાર જેવો લાગતો તો કેટલાકને એ પાપના માર્ગે આગળ વધતા પામર જેવો લાગતો હતો ! ખંડની છતનાં મૂલ્યવાન ઝુમ્મરો મહારાજાના અવસાનનો શોક પ્રદર્શિત કરતાં હોય તેમ રોશની વગરનાં લટકતાં હતાં. સ્વર્ગવાસી મહારાજાનું ભવ્ય સિંહાસન ખાલી પડ્યું હતું. તેની બાજુમાં યુવરાજ ચંદ્રભૂષણ બિરાજેલા હતા. બંને બાજુની પહેલી હરોળમાં માનનીય પ્રધાનો અને મહાનુભાવોએ બેઠક લીધી હતી. રાજગુરુ મહામાયાપ્રસાદની બાજુની રાજપુરોહિતની ગાદી ખાલી જોઈને જયદેવનું હૃદય બેચાર ધબકાર ચૂકી ગયું : મારું મોં જોવું ન પડે એ ખાતર પિતાજી ગેરહાજર રહ્યા હશે. કદાચ બીજાને પોતાનું મોં દેખાડતાં શરમ પણ આવતી હશે...

શોકસભા ભરાઈ હોય તેમ બધા ઉદાસ મુખ પર ગંભીર ભાવ ધારણ કરીને બેઠા હતા. પોતાનો હરીફ બનનાર પેલો બિચારો ગરીબ બ્રાહ્મણ જયદેવને સૌથી વધુ દુઃખી દેખાતો હતો !

યુવરાજની આજ્ઞા અને રાજગુરુના સૂચનથી બે ઉમેદવારો વચ્ચેની પસંદગીની કામગીરી શરૂ થઈ. બંનેનાં અરજીપત્રકો વાંચી સંભળાવવામાં આવ્યાં. પહેલો બ્રાહ્મણ : જયદેવ ગૌરીશંકર આર્ય.

ઉંમર વર્ષ ૨૬. બનારસ વિદ્યાપીઠનો સ્નાતક, કૉલેજમાં બે વર્ષ ઇતિહાસ અને સંસ્કૃતિનો અધ્યાપક, હાલમાં ગાઇડનો વ્યવસાય. કોઈ વ્યસન નહીં અને અવિવાહિત... બીજો બ્રાહ્મણ : તુળજાશંકર ઉમિયાશંકર ત્રિવેદી. ઉંમર વર્ષ આશરે ૩૮. અભ્યાસ સાત ચોપડી. મંદિરોમાં પ્રભુભક્તિ અને દર્શનાર્થીઓની સેવા-ચાકરી. વ્યસન સોપારીનું અને કુટુંબ પરિવારમાં કોઈ નહીં.

પોતાની વિગત સાંભળીને તુળજાશંકર પોતે જ ભોંઠપ અનુભવતો ક્યાંય સુધી ગરદન ઢાળીને બેસી રહ્યો હતો.

'હવે બંને બ્રાહ્મણોને રાજગુરુ કેટલાક પ્રશ્નો પૂછશે.' કારભારીએ બીજી વિધિનું એલાન કર્યું : 'દરેક પ્રશ્નના બંનેએ એક પછી એક જવાબ આપતા જવાના.... ઉંમરમાં મોટો હોય તેનો વારો પહેલો.'

અને પરીક્ષાની શરૂઆત થતી હોય તેમ બધાની નજર રાજગુરુ તરફ દોરાઈ. ધીર ગંભીર અવાજે રાજગુરુ મહામાયાપ્રસાદે શરૂઆત કરી :

-કટ્ટાખાનોની આ વિધિના નિયમો વિષે તમે પૂરેપૂરા જાણકાર છો ખરા ?

જવાબ સાંભળવા માટે બધાએ ડોક બંને ઉમેદવારો તરફ ફેરવી. તુળજાશંકરે હકારમાં જવાબ આપવા અધીરાઈથી બે-ત્રણ વાર ગરદન હલાવી, જ્યારે જયદેવે સ્વસ્થ અવાજે 'જી હા, આ વિધિના નિયમો તેમજ બંધનોથી હું પૂરેપૂરો વાકેફ છું.' કહીને ઉત્તર આપ્યો.

બીજા પ્રશ્નમાં રાજગુરુએ પૂછ્યું: સ્વર્ગવાસી મહારાજા શ્રીપાંચનાં પાપ ગ્રહણ કરવા માટે તમે કોઈના દબાણને વશ થયા છો કે રાજીખુશીથી નિર્ણય લીધો છે ?

ત્યારે તુળજાશંકરને જવાબ શોધતાં વાર લાગી. થોથવાતી જીભે એણે કહ્યું : 'નામદાર, દબાણ કરે એવું તો કોઈ મારે છે જ નહીં. હું એકલો માણસ છું, રાજીખુશી જ તૈયાર થાઉં ને.'

તેનો જવાબ પોલો લાગ્યો હોય તેમ રાજગુરુએ જયદેવ તરફ જોયું ત્યારે સૌને સાંભળવા મળ્યું : 'બહુ વિચાર કરીને મેં

આ નિર્ણય લીધો હતો. મારી પોતાની રાજીખુશી તો હતી જ, પણ બીજા બધાને મારા આ પગલાથી નારાજ કર્યા... પાપ ગ્રહણ કરનાર માણસ લોભી જ હોય એવું સૌ માની લે છે.'

ખંડમાં બેઠેલા સૌને આ કટાક્ષ સહેજ ખટક્યો છતાં જયદેવનો જવાબ અજુગતો ન લાગ્યો.

-કટ્ટોખાનો ભોજનમાં આરોગ્યા પછી સ્વર્ગસ્થનાં પાપ તમારી કાયામાં પ્રવેશ કરે અને તમે પાપના પંથે દોરાઈ જાવ એવો ભય તમને લાગે છે ?

જવાબમાં તુળજાશંકરે નકારમાં ડોકું ધુણાવી દીધું, પણ જયદેવે વાણીનો સહારો લીધો : 'જેમને આપણે શ્રીપાંચનું સંબોધન કરતા હોઈએ, જેમને પૂજવાલાયક માનતા હોઈએ એ મહારાજાનાં પાપ એવાં તો ન જ હોઈ શકે કે તેની અસરથી માણસ પાપના પંથે દોરાઈ જાય.'

સાંભળીને રાજગુરુ અને બીજા ઘણા બધાના ચહેરા પર પ્રસન્નતા ઝબકી ઊઠી, પણ યુવરાજ ચંદ્રભૂષણ જરા અસ્વસ્થ થતા દેખાયા.

-ધારો કે પાપ અંગીકાર કરવાના બદલામાં તમને કાંઈ જ દાન મળવાનું ન હોય તો તમે એને માટે તૈયાર થાત ખરા?

તુળજાશંકર માટે આ પ્રશ્ન અણધાર્યો અને આઘાતજનક હોય તેમ એ મૂઢની જેમ ચકળવકળ આંખે સૌને જોતો રહ્યો. પણ જયદેવે તેને જવાબ આપવાની દ્વિધામાંથી ઉગારી લીધો : 'રાજગુરુ, આપ તો જ્ઞાની છો, શાસ્ત્રના પંડિત છો છતાં મારા જેવા અધૂરું જ્ઞાન ધરાવતા પાસેથી બોલાવવા માગો છો કે બ્રાહ્મણને દાન આપ્યા વગરની કોઈ પણ વિધિ શાસ્ત્રોક્ત ગણાતી નથી!'

તેના હાજર જવાબથી આખો ખંડ ડઘાઈ ગયો. જયદેવે દોઢ-ડહાપણ વાપર્યું હોય એવું લાગ્યું, પણ રાજગુરુના મુખ પર સંતોષના ભાવ પ્રગટ થયા ત્યારે બધાએ પોતાનો અભિપ્રાય બદલી નાખવો પડ્યો. ગમે તેમ તો રાજપુરોહિતનો પુત્ર છેને !

આગળ પ્રશ્ન પૂછવાને બદલે રાજગુરુએ યુવરાજ તરફ દૃષ્ટિ કરી, સંકેતમાં સમજાવ્યું કે પરીક્ષા પૂરી થઈ. થોડીવાર માટે સૌ

વિમાસણમાં પડી ગયા. ત્યાં રાજગુરુ એમની બેઠક પરથી ઊભા થયા.

'વધુ પ્રશ્નો માટે હવે કોઈ અવકાશ નથી.' સભાખંડમાં બેઠેલા બધા તરફ નજર પ્રસરાવતાં એમણે કહેવા માંડ્યું : 'એકને બદલે બે વ્યકિત વચ્ચે પાપ ગ્રહણ કરવાની સ્પર્ધાનો અવસર ભાગ્યે જ ઉપસ્થિત થાય છે. અગાઉ તો રાજ્ય તરફથી આવી લાયક વ્યકિતની શોધ થતી. પાપ લેનાર બ્રાહ્મણ સાચા અર્થમાં પુણ્યશાળી હોય એ જોવામાં આવતું. ધીમે ધીમે આ પ્રથાનું મૂળભૂત સ્વરૂપ ઘસાતું ગયું. દાનપ્રાપ્તિ ખાતર જ પાપનો બોજ ઉઠાવવા તૈયાર થાય એને સંપૂર્ણપણે લાયક વ્યકિત ઠરાવી ન શકાય, પરંતુ સ્વર્ગવાસી મહારાજ શ્રીપાંચનાં પુણ્ય એટલાં પ્રભાવશાળી હશે કે એમનાં પાપ સ્વીકારવા માટે એક સુપાત્ર બ્રાહ્મણ અહીં ઉપસ્થિત થયો છે. સંસ્કાર, વિદ્યા, વાણી અને વર્તન... એમ બધી જ દૃષ્ટિએ આવી લાયક વ્યકિત છે જયદેવ ગૌરીશંકર આર્ય !'

આટલું કહીને રાજગુરુ અટક્યા ત્યારે દરબારહૉલમાં થોડીવાર સન્નાટો છવાઈ રહ્યો. જયદેવની પસંદગી માટે કોઈને અચરજ પામવા જેવું તો હતું જ નહીં, પણ પાપ ગ્રહણ કરનારને બદલે તેની લાયકાત બદલ પ્રશંસા થઈ એ ઘણાને બહુ કઠ્યું. કેટલાકને પેલા ગરીબ બ્રાહ્મણ માટે દયા જાગી : એ બિચારો પેટગુજારા માટે ફરી મંદિરોમાં ભટકતો થઈ જશે !

'અને જયદેવ !' રાજગુરુએ બેઠક લેતાં પહેલાં ઉમેર્યું : 'આજથી તું રાજ્યના કબજામાં રહીશ. ચાર રાત્રિ અને ત્રણ દિવસ તારે સંપૂર્ણ એકાન્તમાં ગાળવાં પડશે. તારે જોઈતી દરેક ચીજવસ્તુ તને મળશે, પણ કોઈ સ્વજન કે દેશવાસીને તું મળી શકીશ નહીં.'

ગરદન ઝુકાવીને તેણે રાજગુરુની આજ્ઞા માથે ચડાવી હતી. રાજમહેલથી ઘણે દૂર રાજબાગમાં બેઠા ઘાટના મકાનમાં ચાર રાત્રિ અને ત્રણ દિવસનો તેનો એકાન્તવાસ હવે પૂરો થવાનો હતો.

બાગની હરિયાળી વચ્ચે ઊગતા સૂર્યને નમન કરવા ઊભેલા જયદેવને પીઠ પાછળથી કોઈનાં પગલાં સંભળાયાં. કૂણી હરિયાળી પર કોમળ ગતિએ નજીક આવતી વ્યકિતનું વગર જોયે તેણે અનુમાન કરી લીધું. વહેલી સવારે જ તેને સંદેશો મળી ચૂક્યો હતો :

યુવરાજશ્રીની ખાસ પરવાનગીથી એક વિદેશી યુવતી તમને મળવા આવવાની છે.

આગળ વધતાં પગલાં લગોલગ પહોંચીને અટકી ગયાં ત્યારે જયદેવનું દિલ આવેગથી ધબકવા લાગ્યું. મળવાની તીવ્ર ઉત્કંઠા હોવા છતાં એ મિલન પીડાદાયક નીવડવાનો ભાર વર્તાતો હતો. પીઠ ફેરવીને નજર મિલાવતાં પહેલાં તેણે લાગણીના આવેગને અંકુશમાં લઈ લેવો પડ્યો.

'સૂર્યદેવની પૂજામાંથી પરવાર્યા હો તો જરા પીઠ ફેરવવાની કૃપા કરશો, મિસ્ટર જયદેવ !'

શબ્દોનું બાણ પીઠની આરપાર થઈને હૃદય વીંધી ગયું હોય એવું વસમું લાગ્યું. ખભે વીંટળાયેલી શાલ સરખી કરતાં જયદેવે ધીમે ધીમે શરીર ઘુમાવ્યું, બંનેની દૃષ્ટિ મળી અને ચારેય આંખોમાં એકસાથે વેદના ઘૂંટાવા લાગી, જ્યુલીનો નિસ્તેજ ચહેરો જોઈને જય ધ્રૂજી ઊઠ્યો અને જયદેવની આંખોમાં નીતરતી પીડા નિહાળીને જ્યુલીથી નિસાસો નંખાઈ ગયો. વિયોગ પહેલાંનું અંતિમ મિલન ઘડીભર જાણે થીજી ગયું.... સમયનું ચક્ર થોડીવાર પૂરતું થંભી ગયું!

'આંગણે આવેલા મહેમાનને આવકાર પણ નહીં આપો? ઘણીવારે જ્યુલીના હોઠ ફફડયા : 'બેસવાનુંય નહીં કહો.'

'મહેમાન !' જયદેવે હોઠ પર પરાણે સ્મિત પ્રગટાવ્યું : 'અહીં તો હું જ કોઈકનો મહેમાન છું. ચાર દિવસની એ મહેમાનગતિ હવે ચાર કલાકમાં પૂરી પણ થઈ જવાની.'

બંને ફરી ખામોશી ધારણ કરી લે એ પહેલાં સફેદ પોશાકમાં સજ્જ થયેલા ચાકરે આવીને ગરદન ઝુકાવી : 'ચા-નાસ્તો તૈયાર છે... અંદર પધારો.'

જ્યુલીએ જય સામે જોયું ત્યારે જયદેવ લુખ્ખુ હસ્યો, જાણે કહેતો હોય : તમે જેની ખાસ પરવાનગીથી અહીં પધાર્યા છો એ યુવરાજશ્રીની આજ્ઞાથી તમારી આ મહેમાનગતિ થઈ રહી છે... એનો જશ મને ન આપતા.

મૌન ધારણ કરીને ધીમા પગલે આગળ વધતાં બંને ઓસરીમાં ચાના ટેબલ ફરતાં સામસામાં ગોઠવાયાં. ચાની કીટલી,

કપ-રકાબી, નાસ્તાની ટ્રે અને પાણીના પ્યાલા સુદ્ધાં ચાંદીના જોઈને જ્યુલીની આંખો ચમકી. જયદેવે શરીરે વીંટાળેલી મૂલ્યવાન સફેદ પશમીના શાલ પર ચાંદીની જેમ ચળકતી લાગી. પોતાને સદા નિઃસ્પૃહી લાગેલા જયદેવે શું આ વૈભવ-વિલાસમાં વીંટળાઈ જવા ખાતર પાપનો સોદો કર્યો હશે ?

'સારું થયું તમે કટ્ટોખાનો વિધિ જોવા સમયસર કાઠમંડુ આવી પહોંચ્યા.' કહીને જયદેવે કીટલીમાંથી બંનેના કપમાં ચા ઠાલવતાં નિસાસો ઠાલવી દીધો : 'પણ એ વિધિની સમજ આપવા માટે હું તમારો ગાઇડ નહીં બની શકું એનું દુઃખ છે.'

ત્યારે જ્યુલી ધારદાર નજરે તેને જોતી રહી, જાણે કહેતી હોયઃ બસ, એ વાતનું જ દુઃખ છે તમને ? હું તો તમને મારા જીવનના ગાઇડ બનવા માટેનો જવાબ માગવા આવી હતી અને તમે...

'આ મુલાકાત માટે પરવાનગી મેળવવામાં તમને તકલીફ તો પડી હશે મિસ જ્યુલી.'

ચાનો ધ્રૂજતો કપ જ્યુલીના હાથમાં પકડાવતાં તેણે પૂછ્યું ત્યારે કપની જેમ જ્યુલીના હોઠ ધ્રૂજ્યા : 'તકલીફ તો ન પડી, પણ અસત્ય ઉચ્ચારવાનું પાપ કરવું પડ્યું.'

પાપ શબ્દ પર જ્યુલીએ ભાર મૂક્યો હતો કે પોતાને એવો ભ્રમ થયો?

'યુવરાજશ્રીને રૂબરૂ મળીને સમજાવ્યું કે નેપાલ પર હું એક પુસ્તક લખી રહી છું. આ વિધિ જોવા માટે અહીંનો પ્રવાસ ખાસ લંબાવ્યો. જે વ્યક્તિ મહારાજાસાહેબનાં પાપ સ્વીકારવાની છે એને મળીને વિધિ પહેલાં એની માનસસ્થિતિ સમજી લઉં તો લખાણમાં વાસ્તવિકતા લાવી શકું...'

સાંભળીને જયની પાંપણો ઢળી ગઈ. વ્યથાની ઘડી લગોલગ આવી પહોંચી હતી. હમણાં એ પૂછશે : જય, તમે આ શું કરી બેઠા ? શા માટે આવો નિર્ણય લીધો ? દેશ છોડી જવો હતો તો પછી મને જીવનસાથી બનાવી લેવાનું પગલું કેમ ન વિચાર્યું...

'ચાની સાથે નાસ્તો નહીં લો ?' તેણે પૂછપરછને થોડી આઘી ઠેલવાનું બહાનું શોધી કાઢ્યું : 'આજે સૂર્યોદય પછી મારા

માટે તો નાસ્તો વર્જ્ય છે.' કહેતાં તેણે પરાણે હસવાનો પ્રયાસ કર્યો: 'નાસ્તો કરે તો પાપનું ભોજન ઓછું આરોગાય એવી ગણતરીથી કદાચ આવો નિયમ ઘડાયો હશે.'

બોલાઈ ગયા પછી જયને થયું કે ફરીફરીને વાત તો પાપ ઉપર જ આવી ગઈ ! વિલંબ કરવાથી વેદનાની માત્રા ઘટવાની નથી તો પછી શું કામ હું પોતે જ પહેલ ન કરું ?

કડવા નિર્ણયની સાથે ચાનો અર્ધો કપ એકીશ્વાસે ગટગટાવી જઈને તેણે જ્યુલી સામે જોયું : 'બોલો, શું જાણવું છે તમારે ? કટ્ટોખાનો પહેલાં મારા મનમાં શું શું ચાલી રહ્યું છે એની નોંધ ટપકાવવા માટે ડાયરી લેતા ન આવ્યા ?'

તેના શબ્દે શબ્દે વલોવાતું જ્યુલીનું હૈયું છેવટે આંસુ દ્વારા ઊભરાવા લાગ્યું ત્યારે જયદેવને જાત પર રોષ ચડયો : વાણીના નહોરથી એકબીજાનાં હૈયાં ઉતરડવાની આ રમતનો શું અર્થ છે? લાગણીને અકબંધ રાખીનેય જુદાં પડી શકાય છે.

'જ્યુલી, અત્યારે તને હું બહુ નિષ્ઠુર લાગતો હોઈશ.' એકાએક તેના અવાજમાં લાગણી ઘૂંટાવા લાગી : 'લગ્નના પ્રસ્તાવનો પડઘો સાંભળવા તું હોંશેહોંશે કાઠમંડુ પાછી આવી હોઈશ અને અહીં આવતાંની સાથે જ મારા આઘાતજનક સમાચાર સાંભળી...'

છેલ્લા શબ્દો તેના ગળામાં જ અટવાઈ રહ્યા ત્યારે એણે ચાંદીના પ્યાલામાંથી પાણી પીવું પડયું. તેના બોલવાની રાહ જોતી જ્યુલી ખામોશ જ રહી.

'ઘણા બધાને મેં આઘાત પહોંચાડ્યો છે જ્યુલી, ઘણાની નજરમાંથી હું ઊતરી ચૂક્યો છું, પણ બધાને કેવી રીતે સમજાવું કે પાપને પચાવી જવા માટે હું પુણ્યને કસોટીએ ચડાવી રહ્યો છું... પરાયાની વાત જુદી છે, પણ પોતાનાય તિરસ્કારની નજરે જુએ ત્યારે માણસનું બધું જ સત્ત્વ હણાઈ જાય છે.'

છેલ્લું વાક્ય ઉચ્ચારતી વેળાની તેની અસહ્ય પીડા જ્યુલીને હચમચાવી ગઈ.

'જય, હું બધું જ જાણી ચૂકી છું.' તેના શબ્દોએ જયદેવને

ચોંકાવ્યોઃ 'અત્યારે તમને કાંઈ જ પૂછવા કે કહેવા નહીં, માત્ર નજર ભરીને જોવા આવી છું... જાણવું હતું એ બધું જ વિદ્યાપતિ પાસેથી જાણી લીધું.' કહેતી એ એની સામે જોઈ રહી. પછી પૂછી લીધું: 'માત્ર તમે મને એટલું જ કહો કે પાપ ધારણ કર્યા પછીના જીવનમાં મને ભાગીદાર બનાવી શકો એમ છો ?'

'જ્યુલી !' આવા પ્રસ્તાવની અપેક્ષા રાખી ન હોય તેમ જયદેવ હેબતાઈ ગયો. કહેવાનું મન થયું, તારું આટલી હદનું સમર્પણ હું સહી નહીં શકું... મારું જીવન હવે દિશાહીન દશામાં ફંટાઈ જવાનું છે.

પણ કાંઈ જ કહેવાની જરૂર ન રહી. ચા-નાસ્તાની ટ્રે લેવા આવેલા દરબારી ચાકરે જયદેવને ખબર આપ્યા : 'વિધિની પૂર્વતૈયારી માટે રાજગુરુએ માણસો મોકલ્યા છે.'

'એમને કહે, હમણાં જ આવું છું -' કહીને તેણે જયુલી તરફ જોયું જે તેના જવાબની આતુરતાથી રાહ જોતી હજુય તેને તાકી રહી હતી.

'જ્યુલી, ચાલો તમને હું અંદર કાંઈક કૌતુક દેખાડું.' થોડીવાર માટે ગાઇડ બની ગયો હોય તેમ જય એને એક ખંડમાં દોરી ગયો. રાજાશાહી રાચરચીલાથી એ શયનખંડની દીવાલો તરફ જયુલીનું ધ્યાન દોરતાં એણે કહ્યું : 'આ ભીંતચિત્રો જુઓ, પાપની દુનિયામાં પ્રવેશ કરવાની પૂર્વતૈયારી રૂપે ચાર રાતથી મને આ વાતાવરણ વચ્ચે રાખ્યો છે.'

ભડક રંગનાં ચિત્રો એક પછી એક જયુલી નિહાળતી ગઈ. પહેલા ચિત્રમાં શરાબના નશામાં ચકચૂર બનેલો પુરુષ સુંદરીના બાહુપાશમાં જકડાયેલો હતો. બીજા ચિત્રમાં એ જ પુરુષને જંગલમાં શિકારે નીકળેલો દેખાડ્યો હતો. તેના તીરથી વીંધાયેલી એક હરણી છેલ્લા શ્વાસ લેતી તરફડતી હતી અને શિકારી અભિમાનથી અટ્ટહાસ્ય કરતો હતો. બીજી દીવાલ ઉપરનું ચિત્ર જોતાં જ જ્યુલીને નજર વાળી લેવી પડી. સંખ્યાબંધ સ્ત્રી-પુરુષ સમૂહ સમાગમમાં મગ્ન બની વિકૃત વિલાસ માણતા હતા અને છેલ્લા ચિત્રમાં એ જ પુરુષ દાનવ જેવા વિકરાળ સ્વરૂપે ગરીબ માણસોની હાડકાં દેખાતી પીઠ પર કોરડા વીંઝી રહ્યો હતો.

જ્યુલી ગૂંગળામણ અનુભવતી હોય તેમ ઝડપભેર ખંડની બહાર નીકળી ગઈ.

'પહેલી રાતે તારા જેવીજ અસર મારા પર થઈ હતી.' જયદેવે સમજાવ્યું : 'આખી રાત હું ઊંઘી શક્યો નહોતો. ચિત્રનાં દશ્યો ચિત્તમાં ભોંકાતાં રહ્યાં, એના ભડક રંગોએ આંખોમાં ઉજાગરો આંજી દીધો... પણ ધીમે ધીમે ટેવાઈ ગયો.'

'માણસ પાપથી ટેવાઈ જાય છે તેમ !'

બોલાઈ ગયા પછી જ્યુલીને જીભ કરડી લેવા જેવો પસ્તાવો જાગ્યો, તેણે તરત સુધારી લીધું : 'પણ જય, મને શ્રદ્ધા છે કે તમારા આત્માને આની અસર સ્પર્શી જ નહીં શકે.'

'કોને ખબર ?' જયથી કહેવાઈ ગયું : 'એવું અભિમાન કરવું એ પણ પાપનું જ એક લક્ષણ ગણાય.'

અને વિદાયની ઘડી આવી પહોંચી હોય તેમ બંને પરસ્પરને ઉંચક જીવે જોતાં ખામોશ થઈ ગયાં. જયદેવે નક્કી કર્યું હતું, આંખો ભીની નહીં થવા દઉ... જ્યુલીએ મન મક્કમ રાખ્યું હતું. જીવનસાથી બનવાનો પ્રસ્તાવ ફરી ઉચ્ચારીશ નહીં...

'બસ તો...' બોલતાં બોલતાં જય ગળગળો થઈ ગયો : 'ચાર કલાક પછી બે નદીના સંગમ પર મને પાપનું ભોજન જમતો જોવા તમે લોકો આવશો ત્યારે આપણે મળી તો નહીં શકીએ. તમે બીજો કોઈક ગાઇડ શોધી જ રાખ્યો હશે....'

પણ છેલ્લા શબ્દો સાંભળીને અસ્વસ્થ બની ગયેલી જ્યુલીએ આંસુથી આંખો ઊભરાઈ આવે એ પહેલાં જ પીઠ ફેરવીને એવી ઝડપી દોટ મૂકી કે જાણે વિદાય લેવાને બદલે ભાગી છૂટવા માગતી હોય. દૂર જઈ રહેલી જ્યુલીનાં પ્રત્યેક પગલાં ધરતીને બદલે પોતાના હૃદય પરથી મંડાતાં હોય એવી પીડા અનુભવતો જયદેવ શ્વાસ રોકીને તેને જતી જોઈ રહ્યો.

એ દેખાતી બંધ થયા પછી ઘણીવારે તેને ખ્યાલ આવ્યો કે જતાં પહેલાં જ્યુલી ટેબલ પર એક લાંબું પરબીડિયું મૂકતી ગઈ હતી. વજનદાર બંધ કવરની કિનારી ફાડતાં જયના મનમાં અનેક અનુમાન ઝપાટાબંધ પસાર થઈ ગયાં : આટલું બધું શું લખ્યું હશે જ્યુલીએ ?

કવરમાં વજન તો સો-સોની નોટોની થોકડીનું હતું અને લાંબા પત્રને બદલે દસ-પંદર લીટીની ચિઠ્ઠી જ વાંચવા મળી.

'મિસ્ટર જયદેવ,

નેપાલના અમારા પ્રવાસ દરમિયાન ગાઇડ તરીકે તમે બજાવેલી ઉત્તમ કામગીરીના પુરસ્કારરૂપે આ સાથે બે હજાર રૂપિયા બીડ્યા છે. જો કે હવે તમને આટલી નાની રકમનું કોઈ મૂલ્ય નહીં લાગે... છતાં ઋણમુક્ત થવા માટે મોકલ્યા વગર રહી શકતો નથી. જ્યુલીના મન પર તમે એવો તો પ્રભાવ પાડ્યો છે કે તમારા વિરુધ્ધની વ્યાજબી ટીકા પણ એ સાંખી શકતી નથી... જે વિધિ જોવા માટે અમે ખાસ નેપાલ પાછા આવ્યા તેમાં હાજરી આપ્યા વગર જ પાછા ફરી જવાની જ્યુલીની જિદ પાછળ પણ આવું જ કોઈ કારણ હશે. મહારાજાના પૈસા મોજથી ઉડાવજો, પાપ-પુણ્ય એ તો બધી મનની માન્યતા છે. આખરે તો પૈસા જ સર્વસ્વ છે ને... પૈસા ખાતર પાપ ખરીદી શકાય છે તેમ પૈસા દ્વારા પુણ્ય પણ કમાઈ શકાય છે !

— જેક એન્ડરસનના ગુડબાય.'

ચિઠ્ઠીનું લખાણ વીંછીના ડંખનું કામ કરી ગયું છતાં જયદેવે ઊહકારો- ય ન કર્યો. નોટોની થોકડી પર પ્યારથી હાથ ફેરવતાં એ બબડ્યો : 'થેન્ક યૂ એન્ડરસનસાહેબ !'

○ ○ ○

વિષ્ણુમતિ અને બાગમતિ નદીના સંગમતટે પંચાયત ઘાટ પર સવારથી લોકોની ભીડ જામવા લાગી હતી. બસો, લોરીઓનાં સ્કૂટરો, સાઇકલો, મોટરસાઇકલો અને મોટરોનો પ્રવાહ એ જ દિશામાં વહી રહ્યો હતો. કાઠમંડુ ઉપરાંત વિરાટનગર, પાટણ વગેરે શહેરોમાંથી અને પહાડો પરથી ઊતરીને પણ લોકો 'કટ્ટોખાનો' વિધિ જોવા ઊમટી પડ્યા હતા. ઓગણીસ વરસે આવું જોવાનો મોકો મળતો હતો અને હવે ફરી ક્યારે એ અવસર આવે કોને ખબર? આ પ્રજા તો પોતાના રાજવીનું મૃત્યુ થોડું જ આવે એમ ઇચ્છતી હોય છેને...

ઘાટ પર સફેદ કપડાંનો વિશાળ મંડપ બંધાયો હતો.

આસપાસના છ માઈલના વિસ્તારમાં ઘોડેસવાર પોલીસ ગોઠવાઈ ગઈ હતી. યુવરાજશ્રી, રાજપરિવારના સભ્યો તેમજ મહાનુભાવો માટે એક અલગ માર્ગ રાખ્યો હતો. સ્વર્ગવાસી મહારાજાના શોકનો અંતિમ દિવસ હતો એટલે ભપકો નહોતો છતાં કોઈ ઉત્સવ ઊજવાતો હોય એવો માનવમેળો ઊભરાતો હતો. વિદેશી પ્રવાસીઓ માટે ઊભી કરેલી અલાયદી છાવણીમાં દૂરબીન-કૅમેરા લઈને ફરતાં સ્ત્રી-પુરુષોની હિલચાલમાં કોઈ અભૂતપૂર્વ અવસર જોવાની ઉત્તેજના વર્તાતી હતી. ઊંચે આકાશમાં ઘૂમરીઓ લઈને ઊડતું હેલિકોપ્ટર વારે વારે લોકોની ગરદન ઊંચી કરાવી જતું ત્યારે કેટલાક બોલી ઊઠતા : ઇન્ડિયાથી ફિલમ ઉતારવા આવ્યા છે... કોઈક અનુમાન કરતું કે ભાવિ મહારાજાની અંગરક્ષા માટે સૈનિકો આકાશમાં ચોકી-પહેરો ભરી રહ્યા છે !

પોણા અગિયારે યુવરાજશ્રીની લાંબી મોટરકાર આવતી દેખાઈ એટલે પોણો લાખ જેટલા માણસો ટટ્ટાર થઈ ડોક ઊંચી કરી તેમને નિરખવા લાગ્યા. એમના આગમન સાથે જ શોકની સુરાવલીમાં લશ્કરી બેન્ડ વાગવા માંડ્યુ. રાજપરિવારની એક પછી એક મોટરો આવતી ગઈ અને મહાનુભાવો, પંડિતો, શાસ્ત્રીઓ તથા અફસરો એમને પ્રણામ કરીને આવકારતા રહ્યા. યુવરાજ ચન્દ્રભૂષણે સિંહાસન પર બેઠક લીધી એટલે બેન્ડ વાગતું બંધ થયું અને સૌ પોતપોતાની જગ્યા પર ગોઠવાઈ ગયાં.

મંડપની વચ્ચોવચ પ્રગટાવેલી યજ્ઞવેદીની ફરતે નવ પુરોહિતો ગોઠવાયા હતા. તેમાંની એક પાટ પર બિરાજેલા રાજગુરુએ આજ્ઞા કરી એટલે એક પુરોહિતે ઊભા થઈ શંખ ફૂંકવા માંડ્યો. જાણકારો સમજી ગયા કે કટ્ટોખાનો બ્રાહ્મણના આગમન માટેની આ એંધાણી હતી.

હજારો આંખો પૂર્વદિશા તરફ તાકવા લાગી. થોડે દૂર સફેદ કપડાની આડશ પાછળથી બે તલવારધારી સૈનિકો બહાર આવતા દેખાયા. તેનાથી ચાર ડગલાં પાછળ જેને જોવા માટે દોઢ લાખ આંખો આતુર હતી એ જયદેવ આવી રહ્યો હતો. પીળું પીતાંબર, રેશમી કુર્તો, લાલ કંકુથી લપેટાયેલું કપાળ અને પગરખાં વગરના ઉઘાડા પગે ધીમી ચાલે મંડપ તરફ એ આગળ વધતો હતો. એની

પાછળ ડોલતો આવતો હતો ગજરાજ, જેની સૂંઢ અને પગ લાલ-પીળા રંગથી ચીતરેલા હતા. હાથીની પાછળ બે માણસો માથા પર લોખંડની પેટી ઊંચકીને આવતા હતા અને તેની પાછળ ચાર દાસીઓ મોં ઢાંકી ભોજનના થાળ ઊંચકીને આવી રહી હતી.

ચકરાવો લેતું હેલિકૉપ્ટર ઉપરથી પસાર થયું છતાં ભાગ્યે જ કોઈનું લક્ષ એ તરફ ખેંચાયું, બધા જ એકીટશે કટ્ટોખાનોના રસાલાને આવતો જોવામાં તલ્લીન બની ગયા હતા. શંખ વાગતો રહ્યો, કૅમેરાની ચાંપો દબાઈ, આંખે દૂરબીનો મંડાયાં અને પુરોહિતો શ્લોક ઉચ્ચારતા યજ્ઞવેદીમાં ઘી હોમી અગ્નિને પ્રજ્વલિત કરતા ગયા.

મંડપમાં પ્રવેશ કરતાંની સાથે જ જયદેવે સિંહાસન પર બિરાજેલા યુવરાજશ્રી તરફથી મુખ ફેરવી લીધું. સવારે એક કલાક સુધી તેની પાસે વિધિનું રિહર્સલ કરાવીને ખાસ તાકીદ કરવામાં આવેલી કે રાજકુટુંબની વ્યકિત કટ્ટોખાનો બ્રાહ્મણનું મુખ જુએ તો પાપમાં પડે છે, માટે ભૂલેચૂકેય એ દિશામાં જોવું નહીં ! સિંહાસન તરફ પીઠ રાખી પાછા પગે જયદેવ યજ્ઞવેદી તરફ આગળ વધ્યો. અગ્નિની જ્વાળા સામે બેઠક લેતાં પહેલાં રાજગુરુ અને પુરોહિતોને પ્રણામ કર્યા ત્યારે પિતાની યાદ હૃદય પર ઉઝરડો કરી ગઈ. સવારે જ તેને જાણ થઈ ગયેલી કે રાજપુરોહિત ગૌરીશંકરે આ વિધિમાંથી પોતાને મુકત રાખવા માટે યુવરાજશ્રીને કરેલી લેખિત વિનંતી માન્ય રાખવામાં આવી હતી. તેમના સ્થાને બેઠેલા જગન્નાથ શાસ્ત્રીએ ઊંચા અવાજમાં મંત્રોચ્ચાર સાથે વિધિનો પ્રારંભ કર્યો. એમની સૂચના મુજબ જયદેવ યજ્ઞકુંડમાં શ્રીફળ, સોપારી, ઘી, ચોખા અને પૂજાની સામગ્રી હોમતો ગયો.

પૂજાવિધિ પૂરી થતાં જ તેની સમક્ષ ભોજનનો થાળ પિરસાયો. પકવાનની દરેક વાનગીમાં સ્વર્ગસ્થ મહારાજાના કપાળનાં હાડકાંનો ભૂકો અગાઉથી જ ભેળવી દેવામાં આવ્યો હતો. બાકીની વાનગીમાં એ જ વખતે સૌની નજર સમક્ષ ભૂકકો ભભરાવ્યો ત્યારે કેટલાકે હળવી અરેરાટી અનુભવી. પકવાન જોઈને મોંમાંથી પાણી છૂટવાને બદલે પાપમિશ્રિત ભોજનના ખ્યાલથી જ કેટલાકની તો ભૂખ સુકાઈ ગઈ.

સવા અગિયારના ચોઘડિયે કટ્ટોખાનોની આજ્ઞા થતાં જ

જયદેવે ભગવાન શંકરના સ્મરણમાં બે પળ માટે આંખો ભીડી દીધી. ગેરહાજર પિતા, મૃત્યુ પામેલી માતા અને ગુમ થયેલી બહેનનું સ્મરણ કર્યા પછી આંખો ઉઘાડીને પોતાને તાકી રહેલા અસંખ્ય લોકો તરફ નિર્લેપ દૃષ્ટિ નાખી ભોજનની થાળી તરફ હાથ લંબાવ્યો.

ભોજનના પ્રત્યેક કોળિયા સાથે નવેનવ પુરોહિતના બુલંદ અવાજે બોલાતા શ્લોક લાઉડસ્પીકરના ભૂંગળા દ્વારા દસે દિશામાં ફેલાતા ગયા. દરેક ગ્રાસે સ્વર્ગવાસી મહારાજાનાં પાપ એક પછી એક જયદેવના ગળા હેઠળ ઊતરતાં ગયાં. મન, વચન અને કર્મથી, જાગતાં કે ઊંઘતા, જાણતાં કે અજાણતાં થયેલાં પાપ જયદેવ નિષ્ઠાથી ગ્રહણ કરતો ગયો. ખાટું, મીઠું, ખારું, તીખું, તૂરું, કડવું... ભોજનના છએ છ રસ પૂરેપૂરી રુચિથી પેટમાં ઉતારતો મહારાજાને પાપમુક્ત કરતો ગયો. તેના છેલ્લા કોળિયા સાથે કટ્ટોખાનોની વિધિ પૂરી થતાં પુરોહિતોએ મહારાજાને પાપમુક્ત જાહેર કર્યા તેની સાથે જ માનવમેદનીમાંથી જયદેવ માટે બુલંદ પોકારો ગર્જી ઊઠયાં : પાપી, પાપી પાપી !

લોકોનો એ તિરસ્કાર સંપૂર્ણ સ્વસ્થતાથી જયદેવ પાણીના ઘૂંટડા સાથે ગળે ઉતારી ગયો એટલે રાજગુરુએ દાન-દક્ષિણાની વિધિનો આદેશ આપ્યો.

ભોજનની સામગ્રી હઠાવી લઈને તેના સ્થાને દક્ષિણાની ચીજવસ્તુઓ ગોઠવાઈ ગઈ. લોખંડની બંને વજનદાર પેટીનાં તાળાં ખૂલ્યાં. માઇક સામે ઊભેલા કારભારીએ કાગળમાં લખાયેલી યાદી વાંચવાની શરૂઆત કરતાં સમજાવ્યું કે, સ્વર્ગવાસી મહારાજા ઇન્દ્રભૂષણ શ્રીપાંચની દરેક અગત્યની ચીજ દક્ષિણારૂપે અપાશે. અગાઉથી નક્કી થયા મુજબ એ ચીજનું પ્રતીક અર્પણ કરીને તેના બદલામાં બ્રાહ્મણને આપવાની રકમ જાહેર થશે...

'સૌપ્રથમ મહારાજશ્રીનો હીરામઢેલો સોનાનો મુગટ....' સાંભળીને અનેક લોકોની આંખો મુગટ નિહાળવા અધીરી બની, પણ તેને બદલે પેટીમાંથી સફેદ ધાતુનો મુઠ્ઠી જેવડા કદનો મુગટ જ બહાર આવ્યો. થાળમાં રાખેલા મુગટને યુવરાજશ્રીના હાથમાં સ્પર્શ કરાવી પુરોહિતે જયદેવના ખોબામાં મૂકી દીધો કે તુરત જ કારભારીનો અવાજ માઇક પરથી વહેતો થયો : 'મુગટના બદલામાં

સવા લાખ રૂપિયા !'

'સવા લાખ ! એકીસાથે અનેકના મગજમાં એ આંકડો પડઘાયો. થોડીવાર પહેલાં જયદેવનો તિરસ્કાર કરનાર કેટલાકના મનમાં ઇર્ષા જાગી. હજુ તેની અસર ઓસરે ત્યાર પહેલાં તો બીજી જાહેરાત થઈ : 'મહારાજશ્રીની સોનાની તલવાર....' ફરી યુવરાજશ્રીના હાથનો સ્પર્શ કરી વેંત જેવડી તલવાર જયદેવના ખોબામાં અર્પણ થઈ એટલે તેની કિંમત સાંભળવા મળી : 'પોણો લાખ રૂપિયા !'

ઝડપથી બંને રકમનો સરવાળો માંડ્યો : બે લાખ તો થઈ ગયા ! ત્યાર પછી સોનાના હાથાવાળી છત્રી, સોનાની ઘડિયાળ, સોનાનાં બટન, સોનાની સાંકળી, દાંતખોતરણી.... યાદી લંબાતી ગઈ, કિંમત અંકાતી ગઈ અને રકમનો સરવાળો સદ્ધર બનતો ગયો...

નિર્જીવ ચીજવસ્તુની દક્ષિણા પૂરી થતાં સજીવનો વારો આવ્યો એટલે પેલા હાથીને મહાવતે વચ્ચે ઊભો કરી દીધો. સૌ પોતપોતાની રીતે હાથીની કિંમત આંકતા હતા ત્યાં કારભારીએ જાહેર કર્યું : 'આ ગજરાજ મહાવત સાથે કટ્ટોખાનો બ્રાહ્મણને નેપાલની હદ સુધી પહોંચાડી પાછો ફરી જશે... એના બદલામાં તેને પચીસ હજાર મળશે !'

રકમ સાંભળીને ઘણા અભણ લોકોને અચંબો થયો : હાથીની કિંમત ઓછી અંકાઈ. જીવતો લાખનો અને મરેલો સવા લાખનો એ કહેવત ખોટી ઠરી... જીવતા હાથીને મહારાજાના હાથનો સ્પર્શ કરાવવાની જરૂર નહીં લાગી હોય એટલે રકમની જાહેરાત થતાં જ તેને મંડપની બહાર દોરી જવામાં આવ્યો. કોઈક જાણકારે છાની ટકોર કરી : 'યુવરાજશ્રી ગજરાજથી બહુ ડરે છે!'

હાથીની જગ્યાએ બે સૈનિકોને ઊભા કર્યા એટલે જાહેરાત થઈ: 'હાથીની જેમ બ્રાહ્મણને દેશની સરહદપાર પહોંચાડવા માટે આ બંને સૈનિકો સાથે જઈને પાછો ફરી જશે... તેનું દાન અગિયાર હજાર રૂપિયા !'

યાદી પૂરી થતાં બે-ચાર ક્ષણ સન્નાટો છવાઈ ગયા પછી દાનની કુલ રકમનો સરવાળો જાહેર થયો : 'સવા ત્રણ લાખ રૂપિયા!'

આંકડો સાંભળીને ઘણાના શ્વાસ અદ્ધર થઈ ગયા, પણ જયદેવના મુખભાવ પર જરાસરખું પરિવર્તન જોવા મળ્યું નહીં. એક વિદેશીએ આવેશમાં અભિનંદન આપવાની ઢબે હાથ ઊંચો કરીને સંભળાવ્યું : 'ગુડલક યંગ રીચમૅન !'

'આ રકમ રોકડને બદલે હૂંડીથી આપવામાં આવશે.' કારભારીએ જાહેર કર્યું ત્યારે ઘણાના મનમાં એકસરખો વિચાર પ્રગટ્યો : રોકડા લઈ જાય તો તો હદબહાર પગ મૂકતાંની સાથે જ બિચારો લૂંટાઈ જાય ને!

અને રાજગુરુની આજ્ઞા સાથે જયદેવ ઊભો થયો. ચારે તરફ ફેલાયેલી વિરાટ મેદની પર એક ઊડતી નજર નાખી લઈ આગળ વધ્યો. પેલા તલવારધારી બંને સૈનિકો હવે આગળને બદલે તેની પાછળ ચાલતા હતા. દાન મળેલી સામગ્રીની બંને પેટી હાથીની પીઠ પર બંને બાજુ ગોઠવાઈ ગઈ. અંબાડી જેવું છત્ર પણ બંધાઈ ગયું. પાછું જોયા વગર જયદેવ હાથી પાસે જઈને ઊભો રહ્યો. બંને સૈનિકોએ ટેકો આપી તેને હાથીની પીઠ પર બેસાડ્યો. કારભારીએ તેના હાથમાં સવા ત્રણ લાખની હૂંડીનો કાગળ સોંપ્યો. બંને ચોકીદાર ઘોડા પર સવાર થયા ત્યાં ત્રાંબાની થાળી પર વેલણ વગાડીને પાપીને વિદાય આપવાની જાહેરાત થતાંની સાથે જ હજારો લોકોના પોકાર સંભળાયા : 'પાપી ચાલ્યો જા ! અમારી ધરતી પર ફરી પગ મૂકતો નહીં ! ક્યારેય અમને તારું કાળું મુખ દેખાડતો નહીં.'

મહાવતે આર ભોંકી ગજરાજને ગતિમાન કર્યો. પાપીને નજીકથી નિહાળીને ધિક્કારવા માટે લોકોએ ધસારો કર્યો. ઘોડેસવાર સૈનિકોએ હવામાં સોટીઓ વીંઝી તેમને રોકવા પડ્યા. ગજરાજે ગતિ વધારી અને જયદેવે આકાશમાં મધ્યાહ્ને તપતા સૂર્યદેવને નમસ્કાર કરી માતૃભૂમિની વિદાય લીધી.

તેની પીઠ પાછળ પોકારો સંભળાતા રહ્યા : પાપી જાય છે.... પાપના માર્ગે તારું પતન થજો.... તું નરકમાં જઈશ.... બીજા જનમમાં તને ખચ્ચરનો અવતાર મળશે... જા પાપીઆ, ચાલ્યો જા!

ત્યારે ભીડથી દૂર ઊભેલા વિદ્યાપતિની બંને આંખોના ખૂણા ભીંજાઈ ગયા.

આઠ

ત્રિભુવન ઍરપૉર્ટ પર આડત્રીસ ઉતારુઓ અઢી કલાકથી તપ કરતા હતા. દર પંદર-વીસ મિનિટે માઇક્રોફોન પર ક્ષમાયાચનાનો સ્વર સાંભળવા મળતો હતો : બિરાટનગર ફ્લાઇટના વિલંબ બદલ અમે ખૂબ જ દિલગીર છીએ. થોડા સમયમાં આપને વિમાન ઊપડવા અંગેની જાણ કરીશું...

જાહેરાત સાંભળીને લગભગ બધાના મોં પર અણગમો તરવરી ઊઠતો. કોઈ હોઠ કરડતું તો કોઈ દાંત ભીસતું, કોઈકના ખભા ઊછળતા તો કોઈક બૂટ નીચે સિગારેટ કચડીને દાઝ ઠાલવતા. ચાર-પાંચ વિદેશી ઉતારુઓમાંથી એક મહિલા બેઠી બેઠી હજારો માઈલ દૂર વસતાં સગાં-સંબંધીઓને પત્રો ઢસડતી હતી તો તેની બાજૂમાં બેઠેલી વૃદ્ધા વારેવારે બબડતી હતી : 'મને તો આ સફર જોખમી લાગે છે. આ લોકો હજુય અઢારમી સદીનાં ઠોઠિયાં ડાકોટા પ્લેન જ વાપરે છે !'

'મમ્મી, ધીરજ રાખને !' પેલી પત્ર લખતી વચ્ચે બોલી જતી : 'અઢારમી સદીમાં વિમાન જ ક્યાં શોધાયાં હતાં ?'

પ્લાસ્ટરવાળો જમણો પગ સીધો રાખીને વ્હીલચૅરમાં બેઠેલા ગોપીનાથે નવમી સિગારેટ સળગાવવા લાઇટર પેટાવ્યું, ત્યાં બે હોઠ વચ્ચે સિગારેટ દબાવતો શર્મા તેની તરફ ધસી આવ્યો : 'લાઇટર પ્લીઝ !'

કરડાકીથી જોતાં ગોપીનાથે સળગતું લાઇટર તેના તરફ લંબાવ્યું ત્યારે શર્મા વ્યાકુળ અવાજે બોલી ગયો : 'મને તો લાગે છે, આજે આપણે માંડી વાળીએ.'

દાંત ભીંસતા ગોપીનાથને તેના પર એવી દાઝ ચડી કે પાટું મારવા માટે પ્લાસ્ટરવાળો જમણો પગ સહેજ ઊંચકાયો ત્યાં સાવધ બની જવું પડ્યું : અરે, હમણાં બધાની વચ્ચે ભાંડો ફૂટી જાત ! શર્મા તો સિગારેટ સળગાવીને દૂર સરકી ગયો પણ ગોપીનાથની દાઝ થોડીવાર સુધી ઓસરી નહીં : સાલો પોતે નર્વસ થઈને વારેવારે પાયખાનામાં દોડી જાય છે અને હવે મને નર્વસ કરવા આવ્યો !

તેણે કાંડાઘડિયાળમાં જોયું તો ત્રણ વાગી ગયા હતા. અંદરખાનેની પોતાની ધીરજ પણ ખૂટવા આવી હતી. સવા અગિયારની ફ્લાઇટ માટે પોતે દસ વાગ્યાનો ઍરપૉર્ટ પર પહોંચી ગયેલો. ચારે જણાએ નક્કી કરેલું કે દરેકે જુદા જુદા આવવું, આવ્યા પછી એકબીજાથી અજાણ્યા રહેવું, બની શકે ત્યાં સુધી કોઈ પણ ઓળખીતું દેખી ન જાય એ રીતે છાપાની પાછળ ચહેરો છુપાવીને જ બેસવું. બોલવું પડે તોપણ એકબીજાને સાચા નામે બોલાવવાની ભૂલ કરવી જ નહીં... સવા દસ વાગે આવીને પોતાના માટે વ્હીલચૅરની વ્યવસ્થા કરાવી ગોપીનાથ બૅન્કની કૅશ પેટીઓની ટાંપીને રાહ જોતો હતો. બે દિવસ અગાઉ બૅન્કના બાતમીદાર તરફથી તેને જાણ થઈ કે શનિવારે ત્રણને બદલે બે જ કૅશ પેટી બિરાટનગર ટ્રાન્સ્ફર થવાની છે ત્યારે પહેલાં તો એ પંદર-વીસ લાખનું નુકસાન થયું હોય તેમ મોં બગાડી બેઠો હતો. પછી બાતમીદારે હળવેકથી ઉમેર્યું કે બંને પેટી નેપાલી કરન્સીની નહીં, ભારતીય નોટોમાં હશે ત્યારે ખુશાલીના આવેશમાં હોઠમાંથી સિસોટી સરકી ગયેલી. ઇન્ડિયાના સો એટલે નેપાલના એક્સો પિસ્તાલીસના હિસાબે પચાસ લાખ હોય તો પોણો કરોડ જેટલા નેપાલી રૂપિયા થઈ જાય ! બે જ પેટી હશે એટલે બંદૂકધારી બૅંક્ચોકીદાર પણ બે જ રહેવાના, પછી ચારને બદલે પાંચ સાથીની જરૂરત શું ?

જોકે ગોપીનાથ થોડી વિમાસણમાં પડી ગયેલો : કાઠમંડુની બૅંક બિરાટનગરની શાખાને નેપાલીને બદલે ઇન્ડિયન કરન્સી શું કામ મોકલાવે ? પણ એ આશંકાના જવાબમાં તો તેને એક વધુ ખાનગી બાતમી જાણવા મળી ગઈ : નેપાલી રૂપિયાનું બે-ચાર દિવસમાં જ અવમૂલ્યાંકન થવાનું છે. મહારાજાના અણધાર્યા અવસાનથી રૂપિયાની કિંમત ઘટાડવાનો નિર્ણય થોડા દિવસ મુલતવી રાખવો પડ્યો... ત્યારે ગોપીનાથને થયું કે મહારાજાનું મૃત્યુ વિઘ્નને બદલે બેવડા લાભનું નિમિત્ત બન્યું. લૂંટમાં ઇન્ડિયન કરન્સી મળશે અને માલ મળ્યા પછી તેના બદલામાં નવા ભાવે નેપાલી રકમ વધારે ઊપજશે !

પરંતુ ઍરપૉર્ટ પર બૅન્કની બંને પેટી લગેજમાં રવાના થતી જોઈને ધરપત અનુભવ્યા પછી બેવડા લાભની સાથે બેવડાં વિઘ્ન પણ આવી ચડ્યાં. વિમાન અપહરણનો બધો જ બોજ પોતાના પ્લાસ્ટરવાળા પગ પર નાખ્યો હતો. ચારેય પિસ્તોલ બનાવટી ફ્રૅક્ચરના બનાવટી પ્લાસ્ટરના પોલાણમાં છુપાવીને એ ઍરપૉર્ટ આવ્યો હતો. સિક્યુરિટીના ચેકિંગમાં કોઈને વહેમ પડે છે કે નહીં એની ખાતરી કરવા ખાતર ચાર દિવસ અગાઉ પિસ્તોલ વગરના પ્લાસ્ટરવાળા પગે પોતે બિરાટનગરની વિમાની સફર ખેડી આવ્યો હતો. તેમાં કોઈ જાતનાં વિઘ્નને બદલે તેણે ચેકિંગ કરનારા અમલદારોની સહાનુભૂતિ મેળવી હતી. ચાર મહિના અગાઉ હાથ પર પ્લાસ્ટરની સજા ભોગવી ચૂકેલા ઑફિસરે તો તેને ભલામણ પણ કરેલી : ભાઈ, જાળવજો પ્લાસ્ટર છોડવાની ઉતાવળ નહીં કરતા. બની શકે તો ઊઠબેસ ઓછી કરો... એ વખતે એણે લાગ જોઈને કહી પણ દીધેલું : શું થાય, ચાર-પાંચ દિવસ પછી વળી પાછો બિરાટનગરનો બીજો આંટો થવાનો...

બુકિંગ કાઉન્ટર સીટ બુક કરાવી તેમાં પણ પ્લાસ્ટરવાળા પગને કારણે એને સાવ છેવાડેની બેઠક મળી ગઈ હતી. બીજા ત્રણે સાથીએ અલગ અલગ આવીને પોતપોતાની સીટનાં કાર્ડ મેળવી લીધાં ત્યારે ગોપીનાથે ધરપત અનુભવી કે બધું ધાર્યા મુજબ ગોઠવાઈ રહ્યું છે.

અગિયાર વાગે બિરાટનગરની ફ્લાઇટનાં પેસેન્જરોને સિક્યુરિટી ચેકિંગ માટે આગળ વધવા વિનંતી કરી ત્યારે પહેલીવાર સહેજ અસ્વસ્થ બની ગયેલા ગોપીનાથે સિગારેટ સળગાવવી પડી. ચિરૂટની આદત હોવા છતાં તેણે સિગારેટ સાથે લીધી હતી. પહેલાં તો ચારેયની વચ્ચે એવું નક્કી થયેલું કે અપહરણની ઘડીએ દરેકે માથા પર કાળા બુરખા ઓઢી લઈ ચહેરા ઢાંકી દેવા... પણ છેલ્લી ઘડીએ વિચાર માંડી વાળ્યો. પ્લાસ્ટરવાળા પગ અને વ્હીલચૅરને કારણે ઍરપૉર્ટ પર ગોપીનાથ સૌની નજરમાં વસી જવાનો હતો. પછી બુરખાની કડાકૂટનો શું અર્થ ? હા, એટલું નક્કી થયું હતું કે ચેકિંગ દરમ્યાન પ્લાસ્ટરમાં છુપાવેલી પિસ્તોલ પકડાઈ જાય તો એકલા ગોપીનાથે જ ગિરફતારી વહોરી લેવી અને બાકીના ત્રણેય ભવિષ્યમાં બીજું કોઈક કાવતરું ઘડવા છૂટા રહેવું...

એટલે જ સિક્યુરિટી ચેકિંગ માટે વ્હીલચૅરમાં સિગારેટ પીતો ગોપી આગળ વધતો હતો ત્યારે બાકીના ત્રણે જુદી જુદી જગ્યાએથી અદ્ધર શ્વાસે તેની હિલચાલ નિહાળતા રહેલા. જમણા પગના પેન્ટનો પાયસો ગોઠણ સુધી ચડાવી સૌને પ્લાસ્ટર દેખાડતો ગોપી ઑફિસરની સામે પહોંચ્યો ત્યારે પેલો ઘડીભર તેની સામે વિચિત્ર નજરે જોઈ રહ્યો હતો. બુશકોટ-પેન્ટનાં ખિસ્સાં અને કમર પર હાથ ફેરવતાં તેણે પૂછ્યું: 'ક્યા ડૉક્ટર પાસે આ પ્લાસ્ટર કરાવ્યું ?'

ત્યારે ગોપી માંડ માંડ શરીરની ધ્રુજારી કાબૂમાં રાખી શક્યો હતો. નિપુણ અભિનેતાની હૈયાસૂઝથી ઑફિસર સામે મલકી લઈને તેણે ઝડપથી જવાબ શોધી કાઢ્યો હતો : કાઠમંડુમાં આને માટે સૌથી સારા ડૉક્ટર તો એક જ છે...'

'કોણ । ડૉક્ટર શેષનાગ ?' પેલાએ સામેથી જ નામ ઉચાર્યું ત્યારે ગોપીએ હકારમાં માથું હલાવ્યા વિના છૂટકો જ ન રહ્યો. અર્ધી મિનિટ ઑફિસર વારાફરતી તેના ચહેરા અને પગના પ્લાસ્ટર તરફ જોતો રહ્યો ત્યારે ગોપીને પસીનો છૂટવાની તૈયારી થવા લાગીઃ હમણાં જ દોઢડાહ્યો ડૉક્ટર શેષનાગને ફોન જોડીને ખાતરી કરી લેશે... અથવા તો મેટલ ડિટેક્ટર સામે લઈ જઈને ચકાસી જોશે કે પ્લાસ્ટરમાં કોઈ હથિયાર તો છુપાવ્યું નથી ને ? કસોટીની તો

બે-ચાર ઘડી જ ભારે કપરી હોય છે, એમાં જે ટકી રહ્યો તે ફાવ્યો... ગોપીએ હિંમત ટકાવી રાખી અને ઑફિસરે હસતાં હસતાં પસાર થઈ જવાની ઇશારત કરી દીધી ત્યારે બધાં જ વિઘ્નો વટાવી નાખ્યાં હોય એવી ટાઢક અનુભવેલી.

પણ ધીરજની કસોટી તો ત્યાર પછી શરૂ થઈ. સવા અગિયારને બદલે પોણા બાર વાગ્યા સુધી 'વિમાન ભણી પ્રયાણ'ની જાહેરાત સાંભળવા ન મળી ત્યારે અકળામણ ઘૂંટાવા લાગી. હવામાન ચોખ્ખું હતું તો પછી વિલંબ શું કામ ? સવા બાર વાગે કારણ જાહેર થયું : યાંત્રિક ખામીને લીધે બિરાટનગરની ફ્લાઇટ વિલંબમાં પડી છે, યાત્રિકો ક્ષમા કરે...

યાંત્રિક ખામી ! ગોપીનાથની જેમ બીજા ત્રણેના પેટમાં ઊકળતું તેલ રેડાવા જેવું થયું હતું ! ખામી સુધારી નહીં શકાય, તો કદાચ ફ્લાઇટ જ કેન્સલ કરશો ! તો તો છાતી જ બેસી જાય ને ? ચારેયમાં બહુ બોલકો પેલો શર્મા સૌથી વધુ ઊંચોનીચો થતો હતો. માથે આફત તોળાતી હોય ત્યારે બોલકો માણસ સૌથી પહેલો મૂંગોમંતર બની જાય છે. હિંમત ટકાવી રાખવા તે બીજાને બોલતા સાંભળવા ઝંખે છે, પણ અહીં તો ચારે વચ્ચે વાતચીતની સખ્ત મનાઈ ફરમાવાઈ હતી !

રાણાને બીજી ચિંતા સતાવતી હતી : બહુ મોડું થશે તો બૅન્કવાળા કૅશની પેટીઓ સામાનમાંથી પાછી ઉતરાવી લેશે અને આખું કાવતરું ફોક જશે... પોતાનો ઉચાટ દબાવી રાખવા પૉકેટબુક વાંચતો શશીનાથ પણ વાર્તામાં ગુનેગારો પકડાઈ જવાની અણી પર હતા એટલે સુધી આવીને ભયનો માર્યો અટકી ગયો હતો.

બાકીના ઉતારુમાંથી બેચાર જણાએ બૂમાબૂમ કરી મૂકેલી : તમારા વિમાનની યાંત્રિક ખામી સુધારવા માટે મિકેનિક ઇંગ્લૅન્ડ-અમેરિકાથી આવવાનો છે કે શું ? સામાન વિમાનમાં અને અમે બહાર... આમ ક્યાં સુધી લટકાવી રાખશો ?

છેવટે ત્રણ કલાકની તંગદિલી પછી આડત્રીસ જીવોને શાંતિ વળે એવી જાહેરાત થઈ કે આપ સૌને વિમાનમાં બેઠક લેવા વિનંતી છે !

વિમાનની સીડી ચડવાનો સૌથી છેલ્લો વારો ગોપીનાથનો આવ્યો. સીડી પાસે પહોંચીને વ્હીલચૅરમાંથી ઊભા થતી વખતે એવું જોશ ચડી આવ્યું કે પ્લાસ્ટરવાળો પગ ઉપયોગમાં લઈ દોટ મૂકીને સડસડાટ બબ્બે પગથિયાં ચડી જાઉ.. પણ લંગડા પગનું નાટક હજુ થોડીવાર માટે લંબાવવાનું હતું. કોઈના ટેકે ટેકે ડાબા પગના આધારે એક એક પગથિયું ઠેકતાં ઠેકતાં તેણે ઉપર પહોંચવું પડ્યું. ઍરહોસ્ટેસે આવકાર સાથે એની સીટ દેખાડી ત્યારે ફરી ઘડીભર માટે એ અસ્વસ્થ બની ગયો. તેના ભાગે બૅન્કના એક બંદૂકધારી ચોકીદારની બાજુમાં જ બેસવાનું આવ્યું હતું !

પરાણે હસીને તેણે ભરેલી બંદૂકની બાજુમાં બેઠક લીધી ત્યારે એવું મહેસૂસ કર્યું કે કાવતરું ઉઘાડું પડી જતાં પોતે ગિરફતાર થઈને પોલીસપહેરા હેઠળ જેલમાં જઈ રહ્યો હોય !



બપોરની નીંદરમાંથી અચાનક ઝબકીને જાગી ગયેલો જય આજુબાજુનું અજાણ્યું વાતાવરણ જોઈને પહેલાં તો જાણે ભૂલો પડી ગયો હોય તેમ અચરજ પામ્યો. પછી પોતાની જાતને ટપારી : અજાણી દુનિયામાં પ્રયાણ કર્યા પછી હવે તો બધું અજાણ્યું જ જોવા મળશે. નવો અવતાર ધારણ કર્યો હોય તેમ નવાનોખા, સારા-નરસા માણસો વચ્ચે જ વસવાનું થશે ને !

'પાપી, પાપી'ના પોકારો સાથે દેશવાસીઓએ આપેલા જાકારાના ચોવીસ કલાક પૂરા થઈ ચૂક્યા હતા. બે ઘોડેસવાર ચોકીદાર અને મહાવતના સતવારે હાથી પર સવાર થઈને સૂર્યાસ્ત પહેલાં કાઠમંડુની હદ ઓળંગી તેની સાથોસાથ કદાવર હાથીના જોરાવર પગલામાં વતનના સંબંધો ભૂંસાતા ગયા, બંધનોની ગાંઠ વછૂટતી ગઈ અને બીજા દિવસના સૂર્યોદય પહેલાં તો માતૃભૂમિ નેપાલનું અંતિમ મથક નોતનવા પણ વટાવી નાખ્યું હતું ઊગતા સૂરજની સાખે વતનની ધરતીના છેડાની ધૂળ માથે ચડાવતી વેળાએ મનોમન પશુપતિનાથનું સ્મરણ કર્યું હતું : 'હે મહાદેવ ! પાપનો ભાર લઈને વિદાય થાઉં છું ત્યારે દેશની ધરતી પરથી એકાદ

પાપીનો પણ ભાર ઓછો કરી શકું એટલી શકિત આપજો.'

રાજાના વળાવિયા તો એને છેક ગોરખપુર સુધી મૂકી જવા માગતા હતા : 'તમારી પાસે બે વજનદાર પેટી છે, આ ગાઢ જંગલમાં જલદી વાહન પણ મળશે નહીં... બે કલાક વિરામ કરીને આગળ વધીએ તો સાંજ સુધીમાં ગોરખપુર પહોંચી જશું.'

પણ વતનનાં ઝાડવાંથી એટલી ઝડપે જયદેવને ભાગી છૂટવું નહોતું. બે માઇલ છેટે જ તેને મનગમતો મુકામ મળી ગયો. વેરાન જંગલ વચ્ચે મહાદેવની દેરી જોતાં જ તેના મોંમાંથી ઉદ્ગાર સરી પડ્યા : 'બસ, આ મારો પહેલો પડાવ. વનરાઈના એકાન્તમાં મહાદેવના આશરે એક રાત વિતાવી નાખીશ.'

ચોવીસ કલાકના સહવાસમાં વળાવિયા ચોકીદારોને જયદેવ ધાર્યા કરતાં નિરાળો લાગવા માંડ્યો હતો. પાપને પૈસે લખપતિ બની ગયા પછી તેના વર્તનમાં કોઈ તુમાખી જોવા મળી નહોતી. જાણે ગાઇડ બનીને આવ્યો હોય તેમ રસ્તામાં દરેક સ્થળની માહિતી સમજાવતો, વૃક્ષો અને પંખીઓની પિછાણ કરાવતો. વચ્ચે એમના અંગતજીવનની હમદર્દીભરી પૂછપરછ કરી લેતો : ઘરમાં કેટલા માણસો છો, છોકરાઓ શું ભણે છે, પગારમાં પૂરું થાય છે કે નહીં ? સરહદ સુધીની યાત્રા મહાવતે પગપાળા કરવાની હતી, પણ જયદેવ અવારનવાર પરાણે તેને હાથી પર બેસાડી દેતો.

શનિવારના મધ્યાહ્ને વિખૂટા પડતાં પહેલાં મહાવતે રાંધેલું ખાણું ચારેએ ઊંચનીચના ભેદભાવ વિના સાથે બેસીને ખાધું. જુદાઈની ઘડી આવી ત્યારે જાણે કોઈ સ્વજનથી અલગ પડવાનું હોય તેમ ત્રણે ઉદાસ થઈ ગયેલા. ત્રણેને જયદેવે સો-સોની એક એક નોટ પકડાવી ત્યારે એની પાસેથી બક્ષિસ લેતાં પણ ખચકાટ અનુભવ્યો હતો.

'હું જાણું છું, પાપની લક્ષ્મીને તમે હાથ નહીં લગાડો.' એમના સંકોચનો અવળો અર્થ લઈને તેણે ખુલાસો કર્યો હતો : 'એ લક્ષ્મી જ જો આપવી હોત તો આ બંને પેટીની બધી જ સામગ્રી તમને સોંપી દેત... આ રકમ તો મારી ગાઇડની કમાણીની છે. બક્ષિસ નહીં, સથવારો આપવાનું મહેનતાણું માનીને લઈ લો.'

જતાં જતાં એક ચોકીદારે પૂછ્યું હતું : 'ઘરનાને કાંઈ કહેવડાવવું છે ?'

એ સવાલે ઘડીભર તેની આંખોમાં ઉદાસી ભરી દીધી હતી. નિશ્વાસ દબાવી દઈ ડોક ધુણાવીને પોતાની જાતને કહેતો હોય તેમ બોલી ગયેલો.

'અત્યાર સુધી હું ઘર અને વતનમાં વસતો હતો. હવે ઘર અને વતન બંને મારા મનમાં વસી ગયાં.'

બપોરની નીંદરમાંથી જાગીને જોયું ત્યારે ખ્યાલ આવ્યો કે ઘર અને વતનથી દૂર ઘનઘોર જંગલમાં મહાદેવના મંદિર પાસે પોતે સાવ એકલો પડી ગયો હતો. બહારનું વાદળિયું હવામાન સાંજ પડી ગયાનો અણસાર આપતું હતું, પણ કાંડાઘડિયાળમાં હજુ સવા ત્રણ જ વાગ્યા હતા.

પહેલીવાર તેને ખ્યાલ આવ્યો કે સવારથી મંદિર તરફ કોઈ ફરક્યું જ નહોતું. જર્જરિત હોવા છતાં મંદિર અંદર-બહારથી સ્વચ્છ દેખાતું હતું. શિવલિંગ પર બીલીપત્ર ચડાવેલાં હતાં. ઓટલા પર પાણી ભરેલા મટકા સાથે પ્લાસ્ટિકનો પ્યાલો હતો, નજીકમાં ખાટલો અને પછવાડે કૂવો પણ ખરો.

હમણાં પૂજારી આવી ચડશે એવી આશામાં જયદેવ પંદર-વીસ મિનિટ સુધી લટાર મારતો રહ્યો ત્યાં જંગલના વાંકાચૂંકા રસ્તા પર ધૂળ ઉડાડતી જીપ દેખાઈ. હાથ ઊંચો કરી જીપને ઊભી રાખવાની ચેષ્ટા કરે એ પહેલાં આપોઆપ જીપ મંદિરથી થોડે દૂર રોકાઈ ગઈ. આધેડ વયનો આદમી નીચે ઊતરી મંદિર તરફ આવતો દેખાયો. દૂરેથી બંને એકબીજાને જોતાં રહ્યાં. એ નજીક આવ્યો ત્યારે એના ખાખી યુનિફૉર્મ પરથી જયદેવે અનુમાન કરી લીધું : 'ફૉરેસ્ટ ઑફિસનો જીપ-ડ્રાઇવર લાગે છે.'

'કોઈ વટેમાર્ગુ લાગો છો !' પેલાએ તેને પગથી માથા સુધી નિરખી લઈ શિવલિંગ તરફ હાથ જોડતાં પૂછ્યું.

'હા, રાતવાસો કરવા અહીં રોકાઈ ગયો.'

જયદેવનો જવાબ સાંભળી શંકરની મૂર્તિ સમક્ષ નમાવેલું તેનું મસ્તક ઝાટકા સાથે ઊંચું થઈ ગયું : 'અહીંયાં રાતવાસો કરશો ?'

'કેમ !' જયથી સહેજ મલકી જવાયું : 'જગ્યા બહુ જોખમી છે કે ?' પૂછતો એ ખાટલા પર બેસી ગયો.

જવાબ આપવાને બદલે જીપ-ડ્રાઇવર બીડી સળગાવી ખાટલા પર પડેલા જયના સામાનનો એકમાત્ર થેલો જોઈને ધુમાડા કાઢતો બોલ્યો : 'જોખમ માલનું તો નહીં, જાનનું ખરું.'

'સમજ્યો !' જય એવી રીતે બોલ્યો, જાણે એના પર ધારી અસર થઈ ન હોય : 'જંગલી જનાવરો અહીં સુધી આવતાં હશે.'

'બીજાં જનાવરો તો ઠીક પણ ક્યારેક વાઘ આવી ચડે છે.' પેલાએ બીડી પીતાં પીતાં મંદિરના ઓટલા પર બેઠક લીધી: 'રાત રોકાવું હોય તો અહીંથી બે માઈલ દૂર ધાબો છે, બધા ટ્રકવાળા રાતવાસો ત્યાં જ કરે છે.'

જય તેની સામે જોતો ખામોશ રહ્યો એટલે પેલાએ વાત આગળ ચલાવી : 'તમારે કઈ તરફ જવું છે, ગોરખપુર ?'

'ગોરખપુર થઈને અલ્હાબાદ.'

'ઓહ, ત્યારે તો પગપાળા જાત્રાએ નીકળ્યા લાગો છો.'

'ના, જે વાહન મળે તેમાં બેસીને આગળ વધવાનું રાખ્યું છે.'

'તો ચાલો, હું તમને ધાબા સુધી મૂકી જાઉં.' તેણે મદદરૂપ થવાના સ્વરે કહ્યું : 'ત્યાંથી વહેલી સવારે ઊપડતી કોઈ પણ ટ્રકમાં બેસી જજો.'

ત્યારે જય વિચારમાં પડી ગયો. આ માણસ સહાનુભૂતિના ભાવથી કહે છે કે પછી મને અહીંથી હઠાવવા માગે છે ?

'મને એમ કે મંદિરના પૂજારી અહીં રહેતા હશે એટલે રાત રોકાવાનો મનસૂબો ઘડેલો.' જય તેને ચકાસવા માગતો હતો તેમ પોતાના ઇરાદાને વળગી રહ્યો : 'આ તરફના વાઘ ઝાડ પર ચડી શકતા નથી, એટલે ખાટલો ઉપર ચડાવીને રાત વિતાવી નાખીશ.'

પેલો ખંધું હાસ્યો : 'ભારે સાહસિક લાગો છો.' કહેતાં ઉમેર્યું : 'આમ તો આ મંદિર વટેમાર્ગુઓ માટે છે. પૂજારી વહેલી સવારે આવી પૂજા કરીને ચાલ્યા જાય છે. અમારા જેવા જંગલખાતાના માણસો જતા-આવતા દર્શન કરવા રોકાઈએ, બેઘડી

વિસામો લઈએ એટલા ખાતર ખાટલા-પાણીની સગવડ રાખી છે... બાકી અહીં તો માઈલોના માઈલો જંગલ જ પથરાયેલું છે. રસ્તામાં કોઈક મળી જાય તો અજાણ્યા સાથેય વાત કરવાનું મન થઈ જાય એવી એકલતા છે.'

તેના આ ખુલાસાએ જયદેવને શંકા જગાડી : જરૂર એ કોઈ મતલબથી અહીં આવ્યો છે, મારું અહીં રાત રોકાવાનુંય એને રુચ્યું નથી. હજુ સુધી મંદિર પછવાડે રાખેલી બે પેટી પર એની નજર ગઈ નથી, મારા ખિસ્સામાં સત્તરસો રૂપિયા છે એનીય એને જાણ નથી. મારી સલામતીની જ ખેવના હોત તો એ કહેત કે ચાલો, રાત મારે ત્યાં રોકાઈ જજો...

'તમે રાતે જમવાનું શું કરશો ?' પેલાએ બહુ વિચાર કરીને ફરી ચિન્તા દર્શાવી : 'સાથે કાંઈ ભાતું લાવ્યા હોય એવું દેખાતું નથી.'

'નારે, મારા જેવા ફરતારામને વળી સાથે ભાતું લઈને ફરવાનું કેમ ફાવે ?' કહેતાં તેણે ઉમેર્યું : 'એક ટંક લાંઘણ ખેંચી કાઢીશ.'

'અરે એમ તો કાંઈ ચાલે ?' જીપ ડ્રાઇવર ઊભો થઈ ગયો, જાણે પોતાને ઘેર જમાડવા લઈ જવાનો હોય તેમ આગ્રહ કર્યો: 'ચાલો, જીપમાં બેસી જાવ, મારે ધાબા સુધી કામસર જવાનું જ છે. તમે ખાઈ લેજો, કોઈ ટ્રકવાળા સાથે સવારે જવાનું ગોઠવી લેજો પછી પાછા ફરતાં હું તમને અહીં મૂકી જઈશ.'

ત્યારે જયદેવ ઇન્કાર ન કરી શક્યો . તેના આ પ્રસ્તાવમાં કાંઈ અજુગતું ન લાગ્યું. તેને થયું એ ખરેખર પરોપકારી માણસ હશે, કદાચ પોતાના જ મનમાં પાપ પ્રવેશ્યું એટલે એના વિષે આડાંઅવળાં અનુમાન બાંધી લીધાં.

'ચાલો, એ બહાને એક-બે કલાકની એકલતા ઓછી થશે' કહેતાં એણે તેની સાથે પગ ઉપાડ્યા. જીપમાં એની બાજુમાં બેઠક લેતાં ઉમેર્યુંય ખરું : 'મારા માટે તમે આટલું બધું કરો છો તો તમારે મારી સાથે કાંઈક ખાવું પડશે.'

ત્યારે જીપ સ્ટાર્ટ કરતાં પેલા ટાલિયાના મોં પર ખંધું હાસ્ય ઝળકી ઊઠ્યું.

'યાંત્રિકોને જાણ કરવાની કે હવે આપ સીટનો પટ્ટો છોડી શકો છો અને ધૂમ્રપાન પણ કરી શકશો. બિરાટનગરની ઉડ્ડયન માત્ર પાંત્રીસ મિનિટની છે.'

ત્રિભુવન ઍરપૉર્ટ પરથી ઊંચકાયેલું ડાકોટા વિમાન હવામાં સ્થિર થતાં જ ઍરહોસ્ટેસના મધુર અવાજે સૌને ધરપત આપી. વીસ મિનિટથી જમીન પર ખોડાઈ રહેલા વિમાનમાં બંદૂકધારી બૅન્ક ચોકીદારની બાજુમાં બેઠાં બેઠાં અકળાઈ ગયેલા ગોપીનાથે મોં આડેથી છાપું હઠાવી સિગારેટ સળગાવી. ધુમાડાની ગંધથી બાજુવાળા ચોકીદારે તેની તરફ જોયું એટલે ગોપીએ તેને પણ સિગારેટ ધરીને સળગાવી આપી : 'સાલી પાંત્રીસ મિનિટની સફર ખાતર બસો પાંત્રીસ મિનિટનું તપ કરાવ્યું !'

પણ મફતમાં મળેલી સિગારેટ પીવામાં તલ્લીન બની ગયેલા ચોકીદારે કોઈ પડઘો ન પાડ્યો ત્યારે ગોપીએ કાચની બારીમાંથી બહાર જોયું. પશ્ચિમ તરફ ઢળતો સૂરજ કાળાં વાદળોથી ઘેરાઈ ગયો હતો અને વિમાન પૂરતી ઊંચાઈ હાંસલ કરી ચૂક્યું હતું... વારાફરતી ત્રણે સાથી તરફ તેણે નજર નાખી લીધી. રાણા તેના ઇશારાની રાહમાં અધીરો દેખાયો, શશીનાથ બારી બહાર જોતો હતો અને પેલો શર્મા ઊંધું ઘાલીને ચહેરા પરની તાણ છુપાવવાની ચેષ્ટા કરતો હતો !

નજદીક આવી રહેલી ઘડીની ઉત્તેજનામાં ઉપરાઉપરી કશ લઈને ધુમાડા ઉછાળતા ગોપીએ આખરે એશટ્રેમાં સિગારેટ દબાવી દઈ રાણાને આંખ મિચકારી. અધીરો રાણા બેઠક પરથી સફાળો ઊભો થયો. ધામા પગલે પૂંછડી તરફ આગળ વધ્યો ત્યાં ગોપીએ અજાણ્યાની જેમ પૂછ્યું : 'મિસ્ટર આપ બાથરૂમ જાવ છો ? મને જરા ટેકો આપીને લઈ જશો ?'

'જરૂર !' કહીને રાણાએ ટેકા માટે હાથ લંબાવ્યો. દુઃખતા પગનો દેખાવ કરતો ગોપી ચોકીદાર તરફ હસીને ઊભો થયો. સીટની બહાર નીકળી રાણાના ખભે હાથ મૂકી, લંગડાતી ચાલે બાથરૂમ સુધી પહોંચી ગયો : 'તમને વાંધો ન હોય તો પહેલાં મને જઈ આવવા દો.' કહેતાં ઉતાવળના ભાવ દર્શાવી એણે બાથરૂમમાં પ્રવેશ કર્યો.

બહાર ઊભેલા રાણાએ વિમાનમાં બેઠેલા ઉતારુઓ પર નજર નાખીને જોઈ લીધું : શશી વારે વારે પાછળ ડોક ફેરવતો હતો. એ સિવાય બીજા ઉતારુઓ પોતપોતાનામાં પડ્યા હતા. બાથરૂમમાંથી પ્લાસ્ટર ચિરાવાનો અવાજ સાંભળી રાણાને ધ્રુજારી છૂટી ગઈ. પણ બીજા કોઈના કાને અવાજ પહોંચ્યો નથી એની ખાતરી થઈ એટલે ધરપત અનુભવી. છતાં ભીતરમાં ફફડાટ તો ચાલુ જ રહ્યો : 'કોઈ બાથરૂમ તરફ આવી ન ચડે તો સારું... બે મિનિટની વાર પણ તેને બહુ વસમી લાગી.'

અને બાથરૂમનું બારણું ઊઘડ્યું. ગોપીએ બંને હાથમાં પકડેલી ચાર પિસ્તોલ દેખાઈ. ઝડપભેર તેણે એની પાસેથી બે પિસ્તોલ લઈ લીધી.

બરાબર એ જ વખતે ઍર-હોસ્ટેસ આવતી દેખાઈ એટલે રાણાએ બંને પિસ્તોલ પીઠ પાછળ સંતાડી દેતાં ગોપીને સાવધ કર્યો : 'જલદી કર, પેલી આવી રહી છે.'

છતાં જરાય અસ્વસ્થ થયા વિના ગોપી બહાર આવ્યો. બંને બાજુની સીટ વચ્ચેના સાંકડા પેસેજમાં આગળ વધતો, સામે મળેલી ઍર-હોસ્ટેસને રસ્તો આપતો વિમાનના આગલા ભાગ સુધી પહોંચી ગયો ત્યાં સુધી કોઈને જાણ ન થઈ કે એના પગમાંથી પ્લાસ્ટર નીકળી ગયું છે અને સફારી બુશકોટના બંને ખિસ્સામાંથી પિસ્તોલ ડોકાય છે !

'સાવધાન !' તેની ત્રાડથી બધા પેસેન્જરો ચોંકીને ટટ્ટાર બની ગયા. બંને હાથે પિસ્તોલ તાકીને ગોપીએ જાહેર કર્યું : 'અમે વિમાન હાઈજેક કરીએ છીએ.'

ઓહ, આહ, બાપરે.... જાતજાતના ઉદ્‌ગાર કાઢતા પેસેન્જરો હેબતાઈ થીજી ગયા. કોઈકે ડોક ફેરવીને બંદૂકધારી બૅન્ક ચોકીદારો તરફ આશાભરી મીટ માંડી ત્યારે ખબર પડી કે એ બંનેની ડોક પર પિસ્તોલની નાળ અડાડીને બીજા એક જુવાને એમનેય તાબે કરી લીધા હતા.

શર્માને બેઠક પરથી ઊભો થતો જોયો ત્યારે કેટલાંકે માન્યું, હમણાં પેલો પિસ્તોલથી આને ફૂંકી મારશે, એને બદલે ગોપીએ તેના હાથમાં પિસ્તોલ પકડાવી દઈ પોતાની જગ્યાએ ઊભો રાખી

દીધો ત્યારે સમજાયું કે આ તો એનો ત્રીજો સાગરીત નીકળ્યો! એટલીવારમાં શશી પણ પાછળ પહોંચી જઈ રાણાની બીજી પિસ્તોલ પકડીને ચોકીદાર પર જાપ્તો રાખવા ગોઠવાઈ ગયો હતો.

'અમે કોઈને ઇજા કરવા માગતા નથી.' ગોપીએ મક્કમ અવાજે જાહેર કર્યું: 'અમારે માત્ર વિમાનના સામાનમાંથી બે પેટી ઉતારી લેવાની છે... એથી તમારામાંથી કોઈને કાંઈ નુકસાન થવાનું નથી પછી પાયલટની કૅબિન તરફ પાછળ ખસતાં ચેતવણી ઉચ્ચારી: 'પણ તમારામાંથી કોઈ જરાસરખી શંકાશીલ હિલચાલ કરશે કે હોશિયારી દેખાડવા જશે તો આખું વિમાન ભડકે બળતું નીચે જઈ પડશે.'

વિમાનમાં સન્નાટો છવાઈ ગયો. ઍરકન્ડિશન્ડ વાતાવરણ વચ્ચેય ઘણાને પરસેવો છૂટવા લાગ્યો. કેટલાકને છાતીમાં ગભરામણ શરૂ થઈ ગઈ. કોઈ કોઈ મનમાં ભગવાનનું નામ રટવા લાગ્યા અને ભયભીત અવસ્થામાં એકાદ-બેનાં તો કપડાંય ભીંજાઈ ગયાં! બંને ચોકીદારોની બંદૂક-કારતૂસો છીનવાઈ ગઈ હતી. સૌથી વધુ ફડકો એમને હતો : કૅશપેટી ઉપાડવા માટે આ લોકો અમનેય સાથે ઉઠાવી નહીં જાય ને!

પાયલટની કૅબિનમાં કૅપ્ટન ડીમેલો અને એન્જિનિયર ગુપ્તાએ ગોપીનાથે તાકેલી પિસ્તોલને તાબે થયા વિના કોઈ ઇલાજ નહોતો. કાઠમંડુ કે બિરાટનગર ઍરપૉર્ટને વાયરલેસ દ્વારા સાંકેતિક સંદેશો સરકાવી દેવાની તક પણ ગોપીનાથે આપી નહીં. તેણે ખિસ્સામાંથી હવાઈ નકશો કાઢીને પાયલટ સામે ધરી દીધો :

'કૅપ્ટન, યાંત્રિક ખામીને કારણે ત્રણ કલાક મોડા છો ત્યારે અમારે ખાતર તો માત્ર દસ જ મિનિટ બગાડવાની છે. વિમાનને બિરાટનગરની દિશામાંથી સનોલી તરફ વાળી લો.'

કહ્યાગરા બનીને કૅપ્ટન ડીમેલોએ પ્લેનની દિશા બદલી. કાન પાસે તકાયેલી પિસ્તોલની ગરમીથી એની ગરદન પર પસીનાનો રેલો દડવા લાગ્યો છતાં ગભરાટ દેખાવા દીધો નહીં : 'મિસ્ટર હાઈજેકર, આપણે સોનાલી ઍરપૉર્ટ પર લૅન્ડ કરવાનું હોય તો મારે ત્યાં જાણ'...

'નહીં કૅપ્ટન!' ગોપીએ અથરા અવાજે અધવચ્ચે જ કહ્યું: 'નેપાલની હદમાં કોઈ સ્થળે ઉતરાણ નથી કરવું, ભારતના કોઈ

ઍરપૉર્ટ ઉપર પણ નથી જવું.. સામે દૂર દૂર જંગલોમાં દેખાય છે તેની વચ્ચે તદ્દન નિર્જન સ્થળે કોઈક મેદાનને વિમાનપટ્ટી માની લઈ ઉતારી દો.'

સાંભળીને પાયલટ અને એન્જિનિયર એકબીજા સામે લાચાર નજરે જોઈ રહ્યા. વિમાન એકસરખી ગતિએ જંગલની દિશામાં ઊડતું રહ્યું. થોડીવારની ખામોશીમાં ગોપીનાથ અકળાઈ ઊઠ્યો :

'તમે કેમ કંઈ બોલતા નથી ?'

'શું બોલું ?' કૅપ્ટન ડીમેલોએ ડોક ઊંચી કરીને તેની સામે જોયું : 'તમારે ગમે તે મેદાનમાં વિમાન લૅન્ડ કરાવવું છે અને મારા માથા પર તમારા ચાર સહિત ચુમાલીસ માણસોની જિંદગીની જવાબદારી છે.'

'કૅપ્ટન, હું બધું જ જાણું છું. તમે કુશળ વિમાનચાલક છો. કપરા લૅન્ડિંગ માટે તમને ઍવૉર્ડ મળ્યો છે.' ગોપીનાથે જરાય નમતું નહીં જોખવાની મક્કમતા સાથે સંભળાવ્યું : 'આપણા નેપાલ દેશનાં એક-બે ઍરપૉર્ટ તો ઢોરોને ચારવાનાં મેદાન જેવાં જ છે ને.'

ત્યારે પાયલટે દલીલ કરવાનું માંડીવાળી દૂરબીન પર નજર નાખી સલામત ઉતરાણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ધીમે ધીમે વિમાનની ઊંચાઈ ઘટવા લાગી. હવે નીચેનાં જંગલો નરી આંખે સાવ લગોલગ દેખાતાં હતાં. અચાનક બાજુના ઇન્ટરકોમનું રિસીવર ઊંચકી પાયલોટે ઍર-હોસ્ટેસને સૂચના આપી:

'પેસેન્જરોને તાકી, કરી દો કે આપણે ફોર્સ લૅન્ડિંગ કરી રહ્યા છીએ. પટ્ટા બાંધીને જરા પણ ગભરાયા વિના પોતાની સીટ પકડીને બેસી રહે.'

હવે ગોપીનાથે તેની પિસ્તોલ પાયલટની ગરદનથી દૂર ખસેડી લીધી. વિમાન ઊંચાઈ ઓછી કરતું જંગલ પર ચકરાવા લેતું રહ્યું.

'મિસ્ટર !' પાયલટે ગોપીનાથને તાકીદ કરી : 'હવે તમે પણ સામેની સીટ પર ગોઠવાઈ જાવ. પિસ્તોલની ટ્રિગર પરથી આંગળી હઠાવી લો. મેદાન ગમે એટલું સપાટ હશે તોય એક-બે જોરદાર ધક્કા લાગવાના... ભૂલેચૂકે પિસ્તોલની ટ્રિગર દબાઈ ગઈ તો...'

પણ એ વાક્ય પૂરું કરે એ પહેલાં જ તેની સૂચનાનો ઝડપી અમલ કરતો ગોપીનાથ પિસ્તોલ ખિસ્સામાં સેરવી દઈ સામેની બેઠક પર ગોઠવાઈ ગયો.

અને બીજી જ મિનિટે જોરદાર ધક્કા સાથે વિમાનનાં પૈડાં ધરતીને અડક્યાં ત્યારે કેટલાક ચીસ પાડી ઊઠ્યા, તો કોઈક આગળની સીટ પર માથાં અફાળી બેઠાં. અર્ધા ફર્લાંગ સુધી ધ્રુજારી અને ધક્કા સાથે દોડતું વિમાન થંભી ગયું, ત્યારે સૌના શ્વાસ હેઠા બેઠા.

'વેલ ડન કૅપ્ટન !' ખિસ્સામાં મૂકેલી પિસ્તોલ સંભાળી લઈ સાવધ બની જતા ગોપીનાથે શાબાશી આપી : 'તમે ધાર્યા કરતાં પણ વધુ કાબેલિયત દાખવી...'

ત્રીજી મિનિટે લગેજમાંથી બંને કૅશપેટીઓ નીચે ફગાવી ચારે જુવાન વારાફરતી જમીન પર કૂદી પડ્યા અને ચોથી મિનિટે તો બાકીના ચાલીસ જણા સાથે વિમાન ફરી સડસડાટ આકાશમાં વહેતું થઈ ગયું.



'જોયુંને સાત વાગ્યામાં કેવું અંધારું જામી ગયું !' મંદિર સામે જીપ થોભાવતાં ડ્રાઇવરે ટકોર કરી : 'સારું થયું તમને બૅટરી મળી ગઈ, નહીંતર આ ઘનઘોર જંગલમાં સામે ઊભેલો માણસ પણ દેખાય નહીં !'

'ચાલો આવજો.' બૅટરીની ચાંપ દાબતો જયદેવ જીપમાંથી નીચે ઊતર્યો : 'રાત કેવી વીતી એ કહેવા માટે આપણે ફરી મળવાના નથી.'

'આવજો !' પેલાએ જીપ ચાલુ કરીને જતાં જતાં યાદ કરાવ્યું: 'સવારે પાંચ પહેલાં ટ્રકવાળા ધાબે પહોંચવાનું ચૂકતા નહીં.'

'ભલે.' કહેતો જય બૅટરીના પ્રકાશની પાછળ પાછળ ધીમા પગલે મંદિર તરફ આગળ વધ્યો ત્યાં સુધીમાં પેલી જીપ અંધારામાં અદૃશ્ય થઈ ગઈ.

ભારે વિચિત્ર માણસ ભેટી ગયો ! ખાટલા પર કપડાંનો બગલથેલો નાખી જયદેવે લંબાવ્યું : કલાકમાં પાછા ફરવાનું કહીને

લઈ ગયો અને ચાર કલાકે પાછો લાવ્યો ! તેની વાતચીત પણ ઢંગધડા વગરની હતી. ફૉરેસ્ટ ઑફિસમાં કામ કરતો હોય છતાં જંગલની વાત ટાળતો હતો. ઘડીક ખંધો લાગે તો ઘડીમાં ભોળો દેખાય !

પણ તેની એક તાકીદ સાચી હતી. ધાબામાંય બે-ચાર જણ પાસેથી સાંભળવા મળ્યું કે રાત્રે વાઘની ત્રાડોથી આખું જંગલ ગર્જી ઊઠે છે ! કદાચ પોતે રાતવાસો કરવા ધાબામાં જ રોકાઈ જાત, જો પેલી બે પેટી અહીં મૂકતો ન ગયો હોત...

અને મગજમાં ઝબકારો થયો હોય તેમ એ બેઠો થયો. બૅટરીની ચાંપ દબાવી રોશનીનો લિસોટો મંદિરની પછવાડે ફેંકતાં જ એણે આંચકો અનુભવ્યો : બંને પેટી ત્યાંથી ગાયબ થઈ ગઈ હતી !

ઝડપભેર ત્યાં પહોંચી જઈને આજુબાજુ બૅટરીથી જોયું, પણ પેટી ક્યાંય દેખાઈ નહીં. કૂવા તરફ પ્રકાશ ફેંક્યો, કોઈની હાજરી વર્તાઈ નહીં. જમીન પર રોશની પડી ત્યાં અચાનક તેનું ધ્યાન ગયું તો ધૂળમાં ટાયરનાં નિશાન દેખાયાં !

ઓત્તારીની ! હવે સમજાયું, પેલો મને બેત્રણ કલાક માટે અહીંથી શું કામ લઈ ગયો... પણ એ પોતે તો જીપ સાથે આટલો વખત મારી જોડે જ હતો. કદાચ એનો સાગરીત બીજી જીપમાં પેટીઓ ઉઠાવી ગયો હશે !

જયને હસવું આવી ગયું : જે બોજાનો નિકાલ કરવાનું મને સૂઝતું નહોતું, એ કામ આ લોકોએ ઉકેલી આપ્યું.... મારો ભાર હળવો કરી નાખ્યો !

'માલનું નહીં, પણ જાનનું જોખમ છે !' તેને જીપ ડ્રાઇવરના શબ્દો યાદ આવી ગયા ત્યારે મનમાં પડઘો પડ્યો : ભાઈ, માલનું જોખમ તો તેં હળવું કરી નાખ્યું, હવે જાનનું મારે સંભાળી લેવું પડશે.

આજુબાજુનાં વૃક્ષો પર બૅટરી ફેંકીને તેણે થોડે દૂરનું એક ઝાડ પસંદ કરી લીધું. ખાટલો ઉપર ચડાવી તેની ચાર ડાળીઓ પર સજ્જડપણે ગોઠવી દીધો. ટૂરિસ્ટો સાથે જંગલમાં એક-બે રાત પોતે આવી રીતે વિતાવી હતી એટલે સૂતાની સાથે જ એ ઘસઘસાટ

ઊંઘી ગયો. મધરાતે વરસેલું કમોસમનું ઝાપટું, વાઘની ત્રાડો કે શિકારીની બંદૂકના ધડાકા તેની ગાઢ નીંદરને સ્પર્શી શક્યા નહીં.

સવારે ચાર વાગે નીંદર ઊડી અને આંખો ઊઘડી ત્યારે તાજ્જુબીનો બીજો આંચકો અનુભવ્યો. મંદિરની પછવાડે પેલી બંને પેટી પાછી આવી ગઈ હતી ! વારે વારે આંખો ચોળીને ખાતરી કર્યા પછી એ ચમત્કારે તેને વિમાસણમાં નાખી દીધો : બિચારાઓની મહેનત માથે પડી. લોખંડની વજનદાર પેટી જોઈને છેતરાઈ ગયા. અંદરથી લખલૂટ માલને બદલે પાપની નજીવી કિંમતની સામગ્રી જોઈને બિચારા પસ્તાયા હશે... પણ એમણે પેટીઓ પાછી મૂકી જવાની મહેનત શું કામ લીધી ?

વરસાદથી ભીંજાયેલી જમીન પર કેટલાંક પગલાં દેખાયાં ત્યારે અનુમાન કર્યું : લઈ ગયા જીપમાં અને મૂકી ગયા પગપાળા !

આ ચમત્કારે જયદેવના મનમાં અચરજની સાથોસાથ ઉચાટ પણ જગાડ્યો. જેને જોઈને કોઈને ચોરી જવાની લાલચ જાગે એ ભાર મારે શું કામ વેંઢારવો... ભલે અહીંઆ મહાદેવના મંદિર પાસે એ પડી રહેતી, કોઈકની તો ખપ લાગશે !

પણ ફરી પાછો ઇરાદો બદલાવ્યો. પાપની આ ચીજો શું કામ કોઈએ ખપમાં લેવી જોઈએ?

વારાફરતી બંને વજનદાર પેટી ઊંચકીને કૂવા પાસે લઈ ગયો. કૂવામાં ડોકાઈને ઘડીભર જોઈ લીધું, પછી બંને હાથે એક પછી એક પેટી ઊંચકીને અંદર પધરાવી દીધી. પાણીમાં થયેલા ધુબાકાથી પંખીઓના કલવરમાં થોડી ખલેલ પડી. થોડીવાર પછી ફરી પાછું જંગલ કલશોરથી ગૂંજી ઊઠ્યું

અને જયદેવે નવી દુનિયામાં પ્રયાણ કરવા માટે તેનો પહેલો પડાવ છોડ્યો ત્યારે એને જાણ નહોતી કે નેપાલ બૅન્કના પોણો કરોડ રૂપિયાની પેટી પોતે કૂવામાં પધરાવીને જઈ રહ્યો હતો !

નવ

અલ્હાબાદ પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં દાખલ થયેલી માલ ભરેલી ટ્રકના એક દરવાજેથી પોલીસ ઇન્સ્પેક્ટર સાથે જયદેવ ઊતર્યો. બીજા બારણેથી શીખ ડ્રાઇવર ભજનસિંઘ બહાર આવ્યો અને પછવાડે બેઠેલા હવાલદારે ક્લીનરને નીચે ઉતાર્યો. પોલીસ કચેરીમાં પ્રવેશ કરતાં જયદેવને થયું : ભારતમાં આવવાની સાથે જ આ રીતનું સ્વાગત થશે એવું ધાર્યું નહોતું ! ટ્રક ડ્રાઇવર સરદારજી મનોમન બબડતો હતો : દયા ખાવાનો જમાનો જ નથી, અજાણ્યાને ટ્રકમાં બેસાડીને ઉપાધિ વહોરી લીધી...

સવારે સાડાપાંચે ધાબા પર ચા-નાસ્તો પતાવીને અલ્હાબાદ માટે ઊપડ્યા પછી ગોરખપુર સુધી તો જયદેવ અને ભજનસિંઘ એક બીજા સાથે એવા હળીમળી ગયા કે સુખદ સથવારા માટે મનોમન બંને હરખાતા હતા. વાતોડિયા સરદારજી પંદર વર્ષની પોતાની ટ્રક-ડ્રાઇવરીનાં કડવાં-મીઠાં સંભારણાં સંભળાવતા હતા અને જય ઉત્સાહભેર તેને હોંકારો ભણતો જતો હતો. વચ્ચે વચ્ચે ભજનસિંઘ શરાબ-સુંદરીની શાયરી લલકારી શૃંગારરસ પણ પીરસી લેતો : 'અમારા આ રઝળપાટની જિંદગીમાં ક્યારેક તમારા જેવા ભણેલાનો સંગાથ મળી જાય ત્યારે ડિઝલને બદલે પેટ્રોલ ભરીને ટ્રક ચલાવતા હોઈએ એવી મજા પડી જાય છે !'

પરંતુ ગોરખપુર છોડ્યા પછી વારે વારે રસ્તામાં ટ્રકો

ઊભી રખાવીને પોલીસવાળાની પૂછપરછ થવા લાગી એટલે સરદારજીનો મિજાજ બદલાતો ગયો : 'આજે ફરી કોઈ બદમાશે દાણચોરીનું ચક્કર ચલાવ્યું લાગે છે, નહીંતર રસ્તામાં આટઆટલાં ચેકિંગ થાય નહીં.'

પછી તો એક પોલીસ-જીપ ટ્રકની લગોલગ ચાલતી રહી એટલે ભજનસિંઘ અને જયદેવ બંને મનોમન એકબીજાના સથવારા માટે પસ્તાવા લાગ્યા : 'આ અજાણ્યા આદમીને પચાસ રૂપિયાની લાલચે સાથે લીધો તેમાં હું કાંઈક ફસાઈ ન જાઉં... ' ત્યારે જય જુદું જ વિચારતો હતો : 'સરદારજીની ટ્રકમાં જ દાણચોરીનો માલ હોવો જોઈએ.... ફોરેસ્ટ ઑફિસની જીપવાળા પેલા ટાલિયાએ મને ભેખડે ભરાવી દીધો !'

અલ્હાબાદ ત્રીસ-ચાલીસ કિલોમીટર જેટલું દૂર રહ્યું હશે ત્યારે અચાનક પોલીસની જીપ ખોટવાઈ એટલે અંદર બેઠેલા ઇન્સ્પેક્ટરે સરદારજીની ટ્રક થોભાવી : 'ટ્રક ઇલ્હાબાદ પોલીસ સ્ટેશન લે લો.' કહેતા ઇન્સ્પેક્ટર આગલી સીટમાં જયદેવની બાજુમાં ગોઠવાયા અને હવાલદાર ક્લીનરની સાથે ટ્રકમાં ખડકેલા માલ પર બેસી ગયો.

ત્યાર પછીય થોડીવાર સુધી ભજનસિંઘ મનને મનાવતા રહ્યા કે પોલીસઉપરીએ લિફ્ટ જ લીધી છે... પણ ઇન્સ્પેક્ટરે ઊલટતપાસની ઢબે જયદેવને પૂછપરછ કરવા માંડી ત્યારે બંનેને લાગ્યું કે બીજાને કારણે પોતે નકામી ઉપાધિ વહોરી લીધી.

પોલીસ સ્ટેશનમાં દાખલ થઈ ઇન્સ્પેક્ટરે ફોન જોડ્યો : 'શ્યામ ટ્રાન્સપોર્ટ કંપની ? જુઓ, તમારી એક ટ્રકને ડ્રાઇવર તથા ક્લીનર સહિત અમે કબજામાં લીધા છે. તલાશી લેવી પડશે. તમારા ચાર-પાંચ મજૂરોને લઈ ચોકી પર આવી પહોંચો....'

ફોન મૂકી ઇન્સ્પેક્ટર ટ્રકડ્રાઇવર ભજનસિંઘ અને જયદેવ સામે આરોપીને નિરખવાની રોજની ઢબે જોયું : 'સરદારજી, આ જુવાનને તમે ઓળખો છો ?'

'ના રે સાહેબ, સૂરત પરથી સારો માણસ લાગ્યો એટલે બેસાડ્યો બાકી...'

'પૂછું એટલો જ જવાબ આપો.' ઇન્સ્પેક્ટર કુમારે તેનું લબાણ હાથના ઝાટકાથી કાપી નાખવાની ઢબે પૂછ્યું: 'ટ્રકમાં એનો કોઈ સામાન છે ?'

'નહીં સાહેબ !' હવે જયદેવે જ જવાબ આપ્યો : 'મારા સામાનમાં માત્ર આ એક બગલથેલો જ છે.'

'હં ! ઇન્સ્પેક્ટરે એવી ધારદાર નજરે જોયું કે જયદેવ ઘડીભર પોતાને ગુનેગાર જેવો માનવા લાગ્યો : હું કોઈ ગુનો તો નથી કરી બેઠો ને...'

'મિસ્ટર, તારા બીજા સાગરીતો ક્યાં છે ?'

જયદેવને એના તુંકારા કરતાં તુમાખી વધુ ખટકી. કદાચ નેપાલમાં કોઈકે આવી તોછડાઈ દેખાડી હોત તો સંભળાવી દેત કે સભ્યતાથી વર્તતાં શીખો, પછી જવાબ માગો... પણ પરાયા દેશના અજાણ્યા પ્રદેશમાં ડહાપણ દેખાડવાનો કોઈ અર્થ નહોતો.

'જુઓ ઇન્સ્પેક્ટર, આપ અર્ધા કલાકથી મારી સાથે છો. મને અહીં લઈ આવવા માટે હજુ સુધી કોઈ કારણ જણાવવામાં આવ્યું નથી. તમે તમારી ફરજ બજાવો એ બરાબર છે, પણ બળજબરીનું વલણ ન અપનાવો એટલી મારી વિનંતી છે.'

'એટલે તું મને ફરજ બજાવવાના પાઠ શીખવે છે !' પોલીસઉપરી છંછેડાયો : 'અહીંયાં અમે ભલભલાને પાઠ ભણાવીએ છીએ.' કહેતાં ઇન્સ્પેક્ટર કુમારે તેનો થેલો ઝૂંટવી લઈ ટેબલ પર ખાલી કર્યો. અંદરથી એક જોડી કપડાં, પશુપતિનાથની નાની છબી, પૂજાપાઠની ટચુકડી ચોપડી અને બીજી બેચાર ચીજો જ નીકળી ત્યારે કરડાકી સાથે ઉઘરાણી કરી : 'ખિસ્સામાં જે કાંઈ સંતાડ્યું હોય એ ટેબલ પર રજૂ કરી દે !'

ત્યારે થોડીવાર તેની સામે વિચિત્ર નજરે જોઈ લઈને જયે પૈસાનું પાકીટ, ગાઇડનું આઇડેન્ટિટી કાર્ડ, એન્ડરસન સાહેબનો પત્ર અને થોડું પરચૂરણ સાહેબની સામે ધરી દીધું. ચામડાના પાકીટ પર ઇન્સ્પેક્ટરે પહેલી ઝાપટ મારી. અંદરથી નીકળેલી સો-સોની નોટો ગણી જોઈ : 'સોળસો છે.' બબડતાં ઘડી કરેલો પત્ર ખોલ્યો ત્યારે એની આંખો સ્પ્રિંગની જેમ પહોળી થઈ ગઈ. તેના હાવભાવ

જોઈને સરદારજી પણ ઊંચાનીચા થઈ ગયા : સાલો ફસાયો...

'સવા ત્રણ લાખ રૂપિયાની હૂંડી !' ઇન્સ્પેક્ટર જયદેવને તાકીને જોઈ રહ્યા : 'આ પણ બૅન્કલૂંટમાં તફડાવી કે ?'

'બૅન્કલૂંટ ?' હવે જયદેવ અચરજ સાથે ઉશ્કેરાઈ ગયો: 'મિસ્ટર ઇન્સ્પેક્ટર, ડોન્ટ ટોક નોનસેન્સ !'

સરદારજી તેનો જુસ્સો જોઈને હેબતાયો અને ઇન્સ્પેક્ટર ગિન્નાયો છતાં જય મક્કમપણે બોલી ગયો : 'હૂંડીની રકમ વાંચી પણ ઉપર નામ લખ્યું છે તે જુઓ, પેલા આઇ-ટી કાર્ડ પર નજર નાખો. નામ સાથે ચહેરો સરખાવી જુઓ અને પછી પૂછપરછ આગળ વધારો.'

તેના બોલમા સ્વમાન ઘવાએલા માણસનો રોષ રણકતો હતો એટલે ઇન્સ્પેક્ટરે થોડા ઢીલા પડવું પડ્યું, પણ ડ્રાઇવરની સામે પોતાના મોભાને ઝાંખપ ન લાગે એટલા ખાતર ચહેરા પરની તુમાખી ઓછી થવા ન દીધી.

બરાબર એ જ વખતે શ્યામ ટ્રાન્સપોર્ટ કંપનીના માલિક શ્યામકૃષ્ણ હાંફળા દાખલ થતા દેખાયા અને ઇન્સ્પેક્ટરને જોઈતું બહાનું મળી ગયું : 'તમે આવી ગયા, જલદી જલદી ટ્રક ખાલી કરાવો.' પછી દૂર ઊભેલા બે પોલીસને ફરમાન છોડ્યું : 'માલ ઊતરે તેના પર બરાબર જાપ્તો રાખજો. એક પણ ચીજ આઘીપાછી ન થવી જોઈએ. બૅન્કની કૅશપેટી અંદરથી જ નીકળવાની.'

સરદારજી ટ્રક ડ્રાઇવર સહિત બધા બહાર નીકળ્યા અને બંને એકલા પડ્યા એટલે ઇન્સ્પેક્ટરે પૂછપરછ આગળ વધારી : 'હૂંડી શેની છે ? નેપાલ ક્યારે છોડ્યું ? સાથે આટલી રકમ હોવા છતાં ટ્રકમાં કેમ આવવું પડ્યું ?'

તેની પૃચ્છામાં પહેલાંની તુમાખી ઓસરી જતી દેખાઈ એટલે જયદેવે સ્વસ્થપણે દરેક પ્રશ્નના ખુલાસા કહી સંભળાવ્યા. મહારાજાનાં પાપ ધારણ કરવાના આ છોકરાને સવાત્રણ લાખ મળ્યા એ જાણીને ઉપરી તાજ્જુબીથી તેને જોતો જ રહ્યો.

'સાહેબ, હવે આપ મને એટલું જ કહો કે તમારે ત્યાં કોઈ બૅન્ક લૂંટાઈ એમાં મારા પર તમને કેમ શંકા પડી ?'

ઇન્સ્પેક્ટર કુમાર તેની પાતળી મૂછમાં લુચ્ચું હસ્યો. કહેવા તો માગતો હતો કે તું વધુ પડતો અજાણ્યો દેખાઈને તારી નિર્દોષતા ઠસાવવા માગે છે... 'બૅન્ક અમારી નહીં, તારા નેપાલની લૂંટાઈ છે.' કહીને ટેબલ પર પડેલું 'દૈનિક અલ્હાબાદ' તેની સામે સરકાવ્યું: 'પહેલા પાને સમાચાર વાંચી જા. વહેલી સવારથી અમારી પત્તર ધમી નાખી.'

રૉયલ નેપાલ વિમાનનું અપહરણ કરીને બૅન્કના ૬૦ લાખ લૂંટી ગયા !

મથાળું વાંચતાં જ જયદેવ અસ્વસ્થ બની ગયો. ઝડપભેર વિગત વાંચતો ગયો તેમ તેના ચહેરા પર પલટાતા હાવભાવનું ઇન્સ્પેક્ટર કુમાર નિષ્ણાતની નજરે અવલોકન કરતા રહ્યા : દરેક પાવરધો ગુનેગાર પહેલાં આવો જ દેખાવ કરે છે.

સમાચાર અધૂરા છે એવું છેલ્લું વાક્ય વાંચીને જયદેવે જિજ્ઞાસુ નજરે ઇન્સ્પેક્ટર સામે જોયું : 'સાહેબ, તમારી પાસે તો પૂરા સમાચાર આવી ચૂક્યા હશે ?'

'હા !' ઇન્સ્પેક્ટરે ઝીણી આંખો કરીને સંભળાવ્યું : 'પૂછપરછ માટે પ્રેસરૂમ પર છાપાવાળાના ફોન ચાલુ જ છે... છેલ્લા સમાચાર આવ્યા ? હવે હું કહી શકીશ કે ચાર લૂંટારુમાંથી એકને અમે ઝડપી શક્યા છીએ. સવાત્રણ લાખની હૂંડી અને ટ્રકમાંથી મળી આવેલી....'

'સા'બ !' બહારથી દાખલ થતા પોલીસે ઊંચા અવાજે દખલ કરી : 'ટ્રકમાંથી તેલના ડબ્બા સિવાય બીજું કાંઈ જ નીકળ્યું નથી.'

ઇન્સ્પેક્ટર કુમારનું મોં બગડી ગયું. જયદેવ સામે દાઝમાં દાંત ભીંસ્યા. પછી ટ્રકના માલિકને સંભળાવ્યું : 'ઠીક છે, અત્યારે તો તમે તમારો માલ અને ટ્રક લઈ જાવ. ડ્રાઇવર અને ક્લીનરને અમારી પરવાનગી વગર સિટીની બહાર જવા નહીં દેતા... જાવ!'

ફરી એકલા પડ્યા એટલે કુમારે જુદી ઢબે શરૂ કર્યું : 'મિસ્ટર જયદેવ, શું લાગે છે તમને ? સાઠ લાખની બે વજનદાર પેટી ઊંચકીને લૂંટારા આ તરફ આવવાનું જોખમ ખેડે ખરા ?'

બે વજનદાર પેટી ! ઇન્સ્પેક્ટર કુમારે આ ત્રણે શબ્દો પર મૂકેલા વજને જયના મગજની ચાંપ દબાવી હોય તેમ ઝબકારો થયો : અરે, મારી પાસે પણ બે વજનદાર પેટી હતી, સાંજે અચાનક ગાયબ થઈને રાત્રે ચમત્કારિકપણે પાછી આવી ગઈ હતી !

તેના ચહેરા પર ઉત્તેજના પ્રસરતી જોઈને ઇન્સ્પેક્ટરને ચાનક ચડી : 'મિસ્ટર જયદેવ, છાપામાં છપાયું નથી પણ આ લૂંટની રકમના દસ ટકાનું ઇનામ મળવાની વકી છે.' કહીને સ્મિત ફરકાવ્યું : 'સીધો હિસાબ છે. ૬૦ લાખમાંથી ૬ લાખ આપણા !'

'આપણા ?' જયથી હસી જવાયું : 'સાહેબ, થોડીવાર પહેલાં મને લૂંટમાં સંડોવ્યો. હવે ઇનામમાં ભાગી બનાવવો છે ત્યારે પોલીસઊપરીનો પિત્તો ઊછળ્યો. ઝાટકા સાથે ખુરશી પરથી ઊભા થતાં તેણે ત્રાડ નાખી : 'થાણેદાર, લઈ જાવ એને... પેલા અનાડીની સાથે ખોલીમાં ગોંધી દો.'

જયદેવ વિરોધ કરવા જતો હતો પણ બે પોલીસો બાવડેથી પકડી તેને ખેંચવા લાગ્યા ત્યારે તેને ઢસડાવું પડ્યું : 'ઇન્સ્પેક્ટર, અત્યાર સુધી તમે ગેરસમજ કરતા હતા... હવે ગેરવર્તાવ કરી રહ્યા છો... એક પરદેશીને ખોટી રીતે પજવવાનું પરિણામ સારું નહીં આવે.'

ચિલ્લાતો જય છેલ્લા વાક્ય પર જોરદાર ધક્કા સાથે સાંકડી કોટડીમાં ધકેલાઈ ગયો.

'સરાસર અન્યાય ! હળાહળ જૂઠ !' પોકાર પાડતો જય દરવાજાના સળિયા પર મુક્કા મારવા લાગ્યો.

'અરે બાબુ, અહીંયાં હાથ, પગ કે માથા પછાડવાથી કાંઈ નહીં વળે !' કોટડીના ખૂણેથી એક ભરાવદાર અવાજ તેની પીઠ પર અફળાયો : 'આ લોખંડના દરવાજા પાછળ આવ્યા પછી લોખંડી કાળજું રાખવું પડે છે.'

ત્યારે ધીમે ધીમે ડોક ફેરવીને તેણે બોલનાર તરફ દૃષ્ટિ ફેંકી. બ્લુ જીન, ચટ્ટાપટ્ટાવાળું શર્ટ, ખરબચડો ચહેરો, મોટી આંખો અને જાડા હોઠ વચ્ચે બીડી દબાવીને બેઠેલો જુવાન પોતાને સહાનુભૂતિથી જોઈ રહ્યો હતો.

'યાર, આ જાવ ઇધર !' કહેતો બીડીની ફૂંક મારતો બેઠો થયો : 'અચ્છા હુઆ તું હમારી ખોલી મેં આ ગયા ! સાલા દૂસરા સબકુછ બરદાસ્ત કર શકતા હૂં મગર ઉ અકેલાપન...'

જય સમજી ગયો, કોઈ રીઢા ગુનેગાર સાથે પનારો પડ્યો ! ઈન્સ્પેક્ટરે હવાલદારને કહેલું પણ ખરું : આને પેલા અનાડીની કોટડીમાં ગોંધી દે... એનો ચહેરો જ નહીં, મિજાજ પણ ખરબચડો લાગે છે !

'લે પી !' જયદેવ થોડું અંતર રાખીને દીવાલને ટેકે બેઠો એટલે પેલાએ બીડી ધરી : 'કયા કેસમાં આવવું પડ્યું ?'

બીડી લેવાનો ઇન્કાર કરી જયદેવ ધૂંધવાતો બેસી રહ્યો એટલે પેલાએ તેનો ખભો દાબ્યો : 'યાર, આ બનવારીને બકબક કરવાની આદત છે. ઓછું બોલનારા કે મીઠું બોલનારાને આપણે કપટી માનીએ છીએ... બોલ તો ખરો, અહીંયા કેમ આવવું પડ્યું ?'

ત્યારે જયદેવે ઊભરો ઠાલવી દીધો. સંજોગવશાત્ ઘર છોડવું પડે તેમ હતું, મહારાજાના મૃત્યુનો મોકો ઝડપી લઈ એનાં પાપ લીધાં, દેશનિકાલ થઈને સરહદ પાર કરી સરદારજીની ટ્રકમાં આવતો હતો ત્યાં બૅન્કલૂંટમાં પોલીસે ખોટી રીતે સંડોવી દીધો...

'અરે યાર, તું તો નેપાલી નીકળ્યો !' બનવારીએ આત્મીયતા દર્શાવી : 'આપણને નેપાલી માણસો બહુ પસંદ છે.' પછી થોડીવાર કાંઈક વિચારીને ઉમેર્યું : 'પણ તું દેખાય છે એટલો ભોળો નથી યાર, રાજાના સવાત્રણ લાખનો દલ્લો પડાવી લાવ્યો ! લખપતિ થયા પછી દેશ શું કે પરદેશ શું ?'

'અરે એમાં ગભરાય છે શાનો ?' પેલાએ હિંમત આપી : 'પણ પરદેશમાં પગ મૂકતાંની સાથે જ જેલમાં.....' મને અફીણની દાણચોરી માટે લઈ આવ્યા. માલ મળ્યો પણ એ મારો જ હતો એનો પુરાવો ક્યાંથી મળશે ? બાકીનું બધું બોસ સંભાળી લેશે.'

'બૉસ ?'

'નહી સમજ્યો ?' પેલાએ હસતાં હસતાં સમજાવ્યું : 'હિન્દી ફિલ્મ જોતો નહીં હો... યાર, આવા આડા-અવળા ધંધા કરાવે એ સાલો બૉસ !'

જયદેવ તેની સામે જોઈ રહ્યો. એના ખરબચડા ગાલનો મોટો ચીરો ચાડી ખાતો હતો કે બનવારી છરી-ચાકુ ચલાવવામાં પાવરધો હોવો જોઈએ... પનારો પડ્યો જ છે તો થોડો પરિચય પણ મેળવી લઈએ :

'બનવારી તમે...'

'એય, આપ અને તેમની ભાષા આપણને ફાવતી નથી. યાર, માણસને તું કહી દો એટલે તાબડતોબ યારી-દોસ્તી પાકી થઈ જાય.... બોલ શું પૂછતો હતો તું ?'

'એ જ કે તમને... અરે ભૂલ્યો, તને નેપાલી લોકો ગમે છે એમ કહ્યું એનું કારણ...'

'કારણ-બારણ સમજાવતાં આપણને નહીં આવડે.' બનવારીએ બીડી સળગાવી : 'ટૂંકું ને ટચ, નેપાલ સાથે આપણે નાતો છે. ત્યાંથી માલ લઈ આવીને અહીં પહોંચાડી દઈએ એટલે મહિનો બે મહિના મજા કરવાની.'

'અફીણ-ચરસનો માલ કે બીજું પણ...'

'અરે વાહ રે ઉસ્તાદ !' બનવારી તેનો તાગ લેતો હોય તેમ તેની નજરમાં ધાર આવી ગઈ. પછી મલકી પડ્યો : 'યાર, મારી જેવો કોઈક પહેલી જ વાર ભટકાયો એટલે તને જાણી લેવાની ઇચ્છા જાગી છે ? તું સીધો છો એટલે કહું છે, બાકી પોલીસ ચામડા ઉતરડી નાખે તોય બહાર નીકળે નહીં.'

જયને તેની નિખાલસ મક્કમતા સ્પર્શી ગઈ. બનવારી બીડીના બે-ચાર કશ લે ત્યાં સુધી તેણે ધીરજ રાખવી પડી.

'યાર, આપણે તો ચરસ-અફીણની જ હેરાફેરી કરીએ છીએ, બાકી નેપાલની બીજી એક આઇટમની પણ અહીં સારી ઘરાકી છે.'

બીજી કઈ આઇટેમ ? જયદેવની જબાને સવાલ સળવળી ઊઠ્યો પણ એને એની ઢબે જ બોલવા દીધો :

'બૂરાઈ તો દોસ્ત, બધા જ ગોરખધંધામાં હોય છે. પણ કોઈની બહેન-દીકરીની હેરાફેરી કરવાના પાપમાં આપણાથી ન પડાય.'

અને કરોડરજ્જુમાં ઇલેક્ટ્રિકનો શોક લાગ્યો હોય તેમ જયદેવ

ઝાટકા સાથે ટટ્ટાર થઈ ગયો : 'બહેન-દીકરીની હેરાફેરી ?'

'કેમ આટલું બધું ચોંક્યો ?' બનવારીએ શરીર લંબાવતાં કહ્યું : 'દુનિયાભરમાં ઓરતોનાં શરીર વેચાય છે. કોઈક ગરીબીની મજબૂરીથી તો કોઈ બળજબરીથી કોઠા પર બેસતી થઈ જાય છે... પણ એવાં પાપમાં આપણે શું કામ પડવું ?'

દુઃખતી નસ દબાઈ ગઈ હોય એવી પીડા અનુભવતા જયદેવને થયું કે વાત બહુ નાજુક તબક્કા પર આવી પહોંચી છે. બનવારી ભલે દેખાવમાં ખરબચડો હોય, દિલ એનું સુંવાળું છે. અનીતિના ધંધામાં પણ નીતિને વળગી રહ્યો છે. કોને ખબર, આનો સંગાથ કેટલા દિવસ રહેશે, દિલ ખોલીને વાત કહી નાખ !

'બનવારી, તારે પણ કોઈક બહેન હશે ને ?'

આવા અણધાર્યા સવાલે પેલાને અસ્વસ્થ કરી મૂક્યો. તેની મોટી આંખોમાં લાગણી તગતગી ઊઠી : 'દોસ્ત, તેં ઘર યાદ કરાવી દીધું. જોકે ઘરમાં માણસ તો બે જ છે, એક મા અને બીજો નાનો ભાઈ, બહેન હતી પણ...'

'પણ શું બનવારી ?!' પીડા ઊપડી હોય તેમ જયદેવથી પુછાઈ ગયું : 'દોસ્ત, કહી દે દિલ ખોલીને.'

'ત્રણ વરસ પહેલાં બેનને પરણાવી. બાપ તો હતા નહીં, ઘર ખાનદાન પણ પૈસેટકે ખાલી હતા. બહેન માટે સારું સાસરિયું શોધવા મોટું દહેજ આપવું પડે તેમ હતું. ભણવાનું છોડીને આ ધંધે લાગી ગયો.'

'ત્યારે તો બહેન સુખી હશે !'

'સુખી તો છે પણ મારા આડી લાઇનના ધંધાની જાણ થઈ ત્યારથી મારું મોં જોતી નથી.' તેનો અવાજ ભીનાશ પકડવા લાગ્યો : 'એ બિચારી મને સારો માણસ બનાવવા માગતી હતી... પણ સારા માણસની બહેન-દીકરીને સારું સાસરિયું મળવાની સમાજ ખાતરી આપે છે ખરો ?'

ઘડી પહેલાંનો બદમાશ હવે જયદેવને ઝિન્દાદિલ દેખાયો.

'દોસ્ત, દિલ ખોલીને દરેકને આપણે ભીતરની પીડા દેખાડી શકતા નથી.' દર્દીલા અવાજે એણે બનવારીને કહ્યું :

'મહારાજાનાં પાપ લઈને મેં પણ બહેનની શોધમાં વતન છોડ્યું ત્યારે લોકોએ તો મને 'પાપી' કહીને જ જાકારો આપ્યો હતો.'

હવે બનવારી ઝાટકા સાથે બેઠો થઈ ગયો : 'બહેનની શોધમાં એટલે ?'

ત્યારે જયદેવે રૂખીની કથની કહી સંભળાવી : 'છ વર્ષ વીતી ગયાં એ વાતને ! લોકો કહે છે કે સમય જતાં ઘાવ રુઝાઈ જાય છે પણ...'

'એમ વાત છે ?' બનવારીના ખરબચડા ચહેરા પર ખળભળાટ મચી ગયો. એ થોડીવાર વિચારતો રહ્યો અને જય આતુરતાથી તેને તાકતો રહ્યો, જાણે હમણાં એને બહેનનું ઠેકાણું મળી જવાનું હોય !

'જય, તું અગાઉ ક્યારેય દિલ્હી ગયો છો ?'

'બનારસમાં ભણતો ત્યારે બે-ચાર વખત જઈ આવેલો.' કહેતાં જયદેવને યાદ આવ્યું : 'ત્રણેક વરસ પહેલાં પરદેશી ટૂરિસ્ટ સાથે હરદ્વાર-ઋષીકેશ માટે દિલ્હી જવાનું થયું હતું.'

'જૂની દિલ્હીના ચાંદની ચોકમાં એક હોટેલ છે, મનોકામના! એના મૅનેજર મદનને પકડજે... દિલ્હીભરમાં ઠલવાતી છોકરીઓની એને જાણ હોય છે.'

'એને તારું નામ આપું ?'

'ભલા માણસ, મારું કે તારું કોઈનું નામ નહીં આપવાનું.' પ્રૌઢ માણસની જેમ તેણે સમજાવવા માંડ્યું : 'જઈને સીધું કહેવાનું નહીં કે હું બેનની તલાશમાં નીકળ્યો છું. બહુ સિફતથી કામ લેવું પડે. કોઈક બહાનું ઊપજાવી કાઢજે. કદાચ એવું પણ કહેવું પડે કે પાપની કમાણી તું પાપમાં ઉડાવી દેવા માગે છે. તને નેપાલી છોકરીઓ જ માફક આવે છે...'

'નહીં નહીં નહીં !' ધ્રૂજી ઊઠ્યો : 'મારાથી એ...'

'નહીં થાય, એમ જ ને ?' બનવારી અધવચ્ચે જ બોલી ઊઠ્યો : 'દોસ્ત, બહેનને શોધવી હશે તો તારે પાપની દુનિયામાં ભટકવું પડશે. અરે, તારી બેન જીવતી હોય અને ધંધો કરતી હોય તો મળવા માટે એના ઘરાક થઈનેય જવું પડે.'

કમકમાં આવી ગયાં જયદેવનં ! બહેનની શોધમાં નીકળ્યો ત્યારે આવી અરેરાટી જગાડતી કલ્પનાય એણે કરી નહોતી.

'ભૂલી જા બેવકૂફ ! બહેનને ભૂલી જા !' અચાનક બનવારીનો ખરબચડો ચહેરો કરડો થઈ ગયો : 'પાપના સવાત્રણ લાખ રૂપિયા ધર્માદામાં આપી દઈ સાધુ બની જા... બહેનને શોધવાનું તારું કામ નથી.'

એ આકરાં વેણથી જયદેવની ગરદન ઝૂકી ગઈ. પણ બનવારીનો રોષ ઓછો થયો નહીં : 'છ વર્ષમાં એ છોકરી પર કેવી વીતી હશે... એ જીવતી હશે તોપણ મનથી મરી પરવારી હશે. ફૂલની પથારી પર પોઢાડવા માટે છોકરીઓનાં અપહરણ નથી થતાં સમજ્યો ?'

જયની ગરદન ઊંચી થઈ શકી નહીં. અસહ્ય યાતનાથી તેની છાતી ભીંસાતી લાગી.

'ઝૂકી ગયો દોસ્ત !' બનવારીના અવાજમાં ફરી લાગણીની કુમાશ વર્તાઈ : 'યાર, બહેનને પરણાવવા ખાતર મેં આત્મા વેચ્યો ત્યારે તું તો આત્મા વેચીને આવ્યો છો... પાપ પુણ્યના પોકળ ખ્યાલ છોડીને આગળ વધ ! તું કહેતો હોય તો હુંય આ જેલ તોડીને તારી સાથે આવું... બોલ !'

ત્યારે જુસ્સાભેર જયની ગરદન ઊંચી થઈ. પહેલીવાર તેણે મહેસૂસ કર્યું કે માર્ગ દેખાડવા માટે જ કુદરતે મને આ કોટડીમાં ધકેલ્યો !



'બસ, હવે દિલ્હી દોઢ કલાક જ દૂર રહ્યું !'

અલ્હાબાદ એક્સપ્રેસ વેગ ધીમો પાડતી સ્ટેશનમાં દાખલ થઈ થંભી ગઈ એટલે ડબ્બામાંથી એક જણે ઘડિયાળમાં જોઈને કહ્યું. 'સાડા સાત વાગ્યા. નવ વાગે તો ન્યૂ દિલ્હીને ટચ કરી જશું.'

સેકન્ડ કલાસના ભરચક ડબ્બામાં ઉતારુઓ સામાન પૅક કરવાની વેતરણમાં પડી ગયા ત્યારે માત્ર એક બગલથેલા સાથે સફર કરતો જયદેવ આગલી સાંજની ઘટના વાગોળતો હતો :

પોલીસચોકીની કોટડીમાં બનવારી ભેટી ન ગયો હોત તો પોતે કોને ખબર, આજની સાંજ કઈ દિશામાં ભટકતો હોત... અલ્હાબાદ પહોંચીને બનારસ જવાનું વિચારી રાખેલું. એકવાર મામા-મામીને મળી લઉં પછી ક્યાં જવું એ નક્કી કરીશું. પરંતુ મહારાજાનાં પાપ લઈને આવેલા ભાણિયાને ત્યાં આવકાર મળશે કે તિરસ્કાર ? એની ગડમથલ સાથે એ સરદારજીની ટ્રકમાં બેઠો હતો. પછી તો પોલીસચોકીની મહેમાનગતિ ભોગવવી પડી અને બનવારીએ દિશા દેખાડી દીધી : દિલ્હી !

મધરાતે આંખ મીંચાઈ ત્યાં સુધી બનવારી કાંઈ ને કાંઈ બોલતો જ રહ્યો હતો. પોતે જ બધું બોલ્યા કરે છે એવું ભાન થાય એટલે વચ્ચે પૂછી લેતો : ‘યાર જય, કોઈની સાથે પ્રેમબ્રેમનું ચક્કર થયું કે નહીં ?’

ત્યારે પોતાને જ્યુલી યાદ આવી ગયેલી. કહી દેવાનું મન થયેલું: વિધાતાએ એવું ચક્કર ચલાવ્યું કે પ્રેમનો પ્યાલો હોઠ સુધી આવ્યો ત્યારે જ મોં ફેરવી લેવાનો વખત આવ્યો ! પણ જ્યુલીની એવી અંગત વાત કહેવાનું અજુગતું લાગ્યું એટલે અર્ધસત્ય ઉચ્ચારેલું : ‘બનારસમાં મામાએ કન્યા પસંદ કરી રાખી હતી પણ પાપ ધારણ કર્યા પછી એ દરવાજાય બંધ થઈ ગયા.’

સવારે કોટડીના ઊઘડતા દરવાજામાં ઇન્સ્પેક્ટર કુમારને આગલી સાંજની તુમાખીને બદલે મલપતી ચાલે અને મલકતા મુખે દાખલ થતો જોઈને જ જયદેવ પામી ગયો કે રાત્રે સૂતા પહેલાં બનવારીએ ઉચ્ચારેલું અનુમાન સાચું પડી રહ્યું છે : જોજે યાર, આ પોલીસવાળા સવારે આવીને કહેશે કે ગલતીથી અમે તમને હવાલાતમાં બેસાડી દીધા... સાલા, મારા જેવો ગુનેગાર બે કલાકમાં કહી દે કે સામો માણસ ખરેખર અપરાધી છે યા નહીં... પણ પોલીસવાળાને બહુ વારે બત્તી થાય છે.

‘ગુડ મૉર્નિંગ મિસ્ટર જયદેવ !’ ઇન્સ્પેક્ટરે પોતાની ભોંઠપ ઢાંકવા બનાવટી રણકા સાથે કહ્યું હતું : ‘મને શંકા તો હતી જ કે કાંઈક ગરબડ છે, એટલે રાતોરાત વાયરલેસ અને કૉલ કરીને કાઠમંડુ પૂછપરછ કરાવી. રાજમહેલથી વહેલી સવારે સંદેશો આવ્યો

કે અમે ખોટા માણસને ઝડપ્યો છે.'

'આવું તો તમે ઘણીવાર કરો છો મારા સાહેબ !' બનવારીએ લાગ મળતાં જ સંભળાવી દીધેલું : 'અત્યારે જયદેવને માટે જે કહી રહ્યા છો એ જ શબ્દો બે-ચાર દિવસમાં તમે મારા માટે કહેવાના.'

'યૂ શટ અપ અનાડી !' કહીને ઇન્સ્પેક્ટરે પોતાની દયા ખાધી હતી : 'આવાની સાથે તમારે આખી રાત વિતાવવી પડી એ બદલ મને અફસોસ...'

'નહીં ઇન્સ્પેક્ટર, મને અફસોસને બદલે આનંદ થયો.'

'બહુ વિચિત્ર કહેવાય !' પોલીસઉપરીએ બનવારી તરફ દાઝ ઠાલવી હતી : 'આ ગઠિયો ભારે ઉસ્તાદ છે. એને ખબર પડી કે તમારી પાસે સવાત્રણ લાખની હૂંડી છે એટલે શીશામાં ઉતારવા મીઠી મીઠી વાતો કરી હશે.. ચાલો ઑફિસમાં, તમારી અમાનત સોંપીને તમને વિદાય કરું.'

કહેતો એ હાથ પકડીને પોતાને ખેંચી જતો હતો ત્યારે બે ડગલાં આગળ વધીને એ અટકી ગયેલો : 'સાહેબ, હું બે જ મિનિટમાં આવી પહોચું છું.' કહી એમને વિદાય કરી બનવારી સાથે સ્નેહભરી નજર મિલાવી હતી. પોતાના કરતાંય એને વધુ ખુશાલી વ્યકત કરતો જોઈ દિલ ભરાઈ આવેલું : કેવો માયાળુ આદમી છે! હાથ મિલાવ્યા ત્યારે બનવારીનો પંજો ખરબચડાને બદલે સુંવાળો લાગ્યો હતો : 'દોસ્ત, આટલા જલદી જુદા પડવાનું ધાર્યું નહોતું.'

'મેં તો ધાર્યું જ હતું.' લાગણી ઘૂંટ્યા અવાજે બનવારી બોલી ગયેલો : 'સાચા કામે નીકળેલાને માર્ગમાં વિઘ્નો નડે છે પણ તેને રોકી શકતાં નથી.'

'બનવારી, નવી દિલ્હી પહોંચતાં જ મારા હાથમાં પૈસા આવશે,' કહેતાં પોતે થોડું અટકેલો. કદાચ ખોટી રીતે કહેવાઈ ન જાય એટલે સાવધ થઈને બોલ્યો હતો : 'પાપની એ લક્ષ્મી મેં મોજ-શોખ માટે નથી લીધી. તને જામીન પર છોડાવવા....'

'નહીં યાર !' એણે પોતાને પૂરું બોલવા પણ નહોતો દીધો: 'એ કામ મારા બૉસનું છે... તું ઊપડ !' પંજામાંથી પોતાનો હાથ

સરકાવી લેતાં એણે વિદાય આપી હતી : 'પેલા ઇન્સ્પેક્ટરને આપણી યારી કઠશે... ફરી પાછા ક્યાંક ભેગા થઈ જશું. દિલ્હી તો અમારા જેવાં ઊડતાં પંખીનો માળો છે.'

એન્જિને વધુ પડતા જોશમાં વ્હીસલ મારીને જયદેવને સજાગ કરી દીધો : અલ્હાબાદ અને બનવારી પાછળ રહી ગયા. હવે તો ઊડતાં પંખીના માળા જેવું દિલ્હી નજીક આવી રહ્યું છે. પસાર થતાં પ્લૅટફૉર્મને બારીમાંથી નિહાળતો હતો ત્યાં ચાલુ ટ્રેને એક માણસ હાંફતો હાંફતો બારણામાં દાખલ થતો દેખાયો. પડતાં પડતાં બચી ગયો એવા ગભરાટના ભાવ સાથે છાતી પર હાથ દાબી આંખો મીંચીને એ થોડીવાર બારણે જ થંભી ગયો. તેણે હાથમાં ઊંચકેલી ચામડાની નાની બૅગ ભંગાર હાલતમાં ન હોત તો જયદેવ માની બેસત કે કોઈની બૅગ તફડાવીને ચાલતી ગાડીએ ચડી બેઠેલો કોઈક ચોર છે ! ગાડી પ્લૅટફૉર્મથી દૂર નીકળી ગયા પછી પણ ઘણીવાર સુધી એ બારણા બહાર જાણે ખાતરી કરતો જોતો હતો કે કોઈ પીછો તો કરતું નથી ને ? ચોળાઈ ગયેલા ખાદીના પેન્ટ-બુશકોટ, પગમાં રબ્બરનાં સસ્તાં સ્લીપર, આંખ પર જાડા કાચનાં ચશ્માં અને બંને ગાલ બેસી ગયેલા.

પોતાને કોઈ ધારી ધારીને જોઈ રહ્યું છે એનું ભાન થતાં એ જયદેવ સામે ક્ષોભીલું હસ્યો. જયને દયા જાગી હોય તેમ બેસવા માટે પોતાની બાજુમાં થોડી જગ્યા કરી આપી.

'તમારે આ રીતે ટ્રેન નહોતી પકડવી.' પેલાએ બેઠક લીધી એટલે જયથી કહ્યા વિના રહેવાયું નહીં : 'જરાક માટે બચી ગયા.'

'શું થાય ?' તેણે નિસાસો નાખી આસપાસ જોતા રહેવાનું ચાલુ રાખતાં કહ્યું : 'ટ્રેન ચૂકી જવાનું પાલવે તેમ નહોતું.'

તેની છાતી હજુય હાંફતી હતી. બોલવામાં ગભરાટ પણ ઓછો થયો નહોતો એટલે પૂછી લીધું : 'તમારી સાથે બીજું કોઈ હતું ? તમે કોઈકને શોધતા હો...'

ત્યારે પેલાએ કાન પાસે મોં લાવી ધીમા અવાજે કહ્યું : 'કોઈ મારો પીછો કરી રહ્યું છે !'

અને જયદેવ ચોંક્યો. પોતે પણ આજુબાજુ જોવા લાગ્યો. પેલાએ તેનો ગોઠણ દાબ્યો : 'અલ્હાબાદથી અહીં સુધીમાં ત્રણ વખત

પેલાએ તેનો ગોઠણ દાબ્યો : 'અલ્હાબાદથી અહીં સુધીમાં ત્રણ વખત ડબ્બા બદલતો રહ્યો પણ એ સાલો પીછો છોડતો નથી.'

'એ કોણ ?'

એ સવાલના પડઘામાં ચશ્માંના જાડા કાચ પાછળની તેની આંખોમાં ફૂંફાડા મારતો ભય જયને જોવા મળ્યો. જાણે પીછો કરનાર વિષે કહેવા માગતો હોય પણ નામ ઉચ્ચારવા માટે જીભ ઊપડતી નહોતી !

બંને ગોઠણ પર બૅગ ગોઠવી, બૅગ પર બંને હાથની કોણી ટેકવી, બંને પંજામાં માથું દબાવીને એ બેસી રહ્યો ત્યારે જયદેવને થયું કે એના મસ્તકમાં ભયાનક દાવાનળ ભડકી રહ્યો હશે. નજીકના સ્ટેશન પર પહોંચેલી ગાડીનો વેગ ધીમો પડવા લાગ્યો ત્યારે જયદેવની ધીરજ ખૂટી ગઈ. પેલાની ખામોશી ખટકતી હોય તેમ એના ખભે હાથ મૂક્યો :

'હું પોતે દિલ્હીનો અજાણ્યો છું, છતાં તમે કહેશો ત્યાં મૂકવા સાથે આવીશ.'

ત્યારે ઝબકીને જાગી જતો હોય તેમ પેલાએ ડોક ઊંચી કરી જયની સામે આભારવશ આંખે જોયું. આટલી એવી ધરપતે બહુ મોટું આશ્વાસન બક્ષ્યું હોય તેમ ગોઠણ પર રાખેલી બૅગ એણે ઝટપટ ઉઘાડી. બે-ચાર કપડાં નીચે હાથ નાખી બૅગના તળિયેથી એક ફાઇલ કાઢીને જયના હાથમાં સોંપી દીધી:

'બસ, તમે આ સાચવી લો.'

જય આનાકાની કરે એ પહેલાં તેના હાથમાં પરાણે ફાઇલ વળગાડી દઈ પેલો ડોક ફેરવતો આજુબાજુ જોવા લાગ્યો. એટલીવારમાં જયે ફાઇલનું પૂંઠું ઉઘાડ્યું. ઉઘાડતાં પાનાં પર મોટા અક્ષરે લખ્યું હતું : ટાઇમ બૉમ્બ !

મથાળું વાંચતાં જ જયને વિચિત્ર ઝણઝણાટી જાગી. એ કાંઈ પૂછવા જાય ત્યાર પહેલાં તો પેલાએ ફાઇલ બંધ કરી દઈને આજીજીભર્યા સ્વરે કહ્યું : 'જલદી તમારા સામાનમાં મૂકી દો... સ્ટેશન આવી રહ્યું છે. પેલો મારો પીછો કરતો જરૂર આ ડબ્બામાં આવી પહોંચવાનો.'

અધમૂઆ માનવી જેવા એના ગભરાટે જયને આજ્ઞાંકિત બનાવી દીધો. પ્લૅટફૉર્મમાં ગાડી દાખલ થાય ત્યાં સુધીમાં ફાઇલને પોતાના બગલથેલામાં સાચવીને સંતાડી દીધી. ટ્રેનનો વેગ ધીમો પડતો ગયો તેમ બાજુવાળો વધુ ને વધુ ભયભીત બનતો ગયો. બે મિનિટ ગાડી રોકાઈ ત્યાં સુધીમાં બંને હાથ વચ્ચે ચહેરો છુપાવી બેસી રહ્યો.

અને વ્હીસલ વગાડતી ટ્રેન સ્ટાર્ટ થયા પછી ઘણીવારે એણે ડોક ઊંચી કરવાની હિંમત કરી ત્યારે ડબાના બારણા પાસે ઊભેલા એક જાડા આદમીને જોઈ એ કમકમી ઊઠ્યો. ધ્રૂજતા શરીરે જયને કોણી મારીને સંકેતમાં સમજાવ્યું : એ સામે ઊભો છે !

પહેલી નજરે જોતાં જ બીક લાગે એવા કઠોર ચહેરાના એ આદમીને નિરખવા લાગ્યો. એના હાથમાં કોઈ સામાન નહોતો. શરીર સ્થૂળ હોવા છતાં ચપળતા દેખાતી હતી. શિકાર પર ટાંપીને ઊભેલા હિંસક જનાવરની જેમ તે પેલાને તાકી રહ્યો હતો અને પેલો આફત જોઈને રેતીમાં માથું નાખી દેતા શાહમૃગની જેમ ગરદન ઢાળી દઈ જડ બનીને બેઠો હતો. જયને થયું કે આમ બેઠા બેઠા જ એ બિચારાનું હૃદય બંધ પડી જશે !

દિલ્હી નજીક આવતું ગયું એટલે ઉતારુઓ સામાનની હેરફેરની તૈયારીમાં પડી ગયા. બારણા પાસે સામાન ખડકાવા લાગ્યો. પીછો કરનાર પેલા તગડા આદમીએ કમને બીજી તરફ ખસવું પડ્યું. જેવો એ નજર સામેથી હઠ્યો કે જયદેવે બાજુવાળાના કાનમાં ફૂંક મારી :

'પેલો આઘોપાછો થયો !'

ધીમે ધીમે ડોક ઊંચકીને પેલાએ ખાતરી કરી જોઈ. સાચે જ એ ત્યાં નહોતો અને સામાન સાથે કેટલાક ઉતારુ રસ્તો રોકીને ઊભા હતા. છટકી જવાનો લાગ ચકાસી લઈને તેણે કહ્યું : 'હું બીજા દરવાજેથી ઊતરી જઈશ. પ્લૅટફૉર્મની ભીડમાં ખોવાઈ જઈશ તો બચી શકીશ...'

એને ઊભો થતો જોઈને જયને ફાઇલ યાદ આવી : 'પણ તમારી ફાઇલ...'

'એ ભલે તમારી પાસે રહી !' ભયથી ચકળવકળ થતા ડોળે એણે પૂછ્યું : 'તમારા ઉતારાનું ઠેકાણું કહી દો, હું સવારે આવીને લઈ જઈશ.'

'નેપાલ ભવન !' સાંભળતાં જ પેલો સરકી રહ્યો હતો ત્યાં જયને કોણ જાણે શું સૂઝ્યું તે એનું કાંડું પકડી લીધું : 'જતાં જતાં મને એટલું તો કહો એ ફાઇલમાં એવું તે શું છે કે...'

'કદાચ કાંઈ નથી. કદાચ ઘણું બધું છે.' હાંફળા ફાંફળા અવાજે એ બોલી ગયો : 'ફૂટે તો ફટાકડો અને ફાટે તો ટાઇમ-બૉમ્બ !' બોલતાં બોલતાં પોતાનું કાંડું છટકાવી ભીડ વચ્ચેથી માર્ગ કરતો એ બીજા છેડે અદૃશ્ય થઈ ગયો.

બરાબર એ જ વખતે નવી દિલ્હી સ્ટેશનમાં ટ્રેન દાખલ થઈ. ઉતારુઓને ઊતરવાની ઉતાવળમાં ધક્કામુક્કી કરતા જોઈને જય પોતાની જગ્યાએ બેસી રહ્યો. કુલીઓની દોડધામ, સ્ટેશન પર લેવા આવનારાઓની બૂમાબૂમ અને સામાનના દાગીના મેળવી લેવાની પૂછતાછ વચ્ચે પ્લૅટફૉર્મ પર ઊતરીને જયદેવની નજર પેલાને શોધતી રહી.

અસંખ્ય અજાણ્યા માણસોની ભીડ વચ્ચે ઘસડાતો જય પ્લૅટફૉર્મની બહાર નીકળ્યો ત્યારે રોશનીથી ઝળહળતા સ્ટેશનની ઘડિયાળમાં નવ ને દસ મિનિટ થઈ હતી. બહાર ટૅક્સી પકડવાની લાઇન લગાવીને સામાન સાથે ઊભેલા ઉતારુઓમાં એ પણ જોડાઈ ગયો. વાહનોની અવરજવર અને લોકોના કોલાહલ વચ્ચે કુતૂહલભેર આજુબાજુની હિલચાલ નિહાળતા જયદેવની નજર દૂર રસ્તા પર બૅગ લઈને દોડતા માણસ પર પડી : અરે, આ તો પેલો ! તેને સલામત નીકળી જતો જોઈને પોતે ધરપતનો શ્વાસ લેતો હતો ત્યાં જ અંધારા ખૂણામાંથી ધસી આવતા પેલા તગડા આદમીને જોતાં જ જયનો શ્વાસ અદ્ધર થઈ ગયો. ઊડતી સમડી રસ્તા પરથી ઊંચકીને તેજ ગતિએ છટકી જાય એવી કુનેહથી તગડો આદમી પેલાના હાથમાંથી બૅગ છીનવીને રસ્તો પાર કરી જતો દેખાયો.

હેબતાઈ ગયેલો દૂબળો-પાતળો માણસ મદદ માટે બૂમ પાડવી કે રસ્તો ઓળંગી જવો એની ગડમથલમાં રહ્યો એટલી

વારમાં તો પુરવેગે પસાર થતી એક ટ્રકે તેને હડફેટમાં લઈ લીધો.

જયદેવથી તીણી ચીસ નંખાઈ ગઈ. આજુબાજુમાં ઊભેલા ભડકીને તેને જોઈ રહ્યા. એટલી વારમાં રસ્તા પર લોકોની દોડધામ અને બૂમાબૂમ મચી ગઈ : સાલે ટ્રકવાલેને કિસીકો ઉડા દિયા...

અકસ્માતના સ્થળે એકઠા થયેલા લોકોના ટોળા વચ્ચેથી રસ્તો કરતો જયદેવ અંદર તો પહોંચ્યો પણ એ દૃશ્ય જોઈને તેને કંપારી વછૂટી ગઈ. ટ્રકના વજનદાર ટાયર હેઠળ ફાટી ગયેલી ખોપરી, છુંદાઈ ગયેલો ચહેરો અને ચૂંથાઈ ગયેલો દેહ. ઝાટકા સાથે તેણે ગરદન ફેરવી લેવી પડી. જે માણસ હજુ થોડીવાર પહેલાં જીવ બચાવવાનાં ફાંફાં મારતો પોતાની પડખે બેઠો હતો એનું આવું કમોત !

'લગતા હૈ, ટ્રકવાલેને જાનબૂઝ કર ઉસે ખતમ કર દિયા.'

કોઈ કે આક્રોશ સાથે સંભળાવ્યું : 'સાલા દિલ્હી મેં આજકલ ઐસા હી હોતા હૈ.'

'ક્યા માલૂમ બિચારા કૌન હોગા ?' બીજાએ હમદર્દી ઉચ્ચારી ત્યારે જયને મરનારના છેલ્લા શબ્દોના ભણકારા સંભળાયા : 'ફૂટે તો ફટાકડો અને ફાટે તો ટાઇમ બૉમ્બ !'

જય ઝડપભેર ટોળામાંથી બહાર નીકળી ગયો. તેના ધમધમતા મગજમાં હથોડા પડતા હતા : ફટાકડો તો ફૂટી ગયો પણ ટાઇમ બૉમ્બ મારી પાસે રહી ગયો !

પેલી ફાઇલવાળો બગલથેલો પડખામાં દબાવતાં એણે ટૅક્સી પકડવા દોટ મૂકી.

દસ

નવી દિલ્હીની પહેલી રાત જયદેવે ભારે અકળામણ અને અજંપામાં વિતાવી. દિલ્હીની દઝાડતી ગરમીએ તેને અકળાવી દીધો હતો. માર્ચ મહિનામાંય કાઠમંડુની ખુશનુમા ઠંડી વચ્ચે જીવનારા જયને દિલ્હી ભઠિયારખાના જેવું લાગ્યું... તેમાં સ્ટેશન પર નિહાળેલા પેલા અજાણ્યા આદમીના જીવલેણ અકસ્માતનો અજંપો ભળ્યો. પહેલી નજરે તેને એ સીધોસાદો અકસ્માત જ લાગ્યો હતો. કોઈનો પીછો છોડાવવા ભાગી રહેલા માણસના હાથમાંથી રસ્તા વચ્ચે બૅગ છિનવાઈ જાય અને હેબતાઈ જઈને એ રસ્તો ક્રૉસ કરવાનું વીસરી જાય ત્યારે ટ્રકની હડફેટમાં આવી જવાની દુર્ઘટના દિલ્હી જેવા નગર માટે સ્વાભાવિક લાગતી હતી. બૅગ ઝૂંટવાઈ જવાની અને ટ્રક ધસી આવવાની બંને ઘટના વચ્ચે કોઈ સીધો સંબંધ ન પણ હોય.

પથારીમાં પડખાં ફેરવતાં એણે મનને સમાધાનના માર્ગે વાળવાની ઘણી કોશિશ કરી જોઈ પણ અકસ્માતના સ્થળે કોઈકે ઉચ્ચારેલા શબ્દોના ભણકારા તેને સતાવતા રહ્યા : ટ્રકવાલેને જાનબૂઝ કર ઉસે ખતમ કર દિયા !

આવું બોલનાર માણસને તો પેલા આદમીની ભયભીત અવસ્થાની જાણ પણ નહોતી, છતાં એ આવું ધારી શકે તો પોતે શું કામ અણગમતા અનુમાનને આઘું ઠેલી રહ્યો હતો ?

પીછો કરનાર તો છેક અલ્હાબાદથી પેલા આદમીની પાછળ પડ્યો હતો. એણે ધાર્યું હોત તો રસ્તામાં ગમે ત્યાં એની બૅગ ઝૂંટવી શકત... તેને બદલે દિલ્હી સુધી પહોંચવાની ધીરજ રાખી. સ્ટેશનના પ્લૅટફૉર્મ પર લોકોની ભીડ વચ્ચે એણે કામ પતાવ્યું નહીં એનો અર્થ એ જ કે અગાઉથી ગોઠવણ મુજબ નક્કી થયેલી જગ્યાએ જ બંને ઘટના એકીસાથે બનવાની હતી. બૅગ ઝૂંટવી જનારે પેલી ફાઇલ કબજે કરવાની હતી અને ટ્રક ચલાવનારે પેલા આદમીને ખતમ કરવાનો હતો... માણસ તો ખતમ થયો પણ પેલી ફાઇલ?

જય પથારીમાં સફાળો બેઠો થઈ ગયેલો. પહેલાં તો નક્કી કરી રાખેલું કે સ્ટેશનેથી નેપાલભવનમાં પહોંચીને ફાઇલ વાંચવા બેસી જઈશ. ભવનના રજિસ્ટરમાં પોતાનું નામ લખાવ્યું. ત્યારે નેપાલી મૅનેજર તેને ઘૂરકતો રહ્યો છતાં તેનું કારણ પોતે સમજી શક્યો નહોતો. પેલાએ ટકોર કરી કે : તમે આમ તો હવે નેપાલી રહ્યા નથી છતાં ત્રણ દિવસ માટે અહીં રહેવાનો લાભ આપું છું ! ત્યારે મગજમાં ઝબકારો થયેલો : મહારાજાનાં પાપ લઈને આવ્યો છું એ હું પોતે જ આટલું જલદી વીસરી ગયો ? જોકે પેલાએ હસતાં હસતાં ઉમેર્યું હતું : આમેય તમારે આવાં ભવનમાં રહેવાની જરૂર પણ નહીં પડે. લખપતિઓ માટે દિલ્હીમાં ઘણી ફાઇવ સ્ટાર હોટેલો છે !

રૂમનો કબજો લીધા પછી થયું કે નાહીને નિરાંતે ફાઇલ હાથમાં લઈશ, પણ નહાતાં શરીરના પસીના સાથે મનના એ ઇરાદાનેય ધોઈ નાખ્યો : સવારે દસ વાગે નેપાલ એમ્બસીમાં પહોંચીને હૂંડી વટાવવાની છે. જે કામ માટે દેશ છોડીને આવ્યો છું એના પરથી લક્ષ હટાવીને આ પારકી ઉપાધિમાં જીવ શું કામ પરોવવો ?

પરંતુ અકળામણે તેને ઊંઘવા ન દીધો. ઓશીકા નીચે દબાવી રાખેલી પેલી ફાઇવ ટાઇમ બૉમ્બના કાંટાની જેમ તેના દિમાગમાં ટકટક્યા કરતી હતી. ફાઇલ ખેંચી ત્યારે ખરેખર ટાઇમ બૉમ્બ હાથમાં લીધો હોય એવી ધ્રુજારી અનુભવી હતી. પહેલા પાના પરનું હિન્દી મથાળું ધ્રૂજતી કલમે લખાયું હોય એવું તેણે મહેસૂસ કરેલું. પાનું ફેરવવાની ચેષ્ટા કરતો હતો ત્યાં અચાનક તેનું ધ્યાન સાવ નીચે એક

ખૂણામાં ઝીણા અક્ષરે લખાયેલા નામ પર પડ્યું : 'પરશુરામ.'

તો શું પેલાનું નામ પરશુરામ હશે ? પણ નામની આજુબાજુ ઇન્વરટેડ કોમા શું કામ ? કદાચ લખનારે પોતાના અસલી નામને બદલે 'પરશુરામ'નું તખલ્લુસ ધારણ કર્યું હશે. ભગવાન પરશુરામે ક્ષત્રિયો સામેનું વેર વાળવા એકવીસ વખત પરશુ(કુહાડી)થી પૃથ્વીને નક્ષત્રિય બનાવી દેવાનો પુરુષાર્થ કર્યો હતો; તેમ આ પરશુરામ વેરનો માર્યો એક ટાઇમ બૉમ્બ લઈને કોને ખુવાર કરવા નીકળ્યો હશે ?

જિજ્ઞાસાની ઝાપટ સાથે તેણે પાનું ફેરવી નાખ્યું.

'તમને લખાણના અન્ત સુધી ક્યાંય એ માણસનું નામ વાંચવા નહીં મળે, છતાં મેં તેને એક નામ આપ્યું છે : દાનવ ! આ તેનું નામ નથી છતાં તેનું નામ છે. માત્ર તેનું જ નામ નહીં, તેના પિતાનું નામ અને તેનું આડનામ... એ ત્રણેનો પહેલો અક્ષર લઈને આ નવું નામ દાનવ બનાવ્યું.'

પુસ્તકનું નામ ટાઇમ બૉમ્બ શું કામ રાખ્યું એનો ખુલાસો કરવો જરૂરી નથી. એ તો વાંચતાંની સાથે જ (એ પુસ્તક છપાય તો) વાંચક આપોઆપ સમજી શકે. કદાચ ન છપાય તો આ લખાણ મારી ચિતા સાથે સળગી જશે. જો કે આ બધું લખતાં લખતાં જ મારા આત્માએ સળગતી ચિતા પર ચઢ્યા જેવો સંતાપ અનુભવ્યો છે.

અને હવે મારા નામની વાત. પુસ્તક છપાતાંની સાથે જ જેનું નામનિશાન ભૂંસાઈ જવાનું છે એનું સાચું નામ જાણીને કોઈને શું લાભ થવાનો?

બસ આટલું જ. -'પરશુરામ'

ભેદી લખાણ જેવી એ પ્રસ્તાવના જયને ભારે વિચિત્ર લાગી હતી. આગળ વાંચવાને બદલે ફાઇલ ઉઘાડી રાખી એ વિચારે ચડી ગયો તેમાં ક્યારે ઊંઘ આવી ગઈ એનું ભાન રહ્યું નહીં. સવારે આઠ વાગે ચા લઈને આવેલા વેઇટરે દરવાજાની ઘંટી વગાડી ત્યારે ખ્યાલ આવ્યો કે છાતી પર ટાઇમ બૉમ્બ રાખીને પોતે છ કલાકની ઊંઘ ખેંચી કાઢી હતી. ઝટપટ ફાઇલ ઓશીકા નીચે સંતાડી દઈ તેણે બારણું ઉઘાડ્યું.

'ગુડ મૉર્નિંગ સર !' કહેતો જુવાન વેઇટર ચાની ટ્રે સાથે અંદર દાખલ થયો : 'સાહેબ, બપોરનું લંચ આપ અહીં જ લેશો ને ?'

'બપોર !' વૉશબેસિન પર મોં ધોતાં જ તેણે વિચારી લીધું : 'નહીં, આજે તો આખો દિવસ બહાર જ રહેવાનું થશે.' પછી તરત જ ઉમેર્યું: 'હા, રાતે આપણું નેપાલી ભોજન અહીંયાં જ ખાવું છે.'

વેઇટરના ગયા પછી ચાનો કપ હોઠે લગાડ્યો ત્યારે ભાન થયું કે પૂજાપાઠ કર્યા વગર પાણી પણ નહીં પીવાનો વર્ષોનો નિયમ તૂટી ગયો.... ઘૂંટડો ગળે ઉતારીને તેણે નિસાસો નાખ્યો. પિતાજીના શબ્દો યાદ આવી ગયા : પાપની લક્ષ્મી એને દુરાચારી બનાવી દેશે, તારા બ્રાહ્મણના સંસ્કાર ભૂંસી નાખશે !

ત્યાં ચા પીતાં પીતાં ટ્રેમાં પડેલા સવારના છાપા તરફ તેની નજર ખેંચાઈ : 'ફેટલ ટ્રક ઍક્સિડન્ટ !'

કપ નીચે મૂકી દઈ છાપું હાથમાં લીધું. 'હિન્દુસ્તાન ટાઇમ્સ'ના પહેલા પાના પર એક ચોકઠામાં સમાચાર છપાયા હતા : 'રાત્રે નવ વાગે અલ્હાબાદ એક્સપ્રેસમાંથી ઊતરેલો એક ઉતારુ સ્ટેશન બહાર નીકળીને રસ્તો ઓળંગતો ટ્રક નીચે કચરાઈ ગયો. તત્કાલ મરણ પામેલા એ માણસનો કોઈ સામાન મળ્યો નથી. તેના ખિસ્સામાંથી અલ્હાબાદ-દિલ્હીની ટિકિટ અને ચાર રૂપિયા ત્રીસ પૈસાની રોકડ રકમ સિવાય બીજું કાંઈ હાથ લાગ્યું નહીં હોવાથી અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિની કોઈ જ માહિતી પોલીસને પ્રાપ્ત થઈ નથી. ટ્રક સહિત નાસી જનાર ડ્રાઇવરની પોલીસ શોધ ચલાવી રહી છે.'

ચાર રૂપિયા ત્રીસ પૈસા ! બસ, એટલી જ મૂડી સાથે એ માણસ દિલ્હી આવ્યો હશે ? પુસ્તક છપાવવા દિલ્હી આવ્યો હશે ? પ્રકાશક તરફથી મોટી રકમ મળવાની હશે કે પછી બ્લેકમેઇલિંગ કરવા માગતો હશે ?

ફરી તેણે ઓશીકા નીચેથી પેલી ફાઇલ કાઢી : ક્યાંય કોઈ પાના પર તેણે દિલ્હીનું કોઈ સરનામું લખ્યું છે ? ઝડપભેર તેણે પાનાં ફેરવવા માંડ્યાં. લખાણના કોઈ ખૂણા પર, કોઈ પાનાની પછવાડે ક્યાંય તેને કોઈ નામ-સરનામું વાંચવા મળ્યું નહીં ત્યારે ફાઇલ ફગાવી દેવાનો રોષ જાગ્યો : મારે શું કામ આ પંચાતમાં

પડવું જોઈએ... ફાઇલને ફગાવી તો ન શક્યો પણ ગુસ્સાભેર પથારીમાં પછાડી ત્યાં -

ફાઇલના પાછળના પૂંઠા પર પેન્સિલથી લખાયેલા ઝીણા અક્ષરોએ તેની નજર જકડી લીધી : વિશ્વાસ પ્રકાશન, ૨૭૩, ચાંદની ચોક, જૂની દિલ્હી, ફોન : ૩૮૮૮૮૮૮ !

પરશુરામ આને મળવા જ દિલ્હી આવ્યો હશે. કદાચ પ્રકાશક સાથે આજની જ મુલાકાત ગોઠવી હશે. બિચારો પરશુરામ પરલોક સિધાવી ગયો છે એની આ માણસને તો હજુ જાણ પણ થઈ નહીં હોય... પરશુરામને બદલે હું જ ફાઇલ લઈને પહોંચી જાઉં તો ?

એ વિચારે તેને ઝણઝણાવી મૂક્યો. ઘડીભર પહેલાં જે ફાઇલ પછાડી હતી તેને પાછી નજીક ખેંચી. સામે પડેલા છાપામાં સાચવીને ફાઇલ મૂકતી વખતે જાણે પરશુરામના મૃતદેહને કફનમાં લપેટતો હોય એવી લાગણી અનુભવી.



દેશ છોડવાને હજુ બાવન કલાક જ થયા હતા છતાં નેપાલના એલચીખાતામાં પોતાના દેશબાંધવોના અજાણ્યા છતાં પરિચિત લાગતા ચહેરા જોઈને થોડીવાર માટે જય વીસરી ગયો કે પોતે વિદેશમાં જ કાચના વિશાળ પ્રવેશદ્વારમાં દાખલ થતાં જ સામે દીવાલ પર પશુપતિનાથ મંદિરની ભવ્ય છબી નિહાળીને આપોઆપ તેનું મસ્કત નમી ગયું હતું. નજીકથી પસાર થતાં બે જણાને નેપાલી બોલીમાં વાત કરતા સાંભળીને મન કેવું હરખઘેલું બની ગયું હતું ! પોતાની પાછળ પાછળ દાખલ થતી ત્રણ-ચાર વ્યકિતઓને નેપાલી પોશાકમાં જોતાં જ બે દિવસથી બગલથેલામાં દબાવી રાખેલી ટોપી યાદ આવી ગઈ હતી. ઉઘાડા માથા પર ટોપી ચડાવીને આગળ વધ્યો ત્યારે તેની ચાલમાં ચાનક ચડી આવી હતી. ઘડીભર માટે ભૂલી ગયેલો કે અહીં પોતે પાપની હૂંડી વટાવવા આવ્યો હતો.

નાણાંખાતાના ખજાનચીના ટેબલ સામે બેઠક લઈને હૂંડીનો કાગળ ધરતાં જ હરિપ્રસાદ પેડવાલની આંખો તેને ઘૂરકવા લાગી

હતી. ચાલીસ-પિસ્તાલીસના તંદુરસ્ત અને સોહામણા ખજાનચી હમણાં પાપી કહીને ધુત્કારી કાઢશે એવો ધ્રાસ્કો પડ્યો ત્યાં અચાનક એના ભરાવદાર હોઠમાં સ્મિત ફરકતું દેખાયું : 'વેલકમ મિસ્ટર જયદેવ આર્ય !'

એ આવકાર જયને બહુ મીઠો તો લાગ્યો, પણ એણે અંગ્રેજીમાં બોલવાની શું જરૂર હતી એવો ખટકોય જાગ્યો. ઘંટી વગાડી પ્યૂન પાસે પાણી મંગાવ્યું : 'આ બધી વિધિમાં અર્ધો કલાક તો લાગી જશે. બોલો શું પીશો ? ગરમ કે ઠંડું ?' જય આનાકાની કરે તે પહેલાં એણે જ કહી દીધું : 'અરે, આવી ગરમીમાં ઠંડું જ હોય ને !'

અણધારી આગતા-સ્વાગતાથી વિમાસણમાં પડી ગયેલા જયને પાંચ-સાત મિનિટ પછી અકળામણ થાય એવું બનવા લાગ્યું. દર બે મિનિટે ખજાનચીની કૅબિનમાં કોઈ ને કોઈ બહાને એકાદ જણ આવી થોડીવાર પોતાને જોઈ લઈ, સાચું-ખોટું હસીને બહાર નીકળી જતું. એલચીખાતામાં કામ કરતી બે યુવતી હસતી હસતી અંદર દાખલ થઈ ત્યારે જયથી બોલાઈ જવાયું : 'આખી એમ્બસીમાંથી વારાફરતી દરેક મને જોવા આવે એને બદલે તમે કહેતા હો તો હું જ દરેકની સામે જઈને મારું મોં દેખાડી આવું!'

તેના પડઘા રૂપે એક છોકરી ખિલખિલાટ હસી પડી અને બીજીએ સામી ટીખળ કરી : 'અમારી આ બેનશ્રી કહેતી હતી કે છોકરો દેખાવડો અને કુંવારો હોય તો મુરતિયો શોધવા હું કાઠમંડુ સુધી ધક્કો ન ખાઉં !'

જયને એ મજાક ન ગમી હોય તેમ મોં ફેરવી લીધું. બરાબર એ જ વખતે કારકુન હાથમાં ચામડાની નાની બૅગ ઊંચકીને કૅબિનમાં દાખલ થતો દેખાયો એટલે ખજાનચીએ સંભળાવ્યું : 'મિસ્ટર જયદેવ, લક્ષ્મી ચાંદલો કરવા આવી છે ત્યારે આમ મોં ફેરવી નહીં લો.' છતાં જયની ગરદન સીધી ન થઈ ત્યારે એણે ચોખવટ કરી: 'હું આ કુંવારી લક્ષ્મીની વાત નથી કરતો, તમારી પાપની લક્ષ્મી ચાંદલો કરવા આવી છે.'

અને ઝાટકા સાથે તેની ગરદન ફરી. પાપની લક્ષ્મીનું મેણું વસમું લાગ્યું હોય તેમ વળતો કટાક્ષ થઈ ગયો : 'સાહેબ, મારી

પાપની લક્ષ્મીના પ્રતાપે તો તમારી આ કુંવારી લક્ષ્મીએ લાજશરમ વગર માગું નાખ્યું ને.'

તેના વ્યંગની ધારી અસર થઈ હોય તેમ પેલી બંને ચકલીની જેમ પાંખો ફફડાવતી રવાના થઈ ગઈ અને ખજાનચી પણ ગંભીર બની જઈ કારકુને ધરેલો કાગળ વાંચવા લાગ્યા :

'હા, તો તમારી સવાત્રણ લાખ રૂપિયાની હૂંડીના ઇન્ડિયન ચલણમાં બે લાખ ચોવીસ હજાર એકસો સાડત્રીસ રૂપિયા અને બાણું પૈસા અમારે તમને આપવાના નીકળે.'

તેણે ધાર્યું હતું કે રકમ સાંભળીને જયદેવનો ચહેરો ચમકી ઊઠશે, પણ એ નિર્લેપ દેખાયો ત્યારે અવળો અર્થ કર્યો : 'સવાત્રણ લાખનો આંકડો સવા બે લાખમાં ફેરવાઈ ગયો એનો અફસોસ તો નથી થતો ને મિસ્ટર જયદેવ?'

'અફસોસ થાય છે...' બોલતો જયદેવ અટકી ગયો. પેલો કારકુન પોતાની સામે ટેબલ પર સો-સોની નોટોની થોકડીઓ ગોઠવી દે ત્યાં સુધી ધીરજ રાખીને ઉમેર્યું : 'હરિપ્રસાદજી, પાપની લક્ષ્મીનું તમારું મેણું સાંભળીને હું પેલી છોકરી માટે ગમે તેમ બોલી ગયો એનો અફસોસ...'

'નહીં જયદેવ, અફસોસ કરવા જેવું તમે કાંઈ જ કર્યું નહોતું !' કહીને ખજાનચી પણ થોડીવાર અટક્યા. સહીસિક્કાની વિધિ થઈ અને કારકુન કાગળ તથા ચામડાની બૅગ લઈને બહાર નીકળી ગયો ત્યાર પછી ઉમેર્યું : 'લક્ષ્મી પાપની હોય કે આપકમાઇની... લક્ષ્મીપતિને વહાલા થવાની ચેષ્ટા સૌ કોઈ કરવા માંડે છે... તમારે એ માટે બહુ સાવધ રહેવું પડશે.'

પછી કૉફી પીતાં પીતાં હળવેકથી પૂછી લીધું : 'જયદેવ, આ જોખમ અહીંથી ક્યાં લઈ જવાનું વિચાર્યું છે ?'

'હજુ કાંઈ વિચાર્યું જ નથી સાહેબ !' કહેતાં તેને ખ્યાલ આવ્યો : 'આટલી બધી રકમ લેવા આવતા પહેલાં એકાદી બૅગ ખરીદવાનેય મને વિચાર નથી આવ્યો !'

'તો મારે તમને બે સલાહ આપવાની છે !'

'જરૂર આપો.'

'પહેલી સલાહ એ કે મને સાહેબ-સાહેબ કહેવાનું બંધ કરી દો, પ્રસાદજી કહેશોતો ચાલશે.'

સાંભળીને જયથી હસી જવાયું : 'અને બીજી સલાહ ?'

'એ કે આટલી મોટી રકમ લઈને દિલ્હી શહેરમાં બહુ દૂર સુધી જવાનું જોખમ નહીં ખેડવું. દિલ્હીના ઠગ ભારે પાવરધા હોય ને... નજીકની કોઈ બૅન્કમાં ખાતું ખોલાવી રકમ જમા કરાવી દો.'

'પણ બૅન્કમાં ખાતું ખોલાવવા માટે તો કોઈની ભલામણ...'

'અરે, એમાં શું મોટી વાત છે ?' ખજાનચી હરિપ્રસાદે ફોનનું રિસીવર ઊંચકી ઑપરેટને સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયાના મૅનેજરને જોડવાની સૂચના આપી જયને કહ્યું : 'સામે જ બૅન્ક છે. મૅનેજર આપણો ભાઈબંધ છે. મારું ખાતું પણ ત્યાં જ રાખ્યું છે.'

જયદેવે ધાર્યું નહોતું એટલી ઝડપથી કામ પતી ગયું. બૅન્કના મૅનેજરે ફૉર્મ સાથે માણસ મોકલ્યો. ત્યાં બેઠા જ ફૉર્મ ભરવાની વિધિ પતી ગઈ અને પૈસા પણ ત્યાં બેઠાં જ જમા કરાવી દીધા.

'આમ તો નિયમ મુજબ તમારે જ પૈસા ભરવા ત્યાં જવું જોઈએ, પણ ક્યારેક આવું ચાલે !' બૅન્કનો માણસ રવાના થયા પછી ખજાનચીએ હસીને તેની સામે પાનની ડબ્બી ધરી : 'લ્યો, ચેકબુક આવે ત્યાં સુધી પાન જમો.'

તેણે પાન લેવાનો ઇન્કાર કર્યો એટલે ખાનામાંથી પાંચસો પંચાવન સિગારેટનું પાકીટ ધર્યું :

'સિગારેટ તો પીતા જ હશો.'

'નહીં, હજુ સુધી એ કુટેવ પાડી નથી.'

'સમજ્યો.' ખજાનચીએ આંચ મિચકારી : 'તમે નાની નાની કુટેવમાં માનતા નથી.'

'હું સમજ્યો નહીં.'

'પાન, સિગારેટ એ બધી તો મામૂલી કુટેવો ગણાય.' તેણે અવાજ ધીમો કરતાં ઉમેર્યું : 'શરાબનું વ્યસન કે સ્ત્રીગમન જેવી

મર્દાના ટેવ...'

'નહીં નહીં, પ્રસાદજી !' જય આવેશમાં સંભળાવી દેવા માગતો હતો કે વધુ પડતું ધારી લેવું એ મોટી કુટેવ ગણાય... પણ સંયમ ધારણ કરીને ચૂપ રહ્યો અને ખજાનચીએ ફેરવી તોળ્યું : 'હું તો માત્ર તમારી ચકાસણી કરતો હતો જયદેવ.... મારે તમને હજુ એક ત્રીજી સલાહ આપવાની છે.'

'પરણી જવાની ?'

સાંભળીને ખજાનચી સહેજ ચોંક્યા, પછી મલકીને કહ્યું: 'એ સલાહ તો ભવિષ્ય માટે મુલતવી રાખું છું.... અત્યારે તમે ઉતારો ક્યાં રાખ્યો છે?'

'નેપાલભવનમાં.'

'એનો અર્થ એ કે હજુ કાયમી રહેઠાણ શોધ્યું નથી.' કહીને ખજાનચીએ ફોનનું ડાયલ ઘુમાવ્યું, સામેથી જવાબ મળ્યો એટલે શરૂ કર્યું : 'મલ્હોત્રાજી, તમારે લાયક ભાડૂત મળી ગયા છે. હા... હા, મારી સામે જ બેઠા છે. કાલથી જ રહેવા આવી જશે. એ બાબતમાં કોઈ ફિકર ન રાખશો, મારી ખાતરીના માણસ છે.' પછી થોડી આડીઅવળી વાતચીત કરી રિસીવર મૂકતાં બંને હાથની હથેળી ઘસી : 'લ્યો, મકાન પણ પાકું થઈ ગયું... દિલ્હીમાં તમે ક્યાં રહો છો એના પરથી તમારો મોભો નક્કી થાય છે. હું સાઉથ દિલ્હીમાં રહું છું, પંજાબીનું મકાન છે. ઉપરનો ભાગ હજુ પખવાડિયા પહેલાં જ ખાલી થયો. મહિને હજાર રૂપિયા ભાડું છે, પણ છે અફલાતૂન... વળી પાછો વગર ફીનો સલાહકાર તમારો પાડોશી હોય એ લાભ વધારામાં.'

જયને પહેલીવાર થયું કે આ માણસની વાણીમાં કાંઈક જાદુ છે. તેનો દરેક પ્રસ્તાવ પોતે વગર આનાકાનીએ સ્વીકારી લે છે. પાંચ મિનિટ પહેલા બૅન્કમાં ખાતું ખોલાવી આપ્યું અને દસ મિનિટમાં હજાર રૂપિયાના ભાડાથી મને તેનો પડોશી બનાવી દીધો! માણસ મતલબ વગર....

'શું વિચારમાં પડી ગયા ?' ખજાનચી તેનું મન વાંચી ગયા હોય તેમ બોલી ગયા : 'તમને થાય છે ને કે આ માણસ મતલબ વગર મદદ શું કામ કરે ?'

સાંભળી પોતે ચોંકી ગયો : આ માણસ મન વાંચી લેવાની પણ વિદ્યા જાણે છે કે શું ?

'જુઓ મિસ્ટર જયદેવ, તમને મારા પાડોશી બનાવવામાં મારો એક મતલબ છે... ઘરમાં હું અને મારાં પત્ની બે જ માણસ છીએ. હું આખો દિવસ અહીં એમ્બસીમાં હોઉં, પત્ની એકલી ઘેર હોય અને પાડોશી ખાનદાન માણસ ન હોય તો... સમજી ગયા ને ?'

'બરાબર છે !' તેણે કહ્યું તો ખરું પણ સમજાયું નહીં કે આટલી વારમાં મારી ખાનદાનીની એને ખાતરી કેવી રીતે થઈ ? કે પછી માણસ લખપતિ થાય એટલે ખાનદાનીનું લેબલ આપોઆપ લાગી જતું હશે ?

એ જ વખતે બૅન્કનો માણસ ચેકબુક અને પાસબુક સાથે હાજર થયો એટલે ખજાનચીએ બંને ચીજ ચકાસી લઈ જયને સોંપતાં કહ્યું : 'બરાબર જોઈ લો, તમારા ખાતામાં રકમ જમા થઈ છે ને ?' અને આ ચેકબુક સાચવીને રાખજો. પૈસાના મામલામાં સગાભાઈનોય ભરોસો કરવો નહીં.

ત્યારે જયથી બોલ્યા વગર રહેવાયું નહીં : 'આ તમારી ચોથી સલાહ!'

અને બંને એકીસાથે ખડખડાટ હસી પડ્યા. ચેકબુક અને પાસબુક બગલથેલામાં સરકાવતી વખતે પેલી ફાઇલ પર જયનો હાથ પડતાં જ એ સ્વસ્થ બની ગયો. હાથ મિલાવીને ખજાનચીની વિદાય લીધી : 'હું કાલે અહીં મળવા આવીશ ત્યારે ઘરનું સરનામું લઈ જઈશ અને પરમ દિવસથી તમારો પાડોશી બની જઈશ.'

'ગુડ લક !' કહીને ખજાનચી હરિપ્રસાદે વિદાય આપી અને જેવો એ બહાર નીકળી ગયો કે તરત જ ઘેર પત્નીને ફોન જોડ્યો : 'બિશાખા, ગુડ ન્યૂઝ ! પરમ દિવસથી નવો પાડોશી આવી રહ્યો છે. એકલો માણસ છે, જુવાન અને કુંવારો પણ છે. હા હા... કટ્ટોખાનોના સવા બે લાખ લઈને આપણો પાડોશી થવાનો. હવે ખુશ ને ! બાજી મેં ગોઠવી આપી, હવે રમવાનું કામ તારું....'

જવાબમાં સામે પત્નીનો મીઠો ટહુકો સાંભળીને રિસીવર મૂક્યા પછી પોતાની નામર્દાનગી માટે ઊંડો નિસાસો નંખાઈ ગયો !

અકળાઈ ઊઠેલા જયદેવે ત્રીસ મિનિટમાં દસ વખત ઘડિયાળમાં જોઈ લીધું. વિશ્વાસ પ્રકાશનની સાંકડી ઑફિસમાં દાખલ થતી વખતે જ તેને પાછા ફરી જવાની ઇચ્છા જોર કરી ઊઠી હતી. ૨૭૩, ચાંદની ચોકના સરનામે પહોંચી, ચોપડી વેચવાની મામૂલી દુકાન જોઈને જ એનું મન પાછું પડ્યું હતું. સસ્તી પૉકેટ બુકનો ધંધો કરનારો આ વેપારી નામ પૂરતો જ પ્રકાશક લાગે છે. દુકાનમાં બે માણસને બેસવા જેટલીય જગ્યા નથી અને બેઠેલા માણસના દીદાર જોઈ એ પ્રકાશક જેવો લાગતો નથી... કોઈ જાતની પૂછતાછ કર્યા વગર જ એ ત્યાંથી પાછો ફરી ગયેલો. પણ બાજુની શુદ્ધ શાકાહારી હોટેલમાં થોડું ખાઈને બહારથી નીકળતાં જ ફરી પેલી ફાઇલ તેના મગજ પર સવાર થઈ ગયેલી : દુકાન પર બેઠેલા માણસને પૂછી જોવામાં શું જાય છે ? વિશ્વાસ પ્રકાશનના બોર્ડની નીચે નાના અક્ષરોમાં માલિકનું નામ લખ્યું હતું : બી. કે. અગરવાલ!

'મારે અગરવાલસાહેબને મળવું છે.' પૂછવા ખાતર જ તેણે પૂછ્યું : 'ક્યારે મળશે ?'

પેલો થોડીવાર તેની સામે જોઈ રહીને એવી રીતે બોલ્યો કે જવાબ આપવામાં એને બળ પડતું હોય : 'અહીંયાં ચોપડીઓ મળે છે અને માલિક પાછળ મળે છે.'

પાછળ ? જય વિચારમાં પડી ગયેલો. દુકાનમાં પાછળ જેવું કાંઈ દેખાતું જ નહોતું. પ્રયાસ પડતો મૂકી દેવાના આશયથી એ ચાલવા માંડ્યો ત્યાં મકાનની છેવાડે એક સાંકડી ગલી જેવી જગ્યા પર તીરના નિશાન સાથે 'વિશ્વાસ પ્રકાશન'નું નામ વાંચી આપોઆપ તેના પગ એ તરફ વળ્યા હતા. થાંભલાને ટેકે ઊભેલા પડું પડું થતા મકાનની સાંકડી ઓરડીમાં દાખલ થયા પછી ઝોલાં ખાતા પટાવાળાએ તેને અણગમતા મહેમાનની જેમ પતરાની કટાઈ ગયેલી ખુરશી પર બેસવા દઈને કહેલું: 'માલિક અંદર કામમાં છે.'

એ સાંકડી જગ્યામાં આમ તો અંદર-બહાર જેવું કાંઈ હતું નહીં. વચ્ચે લાકડાનાં બે કબાટ ગોઠવીને માલિક માટે અલાયદી બેઠક બનાવી હતી અને અંદર કોઈ ઘસઘસાટ ઊંઘતું હોય એવો નાખોરાનો અવાજ સંભળાતો હતો. કદાચ આ માલિક ઊંઘને પણ

કામ માનતા લાગે છે !

અકળાઈને ઊભા થઈ જતા જયદેવે અંદર ઊંઘતા માલિક સાંભળે એટલા ઊંચા અવાજે પટાવાળાને કહ્યું : 'તારા શેઠ જાગે ત્યારે કહેજે કે પરશુરામ મળવા આવ્યા હતા.'

'પરશુરામ !' જાણે ટાઇમ બૉમ્બ ફૂટ્યો હોય તેમ ઝબકી ગયેલા અગરવાલે બહાવરા અવાજે અંદરથી હાંક મારી : 'ઉસ કો અંદર ભેજો... જલદી!'

પરશુરામના નામથી ચમત્કારિક અસરથી ઉત્તેજિત થતો જય રુઆબભેર કબાટની આડશ પછવાડે જઈને ઊભો તો રહ્યો, પણ તડબૂચ જેવો ગોળમટોળ ચહેરો ધરાવતા અગરવાલ તેની સામે જોવાને બદલે તેની પાછળ જ જોતા રહ્યા : 'ક્યાં છે પરશુરામ ?'

'હું છું પરશુરામ !' કહેતો એ વગર આવકારે સામેની ખુરશી પર ગોઠવાઈ ગયો. પ્રકાશક અગરવાલ મોં બગાડતા તેને ટગર ટગર જોવા લાગ્યા ત્યારે જયે ઠાવકાઈથી પૂછી લીધું : 'શેઠ, આપ કોઈ બીજા પરશુરામની રાહ જોતા હતા ?'

'બીજા પરશુરામ તો તમે છો, હું પહેલા પરશુરામની રાહ જોઉં છું.' બોલવામાં કષ્ટ પડતું હોય તેમ એણે કહ્યું : 'સવારે આવીને ઑફિસમાં બેઠો ત્યારથી અત્યાર સુધીમાં પરશુરામની પૃચ્છા કરતા પાંચ માણસો આવી ગયા... પણ પરશુરામ પોતે જ ન આવ્યો.'

સાંભળીને જય સચેત બની ગયો. પાંચ-પાંચ જણા એની પૃચ્છા કરવા શું કામ આવે ? કદાચ પરશુનો પીછો કરનારાઓ પેલી ફાઇલની તલાશમાં હશે... અને આ માણસ હજુ પરશુરામની રાહ જોતો બેઠો છે એનો અર્થ એ કે એના સુધી અકસ્માતના ખબર પહોંચ્યા નથી.

તેને વિચારમાં પડી ગયેલો જોઈને અગરવાલની આંખોમાં આશંકા જાગી : 'પણ મહાશય, તમારું કેમ પધારવું થયું ?'

'શેઠજી, મારે એક પુસ્તક છપાવવું છે !'

ત્યારે અગરવાલે મોટું બગાસું ખાધું. તેને થયું કે કોઈ નવા લેખકે આવીને પોતાની ઊંઘ બગાડી : 'તમારું નામ સાચે જ

પરશુરામ છે ?'

'નહીં શેઠજી, એ તો મારું તખલ્લુસ છે... અસલ નામ જયદેવ આર્ય. નેપાલથી આવું છું. અહીં નેપાલ ભવનમાં ઊતર્યો છું. એકાદ બે મહિના દિલ્હીમાં રહી એક પુસ્તક લખવું છે.'

'એટલે હજુ પુસ્તક લખવાનું બાકી છે ત્યાં છપાવવાનું નક્કી કરવા આવી પહોંચ્યા !' અગરવાલે મેણું માર્યું : 'ભારે ઉત્સાહી જણાવ છો.'

'શેઠજી, વિષય સાંભળીને આપ પણ ઉત્સાહમાં આવી જશો.'

'એવો તે કયો વિષય છે તમારો ?'

'દિલ્હીની વારાંગના !'

'હેં !' વિષય સાંભળીને ઉત્સાહ દેખાડવાને બદલે દાંત દેખાડતાં પૂછ્યું : 'દિલ્હીના વિરાંગના કે વારાંગના ?'

'વારાંગના શેઠજી, આજકાલ લોકોને વેશ્યાઓના વિષયમાં વધુ રસ છે.'

'મહાશય પરશુરામ આર્ય, તમે અત્યાર સુધીમાં કેટલાં પુસ્તકો લખ્યાં ?'

'આ મારું પ્રથમ જ પુસ્તક છે.'

'અને એ પણ હજુ લખવાનું બાકી છે છતાં મારા જેવા ચાલીસ વરસ જૂના પ્રકાશકને સમજાવવા નીકળ્યા કે લોકોને કયા વિષયમાં રસ છે ?' એના અવાજમાં ઉગ્રતા આવી ગઈ : 'ખુરશી પરથી ઊભા થઈ જાવ.'

'પણ શેઠજી....'

'કહ્યું ને કે ઊભા થઈને ચાલતી પકડો.' ગુસ્સામાં એણે ટેબલ પર હાથ પછાડ્યો ત્યારે એનું રૌદ્ર સ્વરૂપ જોઈને જયદેવે બહાર નીકળી જવું પડ્યું. જતાં જતાં તેની પીઠ પર અગરવાલના શબ્દો અફળાયા : 'સાલા પરશુરામ વાદા કરકે નહીં આયા, અબ હમારા દિવાલા નિકલ જાયેગા.'



ટૅક્સી નેપાલભવન પાસે ઊભી રહી એટલે બગલમાં થેલો

અને હાથમાં સૂટકેસ ઊંચકીને જય ઊતર્યો. દિલ્હીનો પહેલો અર્ધો દિવસ સુખરૂપ નીવડ્યો હતો. સવારે બે અણધાર્યાં કામ ઝડપથી થઈ ગયાં, બૅન્કમાં પૈસા સલામત થઈ ગયા અને મકાન ભાડે મળી ગયું... પણ બપોર પછીનાં બંને કામમાં જાકારો મળ્યો. વિશ્વાસ પ્રકાશનના માલિકની પહેલી મુલાકાત અફળ નીવડી અને અલ્હાબાદ જેલમાં બનવારીએ ચીંધેલા. 'મનોકામના' હોટેલના મદનલાલનો ભેટો જ ન થયો.

ભવનમાં દાખલ થઈ રૂમની ચાવી માટે મૅનેજરના કાઉન્ટર સામે હાથ લંબાવીને ઊભો રહ્યો ત્યારે ચાવી આપવાને બદલે પેલો કોઈ અપરાધીને જોતો હોય તેમ એની સામે તાકી રહ્યો.

કદાચ પોતાના હાથમાં બૅગ જોઈને નવો પેસેન્જર માની બેઠા હશે એવું ધારી તેણે ખુલાસો કર્યો : 'રૂમ નંબર ત્રણ ! ગઈ કાલે તો તમે જ રૂમ આપી હતી... મને ઓળખ્યો નહીં ?'

ત્યારે એણે ત્રણ નંબરની ચાવી તો કાઢી આપી પણ તાકવાની ચેષ્ટા ચાલુ જ રાખી : 'રૂમ નંબર ત્રણ તો બરાબર, પણ તમને ઓળખવાની બાબતમાં હજુ પાકી ખાતરી નથી.'

'એટલે ?'

'એટલે એમ કે બે કલાક પહેલાં સી. આઈ. ડી. ખાતાના ત્રણ માણસો આવ્યા હતા. તમારા રૂમની તલાશી લઈ ગયા.'

જય ચોંક્યો : 'મારા રૂમની તલાશી ? પણ શું કામ ?'

'કહેતા હતા કે એક કાવતરામાં સંડોવાયેલા શકમંદ આસામીને એ લોકો શોધી રહ્યા છે.'

'શેનું કાવતરું ?'

'વડાપ્રધાનની હત્યાનું.'

સાંભળતાં જ જય ધ્રૂજી ઊઠ્યો. આ વળી અણધારી આફત ક્યાં આવી પડી ? કપાળ પર રેલાતો પસીનો લૂછતાં એણે પૂછ્યું: 'તમે એમને કહ્યું નહીં કે હું નેપાલી છું, કટ્ટોખાનોમાં મહારાજાનાં પાપ લઈને દિલ્હી આવ્યો છું...'

'બધું જ કહ્યું, છતાં એમની શંકાનું સમાધાન થયું નહીં.' મૅનેજરે ચેતવણીનો સૂર ઉચ્ચાર્યો : 'ભાઈસા'બ, ધ્યાન રાખજો !

શંકા નિર્મૂળ નહીં થાય તો કાલે તમારું શું થાય એ કહેવાય નહીં... તમારા રૂમમાં કોઈ સામાન જ નહોતો એટલે એ લોકો વધુ વહેમાયા. બિછાનાં અને ઓશીકાં પીંખી ગયા.

ત્યારે જયને બગલથેલામાં પડેલી ફાઇલ યાદ આવી. ચાવી લઈને ઉતાવળા પગલે રૂમ પર પહોંચ્યો. અંદરથી બારણાં બંધ કરી થેલામાંથી પેલી ફાઇલ ખેંચી કાઢી : ઝડતી લેનારાનો આશય ગમે તે હોય, કદાચ મારે બદલે બીજા કોઈકને શોધતા હોય પણ આ ફાઇલ એમના હાથમાં ચડી જશે તો હું વિનાકારણ કાવતરામાં સંડોવાઈ જઈશ... તેણે દાંત ભીંસ્યા : હવે આ ટાઇમ બૉમ્બ મારે સંતાડવો ક્યાં ?

ફાઇલ લઈને સળિયાંવાળી ઉઘાડી બારી તરફ ધસી ગયો. ફાઇલ બહાર ફગાવી દેવાનો વિચાર કર્યો પણ તરત જ માંડી વાળ્યો : એ તો સામે ચાલીને જોખમ વહોરી લેવા જેવું થાય...રૂમમાં ચારે તરફ ઝડપી નજરે જોયું; ફાઇલ સંતાડવાની કોઈ સલામત જગ્યા દેખાઈ નહીં. હાથમાં પકડેલો ટાઇમ બૉમ્બ ફાટવાનો હોય તેમ રઘવાયો બની ગયો.

ત્યાં બાજુની રૂમમાંથી કાંઈક અવાજ સંભળાયો. પાયખાનાની પાણીની ટાંકીના એ અવાજે તેના મગજમાં ઝબકારો કર્યો : અત્યારે તો એ એક જ સલામત જગ્યા છે !

ઘડિયાળના સેકન્ડ કાંટાની ઝડપે એ કામે લાગી ગયો. બૅગ ઉઘાડી, સાંજે ખરીદેલાં રેડીમેડ કપડાંની પ્લાસ્ટિકની થેલી કાઢી. પેલી ફાઇલ સાચવીને પ્લાસ્ટિકની થેલીમાં મૂકી અને બાથરૂમમાં પહોંચી ગયો. પહેલાં તો ટાંકીની સાંકળ ખેંચીને બધું પાણી બહાર કાઢી નાખ્યું, પછી પાણીના નળ પર પગ મૂકી ભીંતનો ટેકો લઈ ઉપર ચડી ગયો. ટાંકીનું ઢાંકણું ખોલી અંદરના ગોળાને એવી રીતે ઊંચો કરી દીધો જેથી નવું પાણી ટાંકીમાં આવે નહીં...પછી સાવચેતીપૂર્વક પેલી ફાઇલ તેની નીચે દબાવીને ઢાંકણું ગોઠવી દીધું.

બરાબર એ જ વખતે રૂમની ઘંટી રણકતી સાંભળીને એના શરીરમાં ધ્રુજારી આવી ગઈ. શ્વાસ રોકી સાચવીને નીચે ઊતર્યો

ત્યાં બારણાં ખખડવા લાગ્યાં : 'મિસ્ટર દરવાજા ખોલો !'

બોલનારના અવાજમાં પઠાણી ઉઘરાણી જેવી તાકીદ વર્તાઈ. તેણે શાવર ચાલુ કરી દીધો. ફરી બારણાં ખખડ્યાં ત્યારે જવાબ આપ્યા વગર છૂટકો નહોતો : 'ખોલું છું, બે મિનિટ !'

ફુવારાના પાણીથી શરીર ભીંજાવી, કપડાં ઉતારી, ટુવાલ વીંટાળી, માથાના વાળની ભીનાશ અને ચહેરા પરના ભયના ભાવ ખંખેરતાં તેણે બારણાં ઉઘાડ્યાં. તેનું અનુમાન સાચું ઠર્યું. સામે ખાખી વરદીમાં પોલીસ ઑફિસર તંગ ચહેરે ઊભા હતા.

'કેમ આટલી બધી વાર લાગી ? શું કરતા હતા ?' એમ પૂછ્યું તો ખરું, પણ કમરે વીંટાળેલો ટુવાલ અને વાળમાંથી ટપકતાં પાણીનાં ટીપાં જોઈને જવાબની ઉઘરાણી વગર અંદર ધસી આવ્યા : 'તમારા રૂમની તલાશી લેવી છે.'

ત્યારે જયદેવે મનોબળ મક્કમ કરી સ્વસ્થ થઈ જવું પડ્યું, પોલીસ ઑફિસરના ખમીશ પર નામની તકતી વાંચી લઈને કહ્યું : 'ઇન્સ્પેક્ટર ચાવલાસાહેબ, મૅનેજર કહેતા હતા કે હજુ બે કલાક પહેલાં જ ભવનના બધા રૂમની તલાશી લેવામાં આવી હતી.'

'મેં બધા રૂમની એવું કહ્યું જ નથી.' દરવાજે ઊભેલા મૅનેજરે દૂરથી જ ખુલાસો કર્યો : 'એકલા આ રૂમની જ તલાશી લીધી એમ કહ્યું હતું.'

ઇન્સ્પેક્ટરને એના ખુલાસામાં રસ નહોતો. સાથે આવેલા બે પોલીસને હુકમ કર્યો : 'એમનો સામાન તપાસી જુઓ.'

બૅગ અને બગલથેલો સિવાય સામાનમાં બીજું કાંઈ હતું નહીં અને જે હતું તેમાંથી વાંધાજનક કાંઈ નીકળ્યું નહીં ત્યારે તેના મનની તલાશી લેતા હોય એવી ધારદાર નજરે જોતાં ઇન્સ્પેક્ટર ચાવલાએ કહ્યું : 'મિસ્ટર, આ સિવાય તમારો કાંઈ સામાન નથી ?'

'નહીં સર !' મક્કમપણે છતાં નમ્ર અવાજે તેણે કહ્યું : 'હજુ આજે નેપાલ એમ્બસીમાં હૂંડી વટાવી, બૅન્કમાં ખાતું ખોલાવ્યું અને જરૂર પૂરતી થોડી ખરીદી કરી...'

પણ ઇન્સ્પેક્ટરે તેનો જવાબ સાંભળવાને બદલે મૅનેજરને

કહ્યું : 'એમનો સામાન કોઈ બીજી રૂમમાં મુકાવી દો. આ રૂમ બે-ચાર દિવસ અમારા કબજામાં રહેશે.'

'ખુશીથી સાહેબ !' મૅનેજર બોલે તે પહેલાં પોતે જ કહી દીધું અને સામાન ઊંચકી મૅનેજરની સાથે રૂમની બહાર નીકળી ગયો. ત્રાંસી નજરે તેણે જોઈ લીધું કે ઇન્સ્પેક્ટરની આંખો તેના હાવભાવ અને હિલચાલનું બારીક અવલોકન કરી રહી હતી. પોતે માત્ર ટુવાલભેર ન હોત તો કદાચ એમણે કપડાં ઉતરાવીને ઝડતી લીધી હોત...

પાંચ નંબરમાં જઈ ઊંચક જીવે અને સરવા કાને જય રૂમમાં આંટા મારતો રહ્યો : એમણે ત્રણ નંબર કબજે કેમ કરી? હું ફાઇલ સંતાડવાની જગ્યા શોધતો હતો તેમ એ લોકો ફાઇલ શોધવા માટે શંકા પડે એવી દરેક જગ્યા ફંફોળતા હશે ? પણ એ લોકો ફાઇલ શોધવા શું કામ આવે ? એમને તો ખૂનના કાવતરાના શકમંદ આસામીની તલાશ છે...

પંદર મિનિટ પછી ત્રણ નંબરનો દરવાજો ભીડવાનો અવાજ સાંભળીને જય થથરી ઊઠ્યો : એમના હાથમાં ફાઇલ આવી ગઈ હશે, હમણાં મને ગિરફતાર કરીને ઉપાડી જશે...

પોલીસના વજનદાર બૂટનો અવાજ પોતાની રૂમ નજીક આવતો ગયો તેમ જયના ઉઘાડા ડિલનાં રૂંવાડાં ઊભાં થતાં ગયાં. દરવાજાની ઘંટી સાંભળીને ચહેરા પરથી લોહી ઊડી ગયું. થોડીવાર માટે એ જડવત્ બની ગયો. 'ઉઘાડું છું' એમ કહેવા માટે મોં ઊઘડ્યું નહીં. દરવાજા સુધી પહોંચવા જેટલીય શકિત રહી ન હોય તેમ પગ લથડવા લાગ્યા.

અર્ધી મિનિટ પછી બારણાં ઉઘાડ્યાં તો એ જ ઇન્સ્પેક્ટર ચાવલા સામે ઊભા હતા. કરડાકીથી ચહેરો તંગ બન્યો હતો, વેધક આંખોમાં ખુન્નસ ઊભરાતું હતું. બંનેની નજર ટકરાઈ... જયદેવ થૂંક ગળે ઉતારી મહામહેનતે બોલી શક્યો : 'યસ સર...'

ત્યારે તેના હાથમાં વિઝિટિંગ કાર્ડ પકડાવી ઇન્સ્પેક્ટર ચાવલા રુઆબ છાંટતી ચાલે રવાના થઈ ગયા. એ દેખાતા બંધ થયા પછી હાથમાં પકડેલા કાર્ડ પર નજર નાખવાની તેણે હિંમત

કરી તો એ કોરું હતું... પાછળ ફેરવીને જોયું તો છાપેલા નામ-સરનામાને બદલે એક વાક્યનું લખાણ વાંચવા મળ્યું :

'એ ફાઇલ જેની પાસે રહે તે જીવતો રહેતો નથી !'

બહાર મોત ઊભું હોય એવા ભયના ધક્કા સાથે તેણે બારણું બંધ કરી દીધું. અચાનક ઉઘાડી બારી તરફ ધ્યાન ગયું. આવેશમાં દોડી જઈને સળિયામાંથી બહાર રસ્તાં પર નજર નાખી તો ઇન્સ્પેક્ટર ચાવલા જીપમાં બેસી રહ્યા હતા. જીપમાં ગોઠવાઈને પહેલું કામ એણે ખમીસ પરથી નામની પટ્ટી ઉતારી લેવાનું કર્યું. ત્યારે જયના મગજમાં સળવળાટ થયો : તો શું એ ખરેખર પોલીસ ઇન્સ્પેક્ટર નહીં હોય ? બીજી જ પળે તેની નજર જીપ ચલાવનાર પર ગઈ ત્યારે આંખોમાં ધૃણા ઘુંટાવા લાગી: આ તો પેલા ઘાતકી, અલ્હાબાદ એક્સપ્રેસમાં પરશુરામનો પીછો કરતો રહીને રસ્તા પર તેના હાથમાં બૅગ ઝૂંટવી જનારો જાડો માણસ !

છાતી ફાટી જાય એટલા જોશમાં તેનું હૃદય ધબધબવા લાગ્યું. મગજ પર સવાલો ટિપાવા લાગ્યા : એમને ક્યાંથી જાણ થઈ કે ફાઇલ મારા કબજામાં છે ? વિશ્વાસ પ્રકાશનમાં જઈને મેં મૂર્ખાઈ કરી હતી ? પેલો જાડો ત્યાંથી મારો પીછો કરતો હશે? એ સિવાય મારા ઠેકાણાની એને જાણ ક્યાંથી થાય ? નહીંતર મારા પહેલાં અહીં પહોંચીને મારી ગેરહાજરીમાં ઝડતી કેમ લેવાય?

માથે મોત તોળાતું હતું અને અજાણ્યા દેશમાં પોતે સાવ એકલો અટૂલો હતો. મુશ્કેલીમાં મિત્ર યાદ આવે તેમ જયને વિદ્યાપતિ સાંભળી આવ્યો. કાલે જ કૉલ કરીને એને તાબડતોબ અહીં બોલાવી લઉં. કોને ખબર, બે-ચાર દિવસમાં હું પણ ટ્રક અકસ્માતનો ભોગ બની મોતભેગો થઈ જાઉં.....

અગિયાર

'આવો જનાબ, પધારો જનાબ !'

'મનોકામના'માં પ્રવેશતા જયદેવને મીઠી જબાનવાળા મદનલાલે આવકાર આપ્યો. તેના માથાના બધા જ વાળ રૂપેરી થઈ ચૂક્યા હોવા છતાં કાશ્મીરી ચહેરા પર સુરખી જળવાઈ રહી હતી. સોનેરી ફ્રેમનાં ચશ્માં પાછળની તેની કીકીઓ બૅટરીના ઝીણા બલ્બની માફક સતત ચમકતી રહેતી. બોલતી-હસતી વખતે નીચેના હોઠ પાસેનો તેનો સોનાનો પડ ચડાવેલો એક દાંત સતત ધ્યાન ખેંચ્યા કરતો.

'જનાબ, તો તમારા માટે બધું ગોઠવી રાખ્યું છે.' કહેતા મદનલાલે ચાંદીની સાંકળીવાળી ઘડિયાળ કોટના ઉપલા ખિસ્સામાંથી બહાર ખેંચી સમય જોઈ લીધો : 'સવા આઠ વાગ્યા ! બસ અર્ધા જ કલાકમાં તમારી બુલબુલ આવી પહોંચશે. ત્યાં સુધી આપણા ઍરકન્ડિશન્ડ રેસ્ટોરાંમાં બેસી ઇન્તઝારની મઝા માણો જનાબ !'

તેના છેલ્લા શબ્દો પર પરાણે મલકીને જયે રેસ્ટોરાંમાં ગોઠવાઈ જવું પડ્યું. સાંજે ચાર વાગે મદનલાલને પહેલીવાર મળ્યો ત્યારે અર્ધા કલાકમાં વાતચીતમાં 'જનાબ' સાંભળીને એ સંબોધન તેના કાનને ગમવા માંડ્યું હતું. આમ તો દિલ્હીના બીજા દિવસની બપોર પછી ગમતું-અણગમતું બધું જ આપોઆપ ગોઠવાઈ રહ્યું હતું....

પોતાના કબજામાં નહીં રહેલી 'ટાઇમ બૉમ્બ'ની ફાઇલે તેના મનનો કબજો છોડ્યો નહોતો. 'જેની પાસે એ ફાઇલ રહે છે એ પોતે જીવતો નથી રહેતો.' એવી જાસાચિઠ્ઠી મળ્યા પછી એ 'ટાઇમ બૉમ્બ'ને હાથ લગાડવાની હિંમત તો રહી નહોતી, પણ બીજા કોઈના હાથમાંય એ ન આવવી જોઈએ એની ચિંતા સતત સતાવતી રહી હતી. બીજે દિવસે જ નેપાલભવન છોડીને ખજાનચી હરિપ્રસાદના પાડોશી બની જવાની જોર કરી જતી ઇચ્છાનેય એણે દબાવી દેવી પડી હતી. એમ કરવાથી તો ફાઇલ શોધનારાનો મારા પર વહેમ વધી જશે. મારી દરેક હિલચાલ પર નજર રાખવા એ લોકો કોઈકને તો અહીં મૂકી જ ગયા હશે. એટલા માટે તો બપોરની ચા પીને બહાર નીકળ્યો ત્યારે બગલથેલાને બદલે માત્ર ચેકબુક અને પૈસાનું પાકીટ જ સાથે લીધાં હતાં : ફાઇલ સાથે હોવાનો વહેમ જ ન પડે તો કોઈ પીછો શું કામ કરે ?

સવા ત્રણ વાગે વિશ્વાસ પ્રકાશનના માલિક અગરવાલ સામે જઈને ઊભો રહ્યો ત્યારે એમણે એની સામે એવી રીતે જોયું કે જાણે પોતે એનો પીછો કરી રહ્યો હોય. કોઈને ખાનગી પત્ર લખતા હોય તેમ અર્ધો લખેલો કાગળ ઊંધો વાળી દઈ, તડબૂચ જેવા ચહેરામાંથી કોઈએ ડગળી કાઢી લીધી હોય એમ મોં ફાડીને તેને તાકી રહ્યા. પહોળા થયેલા હોઠ ભેગા થઈને પોતાને જાકારો આપે એ પહેલાં જ, લખી રાખેલા ચેકનું પાનું બુકમાંથી ફાડીને તેમના ટેબલ પર મૂકી દીધું. :

'ગઈ કાલે આપવાનો રહી ગયો હતો.'

'ચેક !' પ્રશ્ન અને આશ્ચર્યના મિશ્રભાવે ચેકની રકમ વાંચી લઈને અગરવાલ આગળ કંઈ પૂછે એ પહેલાં જ તેણે સામેની ખુરશી પર બેઠક જમાવી દીધેલી.

'આ પંદરસો રૂપિયાનો ચેક લઈને તમે કાલે આવ્યા હતા ?' અગરવાલના અવાજનો રણકો બદલાઈ ગયો.

'જુઓને શેઠ, ચેક પર તારીખ ગઈ કાલની જ છે ને ?'

અગરવાલ શેઠે તારીખ વાંચીને ખાતરી કરી છતાં એમનું અચરજ શમ્યું નહોતું : 'ક્યા હિસાબે તમે આ પંદરસોનો ચેક....'

'મારું પુસ્તક પ્રગટ કરવાના ખરચ પેટે....'

'એટલે...' પૂછતાં પૂછતાં અગરવાલ અટકી ગયા. મગજમાં બત્તી થઈ 'સમજી ગયો, તમે તમારે ખર્ચે દિલ્હીની વારાંગનાવાળું પુસ્તક છપાવવા માગો છો એમ જ ને?'

'બરાબર !' કહીને એ વધુ ખુલાસો કરે તે પહેલાં અગરવાલે ચેક પાછો ઠેલી દીધેલો : 'પંદરસો રૂપિયામાં તે ચોપડું છપાતું હશે...'

'અરે શેઠજી, ચોપડી છપાવવી છે કોને ?' પોતે ગેબી હાસ્ય સાથે ખુલાસો કરેલો : 'આ પંદરસો રૂપિયાની સામે તમારે મને એક પત્ર આપવાનો છે બસ !'

'પત્ર ?' એમના બોલવામાં થોડા ગભરાટ સાથે આછી અધીરાઈ પણ હતી : 'શેનો પત્ર ? કેવો પત્ર ?'

'બસ, આપ મને એટલું લખી આપો કે દિલ્હીની વારાંગના પર પુસ્તક તૈયાર કરવાનું કામ મને સોંપ્યું છે.'

અગરવાલ ઝીણી આંખો કરીને શંકાશીલ નજરે તેને થોડી વાર જોતા રહ્યા, તેમના ચહેરાના હાવભાવ જોતાં જયને લાગેલું કે હમણાં ગેટ આઉટ બરાડીને જાકારો આપી દેશે. એમણે ટેબલ પરથી પેપરવેઇટનો કાચનો વજનદાર ગોળો ઊંચક્યો ત્યારે એ ખરેખર ગભરાઈ ગયેલા... પણ પેપરવેઇટનું વજન હઠી જતાં દબાવી રાખેલો કાગળ પંખાની હવાથી ઊડીને પોતાના ખોળામાં પડ્યો ત્યારે વજનદાર શેઠે કાગળ કબજે કરવા ખુરશીમાંથી ઊંચા થઈ તરાપ મારવાની ચેષ્ટા કરવી પડેલી. કાગળ તેમને પાછો આપવાના બહાને જયદેવે તેનું મથાળું વાંચી લીધું : પરશુરામ !

'ખબરદાર પત્ર વાંચ્યો છે તો !' કહીને અગરવાલે આવેશમાં કાગળ ઝૂંટવી લીધો છતાં જયદેવની ચકોર નજરે તેની પહેલી લાઇન તો વાંચી જ લીધેલી : બે દિવસથી હું તારા આવવાની રાહ જોઉં છું તું મને બેવકૂફની જેમ રાહ જોવડાવે છે....

અર્ધો લખાયેલો પત્ર સાચવીને અગરવાલે ખિસ્સામાં મૂકી દીધો ત્યારે જયને કહી દેવાની ચટપટી જાગી ગયેલી : શેઠજી, તમે જિંદગીભર રાહ જોતા રહેશો તોપણ આ પરશુરામ નહીં આવે !

'પંદરસો રૂપિયામાં મારી પાસે પત્ર લખાવવા પાછળ તમારો ઇરાદો શું મહાશય ?' અગરવાલે કુતૂહલભેર મૂળ વાતનો દોર સાંધી લેતાં પૂછ્યું હતું : 'અમારા પત્રનો તમે કોઈ દુરુપયોગ કરો તો ?

'નહીં શેઠજી, સદ્‌ઉપયોગ કરવા માંગું છું.' તેણે ખંધું હસવાની ચેષ્ટા સાથે કહેલું : 'નેપાલના એક ખાનદાન કુટુંબનો નબીરો દિલ્હીની રંગીન રાતો માણવા આવે ત્યારે એણે થોડી સાવચેતી તો રાખવી જોઇએને.... મહિના-બે મહિનામાં પચાસ-સાઠ હજાર ખરચીને મોજમઝા માણી લેવી છે, પણ એક જ વાતની બીક લાગે છે.'

'શેની બીક ?' અગરવાલને હવે રસ પડ્યો : 'પોતાના પૈસે મજા કરવામાં કોના બાપની બીક રાખવાની ?'

'મારા બાપની !' આંખ મિચકારીને પોતે ઉમેર્યું હતું : 'બ્લૅકમેલિંગના આ જમાનામાં સાવચેત રહેવું સારું... આપણી જાણ બહાર બજારુ ઓરત સાથે કોઈ આપણા ફોટા પાડી લે તો ?'

'સમજ્યો, બધું સમજી ગયો !' અગરવાલના અવાજમાં ખુશાલીનો રણકો આવી ગયો : 'આપ મહાશય પુસ્તક લખવાનું ઓઠું લઈને મોજ ઉડાવવા આવ્યા છો... પણ આપણને ફક્ત પંદરસો રૂપિયામાં પત્ર લખી આપવાની મોજ નહીં પડે.'

ખરેખર તો આમ કહેવામાં મોજ પડતી હોય તેમ એ કાચનો ગોળો હથેળીમાં રમાડતા બોલ્યા હતા. એમની એ રમતમાં જયને ગમ્મત પડેલી :

'શેઠજી, આ પંદરસો તો પહેલા હપતાના છે... પંદર દિવસ પછી પંદરસોનો બીજો ચૅક આપી જઈશ.'

'અને વાયદો કરીને ન આપી જાવ તો ?'

'શું વાત કરો છો શેઠ, પરશુરામનો વાયદો કદી ફોક થાય ખરો ?'

સાંભળતાં જ અગરવાલના હાથમાંથી પેલો કાચનો ગોળો સરકીને નીચે ગબડી પડ્યો ત્યારે જય સમજી ગયો : ટાઇમ બૉમ્બની જેમ પરશુરામ નામ આ માણસને ભડકાવી દે છે !

'જુઓ મિસ્ટર જયદેવ, તમને હું પત્ર ટાઇપ કરીને આપું છું, પણ તેમાં પરશુરામ નામ નહીં આવે.' ટાઇપરાઇટર નજીક ખેંચતાં એમણે ઉમેર્યું : 'કવિ જયદેવે રાધા-કૃષ્ણનાં પ્રણયકાવ્યો લખ્યાં હતાં અને તમેય શૃંગારરસનું પુસ્તક લખવા માગો છો એટલે જયદેવ નામ જ શોભે.... શું સમજ્યા ?'

અને પંદરસોના ચેકના બદલામાં પેલો પત્ર લઈને પોતે ત્યાંથી રવાના થયો ત્યારેય અગરવાલની આંખોમાં શંકા ડોકાતી જ હતી : ચેક બૅંકમાંથી પાછો તો નહીં આવે ને ? પંદર દિવસ પછી બીજો ચેક આપવા તું પાછો આવીશ ખરો ?

'સાહેબ !' વેઇટરે જયદેવ સામે ઝૂકીને અદબભેર કહ્યું: 'આપને મદનસા'બ યાદ કરે છે.' ત્યારે ઝબકીને તેણે ઘડિયાળમાં જોયું તો અર્ધો કલાક વીતી ચૂક્યો હતો. છેલ્લી પંદરેક મિનિટ તો પોતે ઊંઘનું એક જોકું લઈ લીધું હતું ! પોપચાં પરથી ઊંઘનો ભાર હઠાવતો એ રેસ્ટોરાંમાંથી બહાર નીકળ્યો.

'તમારી આંખોમાં તો ઇન્તઝારનો નશો ચડી આવ્યો જનાબ' મદનલાલે મીઠી જનાબ ચલાવી : 'બસ હવે માત્ર દસ મિનિટ બાકી છે. બુલબુલનો ફોન આવી ગયો. શૃંગાર સજીને એ ઘેરથી નીકળી ચૂકી છે. તમે બસો ચાર નંબરની રૂમમાં પહોંચી જાવ.' કહીને તેણે જયના હાથમાં ચાવી દેતાં ઉમેર્યું : 'સુહાની રાત અને સુંવાળો સંગાથ !'

'પણ મદનસા'બ તમે પેલીને બધું બરાબર સમજાવ્યું તો છે ને ?' જયદેવે અથરા અવાજે પૂછ્યું ત્યારે એણે માથાના રૂપેરી વાળ પર હાથ ફેરવતાં ઉડાઉ જબાન આપી દીધો : 'તમતમારે બેફિકર રહો, બુલબુલ બડી બાહોશ છે.'

પરાણે પગ ઉપાડતો પાપની સીડી ચડી રહ્યો હોય તેમ પ્રત્યેક પગથિયે મનોબળ મક્કમ કરતો એ ઉપર પહોંચ્યો. બસો ચાર નંબરની રૂમનો દરવાજો ઉઘાડવા લૉકમાં ચાવી ભરાવી ત્યારે તેનો હાથ કંપી ઊઠ્યો : પાપની દુનિયામાં પોતાનું એ પહેલું પગલું હતું, પગ ડગમગી જશે તો ?

દરવાજો ઉઘાડતાં જ મહેકતી શીતળ હવાએ તેનું સ્વાગત

કર્યું. મદનલાલના શબ્દો યાદ આવી ગયા : જનાબ, અમારી 'મનોકામના'નો ઉમદા ખંડ તમારા માટે રિઝર્વ રાખીશ... બારણું બંધ કરી લાઇટની સ્વિચ દબાવી રોશનીના ઝળહળાટમાં તેણે ખંડનું નિરીક્ષણ કર્યું. દીવાલ પર અર્ધનગ્ન સુંદરીનું મોટું ચિત્ર સૌથી પહેલાં નજરને જકડી લેતું હતું. ફૂલથી સજાવેલો સ્વચ્છ સફેદ ચાદર બિછાવેલો ડબલ પલંગ જોતાં જ જયને ઊંઘવાનું મન થઈ ગયું. ત્યાં બે સોફાખુરશી વચ્ચેની ટિપોય પર પડેલી એક બૉટલ અને બે ગ્લાસ તરફ તેની નજર ખેંચાઈ. કુતૂહલવશ નજીક જઈને ચપટી બૉટલ ઊંચકી તેનું લેબલ વાંચ્યું : બ્લેક ઍન્ડ વ્હાઇટ સ્કોચ વ્હીસ્કી!

મનમાં મદનલાલના શબ્દો પડઘાયા : જનાબ, કંપની આપવા આવતી છોકરી વ્હીસ્કીની કંપની તો માગે જ... અમારી બુલબુલનો ટેસ્ટ જરા ઊંચો છે. વિદેશી ચીજ ન હોય તો બાટલી ફગાવી દે!

બૉટલ નીચે મૂકી પરદો હઠાવી એણે કાચની બારી બહાર નજર ફેંકી. હોટેલ પછવાડેની ઝૂંપડપટ્ટી દેખાઈ. આધેડ વયની એક સ્ત્રી બાળકને ખોળામાં લઈ સ્તનપાન કરાવતી બેઠી હતી. નારીનું એ એક રૂપ જોયું અને બીજું રૂપ હવે જોવા મળવાનું હતું...

અસ્વસ્થ ચિત્તે જય સોફામાં ગોઠવાયો. પલંગ સામેના મોટા કદના અરીસામાં પોતાનું પ્રતિબિંબ નિહાળ્યું : ચહેરા પર કેટલો બધો ગભરાટ દેખાતો હતો !

એમ તો મદનલાલને સાંજે પહેલી વાર મળવા આવ્યો ત્યારેય ભીતર ભયથી ધબકતું રહ્યું હતું. અગરવાલનો પત્ર વંચાવીને પ્રસ્તાવ મૂકતાં જીભ થોથવાઈ હતી : 'સાહેબ, આ કામમાં તમે મને મદદ કરી શકશો ?'

'જનાબ, આવાં કામ માટે તમને મારું નામ કોણે આપ્યું?' એની પૃચ્છામાં જિજ્ઞાસા હતી કે અકળામણ તે સમજાયું નહોતું. આટલા વરસ સુધી અનિષ્ટોથી અળગા રહેવા માટે પોતાની જાતને ધન્ય માનતા જયને પહેલીવાર પોતાની અણઘડતા માટે અફસોસ જાગ્યો હતો : અળગા ભલે રહીએ પણ અજાણ ન રહેવું જોઈએ.

'જનાબ તમે જવાબ નહીં આપો.' પેલાએ ઉઘરાણીની ઢબે

પૂછ્યું હતું : 'મારું નામ-ઠેકાણું કોણે આપ્યું ?'

'બનવારી !' નમાલા અવાજે તેણે નામ ઉચ્ચાર્યું. પણ મદનલાલ પર તેની સજ્જડ અસર ઊપજી હતી : 'બનવારી ! એ વળી તમને ક્યાં ભટકાઈ ગયો ?'

અધીરાઈમાં એ બોલી જાત કે અલ્હાબાદ જેલમાં ! પણ તુરત સૂઝી આવ્યું કે જેલનું નામ લેતાં જ આ માણસની નજરમાંથી ઊતરી જઈશ ! હવે અસત્ય ઉચ્ચારતાં શીખી જવું જોઈએ.

'બનવારી અવારનવાર કાઠમંડુ આવે ત્યારે કેસીનોમાં ભટકાઈ જાય. દિલ્હીની વારાંગના પર એક પુસ્તક લખવાનું ઘણા વખતથી વિચારતો હતો, પણ અહીંનો અજાણ્યો રહ્યો એટલે જોખમ જેવું લાગતું હતું... ત્યાં બનવારીએ રસ્તો ચીંધાડ્યો, તમારું નામ આપીને કહ્યું કે મદનલાલને મળો તમારું કામ આસાન બની જશે.'

'ત્યારે તો એણે તમને સાવ સાચું ઠેકાણું ચીધ્યું.' 'મદનલાલને વિશ્વાસ બેઠો હોય તેમ કહેલું : 'દિલ્હીની કોઈ બુલબુલ એવી નહીં હોય જે આપણને ન ઓળખે... પણ જનાબ જયદેવ, તમારું આ પુસ્તક લખવાનું ચક્કર આપણા માનવામાં આવતું નથી. મોજ કરવા આવ્યા હો તો શરાફતનો દંભ છોડી દઈને સાફસાફ કહી દો કે કેવી ચીજ પસંદ છે. કેટલા પૈસા ખરચી શકો એમ છો ?'

ત્યારે ઘડીભર મન ડગી ગયેલું, આને બધું જ સાચેસાચું કહી દઉં. ગુમ થયેલી બહેનની તલાશ માટે આવ્યો છું. છ વરસ પહેલાં રૂક્ષ્મણીને મળતી કોઈ નેપાલી છોકરી દિલ્હી આવી હોય તો પત્તો મેળવવો છે... પણ બનવારીએ તેને ચેતવ્યો હતો. યાર સીધી રીતે તને કોઈ તારી બહેન પાસે નહીં લઈ જાય. કોઈને તું સીધેસીધું કહીશ-પૂછીશ તો નેપાલી છોકરીઓની હેરાફેરીના ધંધામાં સંડોવાયેલો કોઈક તારો ખુરદો બોલાવી દેશે...

'જવાબ આપવા માટે બહુ વિચાર કરવાની જરૂર નથી જનાબ !' મદનલાલે તેની દ્વિધા ટાળતાં કહેલું : 'તમારો મતલબ માહિતી ભેગી કરીને પુસ્તક લખવાનો હોય કે મોજ માણવાનો હોય મારે એની સાથે કોઈ નિસ્બત નથી. શરૂઆત કેવી છોકરીથી કરવી છે એ બોલો !'

ત્યારે તેના હોઠે આવી ગયું : 'નેપાલી ! પણ નેપાલથી આવનારો નેપાલી છોકરીની જ માગણી કરે એ બેહૂદું લાગે એટલે બોલી નાખ્યું: 'તમે જ પસંદગી કરોને, વાતો કરીને કંપની આપે એવી હોય તો સારું.'

'ઓહ, તમારે બોલકી બુલબુલ જોઈએ !' બે-પાંચ પળ વિચારીને તેણે કહ્યું હતું : 'ઠીક છે, સાડાઆઠ-નવે આવી પહોંચો. પહેલી ચીજ એવી પેશ કરીશ કે આ મદનલાલને યાદ કરશો... પણ થોડો ખર્ચ વધારે થશે.'

આવી બાબતમાં ભાવતાલ કેમ થાય તેનાથી અજ્ઞાન જયે ખિસ્સામાંથી સોની નોટની થોકડી કાઢી એટલે માલ જોતાં જ મદનલાલને તેના માલદારપણાની ખાતરી થઈ ગઈ હોય તેમ કહ્યું હતું : 'અત્યારે તો ત્રણસો આપી જાવ. પોણોસો રૂમનું ભાડું, પોણોસો મારી મજૂરી અને દોઢસો વ્હીસ્કીની બે બૉટલના.'

'બે બૉટલ !' જે ગર્વભેર કહી શકે તેમ હતો એ કહેતાં એણે ક્ષોભ અનુભવેલો : 'હું તો પીતો નથી.'

'છતાં બે બૉટલ જોશે, એક બુલબુલ માટે અને બીજી એને લઈને સાથે આવનાર માટે...'

ઝૂકેલી આંખે સો-સોની ત્રણ નોટ તેના હાથમાં પકડાવી એણે ધ્રૂજતા અવાજે કહેલું : 'મદનસા'બ, એને જરા એટલું કહેજો કે હું બીજા ઘરાક જેવો...'

'અનુભવી નથી એમ જ ને ?'

'એટલું જ નહીં...' કહેવાનું ફાવતું ન હોય તેમ એ થોથવાઈ ગયેલો : 'મારે માત્ર તેની વાતો જ સાંભળવી છે.'

'વાતો સાંભળીને દિલ બહેલાવવું છે એમ જ ને ?'

એના જવાબમાં પોતે વધુ ખુલાસો કરવાનું માંડી વાળી રવાના થઈ ગયો હતો. પોતાની પીઠ પાછળ પેલો મદનલાલ જરૂર ખંધુ હસ્યો હતો, બેવકૂફ કે બબૂચક કહીને ત્રણસો રૂપિયા ખિસ્સામાં સરકાવી દીધા હશે !



અને બારણાના ટકોરાએ તેને થથરાવી દીધો. કોણ પૂછવા માટે ગળામાંથી અવાજ ન નીકળ્યો. કદાચ ભ્રમ થયો હશે એમ માની બેસી રહ્યો ત્યાં ફરી ટકોરા સંભળાયા. જેની પોતે રાહ જોઈને બેઠો હતો એનું આગમન ન થયું હોત તો સારું એવી ઠગારી આશા સાથે બારણું ખોલવા આગળ વધ્યો. મદનલાલ કહેવા આવ્યા હશે કે સૉરી, આજનો પ્રોગ્રામ કૅન્સલ થયો... એવી ભ્રમણા પંપાળતા તેણે હૅન્ડલ ઘુમાવી બારણું ઉઘાડ્યું તો એ સામે ઊભી હતી !

નમણું લંબગોળ મોહક મુખ, આકર્ષક આંખો, રેશમી સાડીમાં વીંટળાયેલી પાતળી કાયા અને લાંબી મોંફાટના બંને ખૂણે રમતિયાળ સ્મિત.... ના, સુશીલ ગૃહિણી જેવી દેખાતી આવી કોઈ યુવતીની પોતે આશા નહોતી રાખી. એણે તો સિગારેટ પીતી, ચહેરા પર મેક-અપના થર લગાવી, લિપસ્ટિકવાળા રાતાચોળ હોઠ પર જીભ ફેરવતી, હાથમાં પ્લાસ્ટિક્ની પર્સ ઝુલાવતી, ધંધાદારી અદાથી આંખ ઉલાળતી છોકરીની કલ્પના કરી હતી. તેને બદલે આ તો સૌમ્ય શણગાર સજીને બીજા કોઈકના રૂમમાં ભૂલથી આવી ચડી હોય એવા ભાવથી પોતાને જોતી ઊભી હતી.

'બસો ચાર નંબરનો રૂમ તો આ જ ને ?' આંખોની પાંપણ પટપટાવતાં તેણે પૂછ્યું ત્યારે જયે હળવો આંચકો અનુભવ્યો. બહારના દેખાવ પરથી પોતે છેતરાઈ ગયો હતો :

'હા જી, આવો પધારો !' બોલ્યા પછી જયને લાગ્યું કે મહેમાનગતિ જેવા આવકારથી પેલી અચંબામાં પડી ગઈ હતી. આવો ન કહ્યું હોત તો પણ એ પાછળ અંદર આવવાની જ હતી.

'મેં બહુ રાહ તો નથી જોવડાવી ને ?' દરવાજો બંધ કરતાં તેણે પૂછ્યું. જવાબ માટે સવાલ નહોતો પુછાયો એમ સમજી જઈને જય ચૂપ રહ્યો.

'અરે હજુ તમે ડ્રિન્ક્સ પણ શરૂ નથી કર્યું ?' ટિપોય પર વ્હીસ્કીની અકબંધ બૉટલ અને ખાલી ગ્લાસ જોતી એ આશ્ચર્યથી તેની સામે જોઈ રહી : 'રાહ જોવા માટે આનો સાથ તો લેવો હતો.'

જવાબ આપવાને બદલે જયદેવે સ્મિતનો આશરો લીધો ત્યારે

ત્યારે પેલી ઉતાવળે બૉટલ ખોલવા માંડી : 'મને ખબર હોત કે તમે આટલા બધા સૌજન્યશીલ છો, મારા આવતાં પહેલાં બૉટલ પણ નહીં ખોલો... તો હું આટલું બધું મોડું ન કરત.'

તેના અવાજમાં જયને બનાવટ ન વર્તાઈ, પણ પોતે આવાં પારખાં કરવામાં પાવરધો જ ક્યાં હતો.

'નહીં, નહીં.' પેલી બીજા ગ્લાસમાં પણ વ્હીસ્કી રેડવા લાગી એટલે જયે પોતાનો હાથ આડો ધરી દીધો : 'હું પીતો નથી.'

ઝાટકો લાગ્યો હોય તેમ પેલીએ ગરદન ઊંચી કરી કૌતુકભેર તેની સામે જોયું : 'તો પછી જીન, બ્રાન્ડી કે બીઅર કાંઈક મંગાવી રાખવું હતું ને ?'

'મને એવી કોઈ આદત નથી.'

'આદત નથી કે નફરત છે ?'

'કોઈ પીએ એની નફરત નથી.' ત્યારે પેલીએ થોડી રાહત અનુભવી. પોતાની વ્હીસ્કીમાં ઠંડું પાણી ભેળવી, બીજો ખાલી ગ્લાસ પણ ઠંડા પાણીથી ભરી તેની સામે ધર્યો : 'કમ સે કમ, મને કંપની આપવા આતો પીશો ને ?'

અને બંને એકીસાથે હસી પડ્યાં: ગ્લાસ ટકરાવી બંનેએ ચીયર્સ કર્યું અને પેલી પહેલા જ ઘડાકે અર્ધો ગ્લાસ ગટગટાવી ગઈ : 'બહુ પ્યાસ લાગી હતી.'

ત્યારે જયથી મલકી જવાયું : 'આનાથી પ્યાસ બૂઝે કે વધે ?'

સાંભળીને પેલીની આંખોમાં ચમકારો થયો. મોગરાના ગજરાવાળો લાંબો ચોટલો ખભાની આગળ લેતાં એ સહજભાવે બોલી ગઈ : 'અમારું કામ પહેલાં પ્યાસ જગાડવાનું અને પછી બુઝાવવાનું હોય છે.'

'પરંતુ પ્યાસ બુઝાવનારી બે જ સાચી ચીજ છે. એક પાણી અને બીજો પ્રેમ !'

ત્યારે ઝબકી ગઈ હોય તેમ પેલી ચકળવકળ આંખે તેની સામે જોવા લાગી : 'મહેરબાન, આપ લેખક છો એવો ઇશારો મદનબાબુએ કર્યો હતો પણ સાથોસાથ ઉપદેશક છો એમ નહોતું કહ્યું.'

છંછેડાઈ ગઈ હોય તેમ ગ્લાસ ગટગટાવી જઈ ફરી વ્હીસ્કી પાણીથી ભરી દીધો. એ ક્રિયામાં તેના ખભા પરથી સાડીનો પાલવ સરી ગયો ત્યારે જયે નજર વાળી લેવી પડી. તેની એ ચેષ્ટા પેલીના ધ્યાન બહાર ન રહી. કમરમાં ખોસેલો બટવો કાઢી તેણે ટિપોય પર મૂક્યો ત્યારે જય પામી ગયો કે આડકતરી ઉઘરાણી થઈ છે. ખિસ્સામાંથી પાકીટ કાઢી, અંદરથી સો-સોની ત્રણ નોટ ખેંચી તેણે બટવા તરફ લંબાવી ત્યાં પેલીએ ઝાપટ મારી બટવો ઊચકી લીધો. મરક મરક હસી, બટવામાંથી સિગારેટનું પાકીટ અને લાઇટર કાઢી સિગારેટ સળગાવી, ઉપરાઉપરી બેચાર ફૂંક લઈ ધુમાડા ઉછાળી બટવામાં પાકીટ-લાઇટર સરકાવતી બોલી : 'માની લઉં છું કે તમને આની પણ આદત નહીં હોય.'

ડોક હલાવી જય હાથમાં પકડેલી નોટોનું શું કરવું એ સૂઝ્યું નહીં એટલે ટિપોય પર મૂકવા જતો હતો ત્યાં પેલીએ કહ્યું: 'એ રકમ તમારે અહીંયા નહીં, નીચે આપવાની છે.'

જય વિમાસણમાં પડી ગયો : 'હું મદનલાલને આપતો હતો ત્યારે એણે કહ્યું કે મારે એને નથી આપવાની, હવે તમે કહો છો કે મારે તમને નહીં નીચે મદનલાલને...'

'મેં નીચે આપવાનું કહ્યું, પણ મદનલાલને નહીં.'

'તો કોને ?'

'અહીં મને લઈ આવનારા મારા પિતાજીને !' સાંભળતાં જ વીંછીએ ડંખ માર્યો હોય તેમ નોટો પકડેલો જયનો હાથ પાછો ખેંચાઈ ગયો. પોતાની સાંભળવામાં શરતચૂક થઈ નહોતી અને પેલીએ બોલવામાં જરાય લાજ-શરમ અનુભવી નહોતી... તેનાં જડબાં તંગ થયાં. માનવી આટલો બધો પામર, આવો ક્ષુદ્ર અને આટલી હદે પતિત થઈ જાય કે પોતાની પુત્રીને....

આઘાતનો ધક્કો લાગ્યો હોય તેમ એ ઊભો થઈ ગયો.

'કેમ શું થયું ?' એટલું પૂછે એ પહેલાં તો એના પગ આગળ વધી ચૂક્યા હતા એટલે ફરી પૂછ્યું : 'ક્યાં જાવ છો ?'

'નીચે ! તમારા પિતા...' બોલતાં દાંત ભીંસીને ઉમેર્યું :

'... જીને પૈસા આપી આવું.'

'પૈસા જ આપજો.' પેલીએ તેની પીઠ પર કટાક્ષ ઉછાળ્યો : 'ઉપદેશ આપવા નહીં બેસી જતા.'

બારણું ઉઘાડું રાખી, ઘૂંટાતા શ્વાસે એ સડસડાટ સીડી ઊતરવા લાગ્યો ત્યારે એના કપાળની નસો ફૂલી રહી હતી. તિરસ્કારના ઉશ્કેરાટથી તેનું હૃદય ધમધમતું હતું. શ્વાસભેર મદનલાલ સામે પહોંચીને હાંફતા હાંફતા પૂછ્યું : 'ક્યાં છે પેલીનો બાપ ?'

'અરે જનાબ તમે ?' તેના ઉશ્કેરાટનો મદનલાલે અવળો અર્થ કર્યો : 'પૈસા આપવા દોડીને આવવું પડ્યું... અમારી બુલબુલ પૈસાને હાથ લગાડતી નથી અને એના બાપને પૈસા પહોંચ્યા પહેલાં શરીરને હાથ લગાડવા દેતી નથી.' પછી કાઉન્ટર પાછળની રૂમ તરફ ઇશારત કરીને ઉમેર્યું : 'એ અંદર પીતો બેઠો છે, આપી દો અને ઉપર પહોંચી જાવ પાછા...'

ઘૃણાથી ધગધગતા દિલે જય એણે ચીંધેલી રૂમ તરફ ધસી ગયો. હવે પાછા ઉપર જવાની ઇચ્છા જ ક્યાં હતી. એને તો એક પશુનો ચહેરો જોવો હતો, એના મોં પર થૂંકી તો નહીં શકે પણ રૂપિયાની નોટો તો જરૂર ફેંકવી હતી.

અને રૂમના ઉંબરે એના પગ થંભી ગયા. દૂબળી-પાતળી કાયા ધરાવતા આધેડ વયના એક કમજોર આદમીને જોઈ તેનું ઝનૂન ઊછળ્યું નહીં. તેણે હાથમાં પકડેલો ગ્લાસ અર્ધો ભરેલો હતો અને સામે ટેબલ પર પડેલી બૉટલ અર્ધી ખાલી થઈ ચૂકી હતી. મસાલાવાળા ચણા ચાવતાં ચાવતાં એ જયની સામે જોઈ રહ્યો. પછી રૂપિયાની નોટ પર ધ્યાન જતાં ઓળખી ગયો હોય તેમ થૂંક ઉડાડતો બોલી ગયો :

'મને થયું કે આજે પૈસા પહોંચતાં આટલી બધી વાર કેમ લાગી?'

એની નફ્ફટ ઉઘરાણી સાંભળીને એ ફરી ખળભળી ઊઠ્યો. જાણે એની ગળચી દબાવી દેવા માગતો હોય તેમ ગણી ગણીને પગલું ભરતો એ લગોલગ જઈ પહોંચ્યો. તેના મોં પર એક

પછી એક નોટ ફગાવતો દાંત ભીંસીને બોલતો ગયો : 'પૈસા, પૈસા, પૈસા!'

પેલો હેબતાઈ જઈને તેને જોતો રહ્યો ત્યારે ઘૂંટાતા શ્વાસે જયનો ક્રોધ ઊછળ્યો : 'લઈ લે, ગણી લે, ઉપાડી લે ! દીકરીના શરીરની કમાણી પર ઘરમાં બેસીને ખાનારા બાપ તો સાંભળ્યા, પણ આમ સાથે લઈ આવી માથે બેસીને પુત્રીના પૈસા ઉઘરાવનારા બાપ પહેલો જોયો!'

શરાબના ઘૂંટ સાથે અપમાનના ઘૂંટડા ગળે ઉતારી, એક પછી એક ત્રણે નોટો ઊંચકી લઈ પેલાએ ટેબલ પર મૂકી. ઘડીભર તેની ગરદન ઝૂકેલી રહી, પછી માથે ઊભેલા જયની સાથે નજર મિલાવવાની હિંમત કરતા કહ્યું:

'એવા બાપને તમે જોયો ખરો, પણ હું ઓળખ્યો નથી.'

'પશુની ઓળખાણ ન હોય.'

'તમે બહુ લાગણીશીલ માણસ લાગો છો.' આવા કાતીલ અપમાન છતાં એણે જરાય ઉશ્કેરાયા વગર જયને કહ્યું : 'આ પશુને ઓળખતા જાવ. કદાચ એમાં ક્યાંક માણસ છુપાયેલો જોવા મળે... બેસો!'

અનિચ્છાએ જયને સામેની ખુરશી પર બેસવું પડ્યું : 'તમારી ગરીબીનાં રોદણાં મારા મનમાં કોઈ સહાનુભૂતિ નહીં જગાડી શકે.'

'એવી જ રીતે બબ્બે ગોળીએ વીંધાયેલા માણસને તમારા ગમે એવા ધારદાર અપમાનો પણ વીંધી નહીં શકે, ભલા માણસ !'

કહી એણે કોટના અંદરના ખિસ્સામાંથી એક પતરું કાઢીને જયની સામે ધરી દીધું : 'આ તામ્રપત્ર વાંચી જુઓ.

'શેનું તામ્રપત્ર છે ?' વાંચવાની અનિચ્છા સાથે એણે પૂછ્યું ત્યારે પેલો થોડીવાર તેને તાકી રહ્યો. ગળામાંથી અવાજ બહાર આવતો ન હોય તેમ જોર કરીને એણે બોલવું પડ્યું :

'આ છે સ્વાતંત્ર્ય સૈનિકનું પ્રમાણપત્ર.' લથડતી જીભે એણે સંભળાવ્યું : 'દેશની આઝાદી માટે ભોગ આપનાર હજારો દેશવાસીઓને સરકારે આ યાદગીરી ભેટ આપી છે. હવે તો આ પ્રમાણપત્રમાં મારું નામ વાંચશોને.'

પેલાએ પોતાની આંખો સામે તાંબાનું પતરું ધર્યું ત્યારે જયે તેમાં કોતરેલા અક્ષરો ઉકેલવા પડ્યા : 'અરવિંદ આઝાદ !' પછી ડોક પાછી ખેંચી લઈ દલીલ કરી : 'એટલે તમે કહેવા શું માગો છો ?'

'કહેવા કાંઈ નથી માગતો, મને બતાવવા માગું છું.' કહીને તેને ટેબલ નીચેથી પોતાના બંને પગ બહાર કાઢી ખાદીના પેન્ટના પાયસા ગોઠણ સુધી ઊંચા કર્યા : 'હવે આ જુઓ !'

તેના બંને ગોઠણ પર ઊંડા જખમનાં નિશાન જોઈને જયે પ્રશ્નસૂચક દૃષ્ટિ સાથે ડોક ઊંચી કરી ત્યારે પેલાએ દર્દભર્યા અવાજે કહ્યું : 'બ્રિટિશ પોલીસની પરવા કર્યા વિના સામી છાતીએ રાષ્ટ્રધ્વજ ઊંચકીને કૂચ કરતો હતો ત્યારે એકસામટી બબ્બે ગોળી બંને પગ વીંધીને નીકળી ગઈ...'

જાણે કોઈકે પોતાની છાતી વીંધી નાખી હોય તેમ જયદેવ હચમચી ઊઠ્યો. દેશની આઝાદી માટે બલિદાન આપનાર આ માણસ આજે એવી સ્થિતિએ પહોંચ્યો કે એને પોતાની પુત્રીનું શરીર વેચવા નીકળવું પડે !

'બસ, ત્યારથી અપંગ બની ગયો છું.' પેલાના અવાજમાં વેદના નીતરવા લાગી : 'શરૂ શરૂમાં લોકોએ 'આઝાદ, આઝાદ' કહીને મારા નામના જયજયકાર બોલાવ્યા, હારતોરા પહેરાવ્યા, પાછળથી રહી રહીને આ તાંબાના પતરા સાથે મહિને બસો-અઢીસો રૂપિયાની ભીખ બાંધી આપી...'

બોલતાં બોલતાં એનો કંઠ રૂંધાઈ ગયો. જયને એ ન સમજાયું કે જીવનનિર્વાહ માટે પુત્રીનું શરીર શું કામ વેચવું પડે ?

'એ સોળ વર્ષની થઈ ત્યાં સુધી મેં ગમે તેમ કરી ચલાવ્યું. એની મા તો જનમ આપીને છૂટી ગઈ હતી. મૅટ્રિક પાસ થઈ એટલે દીકરીએ જ કહ્યું, હવે હું દીકરો બનીને તમારી અપંગ અવસ્થાનો બોજ ઉપાડી લઈશ... મને શું કુબુદ્ધિ સૂઝી કે મેં એક દેશનેતા પાસે એને મોકલી. એણે સહાનુભૂતિ દર્શાવી, જે માણસ દેશદાઝ ખાતર ખુવાર થયો એની પુત્રીની પડખે અમે ન ઊભા રહીએ તો અમારી દેશસેવા લાજે... અને એ દંભી દેશનેતાએ પડખે ઊભા રહેવાને બદલે સોળ વરસની છોકરીને પોતાની પ્રગતિનું પગથિયું બનાવી

દીધા... મને તાંબાનું આ કોતરેલું પતરું અપાવનાર મારા જ ખાદીધારી બંધુઓએ મારી પુત્રીની તાંબા જેવી કાયાને કોતરી નાખી.. કોઈએ એ બિચારીને છોડી નહીં...'

છેલ્લાં ત્રણ વાક્યોમાં તો એ સાવ ભાંગી ગયો. જયને થયું, હમણાં આ માણસ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડશે, પણ બીજી જ ઘડીએ તેણે વ્હીસ્કીની બૉટલ ઊંચકી ગ્લાસ ભરી હોઠે માંડી દીધોઃ 'છતાં તમને કહું છું, મારી દયા ન ખાશો. પુત્રીનાં પાપની કમાણી પર જીવનારો બાપ દયાને પાત્ર નથી.'

જયથી ઊંડો નિઃશ્વાસ નખાઈ ગયો. આક્રોશની અરેરાટીથી તેનું મન ખળભળી ઊઠ્યું : તેને ત્યાંથી ઊઠવાનું મન થતું નહોતું.

'તમે હજુ કેમ બેઠા છો ?' પેલાના અવાજમાં પલટો આવી ગયો : 'જાવ, ઉપર મારી બેટી તમારી રાહ જોતી હશે.' પછી ફરી આજીજીભર્યા સ્વરે ઉમેર્યું : 'પ્લીઝ, એને જાણવા ન દેતા કે તમે આ બધું જાણી ચૂક્યા છો... જાવ જલદી !'

ભગ્ન હૃદયે જય ઊભો થયો. પાછા ઉપર જવું કે ભાગી છૂટવું એ નક્કી ન કરી શકતો હોય તેમ પેલાની સામે જોતો ઊભો રહ્યો ત્યારે સાંભળવા મળ્યું :

'બીજી પણ એક મહેરબાની કરજો, જતાં જતાં અમને બાપ-દીકરીને ઘર સુધી પહોંચાડી દેજો !' કહીને તેણે બંને ગોઠણ પર હાથ મૂકતાં ઉમેર્યું : 'પહેલાં તો આપમેળે પગ પર ઊભો થઈ શકતો હવે અવસ્થા અને આ શરાબે સાવ અપંગ બનાવી દીધો. ટેકા વગર એક ડગલું ભરી શકતો નથી અને બિચારી શોભા પીધા પછી પોતે જ લથડતી હોય છે તો મને ક્યાંથી ટેકો આપે ?'

'શોભા !' જયને થયું કે બાપ-દીકરીને આમ પડતા મૂકી ભાગી છૂટવામાં પોતાની શોભા નહોતી. 'ભલે !' કહેતો એ લંગડાતી ચાલે સીડી ચડવા લાગ્યો. થોડીવાર તો લાગ્યું કે પોતાના બંને ગોઠણ કોઈકે ભાંગી નાખ્યા !

ООО

'નામરદ ! આઘો હઠ, મારે તારો  ટેકા ના જોઈએ !' શોભાએ

તને હડસેલો મારી ટૅક્સીમાંથી હઠાવી દેવાની મિથ્યા કોશિશ કરી. પછી આગલી સીટમાં બેઠેલા પિતાને સંભળાવ્યું : 'તમે આ નમાલાના પૈસા કેમ રાખ્યા? પાછા આપી દો... મને અર્ધો કલાક એકલી મૂકીને નાસી ગયો અને પાછો ફરીને શરાફતનો દાવો કરતો કહે છે : 'આપણે ફરી વાર મળશું... નિરાંતે વાતો કરીશું.' બોલતાં બોલતાં એણે ફરી પડખે બેઠેલા જયને ચાલુ ટેક્સીએ હડસેલો માર્યો : 'આજ સુધી કોઈ પુરુષને મેં આવી રીતે છોડ્યો નથી.'

'બેબી !' આગળ બેઠેલા પિતાએ ત્રાડ નાખી, 'હવે તું ચૂપ રહીશ, મેં જ એને ઘર સુધી મૂકી જવા કહ્યું હતું. સારા માણસને આમ.'

'સારા માણસ !' નશામાં ડોલતી ડોકે એણે બંને હાથ હલાવતાં સંભળાવ્યું : 'આ પૃથ્વી પર કોઈ માણસ જ રહ્યો નથી, પછી સારા-ખરાબની વાત ક્યાં...'

કહેતાં એણે આગલી સીટની ટોચ પર કપાળ ટેકવી દીધું ત્યારે જયને ધરપત થઈ : હવે એ નશામાં જંપી જશે. હેમખેમ બંનેને ઘેર પહોંચાડી દઉં એટલે છૂટ્યો !

રાતના બારના સુમારે સરદારજીની ટૅક્સી પૂરવેગે જૂની દિલ્હી વટાવી નવી દિલ્લી તરફ આગળ વધતી હતી. ચિક્કાર પીધેલી હાલતમાં હોવા છતાં શોભાના અપંગ પિતા સ્વસ્થ હોવાનો દેખાવ રાખી ખામોશ બેઠા હતા. પેલી કાંઈ ને કાંઈ બબડી રહી હતી. એક-બે વાર તો ગાળ પણ બોલી ગઈ. રકમ આપીને વળતર નહીં લેવા બદલ એ મનમાં જય પર ધૂંધવાઈ હતી.

અચાનક શૂરાતન ચડ્યું હોય તેમ ટૅક્સી ડ્રાઇવર સરદારજીના ગળા ફરતે બંને હાથ વીંટાળી શોભનાએ ચીસ નાખી : 'રોકો ટૅક્સી!' ગળા પર ભીંસ વધારીને બીજી ચીસ પાડી : 'ટૅક્સી રોકો !'

અણધાર્યા હુમલાથી હેબતાઈ ગયેલા સરદારજી ટૅક્સીના સ્ટીઅરિંગ પરનો કાબૂ જરા વાર માટે ગુમાવી બેઠા. પૂરવેગે દોડતી ટૅક્સીની બ્રેક દબાતાં જ એ સડક પર એક-બે ચકરાવા લેતી વીજળીના થાંભલા સાથે અથડાતી રહી ગઈ. મધરાતને કારણે આજુબાજુ બીજાં કોઈ વાહનો નહોતાં, નહીંતર ભયાનક દુર્ઘટના

સર્જાઈ જાત.

અકસ્માતમાંથી ઊગરી જવાનો પ્રત્યાઘાત પચાવે એ પહેલાં તો થંભેલી ટેક્સીનું બારણું ઉઘાડી શોભા બૂમો પાડતી રસ્તા પર દોડવા લાગી. તેને રોકવા માટે છલાંગ મારીને જયદેવે પાછળ દોડવું પડ્યું. તેણે સમયસર શોભાને પકડી લીધી ન હોત તો સામેથી ધસી આવતી કાર એને કચડી નાખત. બ્રેકની ચીસ પાડતી કાર બંનેની લગોલગ થંભી ગઈ ત્યારે હાંફતા જયે નિરાંતનો શ્વાસ લીધો. કોણ જાણે તેને શું ઝનૂન ચડી આવ્યું કે આવેશમાં શોભાને એક તમાચો ઝીંકી દીધો : 'હમણાં કચડાઈ મરત.'

'તો એમાં તારા બાપનું શું જાત ?' પેલી તેની પકકડમાંથી છૂટવા જોર અજમાવતી બરાડી : 'તેં મારી રાત બગાડી !'

હોહા અને ધાંધલે આસપાસના લોકોનું ટોળું એકઠું કરી દીધું. જાજરમાન કારમાં બેઠેલી એક યુવતી નીચે ઊતરીને ધસી આવી : 'શું કામ એ સ્ત્રીને સતાવો છો ?'

કહેતી એ બંનેની નજીક પહોંચી કે આઘાતથી તેની આંખો પહોળી થઈ ગઈ : 'કોણ જય ?'

ત્યારે જયનું ધ્યાન તેના તરફ ખેંચાયું : 'કોણ જ્યુલી ?'

બંનેની નજર ઘડીભર માટે મળી ત્યાં શોભાએ જયના ખભા પર માથું નાખી દઈ નશીલા અવાજે સંભળાવ્યું : 'અરે, જ્યુલી કો મારો ગોલી !'

ત્યારે જ્યુલીનો નીચલો હોઠ દાંત વચ્ચે દબાઈ ગયો. પીધેલી બજારુ જેવી દેખાતી બાઈના સંગાથમાં જયને જોઈને તેનું હૃદય ચિરાઈ ગયું. ઊંડા નિઃશ્વાસ સાથે કટુ સ્વરે તેનાથી બોલી જવાયું : 'ધાર્યું નહોતું કે પાપના પૈસા તમને આટલી જલદી આ રસ્તે ચડાવી દેશે.'

તેની નજરમાંથી ઊતરી ગયેલો જય સમસમીને જડની જેમ ઊભો રહી ગયો અને જ્યુલી જાજરમાન કારમાં કોઈ પુરુષની પડખે ગોઠવાઈ જઈ રવાના થઈ ગઈ.

બાર

પાપ આચર્યું ન હોવા છતાં પોતાની પ્રિય વ્યક્તિની નજરમાં પાપી ઠરી જવાય તેની પીડા માણસને બહુ વસમી લાગે છે. જે જ્યુલીને ફરી ક્યારેય મળવાની આશા નહોતી તેના અણધાર્યા મિલનથી અનેરા આનંદને બદલે જયુલીની નજરમાં પાપી ઠરી જવાનો અજંપો જયદેવને ઘેરી વળ્યો. અપંગ પિતા અને પીધેલી પુત્રીને મધરાતે ટૅક્સીમાં ઘેર મૂકવા જવામાં પોતે કોઈ પાપ નહોતું કર્યું. નશાની અસરમાં ટૅક્સીનું બારણું ઉઘાડી રસ્તા પર દોટ મૂકતી શોભાને રોકવામાં કોઈ પાપ નહોતું આચર્યું છતાં... એવા વિચિત્ર સંજોગોમાં જ્યુલીનો ભેટો થઈ ગયો કે અઢાર જ દિવસ અગાઉ પોતાનું સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર થયેલી જ્યુલી માત્ર અઢાર જ પળમાં પોતાને વેશ્યાગમન કરનારો માની બેઠી !

'તમે એને તમાચો ઝીંકી દીધો એ બહુ સારું કર્યું' - ટૅક્સીમાં આગળ બેઠેલા શોભાના પિતાએ જયદેવને કહ્યું હતું : 'પીધા પછી એ મોટે ભાગે શાંત પડી રહે છે, આજે કોણ જાણે આવું બેહૂદું વર્તન કેમ કર્યું ?'

પણ જયદેવ પોતે તો તેનું કારણ જાણતો હતો. રકમ ચૂકવીનેય કોઈ પોતાના શરીરનો ઉપભોગ ન કરે એમાં આ સ્ત્રીનો અહમ્ ઘવાયો હતો. બાકીના રસ્તે શોભા નશો ઊતરી ગયો હોય

તેમ ખામોશ બેસી રહી હતી, પણ તેના ઘર પાસે ટૅક્સીમાંથી ઊતરતી વખતે પિતાને પોતાના ખભાનો ટેકો આપતી એ બોલી ગયેલી : 'મેં તમને નામરદ કહ્યાં એટલે જ તમાચો મારીને તમારી મર્દાનગી દેખાડીને ?'

પણ એ મહેણું સાંભળ્યું હોવા છતાં જય ન સાંભળ્યા જેવો નિર્લેપ રહ્યો હતો. તેના મનનો કબજો તો જ્યુલીએ લઈ લીધો હતો : એ હજુ ઑસ્ટ્રિયા ગઈ નથી ! તેની બાજુમાં કાર ચલાવતો પુરુષ કોણ હશે ? તેનાં માતા–પિતા કે અન્કલ–આન્ટી કેમ સાથે નહોતાં ? જ્યુલી મધરાતે પેલાની સાથે ક્યાં જતી હશે ? મારા પર એનો વિશ્વાસ શું આટલો બધો પાંગળો હતો કે મનમાં એણે ગમે તેવું ધારી લીધું ? 'કોણ ! જયદેવ ?' એટલી ઓળખાણ કાઢીને જાણે ઓળખતી જ ન હોય તેમ કોઈ ખરખબર પૂછવાનીય પરવા કર્યા વિના ચાલતી થઈ ગઈ...

જે સંજોગવશાત્ પોતે જ્યુલીને જીવનસાથી બનાવવાનો ઇન્કાર કર્યો હતો એ પરિસ્થિતિમાં કોઈ પલટો આવ્યો નહોતો. આજે પણ પોતે જ્યુલીને સ્વીકારી શકે તેમ નહોતો છતાં જ્યુલીએ કરેલી ઉપેક્ષા તેનાથી સહેવાઈ નહીં. બસ, એકવાર જ્યુલીને મળી લઉં, ગઈ રાતનો ખુલાસો કરી દઉં, એના મનમાં જાગેલો ભ્રમ ભૂંસી નાખું પછી બીજી વાર મને એ ક્યારેય ન મળે તો વાંધો નહીં... જે જ્યુલી તેના હૃદયમંદિરમાં પોતાને દેવ તરીકે સ્થાપવા તૈયાર થઈ હતી એની નજરમાં ખંડિત મૂર્તિ બની જવા માટે જયનું મન તૈયાર નહોતું.

પણ જ્યુલીને શોધવી ક્યાં ? આવડું મોટું દિલ્હી નગર અને પોતે સાવ અજાણ્યો... સવારથી જય મગજ કસતો રહ્યો હતો. એ લોકો કોઈ હોટેલમાં ઊતર્યા હશે એમ માની અશોક, અકબર, જનપથ, ઇન્ટરકોન્ટિનેન્ટલ એવી પાંચ–સાત હોટેલોમાં ફોન લગાડી જોયા. દરેક જગ્યાએથી જવાબ મળ્યો : અહીં કોઈ એન્ડરસન ફૅમિલી આવ્યું - ગયું નથી !

ટેલિફોનનાં ચકરડાં ઘુમાવીને હતાશ થયેલા જયની નજર સામે વારે વારે મધરાતે જોયેલી પેલી કાર તરી આવતી હતી :

જ્યુલી કારની આગલી સીટ પર જેની બાજુમાં બેઠી હતી એ પણ કોઈ વિદેશી લાગતો હતો : તો શું એ લોકો આ વિદેશીની સાથે ક્યાંક ઊતર્યા હશે ? પણ તો પછી એની સાથે જ્યુલી એકલી જ કેમ હોય ? બે-ત્રણ વાર લમણા પર હથેળી પછાડી તેણે મગજને ટપારી જોયું. ત્યારે અચાનક બત્તી થઈ - એ કાર કોઈ એલચીખાતાની દેખાતી હતી ! પોતે નંબર જોઈ લેવા જેટલો સજાગ નહોતો, પણ તેની નંબર પ્લેટ બીજી બધી મોટરો કરતાં કાંઈ જુદી હોવાનો ભાસ થયેલો.

ટેલિફોન ડિરેક્ટરીમાંથી ઑસ્ટ્રિયા એમ્બસીનો નંબર તો મેળવ્યો, પણ ડાયલ ઘુમાવતાં જ તેને ભાન થયેલું કે આ રીતે જ્યુલીનો પત્તો ન લાગે. ફોન પર પોતે શું પૂછવાનો હતો ? મિસ જ્યુલી એન્ડરસનને તમે ઓળખો છો... એવું પૂછવાનો કોઈ અર્થ નહોતો. કાર ચલાવનારને પોતે કદાચ જોયે ઓળખી શકે, પણ એનું નામઠામ પોતે ક્યાં જાણતો હતો ?

બેસી રહેવાથી કાંઈ નહીં વળે એમ વિચારી એ બહાર નીકળતો હતો ત્યારે જ નેપાલભવનના મૅનેજરે યાદ કરાવેલું : 'આવતીકાલે તમારે ભવન છોડી જવાનું છે. ખ્યાલમાં છે ને ?'

જવાબમાં ડોકું હલાવી હા પાડવા સાથે એ કહેવા જતો હતો કે બીજી જગ્યાનું નક્કી થઈ ગયું... ત્યાં મગજમાં સાવચેતીની ઘંટડી વાગી હતી : નવી જગ્યાનું સરનામું અહીં કોઈને આપવું નથી. પેલી ફાઇલના મામલામાં હજુ મને બધા શંકાની નજરે જુએ છે ! એટલે જવાબ બદલાવીને ઠાવકાઈથી પૂછી લીધું હતું: 'તમારા ધ્યાનમાં પરવડે એવી કોઈ સારી હોટલ હોય તો કાલે કહેજો.'

'દિલ્હીમાં હોટેલનો ક્યાં તોટો છે ?' કહીને પેલાએ કટાક્ષમાં

ઉમેર્યું હતું : 'અને તમને ન પરવડવાનો સવાલ જ ક્યાં આવે છે ?'

નેપાલ એમ્બસીની નજીકમાં જ આવેલી ઑસ્ટ્રિયાની એલચી કચેરીમાં દબાતા પગલે દાખલ થઈને પૂછપરછના ટેબલ પર બેઠેલી પ્રૌઢ પંજાબી મહિલા સમક્ષ પહોંચ્યા પછી 'શું પૂછવું, કેમ પૂછવું'

એની ગડમથલમાં જય વગર પૂછ્યે જ પાછા ફરી જવાની પેરવી કરતો હતો ત્યાં પેલીએ જ સામેથી પૃચ્છા કરેલી : 'યસ, હાવ કેન આઇ હેલ્પ યૂ ?'

ત્યારે એણે કહેવું પડ્યું હતું : 'ગઈ રાતે, રફી એહમદ માર્ગ પર જે ટૅક્સીમાં હું જતો હતો તેની સાથે તમારી એમ્બસીની કાર અથડાતી રહી ગઈ. એ વખતે તો જીભાજોડીમાં મારાથી બે-ચાર કડવા શબ્દો બોલાઈ ગયેલા, પણ પછી સમજાયું કે ભૂલ મારા ટૅક્સી ડ્રાઇવરની હતી...' એટલું કહ્યા પછી તેને થયું કે બરાબર કહેવાઈ રહ્યું નથી છતાં પૂરું કર્યા વિના છૂટકો નહોતો એટલે ઉમેર્યું : 'તમારી એમ્બસીની કારમાં કોણ હતું, મને ખબર નથી પણ બની શકે તો હું એમની માફી માગી લેવા ચાહું છું.'

પેલી તેની સામે થોડી વાર તો વિચિત્ર નજરે જોઈ રહી હતી. કદાચ જય તેને જેવો અથવા શકમંદ આસામી લાગ્યો હશે... એ સિવાય નજીવી બોલાચાલી માટે બીજા દિવસે અજાણ્યા માણસની માફી માગવા કોઈ આવે ખરું ?

'બહેનજી, તમે કહી શકશો ખરાં કે કાલે રાતે લગભગ પોણા બાર વાગે એ માર્ગ પરથી તમારી એમ્બસીની કારમાં કોણ પસાર થતું હતું ?'

ત્યારે પેલીને જવાબ આપવા જેવું કાંઈક લાગ્યું હોય તેમ બોલી ગયેલી : 'કાલે રાતે એક પાર્ટીમાં એમ્બસીનો આખો સ્ટાફ અશોકા હોટેલ ગયો હતો. તમે કહો છો તે સમયે અમારી ઘણી કાર એ રસ્તેથી પાછી ફરી હશે.'

'પણ આ કારમાં આગળ એક યુવતી બેઠી હતી જેની સાથે મારે બોલાચાલી થઈ ગયેલી.'

સાંભળીને પેલી પ્રૌઢા હસી પડેલી : 'અમારી એમ્બસીમાં મહિલાઓ પણ કામ કરે છે. ઘણી કારમાં કોઈ ને કોઈ યુવતી બેઠી હશે. એ બધામાંથી તમારી બોલાચાલીવાળી કોણ એ કેમ નક્કી કરવું ?'

જયને થયું કે આ સ્ત્રીની નજરમાં પોતે બાલિશ પુરવાર થઈ રહ્યો છે એટલે પ્રયાસ પડતો મૂકી દીધેલો : 'ઠીક છે, મારો

આત્મા ડંખતો હતો એટલે હું આવ્યો. હવે એટલું તો આશ્વાસન મળશે કે મેં કોશિશ કરી જોઈ...'

આત્મા ડંખવાની વાત પર પેલી કદાચ ખડખડાટ હસી પડી હોત, પણ ટેલિફોનની ઘંટી વાગી તેનો લાગ જોઈને જય સડસડાટ બહાર નીકળી ગયેલો.

બપોર આખી મનને મનાવ્યું : જ્યુલીને શોધવાની કોઈ જરૂર નથી. મેળાપ થશે તોપણ મારો ખુલાસો એને ગળે ઊતરશે કે નહીં કોને ખબર? છતાં નેપાલ એમ્બસીમાં ખજાનચી પ્રસાદને મળવા ગયો ત્યાં ફરી જ્યુલી મનનો કબજો લઈ બેઠી હતી.

'અરે સાહેબ, બે દિવસ ક્યાં ખોવાઈ ગયા હતા ?' કૅબિનમાં દાખલ થતાં જ પ્રસાદે ઊલટભેર ઊલટતપાસ લઈ નાખેલી 'ન રૂબરૂ આવ્યા, ન ફોન કર્યો.... આવું તો હોય ? મને કેટલી ચિંતા કરાવી!'

પોતાની કોઈક ચિંતા કરનારું છે એ વાત આવા સંજોગોમાં જયને બહુ ધરપત આપી ગઈ હતી : 'બે દિવસ જરા દિલ્હી શહેર જોવામાં પડી ગયેલો.' કહ્યા પછી જયને થયું કે વિના કારણ ખોટું બોલવાની આદત પડી રહી છે : 'આવતી કાલથી તમારો પાડોશી થઈ ગયા પછી તો રોજ મળશું જ ને !'

'મળશું કહો છો !' ખજાનચી પ્રસાદે ઠપકો આપવાની ઢબે સંભળાવ્યું હતું : 'અરે તમારા ભાભીએ ખાસ કહી રાખ્યું છે કે સવાર સાંજ બંને વખત તમારે ત્યાં જ જમવું પડશે.... સિવાય કે....'

'સિવાય કે શું પ્રસાદજી ?'

'તમને બિશાખાના હાથની રસોઈ ન ભાવે તો બહાર જમવાની છૂટ આપ્યા વગર છૂટકો જ નહીં ને !' કહેતાં રમૂજી ટુચકો કહ્યો હોય એવી રીતે હસી પડ્યા હતા.

ખિસ્સામાંથી ચૅકબુક કાઢી જયે મકાનમાલિકના નામે ચેક લખી આપીને ઉતાવળે પૂછી લીધું હતું : 'પ્રસાદજી, નજીકમાં ઑસ્ટ્રિયન એમ્બસી છે તેમાં તમારે કોઈની ઓળખાણ ખરી ?'

'કેમ, કેમ ?' પ્રસાદની મદદરૂપ થવાની વૃત્તિ જોર કરી

ઊઠી હોય તેમ પૂછેલું : 'ત્યાં વળી તમારે કોનું કામ પડ્યું ?'

'કામ તો નહીં' ફરી જય ગૂંચવાયો હતો : 'તમે તો જાણો છો, કાઠમંડુમાં હું ગાઇડનું કામ કરતો. અહીં એમ્બસીના એક સાહેબ નેપાલ આવ્યા ત્યારે મને ગાઇડ તરીકે રોકેલો. થયું કે એમને અમસ્તો જ મળી લઉ... પણ સાહેબનું નામ યાદ નથી.'

'અરે એમાં શું મોટી વાત !' દરેક કામ પોતાને માટે આસાન હોય એટલા આત્મવિશ્વાસથી એણે ઉપાય ઉચ્ચાર્યો હતો : 'અમારી પાસે દરેક એલચીખાતાના સ્ટાફની યાદીની અલગ અલગ ફાઇલ હોય છે. ઑસ્ટ્રિયાની ફાઇલ મંગાવીને વાંચી સંભળાવું એટલે તમને જોઈતું નામ યાદ આવી જશે...'

કહીને ઉત્સાહભેર એ ફાઇલ મંગાવતા હતા પણ જયે તેમને રોકી પાડેલા : 'પ્રસાદજી, એવી કડાકૂટની જરૂર નથી. હું જ જાતે એમ્બસીમાં જઈ સાહેબનો ચહેરો જોઈને એમને ઓળખી કાઢીશ.'

'તો જલદી કરો.' પ્રસાદે ઘડિયાળમાં જોતાં કહેલું : 'ચાર વાગવા આવ્યા, સાડા ચારે તો એમ્બસી બંધ થઈ જશે.'

ત્યારે છુટકારાનો દમ લેતો જય ઉતાવળા પગલે ઑસ્ટ્રિયન એમ્બસી પહોંચી જઈ મેઇન-ગેટથી થોડે દૂર ઊભો રહી ગયો. તેણે મનોમન સંકલ્પ કરી લીધો : બસ, આ છેલ્લો પ્રયાસ છે. કચેરીમાંથી પેલો સાહેબ નીકળતો દેખાય તો પૂછી લઈશ કે - ગઈ કાલે તમારી સાથે હતી એ જ્યુલી ક્યાં મળી શકે ?

ત્રણ કાર પસાર થઈ ગઈ પણ રાતે જોયેલો ચહેરો દેખાયો નહીં. એમ્બસી સ્ટાફના બીજા માણસો પણ બહાર નીકળીને પોતપોતાનો રસ્તો પકડતા દેખાયા. પેલી પંજાબણને આવતી જોઈને જય નજીકના ઝાડ પાછળ સંતાઈ ગયો : મને જોશે તો જરૂર એના મનમાં શંકા જાગશે... પોતાની જાત પર કાળ ચડ્યો : હું આ તો કેવી સંતાકૂકડી માંડી બેઠો !

અને ત્યાં જ તેની નજરે એ ચડી : જ્યુલી ! હૃદય તેજ ગતિથી ધબકી ઊઠ્યું : હાથમાં પર્સ ઝુલાવતી એ સાવ એકલી પોતાના તરફ આવી રહી હતી. નજીક આવે એટલે ઝાડ પાછળથી બહાર નીકળવાનું વિચારતો હતો ત્યાં જ એ પીઠ ફેરવી ગઈ...

જયને ધક્કો લાગ્યો : એ પોતાને જોઈ ગઈ હશે ? તિરસ્કારથી એણે મોં ફેરવી લીધું હશે ?

પણ પછી સમજાયું કે દૂરથી આવતી ટૅક્સી રોકવા માટે તેણે પીઠ ફેરવી હતી. જયને ધ્રાસ્કો પડ્યો : હવે વિચાર કરતો રહીશ તો એ ટૅક્સીમાં રવાના થઈ જાશે, પોતે પણ ટૅક્સી રોકવાનો સંકેત દર્શાવતો હોય તેમ હાથ અદ્ધર કરી દબાતાં પગલે જ્યુલીની લગોલગ જઈને ઊભો રહ્યો.

બરાબર એ જ વખતે ટૅક્સી બંનેની સામે થંભી ગઈ. જયુલી આગળ વધે એ પહેલાં પછવાડેથી આવીને જયદેવે ટૅક્સીનો દરવાજો ખોલી નાખ્યો. તેને જોતાં જ જ્યુલી આંચકા સાથે બે ડગલાં પાછળ હટી ગઈ : 'તમે !'

'જી હા, હું !' જયદેવે મલકતા ચહેરે છતાં મક્કમતાના રણકા સાથે કહ્યું : 'આજ-કાલ પેટ્રોલ મોંઘું થતું જાય છે. જુદી જુદી બે ટૅક્સી કરવી તેના કરતાં....'

'પણ મારી અને તમારી મંઝિલ જ જુદી જુદી...'

'મને ખબર છે મિસ જયુલી !' જયદેવે અધીરાઈ દર્શાવી : 'બાકીની વાત આપણે રસ્તામાં જ કરી લઈએ તો ?'

'ઓ કે !' બંને ખભા ઉછાળી જયુલી ટૅક્સીમાં દાખલ થઈ. જયને થયું કે પોતે અર્ધી બાજી તો જીતી ગયો !

ટૅક્સી આગળ વધ્યા પછી બંને ત્રાંસી નજરે એકબીજાને જોતાં રહ્યાં. જયુલીના ચહેરા પરથી તાજી ખુશ્બુ પ્રસરતી હતી પણ તેની આંખોમાં ગઈ રાતની વાસી શંકા હજુય તરવરતી દેખાઈ.

'તમને કોણે કહ્યું કે મેં અહીં સર્વિસ જોઇન્ટ કરી છે?'

સાંભળીને જય અચંબામાં પડી ગયો. જ્યુલી એમ્બસીમાં નોકરીએ લાગી ગઈ ! પણ સત્વરે અચંબો દબાવી દીધો : 'તમે જ કહ્યું.'

'મેં ?' જ્યુલીએ ચોંકીને તેની સામે જોયું અને તરત નજર ફેરવી લીધી : 'આટલા બધા બદલાઈ ગયા, ખોટું બોલતાં પણ શીખી ગયા?'

'તારી દૃષ્ટિ બદલાઈ ગઈ જ્યુલી...' જયે લાગણીના તુંકારા સાથે સંભળાવ્યું : 'મને ખબર જ નહોતી કે તું અહીં દિલ્હીમાં છો.

કાલે અચાનક મેળાપ થયો એટલે સવારથી તારી શોધમાં નીકળી પડ્યો.' કહીને તેણે ટૂંકમાં પોતાની કથની કહી સંભળાવી : 'છેલ્લો ચાન્સ લેવા અહીં ઊભો હતો. ગઈ કાલે કાર ચલાવનારાને શોધવા હું ઊભો હતો, તેની પાસેથી તારું ઠેકાણું જાણી લેવું હતું તેને બદલે....'

'હું જ ભટકાઈ ગઈ !'

'ભટકાઈ તો ગઈ કાલે જ ગઈ હતી પણ...'

અને અણગમતી વાત પર બંને થોડીવાર માટે ખામોશ બની ગયાં. અચાનક યાદ આવ્યું હોય તેમ જ્યુલીએ કહ્યું : 'આપણે હજુ સુધી ડ્રાઇવરને કહ્યું નહીં કે ક્યાં જવું છે ?'

'તું લઈ જા ત્યાં !' જય લાગણીનીતરતી નજરે જોતો બોલી ગયો : 'મારે તો અહીં ઘરબાર કાંઈ નથી.'

'મારે પણ ક્યાં છે ?' જ્યુલીએ કાંઈક વિચારી લઈ ટૅક્સીવાળાને સૂચના આપી : 'નેશનલ લાઇબ્રેરી લઈ જા, મેં એ એક જ જગ્યા જોઈ છે.'

નેશનલ લાઇબ્રેરી પહોંચતાં સુધીમાં તેણે જ્યુલી પાસેથી જાણી લીધું કે તેનાં માતા-પિતા તથા અંકલ-આન્ટી વીએના પાછાં ફરી ગયાં અને પોતે છ મહિનાનો નવો વિઝા કઢાવી અહીંની એમ્બસીમાં છ મહિનાની ટેમ્પરરી સર્વિસ મેળવી લીધી. પોતે છ મહિના માટે કેમ રોકાઈ ગઈ એ જ્યુલીએ કહ્યું નહીં અને પૂછી શક્યો નહીં.

ચોતરફ ફરતા બગીચા વચ્ચે કાચના મોટા દરવાજાવાળી સ્વચ્છ અને સુઘડ લાઇબ્રેરીમાં દાખલ થતાં જ જયથી બોલાઈ ગયું: 'જ્યુલી, તારી પસંદગી તો સરસ છે !'

ત્યારે આગળ ચાલતી અટકી જઈને તેની સામે દર્દભરી નજરે એ જોઈ રહી : 'નેપાલમાં પપ્પાએ પણ મારી એક પસંદગી બાબત પહેલા આવો જ અભિપ્રાય દર્શાવ્યો હતો.'

'પહેલાં' શબ્દ પર મુકાયેલો ભાર પામી જઇને જયે વાત પોતાના પર લઈ લીધી : 'અને પાછળથી પપ્પાએ તારી પસંદગી અંગે અભિપ્રાય બદલી નાખ્યો એમ જ ને ?'

ત્યારે જવાબ આપવાને બદલે આગળ ચાલતી જ્યુલીએ ખૂણાની એક બેઠક પસંદ કરી : 'જય, અહીં લોકો વાચન અને ચિંતન માટે આવે છે, ઝઘડવા નહીં.'

'હું પણ તને મારું દિલ વંચાવવા આવ્યો છું.' - કહેતાં ઉમેર્યું : 'અને ઝઘડવાનું તો તારે છે, મારે નહીં.' ફરી એકવાર જ્યુલીએ તેની સામે નિર્લેપ નજરે જોઈ લીધું. જયના અણધાર્યા સહવાસથી તેનું ભીતર ભીંજાતું હતું, પણ આંખની કીકીઓને લાગણીભીની થવા દેવા માગતી નહોતી.

'કટ્ટોખાનોની સવારે તું ઘણું બધું કહેવા આવી હોવા છતાં બહુ ઓછું કહીને ચાલી ગઈ, પણ તારા પપ્પાએ પત્રમાં થોડું લખીને ઘણું બધું કહી દીધું હતું...' જય નિખાલસપણે શરૂઆત કરીને ધીમે ધીમે હૃદયનો ઊભરો ઠાલવતો ગયો. પાપ અંગીકાર કરવાની જે વિધિ જ્યુલીએ નિહાળી નહોતી તેનું વર્ણન કહી સંભળાવ્યું. હાથી પર બેસાડીને પોતાના દેશી બાંધવોએ 'પાપી, પાપી'ના પોકારોથી કેવો જાકારો આપ્યો તે કહ્યું. જંગલના રાત્રિ મુકામમાં ગુમ થઈને પાછી આવી ગયેલી બે પેટીઓની ઘટના સંભળાવી. અલ્હાબાદ પોલીસ-ચોકીમાં રાતવાસામાં મળેલા બનવારીનો કિસ્સો રહ્યો અને છેલ્લે ટ્રેનમાં ભેટી ગયેલા પરશુરામની ફાઇલની કથની સંભળાવીને શ્વાસ ખાવા રોકાયો ત્યાં સુધી જ્યુલીએ ન તો હોંકારો ભણ્યો કે ન કોઈ પ્રશ્ન પૂછયો... ત્યારે એને થયું કે હજુ જયુલીના મગજમાં ગઈ રાતની જ વાત ઘુમરાઈ રહી છે. પોતાનો શબ્દેશબ્દ સાચો માનીને સાંભળતી હોવા છતાં એના મનમાં કાંઈક ખટકી રહ્યું છે !

'અને હવે રહી ગઈ રાતની વાત !' તેણે એટલું કહ્યું ત્યાં જ અણગમતું સાંભળવાનું આવ્યું હોય તેમ જ્યુલીએ ડોક ફેરવી લીધી. કશું જ છુપાવ્યા વિના સચ્ચાઈના રણકા સાથે જય કહેતો ગયો : શોભાના ગ્રાહક થવાની બનાવટ, દીકરી પાસે ધંધો કરાવતા અપંગ બાપની અસલિયત અને રકમ ચૂકવ્યા છતાં ઉપયોગ કર્યા વિના પિતા-પુત્રીને ઘેર મૂકવા આવનાર 'નામરદ' ઘરાક પર છંછેડાઈને ટૅક્સીમાંથી ભાગી છૂટવા દોટ મૂકતી પીધેલી શોભાને રોકવા પોતે મારવો પડેલો તમાચો....'

'જય !' અચાનક ડોક તેના તરફ ઘુમાવી ધારદાર નજરે જ્યુલી અધવચ્ચે બોલી ઊઠી : 'આ બધું તમે મને શા માટે કહી રહ્યા છો ? મારી નજરમાં તમારી પવિત્રતા ટકાવી રાખવા માટે?'

'ના જ્યુલી, તમારી નજરમાં પાપી ન ઠરી જવાય એટલા માટે !' જરાય ઉશ્કેરાયા વિના એણે કહ્યું : 'માણસ પોતે પાપી ન હોય એટલું જ પૂરતું નથી જોનારની નજરે પણ એ પાપી ન ઠરવો જોઈએ, જ્યુલી !'

'મારી જેમ એ દૃશ્ય બીજા ઘણા બધાએ જોયું હતું. શું તમે એ દરેકને...'

'ના, એમાંથી કોઈએ તારી જેમ પોતાનું જીવન મારા વિશ્વાસ પર સમર્પિત કરવાનો કૉલ નહોતો આપ્યો.' બોલતાં બોલતાં જયનો અવાજ ગળગળો થઈ ગયો, કીકીઓ પર ભીનાશ છવાઈ ગઈ. કોઈએ હૃદયની લાગણીને ઝણઝણાવી મૂકી હોય તેમ જ્યુલી પણ વિહ્વળ બની ગઈ.

મૌન રહીને બંને ક્યાંય સુધી જાત સાથે વાત કરતાં રહ્યાં. આખરે જયદેવે જ ખામોશી તોડવી પડી :

'સારું કર્યું કે ખરાબ એમ નહીં પૂછું જ્યુલી ! સાચેસાચું કહેજે, મેં સાચું કર્યું કે ખોટું ?'

ત્યારે શ્વાસ ઘૂંટીને બેઠેલી જ્યુલીએ વિના સંકોચે કહી દીધું: 'ખોટું ! પહેલેથી છેલ્લે સુધી બધું જ ખોટું કરતા રહ્યા તમે...'

આંચકો લાગ્યો હોવા છતાં જયને તેની એ બેધડક રીત ગમી. પૂછવાને બદલે તેણે જ્યુલીને જ આપમેળે બોલવા દીધી :

'મેં તમારા જીવન-સથવારાનો પ્રસ્તાવ મૂક્યો એ ઘડીએ જ તમારા મહારાજાના મૃત્યુના સમાચાર આવ્યા. પપ્પા સમક્ષ તમે કટ્ટોખાનો વિધિની વાત ઉચ્ચારી, પણ કાંઈક યાદ આવ્યું હોય તેમ અધૂરી છોડીને આરામથી જુદા પડ્યા. ખરી રીતે એ ઘડીએ જ તમને મહારાજાનાં પાપ અંગીકાર કરવાનો વિચાર સ્ફૂર્યો હતો. તમે ધાર્યું હોત તો બીજા દિવસે મને વિશ્વાસમાં લઈ શક્યા હોત, પણ માની લઈએ કે એ વખતે હજુ તમે તમારી જાત સાથે ઝગડતા

હતા એટલે મને કહ્યું નહીં... અને હું બાર દિવસે નેપાલ પાછી ફરી ત્યારે આ બધું બની ચૂક્યું હતું...'

'ધાર કે સંકલ્પ કરતાં પહેલાં મેં તારી સલાહ લીધી હોત તો ?'

'તો હું તમને કહી શકત જય કે, બહેનને શોધવા માટે મહારાજાનાં પાપની લક્ષ્મી જરૂરી નથી, પુરુષાર્થનાં પુણ્યથી એ કામ થઈ શકે !' તેની દલીલમાં ઉગ્રતા આવી ગઈ.

જયને તેના જુસ્સામાં લાગણીનો પડઘો સંભળાયો. એનું કહેવું સાચું લાગતું હતું છતાં પોતાના અંતર આત્માએ ચીંધાડેલો માર્ગ ખોટો લાગતો નહોતો.

'બીજું મેં શું ખોટું કર્યું જ્યુલી ?'

'સીધા માણસ થઈને કપટી બનવા ગયા એ !'

'તું તારીફ કરે છે કે ટીકા ?'

'સીધા છો એની તારીફ અને કપટની કોશિશ કરી એ ટીકા. જ્યુલી ગંભીરપણે કહી રહી હતી. 'જય, તમે બહેનનો પત્તો મેળવવા કેટકેટલી સ્ત્રીઓના બનાવટી ગ્રાહક બનતા ફરશો ?'

'તો શું હું દરેકને કહેતો ફરું કે...'

'ના દરેક નહીં, કોઈકને તો કહેવું પડશેને... ગઈકાલવાળી શોભાને જ લો! કદાચ તમે એને કહ્યું હોત કે તારા જેવી એક સ્ત્રી કોઈના શિકારનો ભોગ બનીને અહીં સુધી આવી પહોંચી હોય તો મારે એને શોધી કાઢવી છે, કારણ કે એ મારી મા જણી બહેન છે !' જ્યુલી આત્મવિશ્વાસના જુસ્સાભેર કહેતી હતી : 'નારીના હૃદયને સ્પર્શવા માટે કપટ કરતાં કુણપ ક્યારેક વધુ અકસીર નીવડે છે !'

ત્યારે જયની આંખોમાં ચમકારો થયો. લાગણીના આવેશમાં તેણે જ્યુલી સમક્ષ હાથ ધરી દીધો : 'જયુલી, એક દિવસ તેં મારો જીવન સથવારો માગ્યો અને મેં નકારી દીધો... આજે હું દોસ્તી દાવે તારો સાથ માગું છું, આપીશ !'

'તમે સાથ માગ્યો છે તો એ આપ્યો.' જ્યુલીએ પોતાના બંને હાથ દૂર રાખીને જ કહ્યું : 'પણ હાથ નહીં આપું !'

ત્યારે પોતાનો લંબાવેલો ખાલી હાથ જડ બની ગયો હોય તેમ ક્યાંય સુધી જય હેબતાઈને તેની સામે જોઈ રહ્યો : બીજા કોઈને તો એ

હાથ આપી નહીં બેઠી હોય ને ?

'ઘણા દિવસે આજ પેટભરીને જમવાનું ભાવ્યું.' પંજાબી હોટેલમાંથી બહાર નીકળતાં જયદેવે કહ્યું : 'જ્યુલી, તારું શું કહેવું છે?'

'ખરેખર વાનગી સરસ હતી.'

'મને તો વાનગી કરતાં કંપની સરસ હતી એટલે ભાવ્યું.' જયદેવની એ ટકોર પર મરકતી જ્યુલીએ સામું સંભળાવ્યું : 'તો તો અત્યારે જ્યાં જઈ રહ્યાં છીએ એની કંપનીમાં તમારી ભૂખ ફરી ઊઘડી જશે.'

'શું કહ્યું ?' બનાવટી ગુસ્સામાં એણે આંખો પહોળી કરી : 'તું કહે છે તેમ ફરી ભૂખ ઊઘડી જશે તોપણ ગઈ રાતની જેમ ભૂખ્યો જ પાછો આવીશ, તેની ખાતરી રાખજે.'

'એટલે ?' તેની લગોલગ ચાલતી જ્યુલીએ છણકો કર્યો : 'તમે મને એવી ખાતરી કરાવવા ત્યાં સાથે લઈ જાવ છો ?'

તેનો જવાબ આપતાં પહેલાં જયદેવે ટેક્સી રોકીને બારણું ઉઘાડી આપ્યું : 'તને સાથે લઈ જવાનું કારણ તો જાણતો નથી, પણ પરિણામ જાણું છું.'

'કેવું પરિણામ ?' ખભા પરથી વારે વારે સરી જતી રેશમી સાડી સરખી કરી ટૅક્સીમાં ગોઠવાતી જ્યુલીએ પૂછ્યું : 'શું પરિણામ જાણો છો તમે ?'

'એ જ કે ગઈ કાલે એણે મને તારી ગેરહાજરીમાં નામરદ કહ્યો હતો અને આજે તારી સામે...'

'એવું કહી તો જુએ !' જ્યુલી અધવચ્ચે જ જુસ્સાભેર બોલી ગઈ : 'તો તો ગઈ કાલે એણે તમારા હાથનો તમાચો ખાધો હતો આથી તમારે મારા હાથનો...' બાકીનું વાક્ય તેણે તમાચો મારવાની ચેષ્ટા દેખાડીને પૂરું કર્યું ત્યારે જયને તેનો હાથ ચૂમી લેવાનું મન થઈ આવ્યું ! પણ તુરત જ સાંજે સાંભળેલા શબ્દો યાદ આવી ગયા - તમને સાથ આપું છું, હાથ નહીં !'

છતાં જ્યુલીના સંગાથે એની સાંજ સુધારી દીધી હતી. લાઇબ્રેરીમાંથી નીકળતાં પહેલાં જયદેવ મદનલાલ પાસેથી શોભાનો નંબર લઈ ટેલિફોન જોડ્યો હતો. સામેથી કોણ પૂછ્યું એટલે બેધડક જવાબ આપી દીધેલો : 'કાલ રાતવાળો નામરદ !' પેલી ઘડીભર

તો અવાક્ રહી હતી, પછી ખડખડાટ હસી પડેલી : 'બોલો, બુલબુલને કેમ યાદ કરવી પડી ?'

'આજે મળવું છે.' જયદેવે તેને સામું બોલવા દીધા વિના જ કહી દીધેલું : 'પણ બહાર હોટેલમાં નહીં, તારે ઘેર !'

'ઘેર ?' પેલીએ આંચકો અનુભવતાં કહેલું : 'કેમ હોટેલનો ખર્ચ બચાવવો છે ?'

'એમ માની લે... બોલ, ક્યારે આવું ?' કહીને ઉમેર્યું હતું : 'હમણાં ?'

'કેમ, મરદાનગી દેખાડવાની બહુ અધીરાઈ આવી ગઈ?' શોભાએ અવાજમાં સેક્સ ઘૂંટતાં કહેલું : 'રાતે દસ પહેલાં હું તૈયાર થતી નથી.'

'ભલે, દસ વાગે આવીશ' પણ તારે આજે તૈયાર થવાની જરૂર નથી.'

'કેમ ?' તેણે ટહુકો કરેલો : 'મેકઅપ્માની તમને એલર્જી છે કે ?'

તેનો જવાબ ટાળી દઈ, સરનામું પૂછી લઈ જયદેવે ફોન કાપી નાખ્યો હતો. જ્યુલી સાથ આપવા સંમત થઈ ત્યારે જ જયદેવે પૂછી લીધેલું : 'મારી સાથે શોભાને મળવા આવીશ ?' એ કાંઈક વિચાર કરવા રહી એટલે ઉમેર્યું હતું : 'તેં કહ્યું તેમ આજની મુલાકાતમાં કોઈ કપટ વિના સીધેસીધી શોભાની મદદ માગી લઈએ. એને ઘેર જઈશું અને તું સાથે હોઈશ એટલે ગઈ રાત જેવો કોઈ તમાશો પણ નહીં થાય.'

'કદાચ એનાથી ઊલટું મને જોઈને એ ભડકી પણ જાય.' જ્યુલીએ અનુમાન કરેલું : 'ગઈ રાતની જેમ જ્યુલીએ મારો ગોલી કહીને જાકારોય આપી દે !'

'એટલું જોખમ તો ખેડવું જ પડશે જ્યુલી !' તેણે લાગણીભર્યા સ્વરે સમજાવ્યું હતું : 'કુદરતે આપણો ફરી મેળાપ કરાવી આપ્યો, એની પાછળ મને તો કાંઈક સારું થવાનો સંકેત દેખાય છે.'

ત્યારે એ ગંભીર અવાજે બોલી ગયેલી : 'સારું કે બૂરું જે થાય તે, એક વાર સાથ આપવાનો કોલ આપ્યા પછી પીછેહઠ નહીં કરું... પહેલાં એને ટેલિફોન તો કરી જુઓ !'

જય ટેલિફોન કરતો હતો ત્યારે જ્યુલી એકીટશે નજર ભરીને તેને જોઈ રહી હતી. નેપાલ છોડીને જય દિલ્હી આવવાનો હતો એ ખ્યાલથી પોતે ભારતમાં રોકાઈ ગઈ હતી પણ આટલું જલદી, આવું આકસ્મિક મિલન થવાનું તો પોતે સ્વપ્નેય ધાર્યું નહોતું...

સાડા છ વાગે લાલ કિલ્લાના 'સાઇડ ઍન્ડ સાઉન્ડ' પ્રોગ્રામમાં મળવાનું નક્કી કરી જય અને જ્યુલી જુદાં પડ્યાં. પછી પોશાક બદલીને આવેલી જ્યુલીને જોતાં જ જયથી કહેવાઈ ગયેલું: સાડીમાં પણ તું એટલી જ શોભે છે. લાગે નહીં કે તું વિદેશી છો....'

'ખોટી તારીફ નહિ કરો મહેરબાન, મારી ગોરી ચામડી અને ચહેરાનો નકશો પહેલી નજરે જ મારા વિદેશીપણાની ચાડી ખાઈ જાય છે.' કહીને જ્યુલીએ ઉમેર્યું હતું : 'તમને રાજી કરવા પોશાક નથી બદલ્યો' આ તો પેલીને વધુ પડતી પરાઈ ન લાગું એટલે સાડી પહેરી આવી...'

ટૅક્સી શોભાના ઘર પાસે ઊભી રહી. જયની પાછળ ઊતરતી જ્યુલીએ સાડી સરખી કરવા અર્ધી મિનિટ લીધા પછી બન્ને મકાનમાં દાખલ થયાં. ભોંયતળિયે બે નંબરના બ્લોકની બેલ દબાવતી વખતે જયના શરીરમાં ભયની આછી ધ્રુજારી પ્રસરી ગઈ: જ્યુલીને જોતાં જ પેલી વિફરી બેસશે તો ?

બારણું ઊઘડતાં જ સેન્ટની ખુશ્બૂ સાથે ધંધાદારી ઢબે આવકાર મળ્યો : 'આઇએ ! આપ કે આને સે બહાર આ ગઈ !'

સાંભળીને જ્યુલીની હાજરીને કારણે જયદેવે ક્ષોભ અનુભવ્યો. હજુ સુધી શોભાનું ધ્યાન જ્યુલી પર ગયું નહોતું એટલે એણે ફરી સંભળાવ્યું : 'ફોન પર તો મળવા માટે બહાવરા બની ગયા હતા અને હવે ઘરનો ઉંબરો ઓળંગતાં પગ કેમ ધ્રૂજે છે મહેરબાન ?'

'કારણ કે હું એકલો નથી આવ્યો.' જયદેવે જ્યુલી તરફ નજર રાખી કહ્યું, ત્યારે પેલીએ બહાર ડોકાયા વિના જ બોલી નાખ્યું : 'મરદાનગી દેખાડવા બીજાને સાથે લઈ આવ્યા છો મહેરબાન ?'

અને જેવી જ્યુલી તેની સામે સરકી આવી કે શોભાનો ચહેરો પલટાઈ ગયો. સ્ત્રી સ્વભાવ મુજબ પગથી માથા સુધી તેને નિહાળી લીધી. પછી જયદેવ સામે કતરાતી નજરે જોયું, અપમાન

કરીને કાઢી મૂકવા માટે એ શબ્દો શોધતી હતી ત્યાં જ્યુલીએ મામલો સંભાળી લીધો : 'મિસ શોભા, વણબોલાવી આવી છું એટલે જાકારો ન આપશો. હું આવી છું તમારો આભાર માનવા અને એ આવ્યા છે તમારી મદદ માગવા !'

જ્યુલીએ જય માટે 'એ' સંબોધન ઉચ્ચાર્યું ત્યાં જ શોભા ઢીલી પડી ગઈ, કોઈ પુરુષ પોતાની સ્ત્રીને સાથે લઈ મળવા આવે એ તેનો પહેલો જ અનુભવ હતો. અચાનક તેને ખ્યાલ આવ્યો કે આ તો ગઈ રાતે રસ્તા પર ભટકાઈ ગઈ હતી એ જ....

'આપણી તો કાલ રાતે અલપઝલપ મુલાકાત થઈ ચૂકી !' તેણે દરવાજાનું બીજું બારણું ઉઘાડતાં કહ્યું : 'આવ્યાં જ છો તો અંદર આવી જાવ બન્ને !'

પેસેજ વટાવીને બંને શોભાની પાછળ દીવાનખંડમાં દાખલ થયાં. બહાર શણગાર સજીને આવતી શોભાના ઘરમાં બારીના પરદા સિવાય સજાવટ જેવું વિશેષ કાંઈ દેખાયું નહીં. સોફા પર બેઠક લેતાં જ જયને ટિપોય પર પડેલી બાટલી અને અર્ધો ભરેલો ગ્લાસ દેખાયો:

'તમારા ફાધર....'

'ઘરમાં નથી.' બંનેની સામે બેઠક લેતાં એણે ખુલાસો કર્યો : 'મને શું ખબર કે તમે બંને આવો છો, નહીંતર એમને બીજા કોઈના સથવારે સિનેમા જોવા ન મોકલત..' પછી પોતાના ગ્લાસ તરફ જોઈને પૂછ્યું : 'બોલો શું પીશો તમે બંને ? મારી તો વ્હીસ્કી ચાલુ જ છે.'

ત્યારે જયદેવે જ્યુલી સામે જોયું અને જ્યુલીએ શોભા સામે: 'જુઓ મિસ શોભા...' કહીને આગળ બોલવા જાય એ પહેલાં પેલીએ હાથ આડો ધરી તેને રોકી : 'આ મિસ-બિસની પંચાત છોડો, મારા નામ સાથે એ શોભતું નથી. માત્ર શોભા ચાલશે... અને તમે-બમેની પણ જરૂર નથી, હું તુંકારાથી ટેવાઈ ચૂકી છું.'

'હં તો શોભા અમે જમીને સીધા આવ્યા છીએ.' જ્યુલીએ બૉટલ તરફ સંકેત કરતાં કહ્યું : 'આના સિવાય કોઈ પણ નિર્દોષ પીણું ચાલશે.'

'તો શરબત લઈ આવું.' કહેતી એ ઊભી થઈ : 'બાકી મારી સાથે નિર્દોષ પીણાં પીવા કોઈ આવતું નથી.'

એને બે મિનિટની ગેરહાજરીમાં જય વિચારતો રહ્યો : જ્યુલી

સાથે આવી તેમાં આ છોકરીએ બોલચાલ જ સાવ બદલી નાખી... એ નિખાલસપણે વર્તે છે પણ નફ્ફટ નથી દેખાતી. જ્યુલીના મનમાં પડઘો પડ્યો : બજારુ સ્ત્રી પણ ઘરમાં ગૃહિણી જ બની જાય છે !

'સારા નસીબે તમારા બેને થાય એટલું શરબત ઘરમાંથી નીકળ્યું.' બંને સામે ગ્લાસ ધરતાં એણે કહ્યું : 'બાકી અમારી મોટાભાગની રાતો ઘરબહાર જ ગુજરતી હોય છે અને રાત પડવાની રાહમાં દિવસ ગુજારી નાખવો પડે છે !'

શરબત અને વ્હીસ્કીના બેત્રણ ઘૂંટ પિવાયા ત્યાં સુધી ત્રણે ખામોશ રહ્યાં. છેવટે જ્યુલીએ જ શરૂઆત કરવી પડી :

'આ છે જય અને હું જ્યુલી... કાઠમંડુમાં એ ગાઇડ હતા અને હું ઑસ્ટ્રિયાથી નેપાલના પ્રવાસે આવી તેમાં અમારો પરિચય થયો.'

'પછી તમે બંને પ્રેમમાં પડ્યાં એમ જ ને ?' શોભાએ વચ્ચે ટહુકો કર્યો. તેના બોલવામાં કટાક્ષ હતો પણ કટુતા નહીં.

'પ્રેમમાં તો હું પડી.' જ્યુલીએ નિઃસંકોચ કહી દીધું : 'એટલા ખાતર દેશ છોડવા અને ધર્મ બદલવા તૈયાર થઈ, પણ એક વિઘ્ન આવ્યું.' જ્યુલી જરા વાર અટકી, પણ પેલી વચ્ચે બોલે નહીં એટલે આગળ ચલાવ્યું : 'પાંચ-છ વર્ષ પહેલાં જયની નાની બહેન ગુમ થઈ ગઈ, એ દિવસોમાં નેપાલમાંથી અવારનવાર યુવતીઓ ગુમ થતી. જય માને છે કે બહેન જીવતી છે અને એનો પત્તો મેળવ્યા વગર પોતે નહીં પરણવાનો સંકલ્પ લઈ બેઠા છે.'

'હં !' શોભાએ ગ્લાસની બાકીની વ્હીસ્કી એક જ ઘૂંટમાં ગળે ઉતારી વારાફરતી બંનેની સામે જોયું : 'આમાં હું શું કરી શકું ?'

'કદાચ જયની બહેન દિલ્હીમાં હોય અને તમારી જેમ...'

'ધંધો કરતી હોય.' શોભાએ બેધડક તેનું વાક્ય પૂરું કર્યું: 'તો હું એનો પત્તો મેળવવામાં મદદગાર થઈ શકું એમ જ ને ?'

'હા !' જય પહેલીવાર અધીરાઈથી બોલી ગયો : 'એને માટે ગમે એટલો ખર્ચ થાય તોપણ વાંધો નથી શોભા !'

'શું નામ એનું ?' પૂછીને વ્હીસ્કીનો ગ્લાસ ભરતાં ઉમેર્યું : 'જોકે અમારા ધંધામાં પડ્યા પછી અસલ નામ કે નાત-જાત અમે કોઈને કહેતા નથી.'

'નામ રૂક્ષ્મણી, અમે એને રૂખી કહેતા.'

'એનો કોઈ ફોટો-બોટો હશે ?'

'છે પણ અહીં નથી, નેપાલથી બેચાર દિવસમાં મંગાવી આપું.' જયને પહેલીવાર ફોટો સાથે નહીં લાવવાની ભૂલ સમજાઈ: 'છતાં તમને એનું વર્ણન આપું. ઉંમર અત્યારે ચોવીસ-પચીસની, દેખાવમાં પહેલી દૃષ્ટિમાં નેપાલી ન લાગે. મારી મા બનારસની હતી, અમે બંને ભાઈ-બહેન એનાં જેવાં દેખાઈએ છીએ. મારા કરતાં વાન વધુ ગોરો અને એક ખાસ નિશાની એ કે હડપચીની બરાબર વચ્ચે નાનકડો છતાં નજરે ચડી જાય એવો કાળો તલ !'

સાંભળતાં સાંભળતાં શોભાએ વ્હીસ્કી ચાલુ રાખી હતી છતાં તેના ચહેરાના પલટાતા ભાવ પરથી જય-જ્યુલીને લાગતું હતું કે ગંભીરપણે ધ્યાનથી સાંભળતી કાંઈક વિચારી રહી છે. બંને તેના જવાબની રાહમાં અધીરાઈથી તાકી રહ્યાં.

'તમારી ખાતરી સાચી હોય કે એ દિલ્હીમાં છે અને જીવતી છે તો આ શોભા ગમે ત્યાંથી એનો પત્તો મેળવી આપશે.'

જય અને જ્યુલી આભારવશ આંખે તેને જોતાં રહ્યાં. થોડીવાર બેમાંથી કોઈને બોલવાનું સૂઝ્યું નહીં.

'હું એનો પત્તો મેળવી આપું, પણ એ તમને બહેન તરીકે પાછી મળે કે નહીં એની કોઈ ખાતરી નહીં આપું.' કહીને તેણે બંનેને ચમકાવ્યા: 'અને તમારે એની કિંમત પણ ઘણી ચૂકવવી પડશે.'

એ એવી રીતે કહી રહી હતી જાણે રૂક્ષ્મણી એના કબજામાં હોય. જયદેવથી આવેશમાં પુછાઈ ગયું : 'શું કિંમત ચૂકવવાની છે શોભા ?'

'સાંભળીને તમે ચોંકી જશો.' ગ્લાસ હોઠે માંડતી એ બોલી ગઈ : 'એક ખૂનની કિંમત !'

સાંભળીને બંને થથરી ઊઠ્યાં.

'ગભરાશો નહીં, ખૂન તમારે કે મારે નથી કરવાનું.' એ સ્વસ્થ છતાં મક્કમ અવાજે કહી રહી હતી : 'ખૂન કરનાર ભાડૂતી માણસને જે કિંમત ચૂકવવી પડે એટલા જ હું તમારી પાસે માગીશ.'

'પણ કોનું ખૂન ?' અકળામણ અનુભવતા જયે ધ્રૂજતા

અવાજે પૂછ્યું. 'કોઈનું ખૂન શું કામ કરવું જોઈએ ?'

ત્યારે એની નશીલી આંખમાં ખુન્નસ ઘૂંટાતું દેખાયું. અવાજમાં ધાર આવી ગઈ : 'જેણે મારી જિંદગી બરબાદ કરી એનું ખૂન શું કામ ન કરવું જોઈએ ? ખરી રીતે વેર વાળવા મારે જ લોહીથી હાથ રંગવા જોઈએ, પણ અપંગ પિતાનો ખ્યાલ મને રોકે છે.'

'કોણ છે એ ?'

'નામ આપું એવી મૂરખ તો હું નથી.' તેના હોઠ તુચ્છકારથી વંકાયા : 'પણ એ બહુ મોટો માણસ છે, એટલે એના જાનની કિંમત પણ મોટી હશે.'

'મોટો માણસ ?'

'હા, બહારથી મોટો પણ અંદરથી દાનવ !'

દાનવ ! સાંભળતાં જ જય ટટ્ટાર થઈ ગયો. તેને પેલી ફાઇલ યાદ આવી ગઈ. તેમાં પરશુરામે પણ દાનવનો જ ઉલ્લેખ કર્યો હતો.

'બોલો, સોદો કરવો છે ?' ગ્લાસ નીચે મૂકી તેણે જય સામે હાથ લંબાવ્યો : 'તો મિલાવો હાથ.'

તેના લંબાવેલા હાથ તરફ જોતો જય વિચારમાં પડી ગયો. બરાબર એ જ વખતે અંદરના ખંડમાં ટેલિફોનની ઘંટડી વાગતી સંભળાઈ એટલે શોભાએ ઊભા થવું પડ્યું : 'હું ફોન લઈને આવું ત્યાં સુધીમાં બંને વિચાર કરી લો.'

અને જય-જ્યુલીને એકબીજા સામે જોતાં રાખી એ ફોન લેવા સરકી ગઈ.

તેર

'ચાલો ત્યારે, રજા લઉ !' જયદેવે નેપાલ ભવનની વિદાય વેળાએ મૅનેજર સાથે હાથ મિલાવ્યા : 'મારે કારણે તમને થોડી તકલીફ તો પડી પણ...'

'અરે એમાં તમારો શું વાંક !' મૅનેજર પાંચ મિનિટ પહેલાં મળેલી એકાવન રૂપિયાની ટીપના તાનમાં કહ્યું : 'આઠ વરસથી અહીં મૅનેજર છું પણ પોલીસનું લફરું પહેલી વાર જોયું. સત્તા આગળ શાણપણ શું ચાલે ? કોણ જાણે કોણે તમારા પર વહેમ નાખી દીધો...'

'એ તો ચાલ્યા કરે, આપણે રહ્યા પરદેશી. બહુ દલીલ કરીએ તો વિના કારણ વાત વધી જાય...' જયદેવે ત્રણ નંબરની રૂમને લગાવેલા તાળા પર ત્રાંસી નજર ફેંકતાં ઉમેર્યું : 'એ તો સારું છે કે હમણાં પ્રવાસીઓનો ધસારો નથી, નહીંતર તમને એક રૂમની તાણ પડે જ ને !'

'હાસ્તો !' મૅનેજરે કાનના વાળને વળ ચડાવતાં કહ્યું : 'રૂમ બંધ કર્યાને ત્રીજો દિવસ થયો પણ કોઈ કહેવાય આવતું નથી કે આમ કેટલા દિવસ ચાલવાનું ?'

જયદેવના હોઠ સુધી આવી ગયું : કદાચ એ લોકો મારા જવાની રાહ જોતા હશે. એમને જોઈતી ચીજ હાથ કરવા માટે હું તાળું તોડું છું કે નહીં એની ખાતરી કરવા જ રૂમ બંધ રાખતા

ગયા હશે... આવું કહેવાને બદલે તેણે પેલા લોકોનો બચાવ કર્યો: 'રાજધાનીનું પોલીસખાતું હજાર ઉપાધિમાં હોય, કદાચ એ બિચારા ભૂલી જ ગયા હશે કે આ રૂમની ચાવી એમના કબજામાં રહી ગઈ છે ! ઠીક છે, ફરી મળીશું ક્યારેક.' કહીને ખભા પર થેલો ભરાવીને તેણે પગ ઉપાડ્યા ત્યારે ફરી એક વાર ત્રણ નંબરના તાળા પર તેનાથી નજર નંખાઈ ગઈ. પોતે ફાઇલ છોડીને જતો હતો પણ ફાઇલ તેના મનનો પીછો છોડવાની નહોતી.

ટેક્સી આગળ વધતી હતી તેમ એનું મન આગલી રાતના વિચારમાં પાછળ હઠતું જતું હતું. બહેનનો પત્તો મેળવી આપવાના બદલામાં શોભાએ એક ખૂનની કિંમત માગી ત્યારે પોતાની જેમ જ્યુલી પણ હેબતાઈ ગઈ હતી. પેલી અંદરના રૂમમાં ફોન પર વાત કરવા ગઈ ત્યારે મળેલા એક-દોઢ મિનિટના એકાન્તમાંય બંને આપસમાં કોઈ મસલત કરી શક્યાં નહોતાં. ડઘાઈને એકબીજાનાં મોં જોતાં ખામોશ બેસી રહેલાં.

'તો પછી શું નક્કી કરો છો તમે ?' પાછી ફરતી શોભાએ ફરી એ જ સવાલ દોહરાવ્યો હતો : 'સોદો મંજૂર છે ?'

જયને થયું કે જ્યુલી કાંઈક બોલે તો સારું, પણ એ મૂંગીમંતર થઈ ગયેલી. કદાચ એ પોતાનું પારખું કરી રહી હશે: બહેનનો પત્તો મેળવવા ખાતર દેવ જેવો દેખાતો આ પુરુષ ખૂનની કિંમત ચૂકવવા તૈયાર થાય છે ખરો ?

'નહીં શોભા, હું કોઈના ખૂનમાં સંડોવાઈ જવાનું જોખમ ખેડવા નથી માગતો.' ધક્કો મારીને તેણે જવાબ ઉચ્ચાર્યો એટલે શોભાએ જરાય અસ્વસ્થ થયા વિના સમજાવ્યું :

'આમાં હું કે તમે સીધી રીતે ક્યાં સંડોવાઈ જવાના... ભાડૂતી ખૂનીને ખબર સુદ્ધાં નહીં પડે કે એ કોના વતી કામ કરવા જઈ રહ્યો છે !'

જયને એ દલીલ ગળે ઊતરી નહીં. ખૂની જીવતો પકડાઈ જાય પછી પોલીસ ગમે તેમ પગેરું શોધી કાઢે. શોભા કહે છે તેમ એ મોટો માણસ હોય તો તો આકાશ-પાતાળ એક કરીને પોલીસ પાછળ પડી જાય અને એક વાર શોભાનું નામ સંડોવાય તો પોતે બીજી જ ઘડીએ

શકમંદ આસામી ઠરી જાય. આ બાઈને છેલ્લા દિવસોમાં કોણ મળતું હતું એની યાદી તૈયાર થાય અને પોલીસની ડાયરીમાં મારું નામ આવ્યા પછી તો મારી બૅન્ક-બેલેન્સ જ ચાડી ખાઈ જાય કે આટલી મોટી રકમ બૅન્કમાંથી ખૂન કરાવવા જ ઉપાડી હતી.

'મને લાગે છે કે આપણો સોદો નહીં પતે !' શોભાએ તેની ખામોશીનો અર્થ તારવી લેતાં કહ્યું હતું : 'મારે એક ગ્રાહકને મળવા જવું પડે તેમ છે. હમણાં એનો જ ફોન આવ્યો હતો. મેં શરત મૂકી કે બાર વાગ્યા પહેલાં ઘેર પાછી ફરી જઈશ.... અને અત્યારે સાડા દસ તો થઈ ગયા.'

ત્યારે જયને થયું કે એણે સિફતથી વિદાય આપી દીધી. કદાચ થોડી વધુ વાતચીત થઈ હોત તો પેલા માણસનું નામ જાણી લેવાની કોશિશ કરત. કદાચ આ બાઈ પોતાને ફરી મળવાનું પણ ટાળશે. નિસાસો નાખીને એ ઊભો થવા જતો હતો ત્યાં જ્યુલીએ વાતનો દોર ઊંચકી લીધો :

'જય, એમને જવાની ઉતાવળ છે'-કહીને તેણે શોભા તરફ જોયું : 'તમે હજુ અમને ખર્ચનો અંદાજ નથી આપ્યો, ત્યાં સુધી અમે શું જવાબ આપીએ ?'

'હાં, એ કાંઈક કામની વાત થઈ.' બહાર જવાની તૈયારી ચાલુ રાખતાં તેણે કહ્યું : 'બે વરસ પહેલાં આ કામ પોણો લાખ સુધીમાં થઈ જાત.... ધંધાની આવકમાંથી હું દર મહિને થોડી થોડી રકમ બાજુએ મૂકું છું છતાં માંડ ત્રીસ-ચાલીસ હજાર બચાવી શકી. કદાચ બીજા બે વરસમાં પોણો લાખ પર પહોંચી જાઉં તો ત્યાં સુધીમાં ખૂન કરનારની કિંમત પણ બમણી થઈ ગઈ હશે...'

'અત્યારે કેટલી હશે એ કહોને ?' જ્યુલી સાચે જ સોદો પતાવવા માગતી હોય એ રીતે પૂછી બેઠી, ત્યારે શોભાને તેના પર વિશ્વાસ બેઠો :

'એકથી સવા લાખ !'

રકમ સાંભળીને જ્યુલીએ જય સામે જોયું, પછી તેણે જ સિફતથી વાત આટોપી લીધી હતી : 'હવે તમારે બે ચાર દિવસનો સમય આપવો પડશે. કેટલી જોગવાઈ થાય છે એ નક્કી કરીને

તમને જણાવશું.'

'પાંચ-પચીસ હજાર ઓછાની જોગવાઈ થાય તોપણ કહેજો, મેં બચાવેલી રકમ ઉમેરીને પણ હું એ દાનવને કમોતે મારવા માગું છું !'

દાનવ શબ્દે ફરી પોતાને કંપાવી દીધો હતો. શોભાને ઘેરથી નીકળીને જ્યુલીથી જુદા પડયા પછી મનમાં એક જ વાત ખટક્યા કરી : પેલી ફાઇલ વાંચી ગયો હોત તો એ દાનવનું નામ તો હાથમાં આવી જાત ! કદાચ શોભા અને પરશુરામનો દાનવ એક જ હોઈ શકે.

'સા'બ, ચાણક્યપુરી આ ગયા.' ટૅક્સી ડ્રાઇવરે તેને સજાગ કર્યો ત્યારે જયને ભાન થયું કે પોતે અત્યારે ખજાનચી પ્રસાદનો પાડોશી થવા જઈ રહ્યો છે : 'સેક્ટર નંબર તીન, પ્લોટ નંબર પંદરા પર લેના.' કહીને તે રસ્તાની બંને બાજુના મકાન નિહાળવા લાગ્યો : વિસ્તાર તો શાંત અને રળિયામણો દેખાય છે !

ત્રીજો વળાંક લઈને ટૅક્સી એક મકાનના ગેટ પાસે ઊભી રહી. દરવાજા પર પ્લૉટ પંદરની તખ્તી વાંચી ટૅક્સીવાળાને પૈસા ચૂકવી બૅગ સાથે જયદેવ નીચે ઊતર્યો ત્યાં જ :

'આવી પહોંચ્યા !' હસતા ચહેરે પ્રસાદજી આવકાર આપવા દરવાજે દોડી આવ્યા : 'પંદર મિનિટથી તમારી પ્રતીક્ષા કરતાં'તાં.'

'નેપાલ ભવનથી નીકળતાં જરા મોડું થઈ ગયું !' કમ્પાઉન્ડમાં દાખલ થતાં જયે ખુલાસો કર્યો : 'યાદ કરીને બધાને બક્ષિસ આપવી પડે ને !'

'તમે હજુ બે પાંચ મિનિટ મોડા થયા હોત તો હું નેપાલ-ભવનમાં ફોન કરીને પૂછવાનો જ હતો.'

સાંભળીને જય જરા ચોંક્યો : 'સારું થયું તમે ફોન ન કર્યો, ત્યાંના મૅનેજરને મેં અહીંનું સરનામું આપ્યું નથી... તમે તો જાણો છો, નેપાલથી આવતા આપણા ઓળખીતા ત્યાં ઊતરતા જ હોય છે. ખબર પડે કે અહીં ઘર ભાડે રાખ્યું છે તો આપણે ત્યાં ધામા નાખે.'

બોલતો જય પ્રસાદજીની પાછળ પગથિયાં ચડતાં હતો, ત્યાં મીઠો રણકો સંભળાયો :

'આવો, પધારો ! બહુ રાહ જોવડાવી તમે તો !'

જયના પગ પગથિયાં પર જ થંભી ગયા. અવાજ જેટલી જ મીઠાશ તેના મુખ પર હતી. પચીસ-છવ્વીસની ઉંમર, ભરેલા ગાલ, ચમકતી આંખો અને સુમેળ કાયા.... થોડીવાર માટે જયની નજર તેના પર મંડાઈ રહી. કોઈ પોતાને મુગ્ધ ભાવે જોઈ રહે એ દરેક સ્ત્રીને ગમતું હોય છે, પરંતુ બિશાખાને તો એ વિશેષ ગમી ગયું.

'શું વિચારમાં પડી ગયા ?' તેણે ગાલ પર રમતી વાળની લટ જેવી જ રમતિયાળ શૈલીએ ટહુકો કર્યો : 'મને ક્યાંક જોઈ હોય એવું લાગે છે ને ?'

જયદેવે નજર વાળી લેવી પડી. પોતે ચાર વર્ષનો હતો ત્યારે જોયેલી માની સાવ ઝાંખી આકૃતિ અત્યારે જીવંત થતી હોય એવું મહેસૂસ કર્યું : 'તમને બંનેને બાજુબાજુમાં ઊભેલા જોઈને કહેવાનું મન થાય છે કે ઇન્દ્ર-ઇન્દ્રાણી જેવી તમારી જોડી દેખાય છે !'

સાંભળતાં જ પ્રસાદજીની ગરદન ઝૂકી ગઈ, જયને તેમાં એની નમ્રતા દેખાઈ અને બિશાખાએ મોં ફેરવી લીધું તેમાં એની લજ્જાનો ભાસ થયો.

'અરે જંગા !' પ્રસાદજીએ જરૂર કરતાં વધુ મોટેથી બૂમ પાડી : 'સાહેબની બૅગ લઈ લે !'

ઘરમાંથી દસ વરસનો નેપાલી છોકરો ભીના હાથ લૂછતો બહાર દોડી આવ્યો અને જયના હાથમાંથી બૅગ ઊંચકી લીધી.

'આને હું કાઠમંડુથી સાથે જ લાવેલો. નામ છે જંગબહાદુર પણ હવે જંગ જ રહ્યા નહીં, પછી બહાદુર શાના ? ચાલો, પહેલાં આપણે ઉપર જઈએ.'

'ચાલો.' કહેતાં એણે પ્રસાદજી પાછળ પગ ઉપાડ્યા ત્યારે ઓસરીમાં ઊભેલી બિશાખા પોતાને એકીટશે નિહાળી રહી હતી એ તેના ધ્યાન બહાર રહ્યું નહીં. પ્રસાદને મુખ્ય દરવાજાની બહાર નીકળતા જોઈને જયને નવાઈ લાગી ત્યાં એમણે જ ચોખવટ કરી:

'મકાનમાલિકે ઘરની બાંધણી જ એવી રીતે કરી છે કે ઉપર-નીચે રહેનારાને એકબીજાના પ્રવેશદ્વારનો ઉપયોગ ન કરવો પડે. ઉપરના ભાડૂત માટે આ નાનો દરવાજો અલગ રાખ્યો છે.' કહીને તેમણે લોખંડનો દરવાજો ઉઘાડ્યો : 'જુઓ, આ બગીચાનાય બે ભાગ કર્યા છે. બેમાંથી કોઈને પોતાના ભાગે કંઈ ઓછું-વધુ આવ્યું છે એવું ન લાગે !'

'બગીચાની જાળવણી બહુ સરસ રાખી છે !'

'એનો જશ તમારે બિશાખાને આપવો પડશે.' પ્રસાદજીએ સીડી ચડતાં પોરસ કર્યો : 'એને આવો બધો બહુ શોખ. હું ઑફિસે જાઉં પછી એ બિચારી સાવ એકલી પડી જાય છે. હવે તમે આવી ગયા એટલે કંપની મળશે.'

'કેમ, ઘરમાં કોઈ બાળક...?'

સાંભળતાં જ ફરી પ્રસાદની ગરદન ઝૂકી ગઈ : 'હજુ પરણ્યાને પાંચ-છ વર્ષ થયાં, બાળકની ઉતાવળ શી છે ?'

બારણું ખોલી પ્રસાદે આખું ઘર એટલી હોંશથી બતાવ્યું જાણે પોતે જ મકાનમાલિક હોય ! આ દીવાનખંડ સાદો છતાં સગવડતાભર્યો, આ શયનખંડ સાથે એક બાલ્કની પણ છે, બાથરૂમ અને લેટ્રિન જોઇન્ટ છે. આ રસોડામાં ગૅસનો ચૂલો અને ચા-પાણીનાં વાસણ સુદ્ધાં હાજર છે... આમ તો તમારે રસોડાનો બહુ ઉપયોગ નહીં રહે છતાં મન થાય ત્યારે ઉપયોગ કરી શકાય. અને હાં, નીચે-ઉપર વચ્ચે એક કૉમન ટેલિફોન પણ ખરો.... જરૂર પડે તો બટન દબાવી અહીંથી તમે અમારી સાથે નીચે વાતચીત કરી શકો, જોઈતું-કરતું મંગાવી શકો. આ જંગાને ઊંચા અવાજે સાદ પાડવાનીય જરૂર ન રહે...' કહીને એમણે પૂછી લીધું : 'બોલો, ઘર પસંદ પડ્યું ?'

જયને ઘર તો ખરેખર પસંદ પડ્યું જ હતું પણ તેના કરતાં પ્રસાદજીના ઉત્સાહ પર એ વધુ પ્રસન્ન થયો : 'ઘર અને પાડોશી બંને બહુ જ ગમ્યાં ! પ્રસાદજી ! પરંતુ તમારે મારી એક વાત રાખવી પડશે.'

'બોલો !' પ્રસાદ આતુરતાથી તેને તાકી રહ્યા : 'વિના સંકોચ કહી દો.'

'હું દિવસમાં એક જ ટંક તમારે ત્યાં જમીશ. સાંજે બહાર

નીકળ્યા પછી મારું ઠેકાણું નહીં અને... મફતનું ભોજન લેવું પડે એવી ખરાબ મારી સ્થિતિ નથી.'

'અરે ભાઈ, તમારી સ્થિતિ કેવી છે એ હું ક્યાં નથી જાણતો.' પ્રસાદે ઘડિયાળમાં જોતાં કહ્યું : 'સાડા નવ વાગી ગયા. મારે કચેરી જવાનો સમય થઈ ગયો. આમ તો હુંય એક જ ટંક જમું છું. સવારે પાકો નાસ્તો અને રાત્રે પેટ ભરીને ભોજન... બપોરે બિશાખાને જમવામાં તમે કંપની આપજો અને રાત્રે હું આપીશ.'

કહેતાં એમણે પગ ઉપાડ્યા ત્યાં જયને કાંઈક યાદ આવ્યું:

'પ્રસાદજી, બિશાખાદેવીને હું ભાભી કહીને બોલાવું તો તમને વાંધો નથી ને ?'

ત્યારે ત્રીજીવાર પ્રસાદની ગરદન ઝૂકી ગઈ. પાછળ ફરીને જોયા વિના જ એમણે કહી દીધું : 'એ તમે બંને આપસમાં નક્કી કરી લેજો ને... બાકી દેવી કહેશો એ તો એને નહીં જ ગમે !'

જયને એમના જવાબમાં કાંઈક વિશેષ લાગ્યું તેમ કાંઈક વિચિત્ર પણ વર્તાયું.... એકલા પડતાંની સાથે જ તેને જ્યુલી યાદ આવી ગઈ : એ કોઈને ત્યાં પેઇંગ ગેસ્ટ તરીકે રહે છે તેને બદલે અહીં રહેવા આવી જાય તો ? પણ બીજી જ પળે એ વિચાર તેને બેહૂદો લાગ્યો. છતાં ફોન પર જ્યુલીને મળવાની તાલાવેલી વધુ વાર રોકી શક્યો નહીં.

એમ્બસીનો નંબર લગાડીને મિસ એન્ડરસનની માગણી કરી. સામેથી 'સ્પિકિંગ' સંભળાયું એટલે 'ગુડ મૉર્નિંગ' સાથે એણે શરૂ કરી દીધું : 'જ્યુલી, નવા ઘરમાં રહેવા આવી ગયો. સરસ જગ્યા છે, સ્વતંત્ર છે અને નીચે રહેનારા માણસો પણ બહુ સારા છે.'

'તમને બધા સારા જ માણસો મળે છે ને.' જ્યુલીએ કટાક્ષમાં કહ્યું એટલે તેણે સામું સંભળાવ્યું : 'હા એક તારા સિવાય!'

'હં....' પેલીએ છણકો કર્યો : 'તો સવારના પહોરમાં આ નઠારા માણસને યાદ કરવાની જરૂર કેમ પડી ?'

જ્યુલી, અહીં રસોડામાં બધી જ સગવડતા છે. તને કૉફી બનાવતાં તો આવડે છે !' પૂછીને ઉમેર્યું : 'આવી જા તો સાથે કૉફી પીએ.'

'મિસ્ટર ! તમારી જેમ હું માલદાર નથી તેમ બેકાર પણ નથી. ચાર વાગ્યા સુધી નોકરી કરવી પડે છે. કૉફી બનાવતાં ન આવડતી હોય તો હું ફોન પર ચીંધતી જાઉં તેમ આપ સાહેબ બનાવતા જાવ... ' કહેતી એ ખિલખિલાટ હસી પડી. જયને થયું, હમણાં એ ફોન મૂકી દેશે એટલે ઉતાવળે પૂછી લીધું :

'પછી તેં કાલ રાતની વાત પર શું વિચાર્યું ?'

'કઈ વાત ?' હજુય તેનું હસવું રોકાતું નહોતું.

'શોભાએ માગેલી કિંમતની વાત !'

'ઓહ !' હવે એનો અવાજ ગંભીર થતો જણાયો : 'મને એની માગણી વધુ પડતી લાગી પણ સાવ ગેરવ્યાજબી ન લાગી.'

'એટલે ?'

'એટલે એમ કે કિંમત આકરી માગે છે, પણ વળતર કરતાં વેર વાળવાની વૃત્તિથી માગે છે.'

'મને એનો જ વાંધો છે જ્યુલી !'

'જે સ્ત્રીની જિંદગી બરબાદ થઈ હોય એને આવું વેર વાળવાનો હક્ક છે જય ?'

'જ્યુલી તું....'

'મેં બહુ વિચાર કર્યો.' જ્યુલીના બોલવામાં પીડાનો લસરકો વર્તાયો : 'એ પોતાની કાળી કમાણીમાંથી એટલા ખાતર તો રકમ બચાવતી રહે છે. બિચારીની કાયા સાવ ચૂસાઈ જશે તોપણ કદાચ એટલી રકમ બચાવી નહીં શકે...'

અચાનક જયને ખ્યાલ આવ્યો કે ફોનનું નીચે પણ કનેક્શન છે. આવી વાત કોઈક સાંભળી જાય તો શુંનું શું ધારી લે...

'જ્યુલી, આપણે સાંજે મળીએ ત્યારે રૂબરૂમાં ચર્ચા કરીશું.' કહી દીધા પછી ફોન મૂકી દેવાની ઇચ્છા ન થઈ : 'મને એક વિચાર આવે છે. શનિ-રવિ તારે રજા હોય છે. કાલે આપણે ક્યાંક જઈએ તો ?'

'ક્યાં ?'

'આગ્રા.... તાજમહાલ જોવા !'

ત્યારે સામે છેડે જરાવાર ખામોશી છવાઈ ગઈ. જયને થયું

એ હમણાં ના પાડી દેશે, પણ અનુમાન ખોટું ઠર્યું : 'ભલે, કાલે જઈને રવિવારે પાછા આવી જઈએ. કહેતા હો તો સ્પેશિયલ ટ્રેનની ત્રણ ટિકિટ બુક કરાવી લઉં.'

'ત્રણ ટિકિટ ?' જયનો અવાજ તરડાયો : 'ત્રીજું કોણ ?'

'છે, મારા એક સાથી !' જ્યુલીએ કહ્યા પછી થોડીવાર સુધી જયનો પડઘો સાંભળવા ન મળ્યો એટલે પૂછ્યું : 'કેમ, તમને વાંધો છે ?'

'ના રે, હું વાંધો લેનાર કોણ ?'

'બસ તો, સાંજે મળીએ છીએ.' કહીને જયુલીએ ફોન પૂરો કર્યો છતાં જય ઘણીવાર સુધી હાથમાં રિસીવર પકડીને વિચારે ચડી ગયો... તેને વિદ્યાપતિની ગેરહાજરી સાલવા લાગી. નેપાલ છોડચાને આઠ દિવસ થયા, એ મારા સંદેશાની રાહ જોતો હશે, બિચારો ચિંતા કરતો હશે.

અને એણે કાઠમંડુનો કૉલ બુક કરાવી લીધો.



'સાચું કહું છું ભાભી. કટ્ટોખાનો ખાધાને આજે આઠ દિવસ થયા પછી પહેલીવાર આપણું સ્વાદિષ્ટ નેપાલી ભોજન જમવા મળ્યું...' સામે બેસીને જમાડતી બિશાખાને લાગણીનીતરતી નજરે જોતાં જયદેવે કહ્યું : 'હવે તમે સાવ સાચું કહેજો, પ્રસાદજી તો પુરુષ છે પણ તમે સ્ત્રી હોવા છતાં મારા જેવા પાપ ગ્રહણ કરીને આવેલા માણસને આટલા ભાવથી કેમ જમાડો છો ?'

'કારણ કે હું પાપમાં માનતી જ નથી !' તેનો બેધડક જવાબ સાંભળીને કોળિયો મોંમાં મૂકવા માટે ઝૂકેલી જયની ગરદન ટટ્ટાર થઈ ગઈ ત્યારે બિશાખાએ ઉમેર્યું : 'એકની દૃષ્ટિએ પાપ ગણાય તો બીજાને માટે જરૂરિયાત હોઈ શકે છે.'

એનું કથન જયને બરાબર સમજાયું નહીં છતાં થોડીવારના સહવાસમાં તે એટલું તો પામી ગયો કે પહેલી દૃષ્ટિએ સુંદર લાગેલી સ્ત્રી ચતુર પણ છે. શું બિશાખા એમ કહેવા માગતી હતી કે પૈસાની જરૂરિયાતને કારણે મહારાજાનાં પાપ અંગીકાર કરવાથી હું પાપી

નથી બની જતો ? કે પછી એ બીજા કોઈ અર્થમાં આવું બોલી ગઈ હતી ? એની રીતભાતમાં આછું-પાતળું રહસ્ય તો પોતે જમવા બેઠો ત્યારથી જ વર્તાયું હતું. તેણે ડાઇનિંગ ટેબલ પર એક જ થાળી પીરસી ત્યારે પોતે પૂછેલું : 'તમે સાથે નહીં જમો ?' બિશાખાએ હસીને નકારમાં ડોક હલાવી એટલે પોતે માન્યું કે કદાચ અજાણ્યા પુરુષની સાથે જમતાં સંકોચ થતો હશે : 'પણ પ્રસાદજી તો કહેતા હતા કે કોઈની કંપનીમાં જમવું તમને વધારે ગમે છે!' એનો જવાબ પણ એણે બેધડક આપી દીધેલો : 'તમને જોયા પછી સાથે જમવાને બદલે તમને હોંશે હોંશે જમાડવાનો ભાવ જાગ્યો.' જમાડતાં જમાડતાં પણ આત્મીય ભાવથી પોતાની વાતો કરતી ત્યારે એને એટલું સમજાયું કે આ સ્ત્રી માણસભૂખી છે. બહોળા કુટુંબમાંથી આવી છે એટલે એકલતા મહેસૂસ કરે છે.

'હવે તમે મને સાવ સાચેસાચું કહેજો કે મને પહેલીવાર જોઈને તમે ઘડીભર વિચારમાં ચડી ગયેલા ત્યારે મનમાં શું ભાવ જાગ્યો હતો ?' બિશાખાની પૂછવાની રીત જ તેને સાવ અનોખી લાગી. ઊલટતપાસ લેતી હોય તેમ નહીં, પણ પરાયાપણાનો પરદો હઠાવી દેવા માગતી હોય એવી મીઠાશથી એ પૂછી રહી હતી : 'કહેવું હોય તો સાચેસાચું જ કહેજો જય !'

એ તેની ચમકતી આંખોને જોઈ રહ્યો. પ્રથમ પરિચયમાં જ આટલી બધી આત્મીયતા ઝંખતી સ્ત્રી પ્રત્યે આપોઆપ સહાનુભૂતિ જાગી: 'સાચેસાચું કહેવાનું કહ્યું એટલે હવે નહી કહી શકું ભાભી!' કહેતાં હાથ ધોઈને ઉમેર્યું : તમને જોતાંવેંત જાગેલી અંગત લાગણી કહી દેવાનું અત્યારે ઉચિત નથી લાગતું.'

'પણ મને ઉચિત લાગે છે !' જયને હાથ લૂછવા માટે નૅપ્કિન આપતાં એ બોલી ગઈ : 'તમને જોતાં જ મને મારી ખાલી ગોદનો અહેસાસ ડંખી ગયો... તમારું બાળસ્વરૂપ મને મારી ગોદમાં રમતું દેખાયું હતું !'

જય ચોંકી ઊઠ્યો : મને મા યાદ આવી અને તેને મારું બાળસ્વરૂપ ગોદમાં રમતું દેખાયું ! પોતાના એ ભાવ લૂછી નાખવા માટે તેણે મોં પર નૅપ્કિન ફેરવી લીધો :

'પણ પ્રસાદજી તો કહેતા હતા કે બાળકની શી ઉતાવળ છે !'

ત્યારે જયને પહેલીવાર એના સુંદર હોઠ તુચ્છકારથી મરડાતા જોવા મળ્યા : 'તમારા પ્રસાદજીએ શું કહ્યું એ વાત જવા દો, તમે શું કહો છો એ કહો ને !'

જયને જવાબ આપવાનું ભારે પડી ગયું. હજુ તો આ ઘરમાં પગ મૂક્યો નથી ત્યાં પતિ-પત્ની વચ્ચે મનદુઃખ જગાડવાનું ધર્મસંકટ ક્યાં આવી પડ્યું ! તેણે પાંપણ ઝુકાવીને કહેવું પડ્યું : 'માતૃત્વ તો દરેક નારીની અદમ્ય ઝંખના હોય છે.'

'અદમ્ય ઝંખના નહીં જય !' એ મક્કમ અવાજે બોલી ઊઠી: 'એમ કહો કે માતૃત્વ એ દરેક નારીની અદમ્ય જરૂરિયાત હોય છે !'

જરૂરિયાત શબ્દ પર એણે ભાર મૂક્યો એટલે જય ખળભળી ઊઠ્યો. થોડીવાર પહેલાં જ પાપ વિષે અભિપ્રાય આપતાં એ બોલી હતી : એકની દૃષ્ટિએ પાપ અને બીજાની જરૂરિયાત હોઈ શકે છે ! તો શું પ્રસાદજી પિતા થવાને લાયક નહીં? બાળકની જરૂરિયાત ખાતર બિશાખા પાપ આચરવાની તૈયારી દર્શાવી રહી છે? મારા બાળસ્વરૂપને પોતાની ગોદમાં રમાડવા ઝંખતી નારીની માગણીને ચારિત્ર્યહીનતા માનવી કે માતૃત્વની મજબૂરી?

અત્યાર સુધી જે ધર્મસંકટ લાગતું હતું તે હવે જયને અધર્મસંકટ લાગવા માંડ્યું. આ નાજુક ઘડીને સાચવી લેવા માટે એ સાવધ બની ગયો. એની માગણીને તુચ્છકારી દઈને ચોટ પહોંચાડવી નહીં અને આવકારીને આશા આપવી નહીં એવો કોઈક મધ્યમ માર્ગ અપનાવવાનો હતો.

ધીમે ધીમે પાંપણ ઊંચી કરીને તેણે બિશાખા સામે જોયું. એનું મુખ ઉત્તેજનાથી તપી જઈને રતાશ પકડતું દેખાયું. જવાબની તીવ્ર ઉત્કંઠા સાથે ઊંડા શ્વાસ લેતી હાંફતી છાતીએ એ પોતાને નિહાળી રહી હતી. જયના હોઠ સુધી શબ્દો આવી ગયા : હવે તમને સાચેસાચું કહી દઉં, પહેલી વાર તમને જોઈને હું ઘડીભર બાળસ્વરૂપ ધારણ કરી બેઠો હતો અને તમારામાં મેં મારી મૃત માતાનું સ્વરૂપ નિહાળ્યું હતું... પણ એ શબ્દો હોઠ પર ઊપસે એ પહેલાં તેની આંખો ભાવભીની બનવા લાગી, કંઠમાં કરુણા બાઝી ગઈ અને ટેલિફોનની ઘંટી રણકી ઊઠી.

જયની વિહ્વળતા વિખરાઈ ગઈ. બિશાખા તો સતત વાગતી ઘંટીના વિક્ષેપને ગણકાર્યા વિના ભાવવિભોર નજરે જાણે દૃષ્ટિના દોરથી જયને જકડી લેવા માગતી હોય તેમ એકીટશે તાકી રહી હતી !

'કદાચ મારો કૉલ લાગ્યો હશે !' જયને ઝબકારો થયો હોય તેમ ઝડપભેર રિસીવર ઊંચકી લીધું : ઑપરેટરે લાઇન જોડી આપી અને કાન પર વિદ્યાપતિનો અવાજ અફળાયો એ જ ઘડીએ જય નજર સામે બેઠેલા સંકટને વીસરી ગયો. ઉમળકાભેર ખબરઅંતર પૂછ્યા, પોતાનું સરનામું લખાવ્યું અને 'તું હવે જલદી દિલ્હી આવી જા'ની અધીરાઈ દર્શાવી. સામેથી વિદ્યાપતિએ પણ એટલી જ અધીરાઈ વ્યક્ત કરી : 'હું તારા જ ખબરની રાહ જોતો હતો. અહીં મને એક કડી હાથ લાગી છે. રવિવારે કામ પતાવીને સોમવારની ફ્લાઇટ પકડું છું. તું ઍરપૉર્ટ પર આવી પહોંચજે. એકાદ લાખ રૂપિયાની જોગવાઈ રાખજે. બહુ સાવધાનીથી કામ કરવાનું છે...' એ થોડીવાર અટક્યો, કહેવા ન કહેવાની ગડમથલમાં અટવાતાં ઉમેર્યું : 'પેલા બૅન્ક લૂંટારા ભારતમાં જ છે...' ફરી અટકીને વિદ્યાપતિએ ઉમેર્યું : 'જવા દે. રૂબરૂમાં વાત !' અને ન કહેવાનું બોલાઈ ગયાના ખટકા સાથે એણે ફોનનું જોડાણ કાપી નાખ્યું છતાં તેના અસ્પષ્ટ કથનથી અસ્વસ્થ બની ગયેલો જય થોડીવાર રિસીવર પકડીને બેસી રહ્યો. સજાગ બન્યા પછી સામે જોયું તો બિશાખા હજુય ત્રાટક નજરે પોતાને તાકી રહી હતી !

'કોઈ અણગમતા ખબર આવ્યા કે શું ?' પેલીએ સહાનુભૂતિના સ્વરે પૂછ્યું : 'કોને કૉલ જોડ્યો હતો ?'

ત્યારે જયને બહાનું સૂઝી આવ્યું : 'કાઠમંડુમાં એક મિત્ર છે વિદ્યાપતિ, બિચારો પૈસાની ભીંસમાં આવી ગયો. મદદ માગી રહ્યો છે... એટલા ખાતર ખાસ દિલ્હી આવે છે.' કહેતાં એ ચિંતાતુર ચહેરે ઊભો થયો એટલે બિશાખાએ પૃચ્છા કરી : 'તમે એને મદદ કરશો ?'

'વિચારવું પડશે.' કહીને તેણે પગ ઉપાડ્યા : 'ભાભી, હું ઉપર જાઉં.... પ્રસાદજીને મેં કહી રાખ્યું છે, રાત્રે જમીશ નહીં.'

અને પેલી આગળ કાંઈ પૂછે એ પહેલાં પીઠ ફેરવી લઈને તે બહાર નીકળી ગયો. મનમાં તેને ખાતરી જ હતી કે બિશાખા એની પીઠને વેધક નજરે તાકી રહી છે .

આગ્રા હોટેલમાંથી જય અને જ્યુલી નમતા પહોરે તાજમહલ જોવા નીકળ્યાં ત્યારે જયદેવે નક્કી કરી નાખ્યું કે સવારથી મનમાં ખટકતો સવાલ જ્યુલીને પૂછી જ નાખવો પડશે : આપણી સાથે આગ્રા આવવાનો હતો એ રૉબર્ટ સ્મિથ સાથે તું વચનથી બંધાઈ ચૂકી છો ?

તાજ એક્સ્પ્રેસ પકડવા માટે નવી દિલ્હી સ્ટેશન પર સીધા મળવાનુ જ્યુલી સાથે નક્કી થયેલું. આગલી સાંજે જુદા પડતી વખતે એ પૂછ્યા વિના રહી શક્યો નહોતો : જ્યુલી, આપણી સાથે ત્રીજું કોણ આવે છે ? ત્યારે જ્યુલી થોડીવાર એને વિચિત્ર નજરે જોઈને બોલી હતી : સવારે સ્ટેશન પર મુલાકાત થશે ને, ત્યારે પરિચય કરાવીશ... આમ કહીને જ્યુલી પોતાને ટાળતી હતી કે ટટળાવતી હતી એ જયને સમજાયું નહીં. રાત્રે તેણે મનને ટપારવું પડેલું : હવે જ્યુલીના અંગત સંબંધ અંગે મારે આવી જિજ્ઞાસા નહીં રાખવી જોઈએ. જિજ્ઞાસા પૂરી થયા પછી ઇર્ષા પણ નહીં જાગવી જોઈએ!

સ્ટેશન પર પહેલો પહોંચી ગયેલો જય બંનેની રાહ જોતો ઊભો હતો. તેણે મનોમન માની લીધેલું કે જ્યુલીની સાથે પેલો ગોરો યુવાન જ આવવાનો હશે, જે મધરાતે એને એમ્બસીની આલીશાન મોટરકારમાં લઈ જતો હતો. પણ બંનેને સાથે આવતા જોવાને બદલે જ્યુલી એકલી જ ટૅક્સીમાંથી ઊતરતી દેખાઈ ત્યારે જયને અચરજ થયું તેમ થોડી ધરપત પણ અનુભવી : કદાચ પેલાનું કૅન્સલ થયું હશે !

'તું એકલી કેમ જ્યુલી ?' પૂછ્યું. ત્યારે એણે સાચું આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું : 'કેમ રૉબર્ટ હજુ સુધી આવ્યો નથી ?'

'કોણ રૉબર્ટ ?'

'કેમ એ રાત કારમાં હું જેની બાજુમાં બેઠી હતી એ રૉબર્ટ સ્મિથ !'

'એ પણ એમ્બસીમાં સાથે જ કામ કરે છે ?'

'નહીં રે, એ તો અમારા એમ્બેસેડરનો સન છે !'

વાત કરતાં કરતાં પણ એ પેલાની રાહમાં ચકળવકળ આંખો ફેરવતી રસ્તા પર જોતી રહી હતી.

ટ્રેન ઊપડવાને દસ મિનિટની વાર હતી તોપણ રૉબર્ટ ન

દેખાયો ત્યારે જયે વિવેક ખાતર કહ્યું હતું : ‘તને એમ લાગતું હોય તો આપણે આગ્રા જવાનું કૅન્સલ કરીએ.’

‘હજુ પાંચેક મિનિટ રાહ જોઈએ.’ જ્યુલી જે રીતે બોલી તેમાં જયને સ્પષ્ટ સમજાયું નહીં કે પાંચ મિનિટ રાહ જોઈને તે જવાનું માંડી વાળવા માગે છે કે પછી ટ્રેનમાં બેસવાનો ઇરાદો ધરાવે છે !

છેલ્લી ઘડીએ ટ્રેનમાં બેઠા પછી જયે ધરપત અનુભવેલી કે ચાલો, એ તેના વગર આવવા તૈયાર તો થઈ ! પણ ટ્રેન ચાલુ થયા પછી એ બોલી ગઈ કે જોજોને રૉબર્ટ કાર લઈને આપણા પહેલાં આગ્રા પહોંચી જશે... સાંભળીને ફરી એ થોડો અસ્વસ્થ બની ગયેલો.

પરંતુ ન તો રૉબર્ટ કાર લઈને એમની પહેલા આગ્રા પહોંચ્યો કે ન સાંજ સુધી આગ્રામાં એનો ભેટો થયો. ત્યારે જયદેવને થયું કે હાશ, તાજમહાલના સાંનિધ્યમાં હવે પોતાની સાથે માત્ર જ્યુલી જ હશે !

‘તું તો અગાઉ બે વખત તાજ જોઈ ચૂકી છે !’ હોટેલમાંથી નીકળી પગપાળા તાજમહાલ તરફ આગળ વધતાં જયે પૂછ્યું : ‘ખરેખર એ એટલો બધો ભવ્ય લાગે છે ?’

તેનો જવાબ આપવાને બદલે જ્યુલી તો રસ્તા પરથી પસાર થતી મોટરો જ જોતી રહી એટલે જયે થોડીવાર ખામોશ થઈ જવું પડ્યું. પાંચ-સાત મિનિટ સુધી જ્યુલીની એની એ જ ચેષ્ટા ચાલુ રહી ત્યારે જય અકળાઈ ઊઠ્યો : એ મારી સાથે હોય છતાંય મારી સાથે નથી !

‘જ્યુલી લાખો લોકો તાજને પ્રેમના પ્રતીકરૂપે નિહાળવા આવે છે પણ કોઈ શાયરે તો એને એક શહેનશાહની ઘેલછા જેવો કહ્યો છે !’

છતાં જ્યુલીએ જાણે સાંભળ્યું જ ન હોય એ રીતે દુર્લક્ષ કર્યું ત્યારે ધૂંધવાઈ ઊઠેલા જયે આવેશમાં તેનું કાંડું પકડી લીધું : ‘ચાલો આપણે અહીંથી જ પાછા ફરી જઈએ.’

‘કેમ, કેમ ?’

‘કેમ શું, જે જોવા આવ્યા એ તાજ સામે આવી ગયો છતાં તારું ધ્યાન તો જે આવવાનો નથી એને શોધવામાં જ છે...’ ઉગ્ર અવાજે તેણે સંભળાવ્યું છતાં પેલી નિર્લેપ રહીને મરકી ત્યારે જયની

ઉગ્રતા તીવ્ર બની : 'જો રૉબર્ટ વગર તાજ જોવામાં જીવ લાગતો ન હોય તો દિલ્હી સ્ટેશને મેં પાછા ફરી જવાનું કહ્યું ત્યારે કેમ માની નહીં ?'

'જય, આ તમે નહીં પણ તમારી ઇર્ષા બોલે છે !'

'હા, ઇર્ષા બોલે છે... બોલ હવે કહેવું છે કાંઈ ?'

'હા કહેવું છે !' જ્યુલી જરાય અસ્વસ્થ બની નહીં : 'ઇર્ષાનો ઉદ્‌ભવ પ્રેમમાંથી થાય છે.'

'હા, મારી ઇર્ષા પ્રેમમાંથી ઉદ્‌ભવી છે... હવે ?' જયને આવેશમાં બોલવાનું ભાન રહ્યું નહીં.

'તો હવે મને કહેવા દો કે તમે માત્ર પ્રેમ જ કરો, ઇર્ષા નહીં !' બોલતાં બોલતાં જ્યુલીના ગાલ રાતાચોળ થતા દેખાયા ત્યારે જયદેવે સજાગ બની જઈ તેનું કાંડું છોડી દીધું : 'આઇ એમ સૉરી જ્યુલી !'

'શેના માટે સૉરી ?' જ્યુલી હસતી હસતી પૂછી બેઠી : 'કાંડું પકડી લેવા માટે, ઇર્ષા જાગવા માટે કે પ્રેમનો એકરાર કરવા બદલ ?'

અને જયને સાચો જવાબ જડી ગયો : 'પહેલીવાર તેં જીવનસાથી બનવાનો પ્રસ્તાવ મૂક્યો તેનો અસ્વીકાર કરવા બદલ.'

સાંભળીને જ્યુલીના સમગ્ર દેહમાં ઝણઝણાટી પ્રસરી ગઈ. મનથી માનેલા પ્રિયતમને જકડી લેવા ાગતી હોય તેમ એણે બંને આંખોની પાંપણ બીડી દીધી. બંને રસ્તા વચ્ચે હોવા છતાં જય વિનાસંકોચે તેનું રૂપ નજર ભરીને નિહાળતો રહ્યો.

'જય, મારે પણ એક વાત માટે સૉરી કહેવાનું છે.' ધીમે ધીમે પાંપણ ઊંચકતાં એ બોલી : 'આપણી સાથે ત્રીજું કોઈ આવવાનું જ નહોતું. આગ્રાની મેં બે જ ટિકિટ બુક કરાવી હતી. રૉબર્ટ સ્મિથ અમારા એમ્બેસેડરનો પુત્ર છે એ સાચું, પણ કુંવારો નથી. કૉલેજમાં સાથે ભણતી મારી બહેનપણી નેન્સીનો પતિ છે અને નેન્સીની ભલામણથી જ મને નિયમ વિરુદ્ધ જઈને એલચી ખાતામાં સર્વિસ મળી.' પછી થોડીવાર માટે અટકીને ઉમેર્યું : 'અને એમ્બસીમાં સર્વિસ મેળવવાનું કારણ પણ એ જ કે આપ સાહેબ દિલ્હી પધારો ત્યારે ભેટો થઈ જાય તો તૂટેલો દોર ફરી સંધાઈ

જાય !'

લાગણીભરી મુસ્કાન સાથે જોઈ રહેલો જય ખામોશ જ રહ્યો ત્યારે તેણે બોલવું પડ્યું : 'હવે આગળ વધવું છે કે પાછા ફરી જઈએ ?'

અને જયદેવે તેનો હાથ પકડી લીધો : 'આગળ વધવું છે, પણ આ રીતે !' પછી પગ ઉપાડતાં ઉમેર્યું : 'આથમતા સૂરજનાં કિરણોથી ચમકતા તાજની છાયામાં તારો સહવાસ માણવો છે.'

ત્યારે જ્યુલીએ લજ્જાના ભાવ છુપાવવા મોં ફેરવી લેવું પડ્યું.

* * *

રવિવારે સાંજે જય અને જ્યુલી દિલ્હી પાછાં ફર્યાં ત્યારે ટૂંકા સહવાસમાં જીવનનું કોઈ પરમ તત્ત્વ પ્રાપ્ત કરી આવ્યા હોય એટલા બધા ઉલ્લાસથી છલકાતાં હતાં બંને ! આંખોમાં ઉજાગરો આંજીને રાતભર વાતો કરતાં રહ્યાં છતાં વાત ખૂટી નહીં, પણ રાત વીતી ગઈ. માતૃત્વ માટે બિશાખાએ મૂકેલી વિચિત્ર માગણીની વાત કરીને જયે પ્રસ્તાવ મૂક્યો હતો : 'દિલ્હી પહોંચીને તું મારી સાથે ઘેર આવજે. બિશાખા સાથે તારો પરિચય કરાવી દઉં એટલે મારી સાથે માયા બાંધવાનું માંડીવાળે.'

'મારા પરિચયમાં તમે શું એને એમ કહેવાના કે મારા બાળસ્વરૂપને જન્મ આપવાનો અધિકાર હું આ જ્યુલીને આપી ચૂક્યો છું ?'

સાંભળીને જય તેની સામે કતરાયો હતો : 'ભારે ચાલાક છો તું ! એ બહાને તેં પણ આડકતરી રીતે માગણી મૂકી દીધી?'

'શું કરીએ... સીધી રીતે માગણી મૂકીએ ત્યારે આપ સાહેબ નકારી દો છો. એકવાર એનો અનુભવ થઈ ચૂક્યો.'

ટૅક્સી ચાણક્યપુરી વિસ્તારમાં એક પછી એક સેક્ટર ઓળંગતી ત્રીજા રસ્તા પર ઘર સામે ઊભી રહી ત્યારે જય થોડો નર્વસ દેખાવા લાગ્યો : આ જ્યુલી મારી પ્રેયસી છે એમ કહેવાનું મને ફાવશે નહીં !

પણ જયને કંઈ કહેવાની જરૂર જ પડી નહીં. બંને ટૅક્સીમાંથી સામાન સાથે નીચે ઊતર્યા ત્યાં પેલો જંગા સામો દોડી

આવ્યો. 'બાબુજી, શેઠ-શેઠાણી બહાર ફરવા ગયાં છે.' ગુરખાલી બોલીમાં કહેતાં એણે જયના હાથમાં એક ચિઠ્ઠી પકડાવી દીધી. તેમાં પ્રસાદજીએ લખ્યું હતું :

'બપોરે તમારા માટે બે વાર ફોન આવી ગયા. ફોન કરનારે પોતાનું નામ નહીં આપ્યું, નંબર લખાવ્યો છે. તમારું અર્જન્ટ કામ હોય એવું લાગ્યું.'

નીચે ટપકાવેલો નંબર વાંચીને એણે ચિઠ્ઠી જ્યુલીને આપી: 'આ નંબર તો શોભાનો ! પણ એને મારો નંબર ક્યાંથી મળ્યો?'

'મેં આપી રાખ્યો હતો !' જ્યુલીએ તેને ચમકાવ્યો.

'પણ એને આપણો નંબર શું કામ આપવો જોઈએ ?'

'તમે અહીં દરવાજે જ બધું પૂછી લેવા માગો છો ?' જ્યુલીએ જવાબ ટાળતાં કહ્યું : 'પહેલા ઘરમાં તો લઈ જાવ.'

બંને ઉપર પહોંચ્યાં; જયે જ્યુલીને ઘર દેખાડ્યું, પછી પેલીએ ખુલાસો કર્યો :'શોભાને મેં તમારો નંબર આપ્યો એટલું જ નહીં, એણે માગેલી કિંમત ચૂકવવાની પણ તમને પૂછ્યા વગર હા પાડી દીધી !'

'પણ શું કામ જ્યુલી !'

'પહેલાં તો આપણે એ ખાતરી કરવી છે કે તમારી બહેન દિલ્હીમાં છે ખરી ? દિલ્હીમાં હોય અને શોભા તેનો પત્તો મેળવી આપે પછી કિંમત ચૂકવવાનો સવાલ ઊભો થશે ને ?' જ્યુલીએ ઠાવકાઈથી કહેતાં ઉમેર્યું : 'પહેલું પગલું ભર્યા વગર આગળ વધવાનું સૂઝશે કેમ ?'

'પણ...' જય સામી દલીલ કરવા માટે શબ્દો શોધતો હતો ત્યાં સુધીમાં તો જ્યુલીએ ટેલિફોનનું ડાયલ ઘુમાવી તેના હાથમાં રિસીવર પકડાવી દીધું : 'લો, સામે છેડે ઘંટી વાગે છે.'

રિસીવર કાન પર મૂકતાં જ સામેથી શોભાનું 'હેલ્લો' સંભળાયું, જયનો અવાજ ઓળખી જઈને એ બોલી ઊઠી : 'સવારથી તમને ખબર આપવા બેચેન બની ગઈ હતી.'

'શેના ખબર શોભા ?' જયનો અવાજ ધ્રૂજવા લાગ્યો : 'કોના ખબર ?'

'તમારી બહેનના !' સાંભળતાં જ જયની છાતી ધડકવા

લાગી : 'પત્તો લાગ્યો ?'

'હા !' એ એક જ અક્ષરે જયને હચમચાવી મૂક્યો : 'ક્યાં છે રૂખી ? કેમ છે એ ? તેં એને વાત કરી કે તારો ભાઈ...'

'અરે પહેલાં સાંભળો તો ખરા.' શોભાએ તેને અધવચ્ચે જ રોકી પાડતાં સંભળાવ્યું : 'આવી અધીરાઈ રાખશો તો કામ બગડી જશે... આવતીકાલે બપોરે બારથી સાડાબારની વચ્ચે એ જ્યાં જવાની છે ત્યાંનો નંબર મારી પાસે છે. તમે અહીં આવો એટલે ફોન જોડીને હું તમારી સાથે વાત કરાવી દઉં... પહેલાં તો તમારે એ ખાતરી કરવાની છે કે એ તમારી બહેન છે ને ?'

'એ તો હું અવાજ પરથી પળવારમાં પારખી જઈશ શોભા!' જયનો આવેશ વધતો ગયો : 'આજે અત્યારે ફોનથી મળી શકાય એમ નથી ?'

'તમને મેં કહ્યું ને કે અધીરાઈ નહીં ચાલે.' શોભા તેને નિષ્ઠુર લાગી : 'છ વરસ ખેંચી કાઢ્યાં પછી હવે એક રાત અને છ કલાક કાઢવા તમને આકરા લાગે છે ?'

'ઠીક છે, હું અને જ્યુલી કાલે બાર વાગે તમારે ઘેર આવી પહોંચીએ છીએ.' પછી રિસીવર મૂકતાં યાદ આવ્યું હોય તેમ આભારવશ ભાવે કહ્યું : 'તમે આટલો જલદી એનો પત્તો મેળવી આપશો એ ધાર્યું નહોતું. તમારો ઉપકાર કદાપિ નહીં ભૂલું.'

'ઉપકાર નહીં, કિંમત યાદ રાખવાની છે તમારે !' કહીને શોભાએ જ ફોન મૂકી દીધો.

તેના હાથમાંથી રિસીવર લઈ લેવા માટે જ્યુલીએ હાથ લંબાવ્યો ત્યારે જયદેવે હાથ પકડી લીધો : 'જ્યુલી, એનો પત્તો લાગી ગયો !' કહેતાં એને બાહુપાશમાં જકડી લીધી. હૃદયમાં ઘૂંટાતો બધો જ ઉદ્વેગ અને આવેગ ઠાલવી દેવા માંગતો હોય એમ જ્યુલીના અધખુલ્લા હોઠ પર પોતાના હોઠ ચાંપી દીધા.

ચૌદ

સાડા અગિયાર વાગે જયદેવે ઘર પાસેથી ટૅક્સી પકડી. સવારથી એ ઉચાટ અને ઉત્સાહની મિશ્ર લાગણીમાં ભીંસાતો હતો. છ વર્ષ પછી આજે તેને બહેનનો અવાજ સાંભળવા મળવાનો હતો. વિખૂટી પડેલી રૂખી અવાજ દ્વારા ફરી તેને પાછી મળવાની હતી. બહેન જીવતી હોવાથી પોતાની શ્રદ્ધા સાચી ઠરવાની હતી... પણ આ છ વર્ષમાં એના પર શું વીતી હશે? એણે કેવી જિંદગી અપનાવી હશે ? મારો અવાજ ઓળખી જઈને એ ફોન તો નહીં કાપી નાખે ને ? સાંજે જ્યુલીથી જુદા પડતાં પહેલાં તેણે આ જ સવાલો જાતને અને જયને પૂછ્યા હતા. જ્યુલી પાસે તેનો એક જ જવાબ હતો: વસમી વાસ્તવિકતાની તૈયારી સાથે આપણે આગળ વધવાનું છે જય. આપણે ધારીએ એમ જ જગતમાં બધું બનવાનું નથી અને જે કાંઈ બનવાનું છે એને આપણે ટાળી શકવાના નથી !

આ આશ્વાસન પર તો એક રાત સંતાપ વિના વિતાવી હતી. પણ સવારનો સૂરજ જેમ જેમ સતેજ થતો ગયો તેમ સંતાપનો તાપ ઉગ્ર બનવા લાગ્યો હતો. તેમાં પ્રસાદજીએ અણધાર્યા ઉપર ચડી આવીને તેને વધુ અસ્વસ્થ બનાવી મૂક્યો હતો : 'જય, મારે અચાનક કાઠમંડુ જવાનું થયું !'

'ક્યારે ?' યંત્રવત્ તેણે પૂછેલું : 'કેમ જવાનું થયું ?'

'સરકારનું ફરમાન આવ્યું. યુવરાજશ્રીનું રાજ્યાભિષેકનું મુહૂર્ત

નક્કી થઈ ગયું... વૈશાખ સુદ ત્રીજ ! એની પૂર્વતૈયારી વિચારવા માટે આઠ દિવસ રોકાવું પડશે. સારું થયું કે તમે સમયસર અહીં રહેવા આવી ગયા, નહીંતર મારે બિશાખાને સાથે લઈ જવી પડત.'

છેલ્લા વાક્યે તેને ભડકાવી દીધેલો : 'પ્રસાદજી, ભાભીને પણ સાથે લેતા જાવ ને ! એ બહાને વતનનો વિરહ ઓછો થશે.'

'સરકારે પત્નીને સાથે લઈ જવાનો ખર્ચ મંજૂર નથી રાખ્યો.'

ત્યારે જયને કહેવાનું મન થયું હતું : ખર્ચ હું આપું પણ ભાઈસા'બ તમે એને અહીં એકલાં મૂકીને તો નહીં જ જતા!

'જય, ખૂબીની વાત તો એ છે કે આ વખતે એણેય સાથે આવવાનું ઉચ્ચાર્યું નથી.' પ્રસાદજી પોરસ કરવાની ઢબે બોલ્યા ત્યારે એને પહેલી વાર એમના પર દાઝ ચડી હતી.

'હું તો તમને એ કહેવા આવ્યો હતો કે મારી ફ્લાઇટ બપોરની છે. કચેરીએ જવાનું નથી એટલે આપણે ત્રણે સાથે જ લંચ લેશું.'

'પણ મારે બાર વાગ્યાનું એક એપોઇન્ટમેન્ટ છે. સાડા અગિયારે તો નીકળી જવું પડશે.' છટકવા માટે તેણે કારણ દર્શાવ્યું તોપણ પ્રસાદજીએ તેને છોડ્યો નહોતો :

'કાંઈ વાંધો નહીં, આપણે અગિયાર વાગે જમવા બેસી જઈશું. ના પાડશો તો બિશાખાને ખોટું લાગશે !'

ત્યારે પહેલીવાર જયને શંકા પડી કે વાક્યે વાક્યે બિશાખાનું નામ ઉચ્ચારતો આ માણસ પત્નીથી દબાયેલો છે, છતાં બહારથી દેખાવ એવો કરે છે જાણે પત્ની પર પ્રેમ ઊભરાઈ જતો હોય !

જમીને એ ઘરનાં પગથિયાં ઊતરતો હતો ત્યાં અચાનક કોઈ ખાસ વાત કહેવાની યાદ આવી હોય તેમ બિશાખાએ પાછળ પાછળ આવીને આંખોમાં આજીજીના ભાવ સાથે માદક અવાજે લાડભરી તાકીદ કરેલી : 'જો જો સાંજે જલદી આવી જજો, હું સાવ એકલી છું !'

'જલદી આવી જઈશ પણ એકલો નહીં.' આશાને જડમૂળથી ઉખેડી નાખતાં તેણે કહી દીધેલું : 'યાદ છે ને, કાઠમંડુથી

મારો મિત્ર આવવાનો છે !'

અને તેની તરફ જોયા વિના જ ઉતાવળાં પગલે બહાર નીકળી ગયો હતો. જ્યુલી સાથે નક્કી થયું હતું કે પોણા બાર વાગે અને ઘર પાસેથી ટૅક્સીમાં લઈ લેવી, તેને બદલે એ સાત મિનિટ વહેલો પહોંચ્યો તોપણ જ્યુલી પોતાની રાહ જોતી ઊભેલી દેખાઈ ત્યારે જયને સાંત્વન મળ્યું : મારી જેમ એ પણ અધીરી બની ગઈ હશે...

'મને હતું જ કે મારી ઘડિયાળ પાંચ-સાત મિનિટ પાછળ છે.' વહેલી આવીને રાહ જોવાનો ખુલાસો કરીને તેણે પૂછ્યું ! 'તમારી ઘડિયાળમાં કેટલા વાગ્યા ?'

'જેટલા તારી ઘડિયાળમાં વાગ્યા એટલા !' જયદેવે તેનો હાથ પકડી લેતાં ટકોર કરી : 'બેમાંથી કોઈની ઘડિયાળ મોડી નથી, આપણે બંને જ વહેલાં છીએ !'

ત્યાર પછીની સાત મિનિટ બંને મૌન ધરીને રાતના વિયોગ પછી મિલનની પળો મમળાવતાં રહ્યાં. શોભાના ઘર સામે ટૅક્સી ઊભી રખાવી જયદેવે સરદારજી ડ્રાઇવરને સૂચના આપી :

'અમને અર્ધો-પોણો કલાક થશે, તમારે નાસ્તાપાણી કરવા હોય તો આજુબાજુમાં જઈ આવજો, પછી ઍરપૉર્ટ જવાનું છે.'

'કોઈ ફિકર નહીં, બંદા આપ કી સેવા મેં હાજિર હૈ !' લેહાજથી કહીને સરદારજીએ છાંયામાં ટૅક્સી પાર્ક કરી દીધી.

'આજ કાંઈ સાહેબ બહુ ખર્ચ કરવાના મૂડમાં છો.' જયની પછવાડે શોભાના ઘર તરફ આગળ વધતી જ્યુલીએ ટકોર કરી: 'ટૅક્સી છોડી દેવાને બદલે રોકી રાખી !'

'હા જ્યુલી, પાપની લક્ષ્મી જલદી ખર્ચાઈ જાય તો વહેલો છુટકારો થાય ને ?' કહેતાં તેણે દરવાજાની બેલ દબાવી : 'કૉલ પર વિદ્યાપતિએ પણ એક લાખની જોગવાઈ રાખવાની....'

એટલું બોલ્યો ત્યાં દરવાજો ઉઘાડતી શોભા દેખાઈ : 'આવી પહોંચ્યાં બંને !' વારાફરતી જય અને જ્યુલીને નિરખી લઈ મરક મરક હસતી એ બોલી : 'આગ્રાની લાલ માટીની લાલી અને તાજમહલના સફેદ આરસની ચમક બંનેના ચહેરા પર દેખાય છે ખરી !'

ત્યારે અંદર દાખલ થતાં જય અને જ્યુલીના મનમાં એકસરખા ભાવ ઉદ્‌ભવ્યા : રોમાન્સની ચોરી પકડાઈ ગઈ !

'કાલે ફોન પર તમને કહેતાં ભૂલી ગઈ કે જમવાનું સાથે જ રાખજો.' પાતળા ગાઉનનું ઉપરનું બટન બંધ કરતાં શોભાએ કહ્યું : 'હાથની રસોઈ જમાડવાનો અવકાશ જ નહોતો. કલાક પહેલાં માંડ બિછાનામાંથી ઊઠી. આખી રાતનો ઉજાગરો છે, બાપુજી તો હવે સાંજે જ ઊઠવાના.'

રોજ રાતે ખીલતી અને સવાર સુધીમાં મૂરઝાઈ જતી શોભાને જય તાકી રહ્યો. પાંચ વરસમાં આની જુવાની ઓસરી જશે પછી બાપ-દીકરી શું કરશે ? કદાચ એટલે જ મૂડી ભેગી કરી લેવા બિચારી રોજ રાતે રળવા જતી હશે.

'અમે બંને તો જમીને આવ્યાં શોભા !' કહીને જયે ઘડિયાળમાં જોતાં પૂછ્યું : 'બાર વાગી ગયા, આપણે ફોન કરશું ને ?'

'હજુ થોડીવાર છે, બાર વાગે તો એ ત્યાં પહોંચે છે.'

'ત્યાં ?' જયના મોંમાંથી સાહજિકપણે સરી પડ્યું ત્યારે શોભા જવાબ ટાળી દેતી ઊભી થઈ : 'પહેલાં હું તમારા બંને માટે કાંઈક ઠંડું લઈ આવું !'

જાણી લેવાની પોતાની અધીરાઈ અને ગુપ્ત રાખવાની શોભાની ચોકસાઈ બંને પર જયને દાઝ ચડી. પેલી દૂર ગઈ એટલે જ્યુલી તરફ નજર કરીને ધીમા અવાજે બબડ્યો : 'કદાચ એ માનતી હશે કે અત્યારથી આપણને ઠેકાણાની ખબર પડી જાય તો એને વચ્ચેથી હઠાવી કિંમત ચૂકવવાનું માંડી વાળીશું...'

પણ લીંબુ શરબતના ત્રણ ગ્લાસ સાથે પાછી ફરતી શોભાએ તેનો વહેમ ભૂંસી નાખ્યો : 'એ અત્યારે એક બ્યૂટી પાર્લરમાં આવવાની છે. ચાર દિવસ અગાઉ તમે બહેનનો પત્તો મેળવી આપવાનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે ખરેખર એ કામ બહુ મુશ્કેલ લાગ્યું હતું. સાચું કહું, ઘરાકને કંપની આપવા જતી ત્યારેય મનમાં એ જ વિચાર ઘોળાયા કરતા. અચાનક મગજમાં ઝબકારો થયો કે સુંદર દેખાવાની જરૂર પડતી હોય એવી દરેક સ્ત્રી બ્યૂટીપાર્લરમાં તો જતી જ હોય છે. મારેય નિયમિત જવું પડે છે...' બસ, કડી મળી ગઈ

અને પત્તો લાગી ગયો?

જય પૂછવા માગતો હતો કે પણ તમારી જેમ કોલગર્લ....

ત્યાં પેલી ઘડિયાળમાં જોતી ઊભી થઈ : 'અંદરના રૂમમાંથી ફોન લઈ આવું...'

ટેલિફોન ત્રણેની વચ્ચે મૂકી, પ્લગમાં લગાડીને ડાયલ ફેરવવાને બદલે તેણે શરબતનો ગ્લાસ લીધો : 'પહેલાં આપણે આને ન્યાય આપી દઈએ.'

ત્યારે જયને થયું કે આ બાઈ મને ટટળાવીને અન્યાય કરી રહી છે. બે ઘૂંટડામાં જ શરબતનો ગ્લાસ ગટગટાવી જઈ તેણે કહ્યું : 'અમારે હજુ અહીંથી ઍરપૉર્ટ જવાનું છે.'

ત્યારે જ્યુલીથી ચૂપ ન રહેવાયું : 'એમ અથરા ન થઈ જાવ જય, પ્રત્યેક ઘટનાનાં પળ-ચોઘડિયાં નક્કી જ હોય છે. એમાં આપણી ઉતાવળ કામ લાગતી નથી.'

ત્યારે જય ભોંઠપ અનુભવતો ખામોશ થઈ ગયો. બીજી પાંચ મિનિટ ત્રણમાંથી કોઈ કાંઈ બોલ્યું નહીં. વાતાવરણ તંગ બનતું જતું હતું. વચ્ચે પડેલા ટેલિફોન પર ટાંપીને બેઠેલા જયને પ્રત્યેક પળ કાળજે ભોંકાતી હતી.

'ફોન જોડતા પહેલાં તમને એક વાત જણાવી દઉં.' કહેતી શોભાએ ટેલિફોન નજીક લીધો : 'હું કયો નંબર જોડું છું એ જાણી લેવાની પેરવી નહીં કરતા.'

'સોગંદપૂર્વક ખાતરી.....'

જય હજુ એટલું બોલ્યો ત્યાં શોભાએ હાથ આડો ધર્યો: 'આપણા વચ્ચે હવે સોગંદ ખાવાની જરૂર રહી નથી... બીજી વાત કે પેલી ફોન પર આવશે એ પહેલાં હું રિસીવર તમારા હાથમાં સોંપી દઈશ.'

'ભલે' જાણે બધી જ શરત મંજૂર રાખવી કબૂલ હોય એવા ભાવથી તેણે શોભા સામે જોયું ત્યારે એ બોલી : 'મહત્ત્વની વાત એ છે કે તમારું સાચું નામ આપીને વાત શરૂ ન કરતા.'

'એ શું કામ ?'

'કદાચ તમારું નામ પડતાં જ ભડકીને એ ફોન મૂકી દેશે!'

શોભાએ બધું વિચારી રાખ્યું હોય તેમ સમજાવ્યું : 'આટલાં વરસ સુધી જેણે પોતાના ઘરના માણસોનો સંપર્ક નથી સાધ્યો એ તેમને મન મૃત્યુ પામેલી જ રહેવા માગતી હોય... પોતે જીવતી છે એટલું જ નહીં, ક્યાં છે એની પણ ઘરવાળાને જાણ થઈ જવાનું જાણીને કોણ જાણે એ શું કરી બેસે.'

ત્યારે જયની આંખોમાં એના પ્રત્યે માન ઊપસી આવ્યું: કેટલી વહેવારકુશળ સ્ત્રી છે, કેવી હૈયાસૂઝ ધરાવે છે !

'બની શકે તો પહેલી વખતની વાતચીતમાં તમે એના ભાઈ છો એવો અણસાર સુદ્ધાં નહીં આવવા દેતા' કહીને શોભા ડાયલ ઘુમાવવા લાગી ત્યારે જય આવેશમાં તેને રોકી પાડવા માગતો હતો. હવે એને વિચારવું પડે તેમ હતું કે વાતની શરૂઆત કઈ રીતે કરવી? વાત કરનાર તરીકે કોનું નામ આપવું ? વાતનો વિષય શું રાખવો? પણ એ પહેલાં ડાયલ છ વખત ઘૂમી ચૂક્યું હતું અને સામેથી ઘંટડી સંભળાતી હોય એવા સંકેતનો ચમકારો પણ શોભાની આંખોમાં દેખાતો હતો ! જયનાં લમણાંની નસ ઊપસવા લાગી....

'કોણ, આન્ટી ?' શોભાએ લહેકાથી હિન્દીમાં શરૂ કરીને ધીમે અવાજે પૂછ્યું : 'પેલી આવી ગઈ ?'

જયનો શ્વાસ અદ્ધર થતો ગયો. સામેથી 'હા' થઈ હોય તેમ શોભાએ બંને તરફ સંકેતમાં પોતાનું ડોકું હલાવ્યું, પછી હોઠ પર હાસ્ય ફરકાવતાં તેણે જયના હાથમાં રિસીવર પકડાવી દીધું: 'એ ફોન પર આવે છે...'

રિસીવર હાથમાં લઈને જય હેલ્લો બોલવા ગયો, પણ કંઠમાં ડૂમો બાઝી ગયો હોય તેમ અવાજ નીકળી શક્યો નહીં. આંખો મીચી દઈ એણે પશુપતિનાથનું સ્મરણ કર્યું ત્યાં જ રણકો સંભળાયો : 'હલ્લો, કોણ ?'

આંચકા સાથે જયની આંખો ખૂલી ગઈ. માત્ર બે જ શબ્દોમાં બહેનનો અવાજ પારખી ગયો. હૃદયમાં ઘૂંટાતી લાગણી ફુવારાના જોશ સાથે ગળા સુધી ઉભરાઈ આવી હોય તેમ એ કહેવા જતો હતો : 'રૂખી હું છું... હું જય... જયું તારો ભાઈ ! પણ વાસ્તવિકતાનું ભાન થતાં લાગણીના પ્રવાહને ગળા પાસેથી પાછો ધકેલી દીધો. એટલી

ધકેલી દીધો. એટલી વારમાં સામેથી ફરી પૃચ્છા થઈ : 'કોણ છો તમે ? કેમ કંઈ બોલતા નથી ?'

'હું...હું....' નામ શોધવા ફાંફાં મારતા જયને અચાનક સ્ફૂરી આવ્યું : 'હું પરશુરામ !'

અજાણ્યું નામ સાંભળીને ફોન મુકાઈ જશે એવી દહેશત જયને દઝાડી રહી હતી ત્યાં પરશુરામના નામે જુદો જ પડઘો પાડ્યો : 'ત..મે સાચ્ચે પરશુ...રામ છો ?'

'હા... ! હા... !' જયના હોઠ ધ્રૂજવા લાગ્યા : 'તમે એમ કેમ પૂછો છો ?'

'કારણ કે...' સામેથી આશંકા સાથે લાગણી પણ ભળી હોય એવો અવાજ સંભળાયો : 'એ લોકો તો એમ કહે છે કે પરશુરામ પરલોક...'

જયના હૃદય પર ઘણનો ઘા પડ્યો હોય તેમ હચમચી ઊઠ્યો: 'એ પરશુરામને ઓળખે છે, તેના મોત વિષે સાંભળ્યું છે અને અમંગળ વાત ઉચ્ચારતાં એની જીભ થોથવાય છે... એ લોકો એમ કહે છે એટલે કોણ લોકો એવું પૂછવા માટે જીભ સળવળી ત્યાં.'

'પણ તમે પરશુરામ છો એની ખાતરી શું ?'

એ સવાલે જયને મૂંઝવી નાખ્યો. એક તરફ હૃદયમાં લાગણી ફૂંફાડા મારતી હતી, બહેનને રૂખી કહીને સંબોધવા જીવ તલસતો હતો. ભાઈ તરીકે પોતાની ઓળખાણ આપવા હૈયું તડફડતું હતું, તો બીજી બાજુ વાત ચાલુ રહે એવા જવાબ ઉચ્ચારવા જીભ થોથવાતી હતી. મગજ ઘૂમરાતું હતું. આ ભીંસમાં તેની બંને આંખના ખૂણે આંસુનાં ટીપાં ઊપસી આવ્યાં.

'પરશુરામ છું એની ખાતરી કરવી હોય તો તમે કહો ત્યાં મળવા આવી જાઉં...રૂબરૂ મળશો એટલે વિશ્વાસ બેસી જશે.

'નહીં... નહીં !' પેલીએ ભયથી ફફડતા અવાજે કહી દીધું: 'એવું તો કરતા જ નહીં ! તેને બદલે સાચ્ચે જ પરશુરામ છો એની ખાતરી કરવા કોઈ સંકેત દર્શાવો.'

'સંકેત !' આંખોના ખૂણે ઊપસેલાં આંસુનાં બંને ટીપાં જયના ગાલ પર દડી ગયાં. જ્યુલી તથા શોભા ટટ્ટાર ડોકે અને

ઊચક જીવે તેને તાકી રહ્યાં હતાં. જયના ચહેરા પર દેખાતી વ્યથા બંને નારીહૃદયને વલોવી ગઈ.

'તો સાંભળો સંકેત !' જરા વાર અટકી તેણે નિશાની ઉચ્ચારી : 'ટાઇમ બૉમ્બ !'

અને જાણે બૉમ્બ ફાટ્યા પછી થોડીવારે બધું જ સૂમસામ થઈ જાય તેમ સામે છેડે ખામોશી છવાઈ ગઈ. પોતે બનાવટ કરવા ઉચ્ચારેલા નામે આવી સચોટ અસર કેમ ઉપજાવી ? નિશાની સાંભળીને રૂખીને અબોલ પ્રત્યાઘાત કેમ પાડ્યો ? જયને બધું રહસ્યમય લાગવા માંડ્યું.

'પરશુરામભાઈ !' સામેથી અત્યંત ધીમો છતાં સહાનુભૂતિથી ઘૂંટાતો અવાજ સંભળાયો ત્યારે ભાઈના સંબોધને જયની આંખો ઊભરાવી દીધી : 'બોલ બહેન !'

'તમે રડો છો ?'

એ સવાલે જયને સાવધ બનાવી દીધો. ઉતાવળે એ કહેવા ગયો : 'ના... ના !' પણ તેના અવાજની ભીનાશ સામે છેડે પહોંચી ગઈ હોય તેમ બોલી ઊઠી :

'ગભરાશો નહીં, હિંમત રાખજો... હું તમારું લખાણ વાંચી ગઈ. તેના શબ્દેશબ્દમાં સચ્ચાઈનો રણકો છે.'

'પણ એ ફાઇલ તમારા હાથમાં...'

'વધુ બોલો નહીં.' સામે છેડેથી સાવધાનીનો સૂર સંભળાયો: 'અગરવાલે લખાણની ડુપ્લિકેટ ફાઇલનો સોદો કરી નાખ્યો. પણ મૂળ લખાણ તો તમારા કબજામાં છે ને ?'

'હા...' જયથી આપોઆપ બોલાઈ જવાયું.

'તો પછી એ અગરવાલના હાથમાં ન જાય તે જો જો.' કહીને એ થોડીવાર અટકી : 'કોઈનેય જાણ ન થાય તેમ એને છપાવવાની છાની ગોઠવણ કરી લો.... છપાઈનો ખર્ચ હું આપીશ.'

હવે જયને પૂછવાનું અનુકૂળ થઈ ગયું : 'પણ તમને મળ્યા વગર ખર્ચ...'

'કહ્યું નહીં કે મળવાની વાત ઉચ્ચારતા નહીં !' એ સહેજ અકળાઈને બોલી ઊઠી : 'તમે આવતા સોમવારે આ જ સમયે,

આ જ નંબર પર ફોન કરજો... પણ જો જો આ નંબરનું સરનામું શોધીને મળવા આવશો તો હું તમને ઓળખતી નથી એમ કહીને હડધૂત કરી દઈશ. ન મળવામાં જ આપણા બંનેની સલામતી છે, સમજ્યા !'

કહીને તેણે લાઇન કાપી નાખી ત્યારે જયના હાથમાંથી રિસીવર સરકી પડ્યું !

વાતચીત દરમિયાન જયના મુખભાવ ઉત્કટતાથી નિહાળી રહેલી જ્યુલી અને શોભા કાંઈ જ પૂછી શકી નહીં. ભીતરનો ખળભળાટ થાળે પડતાં થોડીવાર લાગી ત્યાં સુધી જય લમણાં પર હાથ દાબી ખામોશ બેસી રહ્યો. સામે બે સ્ત્રી બેઠી ન હોત તો કદાચ મોકળા મને રડી લીધું હોત...

'થૅન્કસ શોભા !' ફોનનું રિસીવર ખોળામાંથી ઊંચકી ઠેકાણે મૂકતાં એણે ગળાની ભીનાશ ખંખેરી : 'કેટલાં વરસે રૂખીનો અવાજ સાંભળ્યો !'

'પણ એણે તમારો અવાજ ઓળખ્યો નહીં ?'

'બોલવામાં અસ્વસ્થતા ભળવાથી કદાચ મારો અવાજ જુદો લાગ્યો હશે.'

'પણ તમે જે પરશુરામનું નામ આપ્યું એનો અવાજ તો એ ઓળખતી હશે ને ?'

શોભાનો એ સવાલ જયને ઊલટતપાસ જેવો લાગ્યો. ટેલિફોનમાં સામેથી રૂખી શું બોલી એ ભલે શોભાએ સાંભળ્યું ન હોય પણ પોતે પરશુરામ નામ સાથે સંકળાયેલ ટાઇમ બૉમ્બનો ઉલ્લેખ કર્યો હતો તેનો ખુલાસો કરી નાખવો જોઈએ.

'વરસો પહેલાં આ પરશુરામ બનારસથી કાઠમંડુ આવેલા. અમારે ઘેર મહેમાન બન્યા હતા. એમણે રૂખીને ટાઇમ બૉમ્બની એક વાર્તા સંભળાવેલી. મેં પરશુરામ નામ આપ્યું, એને વાર્તા યાદ આવી ગઈ પણ એનું નામ સાંભરતું નહોતું. મેં નામ આપ્યું એટલે પૂછ્યું, તમે એવું પુસ્તક છપાવ્યું કે નહીં ? પછી કહ્યું કે પુસ્તક છપાવવાનો ખર્ચ હું આપીશ.... પણ મને રૂબરૂ મળવાની મનાઈ કરી !'

'તમને એણે પૂછ્યું નહીં કે આ નંબર કેવી રીતે મેળવ્યો?' શોભા સાહજિક ભાવે પૂછતી હતી છતાં જય અકળામણ અનુભવતો હતો. જ્યુલી એ સમજી ગઈ. તે પોતેય જયને ઘણું બધું પૂછી લેવા માગતી હતી, પણ શોભાની હાજરી નડતી હતી એટલે તેણે યાદ કરાવ્યું :

'નેપાલની ફ્લાઇટ આવવાનો સમય થઈ ગયો જય !' કહીને શોભા તરફ જોયું : 'ફરી મળીએ ત્યારે નિરાંતે વિચારી લઈએ કે રૂખીને મળવા માટે હવે આગળ કેમ વધવું !'

બોલતી બોલતી એ ઊભી થઈ ગઈ એટલે જયે છુટકારો અનુભવ્યો, છતાં શોભાના મનનું સમાધાન કરવાનું જરૂરી લાગ્યું હોય તેમ કહ્યું : 'એણે મને આવતા સોમવારે આ જ સમયે ફરી ફોન પર મળવાનું કહ્યું. પણ હવે એટલી ધીરજ નહિ રહે... તમે કિંમત ઠરાવીને મને જાણ કરો એટલે હું રકમની જોગવાઈ કરું.'

કહીને જ્યુલીની પાછળ પાછળ એણે પગ ઉપાડ્યા. જતાં જતાં ફરી એક વાર શોભા તરફ આભારવશ નજરે જોઈ લીધું ત્યારે પેલીએ કર્તવ્ય બજાવ્યાના સંતોષનું સ્મિત ફરકાવીને વિદાય આપી : 'આવજો, બંને !'

* * *

પાલમ ઍરપૉર્ટ પહોંચતાં સુધીમાં જ્યુલીએ જય પાસેથી રૂખી સાથેની વાતચીતની વિગત જાણી લીધા પછી બંનેને અનેક સવાલ સતાવતા રહ્યા : પરશુરામની ફાઇલ સાથે રૂખીને શું નિસ્બત? એ લખાણનું પુસ્તક છપાવવા માટેનો ખર્ચ આપવા કેમ તૈયાર થઈ? પરશુરામનું મૃત્યુ થયું હોવાનું રૂખીને કહેનારા કોણ હશે ? અને રૂખી પરશુરામને રૂબરૂમાં મળતાં કોનાથી આટલી બધી ગભરાય છે ? ન મળવામાં જ બંનેની સલામતી છે એવું તે કેમ બોલી ગઈ?

'જ્યુલી, આપણે ગમે તે ભોગે એ ફાઇલ હાથ કરવી જોઈએ !' સંકલ્પ કરતો હોય તેમ જય વારંવાર બબડ્યા કરતો હતો. તેના મગજમાં કડીઓ ગોઠવાતી રહી : રૂખી બોલી ગઈ કે અગરવાલે લખાણની નકલનો સોદો કરી નાખ્યો, પણ મૂળ નકલ

તો તમારા કબજામાં છે ને... એનો અર્થ એ કે પરશુરામે લખાણની બે ફાઇલ બનાવી હશેઃ એક ફાઇલ વાંચવા માટે અગરવાલને આપી અને અગરવાલે તેનો ઉપયોગ બ્લૅકમેઇલિંગ માટે કર્યો. પરશુરામના 'ટાઇમ બૉમ્બ'માં કોઈ બહુ જ મોટી વ્યક્તિના દુરાચારનો દારૂગોળો ભર્યો હોવો જોઈએ. એ દાનવે એક તરફ અગરવાલ દ્વારા પરશુરામને દિલ્હી બોલાવ્યો અને બીજી બાજુ પોતાના માણસને અલ્હાબાદ મોકલી પરશુરામનો પીછો કરાવ્યો... પરશુરામના મૂળ લખાણની ફાઇલ કબજે કરવાથી એનું કામ પૂરું થવાનું નહોતું. પરશુરામ જીવતો રહે તો એ જ લખાણ ફરીથી લખી શકે એટલા ખાતર તેની ફાઇલ ઝૂંટવી લઈને ખતમ કરવાનું કાવતરું ગોઠવ્યું.... પરશુરામનો જાન તો ઝૂંટવી લીધો પણ ઝૂંટવી લીધેલી બૅગમાંથી ફાઇલ ન મળી એટલે મારો પીછો પકડ્યો... કાઠમંડુની ફ્લાઇટના આગમનની જાહેરાત થઈ છતાં જય વિચારમાં ખોવાયેલો રહ્યો ત્યારે જ્યુલીએ કહેવું પડ્યું : 'વિદ્યાપતિનું પ્લેન લૅન્ડ થઈ રહ્યું છે. આપણે એની સાથે મસલત કરીને કોઈક ઉપાય શોધી કાઢશું.'

'વિદ્યાપતિની સાથે મસલત !' બબડતાં જયનું મગજ જુદી દિશામાં ફંટાયું. વિદ્યાપતિ કસ્ટમમાંથી બહાર આવે ત્યાં સુધીમાં એણે એક નિર્ણય કરી લેવાનો હતો. જ્યુલીને કહેતાં પહેલાં પોતાના અંતરઆત્મા પાસેથી સંમતિ મેળવી લેવાની હતી. જેને સૌથી પહેલી જાણ કરવી જોઈએ એ વિદ્યાપતિને જ અજાણ રાખવાનો વિચાર એના ભીતરને ધ્રુજાવી ગયો છતાં મનસૂબો મક્કમ કરી લીધોઃ

'જ્યુલી, રૂખી સાથે ટેલિફોનથી મેળાપ થયાની વાત વિદ્યાપતિથી છાની રાખવાની છે !'

'હેં !' ચોંકેલી જ્યુલી પહોળી આંખે તેને તાકી રહીઃ 'એ ખબર આપવા તો હું ક્યારની તલપાપડ થઈ રહી છું.'

'ક્યારેક સ્વજનનો વિશ્વાસઘાત કરીને પણ સત્ય છાનું રાખવું પડે છે જ્યુલી !' કરુણાભર્યા અવાજે એણે કહ્યું : 'રૂખી જીવતી છે એટલું જ જાણીને વિદ્યાપતિ આનંદથી નાચી ઊઠે છતાં એ કહેવાની ઘડીને આપણે આઘી ઠેલવી પડશે.'

'એટલા માટે કે રૂખી શોભાની જેમ કોલગર્લ...' જ્યુલી

પૂરું બોલી શકી નહીં.

'નહીં, એટલા માટે નહીં. એમ તો વિદ્યાપતિ વજ્જર દિલનો આદમી છે, પણ ગમે તે બની ગયેલી રૂખીને મળવાનો વિલંબ એ સહી શકશે નહીં. એના હૃદયમાં વેરની આગ ભભૂકી રહી છે. કોને ખબર એ શું નહીં કરી બેસે.'

'સમજી...' કહેતી જ્યુલી વિચારમાં પડી ગઈ. તેના મનનું હજુ સમાધાન થતું નહોતું : 'જય, આપણે ક્યાં સુધી એનાથી છાનું રાખી શકશું ? હવે તો દરેક વાતમાં એ આપણી સાથે હશે. કદાચ એવું પણ બને કે મોડી જાણ કરવા બદલ એ આપણને કદી માફ ન કરે...'

જય તેનો જવાબ આપે તે પહેલાં દૂરથી તેણે વિદ્યાપતિને સામાન સાથે કસ્ટમમાંથી બહાર નીકળતો જોયો. બંને હાથ પહોળા કરી એ એના તરફ ધસી ગયો. હાથમાં ઊંચકેલી બૅગ નીચે મૂકી વિદ્યાપતિ એની બાથમાં જકડાઈ ગયો : 'તારા વગર દસ દિવસ દસ વરસ જેટલાં લાંબાં લાગ્યાં જયુ !' ગળગળા અવાજે એ આગળ કાંઈક કહેવા જતો હતો, ત્યાં એની નજર જયની પછવાડે આવીને ઊભેલી જ્યુલી પર પડી. સુખદ આશ્ચર્યનો આંચકો લાગ્યો હોય તેમ જયની બાથમાંથી જુદો પડી એ જ્યુલીની સામે ટગર ટગર જોઈ રહ્યો.

'વેલ્કમ ટુ દેલ્હી વિદ્યાપતિ !' જ્યુલીએ હાથ લંબાવી લાગણીભર્યો આવકાર આપ્યો ત્યારે એક હાથ જ્યુલીના હાથમાં આપી બીજા હાથે જયના પડખામાં ઠોંસો લગાવી દીધો : 'કૉલમાં મારાથી છાનું રાખ્યું કે જ્યુલી અહીં તારી સાથે જ છે !' પછી બંનેની તરફ શંકાશીલ નજરે જોતાં ઉમેર્યું : 'કે પછી દિલ્હીમાં મળવાનું કાવતરું મારાથી છાનું કાઠમંડુમાં જ ઘડીને જુદા પાડ્યાં હતાં ?'

'વિધુ, એ સિવાયનું પણ તને કહેવા જેવું ઘણું કૉલમાં કહી શક્યો નહોતો.' કહેતાં જયે તેની બૅગ ઊંચકી લીધી : 'ઘેર જતાં રસ્તામાં તને ઝઘડવાની છૂટ છે !'

'એટલે તમે બંનેએ ઘર પણ માંડી લીધું ?'

'હા વિદ્યાપતિજી !' જ્યુલીએ તેને ચોંકાવી દઈ હળવેથી ઉમેર્યું : 'બંનેએ ઘર તો માંડ્યું; પણ અલગ અલગ !'

'તો મારે કોની સાથે રહેવાનું છે ?' ટૅક્સીમાં બેસતાં વિદ્યાપતિએ મજાકને આગળ વધારી : 'એમ કરું છું, વારાફરતી બંનેને ઘેર એક એક દિવસ રહીશ બસ !'

ટૅક્સી ચાલુ થઈ ત્યારે જયના હોઠ પર પૃચ્છા સળવળી ઊઠી : પિતાજી કેમ છે ? પણ એ સવાલ પૂછવાનું અત્યારના સંજોગોમાં જોખમી લાગ્યું. તેને બદલે તત્કાલ જેનો ઉપાય શોધવાનો હતો એ સમસ્યાથી વિદ્યાપતિને વાકેફ કરી દીધો. અલ્હાબાદ એક્સ્પ્રેસમાં મળેલા પરશુરામ, તેણે આપેલી 'ટાઇમ બૉમ્બ'ની ફાઇલ, દિલ્હી સ્ટેશન પર એનો જીવલેણ અકસ્માત, નેપાલ ભવનમાં પોતે સંતાડેલી ફાઇલ અને એ ફાઇલનો પીછો કરનારાએ આપેલી લેખિત ધમકી...

જયની વીતકકથા સાંભળીને વિદ્યાપતિ માન્યામાં ન આવતું હોય તેમ એની સામે જોઈ રહ્યો : 'દિલ્હીમાં આવતાંવેંત તારા પર આટલું વીતી ગયું છતાં તેં મને જાણ ન કરી જયુ ?'

'આ વાત ફોન પર કરવામાં જોખમ હતું વિધુ !'

'પણ હવે આ ફાઇલની ચિંતા કરવાની આપણે શું જરૂર?' વિદ્યાપતિએ દલીલ કરી : 'એના કરતાં ઘણું મહત્ત્વનું કામ આપણે પતાવવાનું છે... મને તો એમ કે તારી પાસેથી રૂખીના ખબર સાંભળવા મળશે !'

સાંભળીને જયના કાળજે ચિરાડ પડી. એણે ખામોશ થઈ જવું પડ્યું એટલે જ્યુલીએ વાત ઉપાડી લીધી :

'પેલી ફાઇલ આપણને રૂખી સુધી પહોંચવામાં મદદરૂપ થાય તેમ છે.'

'એ કઈ રીતે ?'

'એમાં એક એવા દાનવની વાત છે જેણે અનેક સ્ત્રીઓની જિંદગી બરબાદ કરી છે.' જ્યુલીએ અર્ધસત્ય ઉચ્ચારીને ઉમેર્યું : 'વિધુભાઈ, દલીલ અને ચર્ચા કરવા રહીશું તો ફાઇલ હાથમાંથી સરકી જશે... ફ્લશની ટાંકીમાં ફાઇલ સંતાડ્યાને આજે સાત દિવસ

થઈ ગયા.'

'તો તો પાણીની ટાંકીમાં ફાઇલનું લખાણ ધોવાઈ ચૂક્યું હશે.'

'નહીં વિધુ, મેં પ્લાસ્ટિકની કોથળીમાં સાચવીને એ મૂકી છે.'

વિદ્યાપતિને ઘડીભર તો થયું કે ફાઇલને વાતચીતમાંથી ફગાવી દઈ કાઠમંડુમાં પોતે હાથ કરેલી કડીની વાત ઉખેળું.... પણ જય જ્યુલીની ઉત્કટતા જોઈને તેણે વિચાર બંદલી નાખવો પડ્યો. જુગારખાનામાં પાસો નાખતા ખેલાડીની ઢબે એણે ટૅક્સી રોકાવી દીધી. પેલા બંને તેની એ ચેષ્ટાથી હેબતાયાં એટલે હસીને કહ્યું :

'અહીંથી તારું ઘર કેટલું છે જયુ ?'

'બસ હવે પાંચેક મિનિટ જેટલું.'

'અને નેપાલ ભવન ?'

'પંદર મિનિટ જેટલું !'

'તો પછી હું તારે ત્યાં નથી આવતો. ઝડપભેર વિચારી લીધેલી યોજના સમજાવતાં એણે કહ્યું : 'હું આજે નેપાલ ભવનનો મહેમાન બનું છું. ત્યાં જઈને પહેલાં તો એ જાણી લઈશ કે ત્રણ નંબરનો રૂમ હજુ ઊઘડ્યો છે યા નહીં !'

'અને બંધ હશે તો ?'

'તો ફાઇલ હાથ કરવા માટે કોઈ તરકીબ અજમાવીશ.'

'નહીં વિધુ, એમાં જોખમ છે.' જયના અવાજમાં ભયની ધ્રુજારી ભળી, 'પેલા માણસો બહુ ખતરનાક છે.'

'તો આ વિદ્યાપતિ ક્યાં ઓછો ચબરાક છે !' એણે આત્મવિશ્વાસ સાથે સંભળાવ્યું : 'હજારો લોકોને જુગાર રમાડી ચૂકેલાને જીતવાની બાજી ખેલતાં ન આવડે તો તો થઈ રહ્યું ને !' પછી ટૅક્સી ડ્રાઇવરને કહ્યું : 'પેલા સા'બ કે ઘર પર લે લો, બાદ મેં હમેં નેપાલ ભવન પહુંચા દો.'

છતાં જયની આનાકાની ચાલુ રહી ત્યારે એણે એનો હાથ પોતાના પંજામાં લેતાં કહ્યું : 'મને એકવાર ત્યાં તો જવા દે, કાંઈ પણ કરતા પહેલાં હું તમને બંનેને જાણ કરીશ બસ !'

ત્યારે જય કે જ્યુલી પાસે વિરોધ કરવાનું કોઈ સદ્ધર કારણ

રહ્યું નહીં. લાગણીના આવેશમાં જયદેવે વિદ્યાપતિનો હાથ જોરપૂર્વક દાબી રાખ્યો.

* * *

'મૅનેજરસાહેબ, આપણા માટે રૂમની જોગવાઈ થઈ શકે એમ છે ?' વિવેકથી પોતાનો પાસપોર્ટ નેપાલ ભવનના મૅનેજર તરફ સરકાવી તેના ચહેરાનું નિરીક્ષણ કરતાં વિદ્યાપતિએ કહ્યું . 'તમને ક્યાંક જોયા હોય એવું ફિલ થાય છે.'

ત્યારે મૅનેજરે વિદ્યાપતિની સામે જોતાં પાસપોર્ટ ખોલ્યો તો તેમાંથી પચાસ રૂપિયાની નોટ સરકીને તેના ખોળામાં પડી. પોતે એ જોયું નથી એવા દેખાવ સાથે વિદ્યાપતિએ વાતચીત ચાલુ રાખી: 'આમ તો દિલ્હીમાં અર્ધો ડઝન ઓળખીતા ઇન્ડિયનોનાં સરનામાં આપણી ડાયરીમાં છે. વરસમાં બે વખત કાઠમંડુના કેસીનોમાં રમવા આવે ત્યારે બહુ આગ્રહ કરી જાય કે દિલ્હી આવો તો આપણા જ મહેમાન બનવાનું છે.'

એક તરફ પચાસ રૂપિયાની દક્ષિણા અને બીજી બાજુ ગરજાઉ ન હોવાનો દેખાવ... હસીને મૅનેજરે રૂમની પોઝિશન જોવા રજિસ્ટર નજીક ખેંચ્યું એટલે વિદ્યાપતિએ વિશેષ ખુલાસો કર્યો :

'એ અર્ધો ડઝનમાંથી કોઈના મહેમાન બનતાં પહેલાં આપણા જ ભવનથી શરૂઆત કેમ ન કરવી ? વારાફરતી દરેકને મળીને ચકાસણી કરી જોઈશ કે ખરેખર કોણ મહેમાન બનાવવા માગે છે ?'

'છે !' મૅનેજરે રજિસ્ટરમાંથી માથું ઊંચું કરતાં કહ્યું : 'એક રૂમ મળી શકે એમ છે !'

'આપણને એક જ રૂમ જોઈએ છે ને સાહેબ !'

'ગઈ કાલે આવ્યા હોત એ ન મળત !' કહીને મૅનેજરે તેના તરફ રજિસ્ટર સરકાવ્યું : 'લ્યો, નામ-ઠામ ભરી દો... તમને ત્રણ નંબરનો રૂમ આપું છું.'

'ત્રણ નંબર !' વિદ્યાપતિએ બુશકોટના ખિસ્સામાંથી કાઢેલી બોલપેન હાથમાંથી સરકી પડી. કામ આટલું આસાન બની જશે

એ ધાર્યું નહોતું. આનંદના અતિરેકમાં મૅનજરના વધેલી દાઢીવાળો ગાલ ચૂમી લેવાનું શૂરાતન ચડી આવ્યું ત્યાં-

'ત્રણ નંબર સાંભળીને આટલા બધા ચમકી કેમ ગયા પશુપતિ ?'

'પશુપતિ નહીં, વિદ્યાપતિ....' કહીને તેણે ઝડપભેર ખુલાસો શોધી કાઢ્યો : 'વાત એમ છે કે વર્ષોથી કેસીનોમાં કામ કરીને આંકડાના શુકન-અપશુકનમાં માનતો થઈ ગયો છું. ત્રણનો આંકડો આપણા માટે ભારે શુકનિયાળ છે, દિલ્હીનું કામ ફટાફટ થઈ જવાનું !'

'શુકન-અપશુકન તો સૌ સૌનાં કિસ્મતની વાત છે. ગયા સોમવારે એ જ ત્રણ નંબરના રૂમમાં પેલો કટ્ટોખાનો જયદેવ ઊતર્યો અને બિચારો ઉપાધિમાં મુકાઈ ગયો. અઠવાડિયા સુધી રૂમ બંધ રહ્યા પછી આજ સવારે જ ખોલ્યો.'

'પણ સાફસફાઈ તો બરાબર કરાવી છે ને ?'

'સાહેબ, આપણા મૅનેજમેન્ટમાં કાંઈ કહેવાપણું ન હોય.'

તેના પોરસના જવાબમાં સ્મિત આપી વિદ્યાપતિએ અધીરાઈભેર રૂમનો કબજો લઈ લીધો. સામાન મૂકી, પંખો ચાલુ કરીને ગુરખો નોકર બહાર નીકળ્યો એટલો વિલંબ પણ તેને વસમો લાગ્યો. એકલા પડતાં જ બારણાં બંધ કરી દઈ બાથરૂમ-કમ-લેટ્રિનમાં એ પહોંચી ગયો. નળના કોક પર પગ ટેકવી ઉપર ચડ્યો. મોડો પડે તો ટાઇમ બૉમ્બ ફાટી પડવાનો હોય એટલી ઝડપે ફ્લશની ટાંકીનું ઢાંકણું ખોલી અંદર હાથ નાખ્યો ત્યાં જ એના શરીરનું જોશ ઓસરી ગયું. ટાંકીમાં પાણી સિવાય કાંઈ જ નહોતું. ફાઇલ ગાયબ થઈ ગઈ હતી !

કદાચ ફાઇલ નીચે બેસી ગઈ હશે એવી આશામાં વિદ્યાપતિએ વધુ ઊંચા થઈ ટાંકીના તળિયા સુધી હાથ લંબાવ્યો. પણ આશા ઠગારી નીવડી. ઝાટકા સાથે હાથ પાછો ખેંચી લઈ તેણે નીચે ભૂસ્કો માર્યો.

કાલ રાત સુધી રૂમ બંધ હોય તો પછી ફાઇલ કોના હાથમાં ગઈ ? હાંફતી છાતીએ વિદ્યાપતિ વિચારતો હતો : મૅનેજરને પૂછવું

તો કઈ રીતે ? કાંઈક સૂઝી આવ્યું હોય તેમ ફરી ઉપર ચડી જઈને તેણે ટાંકીની અંદરનો ગોળો નીચે દબાવી દીધો.

નીચે ઊતરી ટાંકીની સાંકળ ખેંચી જોઈ. પાણી બહાર આવ્યું નહીં એની ખાતરી થતાં ચહેરા પરનો પસીનો લૂછતો મૅનેજર પાસે પહોંચી ગયો.

'સાહેબ, તમે તો કહેતા હતા કે રૂમની બરાબર સાફસૂફી કરાવી છે. આપના મૅનેજમેન્ટમાં કોઈ ખામી ન હોય...પણ પાયખાનાની ટાંકી જ ચાલતી નથી !'

'શું વાત કરો છો સાહેબ !' મૅનેજરની આંખો આશ્ચર્યથી પહોળી થઈ : 'સવારે મેતરાણી સફાઈ કરવા આવી ત્યારે ટાંકી ચાલતી નહોતી એટલે પ્લમ્બરને બોલાવી રિપૅર કરાવી ત્યાં વળી શું થઈ ગયું ?'

'સવારે રિપૅર કરાવી ?' વિદ્યાપતિનો શ્વાસ અદ્ધર થઈ ગયો : 'કોણ છે તમારો પ્લમ્બર ?'

મૅનેજરે ખાનામાંથી બિલ કાઢીને ધર્યું, 'જુઓ, પંદર રૂપિયાનું બિલ પણ ચૂકવી આપ્યું. હમણાં જ ફોન કરીને ફરી બોલાવી લઉં છું.'

વિદ્યાપતિએ બિલ પર છાપેલું નામ વાંચી લીધું : 'સરદાર પ્લમ્બિંગ.' એટલી વારમાં ફોન લાગ્યો એટલે મૅનેજરે નેપાલી લઢણની હિન્દીમાં શિકાયત સંભળાવી : 'સરદારજી, તમે સવારેકયા અનાડીને ટાંકી સમારવા મોકલ્યો હતો ? બિલ વસૂલ કરી ગયો પણ કામમાં વેઠ ઉતારી ! હા, હા, જલદી બીજા કોઈને મોકલોને ભાઈસાબ !' પછી ફોન મૂકીને વિદ્યાપતિને આશ્વાસન આપ્યું : હમણાં જ બીજો માણસ આવી જશે, બાજુમાં જ છે.'

ત્યારે વિદ્યાપતિ વધુ હતાશ થયો. સવારવાળો જ માણસ આવ્યો હોત તો આડકતરી રીતે જાણી શકાત કે ટાંકીમાં શું ખરાબી હતી ? કદાચ એ જ બોલી નાખત કે સાહેબ આ માણસો કેવા વિચિત્ર હોય છે ! ટાંકીમાં કાગળના ડૂચા ભરાવી દે પછી ચાલે ક્યાંથી ?

રિપૅર કરવા બોલાવેલા પ્લમ્બરે અર્ધી મિનિટમાં મૅનેજરની

સામે ટાંકી ચાલુ કરી આપીને સંભળાવ્યું : 'સાહેબ, તમારે ત્યાં ઉતારુ એવા આવે કે ટાંકી વાપરતાં ન આવડે અને ધક્કા અમને ખવડાવે.'

વિદ્યાપતિને એ મેણું આકરું લાગ્યું પણ માઠું લગાડવાનો સમય નહોતો. જુવાન પ્લમ્બર સામે હસીને કહ્યું : 'ટાંકી તો બચપણથી વાપરતાં આવડે છે પણ અમારા નેપાલમાં બધી જ ચીજો વિદેશી વપરાય છે, તમારી ઇન્ડિયા મેઇડ ટાંકી વાપરવાનું શીખી જતાં થોડો સમય લાગશે.'

સરદાર પ્લમ્બરને એ રમૂજમાં મજા પડી ગઈ. ઓજારનો કોથળો ઊંચકતાં એણે કહ્યું : 'મૅનેજરસાહેબે શિકાયત કરી એટલે અમારા શેઠે બિચારા શેરૂને ધમકાવી નાખ્યો.'

'શેરૂ !' વિદ્યાપતિએ ઝીણી આંખ કરીને પૂછી લીધું : 'એ વળી કોણ ?'

'કેમ, સવારે ટાંકી રિપૅર કરી ગયો તે...હજુ નવોનવો છે, અભણ છે પણ કારીગર કાબેલ છે.' કહીને એ રવાના થયો એટલે વિદ્યાપતિએ મનમાં નામ ગોખી નાખ્યું : સરદાર પ્લમ્બિંગ; કારીગર શેરૂ.... હવે એને પકડીને ફાઇલનો પીછો કરવો પડશે !

પંદર

'ખરેખર બહુ ખોટું થયું !' નીચલા હોઠનો ખૂણો કરડતો જય બબડ્યો : 'ફાઇલ હવે પેલા બદમાશોના હાથમાં પહોંચી જવાની.'

'કહું છું થોડી ધીરજ રાખ જય !' દીવાનખંડમાં લટાર મારતા અટકી જઈને વિદ્યાપતિએ તેને ટપાર્યો : 'સામેવાળાની બાજી ખુલ્લી થયા પહેલાં જ તું હારી ગયાનો અફસોસ શું કામ કરે છે?' કહીને એ બાલ્કનીમાં પહોંચી ગયો : 'પેલો હમણાં જ આવવો જોઈએ.'

નેપાલ ભવનથી વિદ્યાપતિએ જયને ફોન પર સંકેત દ્વારા એટલું જ કહ્યું હતું કે હું અત્યારની ફ્લાઇટમાં આવ્યો છું. અહીં નેપાલ ભવનમાં ઊતર્યો છું. અહીંનો ફોન નંબર લખી લેજો અને હા, મારો રૂમ નંબર છે ત્રણ !

રૂમ નંબર ત્રણ સાંભળતાં જ જય અને જ્યુલી આનંદથી ઊછળી પડેલાં : 'તો તું જલદી અહીં આવી જા. જોજે પેલી ફાઇલ છુપાવીને લાવજે ! કોઈને વહેમ ન પડે...'

પણ વિદ્યાપતિએ આવીને ફાઇલ ગુમ થયાની જાણ કરી ત્યારે બંને સ્તબ્ધ બની ગયેલા. જાણે દાનવ હાથમાંથી છટકી ગયો હોય એવો આઘાત અનુભવ્યો હતો. કદાચ બપોરે રૂખી સાથે ફોનમાં વાત થઈ ન હોત, પરશુરામને તે ઓળખતી ન હોત, ફાઇલ વિષે

કાંઈ જાણતી ન હોત અને પોતાના ખર્ચે પુસ્તક છપાવવાનો આગ્રહ વ્યક્ત કર્યો ન હોત તો જયને ફાઇલ ગુમ થવાનું આટલું વસમું ન લાગત. પરશુરામના 'ટાઇમ બૉમ્બ'નો દાનવ કદાચ રૂખીની જિંદગી બરબાદ કરનારો પણ હોઈ શકે. શોભા જેમ પોતાની જિંદગી બરબાદ કરનારનું ખૂન કરીને બદલો લેવા માગતી હતી તેમ રૂખી તેના દાનવનું પુસ્તક પ્રગટ કરીને વેર વાળવા ઇચ્છતી હશે...'

'તમે બંને આટલા બધા હતાશ કેમ થઈ ગયા ?' વિદ્યાપતિએ જય અને જ્યુલીનો પ્રત્યાઘાત પામી જતાં કહ્યું હતું: 'તમારી આ રોતી સૂરત જોવા માટે નહીં, ફાઇલનો પીછો કરવાના મક્કમ ઇરાદે નેપાલ ભવનથી દોડી આવ્યો છું.'

'હવે એનો કોઈ જ અર્થ નથી વિધુ !' જયે બોદા અવાજે હતાશા વ્યક્ત કરેલી : 'એ ફાઇલ બાબત કોઈને પણ પૂછપરછ કરવામાં આપણા ત્રણેના જાનનું જોખમ છે... તું જાણતો નથી, એ લોકો કેવા ઘાતકી છે !'

'નેપાલ છોડતી વખતે હું પણ ઘાતકી બનવાનું નક્કી કરીને જ નીકળ્યો હતો.' વિદ્યાપતિએ બંનેને ચોંકાવી દીધેલા : 'તું કહે છે કે એ ફાઇલ આપણને રૂખી સુધી પહોંચાડતી કડી જેવી છે તો રૂખી સુધી પહોંચવા માટે હું ગમે તે જોખમ ખેડવા તૈયાર છું.'

ત્યારે જયદેવે થોડી વાર વિદ્યાપતિ સામે તાકી રહીને જ્યુલી તરફ જોયું હતું. જાણે એ જ્યુલીને પૂછતો હોય : ફોન પર થયેલા રૂખીના મેળાપની વાત કહી દઉં ?

પણ એ પહેલાં તો વિદ્યાપતિએ ફોનનું રિસીવર ઊંચક્યું એટલે જયદેવ ભડકીને પૂછી બેઠો હતો : 'કોને ફોન જોડે છે ?'

'સરદાર પ્લમ્બિંગને !'

'શું કામ ?'

'પેલા શેરૂને અહીં બોલાવવા !'

સાંભળતાં જ ઝાપટ મારીને જયે તેના હાથમાંથી રિસીવર ખૂંચાવી લીધું હતું : 'આવેશમાં આવીને તું શું કરી રહ્યો છે એનું કાંઈ ભાન છે ?'

'અને મને રોકીને તું શું કરી રહ્યો છે એનું તને ભાન છે ?'

એ સામો ઘૂરક્યો હતો : 'જય, બહેનની તલાશ ખાતર તેં પાપ અંગીકાર કર્યાં, ઘર છોડ્યું અને હવે એનો પત્તો મેળવવામાં મદદરૂપ થાય એવી કડી હાથ કરવા માટે થોડું જોખમ ઉઠાવતાં મને રોકે છે ? રૂખીની શોધ કરવાનો તારો ઉત્સાહ ઠરી ગયો કે ?'

જયને બહુ આકરું લાગ્યું હતું એ મેણું. વિદ્યાપતિથી એક વાત છાની રાખીને પોતે કેવા અનર્થ તરફ ધકેલાઈ રહ્યો હતો ! ગમ ખાઈ જઈને તેણે વાળી લીધેલું : 'વિદ્યુ, તું મને એટલું તો સમજાવ કે ફોન કરીને તું પ્લમ્બરને શું કહેવા માગે છે ?'

'એને આપણા ઘરની ટાંકી રિપૅર કરવા બોલાવવા માગું છું.' કહીને વિદ્યાપતિએ ઉમેર્યું હતું : 'બોલ, એની સામે તને વાંધો છે ?'

વાંધો હોવા છતાં જયે નમતું જોખી દીધેલું : 'ભલે તો બોલાવ, પણ ત્યાર પહેલાં જ્યુલીને નીચે મોકલવી પડશે.'

સાંભળીને જ્યુલીની જેમ વિદ્યાપતિ પણ ચોંક્યો હતો : 'આમાં જ્યુલી ક્યાં વચ્ચે આવી ?'

'જ્યુલી નહીં, નીચેવાળી બિશાખા વચ્ચે ન આવે એટલા માટે જ્યુલીને નીચે મોકલવી જરૂરી છે.' કહેતાં તેણે સમજાવેલું : 'ઉપર નીચેનો ફોન એક જ છે. અહીંથી તું ડાયલ ઘુમાવીશ એટલે બિશાખાને નીચે જાણ થઈ જશે કે ફોન જોડાયો છે. કુતૂહલ ખાતર એ રિસીવર ઊંચકીને સાંભળશે કે તું પ્લમ્બરને ટાંકી રિપેર કરવા બોલાવે છે તો એ ઉપર આવીને વિઘ્ન ઊભું કરશે. ટાંકીમાં શું ખરાબી છે એની પૂછપરછ કરશે, આપણો પ્લમ્બર જુદો છે એમ કહીને એ બીજા કોઈકને રિપૅર માટે બોલાવશે...'

'તો પહેલેથી ચોખવટ કરવી'તી ને !' ટાઢા પડેલા વિદ્યાપતિએ જ્યુલી સામે જોયું હતું : 'તો ભાભીસાહેબા, આપ નીચે પધારો અને પેલી બિશાખા કે ત્રિશાખા જે હોય તેને વાતોમાં પરોવી રાખો જેથી આપણી ખાનગી વાત સાંભળી લેવાનો એને મોકો ન મળે.'

'જેવો આપનો હુકમ !' કહેતી જ્યુલી ઊઠી એટલે જયે તાકીદ કરેલી : 'કાંઈક બહાનું કાઢીને જજે, ખાંડ કે કૉફીના ડબ્બા તો અર્ધા ભરેલા છે... તેને બદલે દૂધ ઉછીનું લેવા જજે.'

એટલું સારું હતું કે વિદ્યાપતિ નેપાલ ભવન તરફ રવાના થયો

થયો ત્યાર પછી ઉપર આવતાં પહેલાં બિશાખા સાથે પોતે જ્યુલીની ઓળખાણ કરાવી દીધેલી. પિછાણ તો પોતાનીએ મિત્ર તરીકે કરાવેલી દીધો હતો: જયુલી વિનાસંકોચે બિશાખા સમક્ષ સંબંધ ઉઘાડો પાડી દીધો હતો : 'પહેલાં મિત્રો હતાં, હવે પતિ-પત્ની થવાનાં છીએ....' સાંભળી બિશાખા થોડી હેબતાઈ ગઈ હતી પણ વિનાવિલંબે હસીને બોલી ઊઠેલી : 'ત્યારે તો તમે જલદી ઉપરના ઘરમાં રહેવા આવી જશો અને મને તમારી કંપની મળશે.'

જ્યુલી બિશાખાને કંપની આપવા નીચે ઊતરી એટલે વિદ્યાપતિએ પ્લંબરને ફોન જોડ્યો : 'સરદાર પ્લમ્બિંગ ? હું ચાણક્યપુરીથી બોલું છું. અમારી એક ટાંકી ખરાબ થઈ ગઈ છે. ઘેર મહેમાન આવ્યા છે એટલે તાબડતોબ રિપેર કરવાની છે. હા હા, કામ નાનું છે એટલે નાના માણસને મોકલશો તો ચાલશે. કાંઈ વાંધો નહીં. આવવા-જવાનો રિક્ષા ખર્ચ પણ આપશું...' કહીને ફોન મૂકતાં પહેલાં પૂરું સરનામું લખાવીને પૂછી લીધેલું : 'કોને મોકલો છો, જરા નામ કહેશો ? પ્લમ્બરને બદલે કોઈ ભળતો માણસ ઘરમાં ઘૂસી ન આવે એટલા માટે પૂછું છું...' પણ પેલાએ નામ આપવાને બદલે જુદું જ કહ્યું હતું : 'માણસ કંપનીના નામનું કાર્ડ લઈને આવશે.'

એવા જવાબ પર ગિન્નાઈ વિદ્યાપતિએ રિસીવર મૂકી તો દીધું, પણ જયને કળાવા દીધું નહોતું : 'હવે જો, હું કેવી તરકીબ અજમાવું છું !' કહેતો એ પાયખાનાની ટાંકીમાં કાંઈક ખરાબી કરવા અંદર ચાલ્યો ગયેલો.

જ્યુલી પંદર મિનિટે નીચેથી દૂધ લઈને આવી છતાં પ્લમ્બરનો માણસ દેખાયો નહીં ત્યારે જયે ટકોર કરી : 'બાલ્કનીમાં રાહ જોઈને ઊભા રહેવાથી એ કાંઈ જલદી નહીં આવે.... તેને બદલે કૉફી પીતાં પીતાં વતનની કાંઈક વાત કર... તેં ફોન પર લાખ રૂપિયાની જોગવાઈ રાખવાનું કહેલું એ શું છે ?'

છતાં વિદ્યાપતિ બાલ્કનીમાંથી હઠ્યો નહીં કે કાંઈ જવાબ પણ આપ્યો નહીં, ત્યારે જયદેવે તેને ખેંચી લાવવા ઊઠવું પડ્યું. બાલ્કનીમાં જઈને એ જેવો હાથ પકડવા ગયો કે મકાન સામે એક રિક્ષા ઊભી રહેલી દેખાઈ. રિક્ષાવાળાને પૈસા ચૂકવી અઢારેક

વરસના એક છોકરાને હાથમાં પ્લાસ્ટિકની થેલી સાથે નીચે ઊતરતાં જોયો. પેલો ભૂલથી મોટા દરવાજેથી બિશાખાના ઘરમાં ઘૂસી જશે એવી દહેશતથી જય તાળી પાડીને એને ઉપર બોલાવવાની ચેષ્ટા કરવા જતો હતો ત્યાં વિદ્યાપતિએ તેને રોક્યો : 'અવાજ કરીને તારી નીચેવાળીનું ધ્યાન ખેંચવા માગે છે !' કહીને તેણે ઇશારતથી છોકરાને નાનો દરવાજો ચીંધતાં સમજાવ્યું: 'આ તરફથી ઉપર આવી જા !'

'જ્યુલી, હવે તો તમે ફર્સ્ટ ક્લાસ કૉફી બનાવો.' બાલ્કનીમાંથી ઓરડામાં આવતાં ઉત્સાહભેર વિદ્યાપતિએ કહ્યું : 'અને જય, તું જરા ઠાવકો રહીને જે થાય તે જોયા કરજે.'

'ભલે વિધુ, તું પણ તારા ઉત્સાહને જરા કાબૂમાં રાખજે. પેલો છોકરો ફાઇલવાળો શેરૂ જ છે એની ખાતરી કર્યા વિના પૂછપરછ નહીં કરી બેસતો.'

'એ તારે મને ન શીખવવાનું હોય જગ્ગુ ! જુગારખાનામાં છ-છ વરસ કામ કર્યું છે. ક્યારેક બ્લાઇન્ડની બાજીમાં હલકાં પત્તાંથીય જીતી જવાય છે !'

એ જ વખતે પેલો દરવાજે આવીને ઊભો રહ્યો. દૂબળો પાતળો દેહ, હસતી આંખો, ઇસ્ત્રી વગરનાં કપડાં, ઝૂણા વાળનાં દાઢીમૂછ અને માથાના અંબોડા પર વીંટાળેલો કપડાનો સફેદ કટકો...

'આવ, આવ, શેરસિંઘ !' વિદ્યાપતિએ નામ પૂછવાને બદલે નામથી જ આવકાર આપ્યો : 'અંદર આવી જા, તારા શેઠ કહેતા હતા કે અમારો શેરૂ બે મિનિટમાં તમારી ટાંકી ઠીક કરી દેશે !'

ત્યારે પોરસના ભાવથી પેલો હસ્યો એટલે વિદ્યાપતિએ જય સામે સંકેતની નજરે જોયું : મારી ધારણા સાચી પડી ને !

'શેરૂ, ચાલ તને હું ટાંકી દેખાડું.' કહેતો વિદ્યાપતિ એને પાયખાના તરફ દોરી ગયો. બારણું ખોલીને પોતે ફ્લશની સાંકળ ખેંચી, પાણી ન આવ્યું એટલે કહ્યું : 'ઘરમાં પરદેશી મહેમાન આવ્યા ત્યારે જ ટાંકી બગડી ગઈ !'

પેલો પ્લાસ્ટિકની થેલીમાંથી ઓજાર કાઢતો હતો એ

અરસામાં વિદ્યાપતિ સરકીને દીવાનખાનામાં આવી ગયાં. જયને તેની ધીરજ ખટકતી હતી, ચાલબાજી સમજાતી નહોતી.

બીજી જ મિનિટે ટાંકીમાંથી પાણીનો પ્રવાહ વહેવાનો અવાજ આવ્યો ત્યારે બંનેની નજર ટકરાઈ. વિદ્યાપતિ મલક્યો, જયે અબોલ રહીને દૃષ્ટિથી પૂછ્યું : 'એમાં ખુશ થવા જેવું શું છે?'

'લ્યો સા'બ, ટાંકી ચાલુ થઈ ગઈ.' પ્લાસ્ટિકની થેલી સાથે ઉત્સાહભેર દીવાનખાનામાં આવી શેરૂએ કહ્યું : 'અંદરનો ગોળો જરા આડોઅવળો થઈ ગયેલો. તમે જાતે પણ કરી શકત એટલું નજીવું કામ હતું.'

'અમે જાતે કરવા માંડીએ તો તમારા લોકોનો ધંધો કેમ ચાલે ?' વિદ્યાપતિએ રમૂજ છેડીને તેને હસાવ્યો. પછી રસોડા તરફ સાદ પાડ્યો : 'જ્યુલી, શેરૂ માટે કૉફી લેતી આવજે.'

'નહીં સા'બ, હું ચા પીને જ આવ્યો.' પેલાએ આનાકાની કરતાં કહ્યું : 'બિલ ચૂકવી દો એટલે જાઉં.'

ત્યાં સુધીમાં જ્યુલી ટ્રેમાં કૉફીના ત્રણ કપ અને એક ગ્લાસ સાથે આવી પહોંચી. કૉફીનો ગ્લાસ શેરૂના હાથમાં ધરીને ટ્રે ટિપાઈ પર મૂકી એટલે વિદ્યાપતિએ પૂછ્યું :

'કેટલું બિલ થયું તારું ?'

'પંદર રૂપિયા રિપૅરિંગના અને સાત રૂપિયા આવવા-જવાનું રિક્ષાભાડું.'

'એટલે કે બાવીસ રૂપિયા અને બીજી તારી બક્ષિસ !'

'નહીં સા'બ, આટલા નાના કામની બક્ષિસ શેની ?' કહેતાં એણે દીવાલનો ટેકો લઈ ઉતાવળે ગરમાગરમ કૉફી પીવા માંડી: 'બાવીસ રૂપિયા જ આપો, બક્ષિસમાં કૉફી મળી ગઈ.'

વિદ્યાપતિ મૂંગા રહીને કૉફી પીતો તેનું નિરીક્ષણ કરતો રહ્યો. કૉફી પીવાની શેરૂની ઉતાવળનો અર્થ તેણે તારવી લીધો. ગ્લાસ ખાલી થયો એટલે પેલાએ ઉઘરાણી કરી : 'સા'બ, બિલ આપો તો હું જાઉં ! મોડું થશે તો શેઠનો ઠપકો સાંભળવો પડશે.'

બિલની માગણીથી અચરજ થયું હોય તેમ વિદ્યાપતિએ પહોળી આંખે તેની સામે જોયું : 'શેરૂ, બિલની રકમ તો તને મળી ગઈ!'

સાંભળી શેરૂની જેમ જય અને જ્યુલી પણ ચમક્યાં, વિદ્યાપતિએ શું રમત માંડી છે !

'સા'બ, મજાક કરો છો !' પેલાએ ગ્લાસ નીચે મૂકી પ્લાસ્ટિકની ઝોળી ઊંચકતાં કહ્યું : 'પૂછો તમારા આ મહેમાનોને, બિલની રકમ તમે ક્યાં આપી છે ?'

ત્યારે વિદ્યાપતિએ રહસ્ય સ્મિત ફરકાવ્યું : 'શેરૂ, બિલ ચૂકવવાની અમારી રીત નિરાળી છે. પાણીની ટાંકીમાંથી તને પ્લાસ્ટિકની એક કોથળી મળી ને ?'

સાંભળતાં જ પેલો આંચકા સાથે ક્ષોભીલો પડી ગયો એટલે વિદ્યાપતિએ રહસ્ય ઉઘાડું કર્યું : 'તેં ઓજાર સાથે એ કોથળી તારા થેલામાં મૂકી તેમાં દસ-દસની ત્રણ નોટ છે, ગણી જો !'

અને પેલાના હાથમાંથી પ્લાસ્ટિકનો થેલો વચકીને નીચે પડી ગયો. અપરાધના બોજથી તેની ગરદન પણ નીચે ઝૂકી ગઈ. જય અને જ્યુલી વારાફરતી વિદ્યાપતિ અને શેરૂને જોતાં રહ્યાં. એમણે માન્યું કે વિદ્યાપતિ હમણાં પેલા બિચારા પર ચોરીનો આરોપ મૂકશે...

'શેરૂ, આજનો દિવસ તારા માટે કંઈક જુદો જ ઊગ્યો લાગે છે... સવારે નેપાલ ભવનના ત્રણ નંબરના રૂમની ટાંકીમાંથી એક ફાઇલ મળી હતી અને અત્યારે...'

સાંભળતાં જ પેલાની ગરદન ઝાટકા સાથે ઊંચી થઈ. તેનો ચહેરો રડું રડું થવા લાગ્યો : 'આ સાહેબે ચાલબાજી કરીને મને ચોરીમાં ફસાવ્યો !'

'એમાં આટલો બધો ગભરાઈ કેમ ગયો શેરૂ ?' વિદ્યાપતિને થયું કે વાતને હવે વાળી લેવી જોઈએ : 'સવારે મળેલી ફાઇલ તારે કોઈ કામની નથી અને મારે કિંમતી છે.' કહેતાં એણે ખિસ્સામાંથી સોની નોટ કાઢીને તેની સામે ધરી : 'અત્યારના કામની બક્ષિસના આઠ રૂપિયા તો તને મળી ગયા, સવારના કામની બક્ષિસના આ સો લઈ લે !'

ત્યાં સુધીમાં પેલાની આંખોમાં ઝળઝળિયાં ઊભરાઈ આવ્યાં: 'સા'બ, મને ચોરીની આદત નથી પણ...' કહેતો એ હીબકાં ભરવા લાગ્યો...

'અરે ઓ સરદાર કા બચ્ચા !' વિદ્યાપતિ ઊભો થઈ તેની નજીક ગયો : 'તને રડવાનું કોણે કહ્યું ! સારું થયું કે એ ફાઇલ તેં સાચવી લીધી. હવે એટલું કહે કે એ પલળી તો નથી ગઈ ને?'

વિદ્યાપતિ પાસે આવીને ઊભો ત્યાં જ પેલો થરથર કાંપવા લાગ્યો હતો. હમણાં એકાદ ફેંટ ઝીંકી દેશે એવી વિહ્વળતાથી તેણે ઊંચે જોયું : 'સા'બ, એ ફાઇલ તો મેં કોઈને આપી દીધી.'

'આપી દીધી ?' જયનો તરડાયેલો અવાજ ઊછળી પડ્યો: 'કોને આપી દીધી ?'

'એક રદ્દીવાલાને !'

સાંભળીને જય ધૂંધવાઈ ઊઠ્યો : 'બેવકૂફ ! અર્ધા એક રૂપિયા ખાતર તું ફાઇલ પસ્તીવાળાને આપી આવ્યો !'

'એમાં શું બગડી ગયું ?' વિદ્યાપતિએ જયને વચ્ચે બોલતો રોકીને કહ્યું : 'ચાલ શેરૂ, આપણે સાથે જઈને રદ્દીવાળાની દુકાનેથી ફાઇલ પાછી લઈ આવીએ.'

ત્યારે પેલો ચકળવકળ આંખે તેને જોવા લાગ્યો. તેના હોઠ થોડીવાર ધ્રૂજતા રહ્યા. માંડ માંડ એ બોલી શક્યો : 'સા'બ, એ ફાઇલ સિંધી શેઠ લઈ ગયા !'

'સિંધી શેઠ ?' વિદ્યાપતિનો અવાજ ઉગ્ર બની ગયો : 'કોણ સિંધી ?'

'રામચંદ્ર રદ્દીવાલા...' થૂંક ગળે ઉતારતાં શેરૂએ સમજાવ્યું: 'અમારી કંપનીની નજદીક જ એમની દુકાન છે. બપોરની છુટ્ટીમાં હું ત્યાં જઈને ફિલમનાં ચોપાનિયાં ફેરવું છું. ગુરુમુખી સિવાય બીજું તો કાંઈ વાંચતાં આવડતું નથી એટલે ફિલમના ફોટા જોઈને વખત વિતાવું. બદલામાં ક્યારેક એ લોકોનું નાનું-મોટું કામ કરી આપું.'

'પણ એમાં તેં એને ફાઇલ શું કામ આપી દીધી ?' વિદ્યાપતિની અધીરાઈ વધી ગઈ.

'સા'બ, પહેલાં તો ફાઇલ હું ભવનના મૅનેજરને આપી દેવાનો હતો, પણ મને થયું કોઈકે બહુ સાવચેતીથી પ્લાસ્ટિકની થેલીમાં ફાઇલ સંતાડી છે એટલે કાંઈ કામની હશે... મને હિન્દી વાંચતાં આવડતું નથી એટલે સિંધી શેઠને દેખાડવા લઈ ગયો.'

'એણે ફાઇલ વાંચી ?' જયદેવે ધ્રૂજતા અવાજે પૂછ્યું :

'વાંચીને શું કહ્યું ?'

'સા'બ, હું એમની દુકાને પહોંચ્યો ત્યારે એ વૈષ્ણોદેવીની જાત્રાએ જવાની તૈયારી કરતા હતા. ફાઇલ જોવા આપી એટલે બેચાર લીટી વાંચીને કહ્યું, આ તો મજા આવે એવું કાંઈક છે. શેરૂ હું જાત્રામાં સાથે લઈ જાઉં. રસ્તામાં વાંચી નાખીશ.'

ત્રણે હેબતાઈને એકબીજા સામે જોઈ રહ્યાં. વિદ્યાપતિને કાંઈ સૂઝતું નહોતું : 'ફાઇલ આટલી ઝડપથી જાત્રાએ ઊપડી ગઈ! કુદરત પણ કોઈ ચાલબાજી ખેલતી લાગે છે !'

'જાત્રાએથી સિંધી શેઠ ક્યારે પાછા આવશે ?'

'કહેતા'તા કે બુધવારે સાંજે પાછા આવી જશે.' કહીને શેરૂએ સાંત્વન આપવાની ઢબે ઉમેર્યું : 'સિંધી શેઠ બહુ ભલા માણસ છે. મહિને-બે મહિને વૈષ્ણોદેવી અચૂક જાય છે. બુધવારે જઈને તેમની પાસેથી ફાઇલ પાછી લઈ આવી આપીશ.'

'નહીં શેરૂ, આપણે સાથે જઈને ફાઇલ લઈ આવશું.' વિદ્યાપતિએ તેના બુશકોટના ખિસ્સામાં સોની નોટ સરકાવીને મુસ્કુરાહટ સાથે કહ્યું : 'ત્યાં સુધી તું ફાઇલની વાત તારી કંપનીમાં કોઈને કહેતો કરતો નહીં.'

પેલાએ સોની નોટ ખિસ્સામાંથી પાછી આપવાની ચેષ્ટા દેખાડી પણ વિદ્યાપતિએ તેને પરાણે વળગાડી : 'ફાઇલ મળી જશે એટલે આવી એક બીજી નોટ આપીશ... પણ શેરૂ !' વિદ્યાપતિએ ફરી તાકીદ કરી : 'અમારા વિના તું સિંધી શેઠ પાસે જતો નહીં.'

'નહીં જાઉં સા'બ !' આજ્ઞાંકિતપણે કહીને તેણે પૂછ્યું : 'હવે હું જાઉં સા'બ ?'

'જા...' વિદ્યાપતિએ રજા તો આપી પણ પાછું કાંઈક યાદ આવ્યું. શેરૂએ વાત ઉપજાવી તો નહીં કાઢી હોય ને ? રામચંદ્ર રદ્દીવાલો જાત્રાએ ગયો જ ન હોય..

'જતાં પહેલાં એ સિંધી શેઠનો ટેલિફોન નંબર તો આપતો જા.' કહીને તેણે ફોન પાસે જઈ રિસીવર ઊંચક્યું : 'એની દુકાને ફોન કરીને પૂછી તો લઉં કે વૈષ્ણોદેવીની જાત્રાએથી પાછા ક્યારે આવવાના ?'

'સા'બ, ફોન એમની દુકાને નથી.' શેરસિંગના બોલવામાં

સચ્ચાઈ રણકતી હતી : 'દુકાનની ઉપર ત્રીજે મજલે ઘરમાં ફોન છે, પણ નંબરની મને ખબર ક્યાંથી હોય ? કહેતા હો તો ચાલો હમણાં જ એની દુકાને લઈ જાઉં.'

હવે વાત બહુ ડહોળવી ન જોઈએ એમ લાગ્યું એટલે વિદ્યાપતિએ હસીને કહ્યું : 'ઠીક છે જા, બુધવારે સાંજે અમે તારી દુકાને આવશું, તું તૈયાર રહેજે. અમને ફાઇલ મળી જાય એટલે તારા બીજા સો રૂપિયા પણ પાકા !'

પેલો આભારવશ ભાવે હાથ જોડતો હરખાતી ચાલે રવાના થયા પછી થોડીવાર ત્રણે એકબીજાની સામે જોતાં ખામોશ બેસી રહ્યાં. હાથતાળી આપી ગયેલી ફાઇલ પાછી મળવાની આશા જાગી હતી, છતાં બીજા અડતાલીસ કલાક સુધી હતાશા તોળાઈ રહેવાની હતી. મન પર એ જ વિષય સવાર થયો હતો, છતાંય એની વાત છેડવાનું ત્રણેમાંથી કોઈને ગમતું નહોતું. ખામોશીએ જયને પહેલો અકળાવી દીધો.

'વિધુ, તેં ફોન પર લાખેક રૂપિયાની જોગવાઈ રાખવાનું કહ્યું હતું...'

'હા, ઍરપૉર્ટ પરથી ઊતરીને પહેલવહેલી વાત તને એ જ કરવાની હતી.' વિષય ફંટાયો એ ગમ્યું હોય તેમ વિદ્યાપતિએ કહ્યું : 'આ ફાઇલ તને જેમ રૂખી સુધી પહોંચાડવાની કડી દેખાય છે તેમ રૂખી જેવી યુવતીઓને ફસાવનાર સુધી પહોંચાડવાની એક કડી મને હાથ લાગી છે. ' સાંભળતાં જ જ્યુલી અને જય બંને ટટ્ટાર થઈ ગયાં.

'જય, તારા ગયા પછી પાંચ-છ દિવસ તો હું ચિત્તભ્રમ જેવો થઈ ગયો હતો.' બોલતાં વિદ્યાપતિ અચાનક ઊભો થયો. જઈને ઘરનો દરવાજો બંધ કરી આવ્યો : 'રાતે નીંદર ન આવે, દિવસે ચેન ન પડે. બહુ તપાસ પછી એટલું જાણવા મળ્યું કે છેલ્લાં સાત વર્ષમાં આઠ યુવતીઓ આ રીતે ગાયબ થઈ હતી. રૂખી પહેલાં બે અને રૂખી પછી પાંચ... એ બધી જ કુંવારી ! તેમાંથી બે પાગલ જેવી હાલતમાં જીવતી પાછી આવી, બાકીની પાંચનો કોઈ પત્તો ન લાગ્યો અને આઠમી એટલે કે એક વખતની કુંવારી દેવી નંદાને તો ચિતા પર ચડાવી દીધી.'

એના ગુમ થવાની ચારે બાજુ ચર્ચા તો બહુ થઈ હશે. જયે વચ્ચે પૂછી લીધું.

'ચાર દિવસ ચકચાર ચાલી, પછી કત્લખાનાની વિધિમાં એ બિચારીનાં સગાંવહાલાં સિવાય બધાએ વાત વિસારે પાડી દીધી.'

'ઘરવાળાએ તપાસ તો કરાવી હશે.'

'કુંવારી છોકરીનો પત્તો લાગવામાં જેમ જેમ દિવસો જાય તેમ તેમ ઘરવાળા મનોમન ઇચ્છતા થઈ જાય કે હવે એ પાછી ન આવે તો સારું... નન્દાના ઘરવાળાએ ભૂવાને બોલાવ્યા, અગમનિગમના જાણકારો પાસે જોવડાવ્યું... તેમાંથી એકે કહ્યું કે તમારી કન્યા તો કોઈ રાક્ષસના સકંજામાં સપડાઈ છે.'

'કેવો રાક્ષસ ?'

'એ તો પેલો જાણકાર જાણે, પણ આટલું જાણ્યા પછી નન્દાના ઘરનાંએ શોધખોળ પડતી મૂકી દીધી.'

'તો પછી તને કઈ કડી હાથ લાગી વિધુ ?'

'છે એક ચ્યાંગ !'

'ચ્યાંગ ?' જયદેવની ગરદન અક્કડ થઈ : 'કોણ છે એ?'

'એક ચીનો... કુદરતે બહુ વિચિત્ર સંજોગોમાં એનો ભેટો કરાવી દીધો.' કહેતાં વિદ્યાપતિએ ફરી ઊઠી, બંધ બારણું અચાનક ઉઘાડી, બહાર કોઈ સાંભળતું નથીને એની ખાતરી કરી લીધી. તેની એ સાવચેતીની ચેષ્ટાએ જય અને જ્યુલીની ઉત્કંઠા તીવ્ર બનાવી દીધી.

'કેસીનોમાંથી તો મેં રાજીનામું આપી દીધેલું પણ મૅનેજરની બદલી થઈ એટલે નવા મૅનેજર વાકેફગાર ન થાય ત્યાં સુધી મારે હાજરી આપવાનું નક્કી થયેલું.'

'અને કેસીનોમાં તને પેલો ચ્યાંગ ભેટી ગયો.'

'બરાબર !' વિદ્યાપતિએ વાત આગળ વધારી : 'ખેલાડી તો મેં ઘણા જોયા પણ ચ્યાંગ જુદી જ તાસીરનો નીકળ્યો... મંગળવારે પહેલી વાર રમવા આવ્યો ત્યારે ત્રણ કલાકમાં ત્રીસ હજાર ગુમાવ્યા. બુધવારે ચાલીસ હજાર હાર્યો અને...'

'ગુરુવારે પચાસ હજાર...'

'ના જય, તેની પાસે લાખ જ રૂપિયા હતા. તેમાં મંગળ-

બુધમાં સિત્તેર હારી બેઠેલો એટલે ગુરુવારે ત્રીસ હજાર વટાવીને રમવા બેઠો... એટલી ફાસ્ટ ગેમ રમતો હતો કે ત્રણ કલાકમાં પચાસ હજાર જીતી લીધા. રમતો જાય અને બોલતો જાય કે પૂરા સિત્તેર હજાર પાછા લીધા વિના આજે તો ઊઠવાનો નથી. તીન પત્તીની એની ચડતી બાજી જોતાં લાગ્યું કે ધાર્યું કરીને જ રહવાનો પણ...'

વિદ્યાપતિ અટક યો ત્યારે આ વખતે જયે વચ્ચે અનુમાન ઉચ્ચાર્યું નહીં, એને જ બોલવા દીધો :

'મધરાત પછી તેના નસીબે ગુલાંટ ખાધી. બમણી ઝડપથી એ હારવા લાગ્યો. હારતો જાય તેમ વધુ ને વધુ જોખમ ખેડતો જાય. છેવટે જીતેલા પચાસ હજાર તો ગયા, ઉપરાંત ત્રીસ હજાર લાવ્યો હતો એ પણ તણાઈ ગયા.'

'પછી?' હવે જ્યુલી પૂછયા વિના રહી શકી નહીં.

'પછી શું, એણે કેસીનો પાસે ઉછીના માગ્યા... બસ, મને પંદર-વીસ હજાર આપો, સવાર પહેલાં હું તેના સવા લાખ ઉપજાવું છું કે નહીં એ જો જો !' મૅનેજર નવા હતા અને એ ચીનો અજાણ્યો હતો. પોતાની વધુ ઓળખાણ આપવા એ રાજી નહોતો. શેનો ધંધો કરે છે એ કહેતો નહોતો અને ઉછીના આપવાનો ઇન્કાર સાંભળવા તૈયાર નહોતો ! આખરે મૅનેજરે મને એમાં સંડોવ્યો. આવા અઠંગ જુગારીને નારાજ કરાય નહીં અને ઉછીની રકમ પાછી ન આવે તો નવો મૅનેજર ગેરલાયક ઠરે... છેવટે મને એક રસ્તો સૂઝી આવ્યો. ચીનાને મેં ઇશારતથી સમજાવ્યું કે તમે તમારો પાસપોર્ટ કેસિનોને સોંપી દો અને તેની સામે પંદર-વીસ હજાર માગી લો. જીતી જાવ તો સવાલ નથી અને હારી જાવ તો પૈસા ભરીને પાસપોર્ટ પાછો લઈ જજો.

'તેને ગળે વાત ઊતરી ગઈ?'

'હા, પણ ધગધગતું સીસું ગળા હેઠળ ઊતરે એટલી જલદ લાગી.' હસીને વિદ્યાપતિએ આગળ ચલાવ્યું : 'મૅનેજરે મારી સમજાવટથી પાસપોર્ટ સામે વીસ હજાર સુધીની રકમ ઉધાર આપવાની સંમતિ દર્શાવી ત્યારે પેલો પાંચ-સાત મિનિટ તો મક્કમ રહ્યો. કોટના ખિસ્સામાંથી પાસપોર્ટ કાઢીને પાછો સરકાવી દે. ચીની ભાષામાં કાંઈક બબડ્યા કરે. ઘડી ટેબલ પર રમવા બેઠેલાને જુએ

નો ઘડી અમારી સામે તાકી લે... છેવટે લાલચ જોર કરી ગઈ અને પાસપોર્ટ અમને સોંપી દીધો.'

'પછી એ જીત્યો કે...'

'હાર્યો ! કેસિનોના વીસ હજાર ઉપરાંત એક હજાર મારી પાસેથી અંગત ઉછીના લીધા એ પણ છેલ્લી બાજીમાં ગુમાવી બેઠો અને પોતાની જાતને ગાળો ભાંડતો, શ્રાપ વરસાવતો એ બહાર નીકળી ગયો.'

'અને પછી પાસપોર્ટ લેવા આવ્યો જ નહીં, એમ જ ને?'

'બસ, ત્યાં જ તું અનુમાનની બાજી હારી ગયો જય !' વિદ્યાપતિએ કટાક્ષમાં સંભળાવ્યું : 'એ પાછો દેખાયો ન હોત તો તને ફોન પર લાખ રૂપિયાની જોગવાઈ કરવાનું શું કામ કહેત ?'

'એટલે તેં એને માટે...'

'પૂરું સાંભળતો ખરો !' તેની ખલેલ ખટકી હોય તેમ વિદ્યાપતિએ આડો હાથ ધર્યો : 'સવારે હું ઊંઘતો હતો ત્યાં જ તેણે મારા ઘરનાં બારણાં ખખડાવ્યાં. મારું સરનામું ક્યાંથી મેળવ્યું કોણ જાણે, મેં ઊંઘ ભરેલી આંખે તેને ઉબરે ઊભેલો જોયો ત્યારે થયું કે પૈસા ભરપાઈ કરી તત્કાલ પાસપોર્ટ પાછો લેવા આવ્યો હશે, પણ પાંચ સાત મિનિટ સુધી મારી સામે ગરદન ઝુકાવીને ચૂપચાપ બેસી જ રહ્યો ત્યારે ગઈ રાતનો એ હિંમતબાજ ખેલાડી લાચાર ભિખારી જેવો દેખાયો ! મારે કોઈ પણ ભોગે પાસપોર્ટ પાછો જોઈએ... કહેતાં એણે શરૂઆત કરી. તેની ઝીણી આંખો લાલચોળ દેખાતી હતી, પોપચાં સૂઝી ગયાં હતાં, ચહેરા પર ગભરાટ હતો અને ચાલીસ વરસનો આદમી એક રાતમાં દસ વરસ વધુ વૃદ્ધ થઈ જાય એટલો ભાંગી પડયો હતો...

'મેં સમજાવ્યું કે વીસ હજાર કેસિનોમાં ભર્યા વગર તો પાસપોર્ટ પાછો કેમ મળે ?' ત્યારે એ ધારદાર આંખે મને તાકી રહ્યો. તેના મનમાં કેવો ઉલ્કાપાત ખળભળતો હશે એ મને સમજાતું નહોતું. પણ કોઈ માણસને આવી બિસ્માર હાલતમાં મેં ક્યારેય જોયો નથી... એણે સાફ સાફ સંભળાવ્યું : 'કેસિનોને હું પૈસા ભરપાઈ કરી શકું તેમ નથી છતાં તમારે મને પાસપોર્ટ તો અપાવી દેવો પડશે...'

'મેં મનોમન નક્કી કર્યું કે એક લાખ રૂપિયા હારી જનારના વીસ હજાર કેસિનોને પાછા નહીં મળે તો કોઈ આફત ઊતરી પડવાની નહોતી... છતાં મેં જુદી રીતે કહ્યું : 'પાસપોર્ટ મળી જાય એટલે તો તમે નેપાલ છોડી જવાના !' ત્યારે મેં ધાર્યો નહોતો એવો સચોટ જવાબ તેણે સંભળાવ્યો : 'હા, નેપાલ છોડી જવા માટે જ મારે પાસપોર્ટ જોઈએ છે. તાબડતોબ ભારત પહોંચવાનું છે. બોલો પાસપોર્ટ અપાવી દો છો ?'

'તો તો હવે એક જ રસ્તો છે, તમારા વતી હું વીસ હજાર ચૂકવવાની જવાબદારી લઈ લઉં...' સાંભળીને તેને આંચકો લાગવો જોઈએ પણ લાગ્યો નહીં. કેમ જાણે એવું જ વિચારીને એ આવ્યો હોય ! તેણે ખિસ્સામાંથી સિગારેટનો પેપર અને તમાકુ કાઢી તેની સિગારેટ બનાવી સળગાવીને તેના ધુમાડા મારા પર ફેંકતાં કહ્યું: અત્યારે વીસ હજાર ચૂકવો અને જે લાખ રૂપિયા હું હારી ગયો એની પણ મને પાંચ-સાત દિવસમાં જોગવાઈ કરી આપો !

'હું ધૂંઆપૂંઆ થઈ ગયો : તમે તમારા મનમાં શું સમજો છો ? તમને મારે લાખ રૂપિયા શું કામ આપવા જોઈએ ?'

'ત્યારે એ મારી સામે હસ્યો. જરાય આવેશ દેખાડ્યા વિના ખિસ્સામાંથી તેણે એક કવર કાઢીને મારી સામે ધરી દીધું... કવરને હાથ લગાડતાંય મને ધ્રુજારી વછૂટી ગઈ. આ માણસ કોઈ ચાલબાજી રમી રહ્યો છે... પણ કવર ખોલતાં જ ચાર પાંચ ટચુકડા ફોટા મારા ખોળામાં સરી પડ્યા. દોઢ આંગળની સાઇઝના એ બધા જ ફોટા યુવતીઓના હતા અને તેમાં એક હતી આપણી રૂખી !'

'રૂખી ?' જયનો શ્વાસ અદ્ધર થઈ ગયો : 'રૂખીનો ફોટો એની પાસે...'

ક્યાંથી આવ્યો એ કહેવા ચીનો તૈયાર નહોતો પણ થોડીવાર પહેલાં ગરીબ ગાય જેવો લાગતો એ આત્મવિશ્વાસથી બોલી ઊઠ્યો : 'મારે એક લાખ વીસ હજારની ગરજ છે અને તમને આ છોકરીઓ વિષે જાણવાની જરૂરત છે... સાંભળીને હું ડઘાઈ ગયો : મારે જાણવાની જરૂરત છે એ તમને કોણે કહ્યું ? તેનો જવાબ પણ એ ખાઈ ગયો.'

'ત્યારે તો એ કોઈ જાસૂસ હોવો જોઈએ.'

'કદાચ હોય, કદાચ ન પણ હોય.' વિદ્યાપતિએ બંને હાથ હવામાં હલાવતાં કહ્યું : 'હા, મને એટલી ખાતરી થઈ ગઈ કે પાસપોર્ટ માટે કેસિનોને વીસ હજાર પાછા આપવાની જેમ જરૂરત હતી, તેમ પેલા લાખ રૂપિયા મેળવ્યા વગર પણ તેને ચાલે તેમ નહોતું.'

'પછી ?' જ્યુલી કોઈ અદ્‌ભુત રસની વાર્તા સાંભળતી હોય એવી તાલાવેલી સાથે પૂછી બેઠી : 'તમે એટલી રકમ આપવા સંમત થઈ ગયા ?'

'હા, મેં એટલી જ શરત કરી કે વીસ હજાર હું અહીં નેપાલમાં આપી શકું અને લાખ રૂપિયાની સગવડ ભારતમાં કરી આપું.'

'ગુમ થયેલી છોકરીઓના ચારપાંચ ફોટા જોઈને જ તું આટલી મોટી રકમ આપવા બંધાઈ ગયો ?' જયને ખટક્યું હોય તેમ અથરા અવાજે બોલ્યો : 'તો તો એ ચીનો તને છેતરી ગયો વિધુ ! તું એને વીસ હજાર આપીને આવ્યો ?'

'હા, કેસિનોની આટલાં વરસની સર્વિસના પંદર હજાર મળ્યા અને બીજા દસ હજાર મેં બચાવી રાખ્યા હતા, તેમાંથી વીસ એને આપ્યા અને પાંચ હજારની મૂડી સાથે અહીં આવ્યો.'

'આટલું બધું હોડમાં મૂકતાં પહેલાં તેં ખાતરી પણ ન કરી કે ખરેખર એની પાસે કોઈ મજબૂત કડી છે ?' જય ઠપકો આપવાની ઢબે બોલી ઊઠ્યો : 'આવેશમાં આવી જઈને તેં અંધારામાં ધુબાકો માર્યો વિધુ !'

'એમ તો મહારાજાનાં પાપ અંગીકાર કરતી વખતે તને ક્યાં ખાતરી હતી કે આપણે રૂખી સુધી પહોંચી શકવાના છીએ!' વિદ્યાપતિએ એટલા જ તોરમાં દલીલ કરી : મેં તો માત્ર વીસ હજારનો દાવ ખેલ્યો જ્યારે તું જિંદગીનો જુગાર ખેલીને અહીં આવ્યો.'

બંનેની ઉગ્રતા જોઈને જ્યુલી અસ્વસ્થ બની ગઈ : 'અરે, પણ આમ ઊંચા અવાજે દલીલો કરીને તમે આપણી ગુપ્ત વાત ઉઘાડી પાડી દેવા માગો છો કે ?' સાંભળીને બંને ક્ષોભીલા પડ્યા

એટલે જ્યુલીએ વિદ્યાપતિને કહ્યું : 'જયની એક વાત વિચારવા જેવી છે. તમે વીસ હજાર ભલે આપી દીધા પણ બીજા એક લાખ ચૂકવતા પહેલાં એ ચીનાની ચકાસણી તો કરી લેવી જોઈએ.'

'વીસ હજાર તો હું બ્લાઇન્ડ ચાલ્યો હતો.' વિદ્યાપતિએ કેસિનોની ભાષામાં કહ્યું : 'હવે તેની બાજી ખોલાવ્યા વગર લાખ રૂપિયા થોડો આપી દેવાનો ?'

'પણ એ ચીનો અત્યારે છે ક્યાં ?' જયે પૂછ્યું : 'એને લાખ રૂપિયા આપવાના છે ક્યારે ?'

'ચીનો ગઈ કાલે જ દિલ્હી આવી ગયો. મારે એને આવતી કાલે ફોન કરવાનો છે.' કહેતાં વિદ્યાપતિએ ખિસ્સામાંથી નાનકડી ડાયરી કાઢી તેના છેલ્લા પાના પર લખેલો એક નંબર વાંચીને કહ્યું : 'આવતી કાલે આ નંબર પર ફોન કરીને તેની સાથે નક્કી કરવાનું છે.'

'એક મિનિટ !' વિદ્યાપતિને ડાયરી ખિસ્સામાંથી સરકાવતો અટકાવી જ્યુલી આવેશમાં બોલી ઊઠી : 'શું નંબર કહ્યો તમે ?'

'આડત્રીસ છપ્પન પિસ્તાલીસ !' વિદ્યાપતિએ ફરી ડાયરીમાંથી નંબર વાંચી સંભળાવ્યો એટલે જ્યુલીની આંખો પહોળી થઈ ગઈ :

'આ નંબર તો હું જેની સાથે રહું છું એ જોહરાનો છે.'

'જોહરા !' વિદ્યાપતિ ચમક્યો : 'તું કોની સાથે રહે છે જ્યુલી ?'

'પાકિસ્તાનની દિલ્હી ખાતે કચેરીમાં કામ કરતી જોહરા બેગમની હું પેઇંગ ગેસ્ટ છું. એ બાઈ આખા ઘરમાં એકલી જ રહે છે.'

સાંભળીને જય અને વિદ્યાપતિની નજરો ટકરાઈ. કાંઈક બહુ જ વિચિત્ર બની રહ્યું હોવાના એકસરખા ભાવ બંનેના મનમાં ઘોળાવા લાગ્યા. વિદ્યાપતિને નેપાળમાં મળેલો ચીનો દિલ્હીમાં ફોન પર મળવાનો જે નંબર આપે છે તે એક પાકિસ્તાની બાઈના ઘરનો હોય અને ત્યાં પાછી જ્યુલી પેઇંગ ગેસ્ટ તરીકે રહેતી હોય

કોઈ રહસ્ય ખૂલી રહ્યું છે કે વધુ ગૂંચવાઈ રહ્યું છે ?

સોળ

માનવામાં ન આવે એવો વિચિત્ર જોગાનુજોગ થઈ રહ્યો હતો. એક તરફ 'ટાઇમ બૉમ્બ'ની ફાઇલ લઈને વૈષ્ણોદેવીની જાત્રાએ ઊપડી ગયેલો રામચંદ્ર રદ્દીવાલા બુધવાર સાંજ પહેલાં પાછો ફરવાનો નહોતો. બીજી બાજુ એક લાખ વીસ હજારના બદલામાં મહત્ત્વની બાતમી આપવા તૈયાર થયેલા ચીના ચ્યાંગે વિદ્યાપતિને ફોન પર મંગળવારે મળવાનો વાયદો કરેલો, પણ એય બુધવાર પર મુલતવી રહ્યો કારણ કે આડત્રીસ છપ્પન પિસ્તાળીસ નંબરનો ફોન મંગળવારે જ આઉટ ઑફ ઑર્ડર થઈ ગયો હતો. જય અને વિદ્યાપતિ વારાફરતી ડાયલ ઘુમાવતાં રહેલાં, પણ સામે ઘંટી વાગવાને બદલે સતત એન્ગેજનો જ પડઘો સંભળાતો હતો. ટેલિફોન એક્સચેન્જની ઑપરેટર મારફત નંબર માગ્યો તો એણેય લાચારીનો પડઘો પાડ્યો હતો : કાં તો તમે માગેલા નંબરનો ફોન બગડી ગયો હશે અથવા તો સામેની પાર્ટીએ ફોનનું રિસીવર નીચે મૂકી રાખ્યું હશે... વિદ્યાપતિને પહેલાં તો કાંઈક બનાવટ થઈ રહી હોવાની શંકા ઊપજી, પણ જયદેવને સૂઝી આવ્યું : 'ખરેખર ફોન બગડી ગયો હશે તો જ્યુલીને જાણ હશે. એ જેને ત્યાં પેઇંગ ગેસ્ટ તરીકે રહે છે એનો જ તો આ નંબર છે ને !'

જ્યુલીની એમ્બસીનો ફોન લગાડ્યો ત્યારે એણે સામેથી જ કહ્યું હતું : 'હું એક કલાકથી તમને જોડવા મથું છું... એ કહેવા

કે જોહરાનો ફોન સવારથી બગડી ગયો છે. એ વારંવાર બબડતા હતી કે, આજ ટેલિફોનનું ખાસ કામ છે ત્યારે જ એ આડો ફાટ્યો! તમારી જેમ મેં પણ એ નંબર બે-ત્રણ વાર લગાડી જોયો, હજુ જોહરાનો ફોન ચાલુ થયો નથી !'

ત્યારે જય-વિદ્યાપતિને એટલી તો ધરપત થઈ કે ફોન ખરેખર બગડી ગયો છે અને જોહરાય એની ચિંતા કરતી હતી... એટલે પેલી ફાઇલની જેમ ચ્યાંગ પણ બુધવાર પર જ મુલતવી રહ્યો !

બુધવારે સવા ચાર વાગે જ્યુલી એમ્બસીની નોકરીએથી આવી કે તુરત જ વિદ્યાપતિએ ડાયલ ઘુમાવ્યું અને પહેલા ધડાકે જ સામે ઘંટી સંભળાઈ. તેની આંખના ચમકારા પરથી જ જય અને જ્યુલી પામી ગયાં કે ફોન લાગી ગયો. સામે છેડે પણ ફોનની આતુરતાથી રાહ જોવાઈ રહી હોય તેમ ત્રીજી ઘંટીએ રિસીવર ઊંચકાયું અને ત્રણેએ ધાર્યું હતું તેમ સ્ત્રીનો જ અવાજ સંભળાયો: 'હેલ્લો !'

વિદ્યાપતિએ પહેલા નંબરની ચોકસાઈ માટે પૂછ્યું : 'ઇઝ ઇટ થ્રી એઇટ, ફાઇવ સિક્સ, ફોર ફાઇવ ?'

સામેથી હકારમાં જવાબ મળ્યો એટલે ઉત્સાહભેર કહ્યું: 'મિસ્ટર ચ્યાંગે મને આ નંબર આપ્યો હતો.'

'આપ કોણ ?'

વિદ્યાપતિએ આ પ્રશ્નની અપેક્ષા રાખી જ હતી : 'હું ... હું ડ્રેગન !'

એ કોડવર્ડનો જાદુ થયો હોય તેમ પેલીના અવાજમાં આત્મીયતાનો રણકો સંભળાયો : 'જસ્ટ એ મિનિટ, હું મિસ્ટર ચ્યાંગને આપું છું હોં !'

અને વિદ્યાપતિનો ચહેરો મલકી ઊઠ્યો. બીજા છેડે અવાજ સંભળાઈ ન જાય એવી સાવધાનીથી તેણે સામે બેઠેલી જ્યુલીને કહ્યું: 'તારી જોહરા બેગમનો અવાજ ભારે મીઠો છે.'

જ્યુલી કહેવા જતી હતી : અવાજ પર મોહી પડ્યા તો જોઈને બેહોશ થઈ જાવ એટલી બધી સ્વરૂપવાન છે એ ! હા, ઉંમરમાં તમારા કરતાં માત્ર આઠ-દસ વરસ મોટી હશે...

પણ જ્યુલીને બોલવાનો મોકો ન મળ્યો, સામે છેડેથી ચ્યાંગનો અવાજ પારખી લઈ વિદ્યાપતિએ અધીરાઈભેર વાત શરૂ કરી દીધી : 'ગઈ કાલે બહુ ફોન જોડ્યો... હા હા, બગડી ગયો હશે. હવે બોલો, ક્યારે અને ક્યાં ?'

'તમે દિલ્હીના અજાણ્યા હશો ?'

'ના સાવ અજાણ્યો નથી.' વિદ્યાપતિએ જ્યુલી સામે નજર કરીને ગપ્પ મારી : 'અગાઉ બેચાર વખત અહીં આવી ગયો છું.'

'તો સરનામું લખી લો.'

'લખાવો.' કહીને વિદ્યાપતિએ બોલપેન કાઢીને ચ્યાંગે કહેલું સરનામું ટપકાવી લીધું. એ લખતો હતો અને જ્યુલી તેની સામે ડોક હલાવીને સંકેતમાં કહેતી હતી કે બરાબર એ જ સરનામું છે !

'આ સરનામે તમે કલાકમાં પહોંચી જાવ.' ચ્યાંગે કહ્યું એટલે વિદ્યાપતિએ કાંડાઘડિયાળમાં જોયું : 'અત્યારે ચાર ને વીસ થઈ, હું સાડા પાંચ સુધીમાં પહોંચું છું... બીજું....'

'બીજું બધું રૂબરૂમાં !' કહીને પેલાએ ફોન મૂકી દીધો. વિદ્યાપતિએ રિસીવર મૂકી સરનામાવાળો કાગળ જ્યુલીને દેખાડતાં કહ્યું: 'ચ્યાંગને શું ખબર કે આ સરનામું તો અમારી સામે જ બેઠું છે !'

'તમારે એને કહેવું હતું ને !' જ્યુલીએ સામી મજાક છેડી: 'કે ઘર દેખાડવા માટે જોહરા બેગમની પેઇંગ ગેસ્ટ મારી સાથે આવવાની છે.'

ત્યારે જય ચપટી વગાડતો ઊઠ્યો : 'મજાક છોડો. પહેલાં આપણે બંનેએ પેલા રામચંદ્ર સિંધીને પકડવાનો છે અને વિધુ, પછી તારે કલાકમાં આ ચ્યાંગ પાસે પહોંચવાનું છે.'

'અને મારે શું કરવાનું છે ?'

'તારે !' જ્યુલીને સાથે લઈ જવાનું અજુગતું લાગ્યું એટલે જયદેવે જવાબ શોધી કાઢ્યો : 'તારે નીચે બિશાખાને કંપની આપવાની છે... વિદ્યાપતિ અહીં રહેવા આવ્યા પછી બે દિવસથી એ મોં નથી દેખાડતી. જમવાનું ઉપર મંગાવ્યું તો વિવેક પણ ન કર્યો કે મહેમાનને લઈ નીચે જમવા આવોને... જ્યુલી, એ નીચે બેઠી બેઠી આપણા ફોન તો નહીં સાંભળતી હોય ને ? કલાક વારમાં

આવું ત્યાં સુધી તું એની સાથે ગપ્પાં મારીને એનું મન વાંચી લે.'

કહીને એ વિદ્યાપતિ સાથે નીચે ઊતરવા આગળ વધ્યો એટલે જ્યુલી એની પીઠ પર મજાક ફંગોળવાની લાલચ રોકી ન શકી : 'મન વાંચવાના ચશ્માં તો હું ઘેર ભૂલી આવી છું.' કહીને ઉમેર્યું : 'છતાં આપની આજ્ઞા મુજબ વગર ચશ્મે જેવું વંચાય એવું જરૂર વાંચી લઈશ.'

* * *

સરદાર પ્લમ્બિંગ કંપની સામેની ફૂટપાથ પાસે ટૅક્સી રોકાવી વિદ્યાપતિએ દૂરથી દુકાનમાં જોયું તો શેરસિંગ નજરે પડ્યો નહીં : 'જયુ, પેલો દેખાતો નથી.'

'ત્યાં સા'બ, હું હાજર છું !' ના અવાજે તેને ભડકાવ્યો. ટૅક્સીના દરવાજા પર ઝૂકીને શેરૂ હસતો ઊભો હતો : 'પા કલાકથી તમારી રાહ જોઉં છું. પેલા સિંધી શેઠ કલાક પહેલાંના આવી ગયા.'

'એટલે તું એની પાસે જઈ આવ્યો !' વિદ્યાપતિએ અકળાઈને પૂછયું : 'તને ના પાડી...'

'સા'બ ના પાડયા પછી જાઉં ખરો ?' શેરૂએ આગળનો દરવાજો ઉઘાડી ટૅક્સી ડ્રાઇવરની બાજુમાં બેઠક લીધી : 'તમારે મારી દુકાનમાં આવવું ન પડે એટલા માટે અહીં આવીને ઊભો છું.' કહીને તેણે ટૅક્સી ડ્રાઇવરને આંગળી ચીંધી 'પેલો ઇલેક્ટ્રિકનો ખંભો દેખાય છે ત્યાં લઈ લે.'

એની નિખાલસતા અને ધગશ જોઈને પીઠ થાબડવાની ઇચ્છા વિદ્યાપતિએ દબાવી રાખવી પડી, કામ થયા પહેલાં હરખાઈ જવાની જરૂર નથી !

ટૅક્સી ઊભી રહેતાં જ રામચંદ્ર રદ્દીવાલાનું બોર્ડ વાંચવા મળ્યું. શેરૂ બંનેને દુકાન તરફ દોરી ગયો. કપાળમાં મોટા તિલક સાથે સફેદ લેંઘા-ઝભ્ભામાં ભરાવદાર શરીરે ગાદી-તકિયે બિરાજેલા સિંધી શેઠે આસપાસ બેઠેલા બેત્રણ જણાને વૈષ્ણોદેવીના ચમત્કારની જ કોઈક વાત સંભળાવી રહ્યા હતા. શેરૂ તરફ ધ્યાન ગયું એટલે સિંધીએ લહેકામાં કહ્યું : 'આવ શેરિયા, માતાજીનો પ્રસાદ લે તો

તારુંય કલ્યાણ થાય.'

પોતાનું કલ્યાણ કરવાના ઉમળકાભેર શેરૂ પગમાંથી સ્લીપર કાઢી દુકાનમાં દાખલ થઈ બંને હાથનો ખોબો ધરી સિંધી શેઠની સામે ગોઠણભેર બેસી ગયો. પ્રસાદ મળ્યો તેને માથે ચડાવતાં તેણે શેઠના કાનમાં ફૂંક મારી : 'સિંધી શેઠ, મેં તમને પેલી ફાઇલ આપેલીને તે આ લોકોની છે.'

અને રામચંદ્ર રદ્દીવાલાની ગરદન ઝાટકા સાથે ઊંચી થઈ. તેની મોટી આંખોમાં જય અને વિદ્યાપતિને કુતૂહલ વંચાયું. બંનેના શ્વાસ અદ્ધર થવા લાગ્યા : આવકાર આપશે કે ઉડાઉ જવાબ ?

તેને બદલે પ્રશ્ન ફેંકાયો : 'તમારા બેમાંથી પરશુરામ કોણ છે ?'

થોડીક પળ વિદ્યાપતિએ જય તરફ જોયું ત્યાં સુધીમાં તે બોલી ગયો : 'હું !' રામચંદ્ર તેને તાકી રહ્યો. તેની દૃષ્ટિમાં અભાવ હતો કે અહોભાવ એ જય કળી શક્યો નહીં. પાંચ-દસ સેકન્ડમાં કાંઈક વિચારી લઈને સિંધી શેઠે શેરૂને કહ્યું : 'એમને તું અંદર લઈ જા... હું આવું છું !'

હવે જય અને વિદ્યાપતિને તેના અવાજમાં જિજ્ઞાસાનો પડઘો સંભળાયો... પણ અંદર બેસાડવામાં તેની ચાલબાજી તો નહીં હોય ને ?

શેરૂની પાછળ બંને દુકાન પછવાડેના ભાગમાં ગયા ત્યાં પસ્તીની થપ્પીઓ ખડકાયેલી હતી. આસપાસ ખુરશી જેવું ન દેખાયું એટલે શેરૂએ પસ્તીની બે થપ્પી સરખી ગોઠવી આપતાં કહ્યું : 'સા'બ, આના પર બેસોને, હમણાં શેઠ આવશે.'

બંનેએ પસ્તી પર બેઠક લીધી અને શેરૂએ પંખો ચાલુ કર્યો ત્યાં સિંધી શેઠ અંદર દાખલ થયા : 'માફ કરજો, તમને આમ અંદર બેસાડવા પડ્યા.' કહીને શેરૂ તરફ જોયું : 'જા, સાહેબો માટે કોલ્ડ ડ્રિન્ક્સનું કહી આવ.' પછી બહાર નીકળતા શેરૂને તાકીદ કરી : 'તું બહાર જ બેસજે.'

'ભલે શેઠ !' કહેતો એ સરકી ગયો એટલે રામચંદ્ર રદ્દીવાલાએ બંનેની સામે પસ્તી પર બેઠક જમાવતાં જયને પૂછ્યું:

'તમે પરશુરામ, તો આ ભાઈ....'

'એ મારા ખાસ મિત્ર છે.' જયે નામ આપવાનું ટાળીને ઉમેર્યું : 'પેલી ફાઇલ વિષે એ બધું જાણે છે.'

જાણે કોઈ ખાનગી સોદો પતાવવાનો હોય એ રીતે ઘડીભર બંનેની સામે જોઈને તેણે સંભળાવ્યું : 'પણ તમે પરશુરામ હો એવું લાગતું નથી.'

જય અને વિદ્યાપતિ બંને એકસરખા ચોંક્યા. માણસ ભારે પહોંચેલો લાગે છે.

'તમે એવું શેના પરથી કહો છો શેઠજી ?'

ત્યારે એ મલક્યો : 'લખાણ વાંચીને તો થયું હતું કે એ બિચારો કોઈ દુઃખી લેખક હોવો જોઈએ.'

'લેખકોની વેદના શરીર પર નહીં દિલમાં હોય છે.' બોલ્યા પછી જયને પોતાને અચરજ થયું કે આટલું સરસ ક્યાંથી સૂઝી આવ્યું: 'શેઠજી, આપે પૂરેપૂરું લખાણ વાંચી કાઢ્યું ? કંટાળો તો નથી આવ્યો ને ?'

તેની એ પૃચ્છામાં લેખકજીવની જિજ્ઞાસા વર્તાઈ એટલે રામચંદ્ર સિંધીની શંકા ઓસરી ગઈ.

'ત્યારે તમે પરશુરામ છો...' કહેતાં એણે માનભેર તેની સામે જોયું : 'શેરૂ મને ફાઇલ આપી ગયો એ વખતે મને ખબર નહીં કે એમાં આટલો બધો મસાલો ભર્યો હશે... ટાઇમ બૉમ્બનું મથાળું વાંચીને માનેલું કે, ડિટેક્ટિવ વાર્તા જેવું કંઈક છે. જાત્રાએ જતાં રસ્તો ખુટાડવા સાથે લઈ ગયો. આપણને ડિટેક્ટિવ વાંચવાનો પહેલેથી શોખ... પસ્તીમાં કોઈ ડિટેક્ટિવ જેવું લખાણ દેખાય તો એ અલગ કાઢી લઉં અને વાંચું નહીં ત્યાં સુધી જીવને ચેન ન પડે.'

બરાબર એ જ વખતે કોલ્ડ ડ્રિન્ક્સના ત્રણ ગ્લાસ સાથે હોટેલ બોય દાખલ થયો એટલે સિંધી શેઠે વાત વાળી લીધી : 'બસ, તો બે મહિના અમારું દિલ્હી ગરમીથી તોબા પોકરાવી દે છે.' કહીને ઉમેર્યું : 'જોકે તમારા અલ્હાબાદમાંય ગરમી તો પડે જ છે !'

'હા, પણ આપણા વતનની ગરમી આપણને માફક આવી

જતી હોય છે.' પોતે અલ્હાબાદનો છે એ વાત જયે ઠાવકાઈથી સ્વીકારી લીધી. અધીરાઈ તો હતી પેલી ફાઇલનો કબજો લેવાની, પણ એવું દેખાવા દેવું નહોતું એટલે વાતને આગળ વધારી : 'શેઠજી, તમને 'ટાઇમ બૉમ્બ'ની કઈ વાતમાં વધુ મજા આવી એ તો કહો!'

'મજા શેની, આઘાત લાગ્યો !'

સાંભળીને જય થોડો ક્ષોભીલો પડી ગયો. પોતે ફાઇલ વાંચીય નહોતી છતાં લખી હોય એવો ડોળ જાળવી રાખવાનો હતો:

'ત્યારે તો મારું લખ્યું સાર્થક થયું. વાંચનારને આઘાત આપવાનું જ મારું ધ્યેય હતું.'

'અરે વાંચતાં વાંચતાં વારંવાર એ જ પ્રશ્ન મનમાં ઘુમરાતો રહ્યો કે, જેને આપણે આટલા મહાન લેખીએ છીએ તે કેટલા ક્ષુદ્ર હોય છે ! દેશસેવાનાં બણગાં ફૂંકનારો, પ્રજાને ઉપદેશ આપનારો, ગરીબોનું કલ્યાણ કરવા નીકળેલો દેશનેતા કેટલો પામર, કેવો નીચ અને કેટલી હદે વિકૃત નીકળ્યો !'

કહેતાં સિંધી શેઠ ઠંડા પાણીનો ઘૂંટ ભરવા અટક્યા ત્યારે જયદેવના હોઠે જિજ્ઞાસા સળવળી ઊઠી : કયા દેશનેતા ? પણ તુરત જ સાવધ થઈ જવું પડ્યું : આવું પૂછી બેસું તો તો ભાંડો જ ફૂટી જાય ને ! વગર પૂછ્યે જાણવા મળે એ સાંભળી લઈને છેલ્લે ફાઇલની માગણી કરીશ...

'અરે મહેરબાન, એક ગરીબ છતાં કુળવાન બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલો, સત્યનારાયણની કથા વાંચીને ગુજરાન કરનારો, યજમાનોની શિષ્યવૃત્તિ લઈને ભણેલો અને દેશસેવાની પ્રતિજ્ઞા લઈને ઘરબાર ત્યજી દેનારો એ માણસ આટલો બધો ચારિત્ર્યહીન કેવી રીતે બની ગયો હશે ! જુવાન છોકરીને જોતાં જ સંસ્કાર, શિક્ષણ અને શરમ બધું નેવે મૂકી શિકારી કૂતરાની જેમ એની પાછળ પડી જાય, તેનું શિયળ લૂંટી લે અને પછી સજ્જનતાનું મહોરું પહેરી લઈ મહાત્મા ગાંધીનું નામ રટવા લાગે !'

શબ્દે શબ્દે જય અને વિદ્યાપતિની જિજ્ઞાસા તીવ્ર બનતી જતી હતી અને રામચંદ્ર યાદ આવતું હતું તેમ બોલતો જતો હતો:

'પણ એનેય કોઈ માથાનો મળ્યો. એક કન્યા પર બળાત્કાર

કર્યો એની જાણ છોકરીના ભાઈને થઈ ગઈ.... બીજો કોઈ હોત તો ક્રોધના આવેશમાં એનું ખૂન કરી નાખે, પણ એણે જડમૂળથી વેર વાળ્યું. હવસખોર નેતાનું લિંગ જ વાઢી નાખ્યું. એને નપુંસક બનાવી દીધો !'

સાંભળીને બંને થરથરી ઊઠ્યા. વિદ્યાપતિથી પુછાઈ ગયું: 'પછી શું થયું સિંધી શેઠ ?'

ત્યારે રામચંદ્ર ચોંક્યો. તેણે શંકાશીલ નજરે જય સામે જોયું. જયદેવને ધ્રુજારી વ્યાપી ગઈ, પણ તુરત જ સૂઝી આવ્યું : 'શેઠજી, એણે હજુ લખાણ વાંચ્યું નથી... અને મારી એક ખાસિયત છે કે, લખેલું હું કોઈને કહી સંભળાવતો નથી !'

'તમારી વાત સાચી છે પરશુરામ, વાંચવા જેવી મજા કહેવા-સાંભળવામાં ક્યાંથી ?' રામચંદ્રને વિદ્યાપતિની જિજ્ઞાસાએ પોરસ ચઢાવ્યો હોય તેમ આગળ ચલાવ્યું : 'કહેવું પડે, તમે લખેલું એક વાક્ય તો હૃદયમાં અંકાઈ ગયું. વાસનાનું મૂળ બે સાથળ વચ્ચે નહીં, માણસના મનમાં રોપાયું હોય છે ! નપુંસક બન્યા પછી તો દેશનેતા વધુ વકરી ગયો. સ્ત્રીઓનો ઉપયોગ પોતાની બઢતી માટે કરવા લાગ્યો. પહેલાં ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાનને વાસનામાં લપેટ્યો. તેના પર વર્ચસ્વ જમાવી એ પ્રધાનપદે આવ્યો. ત્યાર પછી એણે નજર દિલ્હી તરફ દોડાવી. કેન્દ્રના એક સિનિયર પ્રધાનને છોકરી સપ્લાય કરીને તેની ચોટલી મુઠ્ઠીમાં લઈ લીધી. બસ, પછી તો પાટનગરમાં પડાવ નાખી એક પછી એક ગાંધીવાદીને વટલાવતો ગયો. પોતાના બંગલાને હવસખાનું બનાવી દીધું અને પોતે આજીવન પ્રધાન જેવો બની ગયો. પચીસ વરસમાં અનેક પ્રધાનો આવીને ગયા, પણ એ દાનવનું આસન અડીખમ રહ્યું...'

આક્રોશભર્યા અવાજે એકધારું બોલીને હાંફી ગયેલા સિંધી શેઠ શ્વાસ ખાવા રોકાયા ત્યારે જયની તાલાવેલી કાબૂ બહાર બની ગઈ : જલદી ફાઇલનો કબજો મળી જાય તો દાનવનું નામ જાણી લઉં ! ત્યાં રામચંદ્ર સિંધીએ તેને ફટકો માર્યો :

'પણ પરશુરામ, તમે ચટપટી જગાડીને તરસ્યા રાખવાનું કામ કર્યું. વાંચતાં વાંચતાં અનેકવાર થયું કે એ દાનવનું નામ જાણી

લેવા છેલ્લું પાનું જોઈ લઉં, પણ ડિટેક્ટિવનો વાચક ખરો ને ? વચ્ચેથી અન્ત વાંચી લઈએ તો બધી મજા મરી જાય. છેલ્લા પાના સુધી બરાબર વાંચતો રહ્યો અને અંતિમ વાક્ય આવ્યું કે આ દાનવનું નામ છે... ત્યાં જ પાનાનો છેલ્લો ટુકડો ફાટી ગયેલો દેખાયો !' સિંધી શેઠે મોં મચકોડીને ઉમેર્યું : 'હવે તમે જ એ નામ કહીદો ને સાહેબ !'

ત્યારે જયની કમર ઢીલી પડી ગઈ. જેની પાસેથી નામ જાણવા પોતે અધીરો બન્યો હતો એ જ સામું પૂછી રહ્યો છે ! ફાઇલમાંથી નામનો ટુકડો કોણે કાપી લીધો હશે ? હવે આને શું જવાબ આપવો ?

'એક રીતે તમે છેલ્લું વાક્ય કાપી નાખીને સારું જ કર્યું.' તેની મૂંઝવણનો મનગમતો અર્થ કરીને સિંધી શેઠે કહ્યું : 'ફાઇલ ગમે તેના હાથમાં જઈ પડે તો એ તેમાંથી મનફાવતી કમાણી કરી લે... પછી ક્યારેય એનું પુસ્તક પ્રગટ ન થઈ શકે.'

'પહેલાં એ નામ મેં છેકી નાખ્યું હતું.' હવે જયદેવે જુઠ્ઠાણું આગળ ચલાવવું પડ્યું : 'પછી થયું કે છેકાયેલું વાંચી લેવાના ઘણા ઉપાય છે, એટલે કટકો કાપી લીધો... ત્યારે શું ખબર કે ખરેખર ફાઇલ આ રીતે ગુમ થઈ જશે.'

'પણ સિંધી શેઠ, એટલું સારું થયું કે લખાણ અભણ શેરૂના હાથમાં આવ્યું અને તેણે તમારા જેવા ભલા માણસના હાથમાં સોંપ્યું.' હવે વિદ્યાપતિએ ટાપશી પુરાવીને ઠાવકાઈથી ઉમેર્યું : 'તમારી જગ્યાએ બીજો કોઈ હોત તો ફાઇલ પાછીય ન આપે.'

'અરે હોય કાંઈ !' સિંધી શેઠના એ અર્ધા વાક્યે બંનેને આશાની ટોચે પહોંચાડી દીધા. હમણાં એ સાચવી રાખેલી ફાઇલ સામે ધરી દેશે... પણ બાકીનાં બે વાક્યે બંનેને હચમચાવી નાખ્યા:

'દેવ-દેવીના સ્થાનકે જઈએ એટલી વાર માણસમાં પરમાર્થની ભાવના જોર કરી જાય છે. અહીં આવીને પહેલું કામ એ ફાઇલ પાછી સુપરત કરી દેવાનું કર્યું.'

પોતે બેઠા હતા એ પસ્તીની થપ્પીમાં બૉમ્બ ફાટ્યો હોય તેમ જય અને વિદ્યાપતિ ખળભળી ઊઠ્યા, પણ પરમાર્થના

પોરસમાં રામચંદ્રનું ધ્યાન તેમના ભાવપલટા પર ગયું નહોતું.

‘પહેલાં તો સમજાયું નહીં, લખાણનું શું કરવું ? પછી ફાઇલના પાછલા પૂંઠે નામ વાંચ્યું : ‘વિશ્વાસ પ્રકાશન...’

એટલું સાંભળતાં જ જયદેવની છાતી ભીંસાવા લાગી.

‘ચાંદની ચોકના સરનામા નીચે ટેલિફોન નંબર લખ્યો હતો, આડત્રીસ અઠ્યાસી અઠ્યાસી !’

અગરવાલનો નંબર સાંભળીને જયનું કાળજું કપાઈ ગયું: ખલાસ, કાંઠે આવીને નાવ ડૂબી ગઈ !

‘મેં ફોન જોડ્યો તો કોઈ બાઈમાણસનો અવાજ સંભળાયો. મેં કહ્યું, મારે પરશુરામનું કામ છે. એણે કામનું નામ જાણવાનો આગ્રહ રાખ્યો એટલે મેં એટલું જ કહ્યું : એની અનામત મારા હાથમાં આવી પડી છે... બસ, એટલું સાંભળતાં જ એ બેબાકળી બની ગઈ. ગળગળા અવાજે બોલી ઊઠી : ભાઈસાહેબ, તમારા લાખ લાખ ઉપકાર, ફાઇલ ખોવાયા પછી મારા ભાઈ પરશુરામની હાલત જોઈ શકાતી નથી. તમે કહો ત્યાં અબઘડી આવીને લઈ જાઉં.’

‘ત્યારે તો એ ફાઇલ લઈ ગઈ ?’ કપાતા જીવે અને થોથવાતી જીભે જયદેવે પૂછ્યું : ‘તમે એને આપી દીધી ?’

સિંધી શેઠે ગૌરવભેર હકારમાં ડોક નમાવી ત્યારે જયથી બોલાઈ જવાયું : ‘અમે મોડા પડ્યા.’

‘કેમ, તમારી બહેનને ફાઇલ નહોતી સોંપવાની ?’ રામચંદ્રનો ઉચાટ ઊછળી પડ્યો : ‘મને શું ખબર કે...’

‘નહીં નહીં, શેઠજી ! તમે બેફિકર રહેજો.’ જયદેવે અવાજ બદલીને સ્વસ્થતાનો ડોળ કરવો પડ્યો : ‘ફાઇલ તમે સલામત જગ્યાએ જ પહોંચાડી છે. મને થોડી વહેલી જાણ થઈ હોત તો અહીં આવીને તમારો આટલો બધો સમય ન બગા ત....’

‘અરે સમય સુધાર્યો એમ કહો.’ જયદેવ ઊભો થયો એટલે સિંધી શેઠે આભારવશ ભાવે તેના બંને હાથ પકડી લેતાં કહ્યું : ‘બસ, જતાં પહેલાં પેલા દાનવનું નામ કહેતા જાવ.’

ત્યારે જયની હથેળી પરસેવાથી ભીની થવા માંડી બસ,

હવે આખરની ઘડી સાચવી લેવાની હતી : 'સિંધી શેઠ, એટલી ખાતરી રાખજો કે પુસ્તક છપાયા પહેલાં એ નામની જાણ સૌપ્રથમ તમને જ કરીશ.'

કાંઈ વાંધો નહીં.' રામચંદ્રે સમાધાન કરી લીધું : 'એ નામ ત્યાં સુધી ગુપ્ત રાખવામાં જ ડહાપણ છે.'

ત્યાં સુધીમાં વિદ્યાપતિ પોતાની હતાશા છુપાંવતો દુકાનની બહાર નીકળી ગયો હતો, પણ જયે જતાં જતાં ધીમા અવાજે સિંધી શેઠને પૂછી લીધું : 'ફાઇલ લેવા એ એકલી જ આવી હતી કે?'

'હા, ટૅક્સીમાં આવેલી અને ટૅક્સીમાં બેઠાં બેઠાં જ ફાઇલ લઈ લીધી. હા, તમારી બહેન પણ ધર્મિષ્ઠ લાગ્યાં. મને બક્ષિસ આપવાનું અજુગતું લાગ્યું હશે એટલે સવાસો રૂપિયા મારા હાથમાં આપતી ગઈ, તમે આનો ધર્માદો કરી દેજો !'

ત્યારે જયદેવે છેલ્લો સવાલ પૂછી લીધો : 'એ કેવી દેખાતી હતી ?'

'કેવી દેખાતી હતી...' બબડતો રામચંદ્ર તેને નિહાળી રહ્યો. પછી અચાનક કાંઈક સૂઝ્યું હોય તેમ બોલી ઊઠ્યો : 'અરે હાં, એના ચહેરાનો અણસાર તમારા જેવો જ હતો...' સાંભળતાં જ ધક્કો લાગ્યો હોય તેમ જય સડસડાટ બહાર નીકળી ગયો.

* * *

'પણ જ્યુલી એ બને જ કઈ રીતે ?' જયદેવે જ્યુલીને બધી જ વાત કહી સંભળાવ્યા પછી મૂંઝવણ વ્યક્ત કરી : 'રામચંદ્ર સિંધીએ અગરવાલનો નંબર લગાડ્યો હોય તો રૂખી ફોન પર આવે જ કઈ રીતે ?'

ફાઇલ ગુમાવી બેસવાના અફસોસ સાથે ઘેર પાછા ફરેલા જયને આ ભેદ બહુ અકળાવી રહ્યો હતો : 'રૂખીએ પરશુરામ તરીકે મને સોમવારે ફોન પર ચેતાવ્યો હતો કે અગરવાલથી તમે ચેતતા રહેજો... તો પછી પોતે અગરવાલની ઑફિસે શું કામ જાય ?'

'અને ઑફિસે જાય તોપણ તેનો ફોન પહેલાં એ શું કામ ઊચકે ?' જ્યુલીએ સમર્થનમાં દલીલ કરી : 'તમને ખાતરી છે કે

એ નંબર અગરવાલની ઑફિસનો છે ?'

'ખાતરી ?' જય માથું ખંજવાળવા લાગ્યો : 'ફાઇલના પાછલા પૂંઠા પર વિશ્વાસ પ્રકાશનના નામ-સરનામાની નીચે આ નંબર લખ્યો હતો એટલે એમ જ માની લેવાનું કે એની ઑફિસનો...'

બોલતાં બોલતાં એ અટકી પડ્યો. તેની દૃષ્ટિ જાણે અગરવાલની ઑફિસમાં પહોંચી ગઈ હોય તેમ થોડીવાર પહોળી આંખ કરી ત્યાંનું દૃશ્ય તાજું કરી લીધું. અચાનક એના ચહેરાના ભાવ ઝડપભેર બદલાતા ગયા : 'જ્યુલી, તારી શંકા સાચી છે. અગરવાલની ઑફિસમાં હું બે વાર જઈ આવ્યો, પણ તેના ટેબલ પર કે આજુબાજુ ક્યાંય ફોન દેખાયો નહોતો !'

'તો પછી ફોન એના ઘરનો હશે, પરશુરામે નંબર યાદ રાખવા માટે ફાઇલ પર લખી રાખ્યો હશે.'

'તારી એ વાત કાંઈક બંધબેસતી લાગે છે જ્યુલી !' જયનો હાથ ટેલિફોન તરફ લંબાયો : 'નંબર જોડું એટલે હમણાં ખબર, સામેથી અગરવાલનો અવાજ સંભળાય છે કે બીજા કોઈનો ?'

આડત્રીસ અઠ્યાશી અઠ્યાશી આંકડા ઘુમાવી સામા છેડાનો અવાજ ઝીલી લેવા ટટ્ટાર થયો તો એન્ગેજનો સંકેત સાંભળવા મળ્યો. હતાશ થઈને રિસીવર મૂકી દેવું પડ્યું. ફરી તેણે અફસોસ ઠાલવ્યો: 'અર્ધા કલાક મોડા પડ્યા તેમાં આખી બાજી પલટાઈ ગઈ.'

'કોને ખબર, એ આપણા લાભમાં પણ હોય !' જ્યુલીએ હિંમત આપતાં કહ્યું : 'એ સિંધીએ તમારો ચહેરો નિરખીને કહ્યું હતું કે ટૅક્સીમાં ફાઇલ લેવા આવનાર સ્ત્રીના ચહેરાનો અણસાર તમને મળતો હતો ?'

'હા જ્યુલી, એણે તો એમ જ માની લીધું કે, હું પરશુરામ છું અને એ પરશુરામની બહેન હતી !' કહીને ફરી તેણે ફોનનું રિસીવર ઊંચક્યું : 'પેલો અગરવાલ ભારે પહોંચેલો છે, એણે જ કોઈને પરશુરામની બનાવટી બહેન બનાવીને ફાઇલ લેવા મોકલી હશે.'

ત્યાં બીજા છેડેથી ઘંટી વાગતી સંભળાઈ એટલે ઘૂંટાતા

શ્વાસે જ્યુલી સામે જોયું : 'ફોન લાગ્યો !'

'હલ્લો' સાંભળતાં જ એ અસ્વસ્થ બની ગયો. અવાજ સ્ત્રીનો હતો અને સોમવારે રૂખી સાથે વાત કરી એવો જ તેમાં રણકો હતો.

'હેલ્લો !' કહીને તેણે પૂછ્યું : 'થ્રી એઇટ ડબલ એઇટ, ડબલ એઇટ ?'

'હા જી !' સામેથી બહેનનો અવાજ સાંભળતાં જય વિહ્વળ બની ગયો. શું બોલવું કે શું પૂછવું એની ગતાગમ નહોતી. લાગણીના આવેશમાં તણાતા સ્વરે એણે પૂછ્યું : 'મને ઓળખ્યો?'

'અવાજ પરિચિત લાગે છે !' પેલી યાદ કરતી હોય તેમ ટહુકી અને અધીરાઈથી પૂછતી હોય તેમ પૂછ્યું : 'પ્લીઝ કહોને, કોણ છો ?'

ખડખડાટ હાસ્ય સાથે સામે છેડેથી રિસીવર મુકાઈ ગયું અને 'રોંગ નંબર'ના થડકતા અવાજ સાથે ફોન મુકાઈ ગયો !

'એ જ હતી !' બહાવરા અવાજે તેણે જ્યુલીને કહ્યું : 'એ જ અવાજ અને એની હિન્દીમાં એ જ બનારસી છાંટ !'

'એનો અર્થ શું થયો ?' જ્યુલીએ ઝડપભેર મગજ ચલાવતાં પૂછ્યું : 'ખબર પડી કાંઈ ?'

'શું ?'

'કે આપણને રૂખીનું સરનામું મળી ગયું !'

'હેં' જયનો ચહેરો ખીલી ઊઠ્યો : 'ત્યારે તો નક્કી રૂખીએ આપણી ફાઇલ બચાવી લીધી. સિંધી શેઠ કહેતા'તા એ સાચું, એનો અણસાર તમને મળતો આવતો હતો.'

'મેં કહ્યું ને કે બાજી પલટાઈ ગઈ તે કદાચ આપણા લાભમાં પણ હોય.' જ્યુલીએ તેના પડખામાં નજીક સરકી જઈને તેના ગાલે ખુશાલીનું ચુંબન ચોડી દીધું.

'બારણાં ઉઘાડાં રાખીને પ્રેમ કરો છો ?'

બંને ચમક્યાં. દરવાજે વિદ્યાપતિ મલકતો ઊભો હતો : 'પાછો ચાલ્યો જાઉં કે અંદર આવી જાઉં !'

'આવી જાવ !' જ્યુલીએ ઊભા થતાં કહ્યું : 'કૉફી બનાવવા

માટે તમારી જ રાહ જોતી હતી.'

'જ્યુલી ખોટું બોલે છે વિધુ !' જયને હવે મજાક સૂઝી: 'એ તો ફાઇલ ગુમાવી દેવા માટે મારી સાથે ઝઘડતી હતી.'

'ઑસ્ટ્રીઆની યુવતીઓ ઝઘડવા માટે ચુંબનનો આશરો લે છે એ મેં પહેલીવાર સાંભળ્યું !' વિદ્યાપતિએ સોફા પર બેસવાને બદલે અંદરના રૂમ તરફ જતાં કહ્યું : 'જ્યુલી, ફાઇલ ભલે ગુમ થઈ, પણ એ લઈ જનારની કડી આપણને મળી ગઈ છે.'

'કઈ કડી ?' બંને એકસાથે પૂછી બેઠાં : 'તને ક્યાંથી મળી ?'

'કેમ પેલા સિંધી શેઠે ફાઇલ લેનારને ફોન કર્યો હતો એ નંબર યાદ છે ને ! આડત્રીસ અઠ્યાસી અઠ્યાસી ! બસ વન નાઇન સેવન પર ટેલિફોન ઑપરેટરને આ નંબરનું સરનામું પૂછી લે એટલે કામ પત્યું !'

જય અને જ્યુલી એકબીજાને જોઈ રહ્યાં : હવે ? વિદ્યાપતિને રૂખીની વાત કરી નથી અને આ નંબરનું સરનામું જાણ્યા પછી એ ત્યાં પહોંચી જવાનો જ પ્રસ્તાવ મૂકશે...

વિદ્યાપતિએ બાથરૂમમાં જઈ પીંડી સુધી લાંબા બૂટમાં છુપાવેલી પિસ્તોલ કાઢીને પેન્ટના ખિસ્સામાં સેરવી દીધી. પેલા ચીનાને પોતે હથિયાર લઈને મળવા ગયો હતો એની જાણ જયને થવા દીધી નહોતી.

'કેમ ફોન નથી લાગતો ?' દીવાનખંડમાં આવીને વિદ્યાપતિને બંનેને ટપાર્યા : 'આજે ફાઇલનો પત્તો લગાડ્યા વગર જંપવું કે જમવું નથી.'

કહીને એણે જ વન નાઇન સેવન નંબર જોડવા માટે ડાયલ ઘુમાવ્યું ત્યારે જય અને જ્યુલી વ્યગ્ર બની ગયાં : વિદ્યાપતિને સરનામા સાથે રૂખીનું નામ પણ જાણવા મળશે તો ? કદાચ રૂખીએ નામ બદલ્યું હોય તોપણ સરનામું જાણીને એ ત્યાં જવાની જિદ પકડશે તો ? વિદ્યાપતિ એક વાર મક્કમ નિર્ધાર કરે પછી તેને કોઈ રોકી શકતું નહીં...

'હેલ્લો, ડિરેક્ટરી ઇન્કવાયરી ?' સામેથી ફોન ઊંચકાયો એટલે વિદ્યાપતિએ વિવેકઘૂંટ્યા અવાજે કહ્યું : 'પ્લીઝ અમને થ્રી એઇટ, ડબલ

એઇટ, ડબલ એઇટ નંબરનું પૂરું સરનામું આપશો ?'

સામેથી હોલ્ડ કરવાનું આવ્યું એટલે તેણે પડઘો પાડ્યો : 'થૅન્ક્સ, આઇ એમ હોલ્ડિંગ !'

સરનામું ટપકાવી લેવા ડાયરી-બોલપેન તૈયાર રાખી બેઠેલા વિદ્યાપતિને અર્ધી મિનિટનો વિલંબ વસમો લાગ્યો અને જય-જ્યુલીની તેની અધીરાઈએ અકળાવી મૂક્યાં, ત્યાં...

'સૉરી સર ! આ નંબર અનલિસ્ટેડ છે, અમે એનું સરનામું આપી ન શકીએ.'

'અનલિસ્ટેડ છે ?' રિસીવર ઠપકારીને વિદ્યાપતિએ નારાજી ઉછાળી : 'કહે છે કે આનું સરનામું અમે નહીં આપી શકીએ... હવે ?'

'ડોન્ટ વરી !' જ્યુલીએ રાહતનો શ્વાસ લેતાં આશ્વાસન આપ્યું : 'કાલે હું એમ્બસીમાંથી એ નંબરનું સરનામું મેળવી આપીશ.'

'બરાબર છે !' જ્યુલીની હૈયાઉકલતને ટેકો આપતાં જયે વાત વાળી લેતાં પૂછ્યું : 'વિધુ, તું જઈ આવ્યો ત્યાં શું થયું ? ચ્યાંગ મળ્યો ? વાત આગળ વધી ?'

'હા !' વિદ્યાપતિ ફરી ઉત્સાહમાં આવી ગયો : 'આપણા જેટલી જ એને પણ ગરજ દેખાય છે. ટેલિફોનને કારણે એક દિવસ મોડું થયું એ માટે ભારતના સરકારી તંત્રને ચીનાએ અંગ્રેજીમાં અર્ધો ડઝન ગાળ ભાંડી દીધી.'

'પેલી જાહરાની હાજરીમાં ?' જ્યુલી પૂછી બેઠી.

'હાસ્તો, તારી એ જોહરા ગાળો સાંભળવામાં મજા લેતી હતી.'

'પણ વિધુ, થયું શું એ તો કહે ?'

'કાલે એક લાખ રૂપિયા લઈને જવાનું છે.'

'એટલું જ નક્કી કરવા બોલાવ્યો તને ?' જયને થયું કે વિદ્યાપતિ ન કહીને પોતાને ટટળાવે છે અથવા કહેવાનું ટાળવા માગે છે : 'ચીના પાસે ખરેખર કાંઈ છે ખરું ? તેણે બીજું કાંઈ ન કહ્યું ?'

'જયુ એની પાસે કાંઈક છે એની મને પાકી શ્રદ્ધા બેસી ગઈ. પણ રૂપિયાની નોટો જોયા વિના એ મોઢું નથી ખોલવાનો.'

'અને ધાર કે આપણા લાખ રૂપિયા આંચકીને એ પલાયન થઈ ગયો તો ? આ અજાણ્યા દેશમાં આપણે શું કરી શકવાના ?'

સવાલના જવાબમાં ઘડીભર તેની સામે ધારદાર નજરે તાકી લઈને વિદ્યાપતિએ પેન્ટના ખિસ્સામાંથી પિસ્તોલ કાઢી : 'આ હું સાથે લઈને જ ફરું છું.' પિસ્તોલ જોઈને જ્યુલી-જય બંને ચોંક્યાં એટલે વિદ્યાપતિએ સંભળાવ્યું : 'નેપાલથી નક્કી કરીને જ નીકળ્યો છું, જરૂર પડે તો બીજાની જિંદગી સાથે જુગાર ખેલી નાખવો !'

ત્યારે જયને કોઈ દલીલ સૂઝી નહીં : વધુ આનાકાની કરવાથી વિદ્યાપતિ માની બેસશે કે આટલી મોટી રકમ આપતાં પહેલાં હું તેની ઊલટતપાસ લઉં છું....

'ભલે વિધુ કાલે બૅન્કમાંથી રકમ લઈ આવું છું. કેટલા વાગે પૈસા પહોંચાડવાના છે ?'

'ક્યાં અને કેટલા વાગે પહોંચાડવા એ કાલે ચાર વાગે ફોન પર નક્કી થશે.' કહીને વિદ્યાપતિએ જ્યુલી તરફ જોયું : 'તારી પેલી જોહરા ચ્યાંગને ચીની ભાષામાં કહેતી હતી કે મારી પેઇંગગેસ્ટ હમણાં સાંજે અહીં હોતી નથી છતાં હું તેની સાથે પાકું કરી લઉં પછી તમે આને ટાઇમ આપજો ! એને ખબર નહીં કે, હું થોડીઘણી ચીની સમજી લઉં છું.'

'હવે મને સમજાયું કે આજકાલ હું ઘેર મોડી જાઉં છું તો એ કેમ કંઈ પૂછપરછ કરતી નથી.' કહીને જ્યુલીએ ઉમેર્યું : 'કાલે તો હું જ સામેથી કહી દઈશ કે આખી સાંજ અને અર્ધી રાત બોયફ્રેન્ડ સાથે ગાળવાની છું.'

'એ વાત પર કૉફી થઈ જાય તો ?' જયે કહ્યું અને જ્યુલી ઊભી થઈ ત્યાં વિદ્યાપતિએ ધડાકો કર્યો :

'અરે જયુ, એક વાત કહેવાની રહી ગઈ. મેં પેલા રાણાને જોયો !'

'રાણા ?' જયને માત્ર કુતૂહલ જ થયું : 'રાણા કોણ ?'

'બૅન્કની કૅશ લૂંટવા માટે વિમાન હાઇજેક કરનાર ટોળકીનો સાથી... તને મેં કાઠમંડુથી કૉલ પર કહ્યું હતું ને કે લૂંટારા ભારતમાં છે.'

'એટલે હજુ એ લોકો પકડાયા નથી ?'

'ના, પકડાયા પહેલાં એ લોકો તને પકડવા માગે છે !'

હવે જય પર ધારી અસર થઈ : 'મને ? શું કામ ?'

'કાઠમંડુમાં મારા પર નનામા ફોન આવતા હતા. તમારો દોસ્ત કટ્ટોખાનો જયદેવ ભારતમાં ક્યાં છે ? મેં કહ્યું કે, મને ખબર નથી, તમારે એનું શું કામ છે ? તો જવાબમાં ધમકી સાંભળવા મળતી કે-કાંઈ નહીં, અમે જોઈ લેશું.'

'પણ મને પકડવાથી એમને શું મળવાનું ?' પૂછી જય અટકી ગયો. કાંઈક વિચારીને ઉમેર્યું : 'હવે સમજાયું, અલ્હાબાદની પોલીસે બૅન્ક લૂંટના શકમંદ આસામી તરીકે મને એક રાત કસ્ટડીમાં પૂર્યો હતો એની એમને ખબર પડી ગઈ હશે. કદાચ એ બાબતમાં આ લોકો મને પૂછતાછ કરવા માગતા હશે ! મેં કોઈનાં નામ આપ્યાં છે કે નહીં એ જાણવા માગતા હશે.'

જયે આવો ખુલાસો તો કર્યો પણ ભીતરમાં તો ફફડાટ જાગ્યો હતો.

સત્તર

બુધવારની મોડી રાત સુધી જય અને વિધુ થોડા વિચારમાં તો થોડા વાતોમાં પરોવાયેલા રહ્યા. જયદેવે નક્કી કરી નાખ્યું હતું કે વિદ્યાપતિ માટે કાલે બૅન્કમાંથી લાખ રૂપિયા ઉપાડવાની સાથે બીજા લાખ રૂપિયા પણ લઈ લેવા અને શોભા પાસે જઈને કહેવું: મને રૂખીનું સરનામું આપ ! હું તને કિંમત ચૂકવી આપું છું. પછી લાખ રૂપિયાનું તને મનફાવે તે કરજે-વેર વાળવું હોય તો વેર અને વેપાર કરવો હોય તો વેપાર... વિદ્યાપતિ વિચારતો હતો કે લાખ રૂપિયાના બદલામાં ચીનો ચ્યાંગ પોતાને રૂખી સુધી પહોંચાડવાનો નથી. એણે તો સ્પષ્ટ કહી દીધું હતું કે ગુમ થયેલી છોકરીઓ કોનો શિકાર બની છે એની દિશા ચીંધવાની જ હું કિંમત લઉં છું. પછી છોકરીઓની શું દશા થઈ એ કાંઈ હું ન જાણું !

'વિધુ, તને નેપાલથી આવ્યાને ત્રણ દિવસ થયા છતાં ત્યાંના કોઈ ખબર-અંતર તેં આપ્યાં નહીં.' જયદેવે પડખું ફેરવતાં પૂછ્યું: 'ઘેર બધા કેમ છે એ તો તેં કહ્યું નહીં !'

'હું કહેવા માગતો હતો પણ તેં પૂછ્યું નહીં.'

'હું પૂછવા માગતો હતો પણ તું ટાળતો હતો. કદાચ કાંઈક ચિંતાજનક જાણવા મળશે તો ચિત્ત અસ્વસ્થ બની જશે અને ચિત્ત ઠેકાણે ન હોય ત્યારે માણસ પૂર્ણ એકાગ્રતાથી કામ પાર પાડી શકતો નથી.'

કહીને જય ખામોશ રહ્યો અને વિદ્યાપતિએ તેના તરફ પડખું ફેરવ્યું.

'આમ તો દસ દિવસમાં તારો ઓરમાન ભાઈ કપિલ બે-ત્રણ વાર મને કહી ગયો કે મારી બાએ તમને મળવા ઘેર બોલાવ્યા છે, એકવાર જરૂર આવી જાવ... છતાં જવાની ઇચ્છા થતી નહોતી, પણ દિલ્હી આવતા પહેલાં જઈ આવ્યો.'

'પિતાજીને મળ્યો ?' જયના અવાજમાં થડકો આવી ગયો: 'મારે તો એમના ખબર જાણવા હતા.'

'રવિવારે ઘેર પહોંચ્યો એટલે કપિલ તરત મને તારી ઓરમાન મા પાસે લઈ ગયો.' વિદ્યાપતિએ પિતાને બદલે માની જ વાત ચાલુ રાખી : 'મેં ધાર્યું હતું કે તારા નામે કકળાટ શરૂ કરી દેશે, પણ એણે તો 'મારો જય ક્યાં છે ? ક્ષેમકુશળ તો છે ને...' વગેરે મલાવા શરૂ કરી દીધા એટલે સમજી ગયો કે કોઈ મતલબ બોલી રહ્યો છે.'

'હવે ઓરમાન માને મારામાં શું મતલબ બાકી રહ્યો ?' જયથી બોલાઈ ગયું : 'એના કપિલને રાજપુરોહિતની ગાદી મળે એ માટે મેં રસ્તો તો કરી આપ્યો.'

'છતાં એ માટે ફરી તારી જરૂર ઊભી થઈ.' વિદ્યાપતિએ સમજાવ્યું : 'તારા પિતાજીએ રાજપુરોહિતની ગાદી ત્યજી દેવાનો પત્ર રાજમહેલને મોકલી આપ્યો.'

'હેં !' જયને આંચકો લાગ્યો : 'પિતાજીએ ત્યાગપત્ર શું કામ લખી આપ્યો ?'

'જયુ, એમને સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્યો. તારા ગયા પછી એ ઘર બહાર નીકળતા બંધ થઈ ગયા. કોઈને મળતા પણ નથી. બંધ ઓરડામાં ચોવીસ કલાક પુરાઈ રહે છે.'

'અરે રે, પિતાજીની મેં આવી અવદશા કરી !' જયથી નિસાસો નંખાઈ ગયો : 'પછી માએ તને શું કહ્યું ?'

'એ જ કે કપિલના પિતાને ત્યાગપત્ર પાછો ખેંચી લેવાનું એકમાત્ર જય જ સમજાવી શકશે.' વિદ્યાપતિએ કટાક્ષમાં કહ્યું : 'એણે મારી સાથે તને કહેવડાવ્યું કે જય એક પત્ર લખીને પિતાની

ક્ષમા માગી લે, પાપની લક્ષ્મી ધર્માદામાં દાન કરી દઈને હું તેમાંથી મુક્ત થયો છું, એટલે મને માફ કરી દો એટલું લખીને ઉમેરે કે પેઢીઓથી ચાલ્યું આવતું રાજપુરોહિતનું પદ તમે કોઈ પણ ભોગે જતું કરશો નહીં. મારી ભૂલની સજા આપણી ભાવિ પેઢીએ શું કામ ભોગવવી જોઈએ ? વગેરે વગેરે...'

'શું ઓરમાન મા એમ માને છે કે જે પિતાનું મેં આટલી હદે દિલ દુભાવ્યું છે એ મારા લખવાથી ત્યાગપત્ર પાછો ખેંચી લેશે?' કહેતો જય ઘડીવાર માટે અટક્યો, પછી ઉમેર્યું : 'તેને બદલે પિતાજી કપિલને રાજપુરોહિતની ગાદીએ બેસાડી દે એવું કેમ નથી વિચારતાં ?'

'વિચારે છે તો એવું જ ...' વિદ્યાપતિ દાઢમાંથી બોલી ગયો : 'પણ કપિલ હજુ બાવીસનો છે અને અપરિપક્વ છે એટલે એને ગાદી માટે લાયક ઠરાવે નહીં. તારી ઓરમાન મા તો એટલું જ ઇચ્છે છે કે બે-ત્રણ વરસ ગાદી ટકાવી રાખીને પિતાજી કપિલને લાયક બનાવી દે એટલે પત્યું !'

જયને ઇન્દ્રાણીના શબ્દો યાદ આવી ગયા. રામ વનવાસ જાય અને ભરતને ગાદી મળે એ થવું જોઈએ. પણ દશરથ રાજાની જેમ તારા પિતાજી મૃત્યુ પામે અને હું વિધવા થાઉં એવો અન્ત મારે ન જોઈએ... અને પોતે પણ માને વચન આપ્યું હતું કે એવું નહીં થવા દઉં !

'વિધુ, પિતાજીને હું પત્ર જરૂર લખીશ. ક્ષમા માગીને હું આજીજી કરીશ કે ગાદીત્યાગ ન કરે, કપિલને અન્યાય ન કરે પણ પાપની લક્ષ્મીથી હું મુક્ત થયો છું એવું જૂઠું લખવાના પાપમાં હું કેમ પડું ?'

વિદ્યાપતિ થોડીવાર ખામોશ રહ્યો. જયની સાથે ઝઘડવાનું મન થયું કે જે ઓરમાન માએ તને ગૃહત્યાગ કરાવ્યો એની આજીજી સાંભળવાની સારપ શું કામ કરવી જોઈએ ? પણ એમ કહેવાને બદલે ઇન્દ્રાણીએ કરેલી બીજી વિનંતી સંભળાવી:

'તારી ઓરમાન મા પાપ-પુણ્યમાં ક્યાં માને છે જયુ? એણે તો તારી મૂડીમાં કપિલનો ભાગ માગ્યો !'

'મારી કઈ મૂડી ?'

'કેમ, તું મહારાજાનાં પાપ લઈને લખપતિ બની ગયો છો ને ! બિચારી ઓરમાન મા કરગરીને કહેતી હતી કે જયને સમજાવજે. કોઈને ખબર ન પડે તેમ અર્ધી રકમ મોકલી આપે... એ એકલા માણસને આટલા બધા પૈસાને શું કરવા છે ?'

'માએ એમ કહ્યું !' જયનો અવાજ તરડાઈ ગયો : 'જે પાપની લક્ષ્મી સ્વીકારવા ખાતર પિતાજીએ મને ઘરબહાર કાઢ્યો, એ લક્ષ્મીનો અર્ધો ભાગ તે ઘરમાં લાવવા માગે છે ? પિતાજીને જાણ થાય તો તો જીભ કચડીને આવરદા આટોપી લે વિધુ !'

'કદાચ તારી માને એમની આવરદા કરતાં હવે પાપની લક્ષ્મી વધારે વહાલી લાગતી હશે.'

'એવાં કટુ વચન નહિ બોલ વિધુ. મને એ કહે કે પિતાજીએ મારા માટે શું કહ્યું ?'

ત્યારે વિદ્યાપતિને પડખું ફેરવી લઈ જવાબ ગળી જવાનું મન થયું, પણ જય તેની સામે અંધારામાં આતુરતાથી તાકી રહ્યો હતો.

'તારા માટે શું કહ્યું ?' વિદ્યાપતિએ નિસાસો નાખ્યો : 'કપિલને પુરોહિતજી પાસે કહેવા મોકલ્યો, જા જઈને કહેજે કે વિધુ કાલે જયને મળવા દિલ્હી જાય છે... તમારે કાંઈ કહેવડાવવું છે?'

'તો એમણે શું કહ્યું ?'

'એમણે કહ્યું નહીં, પૂછ્યું કે જય ? કોણ જય ?'

સાંભળીને જયનું કાળજું ઉતરડાઈ ગયું... સદાય વાત્સલ્ય વરસાવતાં પિતાએ આ શબ્દો ઉચ્ચારતી વખતે કેવી અસહ્ય યાતના અનુભવી હશે !

વિદ્યાપતિને આગળ પૂછવાનું તેણે માંડી વાળ્યું : સંબંધનો એક કિનારો તો છૂટી ગયો હતો અને બીજો કિનારો હજુ હાથ લાગ્યો નહોતો...રૂખી ન મળે ત્યાં સુધી મઝધારમાં જ નૌકા ઘૂમરાતી રહેવાની !

જયનું થાકેલું શરીર અને પાકેલું મન ક્યારે સુષુપ્ત અવસ્થામાં ઘેરાઈ ગયું તેનું ભાન ન રહ્યું. બહેનનું રટણ કરતાં આવી

ગયેલી નીંદરમાં તેને રૂખી દેખાઈ. રસ્તા પર ચાલી જતી રૂખીને જોતાં તેણે સાદ પાડ્યો : રૂખી ! પેલીએ ગરદન ફેરવીને પાછળ જોયું અને ભાઈ જોતાં જ ડઘાઈ ગઈ હોય તેમ દોટ મૂકી.... પોતે તેની પાછળ દોડવા લાગ્યો : રૂખી, ઊભી રહે રૂખી !

એ સાદ પાડતો ગયો તેમ પેલી ઝનૂનભેર દોડતી ગઈ. સડક પૂરી થતાં એ રણમાં ભાગવા લાગી, રેતીમાં પગ ખૂંપી જતા હતા, છતાં એનો વેગ ઘટતો નહોતો અને પોતે એને આંબી શકતો નહોતો. ઉજ્જડ વેરાન રણનો જાણે કોઈ અંત જ આવતો નહોતો. હાંફતાં હાંફતાં તેને થયું કે હવે ફેફસાં ફાટી જશે, શ્વાસ ઘૂંટાઈ જશે... એટલે આખરી પોકાર પાડ્યો : 'રૂ...ખી !'

'શું થયું જય ?' બાજુમાં ઊંઘતો વિદ્યાપતિ સફાળો બેઠો થઈ ગયો. જયની પાસે જઈને તેના ખભે હાથ મૂક્યો તો તેનું ગંજી પરસેવાથી પલળી ગયું હતું અને છાતી ધમણની જેમ હાંફતી હતી : 'જયુ શું થાય છે તને ?'

'હેં !' કહેતો એ હેબતાઈને બેઠો થઈ ગયો. વિદ્યાપતિને જોતાં જ એના ભયભીત ચહેરા પર રાહતની રેખા ઊપસવા લાગી. આજુબાજુ નજર ફેરવ્યા પછી ખાતરી થઈ કે એ બધું તો સપનામાં બની ગયું હતું અને સવાર પડી રહી હતી.

'મને સપનું આવ્યું...' કહેતાં ધડકતી છાતી પર હાથ દાબી એણે ઉમેર્યું : 'કોઈ વાર આવું સપનું આવતું નથી.'

'સપનામાં તું રૂખીને સાદ પાડતો હતો.'

સાંભળીને એ ક્ષોભીલો પડી ગયો : 'હા વિધુ, રૂખી મને જોઈને નાસી રહી હતી... મેં તેનો બહુ પીછો કર્યો પણ એ ઊભી જ ન રહી. દૂર ને દૂર ભાગતી જ ગઈ...' ત્યારે વિદ્યાપતિએ નિસાસો છોડ્યો : 'મને તો એ સપનામાંય દેખાતી નથી જયુ ! ખબર નહીં આપણે એનાથી કેટલા નજીક છીએ કે કેટલા બધા દૂર?'

'બહુ નજીક છીએ વિધુ !' જયથી આવેશમાં બોલાઈ જવાયું: 'રૂખી હવે આપણાથી બહુ દૂર નથી.'

ત્યારે વિદ્યાપતિ તેની સામે તાકી રહ્યો. જાણે આંખો દ્વારા

એનું મન વાંચી લેવા મથતો હોય તેમ જોતો જ રહ્યો.

હવે જયને થયું કે વિદ્યાપતિથી છાનું રાખવાનો કોઈ અર્થ નથી. કદાચ એ મને ક્યારેય માફ નહીં કરે :

'વિધુ, રૂખીને મેં નજરોનજર જોઈ તો નથી પણ ટેલિફોન પર અવાજ સાંભળ્યો.'

ચોંકી જવાને બદલે વિદ્યાપતિ તો ડઘાઈને તેને જોતો જ રહ્યો

'સાચું કહું છું, તું કાઠમંડુથી આવ્યો એના પહેલા અર્ધોએક કલાક અગાઉ જ શોભાએ મને એની સાથે વાત કરાવી...' વિદ્યાપતિની ખામોશી તેને ખટકતી હોય તેમ આવેશમાં એણે ઉમેર્યું: 'તારાથી મેં જાણે કરીને છાનું રાખ્યું હતું દોસ્ત, હવે તને બધું જ કહી દઉં છું...'

છતાં વિદ્યાપતિ અબોલ જ રહ્યો ત્યારે જયદેવે શોભાની પહેલી મુલાકાતથી શરૂ કરીને આડત્રીસ અઠ્યાસી અઠ્યાસી નંબર પર કરેલી વાત સુધીનું બધું જ કહી દીધું.

'તને કદાચ એમ હશે જયુ કે રૂખીના કલંકિત જીવનની વાત જાણીને હું આઘાત પામીશ...' વિદ્યાપતિ લાગણીના રોષ ઘૂંટ્યા અવાજે બોલી ગયો : તેં એમ પણ માની લીધું હશે કે તારી બહેનને હું તિરસ્કારતો થઈ જઈશ...'

'નહીં, નહીં !' જય અધીરાઈથી વચ્ચે બોલી ઊઠ્યો : 'મને તારી એક જ બીક હતી, રૂખીને મળવા ધસી જઈશ તો કદાચ ક્યારેય આપણે એને પાછી મેળવી શકીશું નહીં.'

'શા માટે ?'

'એટલા માટે કે બહેન કલંકિત થયા પછીય સામે આવેલા ભાઈના ખભા પર માથું નાખીને હૈયું ઠાલવી નાખે છે... પણ પોતાના મનના માનેલા પુરુષની નજર સામે આવવાને બદલે ધરતીમાં સમાઈ જવાનું પસંદ કરે છે.' કહીને તેણે ઉમેર્યું : 'એટલે જ પહેલાં રૂખીને હું એકલો જ મળી લેવા માગું છું.'

'ક્યારે ?'

'આજે !' જય ફરી ઉત્સાહમાં આવી ગયો : 'પેલા ચીના માટે બેંકમાંથી લાખ રૂપિયા લેવા જાઉં છું, તેની સાથોસાથ શોભાને

આપવાના લાખ રૂપિયા પણ લઈ આવું છું ! શોભા પાસેથી સરનામું મળતાં જ રૂખીને મળવા દોડી જઈશ પણ... '

'પણ શું....'

'આ સપનું... મને જોઈને નાસી જતી રૂખીનું અમંગળ સપનું.'

'સપનું આવ્યું અને ગયું.' વિદ્યાપતિએ ઊભા થઈ બાલ્કની તરફ જતાં કહ્યું : 'સામે આકાશમાં ઊગતા સૂરજની સાક્ષીએ કહું છું જયુ ! તું રૂખીને મારી સામે લઈ આવીને જોજે, મારી એક જ નજરે તેને ખાતરી કરાવી આપશે કે છ-છ વરસથી એને જોવા માટે... એ જેવી હોય એવી જોવા માટે મારી આંખો તલસી રહી છે.'

બોલતાં બોલતાં એ અચાનક થંભી ગયો. બાલ્કનીમાંથી તેની નજર નીચે બગીચામાં છોડ-ઝાડને પાણી પાતી બિશાખા પર પડી. મગજમાં ભૂતકાળનું કોઈ દશ્ય ઝબકારો કરી ગયું અને ત્યાં જ પેલીએ ગરદન ઊંચી કરીને જોયું. વિદ્યાપતિ પર નજર પડતાં જ ધ્રૂજી ઊઠી. છોડને પાણી પાવાનું પડતું મૂકી સડસડાટ દોડતી ઘરમાં ભરાઈ ગઈ.

એના ગયા પછીય વિદ્યાપતિ ત્યાંથી નજર હઠાવી શક્યો નહીં : એમ ત્યારે, આ છે જયની પાડોશણ... પેલા પ્રસાદની પત્ની!



સાંજે છ વાગે ત્રણે નીચે ઊતર્યાં. જાણે કરીને ટૅક્સી ઘર પાસે બોલાવી નહોતી. જયદેવ અને વિદ્યાપતિના હાથમાં બૅગ હતી, જ્યુલી એ બંનેની વચ્ચે ચાલતી હતી. દરવાજે પહોંચ્યા ત્યાં ગુરખો નોકર દોડતો આવ્યો : 'સા'બ, લાવો બૅગ ઉપાડી લઉં... કહેતા હો તો ટૅક્સી બોલાવી આવું.' પણ જયે હસીને તેને વળાવી દીધોઃ 'રહેવા દે જંગા, નાકા પરથી ટૅક્સી પકડી લઈશું... બૅગ પણ બહુ વજનદાર નથી.' પછી નીચેના ઘરનો બંધ દરવાજો જોઈને પૂછ્યું: 'બાઈસા'બ બહાર ગઈ છે ?'

'હા સા'બ, એ ફિલમ જોવા ગયાં છે. કહેતાં'તાં કે નવ પછી આવીશ.'

'જંગા, અમે પણ મોડા આવશું.'

સાંભળીને જંગાએ વિદ્યાપતિ તરફ નજર રાખી જયને પૂછ્યું : 'સા'બ, મહેમાનસા'બ જઈ રહ્યા છે ?'

'નહીં રે !' જયને સમજાઈ ગયું કે હાથમાં ઊંચકેલી બે બૅગ જોઈને જંગા બક્ષિસની આશાએ પૂછી રહ્યો હતો : 'એ હજુ રોકાવાના છે, જશે ત્યારે તારો હાથ ખાલી નહીં રાખતા જાય.'

સા'બ બક્ષિસની લાલચ પારખી ગયા એથી ક્ષોભીલો પડીને જંગા પાછો ફરી ગયો

ટૅક્સી સ્ટૅન્ડ પહોંચીને જય અને વિદ્યાપતિ એકબીજા સામે જોતા ઊભા રહ્યા. અહીં બંનેની દિશા ફંટાઈ જવાની હતી. વિદ્યાપતિએ ઉત્તરમાં જવાનું હતું, જય અને જ્યુલી દક્ષિણનો રસ્તો પકડવાનાં હતાં. જમણા હાથમાં ઊંચકેલી બૅગ બંનેએ એક જ સમયે ફેરવી નાખીને જમણા હાથ મિલાવ્યા. વિદ્યાપતિ કહેવા માગતો હતો : 'રૂખીને મળવા માટે મન અધીરું તો બન્યું છે, પણ શું થાય? મારા ભાગે ચીનો આવ્યો... જયને કહેવું હતું : સંભાળજે, ચીનો કોઈ ચાલબાજી અજમાવે તો લાખ રૂપિયા ખાતર જિંદગીનો જુગાર ખેલવાનું જોખમ નહીં ખેડતો, પિસ્તોલ ભરેલી જ પાછી લાવજે!'

પરંતુ બેમાંથી કોઈ કાંઈ બોલ્યું નહિ. પરસ્પરના હાથ દબાવી બંને જુદી જુદી ટૅક્સીમાં ગોઠવાઈ ગયા અને ટૅક્સી ઉત્તર-દક્ષિણના રસ્તે આગળ વધી ગઈ. જયે એકવાર પાછળ ડોક ફેરવીને જોયું તો દૂર નીકળી ગયેલી ટૅક્સીમાંથી વિદ્યાપતિ પણ એ જ રીતે પોતાને જોઈ રહ્યો હતો !

'શું વિચારમાં પડી ગયો જય ?' કાંડા પર હેતાળ હાથ પસરાવતાં જ્યુલીએ પૂછ્યું: 'વિદ્યાપતિની ફિકર થાય છે કે ?'

'નહીં રે !' વિચારતંદ્રામાંથી જાગ્રત થયો હોય એમ બોલી ઊઠ્યો : 'હું વિચારતો હતો, હવે પછી કલાક-બે કલાકમાં બંને દિશામાં જે કાંઈ બનવાનું છે તેના પર જાણે આપણા ત્રણેનું ભાવિ તોળાઈ રહ્યું છે.'

'શોભાએ રૂખીનું સરનામું તો તૈયાર રાખ્યું છે પછી...'

ત્યારે જ્યુલી સામે દૃષ્ટિ ફેંકી જય ફરી ખામોશ થઈ ગયો. કહી ન શક્યો કે સવારે આવેલાં અમંગળ સપનાંએ મારી શ્રદ્ધાને ડગમગાવી દીધી જ્યુલી !

ટૅક્સીએ શોભાના ઘરનો વળાંક લીધા પછી કોઈએ બોલવાનું રહ્યું નહીં. જ્યુલીએ બૅગ સોંપી જયે ટૅક્સીના પૈસા ચૂકવી આપ્યા અને કારનાં ઉઘાડ-બંધ થતાં બારણાના અવાજ સાંભળીને શોભાએ તેના ફ્લૅટનો દરવાજો પણ ખોલી નાખ્યો : 'આવો, હું તમારી જ રાહ જોતી હતી !'

'અમારી રાહ...' જ્યુલીના હાથમાંથી બૅગ લઈ તેની સામે ધરતાં જયદેવે મલકીને પૂછ્યું : 'કે પછી આની રાહ જોતી હતી?'

ત્યારે જરાય ખોટું લગાડ્યા વગર શોભા સામું મલકી : 'હું તમને બહુ બિઝનેસ માઇન્ડેડ લાગું છું ને ?'

'નહીં શોભા !' સોફા પર બેસતાં જયે કહ્યું : 'વેર લેવા વિફરેલી વાઘણ જેવી લાગે છે!'

'ત્યારે તો તમે મને બરાબર સમજી ચૂક્યા છો.' કહેતાં તેણે જય તરફ હાથ લંબાવ્યો 'બૅગની ચાવી !'

'શોભા !' જ્યુલી બોલી ઊઠી : 'હવે તું વેપારી જેવી લાગે છે, પૈસા ગણ્યા વગર આગળ નહીં વધવું !'

જયદેવે ખિસ્સામાંથી ચાવીને બદલે એક ચબરખી શોભાના હાથમાં મૂકી ત્યારે પેલી ચમકી : 'આ શું છે ?'

'બૅગ લૉક નથી કરી એટલે ચાવીની જરૂર નથી. પણ આ ટેલિફોન નંબર જરા વાંચી લે !'

વાંચતાં જ શોભા ચકળવકળ આંખે બંનેને જોઈ રહી : 'આડત્રીસ અઠ્યાસી અઠ્યાસી... આ નંબર તો...'

'રૂખીનો છે !' જય મક્કમ સ્વરે બોલી ગયો બરાબર ને?'

'તમને ક્યાંથી મળ્યો ?' શોભાનો અવાજ તરડાઈ ગયો.

'શોભા, આ નંબર ગઈ કાલનો મારી પાસે છે. મેં એ લગાડીને ફોન પર રૂખીનો અવાજ પણ સાંભળી લીધો...'

'ઓહ ?' કહેતી શોભા જય સામે જોઈ રહી, જાણે પૂછતી

હોય કે તો પછી મારા લાખ રૂપિયા ગયા ?

'તું ચૂપ થઈ ગઈ શોભા ! ચિંતા નહીં કરતી, બૅગ લઈને તારી કિંમત ચૂકવવા જ આવ્યો છું.' કહેતાં જયે ઉમેર્યું : 'આ નંબર ડિરેક્ટરીમાં નથી છતાં ટેલિફોન એક્સચેન્જમાં કોઈના ખિસ્સામાં માત્ર સો રૂપિયા સેરવી દઈને સરનામું મેળવી શકત...'

'છતાં....' શોભાની આંખોમાં જય પ્રત્યે આદરભાવ જાગ્યો: 'તમે સો રૂપિયાને બદલે લાખ રૂપિયા ખરચવા તૈયાર થયા.'

'કારણ કે મેં તને કોલ આપ્યો હતો.'

'કોલ ?' શોભાએ નિસાસો નાખ્યો : 'કોલગર્લને આપેલા કોલ કોણ પાળે છે...'

અને જયદેવે બૅગની બંને ચાંપ દબાવી ઢાંકણું ઉઘાડી તેની સામે ધરી દીધી : 'ગણી લે, પૂરા લાખ છે !'

પણ બૅગમાં ગોઠવેલી સો-સોની નોટોની થોકડી તરફ શોભાએ નજર માંડી નહીં. એ તો જયને જ જોઈ રહી હતી. એની કીકીઓમાં ભીનાશ ઊપસવા લાગી એટલે જયદેવે વાતને મજાકમાં વાળી લેતાં સંભળાવ્યું : 'હવે આ નોટો બનાવટી નથી એની ખાતરી કરવી છે કે શું ?'

ત્યારે રોષમાં ઝાપટ મારીને શોભાએ બૅગનું ઢાંકણું બંધ કરી દીધું : 'તમારે બહેનનું સરનામું જોઈએ છે ને ?' કહીને પર્સમાંથી કાગળની ચબરખી કાઢી તેના હાથમાં સોંપી દીધી : 'લ્યો.... અને સાથે સાથે આ પણ લેતા જજો.' કહેતાં એણે જય તરફ બૅગ સરકાવી : 'હું કિંમત જરૂર વસૂલ કરું છું પણ દાન નથી લેતી.'

'ખરાબ લાગી ગયું શોભા ?' કહેતો ચબરખીમાં લખેલું સરનામું વાંચી જય ઊભો થયો :

'દાન તો પુણ્યની કમાઈનું હોય, મારી આ લક્ષ્મી પાપની છે. તને આપીને કોઈ ઉપકાર નથી કરતો, બોજ ઓછો કરી રહ્યો છું.'

પછી જ્યુલીને સરનામાની ચિઠ્ઠી આપતાં કહ્યું : 'ચાલ જ્યુલી નહીંતર આ શોભા તેનો ગુસ્સો ઠાલવવા બૅગ આપણા

માથામાં મારશે.'

જ્યુલી ઊભી થઈ તોપણ શોભા અવાક જ બેસી રહી ત્યારે તેને બોલતી કરવા જયદેવે હાથ લંબાવ્યો : 'તેં સરનામું તો આપ્યું, હવે તારી શુભેચ્છા આપ.' બોલતાં બોલતાં તેનો અવાજ ભીંજાયો: 'છ વરસે ભાઈ-બહેનનું મિલન થવાનું છે.'

ત્યારે ઊભા થઈને શોભાએ તેનો ઠંડો હાથ જયના પંજામાં સોંપ્યો, પણ શુભેચ્છાને બદલે આપી તો શિખામણ: 'સંભાળજો, અમે બદનામ નારીઓ લાગણીભૂખી હોઈએ છીએ.... તમને જોઈને રૂખીનું હૃદય આઘાતથી ભીંસાઈ ન જાય એટલું જોજો !'

તેની ભીની થતી આંખો પરથી નજર વાળી લઈ જય જ્યુલીની સાથે બહાર નીકળી ગયો.



'યે સામને રહા વસુંધરા ઍપાર્ટમેન્ટ' ઊંચા મકાન તરફ આંગળી ચીંધીને ડ્રાઇવરે ટૅક્સી ધીમી પાડતાં પૂછ્યું : 'અંદર લે લું ?'

'નહીં, અહીં આ ગેટ પર જ થોભવી દે.'

જય અને જ્યુલી ગેટ પાસે ઊતરીને થોડીવાર મકાન સામે જોતાં રહ્યાં. પાંચ માળના મકાનની બંને બાજુ ગલી પડતી હતી. આગળ એક નાનું કમ્પાઉન્ડ હતું. બહારથી જોતાં લાગે કે બે-ચાર વરસ અગાઉ જ બંધાયું હોવું જોઈએ અને અંદર રહેનારા ખાધેપીધે સુખી હોવા જોઈએ. મકાનની સામેના ભાગમાં દુકાનો અને સ્ટોર્સ દેખાયા.

'સાતમાં પાંચ મિનિટ બાકી છે.' જયે કાંડાઘડિયાળમાં જોતાં જ્યુલીને કહ્યું : 'આપણે સામેના જ્યુસ સેન્ટરમાં રસ પીએ, પછી હું જાઉં.'

જ્યુલીને જરા વિચિત્ર તો લાગ્યું. બહેનને મળવા અધીરા બનેલા જયના પગ હવે એના ઘરની સામે આવીને ઢીલા પડી ગયા!

જ્યુસ પીવામાં પણ તેણે જરૂર કરતાં વધુ સમય લગાડ્યો. ઘૂંટડે ઘૂંટડે એ સામેના મકાનના પાંચમા માળને તાકી લેતા :

આમાંથી કયા ફ્લૅટમાં રૂખી રહેતી હશે ? એકલી હશે કે સાથે બીજું કોઈ... ત્યાં એની નજર ફોન પર ગઈ.

'જ્યુલી, એમ કરું, અહીંથી ફોન જોડીને જાણી લઉં કે રૂખી ઘરમાં તો છે ને !' જયે બહાનું શોધી કાઢ્યું : 'કદાચ ઘરમાં હોય જ નહીં તો જવાનો શું અર્થ ?'

જ્યુલીએ તો આનાકાની ન દર્શાવી, પણ જયદેવે ફોન લગાડ્યો. તો સામેથી કોઈએ ઊંચકીને હલ્લો કર્યા વગર જ લાઇન કાપી નાખી. તેણે બીજી વાર નંબર લગાડી જોયો તો સામેથી એન્ગેજનો સંકેત સંભળાવા લાગ્યો એટલે ધારી લીધું કે કોઈએ રિસીવર બાજુમાં મૂકી દીધું લાગે છે ! જયને નવાઈ લાગી : આવું શું કામ ? રૂખી કોઈકની સાથે હોય અને ખલેલ ટાળવા માટે ફોન બંધ રાખ્યો હોય... તો તો હમણાં મારા જવાનો કોઈ જ અર્થ નથી. કોઈની હાજરીમાં રૂખી મને ઓળખવા રાજી નહીં હોય !

જ્યુસનો બીજો ગ્લાસ પીવામાં તેણે બીજી પંદર મિનિટ વિતાવી દીધી. શોભાને ઘેરથી ટૅક્સીમાં નીકળ્યા ત્યારે રસ્તામાં જ જ્યુલીને તેણે સમજાવી લીધી હતી : પહેલીવાર હું એકલો જ ત્યાં જઈશ. તારે નીચે મારી રાહ જોવી પડશે... જ્યુલીએય સહજ ભાવે તેનો પ્રસ્તાવ સ્વીકારી લીધો હતો : રૂખીને મળવાની ઇચ્છા તો મનેય થાય, પણ પહેલાં તમે એકલા જ જાવ એવું જ હું ઇચ્છું!

પણ હવે જય એકલો જતાં કોણ જાણે કોઈક ડર મહેસૂસ કરી રહ્યો હતો. વારે વારે સવારનું સપનું તેના ઉત્સાહને દબાવી દેતું હતું. આખરે મન મક્કમ કરીને એ ઊઠ્યો : 'જ્યુલી, તારે એકલા જ સમય વિતાવવો પડશે, ખબર નહીં, ત્યાં કેટલો સમય લાગે. કદાચ અર્ધી મિનિટમાં પાછો આવું, કદાચ અર્ધો કલાક પણ થઈ જાય.'

'વાંધો નહીં, તમે મોડા આવશો તો હું રાજી થઈશ કે રૂખીએ તમને આવકાર્યા... ભાઈ-બહેન વાતોએ વળગી ગયાં !'

'તો હું જાઉં....' કહેતાં જયે પગ ઉપાડ્યા અને જ્યુલી તેને જતો જોઈ રહી. પહેલાં ધીમી લાગતી ચાલ ધીમે ધીમે વેગ

પકડતી દેખાઈ અને જ્યુલીએ આંખો મીચીને ભગવાનન
યાદ કર્યા: 'ગોડ બ્લેસ હિમ !'

કમ્પાઉન્ડ વટાવી લોબીમાં દાખલ થતાં જયન લિફ્ટની જાળી દેખાઈ, પણ લિફ્ટ ઉપર ગઈ હતી. પાછી આવવાની રાહ જોતાં તેણે મકાનમાં રહેનારનાં નામ વાંચવા માંડ્યાં. ફિફ્થ ફ્લૉરના ચોકઠામાં દર્શાવેલાં નામની તકતીઓમાં ત્રીજા નામ પર તેની નજર અટકી ગઈ : રમાદેવી, ફ્લૅટ નંબર ૫૬... ન તો નામની આગળ કુમારી - શ્રીમતી હતું કે ન પાછળ અટક લખી હતી.

ફરી લિફ્ટના દરવાજા પાસે જઈ ચાંપ દબાવી, છતાં લિફ્ટ નીચે આવવાનું કોઈ ચિહ્ન દેખાયું નહીં, ત્યારે સીડી ચડીને ઉપર પહોંચી જવાની અધીરાઈ જાગી પણ તેના આશ્ચર્ય વચ્ચે ત્યાં સીડી જ નહોતી !

'કમાલ છે, લિફ્ટ છે અને સીડી નથી !' બબડતાં એની નજર સામેની દીવાલ પર ગઈ ત્યારે વાંચવા મળ્યું : મકાનની સીડી પાછળના ભાગમાં છે, લિફ્ટ બંધ હોય ત્યારે એનો ઉપયોગ કરવો!

પાછળ જવા માટે તેણે પગ ઉપાડ્યા ત્યાં ચોકીદાર ભટકાઈ ગયો : 'કહાં જાના હૈ સા'બ ?'

'પાંચમે માળે' કહીને તેણે પૂછ્યું : 'લિફ્ટ ચાલતી નથી?'

'ચાલે છે ને !' કહેતાં તેણે લિફ્ટની ચાંપ દબાવી જોઈ, પછી ઘંટીનું બટન દાબ્યું. થોડીવાર સુધી લિફ્ટની હિલચાલ વર્તાઈ નહીં એટલે બબડ્યો : 'સાહેબ, ક્યારેક એવા અનાડી લોકો આવી જાય છે કે ઉપર જઈને લિફ્ટનો દરવાજોય બરાબર બંધ કરતા નથી.'

'જવા દો સાહેબ, આ મકાનની બધી જ વાત બેઢંગી છે.' ચોકીદારે માહિતી આપી : 'મકાન પહેલાં ત્રણ મજલાનું હતું ત્યારે લિફ્ટ નાખી નહોતી. પછી બે મજલા વધ્યા એટલે ફરજિયાત લિફ્ટ કરવી પડી... અહીં લિફ્ટ માટે જગ્યા હતી એટલે મકાનનો મેન ગેટ પણ પાછળથી ખસેડી અહીં નાખ્યો... પણ પાંચમા માળે તમારે જવું છે કોને ત્યાં ?'

'રમાદેવીને ત્યાં.'

સાંભળીને પેલો તેને વિચિત્ર નજરે જોઈ રહ્યો. જય પૂછવા જતો હતો : રમાદેવી ઘેર હશેને ? ત્યાં જ લિફ્ટ નીચે આવી. અંદરથી એક માણસ ઝડપભેર બહાર નીકળી સડસડાટ ચાલી ગયો ત્યારે ચોકીદાર બબડ્યો : 'કોણ જાણે, કેવા કેવા લોગ અહીં આવે જાય છે !'

તેની ટકોર પેલાને માટે હતી કે પોતાને માટે એવી ગડમથલ અનુભવતા જયદેવે લિફ્ટનું પાંચમા માળનું બટન દાબ્યું. ઉપર પહોંચતાં સુધીમાં તેનું હૃદય બેવડા વેગથી ધબકવા લાગ્યું હતું.

પાંચમા માળે લિફ્ટની બંને બાજુ ત્રણ-ત્રણ ફ્લૅટ હતા. ડાબી બાજુ આગળ વધતો જય ૫૦૪, ૫૦૫ અને ૫૦૬ નંબરના ફ્લૅટ પાસે પહોંચી દરવાજા સામે થંભી ગયો. એટલીવારમાં તો એના કપાળે પસીનો ફૂટી નીકળ્યો. શ્વાસ રોકીને તેણે ઘંટીનું બટન દાબ્યું. દસ સેકન્ડ, વીસ સેકન્ડ, ત્રીસ સેકન્ડ સુધી કોઈ બારણું ખોલવા નહીં આવ્યું ત્યારે એ અસ્વસ્થ બની ગયો. અધીરાઈના આવેશમાં તેણે ઉપરાઉપરી બે-ત્રણ વાર બટન દાબી ઘંટી ગજાવી મૂકી, છતાં કોઈ ન આવ્યું ત્યારે દરવાજાનો આગળિઓ ખટખટાવવા લાગ્યો અને બારણું આપમેળે ઊઘડતું દેખાયું.

ભડકીને પહેલાં તો એ બે ડગલાં પાછળ હઠી ગયો: તો શું બારણું ઉઘાડું જ હતું ? તેણે તરડાયેલા અવાજે સાદ પાડ્યો : 'રમાદેવી !' ફરી હાક મારી : 'અંદર કોઈ છે ?'

કોઈ જવાબ ન મળ્યો ત્યારે હિંમત કરીને તેણે પગ ઉપાડ્યા. પેસેજ વટાવીને દીવાનખંડમાં ગયો, ત્યાં કોઈ નહોતું છતાં છતમાં પંખો ફરતો જોઈને આશા બળવત્તર બની : ઘરમાં કોઈક તો હોવું જ જોઈએ !

બાજુના ઓરડામાં ડોકાઈને સાદ પાડવા જતો હતો ત્યાં ગળામાંથી તીણી ચીસ નીકળી ગઈ. જડની જેમ એ થોડીવાર ત્યાં જ થંભી રહ્યો. આંખની કીકીઓમાં થીજી ગયેલું એ દૃશ્ય તે સહી શકતો નહોતો તેમ નજર સામેથી હઠાવી પણ શક્યો નહીં. છત

પર કોઈ માનવદેહ લટકી રહ્યો હતો અને બારણેથી તેનો કમ્મર સુધીનો ભાગ જ દેખાતો હતો. પોશાક પરથી સમજાઈ જતું હતું કે સ્ત્રી જ લટકી રહી છે, છતાં એ રમાદેવી ઉર્ફે રૂખી ન હોય એમ મન મનાવતો બે ડગલાં આગળ વધ્યો... પણ ગળાફાંસો ખાઈને લટકતી વ્યક્તિનો ચહેરો જોતાં જ એ નીચે ફસકાઈ પડ્યો. બંને હાથે મોં દાબી દઈ છ-છ વરસથી હૃદયમાં ઘૂંટાતી પીડા આંસુ દ્વારા ઊભરાઈ આવી : 'રૂખી, તેં આ શું કર્યું ?'

ધ્રૂસકે ધ્રૂસકે રડતાં જયને અચાનક ખ્યાલ આવ્યો કે રુદનનો આ સમય નહોતો. મન મક્કમ કરીને એ ઊભો થયો. હીબકાં દબાવીને તેણે બહેનનો ચહેરો નિહાળ્યો. પછી લટકતા હાથની નાડ તપાસી, પણ થડકારો સંભળાયો નહીં !

હવે શું કરવું ? પહેલાં રૂખીનો દેહ નીચે ઉતારવો કે કોઈને જાણ કરવી ? તેને જ્યુલી યાદ આવી, પણ તરત જ એ વિચારને ખંખેરી નાખ્યો : આ દૃશ્ય જોઈને એ તો છળી પડશે...

અને તેની નજર ટેલિફોન પર ગઈ. ફોનનું રિસીવર બાજુમાં પડેલું જોઈને મગજમાં ઝબકારો થયો. પંદર-વીસ મિનિટ પહેલાં જ પોતે ફોન કર્યો ત્યારે કોઈકે ઉપાડીને જવાબ ટાળ્યો હતો...

તો શું રૂખી એ વખતે જ ગળાફાંસો ખાવાની તૈયારીમાં હશે ?

બંને હાથે તેણે માથું દબાવી દીધું : અરેરે, ટૅક્સીમાંથી ઊતરીને હું સીધો ઉપર આવ્યો હોત તો ? વીસ મિનિટના મારા વિલંબે બહેનને મોત તરફ ધકેલી દીધી.... હું આવી પહોંચ્યો હોત તો કદાચ આપઘાતનો એનો વિચાર ટળી જાત.

તેને ભીંત સાથે માથું અફાળીને પોતાની ખોપરી ફોડી નાખવા જેવો જાત પર ધિક્કાર વછૂટ્યો.

ફરી મનને વશ કરી ટેલિફોન પાસે પહોંચ્યો. પોલીસને ફોન કરવા ડાયલ તરફ આંગળી લંબાવી ત્યાં વિચાર આવ્યો: પોલીસ પૂછશે કે તમે કોણ બોલો છો તો શું જવાબ આપીશ? રૂખીના મોતના આઘાત સાથે પ્રત્યાઘાત પણ અફળાયો : નેપાલ

નરેશના રાજપુરોહિતની પુત્રી રૂક્મણી ઉર્ફે દિલ્હીની કોલગર્લ રમાદેવીએ કરેલી આત્મહત્યા ! છાપાનાં મથાળાં તેની નજર સામે ઊપસી આવ્યાં : નહીં, પિતાજીનું હૃદય આ કલંક જીરવી નહીં શકે... મારી હાજરીની પણ કોઈને જાણ ન થવી જોઈએ... તો શું કરવું?

ફરી તેણે રૂખીના લટકતા નિર્જીવ દેહ તરફ જોયું : 'છ-છ વરસ સુધી આટલું બધું સહન કર્યા પછી એકાએક તારે આ રસ્તો કેમ લેવો પડ્યો રૂખી ?' બોલતાં બોલતાં તેની નજર ડોકમાં લટકતા લૉકેટ પર ગઈ : અરે, આ લૉકેટ તો વિદ્યાપતિએ તેને પહેરાવ્યું હતું, જેના પર પશુપતિનાથ મંદિરની છબી હતી!

હાથ લંબાવીને લટકતું લૉકેટ તેણે મુઠ્ઠીમાં લીધું : 'પશુપતિનાથ, તેં પણ એની રક્ષા ન કરી.' કહીને દાંત ભીંસી દાઝમાં હાથ પાછો ખેંચ્યો તો સુકાઈ ગયેલા વૃક્ષ પરથી પાન ખરી પડે તેમ લૉકેટ રૂખીની નિર્જીવ ડોકમાંથી છૂટીને પોતાની મુઠ્ઠીમાં આવી ગયું !'

પહેલાં તો ખીજમાં લૉકેટનો ઘા કરી દેવાની ઇચ્છા જોર કરી ગઈ પણ જીવ ન ચાલ્યો : રૂખીની આ એક નિશાની જ હવે પાસે રહેવાની... લૉકેટ ખિસ્સામાં મૂકી તેણે પગ ઉપાડ્યા : આજુબાજુવાળાને આ દુર્ઘટનાની જાણ તો કરું !

દરવાજાની બહાર આવીને એ બાજુના ફ્લૅટ તરફ આગળ વધતો હતો ત્યાં નીચે રસ્તા પર તેની નજર ચોંટી ગઈ. પોલીસની જીપ અને તેની પાછળ એક એમ્બ્યુલન્સ ગેટમાં દાખલ થતાં દેખાયાં. જયદેવ ચોંક્યો : પોલીસને ક્યાંથી ખબર પડી ? સાથે એમ્બ્યુલન્સ છે એનો અર્થ એ કે કોઈએ પૂરી માહિતી પહોંચાડી છે... અને તેના મગજમાં ઝબકારો થયો : આ ઘટનામાં મને સંડોવી દેવાની ચાલ તો નહીં હોય ને ?

પગથી માથા સુધી એ થથરી ગયો : પોલીસ હમણાં લિફ્ટમાં ઉપર આવી પહોંચશે, પછી હું છટકી નહીં શકું. મારું ગમે તે થાય પણ રમાદેવી નેપાલના રાજપુરોહિતની પુત્રી રૂખી હતી એ તો કોઈ હિસાબે જાહેર ન થવું જોઈએ...

અને તેણે સીડી શોધવા માટે દબાતાં પગલે દોટ મૂકી. ડાબા તરફના છેડે પહોંચ્યો તો ત્યાં સીડી દેખાઈ નહીં એટલે પાછો ફર્યો. લિફ્ટ પાસે પહોંચ્યો તો ઉપર આવતી લિફ્ટનો અવાજ સંભળાયો. તેનો શ્વાસ ઘૂંટાવા લાગ્યો, મગજ ચકરાવે ચડી ગયું. ત્યાં લિફ્ટની બીજી બાજુ નાનકડો પેસેજ દેખાયો. છુપાઈ જવા માટે ઝડપભેર એ તરફ સરક્યો. દસ ડગલાં આગળ વધ્યો ત્યાં સીડીનો કઠેડો સામે દેખાયો. લિફ્ટના ઊઘડતા દરવાજાનો અવાજ કાને પડતાં જ તેણે આંખો મીંચીને એકીસાથે બબ્બે-ત્રણ ત્રણ પગથિયાં ઊતરવા માંડ્યાં.

પચીસ સેકન્ડમાં પાંચ માળના દાદર ઊતરીને એ હાંફતી છાતીએ નીચે પહોંચ્યો ત્યારે એની આંખે અંધારાં આવતાં હતાં અને મગજ ચક્કર ચક્કર ભમતું હતું. એક સેકન્ડ પૂરતો શ્વાસ ખાવા રોકાઈને દબાતા પગલે એ મકાન પછવાડેના દરવાજા તરફ સરકવા લાગ્યો. અંધારાંમાં કોઈ પોતાને જોઈ રહ્યું નથી તેની ખાતરી સાથે એણે દરવાજા બહાર પગ મૂક્યો ત્યાં જ.

પાછળથી કોઈએ માથા પર કપડું ફેંકી તેને જકડી લીધો. ગૂંગળામણ અનુભવતા જયને એટલું જ સમજાયું કે બે જણાએ તેને ઢસરડીને કોઈ વાહનમાં ધકેલી દીધો હતો અને વાહન પુરપાટ ધસી રહ્યું હતું !

અઢાર

'ગોપી, ઘરની એક એક ચીજ વીંખી-પીંખી નાખી પણ ક્યાંય આપણો માલ દેખાતો નથી.' રાણાએ દીવાનખંડમાં આવીને ચિરૂટ ફૂંકતા ગોપીનાથ સમક્ષ અકળામણ વ્યકત કરી : 'મને લાગે છે બૅંકલૂંટની રકમ એણે બીજી કોઈ સલામત જગ્યાએ સંતાડી રાખી હશે.'

છતાં ગોપીનાથે બે હોઠ વચ્ચે દબાવેલી ચિરૂટ હઠાવી નહીં અને ચૂપચાપ તેની સામે તાકી રહ્યો ત્યારે રાણાની અધીરાઈ વધી ગઈ : 'પેલો જયદેવ મૂંગોમંતર બની ગયો અને તું ચિરૂટના ધુમાડા કાઢતો અહીં બેસી રહ્યો છે... એની સાથે સખ્તાઈ અજમાવ્યા સિવાય એ માલ ઓકવાનો નથી. આમ ને આમ આખી રાત નીકળી જશે અને આપણે હાથ ઘસતા બેસી રહેવાના!'

ત્યારે ગોપીનાથે મોંમાંથી ચિરૂટ બહાર લીધી : 'રાણા, હું વિચારતો હતો કે પોલીસની જીપ આવતી જોઈને આપણે તો પછવાડેના દરવાજે જીપ લઈ ગયા હતા, પણ આ જયદેવ પોલીસથી ભાગવાની પેરવી શું કામ કરતો હતો ?'

'આપણી જેમ દિલ્હીની પોલીસ પણ બૅન્ક લૂંટ માટે જયદેવનો પીછો કરતી હશે.'

રાણાની એ દલીલ પર ગોપીએ હોઠ મચકોડ્યા : 'જવાબ આપવાની ઉતાવળ નહીં કર, શાંતિથી વિચારીને બોલતાં શીખ.

જયદેવને વસુંધરા એપાર્ટમેન્ટના કમ્પાઉન્ડમાં દાખલ થતો મેં જોયો, પછી તમને દેખાડ્યો... બરાબર ?'

'હા બરાબર.'

'એ જતો હતો ત્યારે એની ચાલમાં પોલીસ પીછો કરતી હોવાનો કોઈ ડર દેખાતો નહોતો. એણે એક પણ વાર પાછળ ફરીને જોયું નહોતું... એટલું જ નહીં, લિફ્ટ ન આવી ત્યાં સુધી એ સંતાયા વગર ઊભો હતો અને પેલા ચોકીદાર સાથે પણ બેધડક પૂછપરછ કરતો હતો.'

'તો ગોપી, જયદેવે લૂંટનો માલ એ વસુંધરા એપાર્ટમેન્ટમાં સંતાડ્યો હોય એવું કેમ ન બને ?'

ત્યારે ગોપી મલક્યો : 'તારી જેમ મનેય પહેલાં એવો તર્ક ઝબકી ગયો હતો, પણ માણસે જે જગ્યાએ લાખો રૂપિયા સંતાડ્યા હોય ત્યાં એ પહેલીવાર તો ન જ જતો હોય ને ? અને પહેલીવાર ન જતો હોય તો ચોકીદારને પૂછપરછ પણ શું કામ કરે ?'

સાંભળીને રાણા ગૂંચવાઈ ગયો : 'આવા તર્ક-વિતર્ક કરવાને બદલે ગોપી, એના પેટમાં બેચાર મુક્કા લગાવી દેને. હમણાં બધું જ બોલી નાખશે.'

ત્યારે ચિરૂટના સળગતા છેડા પર બાઝેલી રાખ ખંખેરી નાખીને ગોપી ફરી ધુમાડા કાઢવા લાગ્યો. દિલ્હીમાં ચાર દિવસથી પોતે સાગરીતો સાથે જયદેવની તલાશમાં ભટકતો હતો. આવડા મોટા નગરમાં સાવ અજાણ્યા માણસનો પત્તો મેળવવાનું કામ કપરું હતું, તેમાં પોતે જ પોલીસથી છુપાતા રહેવાનું હતું... મગજ કસીકસીને જયદેવની તલાશ ચાલુ રાખી હતી. ચારે જણા વારાફરતી જુદા જુદા થિયેટરમાં જઈને દિવસના ત્રણ ત્રણ શો જોઈ નાખતા. રાત્રે જુદી જુદી હોટેલમાં જમવા જતા. એકાએક શ્રીમંત બનેલો જયદેવ મોજશોખ પાછળ પૈસા ઉડાવવા જ્યાં જ્યાં જવાની શક્યતા લાગી ત્યાં ત્યાં ફરતા રહ્યા. નેપાલ ભવનમાંથી એમણે એટલી તો બાતમી મેળવી લીધેલી કે ત્રણ રાત જયદેવ ત્યાં મુકામ કરી ચૂક્યો હતો. નેપાલ એમ્બસીમાંથી એય જાણી લીધું કે કટ્ટોખાનાોની હૂંડી પણ એ વટાવી ચૂક્યો હતો. અશોકા જેવી વૈભવી ફાઇવ સ્ટાર

હોટેલથી માંડીને કોનોટ સર્કલની ટુ સ્ટાર અને થ્રી સ્ટાર હોટેલમાંય તપાસ કરાવી જોઈ, પણ કોઈએ જયદેવ આર્યનું નામ સાંભળીને હકારનો પડઘો ન પાડ્યો. ચોથા દિવસે સાંજે તપાસ પડતી મૂકીને મગજનો બોજ હળવો કરવા જીપ લઈને ફરવા નીકળ્યા અને જયદેવ તેમની નજરે ચડી ગયો, ત્યારે ગોપીનાથ આવેશમાં બોલી ઊઠ્યો હતો : 'જોયું, આપણે પાગલની જેમ શોધતા હતા ત્યારે એ ન દેખાયો અને હવે નથી ગોતવો એવું વિચારીને નીકળ્યા તો આપમેળે પત્તો લાગી ગયો.'

વસુંધરા એપાર્ટમેન્ટથી થોડે દૂર જીપ ઊભી રખાવીને ગોપીએ શશીનાથને મકાન ફરતે ચક્કર લગાવવા મોકલી આપ્યો, ત્યારે ખબર પડી કે લિફ્ટથી જવા માટે આગળનો રસ્તો છે તેમ સીડી ઉતરનારા માટે પછવાડે બીજો રસ્તો પણ છે. આવવા-જવાના આ બંને માર્ગ પર ચાંપતી નજર રાખી શકાય એવી જગ્યાએ જીપ ગોઠવીને ચારે સાથીઓ જયદેવના પાછા ફરવાની રાહમાં ટાંપીને બેઠા હતા, ત્યાં અચાનક પોલીસની જીપ આવી ચડી.

પહેલાં તો ચારેય એવા ભડકી ગયા કે જીપ પડતી મૂકીને છટકી જવાની પેરવીમાં હતા, ત્યાં પોલીસને વસુંધરા એપાર્ટમેન્ટના કમ્પાઉન્ડમાં વળી જતી જોઈને ધરપત અનુભવી, પોલીસની પાછળ ઍમ્બ્યુલન્સ દેખાઈ એટલે ખાતરી થઈ ગઈ કે મકાનમાં બની ગયેલી કોઈ ઘટનાએ પોલીસને નોતરી હતી....

થોડીવાર પછી પાંચમા માળની બાલ્કનીમાંથી જયદેવ ડોકાયો, ત્યારે ફરી તે ગોપીની નજરમાં પકડાઈ ગયો. પોલીસને જોઈ ગયેલો જયદેવ ગભરાટમાં બહાવરો બનીને આમથી તેમ દોડતો દેખાયો એટલે ગોપીએ જીપને પછવાડેના રસ્તે લેવડાવી: નક્કી આ બાજુથી જ એ નીચે ઊતરવાનો !

ગોપીનું અનુમાન સચોટ ઠર્યું. પોલીસની નજર ચુકાવી પછવાડેના દરવાજેથી નાસવાની પેરવી કરતો જયદેવ એમના સકંજામાં સપડાઈ ગયો. માથા પર કપડું ઢાંકી દઈ જીપમાં તેને ઉઠાવી ગયા પછી થોડીવાર એ વલખાં મારતો રહ્યો હતો. એકાન્ત સ્થળે જીપ લઈ જઈને તેના મોં પરથી કપડું હઠાવ્યું ત્યારે પોલીસને

બદલે નેપાલી ચહેરો જોઈને ડઘાઈ ગયો હતો : 'ઓહ, તમે લોકો છો !' રાહતનો શ્વાસ લેતાં એટલું બોલીને એ ગુમસૂમ બની ગયેલો. એણે પૂછ્યું સુદ્ધાં નહીં કે તમે આ રીતે મને ક્યાં લઈ જઈ રહ્યાં છો ?

'જયદેવ, હવે તું સમજી જ ગયો હોઈશ કે તને અમારે શું કામ ઉઠાવી જવો પડ્યો.' ગોપીએ તેને બોલતો કરવા કહેવું પડેલું : 'કદાચ તને એમ પણ લાગતું હશે કે પોલીસના હાથમાંથી છટકવા જતાં બૅન્કલૂંટના અસલી હકકદારના સકંજામાં સપડાઈ ગયો...'

છતાં સાંભળ્યું ન હોય તેમ એ ખામોશ જ રહ્યો હતો. એની આંખોમાં ગમગીની છવાયેલી હતી અને ચહેરો વેદનાથી થીજી ગયો હતો.

'તારે અમને તારા મુકામે લઈ જવા પડશે જયદેવ.' કહીને ગોપીએ પ્રસ્તાવ મૂકેલો : 'ત્યાં આપણે નિરાંતે કામ પતાવી શકશું... લઈ જઈશ ને ?'

'ભલે.' એવો એક જ શબ્દ ઉચ્ચારવાને બદલે તેણે અબોલ સંમતિ દર્શાવી હતી. જીપ આગળ વધતી તેના ઘર પાસે પહોંચી ત્યાં સુધીમાં સંકેતથી રસ્તો ચીંધવા સિવાય એ સાવ મૂંગોમંતર જ બેસી રહ્યો, ત્યારે ગોપીને તેની ખામોશીએ વધુ સાવધ બનાવી દીધેલો : 'જો જયદેવ, અમે તારા મહેમાન હોઈએ એ રીતે મુકામે લઈ જજે. કોઈ જાતની ચાલાકી અજમાવતો નહીં. અમે હવે કામ પાર પાડ્યા વિના પાછા જવાના નથી.'

ત્યારે પણ કોઈ જાતની આનાકાની વગર એ તેમને ઘરમાં ઉપર લઈ આવ્યો હતો. ઘરમાં દાખલ થઈ એક આંટો મારી ગોપીએ ખાતરી કરી હતી કે અંદર બીજું કોઈ છે તો નહીં ને!

'હવે બોલ જયદેવ, પેલી બે પેટીનો માલ તેં ક્યાં સંતાડ્યો છે ?' ગોપીએ ખિસ્સામાંથી પિસ્તોલ કાઢી અવાજમાં સખ્તાઈ સાથે તકાદો કર્યો, તોપણ એના પર કોઈ જાતની અસર થતી દેખાઈ નહોતી. જાણે માણસ ભયવિહીન, લાગણીશૂન્ય બની ગયો હોય એવી અવગણના સાથે તેમની સામે જોતો હતો. કદાચ ગોપીએ દાંત

ભીંસીને ઝડબા પર મુક્કો વીંઝી દીધો હતો, પણ આંખોમાં છલકાતી પીડા જોઈને ગોપીના ડાબા હાથના કાંડામાં આપોઆપ જોશ ઓસરી ગયેલું. રાણા અધીરો બનીને જયનો કાંઠલો પકડવા જતો હતો એને રોકી દેતાં ગોપીએ સમજાવટથી કામ લેવાની કોશિશ અજમાવી જોઈ:

'તું કેમ કાંઈ બોલતો નથી જય ? કાંઈક કહે તો ખબર પડે ને કે અમારે તારી સાથે કેટલી હદે ઘાતકી થવું ?'

ત્યારે પહેલીવાર જયના મુખભાવ બદલાતા જોવા મળેલા. નિસાસો નાખી, ગળા હેઠે થૂંક ઉતારી, મહામહેનતે બોલી શકતો હોય એ રીતે 'અત્યારે મને કાંઈ ન જ પૂછશો, નહીં... તમને હું મારી હાલત સમજાવી શકું તેમ નથી.' કહેતો એ અંદરના ખંડમાં પલંગ પર શરીરને ફંગોળી દઈ ઓશીકા નીચે માથું દબાવીને જડ બની ગયો હતો.

'ગોપી, જો આ બૅન્કની ચેકબુક !' કહેતો શશીનાથ તેની પાસે ધસી આવ્યો ત્યારે ચિરૂટમાંથી રાખ ખંખેરાય તેમ આંખોમાંથી નિરાશા ખંખેરી ચેકબુક્નાં પાનાં ફેરવતો એ બબડ્યો: 'હં, આજે જ એણે બે લાખ રોકડા ઉપાડ્યા છે.'

સાંભળીને બાલ્કનીમાં ઊભેલો રાણા નજીક સરકી આવ્યો : 'ત્યારે તો જયદેવ બે લાખ લઈને વસુંધરા એપાર્ટમેન્ટમાં કોઈ સોદો કરવા ગયો હશે.'

એટલે ગોપીની ડોક અદ્ધર થઈ, ધારદાર આંખોથી તેને વીંધી નાખતાં એણે સંભળાવ્યું : 'ફરી વગર વિચાર્યે બોલી નાંખ્યું ને ! યાદ છે, જયને આપણે ત્યાં ખાલી હાથે જતાં જોયો હતો.'

' ઓહ !' રાણાએ જીભ કચરતાં કહ્યું : 'તો પછી એણે બૅન્કમાંથી ઉપાડેલા બે લાખ રૂપિયા ક્યાં રાખ્યા હશે ? ઘરમાંથી તો કંઈ જ હાથ ન લાગ્યું.'

'રાણા, આપણે બૅન્કલૂંટના સત્તાવન લાખની શોધમાં નીકળ્યા છીએ ! બે લાખમાં જીવ નહીં નાખ, એ કદાચ એની કટ્ટોખાનોની મૂડી હશે.'

'તો હવે આપણે શું કરવા માગીએ છીએ ?' શશીનાથનીય

ધીરજ ખૂટી ગઈ હોય તેમ પૂછ્યું : 'પોણો કલાકથી આપણે માલ શોધવાનાં ફાંફાં મારીએ છીએ અને પેલો જયદેવ આપણી હાજરીની પરવા વગર પલંગમાં લંબાવીને પડ્યો છે... સમજાતું નથી ગોપી, કે તમારામાં આજે આટલો બધો દયાભાવ કેમ જાગી ગયો ?'

'મને પણ સમજાતું નથી'-કહેતો ગોપી ઊભો થયો : 'એની ખામોશીમાં મને તો કોઈક ગૂઢ રહસ્યનો ભાસ થાય છે. કોઈ મહાપાપ કરીને પસ્તાતો હોય એટલો બધો એ હેબતાઈ ગયો છે.'

'કદાચ એવું તો નહીં હોય ને કે આ રીતે ઢોંગ કરી તે સમય કાઢવા માગતો હોય...' શશીએ શંકા વ્યકત કરી : 'એ કોઈકના આવવાની રાહ જોતો હોય.'

બરાબર એ વખતે એની શંકામાં સાક્ષી પુરાવતી હોય તેમ દરવાજાની ઘંટી રણકી ઊઠી અને ત્રણે એકબીજા સામે જોતા સ્તબ્ધ બની ગયા : કોણ હશે ? એકીસાથે ત્રણેની પિસ્તોલ સાબદી થઈ ગઈ. સાવધપણે ગોપી ઊભો થયો. બાજુના રૂમમાં ડોકાઈને જોયું તો ઘંટડી સાંભળી જ ન હોય તેમ જયદેવ પડ્યો હતો. પહેલી વાર એને ટીપી નાખવા જેટલી દાઝ મનમાં ઘૂંટાઈ, પણ હવે એ મોકો રહ્યો નહોતો.

ત્યાં બીજી વાર ઘંટી વાગી ત્યારે શ્વાસ ઘૂંટતા ગોપીએ રાણાને ઇશારતથી સમજાવ્યું : 'તું સાવચેતીથી બારણું ખોલ, અમે ભીંત સરસા લપાઈને ઊભા છીએ...'

ધીમા પગલે રાણા દરવાજા તરફ આગળ વધ્યો. પિસ્તોલવાળો હાથ પીઠ પાછળ સંતાડી હળવેકથી બારણું ઉઘાડ્યું. ગોપી અને શશી કોઈ પણ કટોકટીનો સામનો કરવાની તૈયારી સાથે શ્વાસ રોકીને ઊભા હતા ત્યાં

'અરે વિદ્યાપતિ તું ?' રાણાના અવાજમાં પહેલાં સુખદ્ આશ્ચર્ય અને પછી આછા ઉચાટનો થડકો સંભળાયો : 'સાથે આ કોણ છે ?'

પણ ગોપી અને શશીને તેના જવાબને બદલે ઘરમાં દાખલ થતી વ્યક્તિનાં પગલાં જ સાંભળવા મળ્યાં.

વિદ્યાપતિ બેધડક દીવાનખંડમાં આવ્યો, તેની પાછળ

પાછળ જ્યુલી પણ દાખલ થઈ. પિસ્તોલ સાથે ઊભેલા ગોપી અને શશી પર નજર પડતાં વિદ્યાપતિની ગરદન ટટ્ટાર થઈ : 'એમ છે ત્યારે, બૅન્ક લૂંટારાની આખી ટોળી ઘરમાં ઘૂસી આવી છે !' કહીને તેણે પૂછ્યું : 'પણ ઘરધણી ક્યાં ?'

'એ અંદર પલંગમાં પડ્યો !'

સાંભળતાં જ જ્યુલી અંદરના રૂમ તરફ ધસી ગઈ, પણ વિદ્યાપતિની લાલઘૂમ આંખોમાં રોષ ઊછળી આવ્યો : 'એટલે તમે લોકોએ એને.'

'નહીં નહીં વિદ્યાપતિ...' કહેતો રાણા દરવાજો બંધ કરી નજીક આવ્યો : 'અમે તો જયદેવને પોલીસના હાથમાંથી બચાવીને અહીં લઈ આવ્યા.'

'ત્યારે વિદ્યાપતિની ગરદન તેના તરફ ફરી. હોઠ પરથી તુચ્છકાર ફંગોળતો એ લૂખું હસ્યો : 'તમે લોકો પોલીસથી સંતાતા ફરો છો અને પાછા કહો છો કે એને પોલીસના હાથમાંથી બચાવીને અહીં લઈ આવ્યા ?'

'વાત એમ નથી વિદ્યાપતિ !' કહીને રાણા ખુલાસો કરવા જતો હતો ત્યાં અંદરના ઓરડામાંથી રુદનનો અવાજ સાંભળી એ બોલતો અટકી ગયો અને વિદ્યાપતિ ઉતાવળા પગલે અંદર ધસી ગયો. ઓરડાના ઊંબર પહોંચીને તેણે અટકી જવું પડ્યું. જ્યુલીના ખોળામાં માથું રાખી જય ધ્રૂસકે ધ્રૂસકે રડતો હતો અને પેલી તેની પીઠ પસવારતી મૂક આશ્વાસન આપતી હતી.

જ્યુલી અને વિદ્યાપતિ જુદી જુદી દિશામાંથી ટૅક્સીમાં આવતાં નાકા પર ભટકાઈ ગયાં હતાં. એકલી જ્યુલીને જોઈ વિદ્યાપતિ થોડો ચમક્યો હતો. જય ક્યાં ? એટલું પૂછતાં જ પેલીની આંખો ઊભરાઈ આવી એટલે ચોંકીને પૂછ્યું, ત્યારે રડતાં રડતાં જ્યુલીએ રૂખીના કમોતના ખબર સંભળાવ્યા હતા. ઘડીભર વિદ્યાપતિ આઘાતથી હચમચી ગયેલો, પછી અર્ધી જ મિનિટમાં એણે કાળજું કઠણ કરી લીધેલું : 'રૂખી જીવતી હોવાથી જયની શ્રદ્ધા સાચી ઠરી, પણ આખરે તો એ મરેલી જ મળી...' નિસાસો નાખતાં એણે ફરી પૂછ્યું : 'પણ તું જયને એકલો મૂકીને અહીં કેમ આવી?'

ત્યારે જ્યુલી વધારે ભાંગી પડી હતી : 'કોઈએ ખબર આપ્યા હશે એટલે પોલીસ આવી પહોંચી. હું જયને શોધવા આખા મકાનમાં ફરી આવી, પણ જાણે એ ક્યાં ગાયબ થઈ ગયા! વિદ્યાપતિ મને તો ચિંતા થાય છે, બહેનના મૃત્યુનો આઘાત એમને...' અને વિદ્યાપતિ હાથ પકડીને તેને ઘેર ખેંચી લાવ્યો: 'પહેલાં આપણે ઘેર જઈને તપાસ કરીએ, જયને માટે આઘાત અસહ્ય છે તોપણ એ વગર વિચાર્યું કાંઈ કરી બેસશે નહીં એની મને ખાતરી છે.'

અને તેની એ ખાતરી સાચી ઠરી. હૃદયનો ઊભરો ઠાલવવા માટે જય પોતાના માણસની રાહ જોતો પડ્યો હતો.

'વિદ્યાપતિ !' રાણાએ પાછળથી આવીને તેના ખભા પર હાથ મૂક્યો :'પોણા કલાકથી એ ગુમસૂમ હતો. સમજાતું નહોતું કે એને શું થઈ ગયું છે ?'

ત્યારે વિદ્યાપતિ ચૂપચાપ દીવાનખંડમાં પાછો ફરી ત્રણેની સામે જોતો સોફા પર ગોઠવાઈ ગયો : 'છ વરસથી ગુમ થયેલી બહેનનું કોઈક તમને ઠેકાણું આપે અને તમે એને મળવા ઘેર જાવ ત્યારે એનો મૃતદેહ જોવા મળે તો તમને શું થાય ?'

'એટલે શું જયની બહેન રૂખી...' અર્ધું બોલીને અટકી ગયેલા રાણાનો હાથ થડકતી છાતી પર દબાયો.

'પણ વિદ્યાપતિ, એમ બન્યું કઈ રીતે ?' ગોપીનાથની પૃચ્છામાં પણ સહાનુભૂતિનો રણકો સંભળાયો : 'એ મૃત્યુ પામી કે કોઈએ એને મારી નાખી ?'

જવાબ આપતાં પહેલાં વિદ્યાપતિએ વારાફરતી ત્રણેની તરફ જોઈ લીધું : 'તમને એ જાણવાની અધીરાઈ છે તેમ મને એ જાણવાની અધીરાઈ છે કે જયનો પીછો કરવાની તમને શું જરૂર પડી ? કાઠમંડુમાં હતો ત્યારે પણ જયની પૂછપરછ માટે તમારા મળતિયાના મારા પર ત્રણ-ચાર ફોન આવ્યા હતા. એ વખતેય મેં પૂછ્યું હતું અને અત્યારે પણ પૂછું છું કે જયની પાછળ કેમ પડી ગયા છો તમે લોકો ?'

'કારણ કે બૅન્ક લૂંટનો અમારો માલ એ દબાવી બેઠો છે!' ગોપીનાથે વિદ્યાપતિ પર રૂઆબ છાંટવાની ચેષ્ટા સાથે પિસ્તોલ

દેખાડતાં કહ્યું : 'અમે એ પાછો લીધા વગર જવાના નથી.'

તેના પહેલા વાક્યે વિદ્યાપતિને ચમકાવ્યો : જય બૅન્કલૂંટનો માલ દબાવી બેઠો ! એ વાત પર હસી પડ્યો હોત, પણ પિસ્તોલ દેખાડીને ગોપીનાથે ઉચ્ચારેલી ધમકીએ તેનું લોહી ધગાવી દીધું. પીંડી સુધીના બૂટની ઝીપ ખોલવાને બહાને વાંકા વળીને તેણે પોતાની પિસ્તોલ ખેંચી કાઢી. પછી ગોપીનાથ સામે વેધક નજરે જોતાં સંભળાવ્યું : 'વાત વાતમાં હથિયાર દેખાડવાની જરૂર નથી. પછી રાણા તરફ ફરીને ઉમેર્યું : 'યાર, તારા સાગરીતને જરા સમજાવી દે!'

ત્યારે રાણા પોતાની પિસ્તોલ ખિસ્સામાં સરકાવી ગઈ વિદ્યાપતિની બાજુમાં ગોઠવાયો : 'યાર, આપણે આપસમાં લડીને ગામગોકીરો નથી કરવો.... વિદ્યાપતિ, તને હું આખી વાત સમજાવું.'

'સમજાવ, પણ ટૂંકમાં કહેજે ! અંદર જય બહેનના મોત પર વલોપાત કરે છે અને હું...' બોલતાં બોલતાં એ ગળગળો થઈ ગયો : 'હું બદલો લેવાની આગમાં સળગી રહ્યો છું ' એ વાક્ય મનોમન જ પૂરું કર્યું.

'વિદ્યાપતિ, તું તો અમારા કાવતરામાં સામેલ થવાનો હતો એટલે તને એટલી ખબર છે કે બૅન્કની કૅશપેટીવાળું વિમાન હાઈજેક કરી, ભારતની સરહદમાં ફોર્સ લૅન્ડિંગ કરાવીને કૅશની પેટીઓ એક મંદિરની પછવાડે અમારે સંતાડી રાખવાની હતી...'

'... અને ત્યાંથી ભારતનો તમારો સાગરીત પેટી ઊંચકી જવાનો હતો એમ જ ને ?'

'હા, પણ શરૂઆતથી જ બધા ગોટાળા થવા લાગ્યા.' રાણા માથું ખંજવાળતો આગળ વધ્યો : 'પહેલાં યાંત્રિક ખરાબીને કારણે ફ્લાઇટ મોડી થઈ. યાંત્રિક દુરસ્તી થઈ ત્યાં પ્રતિકૂળ હવામાન નડ્યું. બીજી વખત કાવતરું ફોક થવાના ભણકારા વાગવા લાગ્યા ત્યાં ફ્લાઇટ ઊપડવાની જાહેરાત થઈ. અમારો ચોથો સાથી શર્મા તો એટલો ગભરાઈ ગયો હતો કે છટકી જવાનો મોકો શોધતો હતો. પ્લેન હાઇજેક કરીને નીચે ઉતાર્યું. બે કૅશ પેટીઓનો કબજો લીધો અને બધું વિનાવિઘ્ને પતી ગયું એમ માનતા થયા ત્યાં જ એક પછી એક વિઘ્નો ઊભાં થતાં ગયાં.'

'રાણા, તું લંબાણ કરી રહ્યો છે.' વિદ્યાપતિએ વચ્ચે ટકોર કરી : 'તારી જાણ ખાતર કહી દઉં કે આ મકાનમાં નીચે નેપાલ એમ્બસીના ખજાનચી પ્રસાદજી રહે છે.'

'હેં !' ગોપીનાથ ચોંક્યો : 'ત્યારે તો આપણે જોખમી જ્વાલામુખી પર બેઠા છીએ.'

'એટલે જ તો ઉતાવળ કરાવું છું.' વિદ્યાપતિએ ધાર્યું હતું એવી અસર થઈ : 'વાત જલદી પતાવો.'

'તો હવે હું જ કહું છું.' ગોપીનાથે વાતનો દોર પોતાના હાથમાં લઈ અધીરાઈભેર કહેવા માંડ્યું : 'બંને પેટી ઊંચકીને અમે જંગલમાં ભરાઈ ગયા. નક્કી એમ થયું હતું કે વિમાન ઊતરે એટલે અમારા ભારતીય સાગરીતોએ મંદિર નજીક સંતાઈ રહેવું. પણ જોગાનુજોગ તારા જયદેવે ત્યાં પડાવ નાખ્યો હતો. તેને ત્યાંથી હઠાવવા માટે અમારો રઘુનાથ ફૉરેસ્ટ ઑફિસના આદમીની વરદીમાં તેની પાસે ગયો. ગમે તે બહાને એને બે કલાક માટે મંદિરથી દૂર કર્યો પણ ત્યાં જ ગોટાળો થઈ ગયો.' બોલતાં ગોપીનાથે શ્વાસ ખાવા રોકાવું પડયું, પણ વિદ્યાપતિની નજરમાં ઉતાવળનો સંકેત જોઈ તુરત ચાલુ કર્યું : 'જયદેવ પાસે પણ મહારાજાની સામગ્રીની અમારા જેવી જ બે પેટીઓ હતી, જે તેણે મંદિરની પછવાડે મૂકી રાખેલી. રઘુનાથ જયને દૂર લઈ ગયા પછી પંદર-વીસ મિનિટે જીપમાં આવેલા બીજા ત્રણ ઇન્ડિયન સાથીઓ એ પેટીને બૅન્ક્લૂંટની કૅશ પેટીઓ માનીને ઊંચકી ગયા અને જબરો ગોટાળો કરી બેઠા.'

'પણ એમાં જયદેવ પાસે તમારી પેટીઓ ક્યાંથી આવે?'

'એ જ કહું છું વિદ્યાપતિ !' ગોપીએ સમજાવ્યું: 'અમે જંગલમાં દાખલ થયા ત્યારે વરસાદ બંધ થયા પછી ખબર પડી કે અમે રસ્તો ભૂલ્યા હતા. મંદિરને બદલે અમે સામેની દિશા પકડી હતી... છતાં સમયસર પહોંચી જવા જેટલો સમય અમારી પાસે હતો, પણ સૌથી મોટું વિઘ્ન આવ્યું પેલા શર્માનું ! બબ્બે જણા એક એક પેટી ઊંચકીને આગળ વધતા હતા ત્યાં શર્માના પગે નાગ કરડ્યો. એક તો એને ગભરાટથી ઝાડા થઈ ગયા હતા તેમાં સર્પદંશે એને સાવ ભાંગી નાખ્યો. 'મરી ગયો, મરી ગયો'ની કાળી ચીસો નાખીને ઘનઘોર જંગલ ગજાવી મૂક્યું. સર્પદંશમાંથી ઝેર ચૂસવાની

મેં કોશિશ કરી પણ એ મનથી મરી ચૂક્યો હતો, એણે માની લીધું કે અમે તેને પડતો મૂકીને છટકી જશું... કોણ જાણે એને ક્યાંથી સૂઝી કે અમારા ત્રણે સામે પિસ્તોલ તાકીને ધમકી આપી: 'આ ઘનઘોર જંગલ વચ્ચે હું એકલો મરવા માગતો નથી, તમને કોઈને મારી સામેથી ખસવા દેવાનો નથી. જરૂર પડશે તો તમને રોકવા માટે પિસ્તોલ ચલાવતાંય અચકાઈશ નહીં. ત્રણેને વારાફરતી ઠાર કરી ચોથી ગોળીથી મારો પોતાનો જાન લઈ લઈશ... જેમ જેમ એને ઝેર ચડતું ગયું તેમ તેમ ચિત્તભ્રમની અસર વધતી ગઈ. અમને નજીક ફરકવા ન દે, એને સમજાવ્યો કે પેટીઓ અહીં મૂકી તને સારવાર માટે ઊંચકી જઈએ, પણ એને વિશ્વાસ જ બેઠો નહીં. છેવટે એને ઝેરનું ઘેન ચડવા માંડ્યું ત્યારે ઘનઘોર અંધારી રાતમાં રાણા અને શશી બે ફેરા ફરીને બંને પેટી મંદિર પાછળ મૂકી આવ્યા. મધરાતે એ કામ પત્યું ત્યાં શર્માએ પ્રાણ છોડ્યા. અમારી નજર સામે તરફડીને એ મૃત્યુ પામ્યો ત્યારે અમારા ત્રણેની હાલત શું થઈ હશે એની કલ્પના કરી જો વિદ્યાપતિ...'

એકધારું બોલીને હાંફી ગયેલો ગોપી શ્વાસ ખાવા રોકાયો એટલે રાણાએ વાત પૂરી કરી :

'એક બાજુ પીછો કરતી પોલીસ આવી ચડે એનો ફફડાટ હતો, બીજી તરફ સાથીની લાશ રઝળતી મૂકીને ચાલ્યા જવા માટે મન માનતું નહોતું. બાકીની અર્ધી રાત તેના અગ્નિસંસ્કારમાં વિતાવીને અગાઉથી નક્કી થયેલા ઠેકાણે અમે પહોંચ્યા અને જઈને પેલી બંને પેટી ખોલી તો અંદરથી નીકળી મૃત્યુ પામેલા મહારાજાની સામગ્રી ! તુરત સમજાઈ ગયું કે સમયની સરતચૂકમાં પેટીઓની અદલાબદલી થઈ ગઈ હતી. અમે મારતી જીપે પેલા મંદિર પાસે પહોંચ્યા તો ન ત્યાં પેટીઓ હતી કે ન જયદેવ !'

'અને તમે માની લીધું કે બૅન્કની પેટીઓ જયદેવ ઊંચકી ગયો... એમ જ ને ?'

'હા, કદાચ ત્યારે એને પેટીઓની અદલબદલ થઈ ગયાની જાણ નહીં હોય... પણ ખોલ્યા પછી તો ખબર પડી જ હશે ને.'

'અને કદાચ એણે પેટીઓ ખોલી જ ન હોય તો ?'

'ખોલી જ ન હોય !' ગોપીનાથ વિદ્યાપતિ સામે ઘૂરકયો:

'નાનાં છોકરાંને ફોસલાવવા જેવી દલીલ નહીં કર...પેટીની અદલાબદલીને બાર દિવસ પૂરા થયા અને એણે પેટી ખોલી ન હોય એમ કહે છે ?'

'હું એટલા માટે કહું છું કે સત્તાવન લાખ રૂપિયા જેવી રકમ હાથ લાગી હોય અને જય મારાથી છાનું રાખે એ બને નહીં.'

'તો પછી અંદર જઈને એને જ પૂછી જોને ક્યાં રાખી છે એણે પેટીઓ ?'

ગોપીના અવાજમાં પઠાણી ઉઘરાણીનો પડઘો સાંભળી વિદ્યાપતિએ હોઠ કરડી ઝાટકા સાથે માથું હલાવતાં ઇન્કાર સંભળાવી દીધો : 'એ નહીં બને, સત્તાવન લાખ શું સત્તાવન કરોડની વાત હોત તોપણ બહેનના શોકમાં ડૂબેલા જયને હું એ પૂછું નહીં, સમજ્યો ?'

'એટલે અમારે સવાર સુધી એને માટે રાહ જોતાં અહીં તપ કરવાનું ?'

'ના, એ પણ બની શકે તેમ નથી.' વિદ્યાપતિએ મક્કમપણે ચુકાદો સંભળાવ્યો : 'તમને હું અહીં રાત રોકાવા નહીં દઉં. તમારે જવાબ જાણવા માટે કાલે પાછા આવવું પડશે અને તે પણ ફોન પર રજા લઈને.'

ત્યારે પેલા ત્રણે ધૂંધવાતા તેની સામે તાકી રહ્યા. રાણા જાણતો હતો કે વિદ્યાપતિનો બોલ અફર હોય છે. ધમકીથી એનો નિર્ણય બદલી શકાય તેમ નથી અને ઠાવકાઈ વગર તેનો સાથ પણ મેળવી શકાય એમ નથી. ગોપીનાથ બાજી બગાડી બેસે એ પહેલાં રાણાએ જ સમાધાન સ્વીકારી લીધું :

'ભલે વિદ્યાપતિ, અમને તારા પર ભરોસો છે. તું તો જાણે છે કે જાનના જોખમે દેશને ખાતર અમે આ સાહસ ખેડ્યું, બૅન્કલૂંટ પાછળ અમારો કોઈ અંગત મતલબ નહોતો.'

'હું જાણું છું. એટલે જ તો તમને ફોન કર્યા વગર નહીં આવવાની મેં તાકીદ કરી.' વિદ્યાપતિએ સહાનુભૂતિના સ્વરે કહ્યું: 'તમને અહીં મળવા બોલાવતાં પહેલાં મારે ખાતરી કરવી પડશે કે કોઈની નજરે ચડી જવાનું જોખમ તો નથી ને ? નહીંતર પછી આપણે બહાર મળવાનું ગોઠવવું પડશે.' કહેતો એ ઊભો થયો :

'હવે તમે લોકો જઈ શકો છો.'

છતાં ગોપી ઊભો ન થયો. પેટી કોના કબજામાં છે એ જાણ્યા વગર જવા માટે એનું મન માનતું નહોતું. દસ-દસ દિવસથી પોલીસની નજર ચૂકવીને, ચોર જેમ રઝળપાટ કરીને જયને કબજે કર્યા ત્યારે હવે આ માણસ આવતી કાલ પર વાત મુલતવી રાખે છે ! કોને ખબર કાલે શું બની જાય ? પોલીસના સકંજામાં ન સપડાઈ જવાય એની કોને ખબર છે !

પણ રાણાએ બાવડું પકડીને તેને ઉઠાડ્યો ત્યારે એ વિરોધ કરી શક્યો નહીં. વિદ્યાપતિ સામે નજર નાખી એટલું જ કહ્યું : 'તું રાણાનો દોસ્ત છો એટલે હવે અમારો પણ દોસ્ત થયો. એ દોસ્તીના ભરોસે તારી વાત માની લઉં છું વિદ્યાપતિ.'

કહેતાં એણે પગ ઉપાડ્યા ત્યાં સાંભળવા મળ્યું :

'તો મારી બીજી એક વાત પણ માનજે ગોપી, અત્યારે ઘર સામે જીપ ઊભી રાખી છે એવી ભૂલ ફરી નહીં કરતા. દોડતું વાહન નાસી જવા માટે બહુ કામનું, પણ એ જ વાહન લાંબો વખત એક જગ્યાએ ઊભું હોય તો આપણી હાજરીની ચાડી ખાઈ જાય છે !'

ગોપીને તેની તાકીદ સચોટ લાગી તેમ થોડી બીક પણ લાગી. નીચે નેપાલી એલચી કચેરીના ખજાનચી રહે છે એ યાદ આવતાં ઝડપભેર એ રવાના થઈ ગયો.

બાલ્કનીમાંથી એમની જીપને વિદાય થતી જોઈ લીધા પછી ભારે પગલે વિદ્યાપતિ જયના ઓરડા તરફ આગળ વધ્યો. અંદર દાખલ થતાં પગમાં ધ્રુજારી આવી ગઈ. લાલઘૂમ આંખે ગમગીન ચહેરે જય બેઠો હતો. બાજુમાં જ્યુલી તેનો હાથ પંપાળીને આશ્વાસન આપતી હતી.

બંને મિત્રોની આંખો મળી. વિદ્યાપતિએ સંકલ્પ કર્યો હતો કે રૂખીના મૃત્યુ પર રુદન કરીને એની જિંદગી બરબાદ કરનાર સામે બદલો લેવાની આગ પર પાણી છાંટવું નથી... પણ તેને જોતાં જ જડ બેઠેલા જયે ખિસ્સામાંથી લૉકેટ કાઢીને તેની સામે ધર્યું : 'એને તો હું પાછી લાવી ન શક્યો, પણ તેં આપેલી એની આ નિશાની લાવ્યો છું.'

લૉકેટ હાથમાં આવતાં વિદ્યાપતિનું હૈયું હચમચી ઊઠ્યું. મનોબળ ખળભળી ગયું અને બંને હાથ વચ્ચે મોં દબાવી દઈને ઊભો હતો ત્યાં જ એ ફસડાઈ પડ્યો.

* * *

'રહી રહીને મને એક જ વાતનો વસવસો થયા કરે છે વિધુ, કે હું રૂખીની લાશને લટકતી રહેવા દઈને પોલીસના ડરથી ભાગી શું કામ છૂટ્યો ?'

સવારના અગિયાર વાગે બીજી વારની ચા પીતાં પીતાં જયદેવે ફરી એ જ વાત છેડી ત્યારે વિદ્યાપતિના મનમાં રાતથી ઘુમરાતી શંકા હોઠ પર આવી ગઈ :

'હજુય મારું મન માનતું નથી કે રૂખીએ આપઘાત કર્યો હોય.' વધેલી દાઢી ખંજવાળતાં તેણે દલીલ કરી : 'તું એમ માને છે કે તારા આવવાની જાણ થઈ ગઈ હશે એટલે તેણે ગળાફાંસો ખાઈ લીધો. પણ તું એને મળવા જાય છે એ વાત આપણા ત્રણ સિવાય કોઈ જાણતું નહોતું.'

'કેમ, શોભા પણ જાણતી જ હતી ને.' જ્યુલીએ સુધારો કરતાં કહ્યું : 'કદાચ એણે રૂખીને ખુશખબર આપવા ખાતર જયના પહોંચતાં પહેલાં ફોનથી જાણ કરી હોય.'

'એ માની લઈએ...' વિદ્યાપતિએ બીજો મુદ્દો ઉઠાવ્યો : 'પણ આત્મહત્યા કરતી વ્યક્તિ ઘરનો દરવાજો ઉઘાડો શું કામ રાખે?'

'જેથી ઘરમાં દાખલ થનારને જાણ થઈ જાય કે તે મરી ચૂકી છે' - જયે તર્ક લડાવ્યો : 'કદાચ મારા માટે જ દરવાજો ખુલ્લો રાખીને એણે ગળાફાંસો ખાધો હોય.'

'કદાચ એ પણ માની લઈએ.' વિદ્યાપતિ નમતું જોખવા ન માગતો હોય તેમ આગળ વધ્યો : 'તો પછી રૂખીના આપઘાતની જાણ પોલીસને કોણે કરી ? આવી ઘટના બની રહી છે એની ખબર રૂખી સિવાય કોઈને જ ન હોય તો પોલીસને જાણ કેવી રીતે થાય... અને મરવા તૈયાર થનાર માણસ પોલીસને ફોન કરે એ માનવા હું તૈયાર નથી.'

હવે જય અને જ્યુલીને કોઈ દલીલ સૂઝી નહીં અને દરવાજાની

રણકી ઊઠેલી ઘંટડીએ તેની જરૂર પણ રહેવા દીધી નહીં.

'અત્યારે કોણ હશે ?' વિદ્યાપતિ કાંડાઘડિયાળમાં જોતો બબડ્યો.

'કદાચ નીચેવાળી બિશાખા...' જય અનુમાન કરતો હોય ત્યાં જ્યુલીએ તેના પર ચોકડી મારી દીધી : 'નહીં, હું થોડીવાર પહેલાં બિશાખાને મળવા નીચે ગઈ ત્યારે એ તો બહાર જવા નીકળતી હતી. મને કહેતી પણ ગઈ કે હવે રાતે જ પાછી આવીશ, એક બહેનપણીને ત્યાં જાઉં છું.'

'જે હોય તે, બારણું ખોલ એટલે ખબર પડે.' કહેતો વિદ્યાપતિ બબડ્યો : 'ગઈ કાલવાળી ત્રિપુટી વગર પૂછ્યે આવી ચડી ન હોય તો સારું.'

પણ બારણું ખોલતાં જ જ્યુલીને શોભા દેખાઈ : 'અરે તમે ? થોડીવાર પહેલાં અમે તમને જ યાદ કરતાં હતાં.... આવો, આવો.'

જ્યુલીની પાછળ દીવાનખંડમાં દાખલ થયેલી શોભા વિદ્યાપતિ પર નજર પડતાં જ સંકોચાઈને ઊભી રહી ગઈ ત્યારે જયે ખુલાસો કરવો પડ્યો : 'એ મારો દોસ્ત વિદ્યાપતિ છે, મારી જેમ એ પણ રૂખીને...'

બોલતાં બોલતાં તેનો કંઠ ભરાઈ આવ્યો ત્યાં શોભાએ હાથમાં પકડેલું છાપું એના મોં પર ફગાવ્યું : 'શોકનો દંભ કરવાની જરૂર નથી, વાંચો છાપું !'

ત્રણે એકસરખા ચોંક્યાં. જયના પગ પાસે પડેલું છાપું ઊંચકી લઈ પહેલા પાને છપાયેલા સમાચારનું મથાળું જ્યુલીએ વાંચી સંભળાવ્યું : 'દિલ્હીની કોલગર્લે ખાધેલો ગળાફાંસો... પહેલી નજરે લાગતી આત્મહત્યા પાછળ ડોકાતી હત્યાની શંકા!'

સાંભળતાં જ વિદ્યાપતિએ જ્યુલીના હાથમાંથી છાપું ઝૂંટવી લીધું. ઝડપભેર નજર ફેરવી લઈ સમાચારની છેલ્લી બે લીટી મોટેથી વાંચી સંભળાવી : 'મરનાર રમાદેવીના મરણોત્તર તપાસનો રિપોર્ટ આવ્યા પછી જ શંકાનું સમાધાન થઈ શકે. વસુંધરા એપાર્ટમેન્ટના ચોકીદારના કહેવા પ્રમાણે ઘટના પૂર્વે તેને મળવા જનાર છેલ્લી વ્યક્તિની હિલચાલ શંકાશીલ જણાઈ હતી.'

'છેલ્લી વ્યક્તિ !' આંચકા સાથે જય બોલી ઊઠ્યો : 'કોણ છેલ્લી વ્યક્તિ ?'

'આપ સાહેબ પોતે !' જાતને સોફા પર ફંગોળતી શોભાએ તેને શબ્દોથી વીંધી નાખ્યો : 'છ-છ વરસથી વિખૂટી પડેલી બહેન માટે વહાલ ઊભરાઈ જતું હોય એવો દેખાવ કરી તેનું ઠેકાણું આપનારને લાખ રૂપિયાનો બદલો ચૂકવી લાગણીનું બહુ સચોટ નાટક ભજવ્યું તમે.... સાફસાફ કહેવું હતું ને કે એનો પત્તો મેળવીને તમે એની ગળચી દાબી દેવા માગતા હતા અને પછી ગળાફાંસો ખાધાનો દેખાવ કરી...'

પણ શોભા વાક્ય પૂરું કરે એ પહેલાં મગજ પરથી અંકુશ ગુમાવી બેઠેલો વિદ્યાપતિ વાઘની જેમ સોફામાંથી ઊછળી શોભાને તમાચો મારવા ધસી ગયો. જયદેવે વચ્ચેથી સમયસર તેનું કાંડું પકડી લીધું ન હોત તો શોભાનું જડબું ચિરાઈ જાય એટલા ઝનૂનમાં તેણે હાથ ઉગામ્યો હતો.

'વિધુ, તું આ શું કરે છે ?' રઘવાયા બનેલા વિદ્યાપતિને જયે બળજબરીથી સોફા પર બેસાડી દીધો : 'શોભાને એવી શંકા જાગી તેમાં ખોટું શું છે? થોડીવાર પહેલાં તું પણ એવી જ શંકા કરતો હતો ને કે કોઈકે એની હત્યા કરી હોવી જોઈએ.... છેલ્લો મળવા જનાર હું હતો એ શોભા જાણે છે.'

વિદ્યાપતિના ઉશ્કેરાટથી હેબતાઈ ગયેલી શોભા જયની નિખાલસતાથી વિહ્વળ બની ગઈ. આવેશમાં કઠોર આક્ષેપ કરી બેસવાનો પસ્તાવો જાગ્યો હોય તેમ એની આંખો ઝૂકી ગઈ.

'શોભા, કલંકીની બહેનનું ગળું ભીંસી નાખનારા ભાઈ આ જગતમાં ઘણા પાક્યા હશે.' જયનું ગળું ભીંજાવા લાગ્યું : 'પણ મને જનમ આપનારી માના સોગંદ ખાઈને કહું છું કે...'

'રહેવા દો જયદેવ !' શોભા આજીજી કરતી વચ્ચે બોલી ઊઠી : 'અમારા જેવી બદનામ નારીનો આવો અંજામ આવે છે ત્યારે મગજ ધૂંધવાઈ જાય છે. પ્રત્યેક પુરુષ હત્યારો દેખાય છે.' આંખમાં ઊભરાઈ આવેલાં આંસુ લૂંછતી એ ઊભી થઈ : 'હું તો તમને આ આપવા આવી હતી.'

કહેતાં સાથે લાવેલી બૅગ તેણે જયદેવ તરફ હડસેલી ત્યારે

પહેલી વાર ત્રણેનું ધ્યાન એની બૅગ પર પડ્યું.

'શું છે એમાં ?'

'તમારા લાખ રૂપિયા.'

'પણ હવે મારા ક્યાં રહ્યા !' જયદેવે બૅગ તેના તરફ હડસેલી: 'રૂખી મને જીવતી ન મળી એટલે તું પાછા આપવા આવી?'

'ના, હવે મારે એની જરૂર નથી રહી.'

'કેમ ?' જયદેવની જેમ જ્યુલી પણ ચોંકી : 'શોભા, તેં આ રકમ તો કોઈની સામે વેર વાળવા માટે લીધી હતી. તારે કોઈના ખૂનની કિંમત ચૂકવવાની હતી.'

'હા, પણ બદલો લેવા માટે મને બીજું એક શસ્ત્ર મળી ગયું.' શોભા ત્રણેને ચોંકાવતી આગળ વધવા લાગી : 'દુશ્મનને વધુ રીબાવીને મારી શકું એવું એ શસ્ત્ર બહુ સસ્તું છે. પાંચ-દસ હજારથી વધારે ચૂકવવા નહીં પડે અને એટલી રકમ તો હું આસાનીથી ખર્ચી શકું એમ છું.'

કહેતી ત્રણેને ગૂંચવણમાં નાખીને એ ઝપાટાબંધ ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ.

ઓગણીસ

'નહીં વિધુ, મારાથી એ નહીં બની શકે.' જયદેવે મક્કમ અવાજે તેનો ફેંસલો સંભળાવતાં કહ્યું : 'બૅન્કની એ કેશપેટીઓ કોઈ પણ હિસાબે હું એમના હાથમાં આવવા નહીં દઉં.'

'એટલા જ માટેને કે સત્તાવન લાખની એ રકમ નેપાલની રાજાશાહી સામે બળવો જગાડવા માટે વપરાવાની છે ?' વિદ્યાપતિ પણ એટલા જ જુસ્સામાં બોલતો હતો : 'એટલા જ ખાતર કે તારા પિતા રાજપુરોહિત છે અને તારા લોહીમાં નેપાલનરેશનું નિમક ભળેલું છે ?'

'હા, એ કારણ તો ખરું જ !' જયદેવનો અવાજ વધુ ઊંચો થયો ત્યારે બાજુમાં બેઠેલી જ્યુલીએ તેના ગોઠણ પર હાથ મૂકી સાવધ કર્યો એટલે એ થોડો નરમ પડ્યો : 'બીજું કારણ એ કે મારું મન હવે આ બધામાંથી ઊઠી ગયું છે. મહારાજાનાં પાપની લક્ષ્મી સ્વીકારવા માટેય હવે હું પસ્તાઈ રહ્યો છું. રૂખીની શોધ માટે મેં આ બધું કર્યું અને પરિણામ શું આવ્યું... એ બિચારીનું કમોત! પિતાજી સાચું જ કહેતા હતા, પાપની લક્ષ્મી છેવટે તો દુ:ખનું જ નિમિત્ત બને છે.'

'તું ભૂલે છે જયુ. રૂખીના મોતનું નિમિત્ત તારી આ લક્ષ્મી નહીં, કોઈ વ્યક્તિ છે...જેને આપણે શોધવાની છે. રૂખીની લાશ જોઈને તું ઠરી ગયો, જ્યારે હું લાશ જોયા વગર સળગી રહ્યો છું.

વેર લેવા માટે વલોવાઈ રહ્યો છું.'

છતાં જયદેવ નમતું જોખવા તૈયાર નહોતો. એણે મનોમન નક્કી કરી નાખ્યું હતું : સત્તાવન લાખ રૂપિયાની બંને પેટી સરકારને પાછી સોંપી દઈશ... હજુ સુધી તેણે આ નિર્ણય વિદ્યાપતિને જણાવ્યો નહોતો અને જાણ્યા પછી એ ધુંઆફુંઆ થઈ જવાનો હતો. ગઈકાલે બહેનને ગુમાવી અને આજે મિત્રને ગુમાવવો પડે એવી કટોકટી સર્જાઈ ગઈ હતી.

'મને એક વાત સમજાતી નથી વિધુ !' તેણે આવેશને કાબૂમાં લઈને દલીલ કરી : 'બૅન્ક લૂંટનો માલ લૂંટારાઓને સોંપી દેવા સાથે રૂખીનું વેર વાળવાને શું સંબંધ ?'

'સંબંધ છે !' અધીરાઈભેર બોલીને વિદ્યાપતિ અટકી ગયો. જે વાત હજુ સુધી જયને કહી નહોતી એ બોલી નાખવી કે નહીં તેની દ્વિધા અનુભવી, પછી કહેવી જ પડી : 'જયુ, ચીનાએ એક લાખ રૂપિયાના બદલામાં મને પુરાવો દેખાડવાનો વાયદો કર્યો છે એ તો તને ખબર છે.'

'હા, અને એ અજાણ્યા માણસ પર આંધળો વિશ્વાસ મૂકીને લાખ રૂપિયા તેં એને આપી પણ દીધા.' જયદેવે કટાક્ષમાં સંભળાવ્યું : 'આજે હવે તું એને ટેલિફોન કરીશ ત્યારે કદાચ એવું જાણવા મળશે કે એ ચાલબાજ ચીનો લાખ રૂપિયા લઈને રફુચક્કર થઈ ગયો.'

'એ વાત હું ટેલિફોન કરું ત્યારે.' વિદ્યાપતિએ સ્ફોટ પાડ્યો : 'અત્યારે માની લે કે આપણને એ નક્કી પુરાવો પરદા પર દેખાડવાનો છે !'

'પરદા પર ?' જયની જેમ જ્યુલીની ઉત્કંઠા પણ ઉગ્ર બની.

'હા, મને તેણે વીસ ફિટની ફિલ્મનો એક ટુકડો નરી આંખે દેખાડ્યો તેમાં મેં રૂખીને જોઈ !'

'રૂખીને જોઈ એટલે ?'

'રૂખીને કોઈનો શિકાર બનતી જોઈ !' દાંત ભીંસતો વિદ્યાપતિ બોલી ગયો : 'રૂખીનાં બંને કાંડાં પકડી કોઈ તેના પરે બળજબરી કરતું હતું.'

'સાંભળીને જય-જ્યુલી બંને ટટ્ટાર થઈ ગયાં : 'કોણ?'

'સાંભળીને જય-જ્યુલી બંને ટટ્ટાર થઈ ગયાં : 'કોણ?'

'ફિલ્મના ટુકડામાં એ વ્યક્તિની માત્ર પીઠ જ દેખાતી હતી.' વિદ્યાપતિએ નીચલો હોઠ કરડતાં ઉમેર્યું : 'મારી વારંવારની પૃચ્છાનો ચીના તરફથી એક જ જવાબ સાંભળવા મળ્યો : પરદા પર વીસ મિનિટની ફિલ્મ જોઈ લેજો ને !'

'માની લો કે આપણને ચીનો વીસ મિનિટની ફિલ્મ દેખાડશે...' જયદેવને બદલે જ્યુલીએ ટકોર કરી : 'તોપણ બૅન્કલૂંટને આની સાથે શું લેવાદેવા ? સત્તાવન લાખ ગોપીનાથના હાથમાં જવાથી તમને શું લાભ ?'

'મને નહીં, આપણને શું લાભ એમ બોલ જ્યુલી !' વિદ્યાપતિએ સુધારો કરીને સમજાવ્યું : 'એ સત્તાવન લાખ રૂપિયામાંથી હું ગોપીનાથ પાસે આપણો હિસ્સો માગીશ.'

'હિસ્સો ?' જયદેવ અકળાઈને બોલી ઊઠ્યો : લૂંટમાં ભાગ? વિધુ, તું સમજ્યા-વિચાર્યા વગર શું બોલી રહ્યો છે ?'

'સમજી-વિચારીને જ બોલું છું જયુ ! એ ચીનાએ કહેલું એક વાક્ય તમને બંનેને કહેવાનું હજુ બાકી છે.'

'તો કહી નાખ.'

'ચ્યાંગ કહેતો હતો કે ફિલ્મ જોયા પછી તમારે દસ લાખ રૂપિયા ખરચવા પડે એવી પરિસ્થિતિ ઊભી થશે.'

'એટલે શું ?'

'એનો અર્થ એણે તો મને સમજાવ્યો નહીં, પણ હું સમજી ગયો.' વિદ્યાપતિએ પોતાનું અનુમાન રજૂ કર્યું : 'ફિલ્મ જોઈને આપણે એની નેગેટિવ ખરીદવાની જરૂર પડશે અને તેની કિંમત ચીનાએ દસ લાખ રૂપિયા અગાઉથી મને કહી દીધી.'

જય અને જ્યુલી પરસ્પર સામે જોઈ રહ્યાં, પછી ખભા ઉલાળતા જયદેવે કહ્યું : 'મને તો આખી વાત ગૂંચવાયેલી લાગે છે. અનુમાનને આધારે તું વધુ પડતા તર્ક કરી રહ્યો છે. ચીનો તને વધુ ને વધુ ઊંડા પાણીમાં ઉતારી રહ્યો છે. પહેલાં એક લાખ પછી બીજા દસ લાખ...'

'જયુ, દસ લાખ રૂપિયા એણે માગ્યા નથી.' વિદ્યાપતિએ

ગૂંચ ઉકેલવા સમજાવ્યું : 'એ તો કહે છે કે ફિલ્મ જોઈને તમે દસ લાખ ખરચવા તૈયાર થઈ જશો.'

'એનો અર્થ તો એમ કે દસ લાખની તારી જોગવાઈની ચીનાને અગાઉથી ગંધ આવી ગઈ.' જયને અચાનક સૂઝી આવ્યું: 'શું એને પણ ગંધ આવી ગઈ કે બૅન્ક લૂંટની બંને પેટીઓ આ વિદ્યાપતિના દોસ્ત જયદેવે ક્યાંક સંતાડી રાખી છે ?'

'હવે તું મને ગૂંચવી રહ્યો છે જયુ !'

'અને તમે બંને એકબીજાને ગૂંચવતા રહીને મને ગૂંચવી નાખશો.' જ્યુલીએ સમાધાન શોધી કાઢ્યું : 'હવે મારી વાત સાંભળો. આપણે એ ફિલ્મ જોઈ લઈએ, ત્યાં સુધી આ ચર્ચા મુલતવી રાખીએ... હવે વિધુભાઈ, તમે એ કહો કે ચીનો ફિલ્મ દેખાડવાનો છે ?'

'એ નક્કી કરવા જ મારે ફોન જોડવાનો છે.' કહેતાં વિદ્યાપતિએ ઘડિયાળમાં જોયું : 'પોણા પાંચ વાગ્યા, એણે સવા પાંચનો ટાઇમ આપ્યો છે...બનતા સુધી તો આજ રાતનું જ ગોઠવાઈ જશે. ફિલ્મ દેખાડવા માટે એણે કોઈક અત્યંત ગુપ્ત જગ્યા શોધવાની હતી.'

એટલું કહ્યું ત્યાં જ ફોનની ઘંટડી રણકી. રિસીવર તરફ જયદેવે હાથ લંબાવ્યો. પણ વિદ્યાપતિએ તેને રોકી પાડ્યો :

'ગોપીનાથનો જ ફોન હશે, મને વાત કરવા દે.' કહીને તેણે રિસીવર ઊંચકી લીધું.

વિદ્યાપતિનું અનુમાન સાચું ઠર્યું, સામે છેડે ગોપીનાથ જ હતો : 'પછી શું થયું ? અમે આવીએ ?'

'હા આવી જાવ !' એટલું સાંભળતાં જ સામેથી ફોન મુકાઈ ગયો અને જયદેવ ફરી વિદ્યાપતિ સામે વિફરી બેઠો : 'તે એમને આવી જવાનું શું કામ કહ્યું ? આપણા વચ્ચે નક્કી થયું કે ફિલ્મ જોયા વગર કોઈ ફેંસલો કરવાનો નથી પછી...'

'તું જોયાં કર જયુ ! ગોપીનાથ બહુ અધીરો થયો છે. એની અધીરાઈ પર હું લગામ નહીં નાખું તો બે-લગામ બનીને એ કાં તારા પર ગોળી ચલાવશે અથવા મારે એને ઠાર કરવાનો

વખત આવશે !'

સાંભળીને જય અને જ્યુલી બંને સ્તબ્ધ બની ગયાં. વિદ્યાપતિ એવા ખતરનાક ખેલમાં સંડોવાઈ રહ્યો હતો, જેના અંજામની કલ્પના થઈ શકે તેમ નહોતી !

O O O

'શું કહ્યું વિદ્યાપતિએ ?' રસ્તા પરની હોટેલમાંથી ફોન કરી જીપમાં બેઠક લઈ રહેલા ગોપીનાથને રાણાએ અધીરા અવાજે પૂછ્યું : 'જયદેવ માલ આપવા કબૂલ થયો ?'

'રઘુનાથ જીપ ચલાવ !' ગોપીએ ચિરૂટના છેલ્લા બેત્રણ કશ લઈ ચાલુ જીપમાંથી બહાર ફગાવી હળવેકથી કહ્યું : 'ફોન પર વિદ્યાપતિએ એટલું જ કહ્યું, તમે લોકો આવી જાવ.'

ત્યારે શશીનાથ બોલી ઊઠ્યો : 'મને તો વિદ્યાપતિની દાનત પર શંકા થવા લાગી છે. ગઈકાલે જયદેવની બહેનનું મૃત્યુ વચ્ચે આવ્યું અને આજે કોઈ બીજું બહાનું ઉપજાવી કાઢશે.'

'હવે એનું કાંઈ બહાનું નહીં ચાલે.' ગોપીએ ચામડાના જાકીટના અંદરના ખિસ્સામાંથી છુપાવેલી પિસ્તૉલ પર હાથ દબાવતાં સંભળાવ્યું : 'આજે યા તો જયદેવ બોલશે, નહીંતર આપણી રિવૉલ્વર!'

'એટલે તું શું કરવા ધારે છે ?' રાણાના અવાજમાં કંપ વરતાયો : 'ખૂનખરાબી ?'

'તો શું એની પૂજા કરવાની ?' શશી અથરો થઈને બોલી ગયો : 'રાણા, વિદ્યાપતિ ભલે તારો મિત્ર હોય, આપણા કામમાં જે કોઈ વચ્ચે આવે તેને દુશ્મન ગણી લેવાનો... સાલા સત્તાવન લાખ રૂપિયા માટે જોખમ આપણે ખેડ્યું, દસ દિવસથી રઝળપાટ આપણે કરીએ, પકડાઈ જઈએ તો જેલની સજા આપણે ભોગવીએ અને માલ એ દબાવીને બેસી જાય !' કહેતો એ જીપમાંથી રસ્તા પર થૂંક્યો.

'વિચાર કર રાણા.' ગોપીએ આગળ ચલાવ્યું : 'ભારતના આપણા ટેકેદારોની નજરે આપણે મૂરખ પુરવાર થઈ રહ્યા છીએ.

વિમાન હાઈજેક કરવાની બહાદુરી દેખાડી, પણ માલ સમયસર ઠેકાણે ન પહોંચાડી શક્યા ? રાજાશાહી સામે લડવાનાં આ તે કાંઈ લક્ષણ છે ?'

ત્યારે રાણાએ ચૂપ થઈ જવું પડ્યું. પોતે ઘર્ષણ ટાળવા માગતો હતો પણ સાથીઓ પર છાપ એવી પડતી હતી કે વિદ્યાપતિનો પક્ષ લઈ રહ્યો છે ! જીપ જયદેવના મકાન તરફ વળાંક લે તે પહેલાં તેનાથી બોલાઈ ગયું : 'ગોપી, વગર વિચાર્યું પગલું ભરી ન બેસતો ! વિદ્યાપતિએ ધાર્યું હોત તો જયદેવ સાથે નાસી જાત, આપણને એનો પત્તોય ન લાગત...કુનેહથી કામ લેનારને જ સફળતા વરે છે.'

તેનો જવાબ આપવા જેટલો ગોપી કે શશીને અવકાશ રહ્યો નહોતો. જયદેવના ઘરમાં દાખલ થતાં પહેલાં ત્રણે સાવધ બની ગયા. કદાચ એમને ફસાવવા માટે અહીં બોલાવ્યા હોય, પોલીસને ઘરમાં બેસાડી રાખી હોય... એવા તર્ક-વિતર્ક કરતા હથિયાર પર હાથ રાખી થોડી થોડી વારે એક પછી એક અંદર ગયા ત્યારે ત્રણે તેમની રાહ જોતા દીવાનખંડમાં જ બેઠા હતા.

'આવો !' આવકાર આપવા ઊભી થતી જ્યુલીએ સીધું જ પૂછ્યું : 'તમે ત્રણે કૉફી પીઓ છો ને ?'

ત્યારે શશીની શંકા દૃઢ થઈ : કૉફીમાં ઘેનની ભૂકી ભેળવીને બેહોશ બનાવી દેવાની ચાલ તો ઘડી રાખી નહીં હોય ને !

'કૉફી જરૂર પીશું.' ઠાવકાઈથી કહેતો ગોપી અંદરના રૂમ તરફ આગળ વધ્યો : 'પણ પહેલાં મારે જરા બાથરૂમ જવું પડશે.'

એ બહાને ઘરમાં ચક્કર લગાવી તેણે ચકાસણી કરી લીધી કે પોલીસ-બોલીસ બોલાવી રાખી નથી !

'રાણા, તું કેમ ચૂપચાપ આવીને બેસી ગયો ?' વિદ્યાપતિએ મૈત્રીભર્યું વાતાવરણ જમાવવા તેના વાંસામાં હાથ ફેરવ્યો : 'થોડા દિવસામાં બહુ દૂબળો પડી ગયો.'

'શું થાય, નહીં ઘરના કે ન ઘાટના જેવી હાલત છે આજકાલ!' તેણે આડકતરી રીતે વાત છેડી દીધી : 'કેટલા

મહિનાથી યોજના ઘડવાની મગજમારી પછી બધું હેમખેમ પાર પડ્યું ત્યારે ખબર પડી કે મૂળ મુદ્દો જ હાથમાંથી સરકી ગયો ! દિવસે ભૂખ નથી લાગતી, રાતે ઊંઘ નથી આવતી... હવે બધો આધાર તારા પર છે.'

'નહીં, બધો આધાર જયદેવ પર છે એમ કહે રાણા !' બાથરૂમમાંથી પાછા ફરતા ગોપીએ વાત ઉપાડી લીધી : 'અત્યારે તો એ સત્તાવન લાખનો માલિક બની બેઠો છે.'

'માલિક નહીં ભાગીદાર કહે ગોપી.' વિદ્યાપતિએ પહેલો પાસો ફેંકી ચારેયને ચોંકાવ્યા : 'માલ પડાવી લેવાની મહેનત તમે લોકોએ કરી અને સાચવવાનું કામ જયદેવે કર્યું.'

'એટલે માલ સચવાયો છે એ તો નક્કી ને ?' ગોપીના મોંમાંથી સવાલ ઊછળી પડ્યો. સાથે પોતે પણ બેઠકમાંથી અર્ધો ઊભો થઈ ગયોઃ 'હવે ક્યાં સાચવી રાખ્યો છે એ કહી દે !'

'ઉતાવળ શું છે ? પહેલાં કૉફી તો પીઓ !' વિદ્યાપતિએ કહ્યું ત્યારે પેલા ત્રણેને થયું કે જરાક મુઠ્ઠી ખોલીને એણે ફરી બંધ કરી દીધી.

જ્યુલીએ કૉફીના છ કપની ટ્રે સૌની વચ્ચે મૂકી તોપણ પોતાનો કપ લેવા માટે પેલા ત્રણમાંથી કોઈએ હાથ લંબાવ્યો નહીં. જયદેવ તો ચર્ચામાં ભાગ લેવા માગતો ન હોય તેમ નિર્લેપ બેઠો હતો. જ્યુલીએ દરેકને કૉફી આપવા માટે એક કપ ઊંચક્યો એટલે વિદ્યાપતિએ તેને રોકી :

'નહીં જ્યુલી, જેને જે કપ લેવો હોય તે મેળે લેવા દે!' પછી ત્રણે તરફ જોઈ લેતાં ઉમેર્યું : 'રખેને કોઈને કૉફીમાં ભેળસેળ કર્યાની શંકા હોય!'

સાંભળતાં જ શશીનાથની ડોક ઝૂકી ગઈ : વિદ્યાપતિ આટલો બધો ચાલાક છે કે મનની વાત વાંચી લે !

'ચાલો હું જ દરેકને કૉફી આપી દઉં'- રાણાએ શંકાનું વાતાવરણ વિખેરી નાખવાની સૂઝ દાખવી : 'કૉફીમાં ગમે તે ભેળવ્યું હશે તોય માલ સલામત છે, એ જાણ્યા પછી ઝેર પણ પચી જવાનું!'

'હું અને જ્યુલી કૉફીમાં સાથ આપવા પૂરતાં જ અહીં

બેઠાં છીએ.' અર્ધો કપ પિવાઈ ગયા પછી જય પહેલીવાર બોલ્યો: 'તમે લોકો મસલત ચાલુ રાખજો, અમે બંને અંદર જઈશું.'

ફરી શશીના મનમાં સળવળાટ થયો, પણ તેણે જાતને ઠપકો આપ્યો: વાતવાતમાં શંકા કરનારો આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે ! ગોપીએ જયના ચાલ્યા જવાનું જુદું જ અનુમાન કર્યું : વિદ્યાપતિ સાથે એને મતભેદ થયો લાગે છે... જ્યારે રાણાએ વ્યવહારુ તર્ક તારવ્યો : બહેનના મૃત્યુનો આઘાત પૂરો પચાવી શક્યો નહીં હોય!

'હં, કૉફી પિવાઈ ગઈ !' જયની પાછળ ટ્રે ઊંચકીને જ્યુલી રવાના થઈ એટલે ગોપીએ ચપટી વગાડી : 'સત્તાવન લાખનું શું?'

એની અધીરાઈ પર મલકીને વિદ્યાપતિએ સામું પૂછ્યું: 'જયના ભાગનું શું ?'

અને સાપ ફેણ ઊંચી કરે એવી ત્વરાથી ગોપીની ગરદન ટટ્ટાર થઈ. વિદ્યાપતિએ ભાગીદારીની વાત ઉચ્ચારી એનો અર્થ હવે તેની સમજમાં આવ્યો એટલે તોરમાં એ બોલી ગયો : 'વિદ્યાપતિ, તું ભાગ માગે છે ? આપણે શું માલના ભાગલા પાડીને ઘરભેગા થઈ જનારા ચોર-લૂંટારા છીએ ?'

છતાં વિદ્યાપતિ ખામોશપણે તેની સામે તાકી રહ્યો ત્યારે ગોપીએ ઉમેર્યું : 'એ તો દેશનું કામ છે ! એમાં બલિદાન આપવાનું હોય, નહીં કે ભાગ માગવાનો !'

'એટલે કે તમે ભાગ આપવા નથી માગતા !' વિદ્યાપતિના બોલ ટાઢાબોળ હતા : 'પહેલેથી એ ચોખવટ કરી હોત તો કૉફી પીને આપણે ચર્ચા આગળ ચલાવત જ નહીં.'

'તું છેલ્લે પાટલે નહીં બેસી જા વિદ્યાપતિ !' ગોપી ચિરૂટ સળગાવવા રોકાયો તેનો મોકો સાધી રાણાએ સંભળાવ્યું :'આ કાવતરામાં તું અમારો ભાગીદાર બનવાનો હતો ત્યારે શું તેં ભાગની આશા રાખી હતી ? અમને તો આ સત્તાવન લાખ પણ ઓછા પડવાના.'

'હું તમને લોકોને એ જ પૂછવાનો હતો.' હવે વિદ્યાપતિએ બીજો પાસો ફેંક્યો : 'નેપાલની રાજાશાહીને ઉથલાવી નાખવા માટે સત્તાવન લાખમાં તમારું શું વળવાનું ? મને સમજાવો તો ખરા

રાજ્યના સબળ લશ્કર સામે તમે સો-બસો જુવાનિયા હથિયાર ઉગામીને કેટલું ટકી શકવાના ?'

'એ ચર્ચાને અત્યારે કોઈ અવકાશ નથી.' ગોપીના અવાજમાં ઉગ્રતા આવી ગઈ : 'અમે બધું બરાબર વિચારી રાખ્યું છે. આપણને ભારતમાંથી પણ પીઠબળ મળવાનું છે.'

'કોનું પીઠબળ ?' પૂછીને વિદ્યાપતિએ તુરત સુધારી લીધું: 'ના, તમારી એ ગુપ્ત વાત મારાથી ન પૂછાય... પણ ભારતમાંથી પીઠબળ આપનારાઓનો કાંઈક તો સ્વાર્થ હશે ને?'

'સ્વાર્થ નહીં, નેપાલમાં લોકશાહી સ્થપાય એ પરમાર્થ!' ગોપીની દલીલમાં જુસ્સો ભળ્યો : 'બંગલા દેશ ભારતના પીઠબળથી તો બન્યો !'

'કદાચ એવું તો નહીં બને કે રાજા સામે બળવો ફાટી નીકળતાં ચીન મદદે આવી ચડે અને આપણે દેશને રાજાશાહીમાંથી મુક્ત કરવાને બદલે વધુ જલદ સરમુખત્યારશાહીમાં ઘસડી જઈએ?'

'આ તો તું અમારી ઊલટતપાસ લેવા માંડ્યો !' શશીએ ચર્ચામાં ઝંપલાવ્યું : 'ચીનનો ભય દેખાડીને તું અમને ભડકાવી રહ્યો છે.'

'તું રાજાશાહીને બચાવી લેવા માગતો હોય એવું કેમ બોલે છે વિદ્યાપતિ ?' રાણાએ પણ સાથ પુરાવ્યો.

'એને બદલે બૅન્કની રકમ ક્યાં સંતાડી છે એ કહોને એટલે વાતનો અન્ત આવે !' ગોપીએ ચિરૂટ પડતી મૂકતાં કહ્યું.

અને ત્રણેમાંથી કોઈએ ધાર્યો નહોતો એટલો ઝડપી જવાબ મળ્યો : 'જયદેવે તમારી બંને પેટી જમીનમાં દાટી દીધી હતી !'

'જમીનમાં ?'

'હા, ભારત-નેપાલ સરહદ નજીક નદીકાંઠે પોચી જમીનમાં દાટી છે.'

'નદીકાંઠે... જમીનમાં...' બબડતો ગોપી વિચારમાં ગૂંથાયો એટલે વિદ્યાપતિએ પૂછી લીધું :

'કેમ, ભીની જમીનમાં નોટો પલળી જવાની ભીતિ છે ?'

'નહીં રે, એ બાબતમાં બૅન્કવાળા બહુ ચીવટ રાખે છે.' ગોપીએ ધરપત આપી : 'એવું વૉટરપ્રૂફ પૅકિંગ કરે છે કે પાણીમાં પેટી રાખો તોય અંદરની નોટ કોરી ધાકોર રહે.'

'તો તો ચિંતા ટળી !' હવે વિદ્યાપતિ બબડ્યો : 'જયદેવે વાત કરી ત્યારે પહેલાં મને એ જ બીક લાગેલી કે ભીંજાયેલી આટલી બધી નોટો તમે લોકો સૂકવશો કેવી રીતે ?'

'પણ જમીનમાં પેટીઓ દાટી દેવાને બદલે બીજી કોઈ રીતે સંતાડવાનું જયદેવને ન સૂઝ્યું ?' ગોપીની પૃચ્છામાં રોષ હતો : 'નદી કાંઠેની એ જગ્યા પર તેણે કોઈ નિશાની રાખી છે ખરી ?'

'એને ક્યાં ખબર હતી કે એ સત્તાવન લાખ રૂપિયાની પેટીઓ દાટી રહ્યો છે !' વિદ્યાપતિએ ત્રણેને ચમકાવ્યા : 'તેને મન તો એ પાપના બદલામાં મળેલી રાજાની સામગ્રીની જ પેટીઓ હતી.'

'એટલે શું એણે પેટીઓ ખોલી જ નથી ?'

'ખોલી હોત અને બૅન્કની નોટો જોઈ હોત તો પહેલું કામ બધી રકમ જેની છે એને સોંપી દેવાનું કર્યું હોત !'

'માનવામાં નથી આવતું.' ગોપીએ માથું ખંજવાળતાં કહ્યું: 'આવું બને જ કેમ ?'

'એવું બન્યું કારણ કે પાપની સામગ્રી એ કોઈને દાનમાં આપવા માગતો નહોતો. ભારતમાં આગળ વધતા પહેલાં એને જમીનમાં ધરબી દેવા માગતો હતો !'

'ત્યારે તો એણે કોઈ નિશાની પણ નહીં રાખી હોય !' ગોપીના અવાજમાં થડકો વરતાયો : 'કોઈની નજરે ચડ્યા વગર ખોદકામ કરવું કઈ રીતે ? અમારાથી તો નેપાલની સરહદે જઈ શકાય તેમ નથી. ભાડૂતી માણસોને કામ સોંપાય નહીં... આ તો ભારે થઈ !'

'આપણે એક કામ કરીએ !' વિદ્યાપતિએ છેલ્લો પાસો ફેંક્યો : 'પેટી મેળવી આપવાની જવાબદારી મારી.'

'અને બદલાં હવે તું વધારે ભાગ પડાવીશ એમ જ ને?' ગોપી ભૂરાયો થયો : 'બોલ તારે કેટલા જોઈએ ?'

'ગોપી, મેં હજુ સુધી ભાગમાં રકમની માગણી જ ક્યાં કરી છે ?'

સાંભળીને ત્રણે સ્તબ્ધ બની ગયા. થોડીવાર ગૂંચવણમાં પડી ગયા : વિદ્યાપતિ કેટલી ઠાવકાઈથી ચાલાકી અજમાવી શકે છે !

'રકમ નહીં તો તારે શું જોઈએ વિદ્યાપતિ ?' ગોપીએ પૂછ્યું.

'મારા કામમાં તમારી ભાગીદારી !' હસીને તેણે કહ્યું: 'તમારી જેમ હું અને જયદેવ પણ કોઈક ધ્યેય ખાતર વતન છોડીને આવ્યા છીએ.'

'એનો તો કરુણ અંજામ આવી ગયો.' રાણાએ નિશ્વાસ નાખ્યો : 'બિચારી રૂખી...'

'નહીં રાણા, માત્ર રૂખીને શોધવાનું જ અમારું ધ્યેય નહોતું. આપણા દેશમાંથી ત્યાર પછી કોણ જાણે કેટલી કુંવારી કન્યાઓ અદૃશ્ય થઈ ગઈ હશે... એમાં છેલ્લી હતી એક વખતની કુંવારી દેવી નંદા!'

'પણ એ તો કોઈકની સાથે નાસી ગયાની વાત બહાર આવી હતી.' શશીનાથે દલીલ કરી : 'કુંવારી દેવી રહી ચૂકેલી કન્યાને વેશ્યા બનાવે એવો રાક્ષસ આપણા દેશમાં કદી પાકે નહીં.'

'વેશ્યા ભલે ન બનાવે, પણ એને જીવતી ચિતા પર ચડાવી દે એવો એક રાક્ષસ તો પાક્યો જ છે.'

'અસંભવ...' એવા ઉદ્ગાર સાથે ગોપી કાંઈક બોલવા જતો હતો પણ તેને રોકી વિદ્યાપતિએ બોલવા ન દીધો. જયદેવે મધરાતે સ્મશાનમાં નિહાળેલી ચિતા અને ત્યારપછી હાથમાં આવેલી કુંવારી દેવીની કોડીની માળાની ઘટના કહી સંભળાવી ત્યારે ત્રણે વિચારમાં પડી ગયા.

'હવે તું જ કહે ગોપી, આવાં રાક્ષસી કૃત્ય કરનારાને નાબૂદ કરવો એ પણ દેશનું જ કામ છે ને !'

'પણ એનો પત્તો મેળવવો કઈ રીતે ?'

'પત્તો નહીં, પણ પુરાવો તો મળી ચૂક્યો છે.'

ત્યારે રાણા પૂછી બેઠો : 'કેવો પુરાવો ?'

'એ પછી કહું, પહેલાં તમે નક્કી કરો કે આ કામમાં હાથ આપવા તૈયાર છો ?'

'એ તારી શરત છે ?'

'મારી શરત છે તેમ તમારી ફરજ પણ છે.' વિદ્યાપતિએ દૃઢતા દર્શાવી : 'દુશ્મન એકાદ-બે હશે તો હું અને જય પહોંચી વળશું. એકાદ-બે લાખનો ખર્ચ હશે તો અમારી પાસે એટલી મૂડી છે... નહીંતર તમારે ભાગીદાર બનવું પડશે એ નક્કી...'

હવે ગોપીએ રાણા અને શશી તરફ જોયું. ત્યારે વિદ્યાપતિ

સમજી ગયો કે આપસમાં મસલત કરવા માગે છે. પોતે બહાનું કાઢીને ઊભો થયો : 'હું બે મિનિટમાં આવું છું, ત્યાં સુધીમાં વિચાર કરી લો.'

'રાણા, મને તો આમાં ગરબડ લાગે છે.' ગોપીએ ગુસપુસ શરૂ કરી.

'વિદ્યાપતિ આપણને ઊંધે રસ્તે ચડાવી રહ્યો છે.' શશીનાથે સૂર પુરાવ્યો.

'છતાં પૂરું જાણ્યા વગર ઇન્કાર શું કામ કરી દેવો ?' રાણાએ સમાધાનનો માર્ગ ચીંધ્યો : ' વિદ્યાપતિની સહાય વિના આપણે પેટીઓ શોધી શકવાના નથી અને દાદાગીરી સામે નમતું જોખે એ વિદ્યાપતિ નહીં !'

'એટલે આપણે નમતું જોખી દેવું ?' ગોપી ગિન્નાયો : 'કોને ખબર, એનું કામ પાર પાડવામાં કેટલા દિવસ લાગી જાય....'

'એની મુદત આપણે પાકી કરીએ, પછી કાંઈ વાંધો છે?' રાણાએ વચલો રસ્તો સૂઝાડ્યો. એ વાક્ય દીવાનખંડમાં દાખલ થતો વિદ્યાપતિ સાંભળી ગયો.

'રાણાની વાત મને મંજૂર છે !' ત્રણેને ચમકાવતો એ વચ્ચે આવીને બેસી ગયો : 'આજની રાત કે વધુમાં વધુ કાલનો દિવસ... ચોવીસ કલાકમાં બધું પાકે પાયે સમજાઈ જશે.'

કહેતાં એણે ટેલિફોનનું ડાયલ ઘુમાવવા માંડ્યું : 'હમણાં જ પૂછી જોઉં છું.'

સામેથી રિસીવર ઊંચકાયું એટલે વિદ્યાપતિ 'હલ્લો !... ડ્રેગન !' એટલું જ બોલીને ચૂપ થઈ ગયો એટલે પેલા ત્રણે અચરજમાં પડી ગયા : આ વળી ડ્રેગન કોણ ?

પાંચ-સાત સેકન્ડ પછી સામેથી જવાબ મળ્યો : 'આજે રાત્રે દસ વાગે.... હું લખાવું એ સરનામે આવી જજો.'

વિદ્યાપતિએ સરનામું નોંધી લીધું એટલે સામેથી તાકીદ થઈ : 'વાહનને ગલીના નાકે છોડીને આવજો, કોઈ ફિલ્મ જોઈને પાછા ફર્યા હોય એવી વાતો કરતા ગલીમાં ઘૂસજો. આગળ વધીને કોઈને પૂછજો, 'ડ્રેગન હાઉસ' ક્યાં આવ્યું ? મારો માણસ તરત સમજી જશે. બસ, પછી તમે ત્રણે એની પાછળ ચાલ્યા જજો.'

'અમે ત્રણ નહીં, ચાર છીએ ડ્રેગન !' કહીને પેલો આનાકાની કરે એ પહેલાં ઉમેર્યું : 'ચોથા વગર મોટી રકમની

જોગવાઈ થાય તેમ નથી.'

'ઠીક છે, ચાર જણ આવજો, પણ પાંચમો કોઈ સાથે હશે તો તમને કોઈ ડ્રેગનહાઉસ દેખાડશે નહીં, કારણ કે એ ગલીમાં એ નામનું કોઈ મકાન છે જ નહીં.'

અને સામેથી ફોન કપાઈ ગયો. વિદ્યાપતિએ રિસીવર મૂક્યું ત્યારે પેલા ત્રણે ઉત્કંઠાભેર તેને તાકી રહ્યા હતા.

'ગોપી, પાકું થઈ ગયું. આજે રાત્રે દસ વાગે આપણે પહોંચવાનું છે. હું, જય, જ્યુલી અને તું...'

'અને અમે બંને ?' રાણાએ અધીરાઈથી પૂછ્યું.

'તમે બંને અહીં રહેજો.' વિદ્યાપતિએ ફેંસલો સંભળાવી દીધો : 'એમાં કોઈ ફેરફારને અવકાશ નથી.'

ત્યારે ગોપીએ સુદ્ધાં આજ્ઞાંકિત બનીને ફેંસલો માથે ચડાવી લીધો.



'જાવ, જઈને ચૂપચાપ બંને ઘરમાં સૂઈ જજો.'

છએ જણા રેસ્ટોરાંમાં સાથે જમી, પાછા ફર્યા. જયદેવના ઘરથી થોડે દૂર જીપ ઊભી રખાવી, શશી અને રાણાને નીચે ઉતારી ગોપીએ તાકીદ કરી : 'જો રાણા, પીવા માટે ભટકવા નહીં નીકળી પડતો. નશામાં તું ભાન ભૂલી જાય છે તેમ જયદેવનું ઘર પણ ભૂલી જઈશ.'

રાણાએ કાંઈ જવાબ ન આપ્યો અને જીપ રવાના થઈ ગઈ.

'શશી, ચાલને નજીકમાંથી એક બાટલી લઈ આવીએ.' જીપ દેખાતી બંધ થઈ એટલે રાણા આગળ વધતો અટકીને બબડ્યો :'સાથે ન લઈ જાય અને પાછો ઉપરથી પીવાની મનાઈ ફરમાવે ! આજકાલ પીધા વગર ચેન નથી પડતું.'

'નહીં રાણા, રાત્રે સાડા નવ વાગે અજાણ્યા લત્તામાં બાટલી ગોતવા ન જવાય. ચૂપચાપ આગળ વધ !' બાવડું પકડીને શશી તેને ખેંચી ગયો : 'જમ્યા પછી પીવાનું કેવું ?'

પરાણે ઘસડાતો રાણા તેની સાથે ઘરના કમ્પાઉન્ડ સુધી પહોંચીને પાછો અટકી ગયો : 'શશી, તું જા, હું પેલા નોકરને પકડું છું. એ ગમે ત્યાંથી બાટલી લઈ આવશે.'

'એમ કહીને તું પાછો જવા માગે છે !' શશીએ રોષમાં સંભળાવ્યું : 'નોકરે લાવી આપવાની ના પાડશે એટલે તું જ જાતે બાટલીની શોધમાં નીકળી પડીશ,. હું જાણુંને!'

'નહીં શશી, તારા સોગન ખાઉં છું !' કહ્યા પછી રાણાને સમજાયું કે એટલાથી એ નહીં માને એટલે સુધાર્યું : 'હનુમાન ધોકાના સોગન પર કહું છું, કમ્પાઉન્ડની બહાર પગ નહીં મૂકું બસ !'

ત્યારે શશીએ જિદ્દ છોડી દેવી પડી. હનુમાન ધોકાના સોગન ખાધા પછી, રાણા ડગે નહીં એની તેને ખાતરી હતી : 'ઠીક છે, હું ઉપર જાઉં છું.'

કહી એ સીડી ચડી ગયો, એટલે રાણા ઉતાવળા પગલે પતરાની ઝૂંપડી તરફ પહોંચી ગયો. સાદ પાડવાને બદલે પતરાને બારણે ટકોરા મારવા હાથ ઊંચકાયો ત્યાં તાળા પર નજર પડી. તેના મોંમાંથી ગાળ નીકળી ગઈ : સાલો એ પોતે જ નશો કરવા ગયો લાગે છે!

જમીન પર પગ પછાડી એ પાછો ફર્યો : હનુમાન ધોકાના સોગન ન ખાધા હોત તો ? બબડતો બગીચામાં લટાર મારવા લાગ્યો. પીવાની તલપથી ટાંટિયા તૂટતા હતા. પેલો જંગા આવે એની રાહ જોઉં, શશિયો ભલે ઉપર ઊંઘી જતો...

'કોણ?' નીચેની બારીમાંથી અંધારામાં ઉછળેલો અવાજે તેને ભડકાવ્યો. સીડી તરફ સરકી જવા એણે પગ ઉપાડયા ત્યાં કોણ છે ?' ના ઊંચા અવાજ સાથે ટ્યૂબ - લાઇટનો પ્રકાશ પણ ઝળહળી ઊઠ્યો.

બારીમાં જાળી પાછળ ઊભેલી સ્ત્રી પર નજર પડી એટલે ધરપત અનુભવતાં કહ્યું : 'એ તો હું છું, જયદેવનો મહેમાન.... જરા બગીચામાં લટાર મારતો હતો.

'કોણ સંગ્રામ ?' પેલીએ નામથી બોલાવ્યો ત્યારે રાણા થથરી ગયો. યાદ આવી ગયું કે નીચે નેપાલી એલચીખાતાનો ખજાનચી રહે છે, પણ આ સ્ત્રી પોતાને નામથી કઈ રીતે ઓળખે?

'તમે સંગ્રામ રાણા જ છો ને ?' પેલીએ ભારપૂર્વક પૂછ્યું ત્યારે એણે બારીની નજીક જવું પડ્યું. હવે સંભાળીને કામ લેવું પડશે, પણ નજીક જઈને પેલીનો ચહેરો જોતાં જ તેનાથી બોલાઈ ગયું : 'કોણ બિશાખા ? તું અહીંયાં ?'

'હું તો અહીંયાં જ રહું છું, પણ તમે અહીં ક્યારે આવ્યા?' બિશાખાને જોઈને થોડી ધરપત થયેલી પણ તેના સવાલે રાણાને મૂંઝવી નાખ્યો. ઓળખાણ ન પડી હોત તો સારું થાત.

'અંદર આવોને !' પેલીએ હસીને કહ્યું : 'મને તો એમ કે કોઈ ચોર-લૂંટારો મકાનમાં ઘૂસ્યો છે. સારું થયું, સમયસર ઓળખી ગઈ, નહીંતર ચીસ પાડી દીધી હોત.'

મૅટ્રિક સુધી કાઠમંડુની શાળામાં સાથે ભણતી એકવડી કાયાની શરમાળ છોકરી બિશાખા તેને બદલાઈ ગયેલી લાગી. ભરાવદાર ગાલ, ભીના હોઠ, મસ્તીભરી આંખો.

'શું વિચાર કે છે રાણા ?' હવે તેણે તુંકારો વાપર્યો: 'ઘરમાં હું એકલી જ છું, પ્રસાદજી તો પાંચ દિવસથી કાઠમંડુ ગયા છે અને તમારો યજમાન જયદેવ પણ ઉપર નથી.' કહીને એમે ઉમેર્યું : 'આવી જાવ, બે ઘડી બેસીએ. નિશાળના દિવસો યાદ કરીએ.'

છેલ્લા શબ્દોમાં બિશાખાએ એટલી બધી મીઠાશ ઘોળી હતી કે રાણાનો ક્ષોભ ખંખેરાઈ ગયો. મનમાં બીજી લાલચ પણ સળવળી ઊઠી : એચલીખાતાના ખજાનચીના ઘરમાં પીવાનું તો પડ્યું જ હોય....

અને એ અનુમાને તેના પગમાં સ્ફૂર્તિ ઊભરાવી દીધી : 'આવું છું...' કહેતો એ અંધારામાં રસ્તો ખોળતો હતો ત્યાં બિશાખાએ હસીને કહ્યું; 'પેલી બાજુના દરવાજેથી આવવું પડશે. મકાન એક છે પણ દરવાજા બે !'

કહેતી એ એવું મીઠું હસી કે રાણાની તરસ તરફડી ઊઠી : આ સહવાસ અને સાથે શરાબ ! પંદર દિવસનો થાક ઊતરી જશે અને નશો ચડી જશે...

બીજા દરવાજેથી દાખલ થઈ રાણા પગથિયાં ચડતો હતો ત્યાં ઘરનો જાળીવાળો દરવાજો ઉઘાડી બિશાખા તેને આવકારવા સામે ઊભેલી દેખાઈ:

'કેટલાં વરસે જોયો છતાં પહેલી નજરે જ તને ઓળખી કાઢ્યો ને ?' આંખો નચાવતી એ તેને અંદર દોરી ગઈ : 'જાણે એવો આનંદ થાય છે કે મારું પોતાનું કોઈક આવ્યું હોય.'

'વાહ !' દીવાનખંડનો ઠાઠ જોતાં જ રાણાથી બોલાઈ ગયું 'તું તો બહુ વટથી રહે છે ને ! પરણી ત્યારે મને કોઈએ એમ

કહેલું કે તારો વર બૅન્કનો કારકુન છે !'

'હા, ત્યારે કારકુન હતા... મને પરણ્યા પછી ધીમે ધીમે ખજાનચીના પદે પહોંચી ગયા.'

'ત્યારે તો એની ખુશાલીમાં તારે મને કાંઈક ખાસ પીણું પાવું પડશે.'

'ખાસ પીણું !' સમજી ગઈ હોવા છતાં બિશાખાએ પૂછ્યું: 'ઠંડું કે ગરમ ?'

'ગ્લાસમાં હોય ત્યારે ઠંડું અને પેટમાં જાય પછી ગરમ !'

'ઓહ સમજી, વ્હીસ્કીની વાત કરે છે ?' ખુશ થતી એ બોલી ઊઠી : 'ત્યારે તો હુંય જોડાઈશ... ચિયર્સ કર્યા વગર ખુશાલી કેમ ઉજવાય.'

બોલતાં બોલતાં તેણે શરીરને એક ઝાટકો આપ્યો : 'તું બેસ, હું પ્રસાદજીની બૉટલ શોધી લાવું.'

પીઠ ફેરવીને લટકા સાથે તેને અંદર જતી જોઈને રાણાનો કામદેવ આળસ મરડીને બેઠો થયો.

બિશાખાએ કબાટમાંથી બોટલ કાઢતાં પહેલાં એક કૅમેરો કાઢી પલંગ સામે છુપાવીને ગોઠવી દીધો. પછી નીચેલો હોઠ કરડતી બબડી :

'આખરે શિકાર ઝડપાયો !'

વીસ

'અમે પાછા ન ફરીએ ત્યાં સુધી અહીંયાં જ રહેજે રઘુનાથ!'

ચીના ચ્યાંગે ચીંધેલી ગલી પાસે જીપ ઊભી રખાવી વિદ્યાપતિએ નીચે ઊતરીને તાકીદ કરી : 'અમે ગમે ત્યારે પાછા આવી ચડીએ, વીસ-પચીસ મિનિટ લાગે કે કલાક પણ થઈ જાય... તું અહીંથી આઘોપાછો થતો નહીં.'

જય અને જ્યુલીની પાછળ ગોપીનાથ જીપમાંથી ઊતર્યો એટલે તેના ખભે હાથ નાખી વિદ્યાપતિએ પૂછ્યું : 'યાદ છે ને, આપણે કોઈક ફિલ્મ જોઈને પાછા ફરી રહ્યા છીએ ? શું નામ કહ્યું તેં ફિલ્મનું ?'

'મુકદ્દર કા સિકંદર !'

'કમાલની ફિલ્મ હતી.' વિદ્યાપતિ પીધેલો હોય તેમ ગોપીનાથનો ટેકો લઈ ગલીમાં દાખલ થયો. તેની પાછળ જય અને જ્યુલી હાથમાં હાથ પરોવી અંધારી ગલીમાં આગળ વધ્યાં.

'જ્યુલી, આ તે ગલી છે કે ગટર ?' જયદેવે ખિસ્સામાંથી રૂમાલ કાઢી નાક પર દાબ્યો : 'દારૂની વાસથી કેવી ગંધાય છે!'

'અને તે પણ દેશી દારૂની વાસથી !' કહેતાં જ્યુલીએ જયને હળવો ચીંટિયો ભર્યો : 'કોઈ વાર ચાખ્યો હોય તો દેશી-વિદેશીના તફાવતની ખબર પડે ને.'

'આપણે તો દેશી ફિલ્મને બદલે દેશી દારૂની ચર્ચા કરવા માંડ્યા.' જયે જ્યુલીને યાદ કરાવ્યું ત્યાં વિદ્યાપતિનો ઘાંટો સંભળાયો : 'અરે યાર, શું ફાંકડી ફિલ્મ હતી, નામ પણ કેવું અફલાતૂન છે... સિકંદર કા મુકદ્દર !'

'સિકંદર કા મુકદ્દર નહીં !' ગોપીએ પણ ઊંચા અવાજે સુધારો સૂચવ્યો : 'મુકદ્દર કા સિકંદર !'

'અરે એ બધું એકનું એક જ !' ડાબી તરફનો વળાંક લેતાં વિદ્યાપતિએ સંભળાવ્યું: 'સિકંદર લશ્કરની આગળ હોય કે પાછળ, જીત તો એની જ થવાની....'

બોલતાં બોલતાં એણે અટકી જવું પડ્યું. કોઈએ તેના મોં પર બૅટરીનો પ્રકાશ ફેંક્યો, વિદ્યાપતિ કરતાં ગોપીનાથ વધુ ભડક્યો: 'કોણ છો ?'

ત્યારે જવાબ આપ્યા વગર બૅટરીવાળો આદમી નજીક આવ્યો. કાળા-ધોળા વાળની વધેલી દાઢી ખંજવાળતાં એણે પૂછ્યું: 'તમે લોકો કોણ છો ?'

'અમે તો ભાઈ અજાણ્યા છીએ.' વિદ્યાપતિએ ગોપીનાથના ખભાનો આધાર છોડી દઈને કહ્યું : 'કોઈએ કહ્યું કે આ ગલીમાં ડ્રેગન હાઉસ છે એટલે...'

બરાબર એ જ વખતે જય અને જ્યુલી પણ નજીક આવી પહોંચ્યાં એટલે પેલાના અવાજનો રણકો બદલાઈ ગયો : 'તમે ચારેય ડ્રેગન હાઉસ ગોતો છો ?'

'હા ભાઈ, ચારેય સિકંદર કા.... અરે નહીં, મુકદ્દર કા સિકંદર જોઈને આવ્યા.'

'તો મારી પાછળ પાછળ આવો.' કહેતો પીઠ ફેરવી એ આગળ થયો. પાછળ આવનારના લાભાર્થે તેણે બૅટરીની ચાંપ દાબી રસ્તા પર પ્રકાશનું ચાંદરડું રાખ્યું.

સૂમસામ ગંધાતી ગલીના દીદાર જોતાં પહેલાં તો વિદ્યાપતિને લાગ્યું કે ચીનાએ આ નરકમાં ક્યાં નોતર્યા ! પણ જમણી તરફનો વળાંક લઈ, એક મોટર ગૅરેજ પાસે અટકી, પેલાએ ચાંપ દાબી અને પતરાના શટરનો દરવાજો સડસડાટ ઊઘડી ગયો ત્યારે ધરપત થઈ કે ગુપ્ત કામ

માટે જગ્યા પણ ભેદી જ પસંદ કરી છે !

ચારે અંદર દાખલ થયા કે તુરત જ ચાંપ દાબીને પેલાએ ગૅરેજ બંધ કરી દીધું. ઘડીભર ગોપીનાથને થયું કે ફસાઈ ગયા! સાવચેતીની વૃત્તિ સજાગ બની હોય તેમ એનો હાથ ચામડાના જાકીટમાં છુપાવેલી પિસ્તોલ પર દબાયો. જય અને જ્યુલી વિદ્યાપતિની સામે જોઈ રહ્યાં, જાણે સંકેતથી પૂછતાં હોય : તું અમને ક્યાં લઈ આવ્યો ?

સાંકડા ગૅરેજમાં બળતી ઝાંખી બત્તીના પ્રકાશમાં વિદ્યાપતિએ આજુબાજુ નજર ફેરવી તો પૂંઠાનાં ખોખાં અને ખાલી પીપડાં સિવાય બીજું કાંઈ દેખાયું નહીં.

'મારી પાછળ ચાલ્યા આવો.'

ચારેની મૂંઝવણ કળી ગયો હોય તેમ ખરબચડું હસીને પેલાએ સામેની દીવાલ પર બૅટરીના પ્રકાશનો શેરડો ફેંક્યો. ત્યાં ભીંત સિવાય કંઈ જોવા મળ્યું નહીં, છતાં ચારેય દબાતાં પગલે તેને અનુસર્યા.

દીવાલ પર જડેલું સ્વિચ-બૉક્સ ઉઘાડી પેલાએ ચાંપ દાબી ત્યાં જ પથ્થરની દેખાતી દીવાલે સરકીને રસ્તો કરી આપ્યો. અંદરનાં અજવાળાંએ ચારેની આંખો આંજી નાખી.

'ડ્રેગનસાહેબ ક્યાં છે ?' અંદરનો વિશાળ ખંડ ખાલી જોતાં વિદ્યાપતિએ પેલા ભોમિયાને પૂછ્યું : 'એ પણ અમારે રસ્તેથી જ આવવાના ?'

પણ એનો જવાબ આપવાને બદલે ભોમિયો હસીને સરકતી દીવાલવાળા દરવાજેથી પાછો ફરી ગયો અને ગૅરેજની અધી દીવાલ પહેલાંની જેમ હતી એવી અકબંધ થઈ ગઇ !

'એ આપણને પૂરીને કેમ ચાલ્યો ગયો ?' ગોપીનાથે અકળામણ અનુભવતાં વિદ્યાપતિ સામે જોયું : 'અહીં તો કોઈ દેખાતું નથી !'

'વિધુ, દસ તો વાગી ગયા.' જયના અવાજમાં પણ ઉચાટ વર્તાયો : 'અહીંથી બહાર નીકળવાનો રસ્તાનીય આપણને ખબર નથી !'

પણ વિદ્યાપતિના ચહેરા પર કોઈ જાતની ચિંતા ઊપસી નહીં. સામેની દીવાલે ચોંટાડેલા સફેદ પડદા પર તાકીને કહ્યું : 'આપણે સાચી જગ્યાએ જ આવ્યાં છીએ. કોઈ મકાનનો ભૂગર્ભ ખંડ લાગે છે. પાછળ ગૅરેજ છે પણ આગળ ઊંચી ઇમારત હોવી જોઈએ. ડ્રેગન કદાચ આગલા રસ્તેથી જ દીવાલનો દરવાજો ખોલીને આવવો જોઈએ.'

'હું તો તમારા પહેલાંનો આવી ગયો છું.' અવાજ સાંભળીને વિદ્યાપતિ સિવાયના ત્રણે ભડક્યાં. બોલનાર ચ્યાંગ હશે એમ વિદ્યાપતિએ માની લીધું પણ એ ક્યાંક્ય દેખાતો કેમ નથી ? ક્યાં છુપાયો હશે ?

'ડ્રેગન, તમારાં દર્શન તો દ્યો ?' વિદ્યાપતિએ તંગ અવસ્થામાંય મજાની ઢબે કહ્યું: 'ભક્તો અધીરા થયા છે.'

'જે જોવા માટે અધીરા થયા છો એ હમણાં જ સામેના પરદા પર દેખાડું છું.' અદૃશ્ય રહીને તેણે જવાબ આપ્યો : 'મારે દર્શન આપવાની જરૂર નથી.'

એટલે ચારે જણાએ પરદાની સામે ગોઠવેલી ખુરશીઓ પર બેઠક લીધી. ત્યાં જ અંધારું થયું. 'એ આપણને જુએ છે પણ આપણને દેખાતો નથી'-વિદ્યાપતિએ ટકોર કરી. એટલી વારમાં પાછળની દીવાલ પર કાંઈક ખસતું હોવાનો અવાજ સંભળાયો અને ચારેની ડોક પછવાડે ફરી. દીવાલની ટોચે એક ગોખલા જેવું દેખાયું જેના પોલાણમાં બત્તીનો આછો પ્રકાશ થયો. હવે સૌને સમજાઈ ગયું કે ફિલ્મ પ્રોજેક્ટ કરવા માટે ચ્યાંગ છુપાઈને બેઠો હોવો જોઈએ.

અચાનક ગોખલામાંથી પ્રકાશનો શેરડો સામેની દીવાલના પડદા પર ફેંકાયો અને ચારે જણા ટટ્ટાર થઈ ગયા. થોડીવાર અંધારાં-અજવાળાંના ઝબકારા થયા પછી પરદા પર એ દૃશ્ય ઊપસી આવ્યું. દૃશ્યમાં ઊભેલી વ્યક્તિ અસ્પષ્ટ દેખાઈ તેની સાથે અવાજ સંભળાયો:

'ધીરજ રાખજો, હું ફૉક્સ ગોઠવું છું.' ચીનો કહી રહ્યો હતો : 'ખાનગીમાં કામ પતાવવાનું હતું, એટલે બધું મારે જાતે જ કરવું પડે તેમ છે.'

પડદા પર સ્થિર થયેલી અસ્પષ્ટ આકૃતિ સામે તાકીને ચારે બેઠા હતા ત્યાં ફિલમ ગતિમાં આવી. સ્પષ્ટ થતી આકૃતિને ઓળખી જતાં જ વિદ્યાપતિ અને જય એકીસાથે બોલી ઊઠ્યા: 'રૂખી !'

પડદા પર રૂખી ભયભીત ચહેરે, ચીસ પાડવા માટે મોં ફાડીને, સામેથી કોઈ ધસી આવતું તેનાથી બચવા પાછા હઠવાની ચેષ્ટા સાથે દેખાઈ ત્યારે ફિલ્મ મૂંગી હોવા છતાં જાણે એની ચીસ સંભળાતી હોય તેમ વિદ્યાપતિ અને જય હચમચી ઊઠ્યા.

એના આઘાતમાંથી બહાર આવે ત્યાં રૂખી પડદા પરથી અદૃશ્ય થઈ અને બીજી યુવતી ઉપસી આવી. જમીન પર ફસડાઈ પડીને આંસુભરી આંખે ઊંચે જોતી એ બિચારી કોઈને આજીજી કરતી દેખાઈ. તેની ચોળી ખભા પાસેથી ઉતરડાયેલી હતી અને જોનારાના હૃદય ઉતરડી નાખે એવી ભયાનક પીડા ચહેરા પર દેખાતી હતી.

'આ તો બંસરી !' ગોપીનાથનો ચિત્કારભર્યો અવાજ સંભળાયો : 'અમારા જ મહોલ્લાની છોકરી... ચાર-પાંચ વરસ પહેલાં અચનાક ગુમ થયા પછી ફરી ક્યારેય પાછી આવી નહોતી.'

પરદા પર ચમકેલી ત્રીજી યુવતી બંને હાથે મોં છુપાવીને પલંગમાં પડી હતી એટલે કોઈ ઓળખી શક્યું નહીં. ચોથીને જયદેવે પિછાણી લીધી : 'આ તો પેલી ! દોઢ વરસે પાગલ થઈને પાછી આવી હતી એ....'

પડદા પર એનું પહોળું થયેલું મોં જોઈને એવી ભ્રાન્તિ થતી હતી કે જાણે અત્યારેય પાગલની જેમ અટ્ટહાસ્ય કરી રહી હોય !

અને પાંચમીને જોતાં જ જ્યુલી સિવાયના ત્રણેનો ચિત્કાર એકીસાથે અંધારા ઓરડાની દીવાલ પર અફળાઈને પડઘાયો : 'આ એ જ... નન્દા !'

'ગોપી, હું તને નહોતો કહેતો...' વિદ્યાપતિએ ખૂન્નસ ઘૂંટતા અવાજે કહ્યું : 'આ રાક્ષસે એક વખતની કુંવારી દેવીનેય છોડી નહીં!'

બીજા દૃશ્યમાં પીઠ ફેરવીને ઊભેલી નંદાના વાંસામાં કોઈએ તીણા નહોર ભરાવ્યા હોય એવા ઉઝરડા અને લોહીનાં ટશિયાં પણ દેખાયાં.

•

વિદ્યાપતિનો આક્રોશ એટલો અસહ્ય બની ગયો કે ભાન

ભૂલી જઈ ઝનૂનભેર તેણે પીંડી સુધી શૂઝમાં છુપાવેલી પિસ્તોલ ખેંચી કાઢી, પણ ત્યાં તો પરદા પરથી દૃશ્ય અલોપ થઈ ગયું અને ખંડ પ્રકાશથી ઝળહળી ઊઠ્યો.

અવાક્ બનેલા ચારેય એકબીજાના ચહેરા તાકતાં બેસી રહ્યાં.

'આ તો હતું ટ્રેલર !' અદૃશ્ય ચીનાના અવાજે ચારેયને ધ્રુજાવી મૂક્યાં : 'હવે બાર મિનિટની સળંગ ફિલ્મ દેખાડું છું... અર્ધી મિનિટ ધીરજ રાખજો.'

એ અર્ધી મિનિટ સુધી ચારેનાં હૈયાંમાં ઊથલપાથલ મચી રહી, રોષ ઘૂંટાતો રહ્યો, છતાં કોઈને કાંઈ જ બોલવાનું સૂઝ્યું નહીં. હવે પછી નજર સામે જે ઊપસવાનું હતું એને સહી લેવા માટે મનોબળ મક્કમ કરતાં હોય તેમ પોતપોતાની જાતમાં એકાગ્ર બની ગયાં.

ફરી અંધારું થયું એટલે ઉચાટભરી ઉત્કંઠા ઝેરીલી નાગણની જેમ ફૂંફાડો મારતી સળવળી ઊઠી. પડદા પર ઊપસતાં દૃશ્યમાં એક ભીંતચિત્ર દેખાયું, જેમાં અનેક સ્ત્રીઓ વચ્ચે ઘેરાયેલો પુરુષ વાસનાના નશામાં ચકચૂર દેખાતો હતો.

'જય આ પેન્ટિંગ તો મેં ક્યાંક જોયું છે.' અત્યાર સુધી ચૂપ બેઠેલી જ્યુલી બોલી ઊઠી : 'અરે હા, યાદ આવ્યું... જય, તમે કટ્ઠોખાનો માટે ચાર દિવસ જ્યાં રહ્યા એ જ ખંડ! યાદ છે, તમે જ મને અંદર લઈ જઈને આ પેન્ટિંગ્સ દેખાડતા હતા...'

એટલી વારમાં ચારે દીવાલ પરનાં દૃશ્યો પડદા પરથી પસાર થઈ ગયાં હતાં.

'હા જ્યુલી, આ એ જ સ્થળ... નેપાલ નરેશનો મહેમાન મહેલ !' જયદેવ એટલું બોલે છે ત્યાં જ આગળ વધતી ફિલ્મમાં એક આકૃતિ ઊપસી આવી. કદાવર દેહ સાથે ધીમા પગલે આગળ વધતી એ વ્યક્તિનો ચહેરો કાળા બુરખાથી ઢંકાયેલો હતો. માત્ર આંખ પાસેનાં બે કાણાંમાંથી એની ચકળ-વકળ કીકીઓ દેખાતી હતી.

તેણે બંને હાથ લંબાવ્યા ત્યારે ખબર પડી કે જમણા હાથમાં સફેદ મોજું હતું અને ડાબા પંજા પર કાળા મોજા સાથે તીક્ષ્ણ નહોર પણ પહેર્યા હતા. આગળ વધતો એ બે દીવાલના ખૂણા સુધી

પહોંચ્યો ત્યાં એ દેખાઈ : રૂખી !

ભયથી થરથર કાંપતી, ઘડીક બંને હાથ જોડીને આજીજી કરતી તો ઘડીક બન્ને હાથ છાતી આડે રાખીને જાત બચાવવાની મિથ્યા ચેષ્ટા કરતી ખૂણામાં ફસાઈ ગયેલી રૂખી, તરાપ મારતા વાઘના પંજાથી બચવા મથતી હરણી જેવી લાચાર અને હિજરાયેલી દેખાતી હતી.

અને બુરખાધારી શેતાનનો પોલાદી પંજો રૂખીના ખભા પર વીંઝાયો. બાવડું પકડીને રૂખીને એણે પલંગ તરફ ધકેલી. પછડાઈ પડેલી રૂખી શિયળ બચાવવા ખાતર જમીન સરસી છાતી રાખીને જડ બની ગઈ.

ત્યાં તેની પીઠ પર તોળાતા પુરુષનો નહોરવાળો પંજો વીંઝાયો. રૂખીની ચોળી ઉતરડાઈ ગઈ, કોમળ વાંસામાં નહોર ભોંકાતાં જ ચીસ પાડતી છળી પડી હોય તેમ ઊભી થઈ ગઈ. પેલો પુરુષ તેના વાંસા પર ઝૂક્યો. એક હાથે હોઠ સુધી કાળો બુરખો ઊંચો કરી લોહીના રેલા પર જીભ ફેરવતો ચાટવા લાગ્યો ત્યારે-

'નહીં ! શેતાન !' ત્રાડ નાખતો વિદ્યાપતિ ઝનૂનભેર ઊભો થઈ પિસ્તોલમાંથી પડદા પર ગોળી છોડવા જાય એ ઘડીએ જ જયદેવે તેના કાંડા પર ઝાપટ મારી : 'શું કરે છે વિધુ ?'

અને ઓરડામાં બત્તી ઝગમગી ઊઠી. વિદ્યાપતિના લાલઘૂમ ચહેરા પર પસીનો ફૂટી નીકળ્યો હતો, ક્રોધથી કપાળની નસો ફૂલી ગઈ હતી અને છાતીમાં ઘૂંટાતો શ્વાસ સાપની જેમ ફૂંફાડા મારતો હતો.

'મિસ્ટર ! આટલું જોઈને બેકાબૂ બની જવાના હો તો હું બંધ કરું છું.' ચીનાનો ચેતવણીનો સૂર સંભળાયો : 'પિસ્તોલનો ધડાકો બહાર તો નહીં સંભળાય પણ સાઉન્ડપ્રૂફ દીવાલ પર અથડાઈને ગોળી તમારામાંથી એકાદને ઘાયલ કરશે તો ઉપાધિ ઊભી થશે.'

ત્યારે વિદ્યાપતિએ ચહેરા પરના પસીના સાથે મનના ઉશ્કેરાટને અદૃશ્ય કરી દીધો:

'ઘડીભર હું ભાન ભૂલી બેઠો હતો ડ્રેગન !' તેણે

દિલગીરીના સ્વરે ખાતરી આપી: 'પડદા પર રોષ ઉછાળીને વેડફી નાખવાને બદલે હવે એને જ્વાળામુખીની જેમ ભીતરમાં ધરબી દઈશ.'

અને ફરી બત્તી બુઝાઈ. પડદા પર ફિલ્મ આગળ વધી. બુરખાધારીના બાહુપાશમાં ભીંસાતી રૂખી, પલંગ પર ફંગોળાતી રૂખી, પુરુષના કદાવર દેહ નીચે કચડાતી રૂખી અને અંતે ચેતન હણાઈ ગયેલી બેહોશ રૂખી !

એક પછી એક યુવતી બદલાતી હતી પણ બુરખાધારી કદાવર પુરુષ એનો એ જ રહેતો હતો. કોઈના વાંસાનું લોહી રેલાતું તો કોઈના સાથળના લોહી પર પુરુષની જીભ ફરતી. જમણા હાથનું સફેદ મોજું હાલ પસવારતું તો ડાબા હાથના નહોર છાતી પર ફરી વળતા... ત્રાસ, યાતના અને રિબામણીને અંતે કચડાતી કુંવારી કાયા અને હોઠ સુધી જ ઉંચકાતો કાળો બુરખો, એ સિવાય જોવા મળતી માત્ર બે આંખો જ...

કુંવારી દેવી રહી ચૂકેલી નંદાના અંતિમ દૃશ્યમાં થોડો તફાવત મળ્યો. પુરુષના દેહ નીચે કચડાતાં પહેલાં તેણે જોરદાર પાટુ ઉગામીને પેલાને પલંગ પરથી ઉથલાવી મૂક્યો ત્યારે વીફરેલા શેતાને તેના એકેએક અંગને નહોરથી ઉતરડી નાખ્યા પછી તેની લોહી ખરડાયેલી કાયાને કચડી હતી.

એ અંતિમ દૃશ્ય જોઈને જ્યુલીની આંખો આંસુથી ઊભરાઈ ગઈ અને બીજા ત્રણેની કીકીઓમાં લોહીના દોરા ઊપસી આવ્યા. ખંડમાં બત્તી થઈ ત્યારે ચારેની જીભ તાળવે ચોંટી ગઈ હોય તેમ ઘણીવાર સુધી કોઈ એક હરફ સુદ્ધાં ઉચ્ચારી શક્યા નહીં.

'ખેલ પૂરો થયો.' સન્નાટા વચ્ચે સંભળાયેલા ચ્યાંગના શબ્દોએ થીજી ગયેલા ચારેને સજાગ કરી દીધા.

'નહીં ડ્રેગન !' વિદ્યાપતિના દાંત ભીંસાયા : 'ખેલ તો હવે શરૂ થવાનો.'

'એ તમે જાણો.'

'પણ તું તો જાણે છે ને કે રાક્ષસ કોણ છે ?' શબ્દે શબ્દે વિદ્યાપતિનું ખૂન્નસ ઘૂંટાતું જતું હતું : 'બસ, એકવાર એના ચહેરા

પરથી બુરખો હઠાવેલું દશ્ય દેખાડી દે, તું માગે તે કિંમત આપીશ.'

'અશક્ય !' ચ્યાંગનો જવાબ ઓરડામાં ઘુમરાયો : 'એ કદાપિ નહીં બને....કરોડોની કિંમત ચૂકવવા તૈયાર હોય તોપણ નહીં!'

ત્યારે વિદ્યાપતિએ એટલા રોષભેર નીચલો હોઠ બે દાંત વચ્ચે દબાવ્યો કે લોહીનો ટસિયો ફૂટી નીકળ્યો, તેનો હાથ પિસ્તોલ પર ગયો.

'મહેરબાન, હથિયારથી કાંઈ નહીં વળે.' ચીનો જાણે અદૃશ્યપણે તેની હિલચાલ નિહાળતો હોય તેમ હસી પડ્યો : 'તું આવું જ કાંઈક કરીશ એવી સાવચેતી ખાતર જ હું તારાથી અત્યારે અદૃશ્ય રહ્યો...પણ આવેશમાં આવીને મારી સામે હથિયાર ચલાવવાથી તને શું મળવાનું ?'

'મારે એનું નામ જાણવું છે !' વિદ્યાપતિએ હાંક મારીઃ 'કિંમત બોલ ડ્રેગન !'

'નામ જાણવાની કિંમત ?' પૂછીને એ થોડું અટક્યોઃ 'વિચારીને કાલે કહીશ.'

'કાલની પરમ દિવસ નહીં થાય ને ?' વિદ્યાપતિની અધીરાઈ વધી પડી : 'મારા માટે એક મિનિટનો વિલંબ પણ અસહ્ય બની ગયો છે ડ્રેગન !'

'કાલની પરમ દિવસ નહિ થાય, પણ એ પહેલાં બીજો એક સોદો પાડવાનો બાકી છે.

'આ ફિલ્મની નેગેટિવ ખરીદવાનો સોદો !' પેલાએ ઘૂંટાએલા અવાજે સંભળાવ્યું : 'દસ લાખનો સોદો !'

'નેગેટિવને અમારે શું કરવી છે ?' ગોપીનાથ આવેશમાં વચ્ચે બોલવા ગયો પણ વિદ્યાપતિએ તેના મોં પર હાથ દબાવી દીધોઃ

'ડ્રેગન, સોદો પાકો કરીશ પણ દસ લાખ ચૂકવવા માટે દસ દિવસની મુદ્દત જોઈએ.'

'એનો જવાબ પણ કાલે !' કહીને ચીનાએ વાત આટોપી લીધી : 'બસ, હવે કોઈ સવાલ-જવાબને અવકાશ નથી. તમે આવ્યા હતા એ રસ્તે બહાર નીકળી જાવ.'

અને ખંડનો દરવાજો વીજળીની ઝડપે ઊઘડતાંની સાથે જ બત્તીઓ બુઝાઈ ગઈ.

'ચાલો, હું તમને બહાર દોરી જાઉં.'

દરવાજે ઊભેલા પેલા આદમીનો અવાજ સંભળાયો અને રસ્તો દેખાડવા માટે તેની બૅટરીની ચાંપ પણ દબાઈ.



વાસનાનો નશો ઊતરતાં જ રાણા બિશાખામાંથી સરકીને બેઠો થયો.

'સાથીદારો આવે તે પહેલાં ઉપર પહોંચી જાઉં.' ખૂણામાં ફેંકેલો બુશકોટ ઊંચકીને પહેરી લેતા એણે કહ્યું : 'નહીંતર પૂછપરછના જવાબ આપવા પડશે.'

'રાણા, તું તો કહેતો'તો કે એ લોકો ફિલ્મ જોવા ગયા છે.' બિશાખાએ નાઇટગાઉન ચડાવી ઘડિયાળમાં જોતાં કહ્યું : 'હજુ તો સાડાદસ થયા છે.'

'કોને ખબર, ફિલ્મ ન ગમે તો ઇન્ટરવલમાં પણ પાછા આવી જાય.' બનાવટી જવાબ ઉપજાવી કાઢી રાણા માથાના વાળ ઓળવા લાગ્યો : 'હવે તો એમ થાય છે કે રોજ એ લોકો છેલ્લા શોમાં ફિલ્મ જોવા જાય...'

'અને તું મારા પડખામાં આવીને ભરાઈ જા... એમ જ ને?'

બિશાખાએ ફરી તેને આલિંગનમાં જકડી લેવા પ્રયાસ કર્યો. ત્યારે રાણાને યાદ આવ્યું : 'અરે, મારી રિવૉલ્વર તો ભૂલી ગયો.'

'સાચવીને મૂકી છે...' બિશાખાએ તેના વાળ વિખેરી નાખતાં લાડમાં કહ્યું : 'સ્ત્રીનું પડખું છૂટ્યું ત્યાં જ પિસ્તોલ યાદ આવી ગઈ ?'

જવાબ આપવાને બદલે રાણા ફરી વાળ ઓળવા લાગ્યો એટલે વાત બદલતી હોય તેમ બિશાખાએ ઠાવકાઈથી પૂછી લીધું: 'રાણા, તારા પહેલાં જયદેવનો કોઈ મિત્ર પણ આવ્યો હતો એ કોણ છે ?'

'પેલો વિદ્યાપતિ ?' મોજાં પહેરતાં તેણે કહ્યું : 'કાઠમંડુના

કેસિનોમાં કામ કરતો હતો એ.'

'અને જયદેવ સાથે પેલી ગોરી છોકરી રખડે એ આજકાલ અહીં રાત રોકવા લાગી !' કહેતી બિશાખા તેની લગોલગ આવીને અરીસામાં પડતાં બંનેનાં પ્રતિબિંબ નિહાળવા લાગી : 'બે મિત્રો વચ્ચે એ એકલી રહે છે એટલે કાંઈક ગરબડ તો નથી ને ?'

'ગરબડ શેની બિશાખા ?' રાણાએ કંટાળીને જવાબ આપ્યો: 'જ્યુલી જયના પ્રેમમાં છે અને વિદ્યાપતિ તેને ભાભી જેવી માને છે.'

'ભાભી તો મનેય ઘણા બધા કહે છે અને ક્યારેક તારી જેમ ઘેર આવી ચડે છે.'

હવે રાણાને ઝાટકો લાગ્યો : 'એટલે તેં ઘણા બધા....?' ઉઘાડું પૂછતાં શરમ આવતી હોય તેમ એ અધવચ્ચે અટકી ગયો: 'મને તો એમ કે પતિ ઘણા દિવસથી દૂર છે એટલે...'

'પ્રસાદ પાસે હોય તોપણ દૂર જેવો જ છે રાણા ?' બિશાખાના બોલવામાં દર્દ કરતાં દોગાઈ વધારે વર્તાઈ : 'મને પરણ્યા પછી એમની ઝડપી બઢતી થવા લાગી એટલે મને જશ આપવા ઘણા બોલતા કે, પત્ની સારાં પગલાંની મળી... સાંભળીને મને હસવું આવતું તેમ દાઝ પણ ચડતી !'

'પણ મારી મહેમાનગતિ કરવાથી તને કોઈ લાભ નહીં થાય બિશાખા, પ્રસાદજીને વધુ બઢતી અપાવવા જેવી હું કોઈ લાગવગ ધરાવતો નથી !' સાંભળીને પેલી ચૂપ રહી એટલે કટાક્ષમાં તેણે ઉમેર્યું : 'કે પછી તને આની આદત પડી ગઈ એટલે બદલાની આશા વગર....'

જવાબ આપવાને બદલે બિશાખાએ કબાટ ખોલ્યો એટલે રાણાએ પિસ્તોલ યાદ આવી : 'ફરી રિવૉલ્વર ભુલાઈ ગઈ... વાતોમાં એ પણ યાદ ન રહ્યું કે જલદી જવાનું છે !'

'લે, જતાં પહેલાં આ જોતો જા.' કહેતી બિશાખાએ તેની સામે એક રંગીન ફોટો ધર્યો : 'આપણા મિલનની યાદગીરી!'

ફોટા પર નજર પડતાં જ રાણા ચોંક્યો : 'અરે ! ફોટો તેં ક્યારે ઝડપી લીધો ?'

'મેં નથી ઝડપ્યો !' લુચ્ચુ હસતી બિશાખાએ આંચકો આપ્યો: 'કૅમેરોમાં ઓટોમેટિક ઝડપાઈ ગયો !'

ઘડી ફોટા સામે અને ઘડી બિશાખા સામે જોઈ રહેલ રાણાનો ચહેરો તંગ થવા લાગ્યો : 'હવે સમજાયું કે વચ્ચે વચ્ચે તું ચાંપ દાબીને બત્તીના ઝબકારા શું કામ કરતી હતી ! તેં મને બનાવ્યો બિશાખા. મેં પૂછ્યું ત્યારે તો એવું બોલી કે વચ્ચે વચ્ચે પુરુષનું મોં જોઈ લેવાથી પ્રણયની ઉત્તેજના તીવ્ર બને છે !'

ઉશ્કેરાએલા રાણા દાંત ભીંસતો ફોટો ફાડી નાખવા જતો હતો ત્યાં પેલીએ પિસ્તોલ તાકી :

'હં.... હં ! મારી નજર સામે જ મિલનની યાદગીરી ફાડી નાખવાની આટલી બધી ઉતાવળ... ભૂલી ગયો સંગ્રામ, પિસ્તૉલ હજુ મારા કબજામાં છે !'

રાણાને તેની રમત ન સમજાઈ. તેના હાથમાંથી પિસ્તોલ પડાવી લેવા એણે ઝાટપ તો મારી પણ પેલી ભારે ચપળ નીકળી. પિસ્તોલ સુધી તેને પહોંચવા જ ન દીધો :

'હથિયાર રાખે છે છતાં એટલીય ખબર નથી કે એની ખેંચતાણ કેવી ખતરનાક નીવડે છે ?' કહેતી એ ઠાવકું હસી: 'ઝપાઝપીમાં ગોળી છૂટશે અને કોઈક આવી ચડશે તો આ અજાણ્યા દેશમાં તું આરોપી ઠરી જઈશ.'

હવે રાણા ધ્રૂજી ઊઠ્યો. પોતે બરાબરનો ફસાઈ ચૂક્યો હતો. કોણ જાણે એ બાઈએ કેટલા ફોટા પાડી લીધા હશે ? બૅન્કલૂંટના આરોપી તરીકે પોતે છુપાતો હોવા છતાં મૂર્ખાઈ કરી બેઠો :

'બિશાખા તારો ઇરાદો શું છે ?'

'ઇરાદો બહુ સાદો-સીધો છે. છેલ્લા પાંચ દિવસથી હું જુગારમાં હારતી રહી છું. પ્રસાદજીની પચીસ હજારની મૂડી હું ગુમાવી બેઠી, એ તેમના આવતાં પહેલાં હતી ત્યાં મારે મૂકી દેવી જોઈએ.'

'પચીસ હજાર !' રાણાના માથા પર હથોડો વીંઝાયો: 'જુગારમાં તું હારી એનો દંડ મારે ચૂકવવાનો !'

'ત્યારે શું તું મને પાંચ-પચ્ચી રૂપિયા જેટલી સસ્તી માની બેઠો હતો !'

સાંભળીને રાણાને તેની ગળચી દાબી દેવાની ઈચ્છા થઈ આવી. થોડીવાર પહેલાં જેવી સુંવાળી કાયાનો ભોગવટો કરવા માટે

પોરસાયો હતો એ હવે તેને ઝેરીલી નાગણ લાગવા માંડી.

'અને ધાર કે હું તને એ રકમ આપવા ન માગું તો?'

'તો ?' એ નફ્ફટપણે હસતી તેની સામે જોઈ રહી: 'રકમ નહીં ચૂકવે તો આ પિસ્તોલ મારી પાસે રહેશે અને તને આપ્યો એને મળતા પોઝના બીજા બે ફોટા મારી પાસે છે, તે મારી ઉપર રહેતા તારા મિત્ર જયદેવને દેખાડીશ.'

જયદેવને ફોટા દેખાડવા કરતાં પિસ્તોલ પાછી ન મળે એ વાત રાણાને વધુ આકરી લાગી.

'પણ બિશાખા, પચીસ હજારની રકમ આ અજાણ્યા દેશમાં હું લાવું ક્યાંથી ?'

'એ કહેવાનું કામ મારું નથી છતાં સ્કૂલમાં સાથે ભણતો હતો એટલી હમદર્દી ખાતર તને સૂઝાડું છું. તું જેનો મહેમાન બન્યો છે એ જયદેવ માટે પચીસ હજારની રકમ બહુ વધુ ન કહેવાય.'

'પણ આટલી મોટી રકમ એ મને શું કામ આપે ?'

'જો સંગ્રામ, તારા મિત્રો બહારથી પાછા ફરે એ પહેલાં તારે ઉપર પહોંચી જવાની ઉતાવળ છે અને સોદો પતાવી દેવાની મને પણ અધીરાઈ છે.' કહીને એ થોડું અટકી : 'બે દિવસ પહેલાં જયદેવે બૅન્કમાંથી બે લાખ રૂપિયા ઉપાડ્યા હતા. તને માંગવાથી મળે તેમ ન હોય તો ઉપર જઈને જ્યાં હોય ત્યાંથી એટલી રકમ સરકાવી લે.'

'એટલે શું હું ચોરી કરું ?'

'થોડીવાર પહેલાં તેં મારી સાથે જે કર્યું એ શું શાહુકારી હતી ?'

રાણા હારી ગયો. આ સ્ત્રીને કોઈ રીતે ફોસલાવી શકાય તેમ નહોતી. છતાં તેણે છેલ્લો દાવ અજમાવી જોયો :

'જયદેવના એ પૈસા તો પાપની લક્ષ્મી છે બિશાખા...'

ત્યારે એ બે-પાંચ સેકન્ડ તેની સામે ખિલખિલાટ હસતી રહી : 'અરે સંગ્રામ, હું પણ તારી પાસે પાપની જ કિંમત માગું છું ને.'

હવે કાંઈ કહેવાનું બાકી રહેતું નહોતું. છતાં હાર્યા જુગારી જેવો રાણા એ એક વધુ પાસો ખેલી નાખવાની લાલચ રોકી શક્યો

નહીં :

'ધાર કે આ ફોટો હું તારા પતિ પ્રસાદજીને દેખાડું તો?'

'તો !' તુચ્છકારભર્યું હસતી એ બોલી ઊઠી : 'આવા ઘણા સાથેના મારા ઘણા ફોટા એ જોઈ ચૂક્યા છે. એમણે તો આવા ફોટાનું એક સરસ આલ્બમ પણ બનાવ્યું છે. દરેક ફોટો એમને મન બહુ કિંમતી હોય છે. સંગ્રામ, તારી જાણ ખાતર એ પણ કહી દઉં કે જે પોલોરાઇડ કૅમેરામાં આ ફોટા પાડું છું એ એમણે જ સપ્રેમ ભેટ આપેલો છે.'

બધી જ મૂડી દાવમાં હારી બેઠેલા જુગારી જેવો રાણા દલીલ ખૂટી ગઈ હોય તેમ હતાશ થઈ ગયો. પેલા લોકોના પાછા આવી જવાનો ઉચાટ ન હોત તો કદાચ આખી રાત તેને વાતોમાં રાખી કોઈ પણ ભોગે એ પિસ્તોલ પાછી મેળવી લેત.... પણ સંજોગો ધક્કો મારીને તેને બહાર ધકેલી રહ્યા હતા.

ભાંગેલા પગે આગળ વધતો એ માંડ આટલું જ કહી શક્યો: 'રકમ હાથમાં આવશે તો હમણાં જ તને આપી જાઉં છું... પણ ત્યારે મને મારી પિસ્તોલ પાછી જોઈએ.'

'બેશક પાછી આપી દઈશ સંગ્રામ !' કહેતી એ મીઠું હસી : 'મહેનત કરીશ તો જરૂર તને રકમ હાથ લાગી જશે... બે લાખ રૂપિયા જેટલી રકમ જયદેવ જેવો વેદિયો માણસ બે દિવસમાં ખરચી નાખે એ હું માનું નહીં.'

છેલ્લા શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા કરીને સડસડાટ ત્યાંથી રવાના થયેલો રાણા, મૂરખ મંકોડો પોતાની જાતને ડંખે તેમ તેના આત્મા પર શ્રાપ વરસાવી રહ્યો હતો : તું આ શું કરી બેઠો !

છતાંય ઉપર પહોંચીને શશીનાથને ઘસઘસાટ ઘોરતો જોયો એટલે પહેલી ભૂલ સુધારી લેવા ખાતર બીજી ભૂલ કરી નાખવાની ચટપટી જાગી ગઈ.

બારણું બંધ કરી તેણે પૈસાની શોધ આરંભી દીધી. જાણતો હતો કે પોતે મરણિયો પ્રયાસ જ કરી રહ્યો છે. જયદેવની પાસે આટલી મોટી રકમ હોય તોપણ બીજાને હાથ લાગી જાય એમ રેઢી તો ન જ રાખી હોય...

તેણે કબાટ વીખ્યું, જય તથા વિદ્યાપતિની બૅગો ફંફોળી, પૈસા ન રાખવા જેવી જગ્યાઓય તપાસી જોઈ, છતાં સંતાડેલી રકમનો પત્તો ન લાગ્યો ત્યારે હતાશાના હડસેલાથી રાણા જયના પલંગ પર બેસી પડ્યો.

અને બેઠો એવો જ ઊભો પણ થઈ ગયો. પોતે જેને ઓશીકું માનીને બેસવા ગયો હતો એ તો કોઈ કઠણ ચીજ નીકળી. કુતૂહલભેર તેણે પથારી ઊંચકીને જોયું તો નાનકડી ઑફિસબૅગ હાથમાં આવી. ઝપાટાબંધ ચાંપ દબાવીને ઉઘાડી જોઈ ત્યારે તેની આંખો ફાટી રહી :

સો-સોની નોટોની થપ્પીઓ બૅગમાં ખડકેલી હતી. દસ-દસ હજારની દસ થોકડીઓ ગણી જોઈ : પૂરા લાખ રૂપિયા છે. આમાંથી પચીસ હજાર ઓછા થશે તો તરત ખબર નહીં પડે...

સત્વરે તેણે ત્રણ થોકડી ઊંચકીને ખિસ્સામાં સરકાવી દીધી. પચ્ચીસને બદલે ત્રીસ હજાર લીધા, પણ પાંચ પાછા આપી દેવાની ગણતરી રાખીને !

બૅગ હતી તેમ પથારી નીચે દબાવી દઈ પસીનો લૂછતાં રાણાએ ઉતાવળાં પગલે નીચે પહોંચી જવા દોટ મૂકી... પણ પહેલું પગથિયું ઊતર્યો ત્યાં જ કમ્પાઉન્ડમાંથી સીડી તરફ આવતા ચાર જણાના અવાજ સંભળાયા.

કપાળ પર હથેળી પછાડી તેણે પાછા ફરી જવું પડ્યું.

એકવીસ

'તું કેમ કાંઈ જવાબ આપતો નથી રાણા ?'

ફરી એક વાર ગોપીનાથે ઉઘરાણી કરી ત્યારે રાણાએ દરવાજા તરફ મરડાયેલી ડોક સીધી કરતાં તેની સામે જોયું, પણ બહેર મારી ગયેલા તેના મગજને કોઈ જવાબ જડ્યો નહીં. વીસ મિનિટ પહેલાં ચારે જણાં ફિલ્મ જોઈને આવી ચડ્યાં ત્યારે પોતે જયદેવની બૅગમાંથી ત્રીસ હજાર રૂપિયા તફડાવીને પેલી બિશાખાને પચ્ચીસ હજાર આપવા માટે ધસી જતો હતો, પણ તેણે બારણે જ અટકી જવું પડેલું. ચોરી પકડાઈ જવાના ધ્રાસકાથી તેનું હૃદય બેચાર ધબકારા લેવાનુંય ચૂકી ગયું હતું. આગળ વધવાનો રસ્તો બંધ થઈ ગયો તેમ પાછા ફરીને દસ-દસ હજારની ત્રણ થોકડી બૅગમાં પાછી મૂકી દેવાનોય અવકાશ રહ્યો નહોતો... મૂંઝાયેલી મતિએ તેને એટલું જ સૂઝાડ્યું કે ત્રીસ હજારની રકમ પેન્ટ-બુશકોટના ખિસ્સામાં સમાય તેમ નથી, લાગ મળે ત્યાં સંતાડી દે ! અને પહેલી નજર પડી દરવાજા પાસે છાપાંની પસ્તી પર... ડોરબેલ વાગી ત્યારે વધુ સારી જગ્યા શોધવાનો મોકો પણ રહ્યો નહીં એટલે છાપાંના ઢગલા વચ્ચે ત્રીસ હજારની નોટો સાથે બિશાખાએ વળગાડેલો પેલો રંગીન ફોટો પણ સરકાવી દીધો હતો.

'અરે રાણા, તું પરસેવે રેબઝેબ થયેલો કેમ દેખાય છે ?' દાખલ થતાં જ ગોપીએ પૂછેલું : 'હેબતાઈ જવાય એવું કોઈ સપનું

જોયું કે શું ?'

'હા, ગોપી !' ચહેરા પર રેલાતો પસીનો બુશકોટની બાંયથી લૂછતાં તેણે બહાનું કાઢેલું : 'આપણે ફસાઈ ગયા હોઈએ એવું સપનું આવ્યું હતું. ઘંટી વાગી ત્યારે મને ચારે બાજુથી પોલીસે ઘેરી લીધો હતો.'

'સાલા, તને પીવાની મનાઈ કરવામાં આ દુઃખ છે.' ગોપીએ તેની પીઠ પર ધબ્બો મારતાં સંભળાવ્યું હતું : 'પીધા વગરની ઊંઘમાં તને અમંગળ સપનાં જ દેખાય છે.'

આ ટકોરમાં તત્કાળ પૂરતી આફત ટળી ગયાની ધરપત સાથે રાણા ઊંઘવા જતો હતો, પણ ગોપીએ ઊંઘતા શશીનાથનેય જગાડી દીધો હતો:

'અમે જે જોઈ આવ્યા તેના પર ચર્ચા કરીને સત્વર નિર્ણય લેવાનો છે.'

શું જોઈ આવ્યા એ જાણવાની જિજ્ઞાસાથી શશીની ઊંઘ ઘડીભરમાં ઊડી ગઈ હતી, પણ રાણાના થીજી ગયેલા મગજમાં કોઈ વાત ઊતરતી નહોતી : 'તું કેમ ગુમસૂમ બેઠો છે ? તારે કાંઈ જ કહેવાનું નથી રાણા ?'

વિદ્યાપતિને રાણા પર વધારે મદાર હતો એટલે તેણે હોંશભેર પૂછ્યું, પણ વારેવારે દરવાજા તરફ મરડાતી રાણાની ડોકે વિદ્યાપતિના મગજમાં જુદો જ વહેમ ઝબકાવ્યો.

'એના મન પરથી અમંગળ સપનાની અસર હજુ ઓસરી નથી.' - કહેતો વિદ્યાપતિ ઊભો થઈ દરવાજા તરફ સરક્યો ત્યારે રાણા ધ્રૂજી ઊઠ્યો. પોતાની મૂર્ખાઈ પર નીચલો હોઠ દાંત વચ્ચે દબાવ્યો : વારે વારે મારે ત્યાં જોવાની શું જરૂર હતી ? વિદ્યાપતિ છાપાંના ઢગલામાં સંતાડેલી રકમ હમણાં જ પકડી પાડશે...

પણ તેને બદલે પેલાએ હળવેકથી બારણું ઉઘાડી બહાર ડોકાઈને સંભળાવ્યું : 'ઊભો થા રાણા, ચાલ મારી સાથે નીચે!'

કોઈને વિદ્યાપતિની એ ચેષ્ટા સમજાઈ નહીં, પણ રાણાનું ભયભીત મન કાંપી ઊઠ્યું : 'નીચે ! શું કામ ?'

'ખાતરી કરવા કે આજુબાજુમાં કોઈ પોલીસ નથી અને

અમારી વચ્ચે તું સલામત છો !'

કહેતાં બારણું બંધ કરી તેણે બેઠક લીધી : 'સાંભળ રાણા, અમે જે જોઈ આવ્યા તેમાં તને સાથે લીધો હોત તો ચર્ચામાં તું આમ જડની જેમ બેસી ન રહેત.... અમારાં લોહી ઊકળી ઊઠ્યાં છે ત્યારે તું બરફ જેવો ઠંડોગાર થઈને બેઠો છો!'

'તો પછી મને મૂકીને શું કામ ગયા હતા ?' ચર્ચામાં સામેલ થવા માટે રાણાને જવાબ જડી ગયો : 'બુરખો પહેરીને કુંવારી કન્યાઓ પર બળાત્કાર કરનાર કોણ છે એ જાણ્યા વગર ચર્ચા કરવાનો શું અર્થ છે ?'

વિદ્યાપતિને એ દલીલ ખટકી, પણ ગોપીને ગમી : 'આ લોકોને હું પણ રસ્તામાં એ જ કહેતો રહ્યો, પહેલાં દુશ્મનને ઓળખીએ પછી આપણો વ્યૂહ વિચારીએ.'

'એ તો કાલે એક લાખ રૂપિયા આપીશ એટલે ચીનો નામ ભસી મરશે.' વિદ્યાપતિ જરા ઉગ્ર બની ગયો : 'એટલી રકમની જોગવાઈ તો આપણી પાસે છે... બરાબરને જય?'

'હા !' કહેતો જય ઊભો થયો : 'જોઈએ તો લાખ રૂપિયા હમણાં જ સોંપી દઉં.'

ત્યારે રાણાની છાતી ભીંસાવા લાગી : હમણાં ચોરી પકડાઈ જશે અને હું આ બધાનો દુશ્મન બની જઈશ...

'રૂપિયા જ્યાં હોય ત્યાં ભલે પડ્યા.' કહીને ગોપીએ જયને રોક્યો : 'એ લાખ રૂપિયા આપીને વિદ્યાપતિ પેલાનું નામ જાણી આવે પછીની વાત પછી.'

સાંભળીને રાણાની છાતી પરથી ભીંસ ઓછી થઈ પણ ચર્ચા પડતી મૂકવા વિદ્યાપતિ તૈયાર નહોતો.

'પછીની વાત પછી ?' દાંત વચ્ચે શબ્દો કચડતાં તેણે સંભળાવ્યું : 'ગોપી, તારા ૫૭ લાખ રૂપિયાની વાત પણ પછી... એ રાક્ષસને શોધી કાઢીને તેનો સંહાર ન કરું ત્યાં સુધી રાજાશાહી સામેનો તારો બળવો દબાવી રાખજે !'

'વિદ્યાપતિ !' ગોપીએ ધૂંધવાતા અવાજે પૂછ્યું : 'તું સોદાબાજી પર આવી ગયો ? તું તારું કામ કર અને સત્તાવન લાખ

રૂપિયા સંતાડેલી જગ્યા ચીંધીને અમને અમારું કામ કરવા દે.'

'નહીં !' વિદ્યાપતિ મક્કમ રહ્યો : 'પહેલાં મારું કામ, પછી તમારા સત્તાવન લાખ !'

'તો વિદ્યાપતિ, હમણાં જ એનો ફેંસલો કરી નાખીએ.' કહેતાં ગોપીએ ચામડાંના જાકીટમાંથી રિવૉલ્વર ખેંચી કાઢી : 'અમે તો જાનની બાજી ખેલવા જ નીકળ્યા છીએ.'

તેણે તાકેલી પિસ્તોલે બીજા બધાને ચમકાવી દીધા, પણ વિદ્યાપતિની પાંપણ સુદ્ધાં ફરક નહીં : 'ગોપી, ચલાવ ગોળી... અમારા ત્રણ માટે એક એક ગોળી પૂરતી થઈ રહેશે !' કહીને તેણે ઉમેર્યું : 'પણ અમારા જાન લીધા પછી બાકીની ત્રણે ગોળી તમારા ત્રણે માટે જ વાપરવાનો વખત આવશે... ખેલી લે જાનની બાજી!'

એ મેણું વસમું લાગ્યું હોય તેમ ગોપીનાં જડબાં તંગ થતાં દેખાયાં, કપાળની નસ ઊપસવા લાગી, આંખોમાં ખુન્નસ ઘૂંટાવા માંડ્યું. રિવૉલ્વરની ટ્રિગર પર ટેકવેલી એની આંગળી ગમે તે પળે દબાઈ જાય એવી કટોકટી તોળાઈ ગઈ ત્યાં -

'એક સેકન્ડ ગોપીનાથ !' તેની એકાગ્રતામાં ભંગ પાડતી જ્યુલી બોલી : 'એ દાનવનું નામ હું તમને આપું છું.'

'તું ?' જય સહિત બધા જ ચોંકી ગયા, પણ ગોપીનાથે પિસ્તોલની પક્કડ ઢીલી થવા દીધી નહીં.

અર્ધા કલાકથી મનમાં ઘૂંટાતું નામ ઉચ્ચારવાની હિંમત એકઠી કરતી જ્યુલીએ વારાફરતી દરેકની સામે જોઈ લીધું : 'તમારો અને અમારો દુશ્મન એક જ છે ગોપીનાથ, પિસ્તોલને હતી ત્યાં રાખી દો... કદાચ નામ સાંભળીને આંચકો અનુભવશો તો પિસ્તોલની ટ્રિગર દબાઈ જશે !'

'જ્યુલી, તું કોઈ ચાલ તો નથી અજમાવતીને ?' એવી શંકા વ્યકત કરતા ગોપીનાથે વિદ્યાપતિ સામેથી પિસ્તોલ હઠાવી લીધી : 'નામ જાણતી હતી તો અત્યાર સુધી મૂંગા રહેવાનો મતલબ?'

'મતલબ ?' જ્યુલી રહસ્ય સ્ફોટ કરવાની ઘડી લંબાવતી બોલી : 'નામ સાંભળીને તમે હસી કાઢશો એવી મને દહેશત હતી...'

'છતાં તું બોલે છે તો એવી રીતે કે તને પાકી ખાતરી હોય.' ગોપીનાથે સંભળાવ્યું: 'મારી પાસેની પિસ્તોલ હઠાવી દઈને તું ફરી જવા તો નથી માગતી ને ?'

'ગોપીનાથ, ક્રોધ માણસની બુદ્ધિની ધારને બુઠ્ઠી કરી નાખે છે એવું તમારા શાસ્ત્રોનું કથન સાચું જ છે.' જ્યુલીએ નામને બદલે મેણું સંભળાવ્યું : 'મેં તો પહેલાં જ કહી દીધું હતું કે તમારો અને અમારો દુશ્મન એક જ છે, છતાં તમે સમજી ન શક્યા ?'

'કોણ નેપાલ નરેશ ?' વિદ્યાપતિ વચ્ચે પૂછી બેઠો.

'નહીં, નેપાલના ભાવિ નરેશ !'

જ્યુલીના જવાબ પર પાંચેના મનમાં નામ પડઘાયું : યુવરાજ ચન્દ્રભૂષણ !

ના, જ્યુલી મજાક કરતી હોય એવું લાગતું નહોતું, તેમ થોડીવાર પહેલાં પરદા પર અબળાઓના શિયળ લૂંટતા બુરખાધારી રાક્ષસ તરીકે જોયેલો એ યુવરાજ ચન્દ્રભૂષણ હોય એવું માનવા પણ મન તૈયાર નહોતું.

'જ્યુલી, તેં કોના તરફ આંગળી ચીંધી એનો કાંઈ ખ્યાલ છે ?' ખળભળી ઊઠેલો જય ઘૂંટાતા સ્વરે બોલી ગયો : 'જેને પ્રજા રાજા તરીકે સ્થાપીને દેવની જેમ પૂજવાની છે, જેની પાસે ભોગવટો કરવા માટે પૂરતાં સાધન, સંપત્તિ અને સત્તા છે એને આવાં પામર થવાની શું જરૂર જ્યુલી ?'

'મને હતું જ કે સૌથી વધુ આઘાત તમને લાગવાનો.' જ્યુલીએ નિઃશ્વાસ નાખતાં કહ્યું : 'જેને આપણે દેવ તરીકે સ્થાપીએ એ દાનવ ન બની જાય એવું કોણે કહ્યું ? જેની પ્રચંડ સત્તા-સંપત્તિ હોય એને માટે તો પામર બનવું વધુ સહેલું છે જય!'

'સાવ સાચું કહે છે જ્યુલી !' ગોપીનાથની ઉત્તેજના ઊછળી પડી : 'રાજાઓને દેવ માની લેનારા જ પામર હોય છે.'

'પણ જ્યુલી, બુરખા પાછળ છુપાયેલો ચહેરો અમે કોઈ નેપાલી પિછાણી ન શક્યા અને તું...' વિદ્યાપતિ પૂછી બેઠો.

'કેમ, ઓળખી ગઈ એનું આશ્ચર્ય થાય છે ને ?' જ્યુલી આ સવાલ માટે તૈયાર જ બેઠી હોય તેમ બોલી : 'મેં તો તમારા

યુવરાજને માત્ર એક જ વખત જોયા છે... જયને કટ્ઠોખાનો પહેલાં મળવાની પરવાનગી માટે મારે એમની સામે હાજર થવું પડ્યું હતું. એ અલપઝલપ મુલાકાતમાં યુવરાજનાં બે લક્ષણ મારી નજરમાં જડાઈ ગયાં હતાં.' બધા સાંભળવામાં એવા સ્તબ્ધ બની ગયા હતા કે પૂછવાને બદલે જ્યુલીને જ બોલવા દીધી.

'એક કન્યાને જોઈને એની આંખોમાં જાગતો રાક્ષસી વિકાર...'

'જ્યુલી, સ્ત્રીને જોઈને વિકાર તો ઘણાને જાગે' વિદ્યાપતિની અધીરાઈ વધી ગઈ: 'બીજું લક્ષણ કયું ?'

'એના જમણા ખભાનું ઊપસેલું હાડકું !'

જ્યુલી બૉમ્બ ફેંકવાની ઢબે બોલી તો ગઈ, પણ તેણે ધાર્યું હતું એમ ધડાકો થયો નહીં ત્યારે અકળાઈ ઊઠી :

'તમારા ત્રણમાંથી કોઈની નજર બુરખાધારી રાક્ષસના ખૂંધિયા ખભા પર ન ગઈ ? પરદા પર એની પીઠ તો કેટલી બધી વાર જોવા મળી હતી, તેની ચેષ્ટા વખતે હું ધારી ધારીને તેની એ ખોડ જોતી રહી હતી અને તમે...'

'જ્યુલી, તું એમ ઊકળી ન જા !' વિદ્યાપતિએ હાથ આડો ધરીને તેને અધવચ્ચે રોકી : 'એ વાત પર અમારું લક્ષ ખેંચાયું નથી, પણ તું કહે છે તેમ યુવરાજના જમણા ખભાનું હાડકું ઊપસેલું છે એ વાત સાચી !'

'તને કોણે કહ્યું ?' જયદેવ માટે એ કલ્પના જ અસહ્ય હોય એમ પૂછી બેઠો: 'પૂર્વગ્રહથી પ્રેરાઈને કોઈને દોષી ઠરાવી દેવા જતાં આપણે જ ખોટા રસ્તે ચડી જશું.'

'અને પક્ષપાતથી પ્રેરાઈને તારી બહેન પર બળાત્કાર કરનાર નરાધમનો બચાવ કરવા જતાં તું જીવનભર પસ્તાતો રહીશ જય !'- વિદ્યાપતિએ આવેશમાં સંભળાવીને ખુલાસો કર્યો: 'યુવરાજના જમણા ખભાની ખોડની મને જાણ કરનાર છે કલકત્તાનો દરજી આશુતોષ!'

દરજીનું નામ પડતાં જયદેવે તુચ્છકારમાં મોં મચકોડ્યું, તેના તરફ લક્ષ આપ્યા વગર વિદ્યાપતિએ ઉમેર્યું :

'આશુતોષ વરસમાં બે-ત્રણવાર યુવરાજના પોશાક માટે ખાસ કલકત્તાથી વિમાનમાં કાઠમંડુ આવે છે. યુવરાજ તરફથી એને સોલ્ટી હોટેલમાં ઉતારો ઉપરાંત રાત્રે કેસિનોમાં રમવાની મફત કૂપન પણ મળે. એકવાર મેં કટાક્ષમાં આશુતોષને સંભળાવ્યું કે અમારા નેપાલમાં શું દરજીઓ મરી પરવાર્યા છે કે તને ખાસ કલકત્તાથી આટલો બધો ખર્ચો કરીને યુવરાજસાહેબ બોલાવે છે?' ત્યારે તેણે કહ્યું કે એક દરજીનું ફિટિંગ માફક આવી ગયા પછી બીજાનાં સીવેલાં કપડાં મોટા માણસોને ફાવતાં નથી અને તમારા યુવરાજસાહેબ પૅરિસ જઈને કપડાં સિવડાવે તોય મારા જેવું ફિટિંગ ન મળે....તેની વાતને મેં બડાઈમાં ખપાવી ત્યારે એણે મને કાનમાં કહેલું : કોઈને કહેતો નહીં. પણ યુવરાજ ચન્દ્રભૂષણનાં જમણા-ડાબા ખભા વચ્ચેનો ફરક મારા ફિટિંગને ફાંકડું બનાવે છે. એમના જમણા ખભાનું હાડકું ડાબા કરતાં થોડું ઊપસેલું છે.'

'ત્યારે તો જ્યુલીનું અનુમાન અહીં બરાબર ફિટ થાય છે.' રાણાએ સમર્થન આપ્યું: 'વિદ્યાપતિ, દેશમાંથી દર વરસે એકાદ બે કુંવારી કન્યાનું અપહરણ થાય અને છતાં ગુનેગારનો પત્તો ન લાગે એ ક્યારે બને ?'

'જ્યારે રક્ષક પોતે જ રાક્ષસ હોય ત્યારે !' શશીનાથેય સૂર પુરાવ્યો : 'હવે મને એટલી તો ધરપત થઈ ગઈ કે આપણું કામ નિર્વિઘ્ને પાર પડવાનું.'

તેનું એ વિધાન બધાને વિચિત્ર લાગ્યું એટલે શશીએ સમજાવ્યું : 'કેમ ભૂલી ગયા ? આ પાંચ કન્યામાં એક કુંવારી દેવી રહી ચૂકેલી નન્દા પણ હતી. કૌમાર્ય ખંડિત કરનાર કમોતે મરે છે એવું તેં જ કહ્યું હતું ને વિદ્યાપતિ ?'

'શશીની વાત સો ટકા સાચી !' ગોપીનાથ ઉત્સાહમાં આવી ગયો : 'જે માણસે કુંવારી દેવી પર બળાત્કાર આચરતાં થડકો ન અનુભવ્યો એના પાપનો ઘડો ભરાઈ ચૂક્યો ગણાય.'

'તો એક વાત નક્કીને કે બુરખાધારી જે હોય તે આપણા સૌનો દુશ્મન ?' વિદ્યાપતિએ પાકું કરવા પૂછ્યું : 'એ રાક્ષસનો સંહાર કરવા માટે આપણે પાંચેપાંચ જણાએ ખપી જવું પડે તોપણ

તૈયાર છીએ ને ?'

'પાંચ નહીં છ કહો વિદ્યાપતિ.' જ્યુલીએ પોતાની હાજરી યાદ કરાવી : 'મેં તમને દુશ્મનનું નામ ચીંધ્યું અને તમે જ મને બાકાત કરી દીધી ?'

ત્યારે પાંચેય ચમક્યા : એક વિદેશી યુવતી આવા જોખમી સાહસમાં ઝંપલાવવા તૈયાર થઈ !

'હું સ્ત્રી છું એટલે મને બાકાત રાખતા હો તો તમે ભૂલ કરો છો.' સૌને સંબોધી રહી હોય તેમ દરેક તરફ નજર ફેરવતી જ્યુલી બોલી ગઈ : 'તમારે એકાદ સ્ત્રીની જરૂર તો પડવાની જ.'

આટલા ભારપૂર્વક જ્યુલીએ ઉચ્ચારેલા એ વાક્યનો ગર્ભિત અર્થ પૂછવાનું કોઈને સૂઝ્યું નહીં. વાત બીજી તરફ ફંટાઈ ગઈ.

'તો વિદ્યાપતિ, બૅન્કના સત્તાવન લાખનું આપણે જલદી પતાવીએ.' કહેતાં ગોપીએ જય તરફ જોયું : 'તને ખાતરી છે ને જય કે જમીનમાં દાટેલી પેટી તરફ કોઈનું ધ્યાન નહીં ખેંચાયું હોય ?'

'એની મને ખાતરી છે.' જયને બદલે વિદ્યાપતિએ જવાબ આપ્યો : 'પણ ત્યાર પહેલાં આપણે બીજાં એક-બે કામ પતાવવાનાં છે.'

'ક્યાં કામ ?'

'કાલે પેલા ચીનાને મળ્યા પછી ખબર પડે.'

'દુશ્મનના નામની ખાતરી કરવા તું હજુય એને એક લાખ રૂપિયા આપી દેવા માગે છે ?'

ગોપીનાથે પૂછ્યું ત્યારે વિદ્યાપતિના બોલતાં પહેલાં જયે વચ્ચે ઝંપલાવ્યું : 'તમે બધા એક વાત સમજી લો. જ્યુલીનું અનુમાન સાચું હોય તોપણ માત્ર અનુમાનના આધારે જ આગળ વધવા માગતા હો તો મને તમારામાંથી બાકાત ગણી લેજો.'

ત્યારે જ્યુલી સહિત બધા જ ચોંક્યા. જય આવી જિદ્દ કેમ પકડી બેઠો છે ? આવી કટોકટી વખતે પણ એ નિર્લેપ કેમ રહી શકે છે ?

'તમને કદાચ હું બહુ કડવો લાગતો હોઈશ, મારા લોહીમાં નેપાલની રાજપરંપરાનું નિમક ભળેલું છે એટલા ખાતર હું આગળ વધતાં અચકાઉં છું એવુંય ધારી લેશો...' કહેતાં કહેતાં એ લાગણીવશ

બની ગયો : 'જે બહેનને શોધવા માટે મેં પાપ લીધાં અને વતન ત્યજી દીધું એ બહેનની બરબાદી કરનાર દાનવ તો શું, કોઈ દેવ હોય તોપણ હું એને માફ ન કરું... પણ દુશ્મનને પૂરેપૂરો ઓળખ્યા વિના આગળ વધવાનું મને માન્ય નથી. મારી પાસે પડેલા લાખ રૂપિયાનો મને બીજો કોઈ ખપ પણ નથી.'

ત્યારે ગોપીએ નમતું જોખી દેવું પડ્યું : 'ઠીક છે વિદ્યાપતિ, તું કાલે ચીનાને મળી ચકાસણી કરી લે... જયની વાતમાં કાંઈક તથ્ય વર્તાય છે.'

કહેતો ગોપી વાત આટોપી લેવાના ભાવથી ઊભો થયો ત્યાં જ્યુલી બોલી ઊઠીઃ

'એ ચીનાની મુલાકાતમાં હું વિદ્યાપતિની સાથે જાઉં તેમાં તમને કોઈને વાંધો નથી ને ?'

'જવાનું કારણ જણાવવામાં તને તો કંઈ વાંધો નથી?' ગોપીએ હસીને પૂછ્યું છતાં જ્યુલી ગંભીર જ રહી :

'કારણ જણાવવામાં અત્યારે વાંધો છે, પણ મારા જવાથી તમારું કામ બગડશે નહીં એટલી ખાતરી આપું છું.'

ત્યારે બધાએ વિદ્યાપતિ તરફ જોયું. કદાચ એ ઇન્કાર કરી દેશે એવું માન્યું, પણ અનુમાન ખોટું ઠર્યું :

'ભલે જ્યુલી, તને સાથે લઈ જઈશ પણ મુલાકાતનું સ્થળ જોહરાના ઘરને બદલે બીજું કોઈ રાખવું પડશે... બરાબર ને ?'

'બરાબર છે !' કહેતી જ્યુલી ઊભી થઈ : 'હવે તમારે કોઈને ચા-કૉફી પીવી હોય તો હું બનાવી આપું.'

'ચા-કૉફી !' ગોપીએ જાકીટમાંથી બાટલી કાઢતાં કહ્યું: 'હવે તો આ નશો કરીને નિરાંતે ઊંઘી જવું છે.'

બાટલી પર નજર પડતાં જ રાણાની આંખો ચમકી. પોતે પીધું હોવા છતાં પ્યાસ જાગી. બીજા ચારેય ઊંઘવાની વેતરણમાં પડ્યા એટલે ગોપી અને રાણા બાટલી ખોલીને બાલ્કનીમાં ગોઠવાયા. પીવાનું શરૂ કર્યું ત્યારે રાણાનો ઇરાદો હતો કે બિશાખાવાળી દુર્ઘટના ગોપીને કહી દેવી; પણ પીતાં પીતાં ઇરાદો બદલાતો ગયો : તેને બદલે બધા ઊંઘી ગયા પછી નીચે જઈ

બિશાખાને પચીસ હજાર આપીને મારી પિસ્તોલ પાછી લઈ આવીશ...

બદલાતા ઇરાદાએ તેની પીવાની ઝડપ વધારી દીધી અને તંગ થયેલા મગજ પર નશાનો અંધારપટ છવાઈ ગયો ત્યારે એણે બાલ્કનીમાં જ લંબાવી દેવું પડ્યું.



'કાલે રાત્રે ઘરમાં ચોરી થઈ છે અને ચોર આપણામાંનો જ એક છે !'

બધાની વચ્ચે રૂપિયાની બૅગ ખુલ્લી મૂકીને વિદ્યાપતિએ ધડાકો કર્યો ત્યારે સવારની ચા પીતાં પાંચે જણા ચોંકી ગયા. રાણાને એવી અંતરાસ આવી ગઈ કે ચાનાં એક-બે ટીપાં તેના નાકમાંથી ટપકી પડ્યાં.

'ચોર આપણામાંનો જ એક છે ?' ગોપીએ વિદ્યાપતિ સામે ચિરૂટના ધુમાડા ફૂંકતાં ટિપોય પર હાથ પછાડ્યો : 'વિદ્યાપતિ, તું અમને શું સમજે છે ? રાત્રે આપણે ચાર બહાર ગયેલા અને શશી-રાણા ઘેર હતા એટલા પરથી તું મારા સાથીઓને ચોરીના આરોપમાં સંડોવે છે ?'

'મેં આપણામાંથી એક જ વાત કરી ગોપી !' વિદ્યાપતિએ સામો ફૂંફાડો માર્યો: 'અહીં હવે તારો સાથી કે મારો સાગરીત એવો કોઈ ભેદભાવ રહ્યા નથી. આ બૅગમાંથી રાત્રે ત્રીસ હજારની રકમ ઉચાપત થઈ છે અને આરોપી મારી સામે બેઠો છે.'

ત્યારે ગોપી, જય અને જ્યુ ત્રણેની નજર સામે બેઠેલા શશી-રાણા પર સ્થિર થઈ.

'મારા પર વહેમ નાખ્યો છે તો...' શશીનાથ ઉશ્કેરાટમાં વાક્ય પૂરું ન કરી શક્યો.

'આરોપી હું છું !' રાણાના અણધાર્યા એકરારે સૌને સ્તબ્ધ કરી દીધા : 'એ રકમ રાત્રે મેં જ બૅગમાંથી ઉપાડી હતી પણ હજુ એ ઘર બહાર ગઈ નથી.'

કહેતો રાણા ઊઠીને દરવાજા તરફ જવા પગ ઉપાડે છે

ત્યાં વિદ્યાપતિએ તેનું કાંડું પકડી લીધું :

'દોસ્ત, તેં છાપાં વચ્ચે સંતાડેલી એ રકમ બૅગમાં પાછી આવી ગઈ.' વિદ્યાપતિએ બીજો ધડાકો કરી સૌના અદ્ધર ચડી ગયેલા શ્વાસ હેઠા બેસાડ્યા : 'રાતે તું વારંવાર દરવાજા તરફ જોતો હતો એનું કારણ મને ત્યારે સમજાયું નહોતું. પૈસા કાઢીને તેં બૅગ બરાબર બંધ કરી નહોતી એટલે મને ગણી જોવાનું મન થયું. ત્રીસ હજાર ઓછા નીકળ્યા એટલે સમજી ગયો કે બહારનાનું કામ નથી, ચોર હોત તો આખી બૅગ જ ઊંચકી જાય...'

'પણ રાણા, તને આવું કરવાની જરૂર શું પડી ?' ગોપીએ દાંત ભીંસ્યા : 'આટલા ઊંચા આદર્શ સાથે આપણે બહાર પડ્યા અને તું...'

'એમાં દોષ એનો એકલાનો નથી.' કહેતાં વિદ્યાપતિએ બૅગ નીચે દબાવી રાખેલો ફોટો બહાર ખેંચી કાઢ્યો : 'નીચેવાળી બાઈએ એને ફસાવ્યો.'

ઝાપટ મારીને ગોપીએ તેના હાથમાંથી ફોટો ઝૂંટવી લીધો. અંદરનું દૃશ્ય જોતાં તેની આંખોમાં રતાશ ઊપસવા લાગી. રાણાની ગરદન ગુનાના ભારથી ઝૂકી ગઈ.

'આવી કઢંગી હાલતમાં એણે તારો ફોટો પણ પાડી લીધો અને તું બેખબર રહ્યો ?' કહેતાં ગોપીએ તરાપ મારી રાણાના બુશકોટનો કાંઠલો પકડી લીધો : 'ખબર છે, એ નેપાલી એલચીખાતાના ખજાનચીની બૈરી છે ?'

વિદ્યાપતિએ વચ્ચે પડી રાણાને ગોપીની પકડમાંથી છોડાવ્યો ત્યારે આંખમાં ઝળઝળિયાં સાથે એણે કહેવા માંડ્યું :

'એ મારી સાથે નિશાળમાં ભણતી હતી. તમે મને અને શશીને ઉતારીને ગયા પછી શશી ઉપર આવ્યો અને હું પીવાની તલપ માટે ગુરખા છોકરાને શોધવા નીચે કમ્પાઉન્ડમાં આંટા મારતો હતો ત્યાં બારીમાંથી એ મને જોઈ ગઈ, મને ઓળખી પણ ગઈ!'

ત્યાર પછીની વાત જ્યુલીની હાજરીને કારણે ટૂંકાવી નાખીને તેણે પૂરું કરતાં ઉમેર્યું : 'આ ફોટો આપીને એણે મારી પિસ્તોલ રાખી લીધી. બીજા આવા બે ફોટા પણ તેની પાસે છે.

મારી પિસ્તોલ અને એના ફોટા કબજે કરવા માટે મારે પચીસ હજાર ચૂકવવા પડે તેમ હતા....'

'એટલે તેં ચોરી કરી ?' ગોપી તેનો ઉશ્કેરાટ અંકુશમાં રાખી ન શક્યો : 'એને બદલે બધા સાથે ખુલ્લા દિલે વાત કરી હોત તો...'

'એ જો અને તો જવા દે ગોપી.' વિદ્યાપતિએ દોર પોતાના હાથમાં લઈ લીધો : 'બાકીના બે ફોટા આપણે પાછા મેળવવા પડશે.'

'રાણા !' ગોપી ફરી ઘૂરક્યો : 'તેં સાથીઓનો પણ દ્રોહ કર્યો. મહારાજા સામે બળવો કરવા નીકળ્યા અને તેની જ કચેરીના એક અધિકારીની બૈરીમાં ફસાયો !'

'બસ હવે !' અત્યાર સુધી ચૂપ રહેલા જયે ગોપીને શાંત પાડ્યો : 'એ સ્ત્રીને તું ઓળખતો નથી ગોપી, અહીં રહેવા આવ્યો ત્યારે પહેલાં એણે મારા પર જાળ બિછાવી હતી. કોઈ લાજ-શરમ વગર પરાયા પુરુષને એ કહી દે છે કે પ્રસાદજી પિતા બનવાની લાયકાત ધરાવતા નથી અને હું મા બનવા માટે તલસું છું... માતૃત્વ ઝંખતી સ્ત્રી પ્રત્યે કોઈને પણ સહાનુભૂતિ જાગે, તેમાં રાણા તો એનો સ્કૂલફ્રેન્ડ નીકળ્યો.'

'માતૃત્વ ઝંખતી સ્ત્રી !' વ્યંગમાં બોલતો વિદ્યાપતિ અર્ધેથી અટકીને વિચારે ચડી ગયો. બધા તેના તરફ જોઈ રહ્યા. જયદેવે પોતાનો પક્ષ લીધો એથી રાહત અનુભવતો રાણા હવે વિદ્યાપતિને સાંભળવા આતુર બન્યો હતો.

'જય, પરાયા પુરુષ પાસે બાળકની ઉઘાડે છોગે માગણી કરતી સ્ત્રી આટલા વખત સુધી માતૃત્વથી વંચિત રહે ખરી ?'

તેનો પ્રશ્ન બધાને ઉખાણા જેવો લાગ્યો.

'તમે શું કહેવા માગો છો ?' જ્યુલીએ ખુલાસો માગ્યો.

'મને લાગે છે કે બિશાખા પુરુષોને છેતરવા જતાં પોતે જ છેતરાઈ રહી છે. ખરેખર એ માતા બનવા માગતી હોય તો કદાપિ બની શકવાની નથી.. આ વાત એ પોતે નહીં જાણતી હોય પણ હું બરાબર જાણું છું.'

'આ તારો ખુલાસો છે કે વધારે ગૂંચવાડો ?' ગોપી

અકળામણ અનુભવતો બોલી ઊઠ્યો : 'વિદ્યાપતિ, કાંઈક સમજાય એ રીતે સાફ સાફ બોલને.'

'એમની વાત મને સમજાય છે'-જ્યુલીએ વચ્ચે ટહુકો કર્યો: 'બિશાખા જે જાણતી ન હોય તે તમે ક્યાંથી જાણ્યું વિદ્યાપતિ ?'

'કેસિનો જ્યુલી, કેસિનો !' ગર્વભેર એણે સંભળાવ્યું : 'છ વરસ કેસિનોમાં કામ કરીને દરજીથી માંડીને દાકતર સુધીના જાતજાતના માણસો પાસે જાણવા-ન-જાણવા જેવું ઘણું બધું જાણવા મળ્યું છે મને...' - કહેતાં એ મલક્યો : 'પણ હવે આ બાબતનો કોઈ સવાલ મને ન પૂછતા... આજે મારે એની સાથે જુગાર ખેલવા જવું પડશે. જોઉં છું. જીત થાય છે કે હાર !'

'પણ તું શું કરવા માગે છે એટલું તો કહે.' ગોપીએ અધીરાઈ અને ઉચાટ સાથે પૂછી લીધું : 'તું હારીને આવીશ તો આપણા બધાની જિંદગી જોખમમાં મુકાઈ જવાની... તારું વેર અને અમારું ધ્યેય બંને અધૂરાં રહી જવાનાં !'

પણ વિદ્યાપતિએ ભેદ ન ખોલ્યો. બાથરૂમમાં ઘૂસી જઈ, ગીત ગાતાં ગાતાં સ્નાન કરી, કુરતો-પાયજામો પહેરી લાખ રૂપિયાવાળી બૅગ અને પેલો ફોટો લઈ, બધાને વિમાસણમાં રાખીને બિશાખાને મળવા રવાના થઈ ગયો.

તેનો એ મિજાજ જોઈને જ્યુલી મનોમન જયદેવ અને વિદ્યાપતિ વચ્ચે સરખામણી કરી બેઠી : બંને મિત્રો દૃઢ મનોબળ ધરાવે છે, પણ એક ભાવનાવાદી છે તો બીજો પરિણામવાદી!



'અંદર આવું કે ?'ના ટહુકા સાથે ઉંબરે ઊભેલા વિદ્યાપતિને જોતાં જ બિશાખા ઘડીભર 'હા કહેવી કે ના' એવી ઉલઝનમાં અટવાઈ ગઈ. પણ પેલો તો હા-ના સાંભળવાની રાહ જોયા વગર જ અંદર આવીને સોફામાં ગોઠવાઈ ગયો.

'કમાલ છે. આટલા દિવસથી હું ઉપર મહેમાન બનીને આવ્યો છું છતાં એકે વાર તમારાં દર્શન પણ ન થયાં !'

વિદ્યાપતિની વાત કરવાની ઢબ પર ખુશ થવું કે ખફા એ

બિશાખા નક્કી ન કરી શકી : બે-ત્રણ દિવસ પહેલાં એણે મને બગીચામાં જોઈ હતી છતાં દર્શન કરવાની વાત દાઢમાં સંભળાવે છે !

'મેં તમને ક્યાંક જોયા હોય એવું યાદ છે. આપણા વચ્ચે કોઈ પરિચય હોવાનું યાદ આવતું નથી.'

સાંભળીને વિદ્યાપતિ મલક્યો : ચાલાક બાઈ છે, સમજી વિચારીને ચાલ ચાલે છે!

'હું યાદ કરાવું બિશાખાદેવી !' વિદ્યાપતિનું એ સંબોધન હૈયા સોંસરવું વાગ્યું હોવા છતાં પેલીએ દેખાવા દીધું નહીં, સ્વસ્થતાથી આગળ સાંભળતી રહી :

'પ્રસાદજી દિલ્હીની કચેરીમાં ખજાનચી નહોતા નિમાયા ત્યારે કાઠમંડુની બૅન્કમાં કેશિયર તરીકે અમારા કેસિનોમાં લગભગ રોજ રમવા આવતા.'

સાંભળીને પેલી હસી : 'અને તમે કેસિનોવાળા પ્રસાદજીને હરાવીને ઘેર મોકલતા.'

'મોકલતા કહો છો !' વિદ્યાપતિએ સામી ચાલ અજમાવી: 'અરે ક્યારેક તો ઘેર આવીને એમને મૂકી જતા... અને મોટે ભાગે એ જવાબદારી મારે શિરે આવતી.'

'ત્યારે તો તમે પરગજુ માણસ ગણાવ.' કહેતાં તેણે ઉમેર્યું: 'શું નામ કહ્યું તમારું?'

'હજુ નામ કહ્યું નથી પણ યાદ રહી જાય એવું નામ છે, વિદ્યાપતિ!'

'બોલવામાં થોડું અઘરું લાગે છે.'

'ખાસ કરીને સ્ત્રીઓને મારા નામનો ઉત્તરાર્ધ બોલવાનું વધારે અઘરું લાગે છે.' તેણે કટાક્ષ કરીને ઉમેર્યું : 'પણ ઓળખાણ તાજી કરાવવાની વાત તો તમે પૂરી સાંભળી નહીં.. એકવાર પ્રસાદજીને પીધેલી હાલતમાં રાતે બે વાગે ઘેર મૂકવા આવ્યો ત્યારે તમે અને ડૉક્ટર થાપા પણ એવા જ રંગમાં હતા.'

પહેલીવાર બિશાખાનાં જડબાં તંગ થતાં દેખાયાં. ત્યારે વિદ્યાપતિને ચાનક ચડી: 'બિચારા પ્રસાદજી... લથડતા પગે હારજીતની વાત કરવા તમારા તરફ આવ્યા ત્યારે તમે એને મારા

તરફ હડસેલો મારી બહુ જ લાક્ષણિક અદાથી સંભળાવી દીધું હતું: ‘આઘા ખસો, તમે જિંદગીમાં કે જુગારમાં કદી જીતવાના નહીં.’

‘શબ્દે શબ્દ યાદ રહી ગયો છે તમને તો !’ દાંત ભીંસીને પેલીએ સંભળાવ્યું : ‘વર્ષો પહેલાંની આવી વાત યાદ કરાવવા તમારે નીચે દોડી આવવું પડ્યું ?’

ત્યારે વિદ્યાપતિ તેના રતાશ પકડી રહેલા મુખ સામે ચૂપચાપ તાકી રહ્યો એટલે પેલીએ બીજો પ્રહાર કર્યો :

‘વહેવાર તો એમ કહે છે કે જેના મહેમાન બનીને આવ્યા હો તેને સાથે લઈને પાડોશીને ઘેર જવાય.’

‘સાચી વાત છે બિશાખાદેવી, વહેવાર એવું પણ કહે છે કે કોઈના મહેમાનને ઘરમાં બોલાવી મનોરંજન કરીને બદલામાં મોટી રકમની માગણી ન કરાય.’

નિશાન આરપાર ઊતરી ગયું હોય તેમ વળ ખાતી બિશાખા સોફા પરથી ઊભી થઈ ગઈ : ‘રાણાની દલાલી કરવા આવ્યા છો એમ પહેલેથી કહી દેવું હતું ને !’

વિદ્યાપતિને થયું કે એ હમણાં રોષભેર અંદર ચાલી જશે, કદાચ ઓરડાનાં બારણાં વાસી દઈને મારો ફેરો ફોગટ બનાવી દેશે... એટલે પડખે પડેલી બૅગ સિફતથી ઉઘાડી નાખીને નોટોની થોકડીઓ પંપાળવા લાગ્યો : ‘રાણાને તમે સાચું જ કહ્યું હતું. જયદેવના ઘરમાં પૂરા લાખ રૂપિયા પડ્યા હતા.’

જાણે ચમત્કાર થયો હોય તેમ બિશાખા લાલસાભરી નજરે નોટો પંપાળતા પુરુષના હાથને તાકી રહી.

‘બેસો ને !’ વિદ્યાપતિએ તેને સજાગ કરવી પડી : ‘સાચું કહેજો બિશાખાદેવી, તમને પૈસાનો મોહ છે કે સંતાનનો ?’

‘એટલે ?’ ફરી આવેશમાં આવીને એ દાંત ભીંસવા જતી હતી, પણ વિદ્યાપતિની પૃચ્છામાં કટાક્ષની ધારને બદલે સહાનુભૂતિની સુંવાળપનો આભાસ થતાં એ નરમ પડી ગઈ:

‘પૈસા અને પદની લાલચ પ્રસાદને છે, હું તો માત્ર માતૃપદને ઝંખું છું.’

‘અને છતાં તમે માતા બની શકતાં નથી !’ વિદ્યાપતિએ

નિઃશ્વાસ સાથે ઉમેર્યું - 'કદાચ તમારામાં કોઈ ખામી ?'

'નહીં નહીં !' વસમું લાગ્યું હોય તેમ એ બોલી ઊઠીઃ 'મારામાં કોઈ ખામી નથી, ડૉક્ટર થાપા પાસે મેં બધી જ તપાસ કરાવી હતી.'

'ડૉક્ટર થાપા ?' વિદ્યાપતિએ તુચ્છકાર ઉછાળ્યો : 'બિશાખાદેવી, એ જ ડૉક્ટર થાપાએ આજથી પાંચ વર્ષ પહેલાં તમારું ઍપેન્ડિક્સનું ઑપરેશન કર્યું હતું, યાદ છે ?'

'હા, પણ તમને એ કોણે કહ્યું ?'

'ડૉક્ટર થાપા પણ અમારા કેસિનોમાં માનવંતા ખેલાડી છે. બિશાખાદેવી, એ ઑપરેશનમાં તમારું ઍપેન્ડિક્સ નહીં, તમારું માતૃત્વ કાપી નાખવામાં આવ્યું હતું.'

'શું ?' છળી પડી હોય તેમ એ હચમચી ગઈ : 'તમે મારું માતૃત્વ ઝૂંટવી લેવા આવ્યા છો ?'

'હું નહીં, તમારા પતિદેવે એ ઝૂંટવી લીધું હતું...' વિદ્યાપતિના બોલમાં ભારોભાર સચ્ચાઈ રણકી : 'ડૉક્ટર થાપાએ તમારા પતિને એમાં સાથ આપેલો. પ્રસાદજી પોતે પિતા બની શકે તેમ નહોતા અને પરાયા પુરુષના બાળકના બાપ બનવા માગતા નહોતા.'

'એટલા ખાતર મારી સાથે આવી ક્રૂરતા...' બિશાખાની આંખો ભીંજાવા લાગીઃ 'એમની બઢતી માટે હું વેશ્યા બની અને એ મારા ભાવિ બાળકના કસાઈ બન્યા ! પોતાની ખોડનો બદલો લેવા એણે મને વાંઝણી બનાવી દીધી.'

બે હાથ વચ્ચે મોં દબાવીને ધ્રૂસકે ધ્રૂસકે એ રડવા લાગી, ત્યારે વિદ્યાપતિ નજીક જઈને એની પીઠ પસવારવા લાગ્યો : 'બિશાખાબેન ! તમારું માતૃત્વ સાડાપાંચ વરસ પહેલાં ઝૂંટવાયું હતું, પણ માતા બનવાની તમારી શ્રદ્ધાને તો આજે મેં ઝૂંટવી લીધી ! કદાચ તમે શ્રદ્ધાના ભ્રમમાં બાકીની જિંદગી...'

'પરાયા પુરુષોને ફસાવ્યા કરત એમ જ ને ?' બોલતી એ ઊભી થઈ : 'તમે બેસો, હું અબઘડી આવું છું.'

સાડીના પાલવથી આંસુ લૂછતી એ ઝડપભેર અંદરના

ઓરડામાં ધસી ગઈ ત્યારે વિદ્યાપતિને ધ્રાસકો પડ્યો : આવેશમાં એ કાંઈ કરી તો નહીં બેસેને ?

પણ પેલી તો એક હાથમાં બે ફોટા અને બીજા હાથમાં રાણાની પિસ્તોલ સાથે સ્વસ્થ થઈને ધાર્યા કરતાં જલદી પાછી ફરી ગઈ.

'લ્યો, હવે મારે આની જરૂર નથી.' કહેતાં વિદ્યાપતિ તરફ ફોટાવાળો હાથ લંબાવ્યો. આવાં ઝડપી પરિવર્તનથી ડઘાઈ ગયેલો વિદ્યાપતિ હાથ લંબાવ્યા વગર અનુકંપાભરી દૃષ્ટિથી તેને જોઈ રહ્યો એટલે પેલીએ તેના ખોળામાં બંને ફોટા ફગાવ્યા : 'શું જોઈ રહ્યા છો ?'

'તમે આટલો ત્વરિત નિર્ણય લઈ લીધો એની નવાઈ લાગી.'- કહેતાં વિદ્યાપતિએ ખોળામાંથી ફોટા લઈ બીજો હાથ બૅગના હૅન્ડલ તરફ લંબાવ્યો ત્યાં...

'મિસ્ટર વિદ્યા...!' પેલીએ પિસ્તોલ તાકીને તેને ભડકાવ્યો: 'બૅગ અહીં જ મૂકતા જાવ.'

વિદ્યાપતિની ગરદન ઝાટકા સાથે ઊંચી થઈ : ના, એ મજાક નહોતી કરતી, પિસ્તોલ પણ એવી રીતે પકડી હતી કે હથિયાર ચલાવતાં આવડતું હોય અને પોતે હથિયાર વગર ચાલ્યો આવ્યો હતો.

'હું કેટલા ત્વરિત નિર્ણયો બદલી શકું છું એ જાણીને આઘાત લાગ્યો ને ?'

'ના, તમારી અભિનયપટુતા માટે માન જાગ્યું.' બાજી હારી ગયા છતાં પણ વિદ્યાપતિએ ઠાવકાઈથી કહ્યું : 'ખરેખર તમે જબરા ખેલાડી નીકળ્યા !'

કહેતો એ ઊભો થયો એટલે સાવધ બિશાખા એ બે ડગલાં પાછળ હઠીને પિસ્તોલ ઝૂંટવી ન શકાય એટલું અંતર રાખ્યું.

ત્યાં-

ટેલિફોનની ઘંટડી રણકી. વિદ્યાપતિએ ફોન તરફ ડોક મરડી, પણ બિશાખાએ ઘંટડી વાગવા દીધી ત્યારે તેણે જ રિસીવર ઊંચકીને ફોન લેવો પડ્યો : 'ટ્રંકકૉલ ફ્રોમ કાઠમંડુ !' બોલતાં વિદ્યાપતિએ બિશાખા સામે જોયું પણ પેલીએ ફોન રિસીવ કરવાની

પરવા ન દેખાડી અને સામે છેડેથી પ્રસાદજીનો અવાજ સંભળાયો: 'હલ્લો કોણ જયદેવ ?'

'હા જયદેવ !' વિદ્યાપતિએ કહેવું પડ્યું.

'સવારના પહોરથી બિશાખાની બાજુમાં આવી ગયા છો કે ?' પ્રસાદે પોરસ કર્યો : 'કે પછી દિવસ... રાત નીચે જ ધામા નાખી દીધા ?'

'એમ જ સમજોને !'

'મારી ગેરહાજરીમાં બિશાખા તમારી બરાબર મહેમાનગતિ કરે છે ને ?'

'આવી મહેમાનગતિ તો મેં જિંદગીમાં ક્યારેય માણી નથી.'

'બૅન્કમાંથી કાંઈ પૈસા ઉપાડ્યા કે નહીં ?' પ્રસાદના અવાજમાં લાલચનો રણકો સંભળાયો : 'પાપની લક્ષ્મી છૂટથી વાપરો છો કે નહીં ?'

'એમાં કહેવાનું હોય ?' વિદ્યાપતિએ અવાજ ન પરખાઈ જાય એટલી સાવચેતી સાથે કહ્યું : 'બૅન્કમાંથી બે લાખ ઉપાડ્યા અને એક લાખ તો વપરાઈ પણ ગયા.' કહેતાં તેણે બિશાખા સામે આંખ મિચકારી.

'મારે તો યુવરાજના રાજ્યાભિષેકની તૈયારીમાં હવે અહીં જ રોકાઈ જવું પડશે. બહુ ઠાઠથી અવસર ઊજવવાના છે. છેલ્લું એક અઠવાડિયું આખા નેપાલમાં મનોરંજન કાર્યક્રમો ગોઠવાયા છે. શ્રી પાંચ ઇન્દ્રભૂષણનો રાજ્યાભિષેક થયો તેની ફિલ્મ આખા નેપાલમાં એકીવખતે દેખાડવાની છે. એને માટે સો પ્રોજેક્ટરનો ઑર્ડર આપ્યો છે... આવી તો ઘણી ઘણી તૈયારીઓ કરવાની છે.'

વિદ્યાપતિને થયું કે એ બોલતો રહેશે તો કૉલનો ટાઇમ આટોપાઈ જશે અને હાથમાંથી મોકો છટકી જશે... 'હું બિશાખાને આપું છું.' કહેતાં તેણે સહજપણે રિસીવર પેલી તરફ લંબાવ્યું: 'પ્રસાદજી લાખ રૂપિયાની વાત પર બહુ ખુશ છે. લો, શાબાશી સાંભળો.'

અને બિશાખાએ રિસીવર લેવા હાથ લંબાવ્યો કે આંખના પલકારામાં વિદ્યાપતિએ પિસ્તોલવાળા હાથનું કાંડું ઝડપી લીધું

ઝાટકો આપતાં જ કાંડું મરડાયું અને પિસ્તોલ દરવાજા તરફ ઊછળી પડી. બિશાખાથી હળવી ચીસ નખાઈ ગઈ.

'શું થયું બિશાખા ?' રિસીવરમાંથી પ્રસાદનો અવાજ બંનેને સંભળાયો : 'જયદેવ બહુ રંગીલો નીકળ્યો ! મારી સાથે એક મિનિટ વાત કરવા માટેય તને છોડતો નથીને... કાંઈ વાંધો નહીં, એને તું સાચવી લે!'

અને અવાજ બંધ થયો, ફોન કપાઈ ગયો.

'નપાવટ !' બિશાખાએ દાંત ભીંસતાં રિસીવર પછાડ્યું.

'કોણ નપાવટ ?' પિસ્તોલ, ફોટા અને બૅગનો કબજો લઈ દરવાજે પહોંચેલા વિદ્યાપતિએ મરક મરક હસતાં પૂછ્યું.

'બીજું કોણ ? મારો નામરદ મરદ !'

બિશાખા એવા ખુન્નસમાં બોલી ગઈ કે પ્રસાદ હાજર હોય તો એની ગળચી ભીંસીને વીફરેલી વાઘણની જેમ માંસ ઊતરડી નાખે ! એની આંખોમાં માતૃત્વ ઝૂંટવી લેનાર ધણી માટે વેરના અંગારા તગતગતા હતા!

બાવીસ

'હજુ અમારા ગેસ્ટ આવવાના બાકી છે.' ઑર્ડર લેવા ઊભેલા ચાઇનિઝ રેસ્ટોરાંના વેઇટરને વિદ્યાપતિએ કહ્યું : 'થોડીવાર રાહ જોવી પડશે.'

'ભલે સર !' કહેતો વેઇટર વિવેકભેર હઠી ગયો એટલે જયદેવે ઘડિયાળ પર નજર નાખી : 'સવા સાત થયા, ડ્રેગને તને સાત વાગ્યાનો જ ટાઇમ આપ્યો હતો ને વિધુ ?'

'ટાઇમ સાતનો જ હતો જય !' આજુબાજુના ટેબલ પર નજર ફેરવી લેતાં વિદ્યાપતિએ નેપાલીમાં કહ્યું : 'આપણા જેટલી જ ગરજ એને પણ છે.'

'તમને શું લાગે છે ?' જ્યુલી એ ગ્લાસમાંથી પાણી પીતાં ભાંગીતૂટી નેપાલીમાં પૂછ્યું : 'ડ્રેગન આ બધું પૈસા ખાતર જ કરતો હશે ?'

'દેખાવ એવો જ કરે છે.' મનમાં ઘૂમરાતી શંકા વિદ્યાપતિના હોઠે આવી ગઈ : 'છતાં પૈસા ઉપરાંત કોઈ ભેદી ઇરાદો પણ હોવો જોઈએ.'

'મને તો એ જાસૂસ જેવો લાગે છે.' જયના અવાજમાં ઉચાટ ભળ્યો : 'આપણી હિલચાલ પર નજર રાખતો હોવો જોઈએ. અત્યારે એ ભલે મોડો આવે, પણ એનો કોઈક માણસ તો આજુબાજુમાં બેઠો જ હશે.'

'તો પછી આપણે એના વિષે વાતો નહીં કરવી જોઈએ.' જ્યુલીએ ટકોર કરી એટલે બે મિનિટ ત્રણે વચ્ચે ખામોશી છવાઈ ગઈ.

વિદ્યાપતિ વિચારતો હતો : ચીનો ફિલ્મની નેગેટિવ વેચીને પૈસા કમાવા ઉપરાંત બીજો શું ઇરાદો સેવતો હશે ? એ પોતે ધારે તો યુવરાજ ચંદ્રભૂષણને બ્લૅકમેલ કરીને લાખો પડાવી શકે...

જ્યુલીની ચિંતા જુદી જ હતી : ફિલ્મના બુરખાધારી પુરુષ બાબત પોતાના અનુમાન સાથે ચીનો સંમત નહીં થાય તો ? એ બીજા કોઈનું નામ આપશે તો ?

જયને એક વાત સમજાતી નહોતી : જ્યુલીએ ચીનાને મળવાની જિદ્દ શું કામ લીધી ? તેનો ઇરાદો એ કેમ જાહેર કરતી નથી ?

ત્રીજી જ મિનિટે ત્રણેને સમજાયું કે ખામોશ રહેવાથી ઉદાસ બની જવાય છે.

'તને શું લાગે છે વિધુ ?' ખામોશી તોડવા જયદેવે સવારની વાત ઉચ્ચારી : 'વીફરેલી બિશાખા કોની સામે બદલો લેશે, ધણી સામે કે આપણી સામે ?'

વિદ્યાપતિ મનમાં મલકાતો જવાબ વિચારતો હતો એટલે જ્યુલી બોલી ઊઠી : 'અચાનક બપોરે એણે કાઠમંડુનું પ્લેન પકડ્યું ત્યારે હું ખરેખર ચિંતામાં પડી ગઈ હતી. ત્યાં જઈને એ પ્રસાદજીને રાણાનો કિસ્સો કહી દેશે. બૅન્કલૂંટમાં રાણાનો હાથ હોવાથી નેપાલ સરકાર દિલ્હીની પોલીસ મારફત વોરન્ટ કઢાવી એ ત્રણેની સાથે આપણને ત્રણેને પણ કાવતરામાં સાથ આપવાના આરોપસર ગિરફતાર કરાવી દેશે.'

છતાંય વિદ્યાપતિ મૌન રહીને મલકતો દેખાયો એટલે જયથી કહેવાઈ ગયું : 'વિધુ, તારો આ વધુ પડતો આત્મવિશ્વાસ ક્યારેક આપણને બહુ મોટા વિઘ્નમાં મૂકી દેશે.'

'અને જય, તારા આત્મવિશ્વાસનો આ અભાવ આપણું કામ પાર પાડવામાં વિલંબરૂપ બની જશે.' કહેતાં વિદ્યાપતિએ ઉમેર્યું: 'બિશાખા રાણાની વિરુદ્ધમાં ફરિયાદ નહીં કરી શકે... રાણા સાથેના તેના ઉઘાડા ફોટા આપણા કબજામાં છે. એનો અર્થ શું

થાય ખબર છે ? એ જ કે બિશાખાએ રાણાને આશરો આપ્યો હતો. બંને વચ્ચે જૂની ઓળખાણ છે, બંને વચ્ચે આડા સંબંધ છે એટલે બિશાખા પણ બૅન્ક લૂંટમાં સંડોવાયેલી હોવી જોઈએ... પોલીસ રાણાને ગિરફતાર કરે તેની સાથે આ ફોટા પણ પોલીસના હાથમાં જાય એટલું ન વિચારે એવી મૂરખ તો નથી બિશાખા !

તેની આ સજ્જડ દલીલ સામે જયને કોઈ સચોટ તર્ક સૂઝ્યો નહીં અને સૂઝ્યો હોત તોપણ સામી દલીલ કરી શકત નહીં કારણ કે પેલો ચીનો આવી પહોંચ્યો હતો.

હાથ મિલાવીને આવકાર ઝીલવાને બદલે ચ્યાંગે વારાફરતી ત્રણે સમક્ષ સહેજ માથું નમાવી ખાલી પડેલી ચોથી ખુરશી પર બેઠક લીધી. 'મોડા પડવા માટે માફી માગી લઉં.' સોનાનો દાંત દેખાય તેમ હસીને તેણે કહ્યું : 'એક લેડી સાથે છ વાગ્યાના શોમાં હિન્દી ફિલ્મ જોવાનો પ્રોગ્રામ હતો. ઇન્ટરવલ સુધી તેને કંપની આપવી પડી. હવે અર્ધા કલાક પછી જઈને તેની સાથે જોડાઈ જઈશ.'

તેનું નિરીક્ષણ કરતી જ્યુલીને કહેવાનું મન થઈ ગયું : અમે જાણી ગયા તારી એ લેડી કોણ છે તારી અને જોહરાની જોડી જોઈને થિયેટરમાં લોકો હસતા હશે. તું બઠકો-દૂબળો અને જાડી-જાજરમાન....

'આ છે મારા મિત્ર જયદેવ !' વિદ્યાપતિએ પરિચયવિધિ પતાવી : 'અને આ એની વાગ્દત્તા એટલે કે ફીઆન્સી જ્યુલી.'

'બંનેને કાલ રાત્રે જોયાં તો હતાં જ, આજે નામથી પરિચિત થયો.' ચીનાએ જ્યુલી સામે તાકીને ઉમેર્યું : 'જય-જ્યુલી એકીસાથે બોલવું ગમે તેવું છે, નેપાલી-ઑસ્ટ્રિયનની જોડી જામે છે.'

'થૅન્ક્સ !' જયદેવે તો કહી દીધું પણ જ્યુલી ચોંકી ગઈ: 'હું ઑસ્ટ્રિયન છું તેની પણ તમને જાણ થઈ ગઈ ?'

'એ તો તમારો નાક-નકશો કહી આપે છે.' ચીનાએ ફરી સોનાનો દાંત દેખાડ્યો : 'હું તમારા દેશમાં સાત મહિના રહી આવ્યો છું.'

ફરી જ્યુલીના મનમાં પડઘો પડ્યો : તું ત્યાં જાસૂસી કરવા જ ગયો હોઈશ.

ત્યાં વેઇટર આવીને ઑર્ડર લેવા ઊભો એટલે ચ્યાંગે પોતાની પસંદગી દર્શાવી દીધી : 'હું માત્ર ચિકનસુપ પીશ, ડિનર તો મારે બીજા કોઈ સાથે લેવાનું છે.'

'તમારી લેડી કમ્પેનિયન સાથે જ ને ?' જ્યુલીએ બોલવામાં છૂટ લઈ લીધી ત્યારે ચીનાએ દાંત ન દેખાય એમ સંમતિનું આછું સ્મિત ફરકાવી દીધું. બાકીના ત્રણ માટે વિદ્યાપતિએ ઑર્ડર લખાવી વેઇટરને વિદાય કર્યો.

બંને પક્ષે વાત ચાલુ કરવાની અધીરાઈ હતી છતાં અર્ધી મિનિટ ચૂપકીદીમાં વીતી ગઈ.

'તમને લોકોને કાલની ફિલ્મ કેવી લાગી ?' ચીનાએ એવી રીતે પૂછ્યું જાણે કોઈ મહાન કૃતિનો સર્જક પ્રશંસા સાંભળવા ઝંખતો હોય.

પોતાને કાંઈ લાગતુંવળગતું ન હોત તો જય બોલી નાખત કે જોઈને ભૂલી જવા જેવી લાગી ! કારણ કે અત્યારે પણ તેની યાદ આવતાં શરીરમાં કમકમાટી પ્રસરી ગઈ હતી... પણ જ્યુલીએ તો તારીફ કરીને જય-વિદ્યાપતિ બંનેને ચોંકાવી દીધા.

'મિસ્ટર ડ્રેગન, ફિલ્મો વિષે મારો બહુ અભ્યાસ નથી, છતાં એટલું તો કહી શકું કે એક કરતાં વધુ કૅમેરાથી દૃશ્યો ઝડપાયાં હશે.'

'કરેક્ટ' કોઈ ફિલ્મ-વિવેચકે ખૂબી દર્શાવી હોય તેમ ચ્યાંગની આંખો ચમકી ઊઠી : 'તમારી દૃષ્ટિ ભારે ચકોર છે. બે કૅમેરા વગર દૃશ્યોમાં આટલી સચોટતા ન આવી શકત.'

'પણ એક વાત મને ન સમજાઈ મિસ્ટર ચ્યાંગ, જુદી જુદી જગ્યાએ ગોઠવેલા બંને કૅમેરા તમે એકલાએ કેવી રીતે ઑપરેટ કર્યા?'

'મેં એકલાએ ?' ચોંકી જતો ચ્યાંગ જ્યુલીને તાકી રહ્યો. પ્રશંસા પામવાની લાલચમાં પોતે અર્ધું તો કબૂલી જ ચૂક્યો હતો, હવે ફેરવી તોળવાનો શું અર્થ ? વેઇટર આવીને પ્લેટ ગોઠવી ગયો ત્યાં સુધી ખામોશ રહીને તેણે ઉમેર્યું : 'તમે ભારે સમજદાર પણ

છો...બંને કૅમેરા એકીસાથે ઑપરેટ થઈ શકે એવી ગોઠવણ રાખી હતી.' - કહ્યા પછી ચીનાની ચટપટી વધી ગઈ: 'પણ જ્યુલી, તમે કેવી રીતે જાણી લીધું કે મેં એકલાએ જ બંને કૅમેરા ચલાવ્યા હશે?'

'હું ઑસ્ટ્રિયન છું એ તમે જાણી ગયા હતા એ રીતે!' મોઘમ જવાબ આપી પહેલી બાજીમાં તો એણે ચીનાને ચિત્ત કરી દીધો. જ્યુલીની એ ચબરાકી પર ખુશ થતાં જયદેવે સેન્ડલવાળા એના પગ પર પોતાનો પગ દબાવ્યો અને પેલીએ સામે જોયું ત્યારે આંખોથી કહ્યું : ભારે પાકી નીકળી, મનોમન ઘણી પૂર્વતૈયારી કરીને આવી છો !

ચ્યાંગે સૂપ પીવાની અને બીજા ત્રણેએ ચાવલ ખાવાની શરૂઆત કરી એટલે ફરી દોર થોડી વાર માટે કપાઈ ગયો.

'હં...' સૂપનો ચમચો બાજુએ મૂકી હાથે બનાવેલી સિગારેટ સળગાવી ચીનાએ વિદ્યાપતિ સામે જોયું : 'તો પછી ફિલ્મની નેગેટિવનો સોદો પતાવી નાખીએ ને ?'

'એ માટે તો મળ્યા છીએ પણ...' કહીને વિદ્યાપતિએ જાણે કરી વાક્ય અધૂરું છોડ્યું.

'સમજી ગયો !' ચીનાએ વિદ્યાપતિની ધારણા મુજબ જ પડઘો પાડ્યો : 'તમારે પહેલાં હીરોનું નામ જાણી લેવું છે એમ જ ને ?'

'હીરોનું નહીં, વિલનનું !' જયદેવે લીલા મરચાનું બટકું ભરતાં સંભળાવ્યું, ત્યારે ચીનો સિગારેટ ફૂંકતો ચૂપ રહ્યો.

'હીરો કે વિલન !' જ્યુલીએ વાત ઉપાડી લીધી : 'નામ તો જાણીતું છે.'

'જાણીતું ?' ચીનો જ્યુલી સામે એવી રીતે કતરાયો જાણે લાખ રૂપિયા ગુમાવી બેઠો હોય : 'કઈ રીતે જાણીતું છે મિસ જ્યુલી?'

'જાણીતું તો હીરો તરીકે છે મિસ્ટર ચ્યાંગ ?' જ્યુલીએ બીજી બાજી પડાવી લેવાની પેરવી કરી : 'પણ તમારી ફિલ્મમાં એ વિલનનો રોલ કરે છે.'

સાંભળીને ચ્યાંગે એશ-ટ્રેમાં સિગારેટ દબાવી દઈ ફરી સૂપનો ચમચો ઉઠાવ્યો એટલે જ્યુલીએ કાગળના રૂમાલ પર બોલપેનથી

બે શબ્દો ટપકાવીને તેના તરફ કાગળ સરકાવી દીધો: 'લ્યો વાંચી જુઓ, તમારા ના-હાના જવાબ પર નેગેટિવના સોદાનો આધાર રહે છે.'

નામ વાંચતાં જ ચ્યાંગના હાથમાંથી પ્લેટમાં સરકી પડેલા ચમચાનો જે અવાજ થયો, તેમાં જ જ્યુલીને 'હા' નો રણકો સંભળાઈ ગયો.

યુવરાજ ચંદ્રભૂષણના નામવાળા કાગળ-રૂમાલની ઝીણી ઝીણી ચબરખી કરીને ચીનાએ કોટના ખિસ્સામાં ઠાલવી દીધી : 'જે નામ ઉચ્ચારવા માટે મારી જીભ નહોતી ઊપડતી એ તમે કાગળ પર લખવાની હિંમત ચલાવી !'

સાંભળતાં જ જય અને વિદ્યાપતિએ ઊછળી પડવા જેવો પ્રત્યાઘાત અનુભવ્યો, પણ સાવધ થઈને જાતને અંકુશમાં લઈ લીધી.

'એનો અર્થ તો એ થયો મિસ જ્યુલી, કે નામ કહેવાની એક લાખ રૂપિયાની ફી હું ગુમાવી બેઠો.'

'પણ હા કહેવાની પચાસ હજારની ફી તો અમારે આપવી જ પડે ને.' વિદ્યાપતિએ ચાલાકી અજમાવી : 'અમે સોદામાં બેઇમાની કરીએ એવા નથી.'

'એટલે કે અર્ધો લાખ...' ચીનાએ રકમ ગણાવી : 'અને દસ લાખ નેગેટિવના મળીને સાડાદસ લાખમાં આપણી વાત પાકી.'

'નહીં મિસ્ટર ચ્યાંગ !' જ્યુલીએ વચ્ચે ઝુકાવ્યું : 'બીજા પાંચ લાખ પણ તમારા નસીબમાં લખાયા છે.'

હવે ચ્યાંગ ઉપરાંત જય અને વિદ્યાપતિ પણ ભડકી ગયા. જ્યુલી આપમેળે બહુ આગળ વધી રહી છે. પ્રશ્નસૂચક અને આશ્ચર્યકારક દૃષ્ટિએ ત્રણે તેની સામે જોઈ રહ્યા ત્યારે એ રહસ્યભર્યું હસી :

'મિસ્ટર ચ્યાંગ, તમારે હજુ એક કન્યાની ફિલ્મ ઉતારવાની બાકી છે !'

'હું સમજ્યો નહીં !' કહ્યું તો ચ્યાંગે પણ જય-વિદ્યાપતિ સુદ્ધાં સમજ્યા નહોતા : 'તમે એમ કહેવા માગો છો કે એક વધુ કન્યાનો કિસ્સો ફિલ્મમાં ઉતારવાનો છે ?'

'હા જી, તમે બરાબર સમજ્યા છો.' જ્યુલીએ જયનો પગ

દબાવી રાખી પ્રસ્તાવ મૂક્યો : 'બોલો, પાંચ લાખ લઈને ફકત પાંચ જ મિનિટની ફિલ્મ ઉતારવા રાજી છો ?'

'પણ એ બની જ કેમ શકે ?' સૂપની પ્લૅટ દૂર હઠાવતો ચીનો બોલી ઊઠ્યો : 'આ કંઈ ફિલ્મનું શૂટિંગ થોડું છે કે ગમે ત્યારે પ્રોગ્રામ ઘડી શકાય ? આવતે મહિને તો આપણા હીરોનો રાજ્યાભિષેક થવાનો... અત્યારથી એની તડામાર તૈયારી ચાલી રહી છે.'

'આપણે ત્યાર પહેલાં જ આ કામ પતાવવાનું છે ચ્યાંગ!' વિદ્યાપતિએ પ્રસ્તાવને વેગ આપતાં કહ્યું : 'પાંચ લાખવાળો પ્લાન થાય તો અમને દસ લાખની નેગેટિવ ખરીદવામાં રસ છે.'

ચીનાએ મૂંઝવણમાં માથું હલાવતાં કોટના ખિસ્સામાંથી સોનેરી રંગનું સિગારેટ કેસ કાઢ્યું. સિગારેટનો પહેલો કશ લેતાં જ તેના ધુમાડાની વિચિત્ર વાસથી ત્રણે સમજી ગયા કે ચરસની સિગારેટ પિવાઈ રહી છે.

'પહેલાં તમે બુરખાધારીનું નામ જાણીને નેગેટિવનો સોદો કરવાનું કહેલું.' - મૂંઝવણ વ્યકત કરતા ચીનાએ કહ્યું : 'હવે કહો છો કે બીજો એક ટુકડો શૂટ કર્યા પછી જ સોદો થાય... આમ વારંવાર વિચાર બદલો એ આપણને નહીં ફાવે.'

'વિચાર બદલવાની કિંમત પણ ચૂકવીએ છીએને.' આવેશમાં દલીલ કરી બેઠા પછી વિદ્યાપતિએ નરમાશ ધારણ કરી લીધી : 'મિસ્ટર ચ્યાંગ, તમારે આટલો સહકાર આપવો જોઈએ.'

'હં...' વિચાર ચગળતો હોય તેમ મોંમાં જીભ ફેરવતો ચીનો થોડી વાર ચૂપ રહ્યો : 'છેલ્લો કિસ્સો ફિલ્મમાં ઝડપ્યાને એકાદ મહિનો થયો. આટલું જલદી બધું ગોઠવાય કઈ રીતે ? હીરોના સકંજામાં કોઈ છોકરી ફસાવી જોઈએ ને ?'

'છોકરી ફસાય એવું અમે કરીએ તો ?' જ્યુલીનો પ્રસ્તાવ સાંભળતાં જ જય હચમચી ગયો. તેનો ચહેરો તંગ થઈ ગયો : હવે તો હદ થાય છે! જ્યુલી પર ઊકળી ઊઠવા માગતો હતો પણ પેલીએ ફરી એકવાર વધુ પડતો જોશમાં તેનો પગ દબાવી દીધો એટલે મનમાં જ ધૂંધવાતો બેસી રહ્યો.

વિદ્યાપતિને જ્યુલીની ચાલ સમજાઈ નહોતી છતાં જવાબ માટે તેણે ચીના સામે જોયું ત્યારે પેલો ઝીણી આંખની ધારદાર

નજરે જ્યુલીને વીંધી રહ્યો હતો :

'તમે બહુ ઊંડાં પાણીમાં ઊતરી રહ્યા છો મિસ જ્યુલી!' ચીનાના અવાજમાં ખતરાની ધાર વર્તાઈ : 'ફસાયેલી છોકરીને રીબાવવામાં એને બહુ મજા પડે છે. એની પીડા તમે જિંદગીભર ભૂલી નહીં શકો.'

'મારે પોતાને ક્યાં એ પીડા ભોગવવાની છે !' જ્યુલીએ ઉતાવળે ખુલાસો કરી નાખ્યો : 'તમને પાંચ લાખમાં તૈયાર કર્યા તેમ પચાસ હજારમાં કોઈ છોકરીને તૈયાર કરીશું.'

'સ્ટોપ ઇટ જ્યુલી !' ટેબલ પર મુઠ્ઠી પછાડતો જય બોલી ઊઠ્યો: 'બંધ કર આવી રાક્ષસી સોદાબાજી... તને આવો વિકારી વિચાર સૂઝ્યો જ કેમ ?'

ક્રોધથી ધૂંધવાતો જયનો ચહેરો જોઈને જ્યુલી હેબતાઈ ગઈ હોત. પણ આવા પ્રત્યાઘાત માટે માનસિક તૈયારી કરીને જ આવી હતી. એટલે ધારદાર અવાજે સામું સંભળાવ્યું :

'મને સૂઝેલા વિકારી વિચારનું કારણ ગઈકાલે આપણે સાથે જોયેલી ફિલ્મ !' ધીમા છતાં દૃઢ અવાજે બોલી ગઈ : 'છ-છ વર્ષ સુધી રૂખીએ કેવી પીડા ભોગવી હશે, કેટલા બધા પુરુષોએ તેને કચડી હશે ! એ નર્ક યાતનાની તમે પુરુષો કલ્પના સુદ્ધાં નહીં કરી શકો.'

'અને છતાં તું એક વધુ સ્ત્રીને એ નર્કમાં ધકેલવા માગે છે ?'

'કારણ નર્ક સુધી પહોંચ્યા વગર નર્કનો નાશ ન થઈ શકે.' જ્યુલી આવેશમાં બોલી ગઈ પણ વિદ્યાપતિને બંનેની બોલાચાલી ખટકી ગઈ:

'તમે શું બકી રહ્યા છો કાંઈ ભાન છે ?' એટલું સાંભળતાં જ જ્યુલી પામી ગઈ કે કાવતરું ઉઘાડું પાડી દેવાની હદે બંને પહોંચી ગયાં હતાં !' 'સૉરી' કહેવાનો કોઈ અર્થ નહોતો એટલે જ્યુલીએ ચીના સામે હસી લીધું :

'તમે જ કહો, પરણ્યા પહેલાં એ મારા પર આટલી જોહુકમી કરે છે તો લગ્ન પછી શું નહીં કરે ?'

'મને પૂછતા હો તો કહું....' ચીનાએ સોનાનો દાંત દેખાડ્યો : 'સ્ત્રી-પુરુષને ઝઘડતા જોવામાંય મને મજા પડે છે, પણ

અત્યારે આપણી પાસે એટલો સમય નથી. એ પ્રોગ્રામ આપણે ફરી કોઈવાર ગોઠવશું.'

કહીને તેણે કાંડાઘડિયાળમાં જોયું. તેની ઉતાવળ સમજી ગયેલા વિદ્યાપતિએ અધીરાઈભેર ચીનાનું ધ્યાન ઘડિયાળ પરથી પાછું ખેંચ્યું :

'આપણે વાત પતાવીને જ ઊઠીએ. તમારા સાડાપંદર લાખ પાકા.'

'પણ એડવાન્સમાં પાંચ લાખ જોઈએ.'

'પાંચ નહીં દસ ટકા લેખે દોઢ લાખ દસ દિવસમાં અને બીજા સાડા ત્રણ લાખ કાઠમંડુ જઈને.'

ચીનો થોડીવાર ગડમથલમાં ગૂંચવાયો. પછી ગણતરી કરીને કહ્યું: 'પહેલાં કે પછી, બધી જ રકમ તમારે દિલ્હીમાં ચૂકવવાની રહેશે.'

'કોને ?'

'નામ-સરનામું હું પછી આપીશ.'

'મંજૂર !' કહેતાં વિદ્યાપતિએ ચીના તરફ હાથ લંબાવ્યો, પણ પેલો હાથ મિલાવતાં પહેલાં એક વધુ ચોખવટ કરી લેવા માગતો હતો:

'કાઠમંડુ ગયા પછી ફિલ્મનો વધારાનો ટુકડો ઉતારવાનો મોકો તમે ઊભો ન કરી શકો તોપણ તમારે સાડા પંદર લાખની પૂરેપૂરી રકમ ચૂકવી આપવાની રહેશે... આ બાબતમાં કોઈ જાતની બાંધછોડ નહીં ચાલે... ' - કહીને તેણે ઊભા થતાં પૂછ્યું : 'બોલો છે મંજૂર ?'

'મંજૂર !' વિદ્યાપતિએ ઊભા થતાં એટલું કહ્યું ત્યાં જાણે સાડા પંદર લાખ હાથમાં લઈ લેતો હોય તેમ ચીનાએ વિદ્યાપતિનો લંબાવેલો હાથ પોતાના બંને નાજુક પંજામાં લઈ લીધો : 'પહેલો હપ્તો દસ દિવસમાં મળી જશે ને ?'

'કદાચ અઠવાડિયામાંય મળી જાય.'

'તો તો મને તમારું કામ પતાવવાની વધારે ચાનક ચડશે.' કહેતાં ચ્યાંગે જય અને જ્યુલી તરફ વારાફરતી ડોક નમાવી પગ ઉપાડ્યા : 'થિયેટરમાં જઈને પેલી લેડીની બાજુમાં ગોઠવાઈ જાઉં.'

જય અને વિદ્યાપતિ એને જતો જોઈ રહ્યા, પણ જ્યુલી કાંઈક યાદ આવ્યું હોય તેમ દરવાજે પહોંચેલા ચ્યાંગ પાસે ઉતાવળાં પગલે દોડી ગઈ: 'એક મિનિટ મિસ્ટર ચ્યાંગ.'

'શું યાદ આવ્યું મિસ જ્યુલી ?'

'નામ લખેલા કાગળ-રૂમાલની ચબરખીઓ તમારા ખિસ્સામાં રહી ગઈ !'

બે ક્ષણ જ્યુલી સામે જોઈ લઈને ચ્યાંગે કોટના ખિસ્સામાં હાથ નાખ્યો : 'તમે માગી ન હોત તોપણ એ કોઈના હાથમાં ન આવે એવી રીતે નિકાલ કરી નાખવાનો હતો.'

કહેતાં મુઠ્ઠી ભરેલી ચબરખી તેણે જ્યુલીના બંને હાથના ખોબામાં ઠાલવી દીધી : 'હવે નિરાંત થઈ ને ?'

'સાથોસાથ એક વાત પણ પૂછી લઉં.' ખરેખર તો જ્યુલી ચબરખી લેવાને બહાને આ પૂછવા જ આવી હતી : 'પેલા બુરખાધારી પુરુષે આટલી છોકરીઓ પર બળાત્કાર કર્યા તેમાંથી શું એકે એવી ન નીકળી કે વળતો પ્રહાર કરી એને ઈજા પહોંચાડે ?'

તેની આ પૃચ્છા પર ચીનાને ક્ષણભર તો શંકા જાગી, પણ જ્યુલીના ભોળા સ્મિતમાં શંકા પીગળી ગઈ : 'કેદ થયેલી લાચાર કન્યા બિચારી એવી હિંમત તો ક્યાંથી કરે... છતાં એક છોકરીએ મરણિયો પ્રયાસ કર્યો હતો !-'

એટલું કહીને એ અટક્યો ત્યારે 'કેવો પ્રયાસ ?' એમ પૂછી લેવાની જ્યુલીની અધીરાઈ જોર કરી ઊઠી, પણ એ ચીનાને જ બોલવા દીધો :

'વીફરેલી છોકરીએ બુરખાનાં બંને કાણાંમાં આંગળાં ભોંકીને પેલાની આંખો ફોડી નાખવાની ચેષ્ટા તો કરી, પણ બુરખો ચીરી નાખવાથી વિશેષ કાંઈ કરી શકી નહીં.... અને બદલામાં બિચારીએ બહુ બૂરી સજા ભોગવવી પડી ! એટલે તો એ છોકરીવાળી ફિલ્મનો અમારે નિકાલ કરી દેવો પડ્યો.'

'અરે રે !' ના ઉદ્‌ગાર સાથે જ્યુલીથી નિસાસો નંખાઈ ગયો ત્યારે પેલાએ પગ ઉપાડતાં ટકોર કરી : 'મિસ જ્યુલી, તમે તૈયાર કરેલી છોકરીને આવી કોઈ હરકત નહીં કરવા દેતા... પાશવી આનંદ ખાતર એ માણસ સ્ત્રીઓને રિબાવવાની જાતજાતની ઘાતકી

રીતો અજમાવે છે.'

ચીનો જાણે પોતાના મનની વાત વાંચી ગયો હોય તેમ ડઘાઈ ગયેલી જ્યુલી પર્સમાં કાગળની ચબરખીઓ ઠાંસીને પાછી ફરી ત્યારે જય અને વિદ્યાપતિ અવાજને પરાણે અંકુશમાં રાખી ઝઘડી રહ્યાં હતાં.

'વિધુ, તું અને જ્યુલી આવા ખતરનાક ખેલ ખેલવા માગતા હો તો મને તેમાંથી બાકાત રાખજો.'

'રૂખીનો બદલો લેવા માટે મારું કે જ્યુલીનું બલિદાન આપતાંય હું અચકાઈશ નહીં, જય !'

જય વળતો પ્રહાર કરવાનું વિચારતો હતો ત્યાં જ્યુલી પર તેનું ધ્યાન ગયું એટલે એને સંભળાવ્યું : 'હવે પછી તારે કોઈ પણ પ્રસ્તાવ આપણા વચ્ચે આપસમાં નક્કી થયા વગર ચોથા માણસની સામે મૂકવાનો નથી જ્યુલી !'

'કબૂલ !' તેણે ખુરશી પર બેસતાં જયને શાંત પાડ્યો : 'એ મારી ભૂલ થઈ, પણ હવે પછી તમારે ફરી ક્યારેય એમ કહેવાનું નહીં કે મને આમાંથી બાકાત રાખો... જય, તમે એટલું તો વિચારો કે દસ લાખમાં ફિલ્મની નેગેટિવ લઈ આપણે શું કરવા માગીએ છીએ ? દાનવને ઉઘાડો પાડવા માટે આટલી ફિલ્મ અધૂરી છે, એટલા માટે જ મેં એક વધુ છોકરીનો પ્રસ્તાવ મૂક્યો હતો.'

'એ છોકરી દ્વારા તું દાનવને કઈ રીતે ઉઘાડો પાડવાની છો?'

'એના ચહેરા પરનો પરદો ચીરી નાખીને !'

'હેં !' જયની આંખો આંચકાથી પહોળી થઈ ગઈ : 'જ્યુલીએ આટલી હદે વિચારી લીધું !'

'ગ્રેટ આઇડિયા !' જ્યુલીને દાદ આપતો વિદ્યાપતિ બોલી ઊઠ્યો: 'જય, આપણે સાચે રસ્તે જઈ રહ્યા છીએ. દાનવનું નિકંદન કાઢી નાખવા માટે દેવો પણ આપણને સહાય કરી રહ્યા છે. સવારે પ્રસાદે કાઠમંડુથી કૉલમાં વાત કરી તેનું મહત્ત્વ મને ત્યારે સમજાયું નહોતું. યુવરાજના રાજ્યાભિષેકની તડામાર તૈયારીમાં આપણા કામનો પણ એક કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. અઠવાડિયાના ઉત્સવ દરમિયાન એક રાતે આખા નેપાલમાં એકસો પ્રોજેક્ટર દ્વારા સ્વર્ગસ્થ મહારાજાના રાજ્યાભિષેકની ફિલ્મ સમસ્ત પ્રજાને દેખાડવાના છે.'

'એમાં આપણા કામની વાત શું થઈ ?' વિરોધી વલણે

થોડા વખત પૂરતી જયની હૈયાસૂઝને મૂરઝાવી નાખી હોય તેમ એ પૂછી બેઠો : માજી મહારાજાના ભવ્ય રાજ્યાભિષેકનો ભપકો જોઈને લોકો અંજાઈ જશે;

"નહીં જય, માજી મહારાજાના રાજ્યાભિષેકને બદલે ભાવિ મહારાજાનાં રાક્ષસી કૃત્યોની ફિલ્મ જોઈને પ્રજા ખળભળી ઊઠશે... ચ્યાંગની નેગેટિવ પરથી આપણે સો પ્રિન્ટ્સ તૈયાર કરી એકી વખતે આખા નેપાલને દેખાડી દેશું...'

'અને ફિલ્મના અંતિમ ટુકડામાં યુવરાજના ચહેરા પરથી બુરખો ચિરાઈ જતાં દેવની જેમ પૂજાનારો દાનવ ઉઘાડો પડી જશે.' બોલતી જ્યુલીની આંખોમાં વેરના તણખા ચમકી ઊઠ્યા : 'બદલો લેવા માટે આના કરતાં સારો મોકો ક્યારે મળવાનો ?'

'અને ધાર કે યુવરાજના ચહેરા પરનો બુરખો ન ચિરાયો તો?'

'તો...' જ્યુલીને જયનું નકારાત્મક વલણ ખટક્યું, પણ એ જવાબ શોધે એ પહેલાં વિદ્યાપતિએ કહી દીધું : 'તોપણ આપણે જોયેલી ફિલ્મ પ્રજાને દેખાડી જાહેર કરીશું કે આ રાક્ષસ બીજો કોઈ નહીં, પણ નેપાલનો ભાવિ ગાદીપતિ ચંદ્રભૂષણ છે !'

'માની લઈએ કે લોકોમાં ઉશ્કેરાટ ફેલાય પણ નેપાલનું લશ્કર કાંઈ ચૂપ બેસી રહેશે ?' જયદેવે વિનાશક શક્યતા દર્શાવી: 'બળવો દાબી દેવા માટે શાસન તરફથી દમનનો કોરડો વીંઝાશે અને હજારોના પ્રાણ ઝૂંટવાઈ જશે એનો વિચાર કર્યો : આપણો અંગત બદલો લેવા ખાતર હજારો દેશબાંધવોનાં બલિદાન લેવાનાં?'

'જય, હવે એ આપણો અંગત બદલો નથી રહેતો. સમગ્ર પ્રજાની ક્રાન્તિ બની જાય છે.' - વિદ્યાપતિ જુસ્સાભેર કહેતો હતો: 'ચીનમાં માઓએ બંદૂકના નાળચામાંથી ક્રાન્તિ પેદા કરી, ભારતના ગાંધીજીએ સત્યાગ્રહને શસ્ત્ર બનાવ્યું તેમ નેપાલ કચકડાની પટ્ટીથી ક્રાન્તિ કરી દેખાડશે.'

ત્યારે જય ગંભીર ભાવે તેને જોઈ રહ્યો. તેના મનમાં પડઘા સંભળાયા: તારું બલિદાન એળે નહીં જાય, મારી લાડકી બેન ! તારી ચિતા ક્રાન્તિની મશાલ બનીને રાવણનું દહન કરતી દેખાય છે રૂખી !



'આવતાંની સાથે જ કોને ફોન લગાડવા બેઠી જ્યુલી?'

જયદેવે પૂછ્યું ત્યારે જ્યુલીને ભાન થયું કે થોડીવાર પહેલાં જ ચાઇનીઝ રેસ્ટોરાંમાં નક્કી કર્યા મુજબ આપસમાં ચર્ચા કર્યા વિના જ પોતે પગલું ભરી રહી હતી... પણ ફોનનો નંબર લાગી ચૂક્યો હતો અને સામેથી જાણીતા અવાજમાં 'હલ્લો' સંભળાયું એટલે બોલવું પડ્યું : 'હલ્લો શોભા !'

ફોન જોડવાનું કારણ સમજી ગયા હોય તેમ જય અને વિદ્યાપતિ તેની તરફ ઠપકાને બદલે પ્રશંસાભરી નજરે તાકી રહ્યા.

'જ્યુલી, તારો અવાજ સાંભળીને નવાઈ લાગી.'- શોભાએ મજાકની ઢબે કહ્યું : 'આ ટાઇમે તો મારા પર પુરુષોના ફોન આવે.'

'મને થયું કે અત્યારે તું નહીં મળે' - કામ કહી દેવાની અધીરાઈ હોવા છતાં જ્યુલીએ ઠાવકાઈ રાખી : 'ખોટા ટાઇમે ફોન જોડાઈ ગયો.'

'તેં સાચા ટાઇમે જ ફોન જોડ્યો જ્યુલી ! હું 'ટાઇમ'માં બેઠી છું, ત્રણ દિવસની માસિક રજાનો આજે બીજો દિવસ છે.- કહીને તેણે પૂછ્યું: 'હવે કહે, કેમ ફોન કરવો પડ્યો ?'

'શોભા, મને તારું કામ પડ્યું.'

'તને ? મારું કામ ?' શોભાએ મજાકનો મિજાજ ચાલુ રાખી ખિલખિલાટ હસતાં ઉમેર્યું : 'કેમ તારા એલચીખાતાના કોઈ માણસને રીઝવવાનો છે ?'

'નહીં શોભા, તારે મારી સાથે થોડા દિવસ માટે નેપાળ આવવાનું છે.'

'નેપાળ !' શોભાના અવાજમાં અચંબાની સાથે આછેરો થડકો પણ વર્તાયો : 'ત્યાં વળી મારું શું કામ છે ?'

'કામ ફોન પર નહીં કહું - જ્યુલીએ વિદ્યાપતિ અને જય સામે જોઈ લીધું : 'ત્યાં પંદરેક દિવસનું રોકાણ છે.'

'પંદર દિવસ !' શોભા ફરી થોડું અટકી : 'એટલે તો અર્ધો મહિનો થયો.'

જ્યુલી તેનો મનફાવતો અર્થ કરીને કહેવા જતી હતી કે અર્ધા મહિનાની કમાણી કરતાં તને વધુ વળતર મળી જશે, પણ

વિચાર બદલી નાખ્યોઃ જે સ્ત્રી એક લાખ રૂપિયા પાછા આપી ગઈ તેની લાગણીની આ રીતે કિંમત ન અંકાય.

'તું કેમ ચૂપ થઈ ગઈ જ્યુલી ?' શોભાએ જ સામેથી કહી દીધુંઃ 'ઘણા સમયથી વૅકેશન નથી પાડ્યું, આ બહાને પંદર દિવસ તારી સાથે નેપાળમાં રજા માણવા મળશે... પણ આજકાલમાં જવાનું હોય તો મારાથી નહીં બને.'

'આજકાલમાં નહીં શોભા, દસેક દિવસ પછી જવાનો પ્રોગ્રામ છે' - કહીને જ્યુલીએ આભારવશ સ્વરે ઉમેર્યું : 'તું આવીશ તો અમારા પર બહુ મોટો ઉપકાર થશે.'

'અમારા પર એટલે તારા સિવાય બીજા કોના કોના પર મારો ઉપકાર થવાનો છે, એ પણ ભેગાભેગું કહી દેને ?'

એણે મજાકની ઢબે પૂછ્યું પણ જ્યુલીના અવાજમાં તો આભારનો ભાર ચાલુ રહ્યો : 'અમારા પર એટલે જય, વિદ્યાપતિ, હું અને રૂખી બધા પર....'

'ત્યારે તો હું જરૂર આવીશ' - હવે એ ગંભીર બની ગઈઃ 'કોઈના પર ઉપકાર કરવા નહીં, આપણા બધાનું કામ કરવા.' બોલતાં બોલતાં એના અવાજમાં લાગણીની ભીનાશ ભળી : 'જો મને તમે આપણામાં ગણતા હો...'

'થૅન્ક્સ શોભા !' તેની લાગણીથી ગદ્‌ગદ બની જતી જ્યુલી ફોન મૂકી દેવાનું વિચારતી હતી ત્યાં યાદ આવી ગયુંઃ 'કદાચ ચાર-પાંચ દિવસ માટે મારે દિલ્હી બહાર જવાનું થશે... ત્યાંથી પાછી આવીને તને રૂબરૂ મળી જઈશ.'

'કાંઈ વાંધો નહીં, મારે પણ ચાર-પાંચ દિવસમાં એક અગત્યનું કામ પતાવવાનું છે.' કહીને શોભાએ ઉતાવળે ફોન મૂકી દીધો. તેણે ગુડનાઇટ કે આવજો પણ કહ્યું નહીં, તેનું અચરજ અનુભવતી જ્યુલી રિસીવર રાખીને પેલા બંનેને કાંઈ કહેવા જતી હતી ત્યાં ફોનની ઘંટી રણકી ઊઠી.

ત્રણેએ એકબીજા સામે જોયું : અત્યારે કોણ હશે ?

'હું લઉં છું' - કહેતાં વિદ્યાપતિએ જ રિસીવર ઊંચક્યુંઃ 'કોણ ગોપ ? બોલ !' સામેથી કંઈક બોલાયું એટલે વિદ્યાપતિએ

આંચકો અનુભવ્યો: 'હેં ! શું વાત કરે છે ?'

વિદ્યાપતિના અવાજમાં વધતા જતા ઉચાટ અને ચહેરા પરના ઉદ્વેગે જય-જ્યુલીને વિમાસણમાં મૂકી દીધાં. ફોન પૂરો થયો ત્યાં સુધી બંને ફફડતાં રહ્યાં. રિસીવર મૂકીને વિદ્યાપતિએ ઘૂંટાતા શ્વાસે કહ્યું : 'રાણાની જેમ આજે શશીનાથે ઉપાધિમાં મૂકી દીધા. સાલાને જીપમાં ફરવા જવાનું મન થયું અને રસ્તામાં જીપની બૅટરી ડાઉન થઈ ગઈ એટલે ભાઈસાહેબ લાઇટ વગર વાહન ચલાવવાના ગુન્હાસર પોલીસના હાથમાં ઝડપાઈ ગયા.'

'પણ એ કાંઈ મોટો ગુન્હો ન ગણાય.' - જ્યુલીથી બોલી જવાયું: 'દંડ ભરીને છૂટી જવાય.'

'નાના ગુન્હાને કારણે મોટો ગુન્હો પકડાયો. શશી પાસે ડ્રાઇવિંગ લાયસન્સ જ નથી.' વિદ્યાપતિએ રોષ ઉછાળ્યો : 'પોલીસચોકીમાં લઈ ગયા તો ખોટું નામ આપવા જતાં એ મૂરખે તારું સાચું નામ આપી દીધું... જયદેવ આર્ય !'

'મારું નામ !' જય ચોંક્યો : 'આવી તે મૂર્ખાઈ કરાય ?'

'ગોપી પણ એ જ કહેતો હતો. ભૂલેચૂકે પોલીસને બીજો કોઈ વહેમ પડશે તો ગમે તે ઘડીએ બધા જ અંદર ધકેલાઈ જશું....'

'ગોપી અને રાણા ક્યાં છે ?'

'કોનોટ સર્કલ પોલીસચોકીની આજુબાજુ આંટા મારે છે. ગોપી કહેતો હતો કે અર્ધા કલાકમાં એણે અહીં પાંચ વખત ફોન લગાડી જોયા.' વિદ્યાપતિની અકળામણ વધવા લાગી : 'કાલે પાછો રવિવાર... એટલે સોમવાર સુધી એને જામીન પર છોડાવી ન શકાય.'

કહેતો એ ઊભો થયો : 'ચાલ જય, આપણે ત્યાં જઈને કોઈક રસ્તો વિચારીએ.'

'એને હું ?' જ્યુલી પૂછી બેઠી : 'મને એકલી મૂકીને જશો ?'

'તારું ત્યાં કાંઈ કામ નથી' - જય બોલી ગયો : 'કોને ખબર ક્યારે પાછા આવીએ.'

'મારા વગર તમારું કામ નહીં થાય.' કૉમ્પ્યુટરની ઝડપે

વિચારી લીધું હોય તેમ એ બોલી : 'મને તૈયાર થવા માટે તમારે પાંચ મિનિટ આપવી પડશે.'

પાંચ મિનિટને બદલે જ્યુલી તૈયાર તો સાડા ચાર મિનિટમાં થઈ ગઈ પણ, તેને જોઈને બંને ચમકી ગયા.

'જ્યુલી, આપણે કોઈ પાર્ટીમાં જતાં હોઈએ એમ તું ફર કોટ ચડાવીને આવે છે ?'

જયના ધારદાર કટાક્ષથી જરાય કોચવાયા વિના એણે હસીને સંભળાવ્યું : 'મારા જયદેવને પોલીસચોકીમાંથી છોડાવવા માટે આવો ઠાઠ જરૂરી છે !'

'એટલે તું...' વિદ્યાપતિ પૂરું બોલી પણ શક્યો નહીં.

'હા ! જયને વાંધો ન હોય તો જયનું નામ આપી બેઠેલા એ શશીની પ્રેયસી બનીને મારે જવું છે.'

કહેતી જ્યુલીએ બંનેના હાથ પકડી ઉતાવળાં પગલે ચાલવા માંડ્યું. એનો આત્મવિશ્વાસ જોઈને જય કે વિદ્યાપતિ કાંઈ જ બોલી શક્યા નહીં.



'ક્યાં છે સાહેબ, ક્યાં ગયો મારો વહાલો-વહાલો જયદેવ?' પોલીસચોકીમાં દાખલ થઈ ઇન્સ્પેક્ટરની કૅબિનમાં ઘૂસીને જ્યુલીએ ડાંફળા-ફાંફળા અવાજે અંગ્રેજીમાં ઊભરો ઠાલવવા માંડ્યો: 'ઇન્સ્પેક્ટર, આ તે કેવી ટ્રૅજેડી કહેવાય ?'

પોલીસ ઇન્સ્પેક્ટર અગ્નિહોત્રી બે ઘડી તો એને જોતો જ રહ્યો. એનો કિંમતી ફર કોટ, મોહક ચહેરો, સેન્ટનો મઘમઘાટ અને અવાજનો રઘવાટ... જોતાંવેંત અનુરાગ સાથે અનુકંપા જાગી ઊઠી:

'તમે પેલા લાઇસન્સ અને લાઇટ વગર વાહન ચલાવતા પકડાયેલાની વાત કરો છો ?'

'હા સર, એ જ, મારો વહાલો - વહાલો જય.' કહેતાં તેણે પર્સમાંથી પોતાનું આઇડેન્ટિટી કાર્ડ કાઢીને ધર્યું : 'ઇન્સ્પેક્ટર, જુઓ ઑસ્ટ્રિયન એમ્બસીનું મારું આ કાર્ડ... કાલે તો જય સાથે મારાં લગ્ન થવાનાં છે... અરેરે સર, એની ખુશાલીમાં અત્યારે

અકબર હોટેલમાં આલા ગ્રાન્ડ પાર્ટી ગોઠવેલી છે. બધા મહેમાનો આવીને રાહ જુએ છે... મારો જય નહીં આવે તો લોકો શું કહેશે ? અર્ધા કલાક પછી તો એમ્બેસેડરસાહેબ પોતે સજોડે પાર્ટીમાં આવી જશે.'

તેની એકધારી આજીજી સામે નમતું જોખીને ઇન્સ્પેક્ટરે હવાલદારને પેલાને હાજર કરવાનો હુકમ ફરમાવ્યો : 'તમે એને મળવું હોય તો મળી શકો છો.'

ત્યારે જ્યુલીની આંખોના ખૂણા ભીના થવા લાગ્યા. દેખાવ કરતાં કરતાં એ સાચેસાચ અસ્વસ્થ બની ગઈ હતી : પેલો આવીને કાંઈ બાફી તો નહીં મારે ને ! બેઘડીમાં આ ઇન્સ્પેક્ટરની અનુકંપા ઓસરી તો નહીં જાય ને ?

હવાલદારની પાછળ જેવો શશી દાખલ થયો કે જ્યુલીએ તેના બંને હાથ પકડી લીધા : 'માય ડીયર, માય ડાર્લિંગ' કહેતી એ તેને ભીંત તરફ ખેંચી ગઈ અને પોતાની પીઠ ઇન્સ્પેક્ટર તરફ રાખી ચુંબન ચોડતી હોય તેમ શશીના મુખ પર ઝૂકી બુચકારો બોલાવતાં આંખના ઇશારે એક્ટિંગ કરવાનું સમજાવી દીધું.

'જય, ડીઅર જય ! તને મેં એમ્બસીની કાર વાપરવા કહ્યું, છતાં તું ન માન્યો અને તારા ફ્રેન્ડની ભંગાર જીપમાં પાર્ટીમાં આવવાની જિદ્દ પકડી... હવે મારું શું થશે ? તારા વગર પાર્ટીમાં હું મોં કેમ બતાવું ?'

કહેતી એ ચોધાર આંસુએ રડતી ઇન્સ્પેક્ટર તરફ ફરી : 'સર, તમે એને કસ્ટડીમાં પૂરી રાખવા માગતા હો તો મનેય સાથે પૂરી દો.'

'જુઓ મિસ એન્ડરસન !' આઇડેન્ટિટી કાર્ડમાં લખેલી અટક વાંચીને ઇન્સ્પેક્ટર અગ્નિહોત્રીએ સમજાવ્યું : 'તમે કોઈ ગુન્હો કર્યો નથી પછી તમને...'

'મેં ગુન્હો કર્યો છે સર ! આ માણસને પ્રેમ કરવાનો ગુન્હો કર્યો છે સાહેબ ! એક યુરોપિયન છોકરી નાત, જાત, ધર્મ અને દેશ ત્યજીને એક એશિયનને પરણવા તૈયાર થાય એને તમે અપરાધ નહીં તો બીજું શું કહેશો ઇન્સ્પેક્ટર ?'

'ડાર્લિંગ, તું જરા સમજ.' પાછળથી આવીને શશીએ ધ્રૂજતો હાથ તેના ખભા પર મૂકીને સમજાવવાની કોશિશ કરી, ત્યારે જ્યુલી

ધ્રૂસકે ધ્રૂસકે રડતી ખુરશીમાં ફસડાઈ પડી : 'હું હવે કોઈને મોં નહીં દેખાડી શકું.' હીબકાં ભરતી એ બબડતી રહી ત્યારે ઇન્સ્પેક્ટર અગ્નિહોત્રી પૂરેપૂરો પીગળી ગયો :

'પ્લીઝ, તમે રડવાનું બંધ કરશો.' તેણે કાર્ડ પાછું આપતાં કહ્યું: 'આવતીકાલે તમારાં લગ્ન છે ને ?'

જ્યુલીએ રડવાનું ચાલુ રાખીને હકારમાં ડોક હલાવી.

'તો પછી હું તમને એડવાન્સમાં એક વેડિંગ પ્રેઝન્ટ આપું છું.' એટલું સાંભળવા છતાં જ્યુલીએ ગરદન ઊંચી ન કરી : 'તમને તમારો જયદેવ પાછો સોંપી દઉં છું બસ !'

ઘડીભર તો જ્યુલીના માનવામાં ન આવ્યું, પણ પેલાનો ઇરાદો બદલાઈ ન જાય એટલા ખાતર ઉતાવળ કરવી પડી. બંને હાથમાં ઇન્સ્પેક્ટરનો હાથ પકડી લઈ આંસુભરી આંખે દાબતાં બે ત્રણ વાર 'થૅન્ક્સ' કહીને એણે પર્સ ખોલી : 'આપ કહેતા હો તો હું એના વતી દંડ ભરી દઉં.'

ત્યારે અગ્નિહોત્રીએ હાથ આડો ધરતાં કહ્યું : 'નહીં નહીં, તમે એને લઈને જલદી પાર્ટીમાં પહોંચો.'

ત્યારે વધારે વિવેક કરવાનું પડતું મૂકી જ્યુલી આનંદવિભોર ભાવે શશીનો હાથ પકડી લઈ જાણે દોટ મૂકતી હોય તેમ પોલીસચોકીની બહાર નીકળી ગઈ.

શશીને ઘસડતી જ્યુલી રસ્તા પર જોતાં જ સામેની રેસ્ટોરાંમાં અદ્ધર શ્વાસે બેઠેલા જય-વિદ્યાપતિ અને ગોપી-રાણાને ફાંસીની સજામાંથી છુટકારો મળ્યો હોય એટલી બધી રાહત અનુભવી !

ત્રેવીસ

ઘનઘોર જંગલમાં સમી સાંજે પણ મધરાત જેવો સન્નાટો વર્તાતો હતો. બેઠા ઘાટના એક ઘર પાસે ઢાળેલા ત્રણ ખાટલા પર બેઠક જમાવીને છ જણા ચણા-પરોઠા ઝાપટવામાં મશગૂલ બની ગયા હતા. લીલા મરચાનું ટોપકું બે દાંત વચ્ચે દબાવતા ગોપીનાથે પેટ્રોમેક્સના અજવાળામાં વિદ્યાપતિ સામે જોયું ત્યારે સત્તાવન લાખના ખજાના જેવો એ વહાલો લાગ્યો. મરચાની તીખાશ જેવો સવાલ તેની જીભના ટેરવે સળવળી ઊઠ્યો : વિદ્યાપતિ હવે તો કહે, જયદેવે બૅન્કની પેટીઓ કઈ જગ્યાએ દાટી છે?

પરંતુ બે કલાકમાં પાંચમી વાર તેણે એ સવાલને જીભેથી પાછો વાળી દેવો પડ્યો. વિદ્યાપતિને બહુ પૂછપરછ પસંદ નહોતી અને પસંદ ન હોય એવું કાંઈ પણ કરીને ગોપી તેને ઉશ્કેરી મૂકવા નહોતો માગતો. આમ તો વિદ્યાપતિ સાથે દિલ્હીમાં તેને ત્રણ જ દિવસનો સહવાસ સાંપડ્યો હતો, છતાં જાણે ત્રણ વર્ષથી સાથે રહેતા હોય એવી આત્મીયતા તેની સાથે બંધાઈ ચૂકી હતી. ગુરુવારે સાંજે રૂખીના વસુંધરા એપાર્ટમેન્ટ પાસેથી જયદેવનું અપહરણ કરીને ઘેર લઈ આવ્યા પછી રાતે વિદ્યાપતિનો ભેટો થયો. ત્યારે ગોપીને એ દુશ્મન જેવો આકરો લાગ્યો હતો. એ ન હોત તો જયદેવ પાસેથી બૅન્કલૂંટની રકમ જલદી હાથ કરી શકાત એવો વસવસો જાગ્યો હતો પણ... પહેલી જ રાતે વિદ્યાપતિએ પોતાના મક્કમ મનોબળનો પરચો દેખાડી દઈને બધા પર વર્ચસ્વ જમાવી દીધું હતું. શુક્રવારે રાત્રે ચીનીની ફિલ્મ જોવા ગયા

ત્યારે પણ ગોપીને એનો જુસ્સો જોવા મળ્યો હતો અને શનિવારે સવારે બિશાખાએ પાથરેલી બ્લેકમેલની જાળમાંથી રાણાને છોડાવી લાવ્યો. ત્યારે તો ગોપીએ તેને ભેટી પડીને ખેલદિલીપૂર્વક કહી દેવું પડયું હતું : ‘દોસ્ત, હવેથી આ ટોળીની સરદારી તારા શિરે! અમે તો જુગારીની જેમ દાવ ખેલનારા છીએ જ્યારે તું જુગારખાનામાં રહીને અવળા દાવનેય સવળા કરી દેવામાં પાવરધો બની ગયો છે.’

‘એવું નથી ગોપી !’ વિદ્યાપતિએ આપેલા જવાબના પડઘા અત્યારેય ગોપીને સંભળાતા હતા : ‘કોઈકનો આત્મા આપણી સંગાથે હોય ત્યારે ગમે તેવા વિઘ્નો પાર કરવાનો આત્મવિશ્વાસ આપોઆપ પ્રગટ થાય છે.’

અને એ જ રાત્રે પોલીસચોકીમાં સપડાયેલા શશીનાથને છોડાવવા માટે બધા મરદો મૂંઝાઈને બેઠા હતા ત્યારે જ્યુલી ચપટી વગાડતી તેને બહાર લઈ આવી એ જોઈને ગોપીને શ્રદ્ધા બેસી ગઈ કે રૂખીનો આત્મા જ એમને દૈવી સહાય કરી રહ્યો છે !

એટલે જ તો શનિવારની રાતે વિદ્યાપતિએ ત્રણેને તાબડતોબ દિલ્હી છોડી જવાનો ફેંસલો સંભળાવ્યો ત્યારે ગોપી, રાણા કે શશીમાંથી કોઈએ વિરોધનો હરફ ઉચ્ચાર્યો નહોતો : ‘તમારે ત્રણેએ અલગ રસ્તા પકડવાના છે. એકે ટ્રકમાં, બીજાએ હોડીમાં અને ત્રીજાએ બસ રસ્તે ભારત-નેપાલની સરહદે પેલા મંદિર પાસેના જંગલમાં મંગળવારની બપોર સધીમાં પહોંચી જવાનું છે...’

કોઈના તરફથી આનાકાની સાંભળવા મળી નહીં એટલે તેણે ઉમેર્યું હતું : ‘રઘુનાથની જીપમાં હું, જય અને જ્યુલી ત્યાં આવી પહોંચશું.’

જુદા પડતી વખતે ગોપી પૂછી બેઠો હતો : ‘આગળની બધી યોજના તેં વિચારી રાખી છે ને વિદ્યાપતિ ?’

‘થોડી વિચારી છે અને થોડી વિચારવાની બાકી છે.’ કહેતાં વિદ્યાપતિએ ત્રણેની સાથે હાથ મિલાવીને તાકીદ કરેલીઃ ‘હવે આપણે સાતેય એક છીએ. આપણું ધ્યેય એક છે અને ગમે તેવાં વિઘ્નનો સામનો પણ એક થઈને જ કરવાનો છે... આપણામાંથી કોઈ એક આજની જેમ પોલીસના પંજામાં સપડાઈ જાય તો એણે મોઢું ઉઘાડવાનું નથી અને ઉઘાડ્યા વગર ચાલે જ એમ નથી, એવું લાગે ત્યારે

ઊઘડેલા મોઢામાંથી જીભ બહાર કાઢીને ઉપર-નીચેના દાંત વચ્ચે કચડી નાખવા સિવાય બીજું કાંઈ જ કરવાનું રહેતું નથી !'

જરાયે અસ્વસ્થ થયા વિના ઠંડા કલેજે વિદ્યાપતિએ સંભળાવેલી એ તાકીદે સૌને સચોટપણે મહેસૂસ કરાવી દીધું કે હવે પછીનું દરેક પગલું જીવ મુઠ્ઠીમાં રાખીને ભરવાનું છે !

વિદ્યાપતિની આ તાકીદને લક્ષમાં રાખી દિલ્હીથી જુદા પડેલા ગોપી, રાણા અને શશી અલગ અલગ રસ્તે આગળ વધતા સોમવાર સાંજ સુધીમાં મંદિરવાળા જંગલના મુકામે હેમખેમ ભેગા થયા ત્યારે ત્રણેના શરીરમાં સત્તાવન લાખ રૂપિયાનું ઝનૂન ઊભરાતું હતું : બસ હવે પેલા લોકો આવી પહોંચે એટલી જ વાર... જયદેવ જગ્યા ચીંધાડે એટલે જમીનમાંથી સત્તાવન લાખ ખોદી કાઢીએ!

પણ મંગળવારે નમતા પહોરે રઘુનાથ સાથે જીપમાં એકલા વિદ્યાપતિને આવતો જોઈને ત્રણે થોડીવાર માટે અમંગળ આશંકામાં પડી ગયા હતા : જય-જ્યુલી કેમ નહીં આવ્યાં હોય? રસ્તામાં કોઈ વિઘ્ન નડ્યું હશે કે પછી વિદ્યાપતિએ કોઈ જુદી જ ચાલબાજી વિચારી હશે ?

જીપમાંથી ઊતરતાંની સાથે જ ગોપી તેને પૂછવા જતો હતો પણ ત્રણ જાણીતા વચ્ચે ચોથા અજાણ્યા ચહેરાને જોઈ વિદ્યાપતિ શંકાશીલ નજરે તેને તાકી રહ્યો એટલે ગોપીએ ઓળખાણ કરાવવી પડેલી : 'આ છે સુરેન્દ્રમોહન, મૂળ અલ્હાબાદનો પણ બે વરસથી ફોરેસ્ટ ઑફિસરના આસિસ્ટન્ટ તરીકે અહીં જ રહે છે. આપણો સાથીદાર છે અને રઘુનાથનો દોસ્ત પણ છે !'

તેની સાથે હાથ મિલાવતાં વિદ્યાપતિને ઉમળકાભરી ઉષ્માથી જ તેના પર વિશ્વાસ બેસી ગયો હતો : 'સુરેન્દ્ર, અમને બધાને ભેગા કરવાનો યશ તારા ફાળે જાય છે.'

તેના એ શબ્દોનો અર્થ સુરેન્દ્ર સહિત પાંચેમાંથી કોઈને સમજાયો નહીં, ત્યારે વિદ્યાપતિએ હસીને કહેવું પડ્યું હતું : 'બૅન્કની કૅશપેટીને બદલે તું જયદેવની પાપની પેટીઓ ઊંચકી ન લાવ્યો હોત તો આજે આપણે અહીં ભેગા જ ન થયા હોત ને ?'

પેટીની અદલાબદલીની પોતાની મૂર્ખાઈ પર ધારદાર કટાક્ષ થયો હોય એવું પહેલાં તો સુરેન્દ્રને લાગ્યું હતું, પણ વિદ્યાપતિના ચહેરા

પર એવો કોઈ ભાવ દેખાયો નહીં ત્યારે એણે હસીને કહેવું પડ્યું : 'મારી મૂર્ખાઈને જયદેવે જમીનમાં દાટી દીધી એટલાં આપણાં સદ્ભાગ્ય.... નહીંતર અત્યારે આપણામાંથી બે-ચાર તો નેપાલની જેલમાં બેઠા હોત !'

રઘુનાથ જીપમાંથી બંસી પાસે સામાન ઉતરાવતો હતો એ જોઈને ગોપીથી પુછાઈ ગયું : 'અરે આ બધું શું લઈ આવ્યો વિદ્યાપતિ?'

'શૂટિંગનો સામાન !' લુચ્ચું હસતાં વિદ્યાપતિએ કહ્યું હતું: 'એક મુવી કૅમેરા, બે રિફલેક્ટર્સ અને પેટીમાં મેકઅપનો સામાન તથા કોસ્ચ્યુમ્સ ! કાલે આપણે ફિલ્મ ઉતારવાની છે ને ?'

રઘુનાથ સિવાયના ચારે જણ તેની સામે તાકી રહ્યા. શેની ફિલ્મ? ? કેવી ફિલ્મ ?નો પ્રશ્ન તેમની આંખોમાં ડોકાતો જોઈને તેણે ઠાવકાઈથી સંભળાવ્યું હતું : ' આપણી ફિલ્મનું નામ છે જય પશુ પતિનાથ ! કાલ સવારે અહીંના મંદિર સામે તેના ક્લાઈમેક્સ સીનનું શૂટિંગ થવાનું છે. હીરોઈનને વિલનના પંજામાંથી છોડાવી હીરો હેલિકૉપ્ટરમાં તેને ઉઠાવી જશે.'

'હેલિકૉપ્ટરમાં ?' ગોપીએ અચરજ ઉછાળ્યું હતું.

'હા, સવારે જય અને જ્યુલી હેલિકૉપ્ટરમાં આવશે અને વિલન સુરેન્દ્રમોહન તો આપણી સામે જ હાજર છે !' કહેતાં વિદ્યાપતિએ સશક્ત સુરેન્દ્રનો ખભો દાબ્યો ત્યારે એ તો પોરસાયો પણ રાણા રાજી ન થયો :

'વિદ્યાપતિ, હેલિકૉપ્ટર ક્યાંથી આવવાનું ?'

'અલ્હાબાદથી !' તેના સવાલનો મર્મ પામી ગયેલા વિદ્યાપતિએ સમજાવ્યું : 'સાઠ હજારનું હેલિકૉપ્ટરનું ભાડું તમને મોંઘું તો લાગશે પણ બહુ વિચાર કર્યા પછી અમને એ જ માર્ગ થોડો સલામત લાગ્યો. આટલી મોટી રકમ જમીનમાર્ગે લઈ જવામાં જોખમ છે. આજકાલ અહીંની સરહદે દાણચોરી પર ચેકિંગ વધી ગયું છે એટલે આ તરકીબ વિચારવી પડી.'

'તરકીબ તો સચોટ છે પણ અલ્હાબાદથી આટલી મોટી રકમ અમારે પાછી પટણા પહોંચાડવી પડશે એનું શું ?' ગોપીએ માથું ખંજવાળતાં પૂછ્યું હતું : 'અહીંથી ઊપડેલું હેલિકૉપ્ટર અલ્હાબાદને બદલે પટણા ઊતરે એવું ન થઈ શકે ?'

'ગોપી, હેલિકૉપ્ટરમાં તો રકમનો અમુક ભાગ જ અલ્હાબાદ જશે. બાકીની રકમ તમારે પટણા કેમ પહોંચાડવી એનો રસ્તો આપણે હવે વિચારવાનો છે.... અને એને માટે આપણી પાસે આખી રાત પડી છે' - કહીને તેણે ઉમેર્યું હતું : 'પહેલાં આપણે અહીંના મંદિરે દર્શન કરી આવીએ.'

વિદ્યાપતિએ વાત ત્યાં અટકાવી દીધી એ ગોપીને ખટક્યું ખરું, પણ એના ઇરાદા માટે કોઈ શંકા જાગી નહોતી.

મંદિરેથી જીપમાં પાછા ફરતાં ગોપીએ યાદ કરાવેલું : 'સાથોસાથ આપણે પેલી જગ્યા જોઈ આવીએ તો ?' તેનો ભાવાર્થ વિદ્યાપતિ સમજી ગયો કે રકમ દાટેલી જગ્યા જોવાની એને અધીરાઈ જાગી છે... છતાં એણે કોઈ જવાબ આપ્યો નહીં.ત્યારે ગોપીએ મનોમન અનુમાન કરી લીધું કે અહીં આવતાં પહેલાં જયદેવે ચીંધેલી જગ્યા એ જોતો આવ્યો હશે... પણ એકાન્તમાં રઘુનાથને એ વિષે ઇશારો કરી જોયો ત્યારે એને હતાશ થવું પડ્યું : 'નહીં ગોપી રસ્તામાં, નદીકાંઠે અમે ક્યાંય રોકાયા નહોતા. આ વિસ્તારમાં દાખલ થયા ત્યારે વિદ્યાપતિ તો જીપમાં ઊંઘતો હતો.'

જમ્યા પછી પેટ ભારે થતાં ઓડકાર આવે તેમ હાથ ધોતાં ગોપીના મોંમાંથી અનાયાસ સવાલ બહાર આવી ગયો : 'વિદ્યાપતિ, અંધારું થતાં પહેલાં આપણે પેલી જગ્યા જોઈ લીધી હોત તો સારું થાત.'

ત્યારે વિદ્યાપતિ તેની સામે મલક્યો. જમવાની પ્લેટો ઊંચકીને બંસી ઘર તરફ ગયો પછી એણે મોં ખોલ્યું : 'ગોપી, એ જગ્યા તો આપણે સાથે જ જોઈ આવ્યા !'

'સાથે જોઈ આવ્યા ?' ગોપીની જેમ રાણા અને શશી પણ ચોંક્યાઃ 'આપણે નદીકાંઠે ગયા જ ક્યાં છીએ ?'

'બૅન્કની પેટીઓ નદીકાંઠે નહીં, મહાદેવની છત્રછાયા હેઠળ છુપાયેલી છે.'

'મહાદેવની છત્રછાયા હેઠળ !' સુરેન્દ્ર પહેલીવાર વચ્ચે બોલ્યો : 'મંદિરની આસપાસ તો પથરાળી જમીન છે, જયદેવે પેટીઓ સંતાડવા માટે આટલું બધું ખોદકામ ક્યારે કર્યું ?'

ત્યારે રહસ્યસ્ફોટ કરતાં પહેલાં વિદ્યાપતિ રહસ્યમય ઢબે હસી પડ્યોઃ 'જયદેવને ક્યાં ખબર હતી કે એ બૅન્કની પેટીઓ છે. એણે

તો પાપમાંથી છુટકારો પામવા માટે આંખો મીંચીને મંદિર પછવાડેના કૂવામાં બંને પેટી પધરાવી દીધી હતી !'

'કૂવામાં !' જાણે કાંઠે ઊભેલાને કોઈએ પાછળથી અચાનક ધક્કો માર્યો હોય તેમ પાંચે જણા પહેલાં તો હેબતાઈ ગયા. સુરેન્દ્રમોહન બબડ્યોઃ 'રોજ સવાર-સાંજ મંદિરે દર્શન કરવા જતો છતાં મને એવી કલ્પનાય ક્યાંથી આવે કે મારી મૂર્ખાઈને જયદેવે કૂવાના પાણીમાં ડુબાડી દીધી છે !'

વિદ્યાપતિએ નદીકાંઠાની વાત ઉપજાવી કાઢીને બધાને અંધારામાં રાખ્યા એ માટે તેને ઠપકો આપવાને બદલે ગોપીએ રાહત અનુભવી : 'હા...શ હવે મને નિરાંત થઈ !'

'તને નિરાંત થઈ પણ મને તો ઘડીવાર ધ્રાસકો પડી ગયો.' સુરેન્દ્રમોહને વિદ્યાપતિ સહિત સૌને ચમકાવ્યા : 'ચાર દિવસ પહેલાં જ કૂવામાં અમે માણસને ઉતાર્યો હતો...'

એટલું સાંભળતાં જ પાંચેના ચહેરા તંગ થઈ જતા દેખાયા એટલે તેણે ઉમેર્યું : 'રાત્રે વાઘનો પીછો છોડાવતું બિચારું એક હરણું કૂવામાં કૂદી પડેલું. સવારે દર્શને ગયો ત્યારે પૂજારીએ કૂવામાં તરતી હરણીની લાશ દેખાડી. તાબડતોબ માણસને અંદર ઉતારી લાશ તો બહાર કાઢી પણ પૂજારીનું મન કોચવાતું હતુંઃ આ અભડાયેલા જળથી હવે મહાદેવના લિંગને હું સ્નાન નહીં કરાવું... તમે કૂવાનું પાણી ઉલેચાવી આપો ને !'

'પછી ?' ધ્રૂજતા અવાજે ગોપીએ પૂછ્યું : 'કૂવો ઉલેચવાનું માંડી વાળ્યું ને ?'

'ના માંડી તો નથી વાળ્યું પણ મુલતવી રાખ્યું. પૂજારીને સમજાવી લીધા કે થોડા દિવસ તમને અમારો બંસી આ તરફના કૂવામાંથી રોજ બે હાંડા પાણી લાવી આપશે ત્યાં સુધીમાં જંગલ ખાતામાંથી કૂવો ઉલેચવાના ખર્ચની મંજૂરી મંગાવી લેશું.'

'હા...શ !' વિદ્યાપતિએ રાહત અનુભવી : 'મહાદેવે આપણા ખજાનાની રક્ષા કરી ન હોત તો આજે અહીંથી ખાલી હાથે પાછા ફરવાનો વખત આવત... હવે આજનું કામ પતી જાય એટલે કૂવો ઉલેચવાનો ખર્ચ મહાદેવના મંદિરમાં ધરતા જઈશું !'

'અરે આપણું ધ્યેય પાર પડે પછી તો મહાદેવજીના પુરાણા મંદિરનો જીર્ણોદ્ધાર પણ કરાવીશું.' ગેલમાં આવી ગયેલા ગોપીએ આજુબાજુનો ઘટ્ટ અંધકાર જોઈને અધીરાઈ ઉછાળી : 'હવે આપણે બેઠા છીએ શું કામ ? ચાલો તૈયારીમાં લાગી જઈએ....'

પણ વિદ્યાપતિએ તેની અધીરાઈને દાદ આપવાને બદલે સફારી-બુશકોટના ખિસ્સામાંથી પાનાની બે કેટ કાઢી : 'ચાલો, થોડીવાર રમીને દિલ બહેલાવી લઈએ... તમને બધાને રમી તો આવડે છે ને ?'

જવાબ આપવાને બદલે ગોપી વિચિત્ર ભાવે તેની સામે તાકી રહ્યો, ત્યારે વિદ્યાપતિએ તેની પીઠ પર ધબ્બો મારતાં સંભળાવ્યું :

'ગોપી, કટોકટી કાળ પાસે આવતો હોય ત્યારે તંગ થઈ જવાને બદલે મનનો ભાર ફંગોળી નાખવો જોઈએ... નહીંતર વિઘ્ન આવે ત્યારે નર્વસ થઈ જવાય !'

ત્યારે રમી રમવાની કોઈ આનાકાની કરી શક્યું નહીં.



ચૈત્ર સુદ નોમનો ચંદ્ર આકાશે ખીલ્યો હોવા છતાં ઘનઘોર જંગલના ઘટ્ટ અંધકારને એ ઓગાળી શક્યો નહીં. દોરડે બાંધીને કૂવામાં ઉતારેલી પૅટ્રોમેક્સના અજવાળે એક પછી એક ગોખલામાં પગ મૂકીને નીચે ઊતરી રહેલા બંસીને જોતાં ઉપર ઊભેલા છએ જણાની ઉત્તેજના ઘૂંટાતી જતી હતી. પહેલાં તો બંસીને આ કામમાં સામેલ કરવા સામે વિદ્યાપતિએ વાંધો ઉઠાવેલો, પણ સુરેન્દ્રમોહન તરફથી ખાતરી મળી કે એ વફાદાર નોકરને અંધારામાં રાખવા કરતાં વિશ્વાસમાં લેવામાં ઓછું જોખમ છે, ત્યારે એણે નમતું જોખી દીધું હતું : 'વિશ્વાસથી માણસની વફાદારી જલદી જીતી લેવાય છે, એ સાચું પણ એને આપણા ધ્યેયથી વાકેફ નહીં રાખીએ.... એ ગરીબ માણસને નેપાલની રાજાશાહી કે ભારતની લોકશાહી સાથે શું લેવા દેવા !'

બંસીને કૂવાના તળિયેથી બે પેટી કાઢવાનો પ્રસ્તાવ

સંભળાવ્યો ત્યારે એ થોડીવાર વિચારમાં પડી ગયેલો : 'સાહેબ, રાત્રે કૂવામાં ઊતરવું થોડું જોખમી તો છે. એના ગોખલામાં પંખી માળા બાંધીને ઇંડાં મૂકતાં હોવાથી ક્યારેક રાતે સાપ આવી ચડે છે... છતાં તમે કહો તો હું અંદર ઊતરીશ.'

પાણીની સપાટીને પગ અડતાં જ બંસીએ ઊંચે જોઈને સંકેતથી સમજાવ્યું : ડૂબકી મારું છું.

અને પંદર-વીસ સેકન્ડની એની પહેલી ડૂબકીએ ઉપર ઊભેલાના શ્વાસ ગૂંગળાવી નાખ્યા. હાંફતો બંસી સપાટી પર પાછો ફર્યો ત્યારે બારે આંખોની કીકીઓ તેનો પ્રત્યાઘાત જાણવા અંધકારમાં તગતગતી દેખાઈ. માથું હલાવી છએ જણાને પહેલો આંચકો આપી એ ફરી ડૂબકી મારી ગયો.

બીજી વારની ડૂબકી થોડી સેકન્ડ વધારે લંબાઈ એટલે ગોપી આવેશમાં કૂવાની પાળ પર ચડી બેઠો. આ વખતે બંસી માથું હલાવીને ના કહે તો પોતે જ અંદર ઝંપલાવી દેવું એવી અધીરાઈ તેનામાં આવી ગઈ હતી.

પણ ડૂબકીમાંથી સપાટીએ આવતાં બંસીએ હકારમાં ઊંચે હાથ હલાવ્યો, ત્યારે આનંદનો ધક્કો લાગ્યો હોય તેમ ગોપી પાળ પરથી કૂવાકાંઠે જમીન તરફ ઊથલી પડ્યો, છતાં કોઈએ એના તરફ ધ્યાન આપ્યું નહીં. બધાનું લક્ષ તો હાંફતા બંસીના ઉદ્‌ગાર સાંભળવામાં ચોંટયું હતું : મારા પગમાં પેટી જેવું કાંઈ અફળાયું. તો હવે આ હૂક બાંધેલા દોરડા સાથે ડૂબકી માર. સુરેન્દ્રમોહને દોરડું હલાવતાં કહ્યું : 'પેટીની બંને બાજુ હૅન્ડલ છે તેમાંથી એકમાં હૂક ભરાવી દે.'

ત્રીજી લાંબી ડૂબકી મારવા માટે બંસી થોડો પોરો ખાવા રોકાયો એટલો વિલંબ પણ ઉપર ઊભેલાને બહુ વસમો લાગ્યો. વિદ્યાપતિ આંખો બીડીને પશુપતિનાથનું સ્મરણ કરવા લાગ્યો. તો રાણા હનુમાન ધોકાને યાદ કરી હનુમાન ચાલીસા ભણવા લાગ્યો. નાસ્તિક ગોપી ધડકતા હૃદય પર હાથ દાબીને બેસી રહ્યો. થોડીવાર માટે બિહામણા જંગલનું અસ્તિત્વ બધા વીસરી ગયા.

અને ત્રીજીવારની ડૂબકીમાંથી બહાર આવતાં બંસીએ દોરડું

હલાવીને ઉપર ખેંચવાનો સંકેત દર્શાવ્યો ત્યારે તો ગોપી છલાંગ મારીને વિદ્યાપતિને વળગી પડ્યો અને સુરેન્દ્રમોહન દોરડું ખેંચવા માંડ્યો. હૂક સાથે લટકતી પેટી પાણીની સપાટી પર દેખાઈ ત્યારે રાણા આવેશમાં ચિત્કાર પાડી ઊઠ્યો : 'મળી ગઈ !'

તેના પડઘાથી જંગલ ખળભળી ઊઠ્યું હોય એમ બધા બે પળ માટે સ્તબ્ધ બની ગયા. પછી રાણા સામે દાઝ ઉછાળી ઉપર આવતી પેટીને અદ્ધર શ્વાસે તાકી રહ્યા. સુરેન્દ્રમોહને પેટી ઊચકીને કૂવાની પાળે મૂકી ત્યારે છએ જણા તેને વીંટળાઈ વળ્યા. ગોપીએ હેતથી હાથ ફેરવી પેટી ઉપરનું પાણી પોંછી નાખ્યું. રાણાએ તેના નકૂચે લટકતું તાળું ખેંચીને ચકાસી જોયું. જાણે બીજી પેટી કાઢવાની વાત વિસરાઈ ગઈ હોય તેમ બધા હર્ષઘેલા બની ગયા હતા, ત્યાં સામેથી ઝાડીમાં સળવળાટ થતો સંભળાયો.

ઝાટકા સાથે સુરેન્દ્રમોહનની ડોક એ તરફ મરડાઈ એટલે બીજા બધાનું ધ્યાન પણ ત્યાં ખેંચાયું. ઉચાટભરી આંખે બધા એ દિશામાં તાકી રહ્યા. અંધારામાં કાંઈ કળાતું નહોતું, પણ ગીચ ઝાડી પાછળ કોઈની હિલચાલનો અણસાર તો આવ્યો જ....

'દોરડું તો ફેંકો !' કૂવામાંથી બંસીનો સાદ સંભળાયો ત્યારે છએ જણ ધ્રૂજી ઊઠ્યા. સુરેન્દ્રમોહને કૂવામાં ડોકાઈને નાક પર આંગળી મૂકી તેને ચૂપ રહેવા સમજાવ્યું ત્યાં ફરી ઝાડી પાછળ સળવળાટ થયો અને સૌની છાતીના ધબકારા વધી ગયા.

સુરેન્દ્ર મંદિર પછવાડેના ઓટલા પર મૂકેલી રાઇફલ લેવા દબાતા પગલે આગળ વધ્યો, એટલી વારમાં રઘુનાથને શું સૂઝ્યું કે ખિસ્સામાંથી પિસ્તોલ કાઢી ઝાડી તરફ ધસી ગયો. વિદ્યાપતિ તેને રોકવા માટે હાંક મારવા જતો હતો પણ અવાજ કરવાથી દુશ્મન ચેતી જશે એમ માની જીભ પર લગામ ચડાવી દઈ અવાજની દિશામાં ઝાડી તરફ પિસ્તોલ તાકીને સાબદો થઈ ગયો.

સુરેન્દ્ર રાઇફલ ઊંચકીને પીઠ ફેરવે એ પહેલાં તો આગળ વધતો રઘુનાથ ગીચ ઝાડી પછવાડે અલોપ થઈ ગયો હતો. એક સાથીની ગેરહાજરી તેના ધ્યાનમાં આવી નહીં :

'બધા કૂવાની ઓથ લઈ લો.' સાવધપણે આગળ વધતા

અત્યંત ધીમા અવાજે તેણે સાવચેતી ઉચ્ચારી : 'કોઈ જરાય અથરા થતા નહીં... તૈમૂર ભારે ખંધો છે !'

'કોણ તૈમૂર' એવું પૂછીને સુરેન્દ્રને ખલેલ પહોંચાડવાની કોઈએ ચેષ્ટા કરી નહીં. રઘુનાથ અંદર ઘૂસી ગયો છે એ કહેવાનુંય કોઈને સૂઝ્યું નહીં. આગળ વધતાં સુરેન્દ્રમોહને મહેસૂસ કર્યું કે ઝાડીમાં ખખડાટ ચાલુ જ છે, દુશ્મન પીછેહઠ કરીને ભાગી રહ્યો છે... એ ચૂપચાપ ચાલી જાય તો અત્યારના સંજોગોમાં એને વતાવવો નથી. રાઇફલનો ધડાકો કરવામાં જોખમ હતું, જંગલખાતાના બે-ચાર માણસો દોડી આવે તો બધું ઉઘાડું પડી જાય.'

ઝાડી પાસે પહોંચીને એ થંભી ગયો. કમરપટ્ટામાં લટકતી બૅટરી હાથમાં લઈ તેણે ચાંપ દબાવી અને બીજી જ પળે વાઘની ભયાનક ત્રાડ સાથે માણસની કાળ ચીસ સંભાળાઈ. કૂવા પર ઊભેલા પાંચેયના શ્વાસ થંભી ગયા. ગાડી પાસે પહોંચેલા સુરેન્દ્રના પગ થીજી ગયા. તૈમૂરની ત્રાડ તો ઓળખાઈ ગઈ. પણ માણસની ચીસ કેમ સંભળાઈ ?

'સુરેન્દ્ર હું આવું છું !' કહેતો વિદ્યાપતિ ધસી આવ્યો: 'આપણો રઘુનાથ અંદર છે !'

'અંદર ?' સુરેન્દ્રના શરીરમાં કંપારી વછૂટી ગઈ. બૅટરી વિદ્યાપતિના હાથમાં સોંપી દઈ તેણે પગ ઉપાડ્યા : 'તું બૅટરી ચાલુ રાખી મારી પાછળ પાછળ આવ. મોડા પડશું તો રઘુનાથ....'

છેલ્લા શબ્દો એના કંઠમાં ઓગળી ગયા. વાઘની ત્રાડ સાંભળી સડસડાટ કૂવામાંથી ઉપર ચડી આવેલા બંસીએ કૂવામાં લટકતી પૅટ્રોમૅક્સને ઉપર ખેંચી લીધી. એ જાણતો હતો અંધારામાં લપાઈ ગયેલો વાઘ ગમે ત્યાંથી ગમે તેના પર તરાપ મારતાં અચકાશે નહીં.

ઝાડીમાં થોડા અંદર ગયા ત્યાં જ વાઘની ત્રાડે વિદ્યાપતિ અને સુરેન્દ્રને થંભાવી દીધા. હવે અંધારામાં તગતગતી તેની વિકરાળ આંખો નજરે પડી. શિકારમાં ખલેલ પાડનારા સામે ઘૂરકતા તૈમૂરને તરાપ મારવાની તૈયારીમાં જોઈને સુરેન્દ્રમોહને તેની ચળકતી બે આંખો વચ્ચે રાઇફલનું નિશાન લીધું, પણ ઘોડો દબાવે એ પહેલાં જ પૅટ્રોમૅક્સ સાથે ધસી આવેલા બંસીએ ગીચ ઝાડીનું અંધારું ઓગાળી નાખ્યું અને

પૅટ્રોમૅક્સના ઝગારાથી અંજાઈ ગયેલો વાઘ તરાપ મારવાનો ઇરાદો પડતો મૂકી ગાઢ જંગલમાં પલાયન થઈ ગયો.

પૅટ્રોમૅક્સના અજવાળે બધા દસબાર ડગલાં આગળ વધ્યા ત્યાં જમીન પર તરફડતો રઘુનાથ નજરે પડ્યો. તેની ઉતરડાયેલી ડોકમાંથી લોહીની ધાર વહી જતી હતી અને અર્ધ બેહોશીમાં પીડાથી કણસતો એ જમીન પર હાથ-પગ પછાડતો હતો.

સુરેન્દ્રમોહને પોતાનો બુશકોટ ઉતારી ઘાવ પર દબાવી દીધો : 'જલદી કરો, ઊંચકીને જીપમાં નાંખો.'

ચાર જણાએ રઘુને ઊંચક્યો ત્યારે નીચેની જમીન પર લોહીના રેલા દડી રહ્યા હતા અને તેના જમણા હાથના કાંડામાંથી પણ લોહી ટપકતું હતું.

આઘાતથી હેબતાઈ ગયેલા સાથીઓ તેને ઊંચકીને ચૂપચાપ જીપ સુધી લઈ આવ્યા, ત્યાં સુધીમાં રઘુનો કણસાટ બંધ થઈ ગયો એટલે બધાએ બીજો આઘાત અનુભવ્યો : શું રઘુનું પ્રાણપંખેરું...

'હું એને ફોરેસ્ટ ડૉક્ટર પાસે લઈ જાઉં છું.' જીપના સ્ટિયરિંગ સામે ગોઠવાતા સુરેન્દ્રમોહને સમજાવ્યું : 'તમે લોકો તાબડતોબ બીજી પેટી બહાર કાઢી ઘેર પહોંચી જજો. સવાર સુધીમાં વાઘના હુમલાની વાત જાહેર થઈ ગયા પછી થોડા દિવસ આપણને મોકો નહીં મળે.' કહેતાં તેણે જીપ સ્ટાર્ટ કરી : 'રઘુને હું ગમે તે ભોગે બચાવી લઈશ.'

રઘુને લઈ જીપ રવાના થયા પછી થોડીવાર સુધી પાંચે જણા એકબીજા સામે જોતા ગુમસૂમ ઊભા રહ્યા. ગોપીથી નિસાસો નંખાઈ ગયો: વિમાનમાંથી પેટી ઉતાર્યા પછી શર્માને સાપ કરડ્યો અને અત્યારે કૂવામાંથી પેટી કાઢતા હતા ત્યારે રઘુ પર વાઘ ત્રાટક્યો... કોને ખબર હજુ કેટલાના ભોગ લેવાશે!'



મધરાતે જીપનો અવાજ સંભળાતાં જ બંધ ઓરડામાં બંધ પેટી ફરતા જડવત્ બેઠેલા ચારેયના શરીરમાં સળવળાટ પ્રસરી

ગયો. અઢી કલાકથી સામસામા બેસી રહેલા ચારેમાંથી કોઈને કાંઈ બોલવાનું સૂઝ્યું નહોતું. જે પેટી હાથ કરવા માટે આટલી જહેમત અને આવાં જોખમ વેઠ્યાં હતાં એ હાથ લાગ્યા પછી એનાં તાળાં તોડીને અંદરની રકમ તપાસી જવાની જિજ્ઞાસા પણ થીજી ગઈ હતી. બંસી ભીંતને ટેકે ઝોકાં ખાતો હતો અને ગોપી ત્રણ દિવસથી છોડી દીધેલી ચિરૂટ ફૂંકીને બંધ ઓરડામાં ધુમાડા છોડતો હતો.

પગથિયાં ચડતો સુરેન્દ્ર દાખલ થતાં જ ચારેયની આંખો તેના પર મંડાઈ. તેના ઉઘાડા ડિલેથી પરસેવો રેલાતો હતો અને ચહેરા પર થાક વરતાતો હતો.

'થૅન્ક ગોડ, અત્યારે તો એ આઉટ ઑફ ડૅન્જર છે !' કહેતાં તેણે આરામખુરશીમાં લંબાવ્યું : 'ગરદનમાં અગિયાર ટાંકા આવ્યા, પણ ઘાવ બહુ ઊંડો નથી. ધોરી નસ સુધી તૈમૂરના નહોર પહોંચ્યા નહીં એટલી ઈશ્વરની કૃપા....'

'ત્યારે તો એ બચી જશે.' ગોપીએ ફફડતા જીવે બોલવાની હિંમત કરી : 'એ બિચારો તો દોસ્તીદાવે સાથ આપવા આવ્યો હતો.'

'બચી જશે પણ થોડા દિવસ લાગશે. અત્યારે તો એ ઘેનમાં છે.' કહેતો સુરેન્દ્ર થોડું અટક્યો : 'એ ભાનમાં આવે તે પહેલાં મારે પહોંચી જવું પડશે. અર્ધબેહોશીમાં બિચારો કાંઈ બકી ન મારે એ માટે સાવધ રહેવું પડશે.' ફરી થોડીવાર ચૂપ રહીને બબડ્યો : 'મને પૂછ્યા વગર એને અંદર જવાની મૂર્ખાઈ ક્યાંથી સૂઝી... થોડા દિવસથી તૈમૂર આદમખોર બની ગયો છે. મારે તમને બધાને સાવચેત કરવા જોઈતા હતા. કોઈ અણઘડ શિકારીએ એનો પગ વીંધી નાખ્યા પછી બિચારો લંગડો થઈ ગયો એટલે અમે એનું નામ તૈમૂર લંગ પાડી દીધું હતું... એ બદમાશે મારા જ દોસ્ત પર પંજો ઉગામ્યો.'

ફરી થોડીવાર ખામોશી છવાઈ રહી. ત્યાં સુરેન્દ્રની નજર પેટીઓનાં બંધ તાળાં પર પડી : 'અરે તમે હજુ પેટી ઉઘાડી જ

નથી ?' પછી ખ્યાલ આવ્યો એટલે સુધારી લીધું : 'બરાબર છે, થોડીવાર તો મને પણ થઈ આવ્યું કે જહન્નમમાં જાય સત્તાવન લાખ... મારો રઘુ બચી જાય એટલે બસ !'

'રઘુ બચી ગયો સુરેન્દ્ર !' ઠૂંઠવાઈ ગયેલો આત્મવિશ્વાસ સળવળી ઊઠ્યો હોય એવા રણકાથી કહેતા વિદ્યાપતિએ હથોડો ફટકારીને વારાફરતી બંને પેટીનાં તાળાં તોડી નાખ્યાં. પાણીમાં પડ્યાં પડ્યાં સજ્જડ થઈ ગયેલાં ઢાંકણ ઉઘાડતાં થોડીવાર લાગી તેમાં બધાની અધીરાઈ ઉગ્ર બની ગઈ, પણ પેટીઓ ઉઘાડી ત્યારે પોલિથીનની પારદર્શક થેલીઓમાં પૅક કરેલી નોટોની થપ્પીઓ જોતાં જ બધાની આંખો ચમકી ઊઠી. ઘડીભર સૌ અવાક્ બની ગયા.

'બૅન્કવાળાની તારીફ કરવી જોઈએ !' ગોપીએ ખામોશી તોડી : 'નાણાંની બરાબર કાળજી રાખે છે.'

'પહેલાં તો આપણે નોટોના નંબર ચેક કરવા પડશે.' વિદ્યાપતિએ એક થેલી બહાર કાઢી તેનું સીલ તોડ્યું : 'સીરિયલ નંબરમાં નોટો હશે તો સાવધ રહેવું પડશે.'

બધા કામે લાગી ગયા. દસ-દસ હજારની ચાર થોકડીઓ રનિંગ સીરિયલ નંબરમાં નીકળી તેને અલગ મૂકીને વિદ્યાપતિએ બે ભાગ પાડ્યાઃ 'આ સત્તર લાખ અને સાઠ હજારમાંથી સાઠ હજાર હેલિકૉપ્ટરમાં જશે. ચાલીસ હજારની આ જોખમી નોટો કામ પતી ન જાય ત્યાં સુધી સુરેન્દ્રમોહને જમીનમાં દાટી રાખવાની અને બાકીના આ ઓગણચાલીસ લાખ તમે સંભાળી લો.'

વિદ્યાપતિએ ભાગલા પાડ્યા તેનો કોઈએ વિરોધ કર્યો નહીં, છતાં પોતે હિસાબ સમજાવ્યો : 'અમારા સત્તર લાખ સાઠ હજારમાંથી સાડાપંદર લાખ ચીનાને આપવાના, દોઢેક લાખ રૂપિયા ફિલ્મની સો પ્રિન્ટ કાઢવાના અને સાઠ હજાર હેલિકૉપ્ટરનું ભાડું ચૂકવવાના !'

'તો તો તમારી પાસે અણધાર્યા ખર્ચ માટે કાંઈ જ બચ્યું નહીં !' ગોપીએ હિસાબનો તાળો મેળવતાં કહ્યું : 'બે-ત્રણ લાખ

વધારે રાખી લે વિદ્યાપતિ !'

'નહીં ગોપી, જય પાસે મહારાજાનાં પાપના હજુ લાખેક રૂપિયા પડ્યા છે. એટલા બસ થઈ રહેશે.' કહીને વિદ્યાપતિએ ઉમેર્યું: 'હવે આપણે આગળની યોજના ઘડીએ તે પહેલાં તારે મને થોડી માહિતી આપવી પડશે... રાજાશાહી નાદ કરવામાં સક્રિય ભાગ લે એવા તારી પાસે કેટલા જુવાનો તૈયાર છે ?'

'સવા બસો !' ગોપીએ ગૌરવભેર કહ્યું : 'તેમાંથી પોણોસો તો ભારતમાં હથિયાર ચલાવવાની ટ્રેનિંગ સાથે તૈયાર બેઠા છે. રાઇફલ, મશીનગન, રિવૉલ્વર અને હાથબૉમ્બની ડિલિવરી લેવા માટે હવે આપણી પાસે પૂરતા પૈસા પણ આવી ગયા.'

'આજે ચૈત્ર સુદ નોમ થઈ.' વિદ્યાપતિએ યોજના સમજાવતાં કહ્યું : 'વૈશાખ સુદ ત્રીજે યુવરાજનો રાજ્યાભિષેક છે, પણ એ પહેલાં જ આપણે તેનું નિકંદન કાઢી નાખવાનું છે. મોટા ભાગે વૈશાખ સુદ એકમની રાતે ફિલ્મ ગોઠવાશે... એટલે કે આપણી પાસે માત્ર વીસ દિવસ બાકી છે. પંદર-સત્તર દિવસમાં હથિયાર સહિત તારા બધા જ સાથીઓ નેપાલમાં હાજર થઈ જશે ?'

'હા !' રાણાએ મક્કમ અવાજે સંભળાવ્યું ! 'એ માટે તો અમે દિવસો અગાઉ પૂર્વતૈયારીઓ કરી રાખી છે.'

'પણ હવે આપણી વ્યૂહરચના બદલાઈ છે.' વિદ્યાપતિનો અવાજ ગંભીર થવા લાગ્યો : 'રાજ્યાભિષેક નિમિત્તે બહારના અસંખ્ય પ્રવાસીઓ કાઠમંડુ આવશે. તેમાં વિદેશના મહાનુભાવો હશે એટલે સલામતી દળો સાબદાં થઈ ગયાં હશે. દેશમાં હથિયાર ઘુસાડવામાં બહુ સાવધ રહેવું પડશે. સવાબસો સાથીઓમાંથી માત્ર પાંચ-દસ જ આપણી ગુપ્ત યોજના અંગે જાણતા હોવા જોઈએ. બાકીનામાંથી કોઈ હથિયાર સહિત લશ્કર કે પોલીસના હાથમાં આવી જાય તોપણ છેવટે આપણું કાવતરું ગુપ્ત રહેવું જોઈએ.'

'ગુપ્ત રહેશે !' ગોપીનો આત્મવિશ્વાસ રણકી ઊઠ્યો : 'આપણા સિવાય બીજા પાંચ જ જણા કાવતરાની વિગતથી વાકેફ હશે,

જે ગમે તેવા દમન સહીને ચૂપ રહી શકવાનું ખમીર ધરાવે છે.'

'બસ, તો હવે કાલ સવારના શૂટિંગની યોજના સમજી લઈએ.' કહેતાં વિદ્યાપતિએ સામાનની પેટી ઉઘાડીને તેમાંથી જુદી જુદી સામગ્રી બહાર કાઢી : 'કદાચ આસપાસના લોકો શૂટિંગ જોવા આવી ચડે એટલે સાવચેતી ખાતર તમારે વેશ બદલવા પડશે. એ માટે બનાવટી દાઢી-મૂછ અને મેકઅપનો સામાન હું લઈ આવ્યો છું. આપણે વધુ હોહા કર્યા વગર શૂટિંગનું નાટક આટોપી લેવું છે. હેલિકૉપ્ટર પંદર વીસ મિનિટમાં વિદાય થઈ જશે તેની સાથે હું પણ ઊડી જઈશ.'

'એટલે આપણે સવારે જ જુદા પડીએ છીએ ?' ગોપીએ થોડી અકળામણ અનુભવી : 'ત્યારે તો સવાર સુધીમાં નાની-મોટી બધી જ વિગતો આપણે બંનેએ સમજી લેવી પડશે.'

'હા પણ એ માટે બીજા બધાને ઉજાગરો કરવાની જરૂર નથી.' વિદ્યાપતિએ વાત આટોપી લેતાં ખિસ્સામાંથી એક બૉક્સ કાઢ્યું : 'તમને દરેકને ભેટ આપવા માટે રંગબેરંગી નંગોવાળી અંગૂઠીઓ લઈ આવ્યો છું.'

બૉક્સ ઉઘાડીને તેણે એકાદ ડઝન જેટલી વીંટીઓ દેખાડી ત્યારે ચારે જણા વિસ્મયથી તેને તાકી રહ્યા. વિદ્યાપતિએ લાલ રંગનાં નંગની વીંટી પોતાની આંગળીમાં પરોવતાં કહ્યું : 'તમે પણ એક એક અંગૂઠી પહેરી લો.'

આજ્ઞાંકિતપણે દરેકે વીંટી ઊંચકીને આંગળીમાં ચડાવી દીધી એટલે વધેલી વીંટીનું બૉક્સ તેણે ગોપીને સોંપી દીધું : 'બાકીની વધેલી અંગૂઠીઓ બીજા વિશ્વાસુ સાથીઓને વહેંચી આપજે.'

ત્યારે ગોપીથી બોલ્યા વિના રહેવાયું નહીં : 'વિદ્યાપતિ, કોઈ તાંત્રિક પાસેથી મંતરાવેલી અંગૂઠીઓ લઈ આવ્યો કે શું ? એવું હોય તો તો સારું, વારંવાર આવી ચડતાં વિઘ્નોથી છુટકારો પામીએ.'

સાંભળીને ગોપી લુચ્ચું હસ્યો, જવાબ આપતાં પહેલાં તેણે અંગૂઠીનું ઊપસેલું ટોપકું ખોલીને અંદર છુપાવેલી લંબગોળ રંગીન ગોળી દેખાડી. 'દરેક અંગૂઠીમાં આવી એક કપ્સ્યુલ છે અને દરેક કેપ્સ્યુલમાં કાતિલ ઝેરનું મિશ્રણ ભર્યું છે...'

સાંભળતાં જ ચારેય થથરી ઊઠ્યા.

'ગુપ્ત કાવતરાના જાણકાર સાથીઓમાંથી જે કોઈ શાસનના સકંજામાં સપડાઈ જાય તેણે અંતિમ ઉપાય તરીકે પોતાની અંગૂઠીમાં છુપાવેલી આ કેપ્સ્યૂલ ગળી જવાની રહેશે.'

સાંભળીને કોઈ કંઈ બોલ્યું નહીં ત્યારે વિદ્યાપતિએ ઉમેર્યું: 'જય અને જ્યુલીએ પણ આવી અંગૂઠી પહેરી લીધી છે! આપણામાંથી કોના ભાગે એ કેપ્સ્યુલ ગળી જવાનો વખત આવે... કોને ખબર !'

ત્યારે દરેકે પોતાની અંગૂઠીનું ટોપકું ખોલી કેપ્સ્યુલ તપાસી લીધી.

ચોવીસ

અને વિમાન દિલ્હીની ધરતી પરથી ઊંચકાયું. પાલમ ઍરપૉર્ટની અગાશીમાંથી પોતાને જોઈ નહીં શકતા હોવા છતાં વિમાન તરફ હાથ હલાવતા ઊભેલા જયને એકીટશે નિહાળતી જ્યુલીની પાંપણો ભીંજાવા લાગી. સ્વેચ્છાએ જતી હોવા છતાં ઘડીભર એવું મહેસૂસ કર્યું કે જયથી અલગ કરીને કોઈ રાક્ષસ પોતાને ખભા પર ઊંચકી જઈ રહ્યો છે.'

'વહાલાની જુદાઈ બહુ વસમી લાગે છે ને જ્યુલી ?'

બાજુમાં બેઠેલી શોભાએ કહ્યું ત્યારે એને ભાન થયું કે શોભા અને વિદ્યાપતિ પણ સાથે છે. સ્મિતના પ્રયાસ સાથે જ્યુલીએ ભીની પાંપણો પર આંગળીનાં ટેરવાં ફેરવી લીધાં, પણ જવાબ આપવાનું સૂઝ્યું નહીં.

'આપણી સ્ત્રીઓની એ જ તો એક લાક્ષણિકતા છે જ્યુલી! પુરુષને પામવા માટે પહેલા ઝૂરીએ અને પામ્યા પછી થોડા દિવસની જુદાઈમાંય ઝૂરતાં રહીએ.' શોભાથી નિઃશ્વાસ નખાઈ ગયો: 'મારા જેવીને તો રોજ જુદા જુદા પુરુષને પામવાનો અને રોજ ગુમાવવાનો.... નહીં મિલનનો આનંદ કે ન વિયોગનો વિષાદ!'

'તું તો આજ કોઈ ફિલસૂફ જેવું બોલવા લાગી શોભા !' પાછળ બેઠેલા વિદ્યાપતિએ તેના તરફ ડોક લંબાવતાં ટકોર કરી : 'સ્ત્રીઓની જેમ પુરુષોને પણ વિયોગનો વિષાદ હોય છે !'

એ કહેવા તો ગયો વ્યંગમાં, પણ બોલતાં બોલતાં રૂખીના વિયોગનો ખટકો અવાજમાં ભળી ગયો. વિદ્યાપતિની આંખોમાં વિષાદની વાદળી જોઈને શોભાએ સહાનુભૂતિના સ્વરે કહ્યું :

'છતાં સ્ત્રી અને પુરુષની પીડામાં એક તફાવત છે. અમે વિષાદનો નિઃશ્વાસ નાખતી ફરીએ છીએ જ્યારે તમે પુરુષો આત્મવિશ્વાસનાં મહોરા હેઠળ વિષાદને છુપાવી શકો છો !'

ત્યારે વિદ્યાપતિ મૌન રહીને મલકવા લાગ્યો પણ જ્યુલીથી બોલાઈ ગયું : 'સ્ત્રી કે પુરુષ પ્રકૃતિથી ભલે ભિન્ન દેખાતાં હોય પણ ભીતરની પીડા તો સરખી જ અનુભવે છે... કોઈકને પામે ત્યારે સમગ્ર જીવન સાર્થક બની ગયાના ભાવ જાગવા માંડે અને પામ્યા પછી ગુમાવે તો સમસ્ત જગત નિરર્થક લાગવા માંડે !'

'જયથી જુદા પડ્યાને પૂરી પંદર મિનિટ થઈ નથી જ્યુલી!' મજાકનો વળાંક આપતાં વિદ્યાપતિએ કહ્યું : 'આટલી વારમાં તને જગત નિરર્થક હોય એવો વૈરાગ્ય કાં જાગવા માંડ્યો!'

વિદ્યાપતિએ જવાબ માટે પૂછ્યું નહોતું અને જ્યુલી જવાબ આપવા માગતી પણ નહોતી. તેને તો મૂંગા રહીને જાત સાથે થોડી વાતો વાગોળી લેવી હતી. વારંવાર એક વાત તેના અંતરને ડંખ્યા કરતી હતી : જે સંકલ્પ કરીને હું નીકળી એનો ભેદ જુદા પડતાં પહેલાં જય સમક્ષ જાહેર કરી દીધો હોત તો? અલ્હાબાદથી હેલિકૉપ્ટરમાં ઊડતાં ગંગા-જમનાના સંગમ પરથી પસાર થતી વખતે ભાવાવેશમાં મારો હાથ દબાવતો જય પૂછી બેઠો હતો; 'કામ પતાવીને વિદ્યાપતિ સાથે હેલિકૉપ્ટરમાં અહીં પાછા ઊતરીએ પછી એક બીજું કામ પતાવવાની ઇચ્છા જોર કરવા લાગી જ્યુલી !'

'તો એ ઇચ્છા પૂરી કરો જય !' કહેતાં તેણે ઉમેર્યું હતું: 'તમારી એ ઇચ્છા મારાથી ગુપ્ત રાખવાની ન હોય તો એ જાણી લેવાની મારી ઇચ્છા પણ જોર કરી ઊઠી છે.'

'તારાથી ગુપ્ત ?' આગળાં દબાવતાં તેણે કહ્યું હતું : 'અરે પાગલ, તારા સાથ વગર એ ઇચ્છા જ પૂરી થઈ શકે તેમ નથી.... સંગમના આ પવિત્ર સ્થાન પર વિદ્યાપતિની હાજરીમાં શાસ્ત્રોક્ત વિધિથી આપણે પરણી જઈએ તો ?'

સાંભળતાં જ પોતે ભાવવિભોર બની હેલિકૉપ્ટર-પાયલટની હાજરી વીસરી જઈ જયને ચુંબન ચોડી બેઠી હતી. જય તરફથી સાંભળવા મળેલો લગ્નનો પ્રસ્તાવ એ એના જીવનની સર્વશ્રેષ્ઠ ઘડી હતી, પણ બીજી જ ઘડીએ તે સજાગ બની ગઈ હતી. ઊડતાં હેલિકૉપ્ટરની ઘરઘરાટી વચ્ચે કાનમાં કહેવા માટેય ઊંચેથી બોલવું પડ્યું હતું : 'ધ્યેય પાર પાડ્યા પહેલાં લગ્નનો વિચાર નહીં કરવાનો સંકલ્પ ભૂલી ગયા કે ?'

'બરાબર યાદ છે જ્યુલી, પણ એ ધ્યેય પાર પાડતાં સુધીમાં આપણે જુદા પડી જવાનું તો નહીં આવે ને ?'

ગળગળા અવાજે જય બોલી ગયો ત્યારે ઘડીભર તો પોતે ચોંકી હતી : જુદા પડી જવાનો મારા મનનો ભય એ પામી ગયો કે શું ?

અને અત્યારે ઍરપૉર્ટ પર વિદાય આપતાં પહેલાં તેણે મક્કમ સ્વરે એ જ વાત જુદી રીતે કહી કે જ્યુલી, મારી શ્રદ્ધા દૃઢ બનતી જાય છે. હવે આપણને કોઈ જુદા નહીં પાડી શકે... ત્યારે ઉપરછલ્લું હસીને પોતે મનોમન ભાંગી પડી હતી : તમારાથી જુદી પડવા માટે જ જઈ રહી છું જય... ધ્યેય પાર પાડવા માટે આપણે જુદા પડવું જ પડશે જય !

એ વખતે બે હોઠ વચ્ચે દબાવી રાખેલા એ શબ્દો અત્યારે ફરી બોલાઈ જવાશે એવી બીકમાં સાવધ થઈ જતી જ્યુલીએ બાજુમાં બેઠેલી શોભા તરફ જોઈ લીધું, પણ એ તો પોતાનામાં મશગૂલ બની ગઈ હોય તેમ પાંપણ બીડીને બેઠી હતી.

વિમાન પૂરવેગમાં ઊડતું હોવા છતાં અંદર બેઠેલાને સ્થિર લાગે તેમ શોભાનું મન વિચારના આવેગમાં ધસી રહ્યું હતું, ત્યારે જ્યુલીને એ સ્થિતપ્રજ્ઞ જેવી દેખાઈ.

શોભા વિચારતી હતી : મેં નેપાલ જવાનો પ્રસ્તાવ સ્વીકાર્યો ત્યારે જ્યુલીએ ઉપકારનો ભાવ વ્યક્ત કર્યો, પણ એ ક્યાં જાણતી હતી કે નેપાલની દેવભૂમિ જ હવે મારા જીવનનું અંતિમ ધ્યેય બની ગઈ છે. વરસોથી મનમાં ઘૂંટાતું વેર ત્યાં જ મારે વસૂલ કરવાના સંજોગ સર્જાશે એ તો હું પણ ક્યાં જાણતી હતી ?

'કેવા વિચિત્ર કામ માટે તને લઈ જાઉં છું શોભા !' ગુનેગારની જેમ જ્યુલી બોલી હતી : 'તારું અપહરણ થાય અને તારા પર એ રાક્ષસ બળાત્કાર ગુજારે તો જ અમારું કામ પાર પડે એમ કહેવુંય કેટલું બેહૂદું લાગે છે ! એ બુરખાધારીની વિકૃત ચેષ્ટાઓ, રિબામણીની રીતો પરદા પર જોતાંય હું કમકમી ઊઠી હતી ! કોઈ મારા પ્રાણને પીંખી રહ્યું હોય, મારા જીવને ચૂંથી રહ્યું હોય એવો અસહ્ય ત્રાસ થયો હતો અને છતાં તને હું એ યાતનામાં ધકેલવા તૈયાર થઈ.'

સાંભળીને થોડીવાર પોતે એને તાકી રહી હતી. જવાબ મળવામાં વિલંબ થયો ત્યારે જ્યુલી અસ્વસ્થ બનવા લાગી હતી: કદાચ ના સાંભળવી પડશે તો ?

'જેની કલ્પનામાત્રથી તું ધ્રૂજી ઊઠે છે એવા ત્રાસ તો હું અગાઉ ભોગવી ચૂકી છું જ્યુલી !' કહેતી વખતે તેના માનસપટ પર પુરુષોની પાશવી વિકૃતિની બે-ત્રણ ઘટના ઝબકારા કરી ગઈ હતી : 'મોજ માણવા માટે કેવી કેવી વિકૃત યુક્તિઓ અજમાવે છે આ મરદો ! જવા દે, તું સાંભળીશ તો તને ઉબકા આવવા માંડશે.... મને કોઠે પડી ગયું છે. તારો એ બુરખાધારી રાક્ષસ ભલે મારું થોડું લોહી ચૂસી લે પણ હું એનો બુરખો ચીરીને જ પાછી આવીશ.'

'પાછો આવીશ...' બબડતી જ્યુલી થોડીવાર અકળાતી ચૂપ રહીને બોલી હતી : 'શું પોતાનો બુરખો ચીરનારીને એ રાક્ષસ જીવતી પાછી આવવા દે ખરો ?'

ત્યારે પોતે થોડીવાર આમ જ આંખો મીંચીને વિચારમગ્ન બેસી રહી હતી. 'જીવતી પાછી ન ફરું તોપણ હવે મારે જીવવા જેવું રહ્યું છે શું ?' બંધ પાંપણે જ એ બોલી ગઈ હતી : 'પણ હા, એ પહેલાં મારે નેપાલમાં એક છેલ્લું કામ પતાવવું જરૂરી છે.'

'છેલ્લું કામ અને તે નેપાલમાં ?' જ્યુલી કેવી ચમકીને પૂછી બેઠેલી: 'શોભા, તું જેના પર વેર વાળવા માગતી હતી એ તો અહીં દિલ્હીમાં....'

'બહુ જલદી સમજી ગઈ જ્યુલી ! મારા સાત ભવનો દુશ્મન

આજકાલ દિલ્હી છોડીને કાઠમંડુની હવા ખાવા ગયો છે. તેં મને કામ ન ચીંધ્યું હોત તોપણ મારે નેપાલ જવાનું જ હતું... એ દુશ્મનને હું કૂતરાના મોતે મારવાની છું. બસ ! ત્યાર પછી પેલા રાક્ષસનો બુરખો ચીરવા બદલ ભલે ને મારે મોતને ભેટવાનો વખત આવે, કોઈ અફસોસ નહીં રહી જાય... હા, અત્યાર સુધી અપંગ પિતાની ચિંતા રહ્યા કરતી, પણ તમે લોકો મળી ગયા પછી એય ટળી ગઈ.'

પોતે આટલું નિખાલસપણે કહ્યા છતાં જ્યુલીને એક સવાલ તો જાગ્યો જ હશે કે પરાયા માણસોનું કામ કરવા માટે આ ધંધાદારી બાઈ કોઈ બદલો લેવાની શું કામ ના પાડે છે? મને પોતાનેય આનો જવાબ જડતો નથી. કદાચ એ કારણ પણ હોય કે આ પરાયા લોકો હવે પોતાના જેવા લાગવા માંડ્યા છે. જયદેવને મળ્યા પછી મારા જીવનમાં અજાણતાં જ એક પરિવર્તન આવવા લાગ્યું. રૂખીના મૃત્યુએ મારી વેરની આગને ભડકાવી દીધી તેમ વૈરાગ્યની એક ચિનગારી પણ પેટાવી દીધી... એ લોકોનો આ ઉપકાર કાંઈ ઓછો છે કે એમનું એક કામ કરવાનો હું બદલો માગું ? અરે, આ કામ એમનું જ થોડું છે, મારા જેવી અનેક બદનામ નારીઓનાં જીવન બરબાદ કરનાર એકાદ નરાધમનું નિકંદન કાઢી નાખવામાં મારું બલિદાન નિમિત્ત બને તો જીવ્યું ભલે નિરર્થક નિવડ્યું, મર્યું તો સાર્થક થાય ને!

વિદ્યાપતિ ઍરહોસ્ટેસોની હિલચાલ નિહાળતો, વચ્ચે વચ્ચે બારી બહાર નજર નાખી લેતો અને ક્યારેક વિનાકારણ ઘડિયાળમાં જોઈ લેતો સફરનો સમય ઘટાડી રહ્યો હતો. આગલી બેઠકમાં શોભા-જ્યુલી આંતરમુખ બનીને બેઠી હતી અને છેક છેવાડેની સીટમાં પેલો ચીનો ચ્યાંગ છાપું વાંચવાને બહાને ચહેરો છુપાવી સિગારેટ ફૂંકતો હતો.

હેલિકૉપ્ટર અને વિમાનના ઉડ્ડયન વચ્ચેના ચાર દિવસમાં કોઈ કામમાં નાનું સરખુંય વિઘ્ન નડ્યું નહીં, ત્યારે વિદ્યાપતિનો આત્મવિશ્વાસ પરાકાષ્ઠાએ પહોંચી ગયો. જંગલમાં તૈમૂર વાઘની તરાપનો ભોગ બનેલો રઘુનાથ બુધવારની વહેલી સવારે જ ભાનમાં આવી ગયો હતો. સુરેન્દ્રમોહને ડૉક્ટરની હાજરીમાં તેના કાનમાં

ફૂંક મારી કે સત્તાવન લાખ હાથમાં આવી ગયા છે. ત્યારે જખમની બધી જ પીડા વીસરી જઈને એ મુક્તપણે મલક્યો હતો. સુરેન્દ્ર તરફથી મળેલી વીંટી વિનાખચકાટે આંગળીમાં પહેરી લઈને તેણે સંકેતથી સમજાવ્યું હતું : મારા તરફથી કોઈ ચિંતા રાખશો નહી. ભીતરના ભેદનો કોઈને જરા સરખો અણસાર આવવા નહીં દઉં....

સવા દસ વાગે આકાશમાં હેલિકૉપ્ટરની ઘરઘરાટી સાંભળીને પાંચે સાથીઓ ઉત્તેજનાભેર 'શૂટિંગ'નું નાટક ભજવવામાં પરોવાઈ ગયા હતા. જંગલમાં વસતા ચાલીસ-પચાસ જિજ્ઞાસુ લોકો સિવાય એમનું આ પરાક્રમ નિહાળવામાં કોઈ વાંધાજનક વ્યક્તિ આવી ચડી નહોતી એટલે દેખાવ ખાતર એક-બે રિટેક કરીને જય, જ્યુલી અને વિદ્યાપતિ સત્તર લાખ સાઠ હજારની રકમના થેલા સહિત હેલિકૉપ્ટરમાં અલ્હાબાદ તરફ ઊડી ગયા હતા.

અલ્હાબાદથી વિમાનમાં ગુરુવારે દિલ્હી પહોંચીને વિદ્યાપતિએ ચીનાને પાંચ લાખ રૂપિયા પકડાવી દીધા, ત્યારે પેલાની ઝીણી આંખો ચમકી ઊઠી હતી : 'હવે કામ કરવાની ગરમી આવી. બોલ, આપણે ક્યારે કાઠમંડુ ઊપડવાનું છે ?'

'ડ્રેગન, આ પાંચ લાખમાંથી દોઢ લાખ તારી નેગેટિવ પરથી સો કોપી તૈયાર કરવા માટે આપ્યા છે... પહેલાં મને એ કહે કે ફિલ્મની પ્રિન્ટ્સ કોણ, ક્યાં અને કેટલા વખતમાં તૈયાર કરી આપશે ?'

'કોણ અને ક્યાં એ નહીં કહું, કારણ કે આ કામ અત્યંત ગુપ્તપણે થવાનું છે,' ચીનાએ ખંધા અવાજે કહ્યું હતું : 'કેટલા વખતમાં તૈયાર થશે એનો જવાબ છે. શનિ-રવિની રજાના બે દિવસનું જ કામ છે.'

'તો આ શનિ-રવિમાં જ એ કામ પતાવી દઈએ.'

'કામ પતાવી દઈએ, પણ...' કહેતો એ અટક્યો હતો : 'પ્રિન્ટ્સની ડિલિવરી તો મારી નેગેટિવના દસ લાખ પૂરા ચૂકવાઈ ગયા પછી જ મળે.'

'જો ડ્રેગન, પૈસા ચૂકવ્યા વિના અમે કોઈ કામ કરવાના નથી.' વિદ્યાપતિના અવાજમાં થોડી સખ્તાઈ આવી ગઈ હતી :

'ફરી ક્યારેય આપણી વાતમાં એનો ઉલ્લેખ કરીશ નહીં. પ્રિન્ટ્સની ડિલિવરી લેનારે ક્યાં જવાનું છે એ ઠેકાણું તારે આપી દેવું પડશે.'

'ઠેકાણું નહીં, ટેલિફોન નંબર આપું છું.' કહેતાં ચીનાએ કાગળ પર નંબર લખી આપ્યો હતો : 'આ નંબર પર ફોન કરીને પૂછવાનું કે ડ્રેગનનો માલ લેવા ક્યાં આવું ? ફોન પર જે ઠેકાણું લખાવે ત્યાં જઈને ડિલિવરી લઈ લેવાની.'

કહેતાં ચીનાએ નોટોની થપ્પીમાંથી સોની એક નોટ કાઢી વિના સંકોચે તેના બે ટુકડા કરીને વિદ્યાપતિના હાથમાં એક કટકો પકડાવી દીધો હતો : 'આ અડધિયું લઈને જશે તેને ડિલિવરી મળી જશે.'

'હવે આપણે લેવડદેવડની વાત સમજી લઈએ.' વિદ્યાપતિએ નોટના ટુકડા સાથે ટેલિફોન નંબર ખિસ્સામાં સરકાવતાં કહ્યું હતું : 'તમારા સાડા પંદર લાખ ઠરાવ્યા હતા, તેમાંથી સાડાત્રણ લાખ ચૂકવી આપ્યા, બાકીના બાર લાખમાંથી બે લાખ કાઠમંડુમાં ફિલ્મનો છેલ્લો ટુકડો ઝડપાઈ જાય એટલે આપી દેવાના અને દસ લાખ અહીં દિલ્હીમાં પ્રિન્ટ્સની ડિલિવરી લેતાં પહેલાં આપવાના, બરાબર ?'

'બરાબર' કહેતાં ચીનાએ ઉમેર્યું હતું : 'પણ આ દસ લાખ દિલ્હીમાં કોને ચૂકવવા એ તો તેં પૂછ્યું નહીં.'

'પૂછ્યું નથી પણ અનુમાન કરી લીધું છે.'

વિદ્યાપતિએ કહ્યું ત્યારે ચીનો ચમક્યો હતો. ચરસની સિગારેટ સળગાવી વિદ્યાપતિના મોં પર ધુમાડા ફેંકતાં પૂછી લીધેલું: 'અને તારું અનુમાન ખોટું ઠરે તો ?'

'તો...' વિદ્યાપતિને કેસિનો યાદ આવી ગયો હોય તેમ બોલ્યો : 'પચાસ હજારની હારજીત ! બોલો મંજૂર છે ?'

'મંજૂર !' ચીનો ગેલમાં આવીને બોલી ગયેલો : 'તારું અનુમાન ખોટું ઠરે તો મને તારે અર્ધો લાખ વધારે આપવાના અને નહીંતર મને ચૂકવવાની રકમમાંથી એટલા કાપી લેવાના.... હવે બોલ, કોણ છે એ વ્યક્તિ ?'

'તમારી લેડી પાર્ટનર જોહરા !'

નામ સાંભળતાં જ ચીનાએ એવો આંચકો અનુભવ્યો હતો કે

બે આંગળી વચ્ચે પકડેલી સિગારેટ ઊછળીને સામે બેઠેલા વિદ્યાપતિના ખોળામાં પડી હતી ! સોનાનો દાંત દેખાય તેમ હસીને ચ્યાંગે ખેલદિલીપૂર્વક વિદ્યાપતિ સાથે હાથ મિલાવ્યો હતો :

'બદમાશ, તું પચાસ હજાર જીતી ગયો !'

'અમે કેસિનોમાં જીતી જનારાને બદમાશ નહીં શાબાશ કહીએ છીએ!' વિદ્યાપતિએ જરૂર કરતાં વધુ જોશમાં તેનો પાતળો હાથ દબાવતાં સંભળાવેલુ : 'અને હારી જનારાને બેવકૂફને બદલે બેડલક કહીને આશ્વાસન આપીએ છીએ !'

'પણ હું તો મને બેવકૂફ જ કહેવાનો.' કચડાયેલાં આંગળાં પંપાળતા એ બોલ્યો હતો : 'અમારી ખાનગી પાર્ટનરશિપની વાત તું કેવી રીતે જાણી ગયો ?'

'એ પણ મારે તને જણાવી દેવું પડશે ?' વિદ્યાપતિએ કહેવા ન કહેવાની ગડમથલમાં થોડું રોકાઈને મુત્સદ્દીભર્યો જવાબ શોધી કાઢ્યો હતો :

'તમારી જોહરા પાકિસ્તાનની એલચી કચેરીની અધિકારી છે અને ચીન-પાકિસ્તાન વચ્ચેની દોસ્તી ખાનગી હોવા છતાં જગજાહેર જ છે ને !'

'તું ભારે લુચ્ચો નીકળ્યો !'

'ચાલાક માણસને અમે લુચ્ચો નથી કહેતા.'

'બોલવામાં હું તને નહીં જીતી શકું.'

'તો બાકીની હારજીત આપણે કાઠમંડુના કેસિનો માટે મુલતવી રાખીએ.' કહેતાં એણે વાત સંકેલી લીધી હતી : 'રવિવારે સવારે ઇન્ડિયન ઍરલાઇન્સની ફ્લાઇટમાં આપણે સાથે છતાં જુદા સફર કરીશું.'

ઍરપૉર્ટ પર ચ્યાંગ સાથે તેની પાર્ટનર જોહરા પણ આવેલી. જ્યુલી અને જોહરા એકબીજાની સામે આવી ત્યારે પહેલાં તો બંને ચોંકી પડેલી, પણ અર્ધી જ મિનિટમાં બંનેની અસ્વસ્થતા ખંખેરાઈ ગઈ હતી.

'જોહરા, હું તારી પેઇંગગેસ્ટ મટી ગઈ ત્યારે તેં પૂછેલું ને કે કોણ છે તારો બોયફ્રેન્ડ ?' કહીને જ્યુલીએ ઓળખાણ કરાવી

હતી : 'મિટ મિસ્ટર જયદેવ, માય વુડ બી હસબન્ડ !'

જ્યુલીની પસંદગી કે ખુશનસીબીનું માપ કાઢતી હોય તેમ જય સાથે હાથ મિલાવતી જોહરા મુગ્ધભાવે થોડીવાર તેને નિહાળતી રહેલી : 'યૂ આર લકી, જ્યુલી !' જોહરાએ દાદ આપતાં કહેલું : 'એના હાથમાં પ્રેમની ઉષ્મા અને લાગણીની કુમાશ વર્તાય છે.' પછી હસીને ઉમેર્યું હતું : 'ખુદા કરે મેરી નઝર ન લગ જાય !'

જ્યુલી તો એની તારીફ પર પ્રસન્ન થઈ હતી, પણ ચ્યાંગને ધ્રાસકો પડ્યો હોય તેમ બોલી ઊઠ્યો હતો : 'સંભાળજે જોહરા, તારે એની પાસેથી દસ લાખ વસૂલ કરવાના છે, તું એના પર મોહી પડીશ તો નુકસાની મને થશે.'

'કદાચ ફાયદો પણ થાય.' જોહરાએ નફ્ફટપણે સંભળાવ્યું હતું : 'દસને બદલે અગિયાર લાખ પડાવી લઉં એવુંય બને !'

એમની વાતચીત ચાલતી હતી ત્યાં શોભા જયને એક તરફ ખેંચી ગઈ હતી : 'મારે તમને એક ભલામણ કરવાની છે.' કહેતી એ તેને અપંગ પિતા પાસે લઈ ગઈ : 'મારી ગેરહાજરીમાં તમે એમનું ધ્યાન રાખજો. તમારી સાથે એને કાઠમંડુ લઈ આવો ત્યાં સુધીમાં વધારે પડતું પીને કોઈની સાથે ઝઘડી ન બેસે કે આડુંઅવળું કાંઈ બોલી ન નાખે એટલું ધ્યાન રાખજો.'

એક જમાનાના ક્રાન્તિકારી અને હવે પુત્રીની લોહીની કમાઈ પર જીવતા અરવિંદ 'આઝાદ'ના ઝૂકેલા ખભા પર હાથ મૂકતાં જયે શોભાને ધરપત આપી હતી : 'તું કહેતી હો તો એમને અહીંથી મારે ઘેર લઈ જાઉં, મારી સાથે રહેશે અને મારી સાથે જ નેપાલ આવશે, બસ !'

'નહીં, નહીં !' શોભાએ અધીરાઈભેર એ પ્રસ્તાવ ઉડાવી દીધેલો: 'પપ્પાને મેં એક અગત્યનું કામ સોંપ્યું છે, જે તમારાથી પણ છાનું રાખવાનું છે.' કહેતાં એ હસી પડી હતી: 'તમારી સાથે રાખશો તો બે દિવસમાં જ બધું બકી નાખશે.'

ત્યારે આઝાદથી ચૂપ રહેવાયું નહોતું : 'મારા પહેલાં તો તું જ બધું બકી રહી છે શોભા, નેપાલ જઈને પશુપતિનાથ પાસે એટલું માગી લેજે કે બ્રિટિશરોની ગોળીઓથી અપંગ બનેલા તારા

આ બાપને પોતાના પગ પર ઊભા રહેવાની ફરીથી શક્તિ આપે.'

સાંભળીને શોભાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. એ કહી ન શકી કે હવે તો હું પણ આ જિંદગીથી તંગ આવી ગઈ છું. રૂખીની જેમ કમોતે મરવાનો વખત ન આવે એટલા ખાતર સામે ચાલીને મોત સામે બાથ ભીડવા તૈયાર થઈ છું....'

અને કાઠમંડુ જતા ઉતારુઓને કસ્ટમના ચેકિંગ માટે આગળ વધવાનું એલાન થતાં સૌ કોઈ એક બીજાને મળી લેવામાં પડી ગયા, ત્યારે જય સાથે હાથ મિલાવતા વિદ્યાપતિએ ધીમેથી કહ્યું હતું: 'આજે ૩૦ માર્ચ થઈ. આ વર્ષે વૈશાખ સુદ એકમની તિથિ નથી એટલે ચૈત્રી અમાસની અંધારી રાતે જ રાક્ષસનો વધ કરવાનું ચોઘડિયું લખાઈ જશે. ૧૫ એપ્રિલ આડે સોળ દિવસ બાકી રહ્યા, આજથી હવે ઊંધેથી ગણવાની શરૂઆત કરી દઈએ, સોળ, પંદર, ચૌદ, તેર... બોલતાં બોલતાં તેણે આત્મવિશ્વાસના જોશમાં તેનો હાથ દબાવી દીધો હતો: 'જય પશુપતિનાથ!'



'થોડી જ વારમાં આપણું હવાઈ જહાજ કાઠમંડુ ઍરપૉર્ટ પર ઉતરાણ કરશે. કૃપા કરીને કોઈ ધૂમ્રપાન ના કરશો અને આપની ખુરશીનો પટ્ટો બાંધી લેશો...'

ઍરહોસ્ટેસના એલાને પ્રત્યેક પેસેન્જરમાં સળવળાટ જગાડી દીધો. વિદ્યાપતિ તો ક્યારનો બારીમાંથી માતૃભૂમિનું સૌંદર્ય નિહાળવામાં તલ્લીન બની ગયો હતો. વિખરાતા ધુમ્મસ પાછળ ઊભેલા ઊંચા પહાડો, હરિયાળી ધરતી પર ચરતાં પશુઓ અને અસંખ્ય દેવ-દેવીઓનાં નાનાં મોટાં મંદિરો.... વતન છોડ્યાને માત્ર પખવાડિયું જ થયું હતું, છતાં પંદર દિવસમાં કેટલું બધું બની ગયું અને હવે પછીના પંદર દિવસમાં કેટલું બધું બની જવાનું !

વિમાનનાં પૈડાંએ ધરતીનો સ્પર્શ કર્યો ત્યારે પોતપોતાના વિચારમાં મશગૂલ વિદ્યાપતિ, જ્યુલી, શોભા અને પેલા ચીનાએ પોતપોતાની રીતે થડકો અનુભવ્યો.

'આવી ગયું આપનું વતન !'

પછવાડે ડોક ફેરવતી શોભાએ મલકીને વિદ્યાપતિ સામે

જોયું : 'ઉનાળામાં પણ જ્યાં ખુશનુમા ઠંડક માણવા મળે છે એવું તમારું નેપાલ !'

'માત્ર ખુશનુમા ઠંડક જ નહીં, હૂંફાળા માનવીઓનો પણ અહીં સહવાસ માણવા મળે છે !' વિદ્યાપતિએ સીટનો પટ્ટો છોડતાં કહ્યું ત્યારે શોભાએ વાસ્તવિકતાની યાદ આપતાં સંભળાવ્યું :

'માત્ર હૂંફાળા માનવો જ નહીં, લોહીતરસ્યા દાનવોના પણ અહીં સહવાસ મળે છે એ કેમ ભૂલી ગયા !'

સાંભળીને બાજુમાં બેઠેલી જ્યુલી થથરી ઊઠી. આકાશમાં ઊડતી એ જયદેવના સહવાસનાં સપનાં વાગોળતી હતી અને ધરતી પર ઊતરતાં જ દાનવના સહવાસની વાસ્તવિકતાએ તેને વીંધી નાખી.

ઍરહોસ્ટેસનું કૃત્રિમ સ્મિત ઝીલીને જ્યુલી-શોભાની પાછળ વિમાનની સીડી ઊતરતાં વિદ્યાપતિના પગ અચાનક ત્રીજા પગથિયે થંભી ગયા. વતનની ધરતી પર પગ મૂકતાં પહેલાં પશુપતિનાથનું લૉકેટ પહેરી લેવાનું યાદ આવી ગયું. યાદગીરી તરીકે પોતે રૂખીને આપેલું અને જયદેવે ગળાફાંસે લટકતી રૂખીની ડોકમાંથી ઉતારી લીધેલું લૉકેટ કોટના ખિસ્સામાંથી કાઢીને એણે ગળામાં પહેરવા માંડ્યું. પગથિયાં ઊતરવામાં તેના હાથમાંથી લૉકેટ વછકી ગયું અને દડદડ કરતું જમીન પર પડ્યું. વિદ્યાપતિના કાળજે ધ્રાસકો પડ્યો. છેલ્લાં ત્રણ પગથિયાં ઝપાટા બંધ ઊતરીને જમીન પરથી લૉકેટ ઊંચકી લેવા એ નીચે ઝૂક્યો ત્યાં ઊઘડી ગયેલાં લૉકેટનાં બે પડ વચ્ચે ડોકાતી કાગળની ચબરખી પર નજર પડતાં તેની આંખો પહોળી થઈ ગઈ. ઝાપટ મારીને લૉકેટ સાથે ચબરખી ઉપાડી લીધી.

'શું થયું ?' કહેતી શોભા તેની પાસે આવી : 'કાંઈ પડી ગયું ?'

જવાબ આપવાને બદલે વિદ્યાપતિએ ઘડી કરેલી ચબરખી ઉઘાડીને વાંચવા માંડી : 'જેની પાસે આ ફાઇલ રહે છે એ જાન ગુમાવે છે !'

વિદ્યાપતિના શરીરમાં ધ્રુજારી પ્રસરી ગઈ.

'શું વાંચો છો ?' કહેતી જ્યુલી બાજુમાં આવી એટલે ચિઠ્ઠી તેના હાથમાં પકડાવી દેતાં કહ્યું :

'રૂખીએ આપઘાત નથી કર્યો, તેનું ખૂન થયું છે !'

'સાચી વાત છે !' જ્યુલીને ચિઠ્ઠી વાંચવા દઈ શોભા વગર વાંચ્યે જ બોલી ઊઠી : 'રૂખીએ આપઘાત નહોતો કર્યો, ખૂન કરીને ગળા ફાંસાનો દેખાવ કરવામાં આવ્યો હતો !'

સાંભળતાં જ વિદ્યાપતિને ઝાળ લાગી : 'એ તું અત્યારે કહે છે શોભા ?' તેના અવાજમાં ખુન્નસ ઘૂંટાવા લાગ્યું : 'અત્યાર સુધી તેં અમારાથી છાનું રાખ્યું ?'

તેની આંખોમાંથી વરસતા અંગારા દઝાડી જતા હોય તેમ શોભાએ ગરદન ઝુકાવી દીધી ત્યારે જ્યુલીએ વિદ્યાપતિના ખભા પર હાથ મૂક્યો : 'આપણે ઍરપૉર્ટના રન-વે પર ઊભા છીએ. હોટેલ પર જઈને નિરાંતે ચર્ચા કરીએ તો ?'

પણ વિદ્યાપતિનો આવેશ ઓસર્યો નહીં. બંને ખભાને ઝાટકા આપતાં એણે સંભળાવ્યું : 'જયુલી, હવે નિરાંત કેવી ? હોટેલ સુધી જવાની વાત કેવી? હું તો વળતી જ ફ્લાઇટમાં દિલ્હી પહોંચી જાઉં છું...' કહીને લૉકેટ ડોકમાં બાંધતાં શોભા સામે જોયું: 'શોભા હજુ તું ચૂપ છો ? મારી રૂખીની કતલ કોણે કરી ? કોણે એને કમોતે મારી ? આવી જ ધમકીની એક ચિઠ્ઠી જયદેવને દિલ્હીમાં મળી હતી. હવે પરશુરામની ફાઇલના એ દાનવને હું જીવતો નહીં છોડું !'

તેનું રૌદ્ર સ્વરૂપ જોઈને છળી પડેલી શોભા ઘડીભર જવાબ ન આપી શકી. વિદ્યાપતિ વિફરેલા વાઘ કરતાંય તેને વધુ વિકરાળ લાગ્યો.

'દાનવનો વધ કરવા માટે તમારે દિલ્હી પાછા જવાની જરૂર નથી વિદ્યાપતિ !' શોભાએ ઊંડો શ્વાસ છોડતાં કહ્યું :'રૂખીનો કાતિલ ભારત છોડીને નેપાલ આવી ગયો છે અને હું તેનો પીછો કરતી તમારી સાથે અહીં આવી છું....' બોલતાં બોલતાં તેનો ચહેરો રતાશ પકડવા લાગ્યો : 'એનું મોત નક્કી જ છે પણ તમારા હાથે નહીં, મારા જ હાથે અને મારી જ રીતે !'

શોભાના શબ્દે શબ્દમાં વિદ્યાપતિને મક્કમતાનો રણકો સંભળાયો, વેરની આગનો ભડકો વર્તાયો. પરશુરામની ટાઇમ બૉમ્બની ફાઇલ, રૂખીનું ખૂન છતાં આપઘાતનો દેખાવ, દિલ્હીના

દાનવનું નેપાલમાં આગમન અને રાજાશાહી સામે ક્રાન્તિનું કાવતરું.... વિધાત્રી પોતે જ જાણે જુગારના દાવ ખેલવા બેઠી હોય એવું વિદ્યાપતિએ મહેસૂસ કર્યું.

'આમ વિચારતાં ઊભાં રહીશું તો બીજા લોકોને વહેમ પડશે.' જ્યુલીએ તેને સજાગ કર્યો : 'ચાલો આગળ વધો !'

ત્યારે એણે ડોકમાં લટકતા લૉકેટની પશુપતિની છબીને કપાળ પર દાબી ચૂપચાપ પગ તો ઉપાડ્યા પણ થોડાં ડગલાંમાં જ તેની ખામોશી તૂટી ગઈ:

'શોભા, રૂખીનું ખૂન થયું હોવાનું તું જાણે છે તો પોલીસથી એ વાત છાની કેમ રહી ?'

'પોલીસ !' શોભાએ તુચ્છકાર સાથે હોઠ મરડ્યા : 'કહેવાય છે કે કાયદાના હાથ લાંબા છે પણ કોઈ કોઈ માણસોના હાથ કાયદા કરતાંય વધુ લાંબા હોય છે.' કહેતાં કહેતાં તેણે ચાલવાનું ચાલુ રાખ્યું : 'રૂખીની લાશનું પોસ્ટમૉર્ટમ થયું ત્યારે એના કપડામાંથી એક ચિઠ્ઠી મળી હતી, જિંદગીથી કંટાળીને હું આપઘાત કરુંછું .. આવી ચિઠ્ઠી ઉપજાવી શકાય છે તેમ પોસ્ટમૉર્ટમના રિપોર્ટ પણ બદલી શકાય છે. પરશુરામને ટ્રક નીચે કચડી નાખીને તેને અકસ્માતમાં ખપાવી શકાય તો રૂખીનું ગળું દાબીને તેને આપઘાતમાં કેમ ન ફેરવી શકાય ?'

'હું !' વિદ્યાપતિએ નિશ્વાસ નાખ્યો : 'ત્યારે તો પરશુરામની ફાઇલ પણ રૂખીના કબજામાંથી ઝૂંટવાઈ ગઈ.'

તેનો જવાબ આપવાનું શોભાએ ટાળ્યું કે પછી ઍરપૉર્ટનું કસ્ટમખાતું નજર સામે દેખાયું એટલે બોલવાનો મોકો ન મળ્યો, એ વિદ્યાપતિ ન સમજી શક્યો કે ન સવાલ દોહરાવી શક્યો !

સૌથી છેલ્લે આવ્યા હોવા છતાં વિદ્યાપતિની ઓળખાણને કારણે અને સામાનમાં કાંઈ જ વાંધાજનક નહીં હોવાને લીધે ત્રણે જણાં સૌથી પહેલાં બહાર નીકળી ગયાં.

સોલ્ટી ઑબેરોય હોટેલની વાન ઊભી હોવા છતાં પણ વિદ્યાપતિએ રસ્તામાં શોભાને વધુ પૂછપરછ કરવાના ઇરાદાથી ટૅક્સી પકડવાનું પસંદ કર્યું. પોતપોતાનો સામાન લઈને ત્રણે જણાં ટૅક્સી તરફ આગળ વધતાં હતાં, ત્યાં એક નેપાલી યુવાન સામાન

ઊંચકી લેવા સામે દોડી આવ્યોઃ 'સા'બ, સામાન!'

'નહીં જરૂર નથી !' કહીને વિદ્યાપતિ આગળ વધી ગયો છતાં પેલાએ પરાણે તેના હાથમાંથી સ્યૂટકેસ આંચકવા માંડી, ત્યારે વિદ્યાપતિની આંખોમાં કરડાકી ઊપસી આવી : 'મજૂરી કરે છે કે બળજબરી ?'

'જય પશુપતિનાથ !' કહેતાં પેલાએ હાથ જોડ્યા ત્યારે વિદ્યાપતિની કીકીઓમાંથી કરડાકી ગાયબ થઈ ગઈ.

'જય પશુપતિનાથ !' કહીને તેના હાથમાં બૅગ સોંપી દીધી : 'પેલી ટૅક્સીમાં મૂકી દે !'

'ભલે સાહેબ !' કહેતાં પેલાએ હોંશે હોંશે ટૅક્સીમાં સામાન ગોઠવી દીધો.

વિદ્યાપતિએ ખિસ્સામાંથી પાંચની નોટ કાઢીને તેની સામે ધરી : 'બે રૂપિયા રાખીને ત્રણ પાછા આપ !

પેલાએ ત્રણ રૂપિયા છૂટા શોધવાને બહાને ખિસ્સાં ફંફોળતાં દબાયેલા અવાજે કહેવા માંડ્યું : 'ગઈ કાલે પચીસ પ્રવાસીઓ દાખલ થઈ ચૂક્યા છે.'

એ સાંકેતિક ભાષાનો અર્થ વિદ્યાપતિ સમજી ગયો, ગોપીના પચીસ યુવાનોનું પહેલું જૂથ આવી ગયું.

'તારી પાસે ત્રણ છૂટા ન હોય તો બે આપી દે, અમને મોડું થાય છે.' કહેતાં વિદ્યાપતિએ ધીમે અવાજે પૂછી લીધું : 'એ પ્રવાસીઓના સામાનનું શું થયું ?'

'સામાન પણ સહીસલામત આવી ગયો !' કહેતાં મજૂરે બે રૂપિયા તેને પાછા આપી સલામ ભરી : 'સાહેબ, નેપાલની આપની સફર સફળ હોજો !'

થોડીવાર પહેલાં ઊકળી ઊઠેલા વિદ્યાપતિના મનને તેના એ શબ્દોએ પ્રથમ વર્ષા જેવી ટાઢક બક્ષી.

પચીસ

વિદ્યાપતિએ રાજપુરોહિતના ઘરની ખડકી ખખડાવી ત્યારે પાછળ ઊભેલી જ્યુલીના મનમાં ખળભળાટ મચી ગયો. કાઠમંડુમાં પગ મૂક્યો ત્યારથી એ વિદ્યાપતિનો જીવ ખાતી હતી. એક વાર મને જયનું ઘર જોવા લઈ જા ને ! કોઈ પણ બહાનું કાઢજે, ગમે તે ઓળખાણ આપજે. હું ચૂપચાપ જયના પિતાને જોઈ પાછી ફરી જઈશ....

'આવી ગયા મોટાભાઈ !' બહાવરા સાદે બોલતાં કોઈએ ખડકી ઉઘાડી ત્યારે વિદ્યાપતિ અને જ્યુલી ચોંકી ગયાં. કેડથી ઝૂકી ગયેલા વૃદ્ધ નોકર માનસંગે જયના આગમનની આશામાં ઉમળકાભેર બારણાં ઉઘાડ્યાં હતાં, પણ જયને બદલે બીજા કોઈને જોઈ હતાશાથી ડોક વાળી લીધી : 'આજેય ન આવ્યા!'

તેનો નિઃસાસો જ્યુલીને દઝાડી ગયો. જય ઘણીવાર માનસંગને યાદ કરીને કહેતો : જ્યુલી ! બીજા બધાનું તો ઠીક, પેલા માનસંગનું શું થયું હશે ? મારી પાછળ એ પણ ઘર છોડીને નિરાધાર ન બની ગયો હોય તો સારું....

'ત્યાં કેમ ઊભી રહી ગઈ જ્યુલી !' આંગણામાં આગળ વધી ગએલા વિદ્યાપતિએ ઉંબરે જ ઊભી રહી ગયેલી જ્યુલીને સજાગ કરતાં કહ્યું : 'પગ ભારે થઈ ગયા.'

પગ ઉપાડતી જ્યુલીએ ફળિયામાં જઈને પેલા માનસંગ

તરફ નજર નાખી લીધી. ચિત્તભ્રમ થઈ ગયું હોય તેમ કાંઈક બબડતો એક ખૂણામાં એ બેસી ગયો હતો.

'કોણ આવ્યું છે માનસંગ ?'

વિદ્યાપતિ ઇન્દ્રાણીનો અવાજ ઓળખી ગયો :

'એ તો હું છું, વિદ્યાપતિ !'

'આવ, આવ !' ભીના હાથ લૂછતી જયની નવી મા રસોડામાંથી ઉતાવળા પગલે ઓસરીમાં ધસી આવી : 'બહારગામથી ક્યારે આવ્યો ?' એના આવકાર અને પૃચ્છામાં લાગણી કરતાં જિજ્ઞાસા વધારે દેખાઈ, પણ વિદ્યાપતિની બાજુમાં ઊભેલી જ્યુલી પર નજર પડતાં એના ઉમળકામાં અણધારી ઓટ આવી ગઈ. પલટાએલા હાવભાવ છુપાવવા માટે પીઠ ફેરવી લઈ સ્વિચ દાબીને લાઇટ કરી.

વિદ્યાપતિ સમજી ગયો : જયને મળીને શું નક્કી કરી આવ્યો? પાપની મૂડીમાંથી કપિલને ભાગ આપવા એ સંમત થયો? એના બાપને રાજપુરોહિતની ગાદી નહીં છોડવાની આજીજી કરતો કાગળ એણે લખી આપ્યો ? એ બધા સવાલ ઇન્દ્રાણીએ સ્વિચ દાબવાને બહાને દબાવી દેવા પડ્યા હતા.

'બેસ ને !' પાટ પર બિછાવેલી ગાદી પરથી કચરો ખંખેરતાં એણે કહ્યું, પછી જ્યુલી સામે જોયું : 'કોને સાથે લઈ આવ્યો?'

વિદ્યાપતિ ઓળખાણ આપે એ પહેલાં જ જ્યુલીએ બે હાથ જોડી આદરપૂર્વક પ્રણામ કરી ઇન્દ્રાણીને ચોંકાવી દીધી. ગોરી ચામડીવાળી છોકરી પાસેથી તેણે આવા સ્વદેશી વ્યવહારની આશા રાખી નહોતી : 'વિદ્યાપતિ, આને વહુ બનાવીને નથી ઉપાડી લાવ્યો ને ?'

વિદ્યાપતિ ચમક્યો, પણ નેપાલની બોલી જાણતી જ્યુલી મીઠું હસી. તેને કહેવાનું મન થયું : તમારા ઘરમાં વહુ બનીને આવવા તો માગું છું પણ....

તેનાથી આછો નિશ્વાસ નંખાઈ ગયો.

'અરે માજી, આ તો ટૂરિસ્ટ છે. પંદર દિવસ પછી રાજ્યાભિષેક છે ને...'

'હું એની જ ફિકરમાં પડી છું.' ઇન્દ્રાણી ઊભરો દબાવી શકી નહીં : 'કપિલના બાપુજીને કેટલા સમજાવ્યા, રાજમહેલ જવાનું ચાલુ કરી દો. રાજ્યાભિષેકની વિધિ તમારા હાથે કરાવો તો...' બોલતાં બોલતાં એ અટકી ગઈ. ફરી જ્યુલીની હાજરી તેને ખટકી.

'પુરોહિતજીને હવે કેમ છે ?' એમ પૂછ્યું વિદ્યાપતિએ, પણ જવાબ સાંભળવાની અધીરાઈ તો જ્યુલીને વધારે હતી.

'એમ ને એમ છે.' ઇન્દ્રાણીએ બળાપો ઠાલવ્યો : 'આખો દિવસ મેડીમાં ગુમસૂમ બેસી રહે, કાંઈ પૂછીએ ત્યારે હા કે નામાં એકાક્ષરી જ ઉત્તર આપે.' બોલતાં બોલતાં એના અવાજમાં આક્રોશ ભળવા લાગ્યો : 'જય તો પોતાનું સાજું કરીને ઊપડી ગયો અને અમે અહીં રખડી પડ્યાં....'

વિદ્યાપતિ ધારદાર નજરે તેની સામે જોઈ રહ્યો : સગા પુત્રને ગાદીએ બેસાડવા ખાતર સાવકા દીકરાને વનવાસ મોકલ્યો અને ધાર્યું પરિણામ ન આવ્યું એટલે હવે જયદેવને દોષ દેવા લાગ્યાં... જ્યુલીની હાજરી ન હોત તો વિદ્યાપતિ સંભળાવી દેત, પણ પછી તરત જ ખ્યાલ આવ્યો : જ્યાં રાજાની જ ગાદી નથી રહેવાની ત્યાં રાજપુરોહિતની ગાદી પર મેણું ક્યાં સંભળાવવું...

'વિધુ દીકરા...' ઇન્દ્રાણીના અવાજમાં ફરી પલટો આવી ગયો : 'તું જરા અંદર આવીશ.' ઓરડા તરફ જવા પગ ઉપાડતાં ઉમેર્યું 'તારી સાથે થોડી વાત કરવી છે.'

જ્યુલી તરફ જોઈ લેતો વિદ્યાપતિ ઇન્દ્રાણીની પાછળ ઓરડામાં ગયો. મનોમન તેણે જવાબ વિચારી રાખ્યા હતા. થોડા દિવસ માટે એનું મન શું કામ દુભવવું ?

એકલી પડેલી જ્યુલી કુતૂહલવશ ઊભી થઈને ફળિયામાં આવી. ડોક ઊંચી કરી મેડીના ઝરૂખા અને બારીનું કોતરકામ નિહાળવા લાગી. આપોઆપ તેના પગ સીડી તરફ ખેંચાયા. જાણે કોઈ અદૃશ્ય ખેંચાણ અનુભવતી હોય તેમ વિચારમગ્ન અવસ્થામાં એ સીડીનાં પગથિયાં ચડી ગઈ. આછા અંધકારમાં તેને બધું ધૂંધળું દેખાતું હતું. ઉંબરો ઓળંગવા જતાં તેનું માથું અફળાયું અને અંદરના ઓરડામાંથી અવાજ સંભળાયો :

'કોણ ?'

ઊંડી ગુફામાંથી આવતો હોય એવા અવાજે ઘડીભર તેને એવી ધ્રુજાવી દીધી કે કપાળમાં વાગ્યું હતું, ત્યાં હાથ ફેરવવાનુંય સૂઝ્યું નહીં. પાછા ફરી જવાનું વિચારતી હતી ત્યાં ફરી અંદરથી સાદ સંભળાયો : 'કોણ, જય આવ્યો ?'

પુત્રવિરહમાં ઝૂરતા પિતાના એ શબ્દોએ જ્યુલીના શરીરમાં ઝણઝણાટી પ્રસરાવી દીધી. પાછા ફરી જવાનો ઇરાદો પડતો મૂકી, માથું ઝુકાવતી ઉંબરો ઓળંગી ગઈ. અંદરના ઓરડા તરફ પગ વળ્યા ત્યારે હૃદયના વેગ સાથે લાગણીનો આવેગ પણ વધી ગયો.

અંધારાથી ટેવાઈ ગયેલી આંખોથી જ્યુલીએ જોયું તો સામે દીવાલ પાસે બિછાવેલી ગાદી પર શાલ ઓઢીને એ સૂતા હતા. દબાતા પગલે આગળ વધતી જ્યુલી બિછાના નજીક પહોંચીને નીચે ઝૂકી. લાગણીના આવેગમાં વિવશ બની ગઈ હોય તેમ એનો હાથ જયના પિતાના પગ પર ચંપાયો. હાથ તો તેણે ચરણસ્પર્શ કરી લેવાની ભાવનાથી જ મૂક્યો હતો પણ-

'મને હતું જ કે મારો જય આવી ગયો.' અશક્ત શરીરને જરાય હલાવ્યા વગર રાજપુરોહિતે ત્રૂટક શબ્દ દ્વારા વાત્સલ્ય વ્યક્ત કર્યું : 'દીકરા, ઉંબરો ઓળંગતાં માથું ઝુકાવવાનું વીસરી ગયો ને... માથામાં વાગ્યું તો નથી ને ?'

પિતૃહૃદયના એ વાત્સલ્યભાવે જ્યુલીની પાંપણો પલાળી દીધી. આપોઆપ તેના હાથ જયના પિતાના પગ દબાવવા લાગ્યા. કદાચ એ બેઠા થઈને પોતાને જોશે તો જોઈને ભડકી જશે અને ભડકીને ક્રોધે ભરાશે.... એ બધી જ શક્યતા સમજતી હોવા છતાં જયના પિતાની સેવાનો લહાવો એ જતો કરી શકી નહીં.

'મેં તને ઘાતકીપણે ઢસરડીને ઘર બહાર ધકેલી મૂક્યો હતો...' ધ્રૂજતા અવાજે એ બોલતા રહ્યા : 'છતાં તું ડાહ્યા દીકરાની જેમ મારી સેવા કરવા આવી પહોંચ્યો.'

જ્યુલીની આંખમાંથી દડતાં આંસુનાં ટીપાં એમના પગ પર ટપક્યાં ત્યારે એ બોલી ઊઠ્યા : 'તું રડે છે જય ?' અટકીને ફરી એમણે કહેવા માંડ્યું : 'તને થશે કે તું આટલા વખતે આવ્યો છતાં પથારીમાંથી

બેઠો થઈને હું તારી સામેય જોતો નથી...' બોલતાં બોલતાં એમને હાંફ ચડતી હતી : 'પણ તું જ્યારે જ્યારે આ રીતે છાનોમાનો આવે છે અને હું તને જોવાની લાલચ કરું છું ત્યારે ત્યારે તું અદૃશ્ય થઈ જાય છે... બધા ભલેને કહે કે મારું ચિત્ત ભમી ગયું છે, મને તારા ભણકારા સંભળાય છે, તું આવ્યો એવી ભ્રમણા થાય છે પણ હું જાણું છું કે તું અંધારામાં આવી, મને જોઈને પાછો અદૃશ્ય થઈ જાય છે...'

બરાબર એ જ વખતે નીચેથી વિદ્યાપતિનો અવાજ સંભળાયો : 'અરે, જ્યુલી ક્યાં ચાલી ગઈ ?'

છતાં જ્યુલી પગ દબાવતી બેસી રહી.

'વિધુ, હું તને ઓરડામાં લઈ ગઈ એટલે પેલી છંછેડાઈને ચાલી ગઈ લાગે છે.' જયની ઓરમાન માએ અણગમો ઉછાળ્યો: 'આ ગોરી છોકરીઓ ભારે અભિમાની હોય છે.'

'નહીં માજી, જ્યુલી એવી નથી.' કહેતાં વિદ્યાપતિનું ધ્યાન સીડી પાસે પડેલા સેન્ડલ તરફ ખેંચાયું : 'કંટાળીને એ ઉપર ગઈ લાગે છે.'

વિદ્યાપતિએ પગ ઉપાડ્યા. સીડી ચડતાં ઉપર અંધારું જોઈને એ વિમાસણમાં પડી ગયો : અંધારામાં એ ત્યાં શું કરતી હશે?

ઉબરો ઓળંગી ઓરડાના દરવાજા પાસે જઈને લાઇટની સ્વિચ દબાવવા જતો હતો, ત્યાં તેનો હાથ કોઈએ પકડી લીધો. ચોંકીને તેણે ડોક ફેરવી તો જ્યુલી નાક પર આંગળી દાબીને ઊભી હતી.

વિદ્યાપતિ કાંઈ પૂછે એ પહેલાં હાથ પકડીને એ તેને સીડી તરફ દોરી ગઈ ત્યાં -

'ફરી આ રીતે આવતો રહેજે જય !'

રાજપુરોહિતના શબ્દોએ વિદ્યાપતિને ભડકાવ્યો. વિસ્મયથી પહોળી થતી આંખે તેણે જ્યુલી સામે જોયું. ત્યારે પેલીએ સંકેતથી જ તેને સીડી ઊતરી જવા સમજાવ્યું.

કાંઈ જ બોલ્યા વગર જ્યુલીની પાછળ પાછળ વિદ્યાપતિ ઘરની બહાર નીકળી ગયો ત્યારે ઇન્દ્રાણીના મનમાં પડઘો પડ્યો: બંને જણા ઉપર અંધારામાં શું છાનગપતિયાં કરી આવ્યાં... ભગવાન જાણે !

ઘરથી થોડે દૂર પહોંચ્યા પછી વિદ્યાપતિની અધીરાઈ ઊછળી પડી: 'શું વાત છે જ્યુલી ? જયના પિતાને મળ્યા વગર તું મને આમ બહાર કેમ ખેંચી લાવી ?'

'કારણ કે હું એમનો ભ્રમ ભાંગવા નહોતી માગતી.' લાગણીભીના કંઠે તેણે કહ્યું : 'પિતાજી માનતા હતા કે એમનો પુત્ર છાનોમાનો મળવા આવ્યો છે. હું પગ દાબતી રહી એટલીવાર એ જય માનીને મારી સાથે વાતો કરતા હતા... સંતાનના વિયોગની પીડા કેટલી બધી વસમી હોય છે એ આપણને નહીં સમજાય.'

'ત્યારે તો રાજપુરોહિતનું મગજ....'

ના, વિદ્યાપતિ, મગજ ચસકી ગયું છે એવો ચુકાદો ન આપતો... ઠપકાભર્યા અવાજે એ બોલી ગઈ : દુઃખ અસહ્ય બની જાય ત્યારે વધુ પડતું લાગણીશીલ હૃદય ખસી જતું હોય છે અને આપણે મગજ ખસી ગયું એમ કહીને લાગણીનું લિલામ કરી નાખીએ છીએ !

સાંભળી વિદ્યાપતિ અવાક્ બની ગયો.'



કેસિનોમાં ચિક્કાર ગિરદી જામી હતી. જુદાં જુદાં ટેબલ પર નજર ફેરવતો વિદ્યાપતિ ખેલાડીઓના હાવભાવ, હિલચાલ અને હારજીતના પ્રત્યાઘાત નિહાળતો હતો. વિદ્યાપતિ નેપાલ પાછો આવી ગયો છે એની જાણ થતાં જ કેસિનોના મૅનેજરે એને બોલાવી લીધો હતો : 'તું ખરા વખતે આવી ગયો વિદ્યાપતિ.....રાજ્યાભિષેકના દિવસો નજીક આવતા જશે તેમ કેસિનોમાં ધસારો વધતો જવાનો. દસ એપ્રિલથી સત્તર એપ્રિલનું એક અઠવાડિયું તો આપણો ધંધો ધમધોકાર ચાલવાનો. આ સિઝનમાં દૂરના વિદેશીઓ ઓછા આવતા હોય છે તેને બદલે દેશ-દેશના પ્રવાસીઓ રાજ્યાભિષેક નિહાળવા ઊતરી પડશે...આવા દિવસોમાં અમારે તારા જેવાની ખાસ જરૂર પડવાની.'

'પણ જોયસાહેબ, હું તમારે ત્યાં નોકરી કરવા થોડો પાછો આવ્યો છું ! હું તો બિઝનેસમાં પડવાનો છું. કહીને વિદ્યાપતિએ બંગાળી

જોયને હળવો આંચકો આપ્યો હતો. આમ તો કેસિનોના મૅનેજરનું નામ હતું જ્યોતિરમય, પણ એ અઘરા નામનો પહેલો છેલ્લો અક્ષર ગોઠવીને કેસિનો સ્ટાફે તેને જોયસાહેબ બનાવી દીધા હતા.

'ધંધો પંદર-વીસ દિવસ મોડો શરૂ કરી શકાય વિદ્યાપતિ! અત્યારે કેસિનોને તારી જરૂર છે. તારી ચકોર નજર અને મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાની હૈયાઉકલતનો લાભ તારે અમને આપવો જોઈએ બદલામાં તને મોં માગી રકમ આપવા અમે તૈયાર છીએ.'

'રકમ તો ઠીક, પણ મારી એક શરત મંજૂર હોય તો હા પાડું.' કહીને વિદ્યાપતિએ શરત સંભળાવી હતી : 'હું ગમે ત્યારે કેસિનોમાં આવું અને મારું કામ હોય તો ગમે ત્યારે ચાલી જાઉ......'

'કબૂલ છે !' વિદ્યાપતિને વાક્ય પૂરું કરવા દીધા વગર જ મૅનેજરે તેની સાથે હાથ મિલાવી દીધા હતા : 'તારા માટે સમયનું કોઈ બંધન નહીં, કોઈ તારો બૉસ નહીં, તું કોઈનો તાબેદાર નહીં બૉલ એથી વધારે તારે શું જોઈએ. ?'

'જોઇએ !' વિદ્યાપતિએ જોયસાહેબના મોટા પેટ પર હાથ ફેરવતાં કહેલું : 'કોઈ કોઈ વાર તમારી બંગાળી બીબીના હાથની રાંધેલી માછલી પણ ખાવા મળવી જોઈએ !'

'અરે મારી એ બેબીને જ આખેઆખી ખાઈ જજેને..' જાડું હસતાં એણે કહ્યું હતું: 'ખાવા- ખવડાવવા સિવાય એ બીજા કોઈ કામની જ નથી!'

ત્યારે વિદ્યાપતિ મનફાવે એટલા કલાકની માનદ્ સેવા બજાવવા સંમત થઇ ગયો હતો. આમ તો પોતાના કામ માટે એને કેસિનોનું ઠેકાણું જોઇતું જ હતું. ત્યાં કોઈ પણ તેને મળવા આવે તો વહેમ પડે નહીં, બધાને મળે છતાં ગુપ્ત મંત્રણા થઈ શકે. ચીના સાથે સંપર્ક રાખવા માટેય જુગારખાનું વધુ સલામત હતું. અને પોતે કામ વગર બહાર હરતો-ફરતો રહે તેમાં કોઈને કાવતરાની ગંધ આવવાનું જોખમ પણ હતું.....

છેલ્લા ચાર દિવસમાં ગોપીનાથના પંચોતેર જુવાનિયા

નેપાલમાં દાખલ થઈ ચૂક્યા હતા. શશીનાથ વિરાટનગરમાં બેઠો બેઠો બાતમીદારો મારફત વિદ્યાપતિને ગુપ્ત સંદેશા મોકલતો રહેતો હતો. જ્યુલી અને શોભાએ સોલ્ટી ઑબેરોય હોટેલની અલગ અલગ રૂમમાં મુકામ કર્યો હતો. પહેલી સાંજ વિદ્યાપતિ શોભાને કુંવારીદેવી, પશુપતિનાથ, સ્વયમ્ભૂ સ્તૂપ દેખાડવા લઈ ગયો ત્યારે જ્યુલી સાથે આવેલી પણ પછી ત્રણેએ જાહેરમાં સાથે નહીં ફરવાનો ફેંસલો કરી લીધો હતો. જ્યુલીના અતિ આગ્રહને વશ થઈને એ સાંજે તેને જયદેવને ઘેર લઈ ગયા પછી ત્યાંથી જ જુદાં પડીને પોતપોતાને રસ્તે ચડી ગયાં હતાં. રોજ રાત્રે દિલ્હીથી જયનો કેસિનોમાં ફિક્સટાઈમ કૉલ આવતો અને બંને વચ્ચે સાંકેતિક ભાષામાં સમાચારની આપલે થતી રહેતી.

'શોભા કેમ છે !' જય પૂછતો એટલે વિદ્યાપતિ સમજી જતો કે શોભાનું અપહરણ થયું કે નહીં એ જાણવા માગે છે.

'મજામાં છે.' વિદ્યાપતિએ હેવું પડતું : 'શોભાકુમારી સૌનું ધ્યાન ખેંચે છે પણ હજુ ભૂલી પડી નથી.'

'અને જ્યુલી ?' જય દરરોજ એકાદ વખત હોટેલમાં જ્યુલી સાથે કૉલમાં વાત કરતો હોવા છતાં પૂછ્યા વગર રહી શકતો નહીં :'એ મારી સાથે ફોન પર છૂટથી બોલતી નથી... ટેન્શનમાં હોય એવું કેમ લાગે છે?'

'ટેન્શનમાં નહીં, વિયોગમાં છે?' વિદ્યાપતિ મજાકમાં કહેતો: 'પહેલીવાર પ્રેમથી જુદી પડી છે એટલે ઝૂરે તો ખરી જ ને ?'

ક્યારેક જય ઘરના ખબર પૂછી લેતો અને વિદ્યાપતિ તેને રાજી રાખવા માટે જવાબ ઉપજાવી કાઢતો.

પરંતુ ચોથો દિવસ શોભાની કોઈ 'દુર્ઘટના' વગર વતી ગયો ત્યારે વિદ્યાપતિનો ઉચાટ વધી ગયો. સવાર, બપોર, સાંજ શોભા અલગ અલગ સ્થળે રખડવા ઊપડી જતી. બને એટલા વધુ લોકોની નજરે ચડવાની ગણતરીથી હરતી-ફરતી છતાં પણ હજુ સુધી જેની નજરે ચડવું જોઈએ તેનાથી એ દૂર જ રહી હતી. રાત્રે અચૂક કેસિનોમાં રમવા બેસી જતી. હારની ચિંતા કે જીતની ખેવના રાખ્યા વગર છૂટા હાથે રમતી, ટેબલ બદલ્યા કરતી. ઊંચા

ખાનદાનની કન્યા છે એવો રૂઆબ દેખાડતી અને કોઈ નજીક ફરકે તો આંખોની કરડાકીથી આઘો કરી દેતી! હોટલની લોબીમાં એના વિષે પૂછપરછ થવા લાગી હતી. મુંબઈના કોઈ માલદારની બેટી રાજ્યાભિષેકના અવસરમાં મહાલવા કાઠમંડુ આવી છે. સિગારેટ-શરાબ અને જુગારનો બાધ નથી પણ કોઈને પાસે ફરકવા દેતી નથી એવી છાપ ઊપસી ગઈ હતી... છતાં એ જ્યાં જતી ત્યાંથી સલામત પાછી ફરતી ત્યારે દિવસ બગડ્યાં જેવી વિદ્યાપતિની હાલત થઈ જતી.

'જ્યુલી, ધાર કે આમ ને આમ બારમી એપ્રિલ આવી જાય, શોભાનું અપહરણ ન થાય અને રાક્ષસનો બુરખો ચીરવાની ફિલ્મ ન ઉતારી શકીએ તો ?'

સાંજે જ જુદા પડતાં પહેલાં વિદ્યાપતિએ મનની વ્યગ્રતા વ્યક્ત કરી ત્યારે જ્યુલીએ કહેવું પડ્યું હતું :

'આપણે ધાર્યું છે એમ જ બનવાનું એવું માનીને અત્યારે તો આગળ વધવું રહ્યું વિદ્યાપતિ, આ અઠવાડિયું કોરું જાય પછી એના પર આગળ વિચાર કરશું.'

વિદ્યાપતિની બીજી ફિકર હતી પરશુરામની ફાઈલવાળા દાનવની. શોભા એના વિષે કંઈ જ કહેવા તૈયાર નહોતી. એનો એક જ જવાબ સાંભળવા મળતો : 'નક્કી થયેલા દિવસે હું તમને દાનવની સામે લઈ જઈશ અને તમારી નજર સામે એના પ્રાણ ઝૂટવી લઈશ,..'

'પણ તેં નક્કી કરેલા દિવસે તું પોતે જ પેલા રાક્ષસના કબજામાં આવી ગઇ હોઇશ તો ?'

'તો ?' જરાય ખટકો રાખ્યા વગર એણે સંભળાવી દીધું હતું : 'દાનવનું ઠેકાણું અને એને ખતમ કરવાની તક બંને તમને વગર માગ્યે મળી જશે બસ !'

શોભાના એ જુસ્સાભર્યા જવાબથી વિદ્યાપતિને ખાતરી થઈ ગઈ કે આ સ્ત્રીને તેના દૃઢ સંકલ્પમાંથી ડગાવી શકાય તેમ નથી.

અત્યારે પણ શોભા એવા જ જુસ્સાભેર એક પછી એક ટેબલ બદલતી અઠંગ જુગારીની છટાથી દાવ ખેલતી જતી. રોજ

કરતાં વિદ્યાપતિને આજે એ વધુ આકર્ષક દેખાતી હતી. જ્યાં બેઠી હોય હોય ત્યાંથી વચ્ચે વચ્ચે એની નજર વિદ્યાપતિને આંબી જતી. ક્યારેક માત્ર સ્મિત ફેંકીને નજર પાછી ખેંચી લેતી તો ક્યારેક પોતે જીતી રહી હોવાના સંકેતમાં મુઠ્ઠી વાળેલો હાથ ઊંચો કરી અંગૂઠો દેખાડતી. વિદ્યાપતિને નવાઈ તો એ લાગી હતી કે ખૂબ કહેવા છતાં એણે કોઈ પણ રકમ લેવાનો ઈન્કાર કરી દીધો હતો:

'હોટેલમાં હું રહીશ મારા પૈસાથી, જુગારમાં હારજીત કરીશ તો મારા જોરે અને ફરી મને પૈસા આપવાનો પ્રસ્તાવ મૂક્યો છે, તો તમને બંનેને જાણ કર્યા વગર દિલ્હી પાછી ફરી જઈશ !'

અચાનક વિદ્યાપતિને ખ્યાલ આવ્યો કે ફ્લશના ટેબલ પર પેલા ચીના ચ્યાંગની ખુરશી ખાલી હતી. થોડીવાર પહેલાં તોએ તીનપત્તી રમતો દેખાયો હતો, એકાએક ક્યાં ગાયબ થઈ ગયો? કદાચ બાથરૂમ ગયો હશે...જોકે એ બાથરૂમમાં જતો ત્યારે પોતાની બાજી ચાલુ જ રાખતો: હું પાછો ફરું ત્યાં સુધી બંધ બાજીએ મારા વતી રમત ચાલુ રાખજો. એકવાર એ બાથરૂમમાંથી પાછો ફર્યો ત્યાં સુધીમાં એની બંધ બાજી એ દસ હજાર રૂપિયા કરી નાખ્યા હતા...પણ અત્યારે તો એની જગ્યા ખાલી હતી અને બાજી પણ દેખાતી નહોતી ! હજુ તો અગિયાર વાગવાના હતા અને ચીનો સવારના ચાર પહેલાં કદી ટેબલ છોડીને જતો નથી.

વિદ્યાપતિ ઊભો થઈને પૃચ્છા કરવાનું વિચારતો હતો ત્યાં કેસિનોની એક છોકરીએ આવીને કહ્યું : 'ટેલિફોન રૂમમાં તમને ચીનાસા'બ બોલાવે છે.'

સાંભળતાં જ એ સફાળો ઊભો થઈ ગયો થોડો થડકોય અનુભવ્યો :કાંઈ ગડબડ તો નહીં થઈ હોય ને ?

પણ ટેલિફોન રૂમમાં ખંધું હસતા ચીનાને જોઈને થોડી ધરપત થઈ : 'શું વાત છે ડ્રેગન, બાજી છોડીને અહીં બેસી ગયો ?'

'બાજી બરાબર જામી હતી ત્યાં જ ફોન આવ્યો.' ચરસની સિગારેટના ધુમાડા ફેંકતાં એણે કહ્યું : 'મારે તાબડતોબ જવું પડશે.'

'ક્યાં ?' વિદ્યાપતિને ફરી ઉચાટ જાગ્યો ત્યાં પેલાએ હાથ લંબાવ્યો : 'આપણું કામ બની રહ્યું છે ! બાકીની ફિલ્મ

આજે ઊતરી જશે.'

વિદ્યાપતિએ મિલાવેલો હાથ ઝાટકા સાથે પાછો ખેંચી લીધો : 'પણ શોભા તો કેસિનોમાં રમે છે....'

ચીનો જવાબ આપે એ પહેલાં રૂમમાં કેસિનોનો આસિસ્ટન્ટ મૅનેજર ધસી આવ્યો : 'વિદ્યાપતિ જલદી ચાલ ! અંદર ભારે ધમાલ મચી ગઈ... પેલી શોભાકુમારી !'

'શું થયું શોભાને ?' કહેતો એ હૉલ તરફ ધસી ગયો. મનમાં તો હતું કે શોભાને કોઈ બળજબરીથી ઉઠાવી ગયું એવું કાંઈક સાંભળવા મળશે, પણ તેને બદલે ટેબલ પર જુદું જ દૃશ્ય નજરે પડ્યું:

'તવાયફ હશે તમારી મા !' ચીસ પાડતી શોભા મુક્કો ઉગામી સામે ઊભેલા આધેડ વયના પંજાબી તરફ ધસી જતી દેખાઈ.'

'સાલા... કોલગર્લ હશે તારી બેન !' કહેતાં તેણે પંજાબીના ઊપસેલા પેટ પર જોરદાર મુક્કો વીંઝી દીધો.

આસપાસ ઊભેલા સૌ સ્તબ્ધ બનીને જોતા હતા ત્યાંવિદ્યાપતિએ વચ્ચે ઝુકાવ્યું. બહાર કોઈએ શોભાને આ રીતે છંછેડી હોત તો વિદ્યાપતિ તેના પર તૂટી પડત, પણ અહીં તો તેણે મામલો સંભાળી લેવાનો હતો.

'શું વાત છે ?' શોભા પર વળતો પ્રહાર કરવા ઉગામેલો પંજાબીનો હાથ પકડી લેતાં તેણે કહ્યું : 'એક સન્નારી સાથે આવો વર્તાવ ન કરાય મિસ્ટર !'

'સન્નારી !' પેલાએ મુક્કો વાગવાથી નીચે ઊતરી ગયેલા પેન્ટને પેટ પર ચડાવતાં સંભળાવ્યું : 'ત્રણસો રૂપિયાની રાતવાળી દિલ્હીની બજારુ ઓરત સન્નારી ક્યારથી થઈ ગઈ ?'

'અરે તેરી તો ઐસી તૈસી....' વિફરેલી શોભાએ હાથમાં પકડેલો કેરમના સ્ટ્રાઇકર જેવો ચિપ પેલાના કપાળનું નિશાન લઈને એવા જોશમાં ફેંક્યો કે પંજાબીના લમણામાંથી લોહીનો ટશિયો ફૂટી નીકળ્યો.

હોહા વધી પડે એ પહેલાં વિદ્યાપતિ શોભાને સમજાવી-મનાવીને બહાર ખેંચી લાવ્યો : 'પ્લીઝ, જરા વિચાર તો કર શોભા...

આટલી બધી ધમાલ મચાવી દેવાથી તો તારી અસલિયત ઉઘાડી પડી ગઈ !'

'ઉઘાડી પડી ગઈ ?' હાંફતી શોભાએ સામું સંભળાવ્યું: 'લોકો એની વાત સાચી ન માની બેસે એટલા ખાતર મેં પેલા સાથે લડાઈ વહોરી લીધી અને તું શાબાશીને બદલે મને ઠપકો આપે છે ?'

'ઠપકો નથી આપતો શોભા, સાવંધ કરું છું.' કહેતો એ તેને હોટેલ તરફ દોરી ગયો : 'ચાલ, રૂમમાં જઈને તને સમજાવું છું.'

'થ્રી વન ટુ !' કાઉન્ટર પર શોભાએ ચાવી માગીને સિગારેટ સળગાવી. હજુય તેની છાતીમાં ક્રોધ ધૂંધવાતો હતો. થોડા દિવસ પહેલાં કોઈએ પોતાને તવાયફ કે કોલગર્લ કહી હોત તો એણે સામો પડકાર ફેંક્યો હોત :હા હા... સાડી સત્તરવાર તવાયફ છું ! તાકાત હોય તો સંગાથ માટે આવી જજે... પણ આજે પહેલીવાર તેને કોલગર્લનું કલંક બહુ વસમું લાગ્યું.

'મિસ શોભા !' ચાવી આપતાં કાઉન્ટર ક્લાર્કે તેને ચોંકાવી: 'તમારી સખી મિસ એન્ડરસનના રૂમની ચાવી હજુ અહીં જ પડી છે. બે દિવસ પહેલાં એણે કાઉન્ટર પર સૂચના આપી હતી કે રાત્રે મોડે સુધી ન આવું તો ત્રણસો બાર નંબરમાં મિસ શોભાને રૂમની ચાવી આપી દેવી.'

'એણે એવું કહ્યું હતું ?' વિદ્યાપતિનું હૃદય ધબકવાનું વીસરી ગયું હોય તેમ બે પળ માટે એ જડવત્ બની ગયો. થંભી ગયેલી ઘડિયાળના કાંટા ફરી ચાલવા લાગે તેમ એના મગજમાં ઝબકારો થયો :

'શોભા, તું રૂમ પર જા... હું હમણાં જ આવી પહોંચું છું.!' કહેતાં એણે કેસિનો તરફ દોટ મૂકી, પણ એ મોડો પડ્યો. ચીનો ચ્યાંગ રવાના થઈ ચૂક્યો હતો. વિદ્યાપતિની હાંફતી છાતીમાં શૂળ ઊપડ્યું : તો તો કેવો અનર્થ સર્જાઈ જશે.... હું જયદેવને શું મોં દેખાડીશ ?

ચીનાનો પીછો કરવા માટે દૂર પડેલી મોટરસાઇકલ તરફ એણે દોટ મૂકી, પણ અધવચ્ચે તેના પગ થંભી ગયા : ચીનાનો પીછો પકડવો હોય તો મારે ત્યાં જવું પડશે... પણ જ્યુલી ત્યાં જ ગઈ હશે એવું શું કામ માની લેવું ?

દ્વિધાની ભીંસ અનુભવતા વિદ્યાપતિએ હોટેલ તરફ પગ

વાળી લેવા પડ્યા. લિફ્ટમાં ત્રીજે માળે પહોંચી શોભાના રૂમ તરફ આગળ વળતાં એના પગ ફરી અટકી ગયા. ત્રણસો પંદર નંબરના રૂમની લાઇટ અને ઉઘાડો દરવાજો જોઈને એ ચમક્યો: આ તો જ્યુલીનો રૂમ...

ટકોર માર્યા વગર જ એ અંદર ધસી ગયો તો જ્યુલીની બૅગ વીંખી રહેલી શોભા દેખાઈ :

'શું કરે છે શોભા ?' જરૂર કરતાં વધુ ઉગ્ર અવાજે તેનાથી પુછાઈ ગયું, છતાં પેલીએ અવળો અર્થ કર્યા વિના બૅગ ફંફોળવાનું ચાલુ રાખ્યું :

'નીચે કાઉન્ટર પર જ્યુલીએ સૂચના આપી હતી તેમ હોટેલમાં આવતાંની સાથે જ એની બૅગની ડુપ્લિકેટ ચાવી એણે મને સોંપી હતી : 'શોભા, ચાવી ખોઈ નાખવાની મને બહુ ખરાબ આદત છે. એ વખતે મને 'શું ખબર કે એ આપણને બંનેને બનાવી જવાની !'

'એટલે તું શું કહેવા માગે છે ?' વિદ્યાપતિએ ધૂંધવાતા અવાજે પૂછ્યું : 'એની બૅગમાં શું શોધી રહી છે ?'

પણ પેલીએ જવાબ ન આપવો પડ્યો. ઘડી કરેલું જ્યુલીનું જીનપેન્ટ ખંખેરતાં એક પરબીડિયું ઊડીને વિદ્યાપતિના પગ પાસે પડ્યું. ઝાપટ મારીને તેણે કવર ઉપાડી લીધું. સફેદ પરબીડિયા પર મોટા અક્ષરે લખ્યું હતું : મને શોધતાં પહેલાં....

ધ્રૂજતા હાથે કવરની કિનારી ફાડી વિદ્યાપતિએ અંદરથી કાગળ ખેંચી કાઢ્યો. ઉતાવળે ઘડી ખોલીને અધીરાઈભેર નજર દોડાવી શોભાએ પણ તેની પાછળ ઝૂકીને લખાણ વાંચવા માંડ્યું :

'વિદ્યાપતિ,

હું જાણું છું કે આ ચિઠ્ઠી વાંચતી વેળાએ તમારા મન પર શું વીતી રહ્યું હશે. છતાં લખતી વખતે સાચા દિલથી ભગવાન પાસે એ જ માગું છું કે આ લખાણ વાંચવાનો અવસર બહુ જલદી આવે. બુરખો ચીરવાની વાત ઉચ્ચારી ત્યારથી જ મનમાં મેં નક્કી કરી રાખ્યું હતું કે એ કામ મારા હાથે જ થશે...

હું જાણતી હતી કે મારો આ પ્રસ્તાવ સાંભળીને જય ઊકળી

ઊઠશે. તમે હચમચી ઊઠશો અને રૂખીનું વેર વાળવાનું ધ્યેય આપણે કદી પાર પાડી નહીં શકીએ.... એટલે જ મેં શોભાનું નામ આગળ કર્યું હતું, પણ સાચેસાચ મેં ક્યારેય ઈચ્છ્યું નહોતું કે એ બિચારી આવા જોખમમાં હડસેલાઈ જાય !

બીજાનું બલિદાન આપવાની દાનતથી મહાન ધ્યેયમાં સિદ્ધિ સાંપડતી નથી. જાણું છું કે જે કામ કરવા હું જઈ રહી છું એમાં મારે જાત હોમી દેવાની છે. જે જયને જીવનસાથી બનાવવાના સ્વપ્ન સાથે હું વતન છોડીને અહીં આવી હતી એનો સથવારો સદાને માટે છૂટી જવાનો.... જ્યાં જવાની છું ત્યાંથી કદાપિ પાછી ફરવાની નથી અને પાછી ફરું તોપણ જયને માટે લાયક રહેવાની નથી, પણ...

તમને રૂખીના સોગન આપીને આજીજી કરું છું કે આપણું કામ સમાપ્ત થતાં સુધી જયને આ સર્વનાશની જાણ થવા દેશો નહીં અને કામ પૂરું થતાં પહેલાં વચ્ચે પડીને દેશદ્રોહના પાપમાં પડવાનો વિચાર સુદ્ધાં કરશો નહીં... નહીંતર મર્યા પછી પણ મારા આત્માની સદ્‌ગતિ નહીં થાય.

- જ્યુલી!'

શ્વાસ રૂંધાઈ જાય, નસોમાં લોહીનું ભ્રમણ સ્થગિત થઈ જાય અને મગજ બહેર મારી જાય તેમ વિદ્યાપતિ થોડીવાર કાગળ પકડીને જડવત્ બેસી રહ્યો. પહોળી થયેલી આંખોમાં એકસામટાં આંસુ ઊભરાઈ આવ્યાં ત્યારે બંને હાથ વચ્ચે તેણે મોં ઢાંકી દેવું પડ્યું :

'જ્યુલી, તેં આ શું કર્યું ? તને આવું ક્યાંથી સૂઝ્યું ?' તેનો કંઠ રૂંધાવા લાગ્યો અને ડૂસકાં વચ્ચે શબ્દો દબાઈ ગયા.

અચાનક ઝાટકા સાથે એ ઊભો થયો : 'ના, હું એવું નહીં થવા દઉં.' કહેતાં એણે પગ ઉપાડ્યા ત્યાં શોભાએ તેનું કાંડું પકડી લીધું :

'ક્યાં જાય છે ?'

'મહેમાન મહેલમાં !' કહેતાં એણે કાંડું છોડાવવા માટે હાથને ઝાટકો આપ્યો : 'પેલો રાક્ષસ તેના પર અત્યાચાર ગુજારે

એ પહેલાં જ્યુલીને હું તેના સકંજામાંથી છોડાવી લાવીશ.'

ફરી તે આગળ વધવા ગયો એટલે શોભાએ તેનો રસ્તો રોક્યો: 'જ્યુલીએ રૂખીના નામે સોગન આપ્યા છે, છતાં તું જવા માગે છે વિદ્યાપતિ ?'

'સોગન !' નિશ્વાસ નાખતાં એણે કહ્યું : 'મૃત રૂખીના સોગન કરતાં જીવંતી જ્યુલીના શિયળની રક્ષા વધારે જરૂરી છે.'

'તો જતાં પહેલાં મને એક વાતનો જવાબ આપતો જા !' શોભાનો ચહેરો તંગ થતો ગયો, અવાજ મક્કમ બની ગયો : 'આ શોભાને રાક્ષસના પંજામાં ધકેલવા માટે તમે લોકો અહીં આવ્યા ત્યારે એના પર થનારા અત્યાચારનો વિચાર નહોતો આવ્યો ?'

વિદ્યાપતિને કોઈ જવાબ સૂઝ્યો નહીં એટલે શોભાએ ઘૂંટાતા શ્વાસે સંભળાવ્યું : 'એટલા જ માટેને હું એક કોલગર્લ છું અને અમારા જેવી સ્ત્રીઓને શિયળ જેવું કાંઈ જ હોતું નથી....'

'શોભા !'

પણ તેણે વિદ્યાપતિને બોલવા ન દીધો : 'હવે તું જઈ શકે છે... કદાચ તારા પહોંચતાં સુધીમાં જે બનવાનું હશે તે બની ચૂક્યું હશે અને તારા જવાથી ન બનવા જેવું હવે બનશે !'

તેના એ શબ્દોએ વિદ્યાપતિની બધી જ તાકાત ચૂસી લીધી હોય તેમ જડની જેમ તેને જોતો રહ્યો.

છવ્વીસ

હાંફતી છાતીના દરેક શ્વાસે અને ધડકતા હૃદયના પ્રત્યેક ધબકારે આવરદા ખૂટી રહી હોય એવું મહેસૂસ કરતી જ્યુલી એના આગમનની રાહ જોતી હતી. મહેમાન મહેલના વિશાળ ખંડમાં સાવ એકલી હોવા છતાં દીવાલ પર ચીતરેલાં બિહામણાં દૃશ્યોનાં પાત્રો પોતાને ઘેરી વળ્યાં હોય એવી ભીંસ અનુભવતી હતી. બહાર મધરાતનો સન્નાટો હોવા છતાં થોડીવારમાં જ આવી પહોંચનારા રાક્ષસી પુરુષના પડછંદ પગલાંના ભણકારા સંભળાતા હોય તેમ એની કાયા થરથર કાંપતી હતી.

જયદેવના ઘેરથી નીકળી વિદ્યાપતિથી જુદી પડેલી જ્યુલી જયના રાજપુરોહિત પિતાના વિચાર વાગોળતી ધીમા પગલે આગળ વધી રહી હતી, ત્યાં અચાનક એક મોટર તેની લગોલગ આવીને ઊભી રહી ગયેલી. વિચારમગ્ન જ્યુલીએ માન્યું કે બેધ્યાનપણે ચાલતી હોવાથી પોતે કારની હડફેટમાં આવતી રહી ગઈ. બાજુમાં હઠી જઈ ડોક ફેરવીને એ 'સોરી' કહેવા જતી હતી, ત્યાં જ પાછળથી કોઈકનો મજબૂત પંજો તેના મોં પર દબાયો હતો અને શું થઈ રહ્યું છે એ સમજાય તે પહેલાં તો જમીન પરથી ઊંચકાઈને કારના ઉઘાડા દરવાજામાં ધકેલાઈ ગઈ હતી....

કાર સ્ટાર્ટ થવાનો અવાજ સંભળાય ત્યાં સુધીમાં તો એની આંખો પર કાળી પટ્ટી લાગી ગઈ હતી અને મોં પર કપડાનો કટકો બંધાઈ

ગયો હતો. બંને બાજુ બેઠેલા પુરુષોના શ્વાસોચ્છ્‌વાસ અને એમના પસીનાની વાસથી અકળાયેલી જ્યુલી થોડીવાર શાંત બેસી રહી હતી : આખરે એ ઘડી આવી પહોંચી, મારે જ્યાં જવું હતું ત્યાં જ આ લોકો લઈ જઈ રહ્યા છે... તેની બંધ આંખોમાં બુરખાધારી રાક્ષસ ઊપસી આવ્યો હતો. પોતે એનો બુરખો ચીરી રહી હોય એવું જોશ તેના જકડાયેલા કાંડામાં ઊભરાઈ આવ્યું હતું !

'ચૂપચાપ બેસી રહે !' જ્યુલીના જમણા કાંડા પર પુરુષના પંજાની ભીંસ વધી. બોલનારે અંગ્રેજી ભાષાનો ઉપયોગ કર્યો એટલે પાકું થઈ ગયું કે અપહરણ કરનાર બદમાશોને બરાબર પાઠ ભણાવીને મોકલ્યા છે.

છતાં પોતે રાજીખુશીથી જઈ રહી છે એવો દેખાવ ન થવા દેવા માટે જ્યુલીએ ડાબા કાંડાની પક્કડ છોડાવવા ફરી જોર અજમાવ્યું.

'સખણી બેસી રહીશ તો સલામત રહીશ.' ડાબી તરફના પુરુષે ધમકી અને શિખામણના મિશ્ર સ્વરમાં સંભળાવ્યું હતું : 'જોર અજમાવીશ તો કાંડું તૂટી જશે.'

ત્યારે પોતે લાચાર બની જવાની ચેષ્ટાથી માથું ઝુકાવી દીધું કે તરત પેલા બંનેએ તેનાં કાંડાં છોડી દીધાં હતાં !

છૂટા થયેલા તેના હાથ આંખની પટ્ટી તરફ ઊંચકાયા એટલે ફરી પેલા બંનેએ તેનાં કાંડાં પકડી લેવાની પેરવી કરી. પણ કાળી પટ્ટી નીચેથી દડી રહેલાં આંસુ લૂછતી જ્યુલીને જોઈને દયા ઊપજી હોય તેમ બંને કાંડાં પકડવાનું માંડી વાળ્યું હતું.

'બિચારી રડે છે !' નેપાલી ભાષામાં એકે કહ્યું હતું. જોકે તેના શબ્દોમાં જ્યુલીને અનુકંપા કરતાં વ્યંગ વધારે વર્તાયો હતો.

'ભલે રડી લે !' બીજો બબડવાની ઢબે બોલી ગયો હતોઃ 'પછી તો રડવા પણ નહીં મળે !'

સાંભળીને જ્યુલીના હોઠ ભિડાયા હતા : રડવાનું તો આ વખતે મારે બદલે બીજાને આવશે અને ત્યારે તેને રડાવાનોય વખત નહીં મળે !

રસ્તામાં એક સ્થળે કાર ધીમી પડતી રોકાઈ ત્યારે એણે

માની લીધું હતું કે ઠેકાણું આવી ગયું ! પણ આજુબાજુ બીજાં વાહનોની અવરજવરના અવાજ સાંભળીને તેણે અનુમાન બદલવું પડ્યું હતું : ટ્રાફિક સિગ્નલને કારણે કાર થોભી લાગે છે... એનો અર્થ એ કે મોટરના બધા જ કાચ પર પડદા લગાડ્યા હશે. અપહરણનો દેખાવ કે અપરાધનો ઉચાટ રાખ્યા વગર વ્યવસ્થિતપણે કામ થઈ રહ્યું છે....

સિગ્નલ વટાવીને આગળ વધતી કારનો વેગ થોડી વાર પછી અચાનક વધી ગયો ત્યારે ફરી એણે માની લીધું કે શહેરની બહાર નીકળી ગયા છીએ.

'તું તારે જવા દે હવે !' જમણી તરફ બેઠેલાએ ડ્રાઇવરને પોરસ ચડાવવાની ઢબે કહ્યું હતું : 'જલદી જલદી માલ સોંપી દઈને નશામાં ડૂબી જઈએ.'

જ્યુલી સમજી ગયેલી કે બંધાણીની તલપ બોલી રહી છે... પણ શેનું બંધાણ હશે, શરાબનું કે અફીણનું ? પછી મનોમન ધારી લીધું હતું : અફીણનું જ હશે, એની તલબ શરાબ કરતાં અનેકગણી તીવ્ર હોય છે...

આખરી વળાંક લઈને કાર ધીમી પડવા લાગી ત્યારે ડાબી બાજુ બેઠેલાએ ટકોર કરી હતી : 'છોકરી સમજદાર નીકળી, એકવાર કહ્યા પછી ડાહીડમરી થઈને બેસી રહી... દેશી-પરદેશીમાં આટલો ફેર !'

ત્યારે જ્યુલીએ દેખાવ ખાતર કારમાંથી નીચે ઊતરવા માટે આનાકાની કરી હતી. જોર અજમાવી એક પંજાની પક્કડમાંથી હાથ મોં પર બાંધેલું કપડું ખેંચી કાઢ્યું હતું : 'કોણ છો તમે ? ક્યાં લઈ જાવ છો મને ?'

પેલા બંનેએ તેને બાવડેથી જકડી તો લીધી પણ તેનું મોં દાબવાની પરવા કરી નહોતી. એકે તુચ્છકારભર્યું હસવાની ઢબે સંભળાવ્યું હતું : 'હવે તું ચીસો પાડીશ તોપણ કાંઈ નહીં વળે.'

'અહીંની દીવાલોને સ્ત્રીઓની ચીસો સાંભળવાનું બંધાણ પડી ગયું છે.' બીજાએ આગળ ખેંચતાં કહ્યું હતું : 'હવે આંખ પરથી પટ્ટી ખોલવાની પેરવી કરીશ તો...'

તેણે વાક્ય અધૂરું જ રાખ્યું હતું, કદાચ ધમકી માટે કોઈ શબ્દ જડ્યો નહીં હોય ! પણ એક વાત જ્યુલીની સમજમાં આવી ગઈ : અપહરણ કરનારને પોતે ઓળખી ન જાય એ માટે આ લોકો વધુ સાવધ હતા.

કારમાંથી નીચે પગ મૂકતી વખતે જ્યુલીના ખ્યાલમાં આવ્યું કે એક પગનું સેન્ડલ તો પોતાને ઊંચકીને મોટરમાં ધકેલી ત્યારે જ પગમાંથી નીકળી ગયું હતું... એટલે બીજા પગનું સેન્ડલ મોટરમાં જ રહેવા દઈ ઉઘાડા પગે જ બંનેની વચ્ચે એણે આગળ વધવું પડ્યું હતું.

'જા, કાર લઈને તું તારી ડ્યૂટીએ લાગી જા !' ડ્રાઇવરને અપાતી સૂચના તેના કાને પડી ત્યારે જ્યુલીને વિચાર આવેલો કે મોટરમાં રહી ગયેલું સેન્ડલ કોઈની નજરે ચડી જાય તો... લાભ થશે કે ગેરલાભ ?

'હવે પગથિયાં આવે છે !' તેને દોરી જનારા એકે કહ્યું ત્યારે જ્યુલીએ સીડી ચડવાની છે એમ માનીને પગ ઊંચો કર્યો હતો પણ તેને બદલે નીચે ઊતરવાનાં પગથિયાં હતાં.

એનો અર્થ એ કે મને ભૂગર્ભમાં લઈ જઈ રહ્યા છે ! પગથિયાં ગણતી જ્યુલીએ બારના આંકડે અટકી જવું પડ્યું હતું: એટલે કે દસેક ફિટ નીચે આવ્યા !

પગથિયાં પૂરાં થયાં પછી થોડાં જ ડગલાં ચાલવું પડ્યું હતું. બારણું ઊઘડવાનો અવાજ સંભળાયો તેની બીજી જ ઘડીએ પેલા બંનેએ પોતાને અંદર ધકેલી બહારથી બારણું બંધ કરી દીધું હતું.

બારણું બંધ થતાં જ જ્યુલીએ આંખ પરથી કાળી પટ્ટી હઠાવી લીધી ત્યારે થોડીવાર તો બધું ધૂંધળું દેખાયું હતું. આસપાસ જોવાને બદલે પહેલ-વહેલાં તો એણે બારણાં પર હાથ પછાડ્યા હતા : 'તમે લોકો મને પૂરી દઈને ક્યાં જાવ છો ? બચાવો... કોઈ મને બચાવો !'

અભિનય કરતાં કરતાં પોતે સાચે જ આક્રન્દ અને આક્રોશથી બોલી ગઈ હતી, જેના જવાબમાં બહાર ઊભેલાના અટ્ટહાસ્ય સાથે સાંભળવા મળ્યું હતું : 'અહીં આવનારી કોઈ બચીને

ગઈ નથી, મધરાતે તારો પણ ઉદ્ધાર થઈ જશે.'

ત્યારે જ્યુલીએ બારણાં પર જોરદાર પાટું લગાવી દીધું પણ તેનો કોઈ પડઘો સાંભળવા મળ્યો નહોતો, માત્ર દૂર જતાં પગલાંના અવાજ કાને પડીને શમી ગયા હતા.

દરવાજા તરફથી મોં ફેરવી લઈને જ્યુલીએ ઓરડાનું નિરીક્ષણ કર્યું તો પહેલી વિચિત્રતા એ નિહાળી કે કોઈ પણ બત્તી દેખાતી ન હોવા છતાં અંદર પ્રકાશ પથરાયેલો હતો. પોતે ભૂગર્ભમાં હોવા છતાં ઓરડો બંધિયાર લાગતો નહોતો. એક પણ બારી વગર હવા ક્યાંથી આવતી હશે એ તેને સમજાયું નહોતું, પરંતુ સાંકડા ઓરડાની દીવાલ પર બિભત્સ ચિતરામણ જોતાં જ તેણે ગૂંગળામણ અનુભવવા માંડી હતી. સ્ત્રી-પુરુષનાં અંગઉપાંગોને વિકૃતપણે ચીતરીને નીચે અશ્લીલ ગાળો લખી હતી.

ત્યારે પહેલીવાર જ્યુલીને વાસ્તવિકતાનો ખ્યાલ આવ્યો કે પોતે નર્કમાં આવી પહોંચી હતી, અને હવે અહીંથી બહાર નીકળી કોઈને મોં દેખાડવા લાયક રહેવાની નહોતી.

અચાનક બારણાનું હૅન્ડલ ફરતું જોઈને તે ધ્રૂજી ઊઠી હતીઃ કોણ આવ્યું હશે ? ધડકતી છાતી પર હાથ દાબીને એ ભીંતના ટેકે બેસી ગયેલી. બારણું ઊઘડ્યું છતાં એ તરફ ડોક ફેરવી નહોતી. કોઈનાં નજીક આવતાં પગલાં સંભળાયાં ત્યારે શરીર સંકોરતી બેસી રહી હતી. હમણાં બાવડું પકડીને કોઈ પોતાને ઝાટકા સાથે ઊભી કરી દેશે એવા અનુમાનથી થરથરતી રહી, છતાં ઘણીવાર સુધી આવનારે કોઈ હિલચાલ કરી નહીં ત્યારે ફફડતા જીવે તેણે આંખ થોડી ઊંચી કરવી પડી.

પાસે ઊભેલી વ્યક્તિના પગ પર નજર પડી : ના, એના પગ ઉઘાડા નહોતા, કાળાં મોજાં ચડાવેલાં દેખાયાં... એટલે તેણે નજરને થોડી ઊંચે લઈ જવી પડેલી.... એ તો પગથી માથા સુધી કાળાં વસ્ત્રોમાં ઢંકાયેલી હતી : ના, પેલો બુરખાધારી રાક્ષસ નથી... યુરોપમાં વર્ષો પહેલાં એક ત્રાસવાદી ટોળકી પહેરતી એવો કાળો બુરખો ઓઢીને આવેલી એ વ્યક્તિની કાયા પુરુષ જેવી પણ દેખાતી નહોતી.

હમણાં એ કંઈક બોલશે એવી ધારણાથી જ્યુલી દયામણી નજરે તેને જોઈ રહી ત્યારે પેલી વ્યકિતએ પગ પછાડીને સામેની ઓરડી તરફ આંગળી ચીંધી હતી.

જ્યુલીને તેનો સંકેત સમજાયો નહીં છતાં આજ્ઞાંકિતપણે ઊભી થઈને તે ઓરડી તરફ આગળ વધી, ત્યારે બુરખાધારીએ ઓરડીનું બારણું ઉઘાડી આપ્યું અને અંદર ડોકિયું કરતાં જ તેને સમજાઈ ગયું કે એ આરસ મઢેલો બાથરૂમ હતો અને પેલી વ્યકિત તેને સ્નાન કરાવવા આવી હતી!

ઘાતકી કામ કરનારો રાક્ષસ પણ સ્ત્રી પર બળાત્કાર કરતાં પહેલાં તેને સ્નાનથી સ્વચ્છ કરવાનો આગ્રહ સેવે એ જ્યુલીને બહુ વિચિત્ર લાગ્યું હતું. વધ પહેલાં બલિને શુદ્ધ કરવા જેવી એ વિધિ માટે સંમત થવું કે નહીં એની ગડમથલમાં પડેલી જ્યુલીના ખભા પર કાળા બુરખાવાળી વ્યક્તિનો હાથ પડ્યો ત્યારે વિરોધ દર્શાવતી જ્યુલી બે ડગલાં પાછળ હઠી ગઈ હતી :

'ખબરદાર મને હાથ લગાડ્યો છે તો !' ઉશ્કેરાટભર્યા અવાજે તેણે પડકાર કર્યો હતો : 'કોઈ મારા શરીરનો સ્પર્શ કરીને નવડાવે એ મને પસંદ નથી.' કહીને જુસ્સાભેર ઉમેર્યું હતું : 'બિલકુલ પસંદ નથી.'

અણધાર્યા પ્રતિકારથી ડઘાઈ ગઈ હોય તેમ કાળા બુરખાનાં બે કાણાંમાંથી પેલી વ્યક્તિ તેને તાકી રહી હતી. જ્યુલીએ અનુમાન કરી લીધું કે એ પુરુષ નહીં, પણ સ્ત્રી જ હોવી જોઈએ.... છતાં માનવામાં આવ્યું નહોતુ : આવા કામમાં સ્ત્રીનો સાથ ન લેવાય, સ્ત્રી જેવા નાજુક શરીરનો કોઈ પુરુષ પણ હોઈ શકે !

'હું આપમેળે સ્નાન કરી લઉં છું !' કહેતી એ બાથરૂમમાં દાખલ થઈ હતી. પેલી વ્યક્તિએ વિરોધ ન કર્યો એટલે ઝડપભેર બારણું બંધ કરી દીધેલું.

જેની દહેશત હતી એમાંથી પોતે ઊગરી ગઈ, એવી ધરપત સાથે જ્યુલીએ સ્નાન કરવાના દેખાવ ખાતર હાથ મોં ધોઈ પાણીને વહેવા દીધું હતું. રાક્ષસની સામે જાય ત્યાં સુધી તેને ખબર પડવા

દેવી નહોતી કે પોતે સલામતી ખાતર છાતીથી સાથળ સુધીનું ઍલ્યુમિનિયમનું બારીક બખ્તર ચડાવીને આવી હતી. રાક્ષસના તીણા નહોર પોતાની કાયાને તરડી નાખે અને પશુ જેવો એ વિકારી માણસ પોતાનું લોહી ચૂસે એવી કરપીણ પરિસ્થિતિ જ પોતે ઊભી થવા દેવા નહોતી...માગતી પછી ભલેને પેલો ખુન્નસનો માર્યો પોતાનો ચહેરો પીંખી નાખે. નહોર ભરાવીને આંખો ફાડી નાખે

નાહીને બહાર આવી ત્યારે તેના અચરજ વચ્ચે સમારેલાં ફળની પ્લેટ સાથે પેલી બુરખાધારી વ્યક્તિ તેની રાહ જોતી અદબભેર ઊભી હતી : ભૂખ્યા પેટવાળી સ્ત્રી પર બળાત્કાર કરવામાં મોજ નહીં આવતી હોય એવું રાક્ષસ માનતો લાગે છે!

કાળાં મોજાંવાળા હાથે તેના તરફ પ્લેટ સરકાવી ત્યારે એનો રોષ ભભૂકી ઊઠ્યો : 'આ બધું શું છે ?' પહેલાં સ્નાન, પછી ફળાહાર... મને અહીંયા શું કામ લઈ આવવામાં આવી? આ કઈ જગ્યા છે ? કોણ એનો માલિક છે ?'

એકીશ્વાસે પૂછી નાખેલા પ્રશ્નોનો કોઈ પડઘો પડ્યો નહીં, સામે ઊભેલી વ્યક્તિએ હરફ સુદ્ધાં ઉચ્ચાર્યો નહીં ત્યારે જ્યુલી ઘડીભર તો એવા ઝનૂનમાં આવી ગયેલી કે એના પર ધસી જઈ બુરખો ઉતારીને એની અસલિયત જાણી લેવી.... પણ જ્યુલીએ સાવધ બની જવું પડ્યું હતું : નહીં, એની સામે શકિત વેડફી નાખવાથી કોઈ અર્થ સરવાનો નથી. અહીં તો માત્ર વિરોધમાં દેખાવ કરતાં કરતાં પેલા સુધી પહોંચવાનું છે...

'તું જવાબ નહીં આપે તો હું કાંઈ જ ખાવાની નથી! જા લઈ જા !' કહેતાં એણે પ્લેટ આઘી હડસેલી દીધી હતી.

ઘડીભર એ ગેબી વ્યકિત બુરખાના કાણામાંથી પોતાને તાકીને ગડમથલમાં ખામોશ બેસી રહી એટલે જ્યુલીને પૂછવાનું સૂઝી આવ્યું હતું :

'તું સ્ત્રી છો કે પુરુષ ? તારે જીભ છે કે નહીં ?'

ત્યારે પહેલીવાર સામેથી ડોકું ધુણાવી નકારમાં જવાબ મળ્યો અને જ્યુલીને બીજો પ્રશ્ન સૂઝી આવ્યો.

'તારે જીભ નથી ?' ફરી ડોકું ધૂણ્યું એટલે જ્યુલીથી

અધીરાઈભેર પુછાઈ ગયેલું : 'તારી જીભ કોઈએ કાપી નાખી છે ?'

એ સવાલે ધક્કો માર્યો હોય તેમ બુરખાધારી બે ડગલાં પાછળ હઠી ગઈ. તેના ખભા ધ્રૂજતા દેખાયા. જ્યુલી સમજી ગયેલી કે પોતાના અનુમાને તેને ભડકાવી દીધી હતી. એનો અર્થ એ કે સાચોસાચ તેની જીભ કાપી નાખવામાં આવી હતી...

કમકમાંટી અનુભવતી જ્યુલીએ હૈયા ઊકલત અજમાવીને કહી દેવું પડ્યું હતું : 'તું જા, મરજીમાં આવશે ત્યારે હું ખાઈ લઈશ...'

અને ત્રણ કલાક પછી એ જ કાળા બુરખાવાળી તેને દોરીને મહેમાન મહેલના આ વિશાળ ખંડમાં મૂકી ગઈ હતી, જતાં જતાં બુરખા પાછળથી એ તેને એવી રીતે જોતી ગઈ હતી જાણે દયા ખાતી હોય !

હજુ તો એકાદ મહિના પહેલાં જ પોતે કટ્ટોખાનોની સવારે જયને મળવા અહીં આવી હતી, ત્યારે આ ખંડની દીવાલોનાં ચિત્રો જોઈને જયથી સદાને માટે વિખૂટા પડવાના ખ્યાલે ચિત્ત વ્યગ્ર બની ગયું હતું, જય પ્રત્યેનો અનુરાગ વૈરાગમાં પલટાઈ ગયો હતો અને આજે ? જયથી વિખૂટા પડવાના જ સંજોગો સર્જાઈ રહ્યા હતા પણ નિમિત્ત જુદું હતું. બહેનની શોધ ખાતર જય ઘર-વતન ત્યજીને મહારાજાનાં પાપ અંગીકાર કરવા તૈયાર થયો હતો અને પોતે તેને મતલબી સમજી બેઠી હતી. માણસ ભલે સર્વસ્વ છોડી દે પણ સાચા હૃદયનો પ્રેમ તરછોડીને કોઈ ધ્યેય પ્રાપ્ત કરવાનું કેમ વિચારી શકે એવી દલીલ પોતાને જાગી હતી અને આજે પોતે પણ એવું જ કરવા તૈયાર થઈ હતી.... જય આ જાણશે ત્યારે એનેય જીવન વ્યર્થ લાગવા માંડશે. કદાચ મારું આ પગલુંય એને અવિચારી લાગશે, આત્મસમર્પણ તેને આત્મહત્યા જેવું દેખાશે. દેવનાં ચરણે બલિદાન અપાય એ તો સમજ્યા પણ આ તો દાનવ....

જીવ છૂટવાની પળોમાં સૌથી નિકટના સ્વજનનું સ્મરણ છૂટતું નથી તેમ જ્યુલી રાક્ષસનાં પગલાં સાંભળવાની નજીક આવતી ઘડીઓમાં જયને મન ભરીને સંભારી લેવા માગતી હતી. ધીમા પગલે તે પલંગ પાસે ગઈ. તેના પર બિછાવેલી રેશમી ચાદરનો

સ્પર્શ કર્યો. એ સુંવાળી શૈયામાં જયે ત્રણ-ચાર રાત કેવી વિટંબણામાં વિતાવી હશે ? કદાચ એ ઊંઘી જ શક્યો નહીં હોય, કદાચ મને જ યાદ કરીને એણે કટોકટીની એ રાતો ગુજારી હશે, કદાચ...

અને કોઈના પગરવે જ્યુલીને એ કુમાશભર્યા વિચારમાંથી સજાગ કરી દીધી. કઠોર વાસ્તવિકતાનો સામનો કરવા માટે સાવધ બનાવી દીધી. પલંગથી દૂર ખસી જઈ દરવાજા પર દૃષ્ટિ માંડીને એ દીવાલની ઓથે કાંપતી ઊભી રહી ગઈ... પણ દ્વાર ઊઘડ્યાં નહીં ત્યારે તેની ભયભીત નજર શૃંગાર, ભયાનક અને બીભત્સ રસનાં ભીંતચિત્રો પર ઝડપથી ફરી વળી. તેને એક જ વાતનો ઉચાટ જાગ્યો : ફિલ્મ ઉતારવા માટેના કૅમેરાની દીવાલમાં કોઈ જગ્યા કેમ દેખાતી નથી ? ચીનો તો કહેતો હતો કે બે કૅમેરાથી ફિલ્મ ઝડપું છું... એ કૅમેરા ક્યાં સંતાડ્યા હશે ? કે પછી આજે ફિલ્મ ઉતારવાની નહીં હોય ?

અંતિમ અનુમાને તેના કાળજા પર કરવત ફેરવી નાખી! તો તો સ્વેચ્છાએ સ્વીકારેલો આ બળાત્કાર વ્યર્થ....

અને દ્વાર ઊઘડ્યાં. આટલે દૂરથી પણ આંખોમાં તીક્ષ્ણ નહોર ભોંકાયા હોય તેમ એને જોતાં જ જ્યુલીની કીકીઓમાં અસહ્ય પીડા ઊપડી. ઉઘાડા દ્વારની વચોવચ ટટ્ટાર ગરદને સીનો કાઢીને એ ઊભો હતો. લોહીતરસ્યો વાઘ ખૂણામાં ભરાયેલી લાચાર મૃગલીને તગતગતી આંખે જુએ તેમ બુરખા પાછળ છુપાયેલી તેની બે આંખો પોતાને તાકી રહી હતી. તેના પ્રત્યાઘાતમાં જ્યુલીએ બંને હાથ છાતી આડા ધરી દીધા. એની એ ચેષ્ટામાં અભિનય હતો તેમ ભય પણ હતો.

અને પેલાએ બારણાં બંધ કરી દીધાં ત્યારે તો સાચોસાચ જ્યુલીની છાતી ભયથી ભીંસાવા લાગી. બારણાં બંધ કરવા માટે પેલાએ ફેરવેલી પીઠના જમણા ખભાનું હાડકું ઊપસેલું જોઈને તેને હવે પાકી ખાતરી થઈ ગઈ કે બુરખામાં છુપાયેલો રાક્ષસ જે ધાર્યો હતો એ જ છે, છતાં ભયભીત અવાજે તેનાથી રાડ નંખાઈ ગઈ:

'કોણ છો તમે ?'

સવાલનો ઝાટકો લાગ્યો હોય તેમ પેલાએ પીઠ ફેરવી.

પગ ઉપાડતાં પહેલાં તેણે સફેદ મોજાંવાળો જમણો પંજો ઊંચો કર્યો. જ્યુલીને તેનો અર્થ સમજાયો નહીં, પણ ધારદાર નહોરવાળો કાળો પંજો ઊંચો કરીને દેખાડ્યો ત્યારે જ્યુલીએ એવો અર્થ ઘટાવ્યો કે તાબે થઈશ તો સુંવાળપ મળશે અને સામી થઈશ તો રિબામણી...

પરદા પર જોયો હતો એના કરતાં અત્યારે એ જ્યુલીને વધુ વિકરાળ, કદાવર અને ભયાનક લાગવા માંડ્યો.

'મને અહીંયાં શું કામ લઈ આવ્યાં છો ?'

ભયને ટાળવા માટે માણસ પડકાર કરે તેમ જ્યુલીએ ઊંચા અવાજે સવાલ કર્યો અને પડકાર સાંભળીને આક્રમણખોર વધુ વિફરે તેમ પેલો મક્કમ પગલે આગળ વધ્યો.

'હું યુવરાજ સમક્ષ ફરિયાદ કરીશ કે....'

તેના એ વાક્યને અધવચ્ચે જ કચડી નાખતો હોય તેમ પેલાએ એવું અટ્ટહાસ્ય કર્યું કે તેના પડઘાથી આખો ખંડ ધ્રૂજી ઊઠ્યો. અચાનક જ્યુલીની નજર રાક્ષસની પીઠ પાછળ બંને બાજુની દીવાલમાં પડેલાં બે બાકોરાં પર ખેંચાઈ. બાકોરાં પાછળ ગોઠવેલા કૅમેરાના લેન્સ પણ દેખાયા... ઝડપભેર તેણે વ્યૂહરચના વિચારી લીધી. બુરખો ચિરાય ત્યારે પેલાની પીઠ કૅમેરા તરફ ન રહેવી જોઈએ !

બુરખામાંથી ત્રાટક કરતી તેની આંખો વધુ નજીક આવતી ગઈ તેમ જ્યુલીને થયું કે એક જ તરાપમાં એ તેને પીંખી નાખશે. પ્રતિકાર નહીં કરું તો મારી કાયાને કબજામાં લઈને સફેદ મોજાંવાળા પંજાથી મને પંપાળશે અને રક્ષણ માટે પહેરેલા બખ્તરનો સ્પર્શ થતાં જ એ વિફરી બેસશે. કદાચ એને વહેમ આવી જશે કે હું પૂરતી તૈયારી સાથે આવી છું....

અને પાંચ ડગલાંનું અંતર રહ્યું ત્યારે જ્યુલીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું. દાંત કચકચાવી તેની સામે ધસી જવાનો દેખાવ કરતી એ સિફતથી પોતાના જમણા હાથ પાસેથી સામી દિશામાં સરકી ગઈ.

હવે પીઠ ફેરવીને રાક્ષસે તેના તરફ જોયું ત્યારે બુરખા પાછળનો ચહેરો દેખાતો ન હોવા છતાં જ્યુલીને એની આંખો દ્વારા

જ વધી ગયેલી વિકરાળતાનો ખ્યાલ આવી ગયો. દોડવાને કારણે જ્યુલીની છાતી પરથી સાડીનો છેડો ખસી ગયો હતો અને હાંફતી છાતી પર પેલાની મીટ મંડાઈ હતી. લાંબા નહોરવાળો તેનો પંજો ઊંચો થયો ત્યારે જ્યુલી થથરી ગઈ.

સાડીના છેડાથી છાતી ઢાંકવા જાય એટલીવારમાં તો એ ગેંડાંની જેમ તેના તરફ ધસી આવ્યો. સમયસૂચકતાથી બાજુમાં ખસી જતી જ્યુલી તેના નહોરવાળા પંજાના પ્રહારમાંથી ઊગરી ગઈ પણ સાડીનો પાલવ પેલાની મુઠ્ઠીમાં આવી ગયો અને એક જ ઝાટકે તેણે જ્યુલીની કાયા પરથી સાડી ખેંચી કાઢી.

સામે ઊભીને થરથર કાંપતી કન્યાની કાયા જોઈને પેલાની આંખોમાં વિકારનું ઝેર ઘૂંટાવા લાગ્યું. એટલું સારું હતું કે જ્યુલી એ બખ્તરને ઢાંકી રાખવા ચોળીને બદલે કમર સુધીનું ટીશર્ટ પહેર્યું હતું. પેલાની નજરે આ તફાવત પકડી પાડ્યો પણ પરદેશી છોકરીની ફૅશન માની લઈને શંકા ન જાગી.

પસીને રેબઝેબ થઈ ગયેલી જ્યુલીએ બે હાથ જોડી કાલાવાલા કરવાની ચેષ્ટા દેખાડી ત્યારે પેલાએ સફેદ મોજાંવાળા જમણા હાથના સંકેતથી તેને નજીક આવવા સમજાવી. ફરી જ્યુલીને ભાન થયું કે રાક્ષસની પીઠ કૅમેરા તરફ છે એટલે નજીક જવાને બહાને ધીમે ધીમે સરકતા જઈ તેણે દિશા બદલાવી નાખી.

શિકારી મરણિયો બની જઈને જીવલેણ તરાપ મારવાના ખુન્નસમાં આવી જાય એવી ચેષ્ટા સાથે પેલો તેને ટાંપી રહ્યો હતો અને જ્યુલી તેના બુરખાનું નિશાન લઈને થરથર કાંપતી ઊભી હતી.

પહેલી વાર કોઈ જંગલી જાનવર જેવી ગર્જના કરતો રાક્ષસ તેના પર છલાંગ મારીને કૂદ્યો ત્યારે જ્યુલી તેના નહોર બચાવવા માટે નીચે ઝૂકવા ગઈ તેમાં તેનું ટીશર્ટ પેલાના નહોરથી ચિરાઈ ગયું. જ્યુલી ભોંય પર પટકાઈને ઊભી થવા ગઈ એટલી વારમાં પેલાની નજર ઉઘાડી પીઠને બદલે ધાતુના બખ્તર પર પડી.

લોહી પીવા માટે તલસતી પેલાની આંખોમાં ભયાનક ક્રોધ ભભૂકી ઊઠ્યો. એની પડછંદ કાયા ખુન્નસથી ખળભળી ઊઠી. જ્યુલીને હવે મૃત્યુ પાંચ જ ડગલાં દૂર દેખાયું. તેની એક જ તરાપ

અને નહોરવાળા પંજાનો એક જ પ્રહાર તેને પીંખી નાખવા માટે પૂરતો હતો. હવે હાથમાં છેલ્લી જ તક હતી, અંતિમ પ્રયાસનો જ અવકાશ હતો.

અને એક જ પળ માટે આંખો મીંચી દઈ 'જય પશુપતિનાથ'ના નાદ સાથે શરીરની સમગ્ર શક્તિ એકઠી કરીને એ તેના પર કૂદી ગઈ. વીજળી ત્રાટકે તેમ ધસી આવેલી અબળાએ ઘડીભર માટે પેલાને વિચારમાં નાખી દીધો અને એ સાવધ થાય ત્યાર પહેલાં તો જ્યુલી બંને હાથ પેલાની ડોકમાં પરોવીને લટકી ગઈ.

જાણે શિકાર સામે આવીને ગળે વળગ્યો હોય એવા ઝનૂનમાં આવી જઈ બુરખાધારી રાક્ષસે તેના નહોરથી જ્યુલીની પીઠ ઉતરડવાની કોશિશ કરી જોઈ, પણ બખ્તર સાથે નહોર ઘસાયા એટલે જ્યુલીની કમરની નીચે હાથ લંબાવીને નહોર ભરાવવાની ચેષ્ટા કરી, ત્યાં પણ બખ્તર નડયું ત્યારે ગળે વળગેલી જ્યુલીનો ચહેરો ઉતરડી નાખવા માટે તેણે ડાબો હાથ ઊંચો કર્યો...

બસ, જ્યુલીને એટલો સમય જોઈતો હતો. દસ દિવસથી વધારેલા બંને પંજાના નખ તેણે બુરખામાં ખૂંતાડી દીધા અને પેલાએ મોં બચાવવા માટે ગરદનને પછવાડે એવો ઝાટકો આપ્યો કે આપોઆપ તેના ચહેરા પરનો બુરખો ચિરાઈ ગયો.

ચિરાતા બુરખાનાં ચીંથરાં સાથે જ્યુલી પીઠભર ભોંય પર પટકાઈ પડી. ઉઘાડા પડી ગયેલા રાક્ષસના ચહેરા પર નજર પડતાં જ એણે કમકમાટી અનુભવી. ઘડીભર તો થયું કે એ યુવરાજ ચંદ્રભૂષણ હોઈ ન શકે... એની વધુ પડતી પહોળી થયેલી આંખોમાં વિકાર વરસતો હતો, હોઠ પર લબડતી જીભમાંથી લાળ ટપકતી હતી, જડબાં તંગ થઈ ગયાં હતાં અને કપાળની નસો ફાટફાટ થતી દેખાતી હતી. એક સોહામણો ચહેરો આવું વિકરાળ સ્વરૂપ ધારણ કરી શકે ખરો ?

ચહેરાની એ વિકરાળતા જીરવી ન શકતી હોય તેમ ચત્તીપાટ પડેલી જ્યુલીએ ચિરાયેલા બુરખાનાં કપડાંથી પોતાનું મોં ઢાંકી દીધું અને બીજી જ ઘડીએ પેલા રાક્ષસના ભયાનક અટ્ટહાસ્યથી ખંડ ખળભળી ઊઠ્યો.

મારણની ઉજાણી કરવા માટે સિંહ પગ વાળીને બેસી જાય તેમ યુવરાજ ભોંય પર ગોઠણ રાખી જ્યુલીની કાયા પર ઝળૂંબ્યો.ચિરાઈ ગયેલું જ્યુલીનું ટી-શર્ટ તરડી નાખીને તેણે બખ્તરનું નડતર હઠાવવા નહોર ભરાવ્યા, પણ તેમાં ફાવ્યો નહીં ત્યારે ડાબા હાથમાંથી નહોરવાળું મોજું ફગાવી દઈને બંને હાથના પંજામાં જ્યુલીની નાજુક ગરદન પકડી ધીમે ધીમે પંજાની ભીંસમાં ગરદન દબાવતો ગયો ત્યાં -

ગુપ્ત દરવાજામાંથી ચીનો ધસી આવ્યો :

'યુવરાજસાહેબ, આ ફિલ્મ તો નકામી ગઈ !' કહેતાં સોળ એમ-એમ ફિલ્મની રીલના બે ડબ્બા તેની સામે ધર્યા.

મારણ પર બેઠેલો સિંહ વિક્ષેપથી વિફરે તેમ રાક્ષસ યુવરાજે દાંત ભીંસીને ચીના સામે જોયું. ચ્યાંગે કદી તેનું આવું ભયાનક સ્વરૂપ નિહાળ્યું નહોતું. જ્યુલીની ગરદન પરથી ઢીલા પડતા એના પંજા પોતાની ગરદન પર ત્રાટકશે એવી બીક લાગી એટલે હાથમાં પકડેલા બંને ડબ્બા ખોલી રીલમાંથી ફિલ્મ ખેંચી કાઢીને ધ્રૂજતા અવાજે કહ્યું:

'લ્યો યુવરાજ, ફિલ્મનાં બધાં દૃશ્યો ભૂંસી નાખ્યાં.'

છતાં પણ યુવરાજની વિકરાળતા ઓસરી નહી ત્યારે છળી પડેલા ચીના ચ્યાંગે બંને રીલ ત્યાં જ ફગાવી દઈને દોટ મૂકી :

'હું જાઉં છું, ફરી જરૂર પડે તો બોલાવજો !'

સામે પડેલી ખુલ્લી ફિલ્મના રીલ પર નજર નાખી લઈ યુવરાજે દાંત ભીંસ્યા. બુરખાના કપડાથી ઢંકાયેલો જ્યુલીનો ચહેરો નિરખવા માટે ઝાપટ મારીને તેણે કપડું હટાવી દીધું. તેની બિડાયેલી આંખો જોઈને એ હતાશ થયો. ગોરી ચામડી ચીરીને તેમાંથી ટપકતું લોહી પીવાની પ્યાસથી તેનું ગળું સુકાતું હતું, પણ બેશુદ્ધ સ્ત્રીના લોહીમાં એ ગરમી, તાજગી અને મીઠાશ ક્યાંથી મળે ? પેલી પીડાથી તરફડતી હોય ત્યારે જ લોહી ચૂસવામાં ખરો સ્વાદ આવે....

અને જ્યુલી ભાનમાં આવે તેની તત્પરતા સાથે એ તેની કાયા પર તોળાતો રહ્યો !



ઘણીવાર સુધી ઘંટી વાગતી રહી છતાં બારીમાંથી આકાશને તાકી રહેલા શૂન્યમનસ્ક વિદ્યાપતિને એ સંભળાઈ નહીં. પાંચ કલાકથી એ જ્યુલીના ખ્યાલમાં વલોવાતો, તેની મદદે નહીં જઈ શકવાની લાચારી પર અકળાતો, જાત સાથે ઝઘડતો, અહીંથી ત્યાં ભટકતો હતો. શોભાને હોટેલ પર છોડીને કેસિનોમાં આવ્યો પણ જ્યુલી પર કેવી વીતી રહી હશે એ કલ્પનાએ તેને જંપવા દીધો નહીં. બે વાગે ઘેર પહોંચીને જયને કૉલ જોડવાનો વિચાર કર્યો, પણ એમ કરીને જયને અજંપામાં નાખવાનું અને જ્યુલીના સોગન ઓળંગવાનું તેને અજુગતું લાગ્યું.

પશુપતિનાથને પ્રાર્થના કરવા સિવાય હવે પોતે કાંઈ જ કરી શકે તેમ નહોતો....

વધુ ઊંચા અવાજે ઘંટી વાગવા લાગી એટલે ચોંકીને વિદ્યાપતિએ ટેલિફોન તરફ જોયું, પણ ફોન મૂંગો દેખાયો ત્યારે પોતાને ભણકારા સંભળાતા હોવાનો ભ્રમ થયો.

એ જ વખતે બારણાં પર કોઈના હાથ પછાડવાનો અવાજ સંભળાયો, ત્યારે ભાન થયું કે દરવાજાની ઘંટી વાગે છે અને કોઈક અધીરાઈભેર બારણાં ઉઘડાવવા માટે મથી રહ્યું છે.

જ્યુલી તો નહીં હોય ને ?

જડ શરીરમાં અચાનક ચેતન ઊભરાઈ આવ્યું હોય તેમ છલાંગ મારતો વિદ્યાપતિ દરવાજા તરફ ધસી ગયો. 'ખોલું છું.' કહેતો ઝપાટાભેર બારણાં ઉઘાડી નાખ્યાં ત્યારે હાંફતી છાતીએ અને ભયવિહ્‌વળ ચહેરે ઊભેલો ચીનો દેખાયો !

થોડીવાર તો એ બોલી પણ શક્યો નહીં. ઉંબરે ઊભેલા વિદ્યાપતિને વચ્ચેથી હડસેલી એ ઘરમાં ઘૂસી આવ્યો :

'તને શોધવા હું કેસિનો જઈ આવ્યો.' કહેતાં તેણે ચામડાના થેલામાંથી ફિલ્મનાં બે ટિન કાઢ્યાં : 'કામ પતાવીને આવ્યો છું.... લઈ લે ડિલિવરી અને ચૂકવી દે રકમ !'

ન તો વિદ્યાપતિએ ફિલ્મનાં ટિન તરફ નજર ફેંકી કે ન ચીના તરફ સ્મિત ફરકાવ્યું : ઉજાગરા અને ઉચાટથી લાલચોળ થઈ ગયેલી આંખે જાણે દુશ્મનને તાકતો હોય તેમ એ ચ્યાંગને જોઈ રહ્યો.

'પેલી છોકરીએ તો કમાલ કરી નાખી.' ચ્યાંગે જ બોલવું પડ્યું: 'કપડાં નીચે બખ્તર પહેરીને આવી હતી. દુશ્મનને એણે બહુ

હંફાવ્યો અને બુરખો ચીરવાનો શોટ તો મારા કૅમેરાને એણે એવો આપ્યો કે તારીફ કરવી પડે.'

શ્વાસ ઘૂંટતો વિદ્યાપતિ સાંભળી રહ્યો હતો અને ચીનો કહ્યે જતો હતો :

'યુવરાજને શંકા ન પડે એટલા ખાતર નકામી ફિલ્મનાં બે ટિન હું સાથે લઈ ગયેલો. અહીં આવતાં પહેલાં ફિલ્મને લાઇટ સામે ખોલી નાખી યુવરાજને ધરપત આપતો આવ્યો. બસ, હવે આ બે ટિન દિલ્હી ભેગાં થઈ જાય એટલે આપણો કરાર ખતમ!'

ત્યારે વિદ્યાપતિની ધીરજ ખૂટી ગઈ હોય તેમ એણે ટિપોય પર હાથ પછાડ્યો : 'ડ્રેગન, બીજી બધી વાત પછી... પહેલાં એ કહે જ્યુલીનું શું થયું ?'

'જ્યુલી !' કાંઈક કહેવા જતો ચીનો અટકી ગયો. હવે તેને સમજાયું કે જે કામ માટે વિદ્યાપતિ આટલા દિવસથી બેચેન હતો એ પતી ગયું છતાં તે આટલો બધો નિર્લેપ કેમ બની ગયો ! જવાબ આપવામાં વાર લાગી એટલે વિદ્યાપતિએ અકળાતા અવાજે સવાલ દોહરાવ્યો :

'જે થયું હોય તે સાચેસાચ કહી દેજે !'

'બીજું શું થાય ?' કહેતો ફરી એ અટક્યો : 'રાક્ષસ એવો વિફર્યો હતો કે એને જીવતી ન છોડત... એ તેની ગળચી ભીંસતો હતો ત્યાં હું સમયસર પહોંચી ગયો. એ વખતે તો એ બચી ગઈ, બેહોશ થઈ ગઈ પણ...'

'પણ હવે એ નહીં બચે એમ જ ને ?' કહેતો વિદ્યાપતિ સફાળો ઊભો થઈ ગયો : 'હું જોઉં છું કે એ રાક્ષસ તેને શું કરે છે !'

બોલતાં એણે ચામડાની જાકીટ ચડાવીને તેના ખિસ્સામાં પિસ્તોલ સરકાવી એટલે ચીનાએ ફફડતા અવાજે પૂછ્યું :

'તું શું કરવા માગે છે વિદ્યાપતિ ?'

'ખબર નથી કે શું કરીશ.' કહેતાં એણે પગ ઉપાડ્યાઃ 'બે કલાકમાં પાછો ન આવું તો ફિલ્મનાં ટિન શોભાને સોંપી દેજે.' કહીને તેણે ચાવીનો ઝૂડો તેના તરફ ફેંક્યો : 'ઘરની ચાવી પણ એને જ આપી દેજે !'

અને વાવાઝોડાની જેમ વિદ્યાપતિ ઘરનો ઉંબરો ઓળંગી ગયો.

સત્તાવીસ

ધારેલાં કામ અણધારી રીતે પાર પડવા લાગે ત્યારે આનંદના હિલોળા લેતો માણસ વચ્ચે વચ્ચે ઉચાટના ખટકા પણ અનુભવતો હોય છે. ગુરુવારે વહેલી સવારે ચાર વાગે ચીનો ચ્યાંગ યુવરાજનો બુરખો ચિરાવાના ખુશખબર સાથે ફિલ્મ લઈને આવી ચડ્યો ત્યારે વિદ્યાપતિએ આનંદને બદલે આઘાત અનુભવ્યો હતો. જ્યુલીનું બલિદાન આપીને મેળવેલી સિદ્ધિ તેને પરાક્રમ નહીં, પરાજય જેવી લાગી હતી. વચ્ચે નહીં પડવા માટે જ્યુલીએ આપેલા રૂખીના સોગનને વશ થવા બદલ તેને પશ્ચાત્તાપ જાગ્યો હતો. શોભાએ સંભળાવેલાં મેણાંને પગની બેડી બનાવી દઈને નિષ્ક્રિય બેસી રહેવા બદલ જાત પર શ્રાપ વરસાવ્યો હતો... ચાર વાગે આવીને ચ્યાંગે જ્યુલીના ખબર આપ્યા ત્યારે નાગ ફેણ ફેલાવીને ફૂંફાડો મારે તેમ દબાવી રાખેલા એના ઝનૂને ઉછાળો માર્યો હતો. જ્યુલીએ વચ્ચે નહીં પડવાના સોગન આપ્યા હતા પણ હવે તો એનું કામ પતી ગયું હતું. હજુ સુધી જ્યુલી સલામત હતી તો પછી હાથ જોડીને શું કામ બેસી રહેવું ? કદાચ એને બચાવવા જતાં પોતાનો ભોગ લેવાય તો દેશદ્રોહીનું પાપ લાગવાનું નહોતું. ક્રાન્તિના યજ્ઞમાં પોતાની જાતને હોમી દેવાથી તો ધ્યેય સિદ્ધિ માટે સાથીઓનું શૂરાતન બેવડાઈ જશે...

મોતને ભેટવાના દૃઢ મનોબળ સાથે મોટરસાઇકલ પર

મહેમાન મહેલ જવા નીકળેલો વિદ્યાપતિ પોણા કલાકમાં જ પાછો ફરી ગયો, ત્યારે ઉઘાડા ઘરમાં ઝોકાં ખાતો બેઠેલો ચીનો ડઘાઈને જાગી ગયો હતો. વિદ્યાપતિના લમણે લોહી બાઝેલો તાજો ઘાવ જોઈને તેણે અનુમાન કર્યું હતું : 'સારું થયું તું અર્ધેથી પાછો ફરી ગયો, નહીંતર કાંઠે આવેલું વહાણ ડૂબી જાત... મોટરસાઇકલની હડફેટમાં કોઈને કચડીને આવ્યો નથી ને ?'

'ના, અંધારામાં ખાડો દેખાયો નહીં.' વિદ્યાપતિએ ચીનાના પાંગળા અનુમાનને અનુમોદન આપતાં ઉમેર્યું હતું : 'મોટરબાઈક ઊથલી પડી અને કપાળે અણીદાર પથરો વાગ્યો ત્યારે મને મારી ભૂલ સમજાઈ... જ્યુલીને બચાવવા ખાતર બીજા સાથીઓની જિંદગી હોડમાં મૂકવાનો મને કોઈ અધિકાર નથી.'

સાંભળીને ચીનાએ ઉમળકાભેર હાથ મિલાવ્યા હતા : 'સમયસર તને સાચું જ્ઞાન થયું. બસ હવે મારી હથેળી ગરમ કરી દે એટલે છેલ્લા સીનની આ ફિલ્મ સાથે હું દિલ્હીનું વિમાન પકડું!'

ચીનાને દિલ્હીની ફ્લાઇટમાં વિદાય કર્યાને પાંચમો દિવસ ચાલતો હતો અને દિલ્હીથી આવનારી ફ્લાઇટમાં જયદેવને ઍરપૉર્ટ લેવા જવાની તૈયારીમાં ઝટપટ દાઢી કરવા અરીસા સામે બેઠેલો વિદ્યાપતિ ગુરુ અને મંગળ વચ્ચેના પાંચ દિવસમાં પાર પડતાં જતાં કામનો આનંદ વાગોળતો હતો.

શશી અને રાણા તરફથી મળેલા ગુપ્ત સંદેશા મુજબ ક્રાંતિ-સેનાના બસ્સો યુવાનોએ નેપાલમાં દાખલ થઈને પચીસ-પચીસની ટુકડીમાં આઠ મથકો પર પડાવ નાખી દીધો હતો. રાજમહેલમાં મહત્ત્વની કામગીરી બજાવનારી છેલ્લી ટુકડી બે દિવસ પછી કાઠમંડુ પહોંચી જવાની હતી. વેશપલ્ટો કરીને એમને રાજમહેલમાં ઘુસાડવાની યોજના અત્યંત ગુપ્ત રાખવામાં આવી હતી. દિલ્હી જઈને ચીનાએ છેલ્લા સીનની પ્રિન્ટ કાઢીને ફોન પર રિપૉર્ટ આપી દીધો હતો : પાંચ મિનિટની ફિલ્મમાં બુરખો ચિરાયા પછી દોઢ મિનિટ સુધી યુવરાજનો ચહેરો પરદા પર સ્પષ્ટ દેખાતો રહે છે! જ્યુલીને રાક્ષસનો શિકાર બનતી જોઈને જયદેવ ક્રોધે ભરાયો હતો, પણ તારા કહેવા પ્રમાણે મેં સમજાવી દીધું કે એ સંપૂર્ણ સલામત

છે ત્યારે માંડ શાંત થયો. હવે આવતી કાલે એકસો એક પ્રિન્ટની ચાર પેટી પ્લેનમાં રવાના કરીએ છીએ, ત્યાં કસ્ટમમાં પાસ થઈ જાય એ જોજે....

એ માટે વિદ્યાપતિએ અગાઉથી જ જોગવાઈ કરી લીધી હતી. કાઠમંડુનું થિયેટર ઊંચા ભાડાથી ચાર દિવસ માટે ભાડે રાખી લીધું હતું : રાજ્યાભિષેક પ્રસંગે અહીં હજારો પ્રવાસીઓ આવશે, એમને માટે જુદી જુદી હિન્દી ફિલ્મના રોજ ચાર ખેલ રાખીને હુ કમાણી કરી લેવા માગું છું, દિલ્હીથી ફિલ્મની ચાર ફિલ્મોની પ્રિન્ટ વિમાનમાં મંગાવી છે... સાંભળીને થિયેટરનો માલિક તેની મૂર્ખાઈ પર મનમાં હસ્યો હતો. કેસિનોમાં છ વરસ નોકરી કરીને બચાવેલી મૂડી ખોઈ નાખવા તૈયાર થયેલા વિદ્યાપતિ પાસેથી એણે ભાડાની પૂરેપૂરી રકમ એડવાન્સમાં વસૂલ કરી લીધી હતી : વિમાનમાં પ્રિન્ટ લાવવાની જરૂર નથી છતાં મંગાવી જ છે તો કસ્ટમમાં કોઈ રોકે નહીં એની જવાબદારી મારી !

ગઈકાલે શોભા કેસિનોમાં તેના કાનમાં ફૂંક મારી ગઈ હતી: 'જયદેવ સાથે કાલે પપ્પા શું લઈને આવવાના ખબર છે?'

'શું ?' એણે ઉત્કંઠાભેર પૂછ્યું હતું.

'ટાઇમબૉમ્બ !' શોભાએ કહ્યું ત્યારે બૉમ્બ ફૂટ્યો હોય તેમ પોતે ભડક્યો હતો : 'પરશુરામનો ટાઇમ બૉમ્બ ?'

ત્યારે શોભા આંખો પટપટાવતી હસી પડી હતી : 'જી હા ! દાનવને હણવાનું હથિયાર !'

અત્યારે પણ દાઢી પર રેઝર ફેરવતાં એ વિચારતો હતો કે ટાઇમ બૉમ્બની ફાઇલ શોભા પાસે ક્યાંથી આવી ?

અને જાણે સવાલનો પડઘો પડતો હોય તેમ દરવાજાની ઘંટી રણકી ઊઠી : શોભા તો નહીં હોય ને ? પણ મેં તો એને ના પાડી હતી, આપણે અલગ અલગ ઍરપૉર્ટ પર પહોંચવાનું છે... છતાં આવી હશે ?

સાબુવાળા ચહેરે હાથમાં રેઝર સાથે એણે બારણું ઉઘાડ્યું, ત્યારે સામે ઊભેલી સ્ત્રીને જોતાં જ એ ડઘાઈ ગયો : 'કોણ બિશાખા?'

આનંદના હિલોળે ચડેલા માણસને એકાએક ચક્કર આવવા લાગે, તેમ બિશાખાને જોઈ વિદ્યાપતિ તર્કના ચકરાવે ચડી ગયો.

'આંગણે આવી ચડેલાનો રસ્તો રોકીને ઊભા રહેવું એ અવિવેક કહેવાય મિસ્ટર વિદ્યાપતિ !' કહેતી બિશાખા બેધડક અંદર દાખલ થઈ ગઈ : 'પાંચ દિવસ પહેલાં પરોઢિયે અણધારી મુલાકાત થયા પછી મને તો હતું કે મારા આગમનની રાહ જોવાતી હશે... તેને બદલે અહીં તો આવકાર પણ મળ્યો નહીં !'

'વગર આવકારે કોઈના ઘરમાં પ્રવેશ કરી જવો એ સન્નારીને શોભે નહીં બિશાખા !'

કહેતો વિદ્યાપતિ એની પાછળ ઓરડામાં દાખલ થયો, એટલે તેની સામે ખંધું હસી દરવાજા તરફ પાછી ફરીને બિશાખાએ બારણાં બંધ કરી દીધાં :

'સન્નારીને શોભે નહીં એ વાત સાચી, પણ તમારા લોકોની નજરમાં સન્નારી રહી છું જ ક્યાં ?'

બંધ થતાં બારણાં અને બિશાખાના ધારદાર કટાક્ષે વિદ્યાપતિને ઘડીભર હેબતાવી દીધો.

'તું તો એવી રીતે મારી સામે જોઈ રહ્યો છે કે જાણે હું તારા પર બળાત્કાર કરવા આવી હોઉં !' કહેતી એ સોફામાં ગોઠવાઈ : 'ચહેરા પરનો સાબુ સુકાઈ જાય એ પહેલાં રેઝર ફેરવી લો, પછી આપણે નિરાંતે વાત કરીએ !'

વિદ્યાપતિને તેનાં વેણ હાથમાં પકડેલા અસ્ત્રા કરતાંય વધુ ધારદાર લાગ્યાં. અરીસા સામે ગોઠવાઈ જઈને દાઢી પર ફરી સાબુ લગાડતાં એણે બિશાખાના સામના માટે માનસિક તૈયારી કરવા માંડી...

પાંચ દિવસ પહેલાંના પરોઢિયાની ઘટના અરીસામાં ઊપસતી હોય તેમ તાજી થવા લાગી.

પૂરવેગે મોટરસાઇકલ પર પોતે મહેમાન મહેલ તરફ ધસી જતો હતો. મનમાં ખુન્નસ ઘૂંટાતું હતું. જ્યુલીને બચાવવામાં મોડો પડશે તો પોતાની જાતને કદી માફ નહીં કરી શકે એવો વસવસો વાગોળતો હતો, ત્યાં સામેથી ધસી આવતી મોટરની લાઇટે તેની

આંખો આંજી નાખી. બળજબરીથી આંખો ઉઘાડી રાખીને તેણે જોયું તો મોટરના આગલા ભાગ પર રાજ્યનો ટચુકડો ધ્વજ ફરકતો હતો અને ડ્રાઇવર પછવાડેની સીટમાં બે ત્રણ સ્ત્રીઓ બેઠેલી દેખાઈ!

રસ્તો આપવા માટે મોટરના ડ્રાઇવરે હૉર્ન માર્યું ત્યારે પોતાને સૂઝી આવ્યું કે કારમાં જ્યુલીને જ ઉપાડી જતા લાગે છે... કોઈ પણ ભોગે મોટરને રોકવી જોઈ...!

કાર સાથે મોટરસાઇક્લ અથડાવાની ઘડી આવે એ પહેલાં જ વિદ્યાપતિ સમતોલપણું ગુમાવી દેવાના દેખાવ સાથે ઊછળીને બાજુમાં ફેંકાઈ પડ્યો અને અકસ્માત ઉગારી લેવા માટે ડ્રાઇવરે છેલ્લી ઘડીએ કારને બ્રેક મારીને રોકી દેવી પડી.

મોટરસાઇકલ પરથી ઊછળીને પથરાના ઢગલા પર ફેંકાયેલા વિદ્યાપતિના મોંમાંથી હળવી ચીસ નીકળી ગઈ. બ્રેકની ચીસ સાથે ઊભી રહેલી કારનો દરવાજો ઊઘડતો સંભળાયો એટલે બેભાન બની જવાની ચેષ્ટા સાથે કણસતો વિદ્યાપતિ જડવત્ રહ્યો. એની ગણતરી સાચી ઠરી. કારમાંથી નીચે ઊતરેલો ડ્રાઇવર વચ્ચે પડેલી મોટરસાઇકલ ખસેડવા લાગ્યો ત્યારે અંધારામાં પડેલા વિદ્યાપતિએ પિસ્તોલ કાઢવા માટે ચામડાની જાકીટના ખિસ્સામાં હાથ સરકાવ્યો. બેધ્યાન ડ્રાઇવર જરા દૂર હઠે એટલે તરાપ મારી ઉઘાડા દરવાજામાંથી ડ્રાઇવરની સીટ પર કબજો જમાવી મોટર ભગાવી જવાનો ઇરાદો તેણે વિચારી રાખ્યો હતો પણ ત્યાં -

'અરે પેલો ફેંકાઇ પડ્યો એની સંભાળ લેવાને બદલે તું બાઇક ખસેડવા માંડ્યો ?' કારના ઊઘડતા દરવાજા સાથે સ્ત્રીનો અવાજ વિદ્યાપતિના કાને પડ્યો : 'પહેલાં જો તો ખરો એ બિચારાને કેવુંક વાગ્યું છે !'

અને પિસ્તોલ બહાર કાઢવા માટે ખિસ્સામાં ગયેલો વિદ્યાપતિનો હાથ ત્યાં જ સજ્જડ બની ગયો : આ તો જ્યુલીનો અવાજ !

નજીક આવતાં પગલાંનો અવાજ સાંભળી વિદ્યાપતિ ધબકતા હૃદયે પડ્યો રહ્યો : 'ભાઈ, તમને બહુ વાગ્યું તો નથી ને ?' ખભા પર હાથ મૂકીને જ્યુલીએ કરેલી પૃચ્છા સાથે જ રોકી

રાખેલો તેનો શ્વાસ બહાર ધસી આવ્યો. પોતાના પર ઝૂકેલી જ્યુલી તરફ ડોક ઊંચી કરીને તેણે જોયું ત્યારે અંધારામાં પણ પહેલી જ નજરે એ તેને પિછાણી ગઈ. 'ઓહ ગોડ તમે !' ધ્રૂજતા અવાજે એ એટલું બોલી ત્યાં કારમાંથી સાદ સંભળાયો : 'એ બેહોશ થઈ ગયો હોય તો એને મોટરમાં નાખીને લઈ જઈએ.'

સ્ત્રીના અવાજ સાથે તેનાં પગલાં પણ સંભળાયાં ત્યારે જ્યુલીએ આંખ મીચકારીને વિદ્યાપતિને ગુપસુપ અવાજે કહી દીધું: 'સબ સલામત છે, તમે અંધારામાં જ રહેજો !'

અને સંકેતમાં સમજી ગયેલો વિદ્યાપતિ કપડાં ખંખેરતો બેઠો થઈ ગયો. લમણાંના ઘાવમાંથી વહી જતા લોહી પર હાથ દાબી ઊભા થતાં સૌ સાંભળે તેમ ઊંચા અવાજે એણે કહ્યું :

'માફ કરજો, મોટરની લાઇટને કારણે આંખો અંજાઈ ગઈ, બેલેન્સ ગુમાવી બેઠો પણ તમારા ડ્રાઇવરે સમયસર બ્રેક મારી એટલે બચી ગયો.'

પછી કાર તરફથી મોં ફેરવી લઈ મોટરસાઇકલ પાસે પહોંચી ગયો : 'ભૂલ મારી હતી.' કહીને અપરાધીની જેમ ગરદન ઢાળી દઈ બાઇક પર સવાર થઈ ગયો. ત્યાં સુધી તો બધું બરાબર રહ્યું, પણ મોટરસાઇકલ સ્ટાર્ટ થતાં વાર લાગી અને ડ્રાઇવરે કાર ચાલુ કરીને લાઇટ ફેંકી તેના ઝબકારામાં જ્યુલીની બાજુમાં બેઠેલી બિશાખા પોતાને ઓળખી ગઈ ! બિશાખાને જોતાં જ તેને ધ્રાસકો પડ્યો હતો : અરે, એ અહીંયાં ક્યાંથી ? શું એ પણ યુવરાજ વતી...

વધુ વિચારવા રોકાયા વિના તેણે મોટરસાઇકલ દોડાવી મૂકી હતી. બિશાખાએ પોતાને જોયો જ નહોતો એવા ભ્રમમાં પાંચ દિવસ વિતાવી નાખ્યા ત્યાં અચાનક એનાં પગલાં થયાં.

અરીસામાંથી બિશાખાના હાવભાવ જોતો એ વિચારતો હતો : રાણાને હું તેના સકંજામાંથી છોડાવી લાવ્યો હતો એનો બદલો લેવા આવી હશે ? કાવતરાનો ભેદ પામી જઈને બ્લેકમેઇલ કરવા માગતી હશે ? તેણે બારણાં શું કામ બંધ કરી દીધાં ? દુશ્મનના હાથમાં પોતાની ગરદન ફસાઈ ગઈ હોય એવી અકળામણ

અનુભવતા વિદ્યાપતિએ ગાલ પર એકાદ બે છરકા સાથે શેવિંગ પતાવ્યું.

'બોલો બિશાખાદેવી ! આમ અણધારી આપની પધરામણી કેમ થઈ ?' ઠાવકાઈથી કામ લેવાની માનસિક તૈયારી કરીને સામેના સોફા પર બેઠક લેતાં એણે પૂછ્યું : 'દિલ્હીની આપણી મુલાકાત યાદ રાખીને આવવાનું થયું કે ?'

'દિલ્હીની મુલાકાત તો જૂની થઈ ગઈ.' બિશાખાએ બમણી ઠાવકાઈ દાખવતાં સંભળાવ્યું : 'હું તો પાંચ દિવસ પહેલાંની તાજી મુલાકાત બાબત આવી છું.'

'તાજી મુલાકાત ?' વિદ્યાપતિએ અજાણ્યા થવાનો દેખાવ કર્યો ત્યારે પેલી પોતાના જ કપાળે હાથ ફેરવતી મલકી ઊઠી.

'લમણાંનો ઘા રૂઝાઈ ગયો પણ નિશાન તો સાફ દેખાય છે વિદ્યાપતિ !'

સાંભળીને એ તેની સામે તાકી રહ્યો એટલે પેલીએ ઉમેર્યું : 'તને ઊંઘમાં મોટરસાઇકલ ચલાવવાની તો આદત નથી ને ? માણસ ઊંઘમાં મોટરસાઇકલ પરથી ઊછળી પડે તોપણ બીજે દિવસે યાદ નથી રહેતું... અને આ વાતને તો પાંચ દિવસ થઈ ગયા.'

વિદ્યાપતિને થયું કે હવે વાત ટાળવાનો કોઈ અર્થ નથી. તેણે સીધું જ કહી દેવું પડ્યું.

'ના બિશાખા, મને ઊંઘમાં ચાલવાની કે પરાયી સ્ત્રીના સકંજામાં ફસાવવાની કોઈ જ આદત નથી.'

'હા, પણ પરાઈ સ્ત્રીને કોઈના સકંજામાંથી બચાવવાની આદત તો છે જ ને ?' કહેતાં એણે સૂચક રીતે ઉમેર્યું : 'જોકે જ્યુલીને પરાઈ સ્ત્રી તો કેમ કહેવાય ?'

'ખરેખર જ્યુલી કોઈના સકંજામાં ફસાઈ હતી ?' પૂછીને વિદ્યાપતિએ ઉમેરવું પડ્યું : 'તો તો એને બચાવવાનો જશ તારા ફાળે જવો જોઈએ બિશાખા !'

'એમ ?' પહેલીવાર તેના હોઠ પર વિદ્યાપતિને જુદું જ સ્મિત જોવા મળ્યું : 'તને લાગે છે કે હું કોઈને બચાવવાનું કામ કરું ?'

હવે વિદ્યાપતિની ધીરજ ખૂટી ગઈ : 'બદલો મળવાની આશાએ કદાચ કરે પણ ખરી !'

'હું, હવે તું સમજ્યો !' નફ્ફટની જેમ એ બોલી ગઈ : 'બિશાખા બદલા વગર કોઈ કામ કરતી નથી.'

'તો બદલામાં તારે શું જોઈએ છે બિશાખા ?'

'કિંમત જાણતાં પહેલાં હું શું જાણું છું એ નથી જાણવું તારે ?'

સાંભળીને વિદ્યાપતિ થરથરી ઊઠ્યો. એની બોલવાની ઢબ ચાડી ખાતી હતી કે એ ઘણું બધું જાણી ચૂકી છે. કોને ખબર, શું બદલો માગશે? ઘડીભર તો એના પર એવો કાળ ચડ્યો કે ગળચી દાબીને એને સદાને માટે બોલતી બંધ કરી દઉં... પણ એ પહેલાં એ કેટલું જાણે છે એ જાણી તો લઉં...

'બોલ બિશાખા, મારે ઉતાવળ છે.'

'હું જાણું છું કે તને જાણી લેવાની ઉતાવળ છે.' કહીને તેણે ઊંડો શ્વાસ લીધો, પછી ધીમેથી ઉમેર્યું : 'ખરેખર તો જ્યુલીને એના સેન્ડલે ઉગારી લીધી.'

'સેન્ડલે ?' વિદ્યાપતિ ચોંક્યો.

'હા, જે મોટરમાં તેનું અપહરણ થયું એ પરદાવાળી કાર બીનાદેવીની છે.'

'બીનાદેવી ?'

'યુવરાજની પત્ની, જે હવે નેપાલનાં મહારાણી થવાનાં.'

- થવાનાં, પણ થશે નહીં ! વિદ્યાપતિના મનમાં પડઘો પડ્યો પણ તુરત સાંભળવા માટે સાવધ બની ગયો.

'અપહરણ કરનારાએ જ્યુલીને મોટરમાંથી મહેમાન મહેલમાં નીચે ઉતારી ત્યારે તેનું એક સેન્ડલ અંદર રહી ગયું હતું. ત્યાંથી કાર રાજમહેલે પાછી ફર્યા પછી બીનાદેવી સાથે મારે ચીની એલચીખાતાની મહિલા પાર્ટીમાં જવાનું થયું. રાજ્યાભિષેકની તૈયારી ચાલે છે એટલે બીનાદેવીએ કંપની આપવાનું કામ મને સોંપાયું છે. મારા વર પ્રસાદજીને પાકી ખાતરી છે કે રાજ્યાભિષેક પછી મહારાજા-મહારાણી અમારા બંનેની સેવાનો બહુ મોટો બદલો વાળી આપશે.'

-બદલો મેળવવામાં તમે વર-વહુ બહુ પાવરધાં છો ! વિદ્યાપતિ વચ્ચે બોલવા જતો હતો પણ આવેશને દબાવી દઈ

સાંભળવાનું ચાલુ રાખ્યું.

'સવા-દોઢ વાગે પાર્ટીમાંથી મોટરમાં પાછા ફરતાં હતાં ત્યાં બીનાદેવીના પગમાં સેન્ડલ અફળાયું... પોતાની કારમાં સ્ત્રીનું સેન્ડલ જોઈને એ વિચારમાં પડી ગયાં, ડ્રાઇવરને પૂછપરછ કરી ત્યારે પેલાએ લોચા વાળ્યા એટલે એમનો વહેમ વધી ગયો : સાચેસાચું કહે કારમાં કોણ બેઠું હતું ? રાજમહેલે આવતાં પહેલાં તું બહાર ક્યાં ગયો હતો ? ત્યારે ડ્રાઇવરથી બોલાઈ ગયું : મહેમાન મહેલમાં કોઈ પરદેશી બાઈને મૂકવા ગયો હતો... એ બાઈ પીધેલી હતી! એનું એક સેન્ડલ મોટરમાં કેમ રહી ગયું ? બાઈ એકલી હતી કે એની સાથે... પૂછપરછ વધતી ગઈ અને ઊલટા-સૂલટા જવાબ મળતા ગયા એટલે બીનાદેવીનો વહેમ દૃઢ થયો : ચાલ, કારને મહેમાન મહેલ લઈ લે! સાંભળીને ડ્રાઇવર ધ્રૂજી ઊઠ્યો હતો, પણ હુકમનું પાલન કર્યા વગર કેમ ચાલે ?'

'વર્ષો પછી પહેલીવાર બીનાદેવી આ રીતે આવા કથોરા સમયે મહેમાન મહેલ પહોંચી ગયાં ત્યારે ત્યાંના ચોકીદાર સહિત સૌના હોશકોશ ઊડી ગયા. મહેલના દરેક ખંડ ફરી વળ્યાં પણ કોઈ મહેમાન દેખાયું નહીં, પૂછપરછના સંતોષકારક જવાબ મળ્યા નહીં ત્યારે મને થયું કે પંચાત પડતી મૂકીને એ પાછાં ફરી જશે... પણ સ્ત્રીના અંતરમાં કોઈ સ્ફુરણા જાગે છે ત્યારે નરી આંખે નહીં દેખાતું એને અંતરની આંખે દેખાવા લાગે છે.

'મને કહે બિશાખા, તને ખબર નહીં હોય કે અહીં એક ભોંયરું પણ છે... ચાલ તને દેખાડું ! ખરેખર તો મને દેખાડવા નહીં પણ ભોંયરામાં તપાસ કરવા જ એ ત્યાં ગયાં હતાં અને ભૂગર્ભનાં પગથિયાં ઊતરતાં જ સામી મળેલી જીભકટ્ટી દાસી એમને જોઈને થરથર ધ્રૂજવા લાગી એટલે એમની ચાલમાં રાજપૂતાણીનું જોશ આવી ગયું. જેવું રુઆબભેર દરવાજાનું બારણું ઉઘાડીને જોયું તો વધની રાહ જોતા બલિની જેમ ધ્રૂજતી જ્યુલી દેખાઈ ! યમદૂતને બદલે દેવદૂતને જોતાં માણસમાં પરિવર્તન આવી જાય તેમ જ્યુલી દોડીને બીનાદેવીને વળગી પડી. એને ધ્રૂસકે ધ્રૂસકે રડતી જોઈને બીનાદેવીના મુખ પર ક્રોધ ભભૂકી ઊઠ્યો.

'જ્યુલીનું આક્રંદ શમી જતાં અર્ધો પોણો કલાક લાગ્યો... પછી

એમણે પૂછપરછ શરૂ કરી : કોણ તને અહીં લઈ આવ્યું ? તારા પર શું જુલ્મ થયો ? અને વિદ્યાપતિ, જ્યુલીએ બધું જ કહી દીધું...'

'બધું જ ?' ચોંકી જતાં વિદ્યાપતિથી પુછાઈ ગયું ત્યારે બિશાખાના હોઠ પર વિજયનું સ્મિત ચમકી ઊઠ્યું :

'કહેવા જેવું બધું જ !' કહીને તેને ટટળાવતી હોય તેમ થોડું અટકી, પછી ખંધાઈપૂર્વક ઉમેર્યું : 'બિચારી જ્યુલીને ખબર જ નહોતી કે એને અહીં કોણ ઉપાડી લાવ્યું હતું. અપહરણ કરનારાએ તેની આંખે પટ્ટી બાંધી દીધી હતી, જીભકટ્ટી દાસીએ કાળો બુરખો પહેરીને તેની સરભરા કરી હતી અને શિયળ લૂંટવા માગતા મરદનો ચહેરો બુરખાથી ઢાંકેલો હતો.... એટલે ન તો એણે કોઈને જોયાં હતાં કે ન બિચારી કોઈનાં નામ જાણતી હતી !'

ત્યારે વિદ્યાપતિએ નિરાંતનો શ્વાસ લીધો : 'પછી શું થયું બિશાખા ?'

'પછી ત્યાંથી જ રાજમહેલમાં ફોન જોડી બીનાદેવીએ યુવરાજનો સંપર્ક સાધવા કોશિશ કરી. પણ ચંદ્રભૂષણજી માથાના દુ:ખાવાને કારણે ઊંઘી ગયા હતા, એટલે જ્યુલીને આશ્રય આપવા બીનાદેવી પોતાની સાથે રાજમહેલ લઈ જવા નીકળ્યાં ત્યાં તારી મોટરસાઇકલે અમારો રસ્તો રોક્યો !'

બિશાખાએ વાત પૂરી કરી ત્યારે વિદ્યાપતિ હવે શું બોલવું એની વિમાસણમાં પડી ગયો. જ્યુલીએ યુવરાજનું નામ ન લઈને ગજબની હૈયા ઉકલત દાખવી હતી, પણ આ બિશાખા કાંઈક જાણતી હોવાનો દાવો અને દેખાવ કેમ કરે છે ? કે પછી એ મારી પાસેથી કાંઈક જાણી લેવા આવી હશે ?

'પછી અપહરણ કરનારનો પત્તો લાગ્યો ?' તેણે અજાણ્યા રહેવાના દેખાવ સાથે પૂછ્યું : 'યુવરાજસાહેબે એમને શિક્ષા કરી કે નહીં ?'

'અપહરણ કરનારનો પત્તો લાગ્યો તો નથી પણ યુવરાજશ્રીએ મહેમાન મહેલના બધા જ માણસોને કેદમાં મોકલી દીધા... વહેલા મોડા કોઈક તો ગુન્હાની કબૂલાત કરશે જ ને !' કહેતાં બિશાખાએ ઉમેર્યું : 'રાજ્યાભિષેકનો પ્રસંગ ઊકલી ન જાય ત્યાં સુધી આવી વાત ડહોળાય

છે ? એની ચાલ સમજાતી નથી.... ક્રાન્તિનું ભેદી કાવતરું હવે આ બાઈની મુઠ્ઠીમાં આવી ગયું, મુઠ્ઠી ખોલે એટલી જ વાર છે!

'સસ્તામાં સોદો પતાવવાનો પ્રસ્તાવ મૂક્યો એટલે કુશંકા જાગે છે ને વિદ્યાપતિ ?' બિશાખાની બોલચાલ અને રીતભાતમાં હવે પલટો દેખાવા લાગ્યો : 'જ્યુલીએ મને કાંઈ જ કહ્યું નથી... હા, એટલું જાણી ગઈ કે તેણે પહેરેલી અંગૂઠીમાં મોતની ગોળી છે. મેં એને એટલું જ પૂછ્યું કે જ્યુલી, બળાત્કારમાંથી તું ઊગરી ન હોત તો શું કરત ? ત્યારે આવેશમાં અંગૂઠીનું ટોપકું ઉઘાડીને કહેલું, આ ગોળી ગળી જઈને આત્મહત્યા કરત !'

'પણ તારે એ ગોળીની શું જરૂર પડી બિશાખા ?'

'આટલો બધો સમજદાર છો છતાં હજુય ન સમજ્યો વિદ્યાપતિ ?' કહીને તેણે એના તરફ પીઠ ફેરવીઃ 'લે, મારા બ્લાઉઝની ઝીપ ખોલી નાંખ એટલે તને બધું સમજાઈ જશે.'

ધક્કો લાગ્યો હોય તેમ વિદ્યાપતિની પીઠ સોફા સરસી થઈ ગઈ. બ્લાઉઝની ઝીપ ખોલાવીને આ બાઈ બંધ બારણે શું કરવા માગે છે ? ઊભા થઈ જઈને બારણાં ખોલી નાખી તેને વિદાય કરવાનું વિચારતો હતો એટલી વારમાં બિશાખાએ જાતે જ ઝીપ ખોલીને પોતાની પીઠ ઉઘાડી કરી નાખીઃ

'જો, તને કાંઈ દેખાય છે ?' કહેતાં પીઠ પાછળ હાથ લઈ જઈ બ્રેસિયરની પટ્ટી પાસે પડેલા બે ખાડા પર આંગળી મૂકીઃ 'આ નિશાની રાક્ષસના નહોરની જ છે... એનો પહેલવહેલો શિકાર હું જ બની હતી. ત્યારે એણે બુરખો પહેર્યો નહોતો, મારું લોહી પીને શિયળ લૂંટ્યું પછી મારા માટે ધણી પણ એણે જ શોધી આપ્યો હતો !'

'બિશાખા !' ચીસ પાડતો વિદ્યાપતિ સફાળો ઊભો થઈને તેની સામે ગયો, ત્યારે બિશાખાની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં હતાં. અત્યાર સુધી ચારિત્રહીન ગણીને જેને ધિક્કારી હતી એ સ્ત્રી પ્રત્યે અંતરમાં સહાનુભૂતિ ઊભરાઈ આવી. જરા સરખી આનાકાની વિના તેણે અંગૂઠીવાળો હાથ તેના તરફ લંબાવી દીધોઃ

'લે બિશાખા, તારા હાથે જ તું વીંટી ઉતારી લે, તારા

આંસુમાં બદલાની આગ ભભૂકે છે.' તેનો અવાજ ભીંજાવા લાગ્યો: 'આજ સુધી મેં તને નઠારી નારી ધારી હતી પણ...'

'હવે સારી ધારી લેવાની ભૂલ કરતો નહીં.' કહીને બેધડકપણે તેણે વીંટી પોતાની આંગળીમાં પરોવી દીધી.

'વેર લેવા નીકળેલી નારી નિર્દય બની જાય છે, પછી એના વેરનું નિશાન ધણી હોય કે રાજધણી !'

તેના છેલ્લા શબ્દે વિદ્યાપતિની બધી જ શંકા કચડી નાખી. કાવતરાનો ભેદ જાણતી ન હોય તોપણ યુવરાજ સામે વેર લેવાનું ધ્યેય એ પામી ચૂકી છે.

જવા માટે ઊભી થતી બિશાખા તરફ આપોઆપ તેનો હાથ લંબાયો: 'બિશાખા, જ્યુલીનું ધ્યાન રાખજે અને આ ગોળી ખાવાનો વખત ન આવે એટલી સાવચેત રહેજે !'

ત્યારે આંસુ લૂછતી એ મલકી ઊઠી. વીંટી પહેરેલી બંને આંગળી દેખાડતાં સંભળાવ્યું : 'એક વીંટી લગ્નની છે અને બીજી મૃત્યુની... લગ્નની આ અંગૂઠી પહેરી ત્યારે જ અંદરથી હું મરી ચૂકી હતી, પછી મૃત્યુની બીક ક્યાં રહી ?'

કહીને બિશાખા ચાલી ગયા પછી ઘણીવાર સુધી વિદ્યાપતિના મનમાં એના શબ્દો પડઘાતા રહ્યા.



ઍરપૉર્ટ પહોંચવામાં મોડો પડેલો વિદ્યાપતિ ટૅક્સીમાંથી ઊતર્યો ત્યારે જય કસ્ટમમાંથી બહાર નીકળી ચૂક્યો હતો. એને શોધવા માટે વિદ્યાપતિ કસ્ટમ ચૅકિંગમાં ડોકાયો ત્યાં બાજુમાંથી જ કોઈનો અવાજ કાને પડ્યો: 'જય પશુપતિનાથ !'

ચમકીને પીઠ ફેરવતાં જ વિદ્યાપતિની આંખો પહોળી થઈ ગઈ. જેને પહેલી નજરે ઓળખી જવો જોઈતો હતો એ જય તેની સામે જ ઊભો હોવા છતાં જાણે પહેલીવાર જોતો હોય તેમ એ તેને નિરખી રહ્યો : ભગવાં વસ્ત્રો, ગળામાં રૂદ્રાક્ષની માળા અને માથે સ્વામી વિવેકાનંદ જેવો ભગવો સાફો ! વધેલાં દાઢી-મૂછ અને આંખે ગોગલ્સ ન હોય તો વિવેકાનન્દની જ નકલ લાગે...

ઉમળકાભેર હાથ મિલાવવાની ચેષ્ટા કરતો હતો ત્યાં જ વિદ્યાપતિ સજાગ બની ગયો. બંને હાથ જોડી નીચા નમીને પ્રણામ કર્યા : 'જય પશુપતિનાથ !'

'જય પશુપતિનાથ !' ના પડઘા સાથે જયદેવે સાધુની ઢબે તેના માથા પર હાથ મૂકી આશીર્વાદ આપ્યા : 'બચ્ચા હમારા મુકામ કહાં રખા હૈ ?'

'પધારો મહારાજ !' કહેતો વિદ્યાપતિ તેને ટૅક્સી તરફ દોરી જતો હતો ત્યાં શોભા તેના પિતા સાથે આવી પહોંચી :

'મહારાજ, પિતાજી કહેતા હતા કે આપ હિમાલયથી પધારો છો.' કહેતાં જયને પ્રણામ કરવા ઝૂકી એટલે સાધુની શૈલીમાં પેલાએ સંભળાવ્યું : 'હિમાલય તો અહીંયાં પણ છે !'

કહીને આગળ વધી જઈ વિદ્યાપતિએ ખોલેલા ટૅક્સીના દરવાજામાં પ્રવેશ કર્યો. બીજા દરવાજેથી વિદ્યાપતિ ટૅક્સીમાં ગોઠવાયો એટલે શોભા ફરી એમની પાસે આવી પહોંચી : 'લ્યો, આપના સત્કાર અર્થે આપું છું.' કહીને બંનેના હાથમાં એક-એક પૅકેટ પકડાવી દીધું. પછી ટૅક્સી સ્ટાર્ટ થઈ એટલે હળવેકથી ઉમેર્યું: 'મુકામ પર પહોંચીને જ ખોલજો.'

જય અને વિદ્યાપતિ એકબીજા સામે જોઈ રહ્યા. પૂછવા-કહેવાની ઘણી અધીરાઈ હોવા છતાં ટૅક્સી ડ્રાઇવરની હાજરીને કારણે બંનેએ સંયમ જાળવી રાખવો પડ્યો. મનને બીજે વાળવા માટે વિદ્યાપતિએ હાથમાં પકડાવેલું શોભાનું પૅકેટ ખોલવાની ચેષ્ટા કરી ત્યારે જયે હાથ પકડી લીધો : 'બચ્ચા, ધીરજ ધર !'

જોકે જયને પોતાને જ પૅકેટ ખોલીને જોઈ લેવાની તીવ્ર તાલાવેલી જાગી હતી : શોભાએ એવી તે કઈ ગુપ્ત ચીજ પૅક કરીને પકડાવી દીધી હશે ?

ઘેર પહોંચીને વિદ્યાપતિએ દરવાજાનું તાળું ખોલ્યું એટલો વિલંબ પણ અસહ્ય લાગ્યો.

'જય, આપણે એમ કરીએ !' બારણાં ઉઘાડી અંદર દાખલ થતાં વિદ્યાપતિએ તેનો હાથ પકડી લીધો : 'બંને એકીસાથે જ પૅકેટ ખોલીએ! એક, બે અને ત્રણ...'

પૅકેટ પર વીંટાળેલા કાગળ બંનેએ એકીસાથે ઉતરડી નાખ્યા પછી હાથમાં આવેલી ચીજ પર લોહચુંબકની જેમ એમની નજર ચોંટી ગઈ. બંનેના મોમાંથી એકીસાથે જ સરી પડ્યું :

'ટાઇમ બૉમ્બ : એક નપુંસક નેતાની જીવનકથા.'

હાથમાં પકડેલું બસ્સો પાનાંનું પુસ્તક બંનેને ટાઇમ બૉમ્બ જેવું સ્ફોટક લાગ્યું.

'શોભાએ પુસ્તક પણ છપાવી નાખ્યું !' જયદેવે આશ્ચર્ય ઉછાળ્યું: 'પણ પરશુરામની ફાઇલ એના હાથમાં ક્યાંથી આવી ?'

'અરે પુસ્તક ઉઘાડીને પાંચમા પાના પર તો જો !' વિદ્યાપતિએ વાંચી સંભળાવ્યું : 'અર્પણ ! દાનવનો અંતિમ શિકાર બનેલી સ્વર્ગસ્થ રૂક્ષ્મણીને !'

બંનેની આંખે ઝળઝળિયાં આવી ગયાં : રૂખીના સ્મરણ પર, શોભાના સાહસ પર !

'હવે સમજાય છે કે શોભા લાખ રૂપિયા પાછા શું કામ આપી ગઈ હતી.' જાત સાથે વાત કરતો હોય તેમ જયે અનુમાન ઉચ્ચાર્યું : 'દાનવ સામે વેર લેવા માટે તેના હાથમાં ટાઇમ બૉમ્બ આવી ગયો હશે... એ બોલી ગઈ હતી, હવે મારે લાખ રૂપિયાની જરૂર નથી... સસ્તું છતાં વધુ કાતિલ શસ્ત્ર મને મળી ગયું છે.'

'પણ પરશુરામની ફાઇલ શોભાએ મેળવી ક્યાંથી ?' વિદ્યાપતિએ જયની વિમાસણને વાચા આપી : 'છેલ્લે છેલ્લે પુસ્તકની ફાઇલ દિલ્હીના રામચંદ્ર પસ્તીવાળા પાસેથી રૂખી પડાવી ગઈ હતી અને બીજે જ દિવસે એની હત્યા થઈ...'

એ જ વખતે ઘરનો ફોન રણકી ઊઠ્યો.

'શોભાનો જ હશે !' કહેતો વિદ્યાપતિ ફોન તરફ ધસી ગયો. રિસીવર કાને મૂકતાં જ અનુમાન સાચું ઠર્યું :

'પુસ્તક જોયું ?'

'હા શોભા ! હજુ અમે એના પ્રત્યાઘાતમાંથી બહાર નથી આવ્યા ત્યાં જ તારો ફોન આવી ગયો ! સમજાતું નથી કે...'

'ફાઇલ મારા કબજામાં ક્યાંથી આવી... એમ જ ને ?' શોભાએ તેનું અધૂરું વાક્ય પૂરું કરતાં કહ્યું : 'ફોન પર વિગતવાર

નથી કહેતી... પણ રૂખી ફાઇલ ઘેર લઈ ગઈ જ નહોતી. બ્યૂટી પાર્લરમાં સંતાડી રાખી હતી.'

એટલીવારમાં જયે વિદ્યાપતિના હાથમાંથી રિસીવર ઝૂંટવી લીધું : 'પણ શોભા, તેં ટાઇમ બૉમ્બ વહેલો ફોડી નાખ્યો, હજુ આપણું મુખ્ય કામ તો...'

'નહીં જયં, ટાઇમ બૉમ્બ તૈયાર કરીને જ રાખ્યો છે. ભારતમાં એનો ધડાકો આપણે અહીંથી એની સ્વિચ દબાવીશું ત્યારે જ થશે.'

ત્યાં ફરી વિદ્યાપતિએ રિસીવર પોતાના કબજામાં લઈ લીધું : 'શોભા, હવે દાનવની પાસે મને ક્યારે લઈ જવાની ?'

જવાબ સાંભળવા અધીરા બનેલા વિદ્યાપતિએ માન્યું હતું કે અગાઉની જેમ શોભા વાત ટાળી દેશે, પણ તેની ધારણા ખોટી ઠરી :

'આવતા સોમવારે સાંજે સાતના કાળ ચોઘડિયે !'

મુદત આપીને શોભાએ ફોનનું કનેક્શન કાપી નાખ્યું.

અઠ્ઠાવીસ

પરાકાષ્ઠાના ઉદ્વેગ અને ઉત્તેજન સાથે પ્રત્યેક દિવસ પસાર થતો હતો.

મંગળવારે જયદેવે કાઠમંડુમાં પ્રવેશ કર્યો ત્યાં જ પરશુરામના 'ટાઇમ બૉમ્બ' પુસ્તકની પ્રત એના હાથમાં આવી ત્યારે એણે મહેસૂસ કર્યું કે સંતાકૂકડીનો પહેલો દાવ પૂરો થઈ ગયો. મહારાજાનાં પાપ ગ્રહણ કરીને પોતે વતન છોડ્યું એ વખતે કલ્પના પણ નહોતી કે અજાણ્યા માર્ગે કોઈ અદૃશ્ય શક્તિ તેને દોરી જઈ રહી છે. પરસ્પર સંબંધ નહીં ધરાવતી બે જુદી જુદી ઘટના અદૃશ્યપણે એકબીજામાં ગૂંથાઈ જતી દેખાય ત્યારે માનવી અચંબામાં પડી જાય છે. પાપની સામગ્રી માની બૅન્કલૂંટની બે પેટી કૂવામાં પધરાવી દીધી ત્યારે ક્યાં ખબર હતી કે ક્રાન્તિના કાવતરાને કૂવાના તળિયે સંતાડી 'ટાઇમ બૉમ્બ'ની ફાઈલ પોતાને સુપરત કરી ત્યારે કલ્પનાય નહોતી કે જેની શોધમાં પોતે નીકળ્યો હતો એ રૂખીને જ આખરે પુસ્તકરૂપે અર્પણ થવાની...

જય અને વિદ્યાપતિ બીજું બધું પડતું મૂકીને ધડકતા હૃદયે 'ટાઇમ બૉમ્બ' વાંચવામાં ગૂંથાઈ ગયા હતા. બસો પાનાના વાચન સુધી એકબીજાની હાજરી પણ વીસરી ગયા હતા. અંતિમ પૃષ્ઠ પર પહોંચીને સમાપ્ત પહેલાંનું છેલ્લું વાક્ય બંનેએ લગભગ એકીસાથે વાંચ્યું :

અને આ નપુંસક નેતાનું પૂરું નામ છે : દાનેશ્વર નરેશ્વર વશિષ્ઠ... ત્રણેનો પહેલો અક્ષર લઈને જોડી દો તો એનું સાચું સ્વરૂપ છતું થઈ જાય-દાનવ !

ચોંકીને બંનેએ એકબીજા સામે જોયું. બંનેના મનમાં એકસરખી શંકા જાગી : પેલો રામચંદ્ર પસ્તીવાળો તો કહેતો હતો કે ફાઇલમાં દાનવનું નામ વાંચવા ન મળ્યું, લખાણનો એટલો કાગળ કોઈએ ફાડી નાખ્યો હતો.... તો, પછી એ જ ફાઇલ પરથી શોભાએ છપાવેલા પુસ્તકમાં દાનવનું આખું નામ ક્યાંથી જોડાઈ ગયું ?

બીજી જ ઘડીએ બંનેને પોતાની એ શંકા બાલિશ લાગી: શોભા પોતે જ આ દાનવનો શિકાર બની હતી. ભારત સરકારનો દફતર વિનાનો એ પ્રધાન હાથ પકડીને તેને વગ ધરાવતા નેતાઓના બિછાનામાં મૂકી આવતો હતો... પરશુરામે સાફ સાફ લખ્યું છે કે સ્વાતંત્ર્ય સૈનિકની એ પુત્રીને એક મહાનુભાવે કટાક્ષમાં કહ્યું હતું : વશિષ્ઠને અમે દફતર વિનાનો પ્રધાન એટલા માટે રાખ્યો છે કે દરેક પુરુષ પાસે હોય છે એવું દફતર તેની પાસે રહ્યું નથી !

'શું વિચારમાં પડી ગયો જય ?' વિદ્યાપતિએ પુસ્તક બંધ કરીને બિછાના નીચે છુપાવી દેતાં પૂછ્યું : 'મારી જેમ તને પણ આ દાનવનું અત્યારની ઘડીએ જ નિકંદન કાઢી નાખવાની ઇચ્છા થાય છે ને ?'

'એ ચોઘડિયું તો શોભાએ નક્કી કરી નાખ્યું છે વિધુ, પણ મને કાંઈક જુદો જ વિચાર જાગ્યો.' પુસ્તકમાં પૂંઠા પર તાકી રહેલા જયે સંભળાવ્યું: 'લોકશાહીની સ્થાપના માટે આપણે રાજાશાહી નાબૂદ કરવા તૈયાર થયા છીએ, પણ એ લોકશાહીમાંય કેવા દાનવ પાકે છે એનો પુરાવો આપણી નજર સામે મોજૂદ છે.'

'એટલે તું એમ કહેવા માગે છે કે...'

'નહીં !' આવેશમાં બોલતા વિદ્યાપતિને જયદેવે અધવચ્ચે જ રોકી પાડ્યો : 'રાજાશાહી સામેના બળવાનો સંકલ્પ હવે ટાળ્યો ટળવાનો નથી... પણ રાજાશાહીનો વિકલ્પ લોકશાહી સિવાય બીજો કોઈ જ નથી ?'

'એ તો તું જાણે !' વધુ વિચારવાનું ગમતું ન હોય તેમ વિદ્યાપતિ બોલી ગયો : 'મારો સંકલ્પ તો રૂખીનું વેર વાળવાનો છે. એક રાજાશાહીના રાજવી અને બીજા લોહશાહીના દાનવ સામે... પછી જે થવાનું હોય તે થાય.'

'હિન્દુસ્તાનના ક્રાન્તિકારીઓને ખબર હોત કે એમના બલિદાનનું પરિણામ દેશની આવી દુર્દશામાં આવશે તો એ આઝાદીના યજ્ઞમાં હોમાઈ જાત ખરા ?' કહીને જયદેવે ઉમેર્યું : 'શોભાના પિતાએ મને આ સવાલ પૂછેલો.'

'ત્યારે તેં શું જવાબ આપ્યો જય ?'

'મારો જવાબ સાચો હતો કે નહીં એની ખબર નથી, પણ મેં કહ્યું હતું : એક ક્રાન્તિથી ધાર્યું પરિણામ ન આવે તો બીજી ક્રાન્તિ સર્જાય છે.'

'બસ, તો પછી તું રાજાશાહી-લોકશાહીની સરખામણીમાં શું કામ પડે છે ?' વિદ્યાપતિને કાંઈક સૂઝી આવ્યું હોય તેમ ઉમેર્યું: 'એકવાર નેપાલમાં રાણાશાહી ચાલતી હતી. અહીંના રાજવી પર રાણાઓનું વર્ચસ્વ હતું. તેની સામે રાજાએ માથું ઊંચકીને રાજાશાહી સ્થાપી... હવે પ્રજાએ બળવો કરીને પ્રજાશાહી સ્થાપવાની છે. પરિણામનો વિચાર કરનારા ક્રાંતિકારી ન થઈ શકે.'

ત્યારે જયે ખામોશ થઈ જવું પડ્યું. વિદ્યાપતિને દિલ્હીથી વિદાય કર્યા પછી દિવસ-રાત આ મુદ્દાને જ એ તર્કના ત્રાજવે તોળતો રહ્યો હતો. રશિયાની સામ્યવાદી ક્રાંતિ, અમેરિકાનો આંતરવિગ્રહ, ઇંગ્લૅન્ડની રાજા સહિતની લોકશાહી, ફ્રાન્સની અસ્થિર પ્રમુખશાહી, જર્મનની હિટલરશાહી અને ભારતે અહિંસાથી સ્થાપેલી લોકશાહી સર્વેનો અભ્યાસ કરતો રહ્યો... કાર્લ માર્ક્સ, પ્લુટો, મહાત્મા ગાંધી બધાની વિચારધારા વાંચી ગયો, પરંતુ સર્વોત્તમ સમાજ રચનાનો સ્પષ્ટ નકશો એ દોરી શક્યો નહીં ત્યારે એણે મન મનાવ્યું હતું : કદાચ દરેક દેશની રચનાનો ઘાટ સમય અને સંજોગો અનુસાર આપોઆપ ઘડાઈ જતો હશે.

અત્યારે પણ એ જ રીતે મન મનાવીને એણે કામમાં ચિત્ત પરોવી લેવું પડ્યું. કાવતરું પાર પાડવાનો પ્લાન વિદ્યાપતિ પાસેથી

સમજી લઈને મહત્ત્વની કામગીરી પોતાના શિરે ઉપાડી લીધી : 'સાધુવેશે દેશમાં પરિભ્રમણ કરીને દરેક મથકે ફિલ્મની પ્રિન્ટ્સ પહોંચાડવાની જવાબદારી મારી. દરેક મથક પર તૈયારી કેવી છે એની ચકાસણી કરતો આવીશ અને સોમવાર સુધીમાં કામ પતાવીને પાછો ફરી જઈશ.'

'અને સોમવારે સાંજે શોભા સાથે જઈને હું પરશુરામના દાનવને પતાવી નાખીશ.' વિદ્યાપતિ ઝનૂનભેર બોલી ગયો ત્યારે જયદેવ તેને કાંઈક કહેવા જતો હતો, પણ ટેલિફોનની ઘંટીએ વિક્ષેપ પાડ્યો.

'શોભા સિવાય બીજા કોઈનો ફોન ન હોય !' કહેતાં વિદ્યાપતિએ રિસીવર ઊંચક્યું તો અવાજ સ્ત્રીનો સંભળાયો પણ સામે છેડે શોભા નહોતીઃ 'કોણ બિશાખા ?' પૂછ્યા પછી ભૂલ સુધારી લીધી : 'કોણ છો તમે ?'

'બિશાખા જ છું !' પેલીએ ધરપત આપતાં કહ્યું : 'બીનાદેવીના પ્રાઇવેટ ફોન પરથી વાત કરું છું. સાંભળ્યું કે તમારે ત્યાં કોઈ ગુરુદેવ પધાર્યા છે !'

'હા !' વિદ્યાપતિએ જયદેવ તરફ જોઈને સ્મિત ફરકાવતાં કહ્યું: 'જય ગુરુદેવ પધાર્યા છે, પણ તારે એમનું શું કામ પડ્યું ?'

'મારે નહીં, ગુરુદેવની શિષ્યાને કામ પડ્યું.' કહીને બિશાખાએ રિસીવર જ્યુલીને સોંપ્યું હોય એવું લાગ્યું એટલે વિદ્યાપતિએ જયદેવ તરફ રિસીવર લંબાવ્યું : 'લો ગુરુદેવ, આપની આજ્ઞાંકિત શિષ્યા આપનો પવિત્ર અવાજ સાંભળવા આતુર બની છે.'

અધીરાઈભેર જય ફોન પાસે પહોંચી ગયો. દિલ્હીમાં હતો ત્યારે પણ આ જ રીતે બિશાખાએ ટેલિફોન પર જ્યુલી સાથે પોતાનો સંપર્ક કરાવી દીધો હતો :

'બધું ક્ષેમકુશળ છે ને ?' જયદેવે ઉચાટભરી ઉત્કંઠાથી પૂછ્યું : 'બિશાખા અને બીનાદેવી બરાબર ધ્યાન રાખે છે ને ?'

'હા, પણ તમારાં દર્શન માટે મન બ.ડાવરું બની ગયું છે.' જ્યુલીનો અવાજ ગદ્દગદ બની ગયો : 'બિશાખાએ મહેલમાં તમારી પધરામણી કરવાની યોજના ઘડી છે.'

'મહેલમાં ! મારી પધરામણી ?' જયદેવે આંચકો અનુભવ્યો: 'નહીં, નહીં. મારે તો સવારે જ બહાર નીકળી જવાનું છે.' એ બોલતો હતો ત્યાં સામે છેડે બિશાખાનો અવાજ સંભળાયો:

'સાંભળો ગુરુદેવ, તમારી શિષ્યા જે કહેતાં અચકાય છે એ હું કહું છું. પોતાને જીવતદાન આપનાર ભાવિ મહારાણીના કપાળેથી સૌભાગ્યની નિશાની ભૂંસાઈ જાય એ વિચાર તેને પજવે છે. આપ એમને અખંડ સૌભાગ્યના આશીર્વાદ આપી શકો ખરા ?'

સાંભળીને જયદેવ ધ્રૂજી ઊઠ્યો. જ્યુલી વતી બિશાખાએ સંકેતમાં દર્શાવેલી માગણીનો અર્થ એ કે મહારાજાને જીવતદાન આપવું ! રાક્ષસની રિબામણીનો પ્રત્યક્ષ પરચો કર્યા પછી જ્યુલી તેને જીવતો રાખવા માગે છે? તો રૂખીના બલિદાનનો બદલો કઈ રીતે વાળવો ?

'તમે મૌન કેમ ધારણ કરી લીધું ?' સામેથી બિશાખાએ તકાદા સાથે પૂછ્યું : 'આવતા મંગળવારે સાંજના સમારંભમાં પધારવા માટે તમને નિમંત્રણ મળી જશે. તમારી શિષ્યા ઇચ્છે છે કે, 'જયપશુપતિનાથ'નું સંચાલન તમારે હસ્તક રાખજો. જીવતદાનનો અર્થ બંદીવાન પણ થઈ શકે ને ?'

છેલ્લું વાક્ય ઉતાવળે કહીને બિશાખાએ ફોનનું કનેક્શન કાપી નાખ્યું, છતાં જયદેવ હાથમાં રિસીવર પકડીને ઊભો રહ્યો ત્યારે વિદ્યાપતિની જિજ્ઞાસા જોર કરી ઊઠી :

'શું થયું જયુ ?'

'ધર્મસંકટ !' કહીને રિસીવર મૂકી દઈ જ્યુલી વતી બિશાખાએ મૂકેલી માગણી જયદેવે સમજાવી ત્યાં વિદ્યાપતિ ઊકળી ઊઠ્યો :

'એવા લાગણીવેડા પર વિચાર પણ ન કરાય જયુ !' ધૂંઆપૂંઆ થતો એ બોલ્યો : 'અરે બીનાદેવી સમક્ષ એના યુવરાજ પતિનું રાક્ષસી સ્વરૂપ પ્રગટ થશે ત્યારે સગી પત્નીના હૃદયમાં પણ દયાભાવ નહીં જાગે... તું જ્યુલીની માગણીને વશ થવા માગતો હોય તો મંગળવારની સાંજે મહેલમાં દાખલ થતો નહીં. કુંવારી કન્યાઓનાં લોહી પીનારાના દેહમાં લોહીનું છેલ્લું ટીપું હોય ત્યાં

સુધી રિબાવી-તરફડાવીને મૃત્યુદાન દેવું છે મારે !'

વિદ્યાપતિની આંખોમાં ઊપસી આવેલા લોહીના દોરા જયદેવને દેખાયા છતાં એ ડગ્યો નહીં :

'દોસ્ત, એનું મૃત્યુ એ આપણો સંકલ્પ છે, પણ એ કામ થશે મારા જ હાથે !' કહીને બાકીનું વાક્ય એ મનમાં જ બોલી ગયો : પછી ભલે મારું મૃત્યુ એના હાથમાં લખાયું હોય !



રવિવારે રાત્રે વિદ્યાપતિ કેસિનોમાં ફરજ બજાવવાના દેખાવ સાથે વારંવાર પ્રવેશદ્વાર નાખી લેતો હતો. પણ દરેક વખત ફેરો ફોગટ જતો હોય તેમ દૃષ્ટિ વાળી લેવી પડતી હતી. બપોરથી શોભાનો પત્તો લાગતો નહોતો. બે વાર ફોન કર્યો ત્યારે હોટેલની રૂમમાંથી તેના પિતાએ એક જ જવાબ આપ્યો હતો : 'હજુ એ આવી નથી.' રાત્રે કેસિનોમાં આવતાં પહેલાં રૂબરૂ જઈ આવ્યો તો પણ શોભા પાછી ફરી નહોતી: 'એ કહીને ગઈ છે કે એક કામ પતાવવા જાઉં છું, વહેલી-મોડી પાછી ફરું તો ચિંતા ન કરશો.' એમ કહેનાર તેના પિતાના મુખ પર થોડી ચિંતા વરતાઇ હતી એટલે વિદ્યાપતિ તેને કેસિનોમાં લઈ આવ્યો હતો. નવથી સાડા અગિયારની વચ્ચે બે વખત હોટેલમાં ફોનથી પૃચ્છા કરી ત્યારેય રિસેપ્શનિસ્ટ તરફથી એકસરખો જવાબ સંભળાયો : 'એમની રૂમની ચાવી હજુ અહીં જ લટકે છે.'

મોડી રાત સુધી ક્યાં ગઈ હશે એ ? વિદ્યાપતિને ચિંતાની સાથે અજાુગતી શંકા પણ જાગી : કોઈ પુરુષને કંપની આપવા તો ગઈ નહીં હોયને ? પંદર દિવસ અગાઉ શોભા વિષે આવું વિચારવું સ્વાભાવિક ગણાત, પણ અત્યારે વિદ્યાપતિને એ બેહૂદું લાગ્યું : ચારિત્ર્યહીન સ્ત્રીને પણ ચારિત્ર્ય જેવું કાંઈક હોય છે. એક જ પુરુષને વફાદાર નહીં રહેવામાં માનતી સ્ત્રી પોતાના કર્તવ્યને વફાદારીથી વળગી રહેતી હોય છે. કોઈને પણ જાણ થવા દીધા વગર એણે એકલીએ પરશુરામનું પુસ્તક છપાવ્યું અને બીજા કોઈના સાથ વિના દાનવ પર વેર વાળવાનું કાવતરું પણ એણે એકલીએ

જ મનોમન ઘડી કાઢ્યું ને ! રોજ સવાર-સાંજ પશુપતિનાથનાં દર્શને જતી શોભાને પોતે અમસ્તું જ પૂછ્યું હતું કે ભોળાનાથને પ્રસન્ન કરીને કેવું વરદાન માગવાની ? ત્યારે મજાકનો જવાબ તેણે ગંભીરભાવે આપ્યો હતો : 'વર કે દાન માગવા જેવું હવે રહ્યું છે શું ? ચારિત્ર્યને લાગેલું કલંક તો ધોઇ શકવાની નથી, પણ જાતને થોડી ઘણી શુદ્ધ તો કરી શકીશ ને ?'

આવું કહેનારી શોભા માટે અત્યારે અણછાજતી આશંકા કરવા બદલ વિદ્યાપતિ પોતાની જાતને ઠપકો આપતો હતો ત્યાં પાછળથી કોઇએ તેના ખભા પર હાથ મૂક્યો અને એ ચમકી ગયો:

'અરે, બનવારી તું ? કેટલા વખતે દેખાયો ? ક્યારે આવ્યો ?'

'કેસિનોમાં તો ક્યારનો આવ્યો છું, પણ તારી નજરે અત્યારે દેખાયો.' બનવારીએ ચપટી વગાડી સિગારેટની રાખ ખંખેરતાં સંભળાવ્યું : 'તારી ચકોર નજર આજે કોઈકના ઈંતેજારમાં અટવાઈ ગઈ લાગે છે !'

અફીણ-ચરસના આ દાણચોરે પકડી પાડેલી પોતાની કામચોરી માટે વિદ્યાપતિ કોઈક જવાબ શોધતો હતો ત્યાં પેલાએ જ કહ્યું : 'અરે તારો એક દોસ્ત અલ્હાબાદ જેલમાં ભટકાઈ ગયો હતો. શું નામ એનું ?' યાદ કરતાં બનવારીએ ફરી ચપટી વગાડીને સિગારેટની રાખ ખંખેરી : 'હા, પેલો મહારાજાનાં પાપવાળો જયદેવ! બિચારો બહેનની શોધમાં નીકળ્યો હતો... પછી શું થયું એનું?'

બનવારી સાથે પોલીસ કસ્ટડીમાં વિતાવેલી રાતની જયદેવે કહેલી વાત વિદ્યાપતિને યાદ આવી ગઈ. લાગણીભેર તેનો ખભો દાબતાં એનાથી કહેવાઈ ગયું : 'હા યાર, એણે પત્રમાં તારા માટે બહુ સારા શબ્દો લખ્યા હતા.'

'એ માણસ પોતે જ બહુ સારો હતો એટલે સારા શબ્દો લખે જ ને ?' કહેતાં બનવારીએ ફરી સવાલ દોહરાવ્યો : 'પણ એનું થયું શું ? એની બહેન મળી ખરી ?'

'ના, ન મળી !' નિઃશ્વાસ નાખીને અર્ધસત્ય ઉચ્ચારતો

વિદ્યાપતિ આગળ કાંઈ કહેવા જાય ત્યાં પ્રવેશદ્વારમાં દાખલ થતાં પોલીસઉપરી પર તેની નજર ગઈ : 'અરે આ તો કસ્ટમ પોલીસ!'

બબડતાં એણે બીજી બાજુ ડોક ફેરવી તો બનવારી આંખના પલકારામાં ક્યાંક અદૃશ્ય થઈ ગયો હતો. વિદ્યાપતિને બધું જ સમજાઈ ગયું. મનોમન તેણે પશુપતિનાથને પ્રાર્થના કરી : બિચારો છટકી શકે તો સારું...

પણ તેની પ્રાર્થના પશુપતિનાથ સુધી પહોંચે એ પહેલાં જ બનવારી પોલીસના હાથમાં ઝડપાઈ ગયો : 'બચ્ચા બનવારી, ઘણા વખતથી તું અમારી નજરમાં હતો, આજે હાથમાં આવ્યો !' પોલીસ ઇન્સ્પેક્ટરના શબ્દો વિદ્યાપતિના કાને પડ્યા : 'તારી રૂમમાંથી સવા બે લાખના અફીણ સાથે તારા સાગરીતને કબજે કર્યો છે. ચાલ આગળ થા !'

ત્યારે વિદ્યાપતિને થયું કે હમણાં બનવારી ભાંગી પડશે, પણ એણે તો સામેથી વિદ્યાપતિને ધરપત આપી : 'એમાં અફસોસ શું કરવાનો ?' કહેતાં ધીમેથી ઉમેર્યું : 'આજકાલ અમારા બોસ અહીં હવાફેર કરવા આવ્યા છે. હું એને ઓળખતો નથી, પણ એ તો મને ઓળખતો જ હશે ને ! બસ, બે-ચાર દિવસમાં પુરાવાને અભાવે છૂટી જઈશ...'

કહીને ચપટી વગાડીને સિગારેટની રાખ ખંખેરતો એ પોલીસ ઇન્સ્પેક્ટરની સાથે હસતો હસતો રવાના થઈ ગયો.

બનવારીના ગયા પછી વિદ્યાપતિને ખ્યાલ આવ્યો કે શોભા તેની સામે જ ઊભી હતી. અચંબા સાથે તેનાથી બોલાઈ ગયું :

'અરે, તું ? મને તો ચિંતા થતી હતી.'

'એમ ?' પેલીએ મીઠું હસી લેતાં કહ્યું : 'સારું થયું, આજે ખબર તો પડી કે મારી ચિંતા કરનારું કોઈક છે.'

'મારા કરતાં તારા પિતા વધારે ચિંતા કરતા હતા.' વિદ્યાપતિએ સુધારી લેતાં પૂછ્યું : 'ક્યાં ગઈ હતી ?'

'ખબર કાઢવા !'

'કોની ?'

'હમણાં જેને પકડીને લઈ ગયાને, એના બૉસની !'

'હેં !' વિદ્યાપતિ ચોંક્યો : 'કોણ છે એનો બૉસ ?'

'એનો બૉસ એટલે આપણે દાનવ !'

રહસ્યમય લાગતી શોભાને વિદ્યાપતિ એકીટશે નિહાળી રહ્યો ત્યારે પેલીએ સંભળાવ્યું : 'આવતીકાલે સંધ્યાકાળે જેનું કાળ ચોઘડિયું છે એને આજે હાર્ટઍટેક આવી ગયો.'

'અને તું એની ખબર કાઢવા ગઈ હતી ?'

'હા, ખબર જાણવા ગઈ હતી.' કહીને શોભાએ તણખા ઝરતી આંખે ઉમેર્યું : 'આપણા ખાતર હજુ એ ચોવીસ કલાક ખેંચી કાઢશે. મરતાં પહેલાં આપણે એને મારી નાખવો છે ને ?'

સાંભળીને વિદ્યાપતિ અવાક્ બની ગયો. આજ સુધી પુરુષનાં રમકડાં જેવી લાગતી સ્ત્રી અત્યારે તેને પુરુષ સમોવડી દેખાઈ.



બે માળની રૉયલ હૉસ્પિટલના મેઇન ગેઇટની બત્તી નીચે ઊભેલા વિદ્યાપતિએ ઘડિયાળમાં જોયું તો સાત વાગવાન પાંચ મિનિટની વાર હતી. હું સાત ને પાંચ મિનિટે આવીશ એમ પેલીએ કહ્યું હોવા છતાં દસ મિનિટ અગાઉથી એ શોભાની રાહ જોવા લાગ્યો હતો. ખભે લટકતા ચામડાના થેલામાં કૅમેરા અને ફ્લૅશગન સિવાય વિશેષ વજન ન હોવા છતાં વિનાકારણ તેને ભાર વર્તાતો હતો. હથિયાર સાથે લેવાની કોઈ જરૂર નથી એમ પેલીએ કહી રાખ્યું હોવા છતાં તેણે ચામડાના જાકીટમાં પિસ્તોલ લઈ લીધી હતી. છેવટની ઘડી સુધી ગુપ્તતા રાખવાની શોભાની વિચિત્ર ખાસિયતે એને અકળાવી મૂક્યો હોવા છતાં, ધાર્યું કરવાના એ સ્ત્રીના દૃઢ મનોબળ સામે પોતે નમતું જોખી દેતો હતો. ડોકમાં લટકતા પશુપતિનાથના લૉકેટ પર વારેવારે હાથ ફેરવી લેતો એ વિચારતો હતો કે દાનવને ખતમ કરવાની શોભાએ કઈ રીત વિચારી રાખી હશે ?

'માણસને મારવાની ઘણી બધી રીત હોય છે !' શોભાએ વિદ્યાપતિ અને જય બંનેને સમજાવ્યું હતું : 'મરદને મારવો હોય તો હથિયાર ઉગામવું પડે, પણ આ નપુંસકને મારવા કાગળનો

ટાઇમ બૉમ્બ બસ થઈ ગયો.'

'તું રીત ગમે તે અજમાવ શોભા !' જયે તાકીદ કરતાં કહેલું : 'એટલું યાદ રાખજે ચોવીસ કલાક પછી આપણે વધુ શક્તિશાળી દુશ્મનને ખતમ કરવાનો છે. તેમાં વિઘ્ન ઊભું થાય એવું કાંઈ જ આજે કરી બેસતી નહીં.'

'એ બધું જ મેં વિચારી રાખ્યું છે.' શોભાએ તેની રહસ્યમય ઢબે એટલું જ કહ્યું હતું : 'કાલે સવારે માત્ર એના મોતની નોંધ જ લેવાશે અને પરમ દિવસે અમારા ભારતમાં લોકો એના જીવન પર થૂંકશે.'

બસ ત્યાર પછી વધુ પૂછવાનો મોકો આપ્યા વગર શોભા બંને વચ્ચેથી સરકીને ચાલી ગઈ હતી.

હૉસ્પિટલના મકાનમાંથી આવતી ચાર-છ નર્સોને જોઈ વિદ્યાપતિ બત્તીના અજવાળાથી જરા દૂર હઠી ગયા. થોડી વાર પછી બીજી સાત-આઠ નર્સો તેની બાજુમાંથી પસાર થઈ ગઈ ત્યારે વિદ્યાપતિની ઘડિયાળમાં સાત ને પાંચ મિનિટ થઈ ચૂકી હતી. હવે તેને થયું શોભા આ અવર-જવર વચ્ચે હમણાં ન આવે તો સારું... પણ બરાબર એ જ વખતે ગેટ પાસે ટૅક્સી આવીને ઊભી રહી ગઈ.

કમ્પાઉન્ડમાં જવાને બદલે ટૅક્સી દરવાજે રોકાઈ એથી ચોંકેલો વિદ્યાપતિ જરા સાવધ બની ગયો. પૈસા ચૂકવીને એક નર્સ ટૅક્સીમાંથી બહાર આવી ત્યારે તેની નજરે ન ચડી જવાની સાવચેતીથી એ વધારે દૂર ખસ્યો. પણ ટૅક્સી રવાના થઈ નહીં ત્યાં સુધી પેલી પણ ગેટ પાસેથી હઠી નહીં. પોતાના પર વહેમ ન જાય એટલા ખાતર વિદ્યાપતિએ સરકી જવા પગ ઉપાડ્યા ત્યાં એને કાને ટહુકો સંભળાયો :

'મિસ્ટર ! આપણે અંદર જવાનું છે, બહાર નહીં.'

નર્સના પોશાકમાં એ શોભાને તો ઓળખી શક્યો નહોતો, પણ તેનો અવાજ અર્ધા વાક્યમાં જ ઓળખાઈ ગયો.

'મને શું ખબર કે તું નર્સ...' ઉતાવળા પગલે નજીક આવતો વિદ્યાપતિ એટલું જ બોલીને અટકી ગયો.

'રાતપાળીવાળી નર્સની બદલીમાં આવી છું.' કહેતાં એણે

પગ ઉપાડ્યા : 'રાતની ડ્યૂટી કરનારી નર્સને મેં બીજા કામે મોકલી છે અત્યારે એ આપણા દુશ્મન દર્દીના સેક્રેટરીનું કોઈ હોટેલમાં મનોરંજન કરતી હશે.'

'કમાલનું ભેજું છે તારું !' ધીમા અવાજે બબડતો વિદ્યાપતિ શોભાના પગલે પગલે આગળ વધતો હતો. મકાનનાં પગથિયે પહોંચીને શોભા અટકીઃ 'પાંચ મિનિટ પછી પહેલા માળે સાત નંબરની રૂમ પર ટકોરા મારજે. ત્યાં સુધી કોઈની ખબર કાઢવા આવ્યો હો એવું વર્તન રાખજે.'

કહીને ચપળ નર્સની સ્ફૂર્તિલી ચાલે શોભા સીડીનાં પગથિયાં ચડતી અદૃશ્ય થઈ ગઈ, ત્યારે વિદ્યાપતિને લાગ્યું કે આ છોકરીને દાનવે બરબાદ ન કરી હોત તો કોને ખબર કેવું નામ કાઢ્યુ હોત !

'અરે વિદ્યાપતિ, તું અહીં ક્યાંથી ?' સાદ પડતાં જ વિદ્યાપતિના શરીરમાં ધ્રુજારી વ્યાપી ગઈ. સવાલ પૂછનારને નજીકથી જોયો ત્યારે હૃદય પળભર માટે ધબકવાનું ચૂકી ગયું :

'કોણ પ્રસાદજી ?' મહામહેનતે વિદ્યાપતિ બે શબ્દ ઉચ્ચારી શક્યો.

'તું તો એવી રીતે ડઘાઈ ગયો કે જાણે ખોટું કામ કરતાં પકડાઈ ગયો હો !' પ્રસાદે કરેલો કટાક્ષ હૈયા સોંસરવો ઊતરી ગયો, પણ બીજી જ ઘડીએ વિદ્યાપતિનો આત્મવિશ્વાસ સળવળી ઊઠ્યો : 'ખોટું કામ તો નહીં પ્રસાદજી, પણ છાનું કામ કહો !' પછી આંખ મિચકારીને સમજાવ્યું : 'આજકાલ એક નર્સ સાથે રોમાન્સ...'

'સમજી ગયો' - ગલગલિયાં થયાં હોય તેમ પ્રસાદજી હસી પડ્યાઃ 'આજકાલ પ્રેમનો જુગાર ખેલાય છે એમ જ ને ?'

ત્યારે શરમાઈ જવાના ડોળ સાથે વિદ્યાપતિએ હસીને રજા માગીઃ 'એ મારી રાહ જોતી હશે.'

કહેતો એ સડસડાટ સીડી ચડી ગયો. ઉપર જઈને હાંફતી છાતીએ નીચે કમ્પાઉન્ડમાં જોયું તો પ્રસાદ એની ગાડીનો દરવાજો ખોલી અંદર ગોઠવાઈ રહ્યો હતો. કાર કમ્પાઉન્ડમાંથી બહાર નીકળી

ગઈ ત્યાં સુધીમાં સ્વસ્થ થઈ જઈ, પશુપતિનાથનું લૉકેટ કપાળે અડાડી વિદ્યાપતિએ પગ ઉપાડ્યા.

સાત નંબરનો રૂમ સાવ છેવાડે હતો અને તેના દરવાજા પર બોર્ડ લટકતું હતું : વિઝિટર્સ નોટ એલાવ્ડ.

બારણાના કાચ પર વિદ્યાપતિએ ત્રણ ટકોરા માર્યા ત્યાં અંદરથી જવાબ મળ્યો : 'યસ કમ ઇન !'

હળવેકથી ધક્કો મારી એણે બારણું ઉઘાડ્યું, તો સામે શોભા ઊભી હતી : 'બુરખો ચડાવી દે, દર્દી તંદ્રામાં છે.'

ખભે લટકતા થેલામાંથી કાળો બુરખો કાઢીને તેણે પહેરી લીધો એટલી વાર શોભા એની આડે ઊભી રહી, પછી દરવાજાને અંદરથી આંકડી ચડાવી દીધી.

'કોણ આવ્યું છે નર્સ ?' શોભાની પીઠ પર દર્દીનો અવાજ અફળાયો ત્યારે થેલામાંથી કૅમેરા કાઢી ફ્લૅશગન ફિટ કરતાં વિદ્યાપતિએ પીઠ ફેરવી લેવી પડી.

'સર ! કોઈ ફોટોગ્રાફર આપની તસવીરો લેવા આવ્યો છે.' શોભાએ ત્રાંસુ મુખ રાખીને જાણ કરી : 'કહે છે કે દિલ્હીના ડેઇલી એક્સ્પ્રેસ તરફથી આવે છે.'

સાંભળતાં જ દર્દીના ચહેરા પર અસ્વસ્થતા પ્રસરી ગઈ: 'દિલ્હીથી મારા ફોટા પાડવા આવ્યો છે ?' બોલવામાં પરિશ્રમ પડતો હોવા છતાં તેનો અવાજ ઊંચો થયો : 'કોણે એને અંદર આવવાની રજા આપી ? ક્યાં ગયો મારો સેક્રેટરી ?'

કહેતાં એણે પથારીમાં બેઠા થવાની ચેષ્ટા સાથે પલંગની બાજુમાં લટકતી બેલની સ્વિચ તરફ હાથ લંબાવ્યો :

'અરે, અરે ! ડૉક્ટરે તમને કષ્ટ ઉઠાવવાની મનાઈ કરી છે સર!' કહેતાં શોભાએ ઘંટીની સ્વિચ તરફ લંબાયેલા તેના હાથનું કાંડું પકડી લીધું.

'તો એ ફોટાવાળાને રૂમની બહાર હડસેલી દે નર્સ !' હાંફતી છાતીએ તેણે હાંક મારી : 'મને હાર્ટઍટેક આવ્યો એ વાત હું ખાનગી રાખવા માગું છું ત્યારે મારો કોઈ રાજકીય વિરોધી છાપામાં ફોટો છપાવીને મારી કારકિર્દીનું નિકંદન કાઢી નાખવા માગે છે !'

બોલતાં બોલતાં એના ચહેરા પરથી પસીનો દડવા લાગ્યો. નર્સે પકડેલું કાંડું છોડાવવા જોર અજમાવ્યું ત્યારે શોભાએ દાંત ભીંસીને તેનો હાથ મરડી નાખ્યો : 'ચૂપચાપ પડ્યા રહો, દફતર વિનાના પ્રધાન ! તમારા નાકમાંથી ઑક્સિજનની નળી નીકળી જશે તો હૃદય બંધ પડી જશે !...'

બળપૂર્વક મરડાયેલો હાથ અને કરડાકીથી બોલાયેલા શબ્દોએ દર્દીને હેબતાવી દીધો. ફાટી આંખે નર્સને નિહાળી. ધીમે ધીમે એની આંખોમાં ભય ઘૂંટાવા લાગ્યો :

'કોણ શોભા ?' ગુફામાંથી આવતો હોય એવા અવાજે એણે પૂછ્યું : 'તું... તું નર્સ બનીને ?'

'હા જી, આપની સારવાર કરવા આ વેશ ધારણ કરવો પડ્યો.' દાંત ભીંસીને શોભાએ સંભળાવ્યું : 'ફોટોગ્રાફર પણ હું જ લઈ આવી છું.'

ત્યારે ઝાટકા સાથે દર્દીની ગરદન ખાટલાને છેડે કૅમેરા સાથે ઊભેલા વિદ્યાપતિ તરફ ફરી. જાણે કોઈ જલ્લાદ વધ કરવાની તૈયારી સાથે ઊભો હોય એવું હૃદય ભીંસાવા લાગ્યું : 'શું કામ શોભા?' ગૂંગળાતા શ્વાસે હાથ જોડતાં કહ્યું : 'ફોટા પાડીને તું શું કરવા માગે છે શોભા ?'

'તમારે તો રાજી થવું જોઈએ દાનેશ્વર નરેશ્વર વશિષ્ઠ !' એક એક શબ્દને દાંત વચ્ચે કચડતી એ કહેતી હતી : 'અખબારમાં ફોટા છપાય એ કયા રાજપુરુષને પસંદ ન હોય ?'

એ બોલતી હતી ત્યાં દર્દીએ જોર અજમાવી શોભાને હડસેલો મારી ઘંટીની સ્વિચ પર તરાપ મારી પણ જરાક માટે તેનો હાથ છેટો રહી ગયો અને તેના નાકમાંથી ઑક્સિજનની નળી નીકળી ગઈ, શોભાએ ધક્કો મારીને તેને બિછાનામાં ચત્તોપાટ ઢાળી દીધો :

'તેં બહુ રિબાવી છે મારા જેવી અબળાઓને !' તેની છાતી પર બંને હાથ દાબી રાખી શોભાએ રૌદ્રસ્વરૂપ ધારણ કરી લીધું :

'તારાં પાપ ઢાંકી રાખવા માટે પરશુરામને ટ્રક નીચે કચડી નાખ્યો, રૂખીને ગળાફાંસો દઈ દીધો... ત્યારે તને એ વિચાર નહીં આવ્યો કે દાનવને હણનારો કોઈક તો અચૂક પ્રગટે છે.'

કહીને શોભાએ ટેબલ પર પડેલી પોતાની પર્સમાંથી

'ટાઇમ બૉમ્બ'નું પુસ્તક કાઢીને તેની સામે ધર્યું :

'લે ! જો ! તારા પાપનું આ પુરાણ :

ધમણની જેમ ધૂંધવાતા શ્વાસે દાનવે પુસ્તકના ટાઇટલ પર નજર નાખી, પોતાના ચહેરાનાં રેખાચિત્ર સાથે છપાયેલું મથાળું વાંચ્યું : 'નપુંસક નેતાની જીવનકથા !'

જાણે હજારો વીંછી એકીસાથે ડંખ્યા હોય એવી કારમી પીડાથી એ તરફડી ઊઠ્યો. દયા વાંચતી આંખે તેણે બે હાથ જોડવાની ચેષ્ટા કરી પણ ત્યાં સુધીમાં શોભાએ કમર સુધી ઓઢેલી તેની ચાદર ખેંચી કાઢીને ત્રાડ નાખી :

'દુનિયા આખીને હું દેખાડી દેવા માગું છું નપુંસક, કે આ ચોપડીમાં લખાયેલી દરેક બીના સત્ય છે !' કહીને તેણે કમર ફરતે વીંટાળેલી એની ધોતી ખેંચી કાઢી.

શોભાનું ઝનૂન અને દાનવનો વલોપાત જોઈને કૅમેરા પકડેલા વિદ્યાપતિના હાથ ધ્રૂજી ઊઠ્યા, પચાસ-બાવનની ઉંમર :: ચહેરા પરથી સજ્જન દેખાતો આ માનવી આવો અધમ હશે... ઘડીભર માનવામાં ન આવ્યું, પણ લિંગ વગરની એની ખુલ્લી જાંઘ જોઈને વિદ્યાપતિને ખાતરી થઈ ગઈ : આ જ એ મહાપાપી છે, જેણે મારી રૂખીને કમોતે મારી નાખી !

અને તેણે નગ્ન દાનવની તસવીર ઝડપી લેવા કૅમેરાની સ્વિચ દાબી. ફ્લૅશ લાઇટના ઝબકારાએ દાનવને એવો થથરાવી દીધો કે જાણે બંદૂકમાંથી કોઈએ તેના પર ગોળી છોડી હોય !

'સાંભળી લે દાનવ !' ટાઇમ બૉમ્બનું પુસ્તક તેના ઉઘાડા પેટ પર મૂકતાં શોભાએ ગર્જના કરી : 'આ પુસ્તક આવતીકાલે ભારતની પાર્લામેન્ટના એકએક સભ્યની પાસે પહોંચી ગયું હશે, દેશના દરેકે દરેક દૈનિકને તેની નકલ મોકલાઈ ચૂકી છે... આ તારા પાપની સજા !'

કહીને શોભાએ વિદ્યાપતિને ઇશારો કર્યો : 'ઝડપી લે તસવીરો, એની જીવનકથાના અહેવાલ સાથે દરેક અખબારનાં મથાળે આ ફોટા છપાશે ત્યારે ભારતની પ્રજાને જાણ થશે કે દેવની જેમ પૂજાતા રાજનેતા કેવા પાખંડી હોય છે !'

આજ્ઞાંકિતપણે વિદ્યાપતિ કૅમેરાની સ્વિચ દાબતો ગયો અને

તેના દરેક ઝબકારે દાનવ ડચકાં મારતો રહ્યો. પરસેવાથી પથારી ભીંજાઈ ગઈ, આંસુથી ચહેરો ખરડાઈ ગયો, મોઢામાંથી ફીણ ઊભરાવા લાગ્યાં અને શોભા તેના તરફડાટ પર હરખાતી રહી...

અને ત્રણ મિનિટના તરફડાટ પછી દાનવની ગરદન ઢળી પડી ત્યારે માથા પરથી બુરખો ખેંચી કાઢીને વિદ્યાપતિ ડઘાઈ ગયેલા ચહેરે શોભાને તાકી રહ્યો. જાણે કહેતો હોય આવું ક્રૂર મોત મેં ક્યારેય જોયું નથી !

બીજી જ ઘડીએ શોભાની આંખો આંસુથી ઊભરાતી જોઈને એ વધુ ચોંક્યો. ના, એ પસ્તાવાનાં આંસુ નહોતાં. હૃદયમાં ધરબી રાખેલી પીડા પ્રવાહીરૂપે બહાર ઊભરાઈ આવી હતી. કાયરતાનાં નહીં, કૃતાર્થતાનાં આંસુ હતાં.

જાણે કાંઈ જ બન્યું ન હોય તેમ ઝડપભેર સ્વસ્થ બની જઈને શોભાએ દાનવના પેટ પરથી પુસ્તક ઉઠાવી પર્સમાં મૂકી દીધું : 'આપણે જલદી નીકળી જઈએ.' કહેતાં દર્દીનાં કપડાં ઠીકઠાક કરી ચાદર ઓઢાડી દીધી : 'તું નીચે ઊતર, હું આવું છું.' કહીને ઝડપભેર દર્દીના નાકમાં ઑક્સિજનની નળી ગોઠવી દીધી.

સફળ ઑપરેશન કરીને સર્જન ઑપરેશન થિયેટરમાંથી બહાર આવે તેમ સાત નંબરના રૂમમાંથી શોભા રુઆબભેર બહાર નીકળીને સડસડાટ સીડી ઊતરી ગઈ ત્યારે તેની ઘડિયાળમાં સાત ને પચીસ મિનિટ થઈ હતી !



'શોભાએ દાનવને ખતમ કર્યો !' ઘરમાં દાખલ થઈને પોતાની રાહ જોતા જયને વિદ્યાપતિએ ખુશખબર આપ્યા, છતાં સામેથી ઉમળકાભર્યો પડઘો ન પડ્યો ત્યારે એ જયની સામે તાકી રહ્યો :

'શું વાત છે જયુ ?'

'થોડીવાર પહેલાં જ ટેલિફોન પર ખબર આવ્યા.' બોલતાં કષ્ટ પડતું હોય તેમ અટકીને જયદેવે ગળું ખંખેરતાં ખબર સંભળાવ્યા : 'ગોપીનાથ ગિરફતાર થઈ ગયો !'

'હેં ?' આંચકા સાથે વિદ્યાપતિ સોફામાં ફસડાઈ પડ્યો. નજર સામે ક્રાન્તિનું કાવતરું કડડભૂસ ભાંગી પડતું દેખાયું...

ઓગણત્રીસ

અમાસની સવાર હોવા છતાં સૌના ચહેરા પર ઉદાસીનો અંધકાર છવાયેલો હતો. મગજના વિચારો થંભી ગયા હતા. હૃદયની લાગણીઓ થીજી ગઈ હતી અને જીભની વાચા સુકાઈ ગઈ હતી. જાણે પાંચેય ઇન્દ્રિયો બુઠ્ઠી બની ગઈ હોય તેમ પાંચે જણા જડવત્ બેઠા હતા.

'હું ચા બનાવીને લાવું' - કહેવા જેટલી શકિત એકઠી કરીને શોભા ઊભી થઈ છતાં બાકીના ચારમાંથી કોઈ સળવળ્યું નહીં. સૌની નજર ગોળ ટિપોય પર પડેલા લંબચોરસ છાપાને જ તાકેલી હતી.

'રાષ્ટ્રવાણી'ના પહેલા પાને મોટા અક્ષરના મથાળે છપાયું હતું : રાજ્યાભિષેક પ્રસંગે વિશ્વભરમાંથી પધારતા મહાનુભાવો. નેપાલને આંગણે ભવ્ય ઉત્સવ ! આવું મથાળું વાંચવા માટે જેઓ સૌથી વધુ થનગનતા હતા એ જ અત્યારે ઠરી ગયેલા જ્વાળામુખીની જેમ ઠુંગરાઈને બેઠા હતા કારણ કે એ મોટા મથાળાની બાજુમાં જ બીજા સમાચાર છપાયા હતા : વિમાનનું અપહરણ કરીને બૅન્કની કૅશ લૂંટી જનાર ટોળકીનો સરદાર ગિરફતાર !

મોટાં મથાળાંની માહિતી કહેતી હતી કે ૧૭ એપ્રિલની સવારે શુભ ચોઘડિયે યોજાયેલા યુવરાજશ્રી ચન્દ્રભૂષણના ભવ્ય રાજ્યાભિષેકમાં હાજરી આપવા પંચોતેર રાષ્ટ્રોના પ્રતિનિધિઓ કાઠમંડુમાં પધારી ચૂક્યા છે. પાડોશી દેશો ચીન તથા ભારતના વિદેશ પ્રધાનો, અમેરિકા તથા દિલ્હી ખાતેના રાજદૂતો શ્રીલંકાના

વડા પ્રધાન બર્મા, મલેશિયા, ઇન્ડોનેશિયા તરફથી વિશેષ પ્રતિનિધિઓ, યુરોપ આફ્રિકાના બાર જેટલા દેશોની સરકારના જુદા જુદા પ્રધાનો, ઉપરાંત નજીક તથા દૂરના દેશોમાંથી અસંખ્ય પ્રવાસીઓનું આગમન થઈ ગયું છે. મંગળ-બુધના બાકીના બે દિવસો દરમ્યાન પધારનારા રાજપુરુષો તથા મહાનુભાવોની યાદી ઘણી લાંબી છે, જેમાં ભારત, પાકિસ્તાન અને બંગલાદેશના રાષ્ટ્રપ્રમુખોનાં નામ મોખરે છે. નેપાલને માટે આ ત્રણ દિવસ ચિરસ્મરણીય બની રહેશે. મહાનુભાવો અને મહેમાનો માટે યોજાયેલા ત્રણ દિવસનાં મનોરંજન કાર્યક્રમનો પ્રારંભ આજથી થશે. લોકગીતો અને નૃત્યો ઉપરાંત સ્વર્ગસ્થ મહારાજા શ્રીપાંચ ઇન્દ્રભૂષણજીના રાજ્યારોહણની ફિલ્મ પણ પ્રદર્શિત થશે. નેપાલની સમગ્ર પ્રજાને એ ભવ્ય સમારંભની ઝાંખી કરવા મળે એ માટે દેશના ખૂણે ખૂણે એક સો જેટલા પ્રોજેક્ટર દ્વારા ફિલ્મ દર્શાવવામાં આવશે. રાષ્ટ્રનો પ્રત્યેક નાગરિક એકીસમયે એક જ કાર્યક્રમ નિહાળી શકે એવો પ્રબંધ નેપાલના ઇતિહાસમાં પ્રથમ વાર યોજાઈ રહ્યો છે !

એની પડખે જ ગોપીનાથની ગિરફતારીના સમાચાર ન છપાયા હોત તો ગુમસૂમ બની ગયેલા આ પાંચેય જણા ક્રાન્તિની મશાલ પ્રગટાવવાના ઉત્સાહથી થનગનતા હોત... ગોપીનાથ ગિરફતાર થઈ જાય એ આઘાત તો કદાચ જીરવી શકાત, પણ તાજનો સાક્ષી બનીને બધાનાં નામ આપી દેવા તૈયાર થઈ જાય એ ખ્યાલ સૌને અસહ્ય લાગતો હતો. સમાચારમાં સ્પષ્ટ લખ્યું હતું: વિદેશી બનાવટની ગન સાથે ઝડપાઈ ગયેલા વિમાનઅપહરણના મુખ્ય આરોપી ગોપીનાથે પોતાના આ રાષ્ટ્રવિરોધી કૃત્ય બદલ પ્રશ્ચાત્તાપ વ્યક્ત કર્યો છે. આ અપકૃત્યમાં તેને દેશની અને દેશ બહારની પણ અનેક વ્યકિતઓનો સાથ સાંપડ્યો હોવાની લેખિત કબૂલાત સત્તાવાળા સમક્ષ તેણે કરી દીધી છે. રાજ્ય સામે ઘડાએલા ખતરનાક કાવતરાની કડીબદ્ધ માહિતી પોલીસના કબજામાં આવી જતાં તેના બધા જ સાગરીતોને ઝડપી લેવાની તડામાર તૈયારીઓ પૂરી થવા માટે હવે માત્ર કલાકો જ ગણાઈ રહ્યા છે !

ચાની ટ્રે સાથે દીવાનખંડમાં દાખલ થતી શોભાનાં ધીમાં

પગલાંએ સુદ્ધાં ચારેને એવા ભડકાવી દીધા કે સાચે જ પોલીસ આવી પહોંચી હોય તેમ ચારેની ડોક ઝાટકા સાથે એના તરફ ફરી ગઈ !

આગલી સાંજે જય પાસેથી ગોપીનાથની ગિરફતારીના સમાચાર સાંભળીને પહેલાં તો વિદ્યાપતિ ભાંગી પડ્યો હતો. ધીમે ધીમે કળ વળ્યા પછી બંનેએ આપસમાં ચર્ચા કરી વેરાઈ ગયેલાં મોતી વીણીને ફરી દોરામાં પરોવી દે તેમ હૈયાંમાં હિંમત એકઠી કરી લીધી હતી. ગિરફતારીની વાત બે-પાંચ મુખ્ય સાથીઓ સિવાય ચોવીસ કલાક સુધી ગુપ્ત રહી જાય તો કાવતરાને આંચ નહીં આવે. રાજ્યાભિષેકના અવસરને કારણે પણ ત્રણ-ચાર દિવસ આ સમાચારને દબાવી રાખશે. વિદેશના આટલા બધા મહાનુભાવો દેશમાં પધાર્યા હોય ત્યારે વિમાન અપહરણનો અમંગળ કિસ્સો જાહેરાત કરીને અપશુકન શું કામ કરે ?

ડૂબતો માણસ તરણાને તરાપો સમજીને ધરપત અનુભવે તેમ જય અને વિદ્યાપતિએ આવા તર્કના આધારે ભીતરના અજંપાને દબાવી દીધો હતો, પણ સવારના છ વાગે રણકી ઊઠેલા ફોન પર રાણાએ 'રાષ્ટ્રવાણી'માં છપાએલા સમાચારની જાણ કરી ત્યારે બાજી હારી ચૂક્યાની હતાશાથી બંને હણાઈ ગયા.

શશીનાથ અને રાણા છાપું લઈને વિદ્યાપતિને ઘેર દોડી આવ્યા, શોભા પણ હાંફતી છાતીએ આવી પહોંચી. એકબીજાને પીડાદાયક દૃષ્ટિથી તાકી રહેલાં પાંચેની કીકીઓ પર એક જ પ્રશ્ન તોળાઈ રહ્યો હતો : હવે શું થશે? આપણે શું કરશું ?

પહેલ વિદ્યાપતિએ જ કરવી પડી હતી : 'ગોપીનાથ આટલો જલદી કબૂલાત કરવા તૈયાર થાય ખરો ?'

'કદાચ પોલીસે એના પર અસહ્ય ત્રાસ ગુજાર્યો હોય.' રાણાએ બચાવ કર્યો હતો : 'નહીંતર ગોપી એક હરફ ઉચ્ચારે એવો નથી.'

'ત્રાસ ગુજારવા જેટલો સમય ક્યાં વીત્યો છે ?' જયદેવે દલીલના ધક્કાથી ચર્ચાને આગળ હડસેલી : 'આપણી જાણ પ્રમાણે ગઈ કાલે સોમવારે બપોરે ગોપી ગિરફતાર થયો અને સાંજે એને કાઠમંડુ લઈ આવ્યા. છાપાવાળાને ત્યાં રાતના બાર વાગે સમાચાર પહોંચ્યા હોય તોપણ પાંચ-છ કલાકનો જ ગાળો થયો. આટલી

વારમાં ગોપી કબૂલાત કરવા તૈયાર થઈ જાય ?'

થોડીવાર બધા ચૂપ બેસી રહ્યા ત્યાં શોભાને કાંઈક સૂઝી આવ્યું હતું : 'વિદ્યાપતિ ! છાપામાં બીજા એક સમાચાર નથી છપાયા.'

સાંભળીને વિદ્યાપતિ ચમક્યો હતો. ફરી તેણે 'રાષ્ટ્રવાણી'નાં ચારેય પાનાં ચકાસી જોયાં પણ દાનવના દુઃખદ અવસાનની નોંધ ક્યાંય વાંચવા મળી નહીં ત્યારે એને ધ્રાસકો પડ્યો : શું એ જીવતો રહી ગયો હશે ?

પણ શોભાએ જ એની શંકાનું સમાધાન કર્યું હતું : 'એ મહાનુભાવનું મૃત્યુ છાનું રાખવામાં આવ્યું છે. સવારે છ વાગે એના મૃતદેહને ચાર્ટર પ્લેનમાં દિલ્હી રવાના કરી દીધો એ સમાચાર તો મને અહીં આવતાં પહેલાં મળી ગયા.'

શશીનાથ-રાણાને શોભાની વાતમાં કાંઈ સમજ પડી નહીં અને વિનાકારણ આ વાત વચ્ચે ઉચ્ચારી એ જય-વિદ્યાપતિને પસંદ પડ્યું નહીં, પણ શોભા પાસે કહેવા માટેનું કારણ હતું :

'એક સમાચાર દાબી રાખવામાં આવે અને દાબી રાખવા જેવા સમાચાર ચાલતા યંત્રે છપાવવામાં આવે એની પાછળ કોઈ ભેદ હોવો જોઈએ.'

'હુંય એ જ વિચારતો હતો.' વિદ્યાપતિ અધીરા અવાજે બોલી ઊઠ્યો હતો : 'ખરેખર પોલીસના હાથમાં કાવતરાની કડી આવી હોય તો છાપે ચડીને એ જાહેર શું કામ કરે ? એ તો ગોપીનાથના સાગરીતોને ચેતવી દેવાની મૂર્ખાઈ કરી કહેવાય !'

'કદાચ પોલીસે છાપાવાળાને જાણ ન કરી હોય પણ 'રાષ્ટ્રવાણી'એ ગુપ્તપણે બાતમી મેળવીને છાપી નાખી હોય એવું બને કે નહીં ?' શશીનાથ પહેલીવાર બોલવા ખાતર બોલી ગયેલો પણ એની દલીલને જયદેવે તોડી પાડી હતી :

'લોકશાહી રાષ્ટ્રનાં અખબાર એવી હિંમત કરે. આપણે ત્યાં સરકારની કૃપાથી ચાલતું અખબાર પૂછ્યા વગર પાણી પણ નહીં પીવે.'

દલીલ ચાલતી રહી પણ ફરી ફરીને એ જ વાત પર પાંચે અટકી જતા : હવે કરવું શું ? બપોર સુધીમાં નેપાલભરમાં

ગોપીનાથની ગિરફતારી જાહેર થઈ જશે, સાંજે ફિલ્મ-શોની તૈયારી સાથે બેઠેલા સાથીઓ પોલીસની નજરથી બચવા ભાગી છૂટશે. હથિયાર છુપાવીને આઘાપાછા થઈ જશે કે સરહદ પાર કરી જશે...

'ગમે તે થાય આપણે હવે પીછેહઠ કરવી નથી.' ચા પીતાં વિદ્યાપતિએ ફેંસલો સંભળાવ્યો.

'પીછેહઠ કરવા માટેય હવે આપણી પાસે સમય નથી.' જયદેવે મક્કમ અવાજે સમર્થન કર્યું : 'જય પશુપતિનાથના નાદ સાથે ઝુકાવી દઈએ.'

'આપણા હાથમાં પૂરા બાર કલાક છે.' રાણાએ સૂર પુરાવ્યો : 'સમયની આ દોડમાં આપણે પહેલાં આવીએ છીએ કે પોલીસ... એ પશુપતિનાથ પર છોડી દઈએ.'

'તો પછી મુખ્ય મુખ્ય મથકે જય પશુપતિનાથના સંદેશા વહેતા કરી દો.' જયદેવે શશી-રાણાને સંભળાવ્યું : 'ક્રાન્તિકારીઓ માટે મોત એ તો મોક્ષ ગણાય... પાછળથી જેલમાં સબડ્યા કરવા કરતાં અત્યારે ચિતા પર કામ ન ચડી જવું ?'

ત્યારે વિદ્યાપતિએ હરખાતા અવાજે કહ્યું : 'શોભા, તેં ચામાં એવું તે શું નાખ્યું કે બધાને એકીસાથે જુસ્સો ચડી આવ્યો.'

પણ એના હરખનો પડઘો શમે એ પહેલાં જ દરવાજાની ઘંટી રણકી ઊઠી ત્યારે પાંચે જણા ચોંકીને ટટ્ટાર થઈ ગયા. કોણ હશે ?

વિદ્યાપતિ ઊભો થવાનો વિચાર કરતો હતો ત્યાં વધારે જોશમાં બારણાં ધમધમી ઊઠ્યાં અને પાંચેના મનમાં એકસરખો પડઘો પડ્યો : પોલીસ !

શોભા સિવાય દરેકના હાથ એકીસાથે પિસ્તોલ પર ગયા. વિદ્યાપતિએ સૌને સલામત જગ્યા પકડી લેવાનો ઇશારો કર્યો. શોભાને અંદર સરકી જવાનો સંકેત આપ્યો અને પોતે પિસ્તોલવાળો જમણો હાથ પીઠ પાછળ રાખી બારણાં તરફ આગળ વધ્યો. દરવાજે પહોંચતા સુધીમાં તો બહાર ઊભેલો ધીરજ ખૂટી ગઈ હોય તેમ કાનના પરદા ધ્રૂજી જાય એટલા જોશમાં ઘંટી વગાડતો રહ્યો.

સાવધ વિદ્યાપતિ ડાબા હાથે બારણાંનો આગળો હઠાવી એક તરફ ખસી ગયો, જેથી આગંતુક અંદર ધસી આવે ત્યારે એના

પર આક્રમણ કરી શકાય અને બીજી જ ઘડીએ જોરદાર ધક્કા સાથે બંને બારણાં ફડાક કરતાં ખૂલી ગયાં ત્યારે વધુ પડતા જોશમાં ધસી આવનાર આગંતુક સમતોલપણું ગુમાવી ઉંબરાની ઠેસથી ગડથોલિયું ખાતો વિદ્યાપતિના પગ પાસે ઊથલી પડ્યો અને બધાના શ્વાસ અદ્ધર થઈ ગયા.

છાતીભર પડેલા એ અજાણ્યા આદમીની પીઠ પર વિદ્યાપતિ પ્રહાર કરવા જતો હતો એ જ ઘડીએ પેલાએ ડોક મરડીને ઊંચે જોયું ત્યારે વિદ્યાપતિએ ઉગામેલો હાથ અધવચ્ચે જ અટકી ગયો :

'કોણ બનવારી ?' રાહત અને અચરજભર્યા અવાજે કહેતાં વિદ્યાપતિએ બાવડું પકડીને ઊભો કર્યો એટલીવારમાં તો બીજા ચાર જણા પણ તેને ઘેરી વળ્યા.

'તમે કોઈ બીજાની રાહ જોતા હતા ?' કપડાં ખંખેરતો બનવારી વારાફરતી દરેકને જોઈ વિમાસણમાં બોલી ઊઠ્યો : 'અંદર આટલા બધા બેઠા હતા છતાં બારણાં ઉઘાડતાં આટલી બધી વાર?'

'એ પૂછનાર તું કોણ ?' કહેતો રાણા તેનો કાંઠલો પકડવા જતો હતો પણ વિદ્યાપતિ વચ્ચે પડ્યો :

'એ દુશ્મન નહીં, દોસ્ત છે.'

ત્યારે જયદેવને પણ ઓળખાણ તાજી થઈ :

'અરે, આ તો અલ્હાબાદ પોલીસકસ્ટડીવાળા બનવારી!'

'રવિવારે રાતે કેસિનોમાં જેને અફીણ-ચરસની દાણચોરી માટે પોલીસે પકડ્યો હતો એ જ ને !' ઓળખાણમાં ઉમેરો કરતાં શોભાએ કહ્યું : ' પોલીસે બહુ જલદી છોડી મૂક્યો ?'

'હા, છૂટીને સીધો જ અહીં દોડી આવ્યો.' કહેતાં બનવારીએ પાંચ જણા તરફ પીઠ ફેરવી બારણાં બંધ કરી દીધાં ત્યારે એની વર્તણૂકે સામેવાળાને વિમાસણમાં નાખી દીધા.

'તમારા માટે ગોપીનાથનો સંદેશો લઈ આવ્યો છું !'

સાંભળતાં જ બનવારી મટીને એ દેવદૂત બની ગયો હોય તેમ એને આવકારવા બધાએ માર્ગ મોકળો કરી આપ્યો.

'હું ચા લઈ આવું.' કહેતી શોભા અંદર ધસી ગઈ અને 'શું સંદેશો લઈ આવ્યો ?' કહેતો જય હાથ પકડી તેને સોફા પર દોરી ગયો.

બનવારી ચાનો કપ ગટગટાવી ગયો. ત્યાં સુધી સૌ તેને તાકીને ઊંચક જીવે બેસી રહ્યા. રાણાને બનવારીનું આગમન ભેદી લાગ્યું હતું : પોલીસની શિખામણથી તો એ નહીં આવ્યો હોય ! ઘરનાં બંધ બારણાં પાછળ પોલીસ ઊભી નહીં હોય ને ?

'શું સંદેશો લાવ્યો છે, બોલને જલદી ?' વિદ્યાપતિની અધીરાઈ આક્રમકપણે ઊછળી પડી ત્યારે ચાનો કપ નીચે મૂકતાં બનવારીએ ખિસ્સામાં નાખેલો હાથ બંધ મુઠ્ઠી સાથે બહાર કાઢી બધાની સામે હથેળી ઉઘાડી નાખી.

ખુલ્લી હથેળીમાં ચમકતી વીંટી પર સૌની આંખો ચોંટી ગઈ. ઝાપટ મારી અંગૂઠી ઝડપી લઈ વિદ્યાપતિએ તેનું ટોપકું ઊંચું કરીને જોયું તો અંદર કાતિલ કેપસ્યુલ નહોતી !

પાંચેય શરીરમાં કમકમાટી વછૂટી ગઈ : ગોપીનાથે આ શું કર્યું ?

'તમે બધા આમ હેબતાઈ કેમ ગયા ?' અકળામણ અનુભવતો બનવારી વારાફરતી દરેકના હાવભાવ નિહાળતો બોલી ઊઠ્યો : 'ગોપીનાથે પણ અંગૂઠી આપતાં પહેલાં એનું ટોપકું ઉઘાડીને અંદરથી કંઈક કાઢીને પોતાની મુઠ્ઠીમાં સંતાડી દીધું હતું.'

'પણ એણે સંદેશો શું આપ્યો ?' પૂછ્યું તો જયદેવે, પણ દરેકની નજરમાં એ પ્રશ્નની ધાર દેખાતી હતી.

'અરે, સંદેશો આપવાનો મોકો જ ક્યાં હતો ?' જાણે ગુન્હેગાર હોય તેમ બનવારીએ ખુલાસો કર્યો : 'હું છૂટીને આવતો હતો ત્યારે એ મને સામો મળ્યો. લાલઘૂમ આંખે એણે મારી સામે જોયું. પોલીસ હવાલદાર કોઈની સાથે વાતમાં પરોવાયો હતો, એ મોકો ઝડપી લઈ આંગળીમાંથી વીંટી ઉતારી, ઉપરના ટોપકામાંથી કાંઈક કાઢી લઈ મારી સાથે હાથ મિલાવ્યાઃ 'તું છૂટીને જાય છે! એવું મોટા અવાજે કહીને ધીમેથી ઉમેર્યું : કેસિનોવાળા વિદ્યાપતિને સોંપી દેજે ! બસ, એટલીવારમાં તો પોલીસનું ધ્યાન ગયું અને એણે ચાલતી પકડી.'

સાંભળીને વિદ્યાપતિએ જય સામે જોયું, શશીએ રાણા તરફ ડોક ફેરવી અને શોભા બનવારીને તાકી રહી. દરેકના મનમાં

ગડમથલ ચાલતી હતી : અંગૂઠી મોકલીને ગોપીનાથ શું કહેવા માગતો હતો ?

'પણ ગોપીનાથને ક્યાંથી ખબર પડી કે તું કેસિનોવાળા વિદ્યાપતિને ઓળખે છે ?' ઊલટતપાસ જેવો એ સવાલ રાણાનો હતો પણ એમાં પડઘો સૌના મનનો પડ્યો.

'પહેલાં મને પણ એ નહોતું સમજાયું.' બનવારી અટકીને વિચાર કરવા રોક્યો ત્યારે જાણે ગોઠવેલું બોલવા માગતો હોય એવો વહેમ પડ્યો : આમ તો ગોપીને કસ્ટડીમાં અમારી સાથે પૂર્યો નહોતો, બાજુની નાની ખોલીમાં એને એકલો રાખ્યો હતો. પણ રાત્રે વારે વારે હું બધાને કહેતો હતો કે સાલા પોલીસવાળા મને જુગાર તરસ્યો રાખી કેસિનોમાંથી ઉઠાવી લાવ્યા... કદાચ ગોપીને આ વાત યાદ રહી ગઈ હશે.'

આ ખુલાસાથી કોઈને સંતોષ થતો દેખાયો નહીં. એના પાંગળા જવાબે ઊલટાનો સૌનો વહેમ વધારી દીધો... છતાં જયદેવ અને વિદ્યાપતિ પૂરી ચકાસણી કર્યા વિના ઉતાવળું પગલું ભરવા માંગતા ન હોય તેમ થોડીવાર વિચારતા રહ્યા.

'સમજાતું નથી અમારે આનો અર્થ શું કરવો.' વિદ્યાપતિ બબડ્યો.

'તને એણે કાંઈક કહ્યું હોત તો તારી મહેનત લેખે લાગતને.' જયદેવના મોંમાંથી ઉદ્ગાર પડ્યા : 'બનવારી, એણે મદદ માટે આ અંગૂઠી મોકલી હશે? એ ખરેખર કાંઈ જ બોલ્યો નહોતો?'

'ના... કાંઈ જ ...' કહેતો બનવારી અચાનક અટક્યો, તેની આંખોમાં ચમક ઊપસી આવી : 'અરે હા ! જતાં જતાં એ 'જય પશુપતિનાથ' એટલું બોલી ગયો હતો !'

અને તેના એ એક જ વાક્યે પાંચેના ચહેરા પરથી કટોકટીનાં વાદળ વિખેરી નાખ્યાં. ફરી બનવારી તેની નજરે દેવદૂત બની ગયો.

'શાબાશ, બનવારી !' વિદ્યાપતિએ હોંશભેર તેની પીઠ થાબડી: 'હવે અમને પૂરો સંદેશો મળી ગયો ! બોલ, બદલામાં તને શું આપું ?'

'બદલાની લાલચે મેં આ કામ નથી કર્યું.' માઠું લાગ્યું હોય તેમ એ બોલી ગયો : 'તમે કોઈ સારું કામ કરી રહ્યા હો તો મને એમાં સામેલ કરી દો એટલે મને બદલો મળી ગયો.'

તેના આ પ્રસ્તાવે બધાને ચોંકાવ્યા પણ રાણાને તો હચમચાવી જ દીધો : 'નહીં, એ ન બને !' એણે ત્રાડ નાખી ત્યારે જયદેવે એનું કાંડું પકડી લેવું પડ્યું.

'એનો ફેંસલો મારે કરવાનો છે રાણા !' જેના અવાજમાં સદા કુમાશ સાંભળવા મળતી એ જયદેવની કરડાકીએ રાણાને ધ્રુજાવી દીધો : 'બનવારી દાણચોર છે, પણ દિલચોર નથી. જે બહેનને પરણવા ખાતર એણે દાણચોરીનો રસ્તો અપનાવ્યો એ બહેન હવે ભાઈનું મોં જોવા તૈયાર નથી. આપણી સાથે સામેલ થઈને એ બહેનને મોં દેખાડવા લાયક બનવા માગે છે, ત્યારે તું એને ફરી દાણચોરીના રસ્તે ધકેલી દેવા માગે છે રાણા ?'

ત્યારે કોઈ કાંઈ બોલી શક્યું નહીં. વિદ્યાપતિના હાથમાંથી અંગૂઠી લઈને જયદેવે બનવારીને સોંપી દીધી : 'લે, પશુપતિનાથનું નામ લઈને આ પહેરી લે !'

પોતાના પર મૂકેલા વિશ્વાસથી ગદ્‌ગદ બની ગયેલા બનવારીએ આંગળીમાં વીંટી પરોવી ત્યારે એની પાંપણ પર આંસુનાં મોતી ચમકી રહ્યાં હતાં.



નેપાલની દેવભૂમિ પર ઊતરી રહેલી ચૈત્રી અમાસની અંધારી રાતને અજવાળવા માટે રંગ-બેરંગી રોશનીનો ઝળહળાટ મિથ્યા પ્રયાસ કરતો હતો. પહાડોની ગોદમાં વસેલા કાઠમંડુ નગરના માર્ગો થઈ જતા જયદેવે શરણાઈના આવકાર સાથે રાજમહેલના વિરાટ પટાંગણમાં પ્રવેશ કર્યો, ત્યારે એનાં ભગવાં વસ્ત્રોએ અનેક આંખોને આકર્ષી : 'ભારતના કોઈ સાધુ મહાત્મા પધાર્યા લાગે છે.'

ડોકમાં પહેરેલી રુદ્રાક્ષની માળાના પારા પર હાથ ફેરવતાં જયદેવે ચોતરફ દૃષ્ટિ ફેંકી ત્યારે ધાર્યું હતું એવું જ દૃશ્ય જોવા મળ્યું. અગાઉથી મળી ગયેલા નકશા મુજબ રોશનીથી ઝળહળતા

પ્રાંગણની વચોવચ સ્વર્ગસ્થ મહારાજાની આરસ-પ્રતિમા ઊભી હતી. જેની બંને બાજુ મહેમાનો માટે ગોળાકારમાં બેઠકો ગોઠવાઈ હતી. પ્રથમ પાંચ હરોળના ત્રીસ સોફા સાઠ મહાનુભાવો માટે રોકાયા હતા. તેની વચોવચ સિંહાસન જેવી જાજરમાન ખુરશી મુકાતી હતી, જેના પર યુવરાજ ચંદ્રભૂષણ બિરાજમાન થવાના હતા. તેની પાછળ બીજી બે ખુરશીમાંથી એક યુવરાજનાં નાના ભાઈ વિભૂષણ માટે અને બીજી યુવરાજના કાકા સૂર્યભૂષણ માટે હતી. એ બંને ખુરશી પાછળ એક માઇક્રોફોન ગોઠવેલું હતું અને તેની બરાબર સામે ઊભા કરેલા રંગમંચ પર સિનેમાનો સફેદ પરદો ચળકતો હતો.

રાજ કુટુંબની મહિલાઓ માટેના અલગ વિભાગ પર મીટ માંડીને જયદેવે જ્યુલીને શોધી કાઢી. યુવરાજનાં પત્ની બીનાદેવી અને યુવરાજનાં કાકી મીનળદેવીની બેઠકો પાછળ બિશાખાની બાજુમાં બેઠેલી જ્યુલી સાથે નજર મળતાં જ જય ઘડીભર માટે આસપાસનું ભાન ભૂલી ગયો.

'મહારાજ, આપને આપની બેઠક સુધી લઈ જાઉં ?' કોઈએ નમન કરી પૂછ્યું ત્યારે જય સજાગ બની ગયો. ભગવા ઝભ્ભાના ખિસ્સામાંથી નિમંત્રણપત્રિકા કાઢીને વિવેકી સ્વયંસેવકના હાથમાં ધરી દીધી.

'આપ મારી પાછળ પધારો મહારાજ !' નિમંત્રણપત્રિકામાં લખેલો નંબર વાંચી લઈને પેલો એને અંદર દોરી ગયો. ઘણીખરી બેઠકો ભરાઈ ચૂકી હતી અને સાધુવેશે આગળ વધતા જય તરફ દરેકની નજર ખેંચાતી હતી. જાત છુપાવવા માટે ધારણ કરેલો વેશ સૌનું ધ્યાન ખેંચીને જોખમ વધારી દેશે એ જાણતા હોવા છતાં જયદેવે ભગવાં વસ્ત્રોનો જ આગ્રહ રાખ્યો હતો : જે સહેલાઈથી સૌની નજરે ચડી જાય, એના પર ભાગ્યે જ કોઈને શંકા જાગે !

સ્વયંસેવકે ચીંધેલી બેઠક પર જગ્યા લીધા પછી પાછળથી કોઈએ ધીમા અવાજે કરેલી પૃચ્છા જયદેવના કાને પડી :

'આ મહાત્માજી કોણ છે ?'

'જય ગુરુદેવ !' સ્વયંસેવકનો અવાજ સાંભળી કટોકટીની એ પળોમાં પણ જયને મનોમન હસવું આવી ગયું : પત્રિકા પર

લખેલા નામનો પ્રભાવ પડ્યો ખરો !

'જલપાન કરશો મહારાજ ?' શરબતના ગ્લાસની ટ્રે સાથે આવેલા બીજા સ્વયંસેવકે નીચા નમી પૃચ્છા કરી. ડોક હલાવી જયદેવે ઈન્કાર કર્યો ત્યારે પેલાએ ફરીવાર નમન કરી હળવેકથી કહ્યું : 'જય પશુપતિનાથ !'

સહેજ ચમકીને જયદેવે પેલાના ચહેરા તરફ નજર ઊંચકી તો એની આંખોમાં ક્રાન્તિનો તણખો તગતગતો દેખાયો. પછી તુરત જ નજર પડી ટ્રે ઊંચકેલા તેના જમણા હાથની આંગળમાં ચમકતી ભગવા રંગના નંગવાળી વીંટી પર !

'જય પશુપતિનાથ !' તેણે આશીર્વાદની શૈલીમાં વળતો જવાબ આપ્યો એટલે પેલો બીજા મહેમાનોને શરબત પીરસવા સ્મિતભેર રવાના થયો.

મહેલમાં ગોઠવેલા દરેક સાથીને એકસરખા નંગવાળી આવી અંગૂઠી આપીને વિદ્યાપતિએ તાકીદ કરી હતી : આપણા જય ગુરુદેવ સમારંભમાં પધારે પછી નજીક કે દૂરથી મોકો મળે ત્યારે તમારી અંગૂઠી તરફ તેનું ધ્યાન ખેંચવું...

જયદેવે પોતાની નજર ઘૂમાવવા માંડી. પ્રવેશદ્વાર પાસે ઊભેલા રાજયના હથિયારધારી સૈનિકોના માથા પર ઝરૂખામાં મહેમાનોના સ્વાગત માટે શરણાઈ વગાડનારા બંને વાદકની આંગળી પર ભગવા રંગની તેમની વીંટી દેખાઈ ત્યારે વિદ્યાપતિના શબ્દો યાદ આવ્યા : મોકાની જગ્યા પર ગોઠવેલા એ બંને પાસે એક એક મશીનગન અને બબ્બે બૉમ્બ હશે.

ત્યાં બાજુમાંથી 'જય પશુપતિનાથ'નો નાદ સંભળાવતી એક વ્યક્તિ પસાર થઈ એટલે જયદેવે ડોક એ તરફ ફેરવી, યુવરાજના સિંહાસનની પાછળ ગોઠવેલી બે ખુરશીની પછવાડે જઈને એ માણસ માઈક ગોઠવતો દેખાયો ત્યારે તેના હાથમાં પણ એવી જ અંગૂઠી ચમકી ઊઠી ! કાઠમંડુમાં જે પાંચ જગ્યાએ રાજ્યાભિષેકની ફિલ્મ પ્રદર્શિત થવાની હતી. એ દરેક સ્થળે ગોઠવેલા લાઉડસ્પીકરો સાથે આ માઈકનું જોડાણ હતું. જે કાંઈ અહીં બોલવાનું હતું તે નગરમાં સર્વત્ર સંભળાવાનું હતું.

અને મિલિટરી બૅન્ડ ગુંજી ઊઠ્યું. મહાનુભાવો તથા મહેમાનો સૌ પોતપોતાની બેઠકમાં ટટ્ટાર થઈ ગયા. જયદેવે ઘડિયાળમાં જોયું તો આઠ ને વીસ મિનિટ થઈ હતી. યુવરાજ માત્ર એક જ મિનિટ મોડા હતા. લશ્કરી સેનાપતિ અને પોલીસઉપરીની સલામો ઝીલતા યુવરાજશ્રી ચંદ્રભૂષણ ઝગમગતા પોશાકમાં પધારતા દેખાયા. તેમની એક તરફ કાકા સૂર્યભૂષણ હતા તો બીજી બાજુ નાનો ભાઈ વિભૂષણ ચાલતો હતો.

પ્રથમ હરોળમાં બિરાજેલા વિદેશી મહાનુભાવો સાથે હાથ મિલાવતા યુવરાજશ્રી આગળ વધતા જતા હતા. કોઈ દેશના રાજદૂત, કોઈ દેશના વિદેશ પ્રધાન તો કોઈ રાષ્ટ્રના ઉપપ્રમુખ.. દરેકની સાથે બે-ચાર ઔપચારિક શબ્દો બોલીને હસતા યુવરાજશ્રીના હાવભાવ નિહાળી જયદેવના દાંત ભીંસાયા : તારું અસલ સ્વરૂપ પ્રગટ થશે ત્યારે એ પ્રત્યેક મહાનુભાવની નજરમાં તીક્ષ્ણ તિરસ્કાર જ તને જોવા મળશે. જો એ જોવા માટે તું જીવતો રહીશે તો !

મિલિટરી બૅન્ડ બંધ થતાં જ આપસમાં ગુસપુસ કરતા સૌ ખામોશ બની ગયા. જયદેવે પાછળ જોયું તો પાંચસો દસ આમંત્રિતોમાંથી એકાદ ડઝન સિવાય બેઠક ખાલી નહોતી. સ્વયંસેવકો શિસ્તબદ્ધ પોતપોતાના સ્થાને રહી ગયા હતા. પીણું પીરસનાર સ્વયંસેવક કોટના બંને ખિસ્સામાં હાથ રાખીને ઊભો હતો, એકીસાથે બબ્બે પિસ્તોલનું ધાર્યું નિશાન લઈ શકતો હોવાથી બંને ખિસ્સામાં પિસ્તોલ હોવાની જયદેવને જાણ હતી. ઝરૂખામાં બેઠેલા શરણાઈવાદકોએ એમની શરણાઈ બાજૂમાં મૂકી દીધી હતી એનો અર્થ પણ જયદેવ સમજી ગયો : મશીનગન હાથમાં લેવા માટે એ સમયવર્તે સાવધાન થઈને બેઠા હતા ! જો કે દરેકને આજ્ઞા અપાઈ હતી : જયદેવ તેના ખિસ્સામાંથી ભગવો રૂમાલ કાઢીને ફરકાવે નહીં ત્યાં સુધી કોઈએ હથિયાર ચલાવવાનું નથી !

અને આઠ ને સત્તાવીશ મિનિટે યુવરાજશ્રીએ જમણા હાથની આંગળી ઊંચી કરી એટલે આજ્ઞાંકિત મુખ્ય સચિવ વીરસેન દબાતાં પગલે એમની સમક્ષ હાજર થયો. યુવરાજશ્રીએ પોતાના ભાષણની નકલ તેને સુપરત કરી એટલે નમન કરીને એ માઇક

તરફ સરકી ગયાં. યુવરાજશ્રીના વતી પોતે જ લખેલું ભાષણ એમના વતી વાંચી સંભળાવતા પહેલાં વીરસેને જમણી તરફ દૃષ્ટિ ફેંકી ત્યારે લગોલગ બેઠેલા જયદેવની ધારદાર આંખો તેને તાકી રહી હતી એ વાત એની નજરે ચડી નહીં.

સ્વાગત પ્રવચનની પહેલી અર્ધી મિનિટ તો પધારેલા મહાનુભાવોની નામાવલિ બોલવામાં ગઈ. બીજી પોણી મિનિટ નેપાલની ભવ્ય સંસ્કૃતિ, તટસ્થનીતિ અને પ્રભાવશાળી પરંપરા વર્ણવવામાં વિતાવી અને છેલ્લી અર્ધી મિનિટમાં રાજ્યાભિષેકના પ્રસંગે યોજાયેલા 'આજના કાર્યક્રમ'ની રૂપરેખા રજૂ થઈ રહી હતી, ત્યારે આંખો મીંચીને સમાધિમાં બેઠેલો જયદેવ ફેફસાંમાં રોકી રાખેલો શ્વાસ છોડતો મનમાં જય પશુપતિનાથનું રટણ કરતો ઊભો થયો.

-હમણાં જ સામેના રંગમંચ પરનો પરદો ઊઘડશે અને સૌપ્રથમ આપની સમક્ષ રજૂ થશે સ્વર્ગસ્થ મહારાજા શ્રીપાંચના રાજ્યારોહણની વીસ મિનિટની ફિલ્મ... ત્યારપછી નેપાલનાં લોકનૃત્યો તથા લોકગીતો અને છેલ્લે નેપાલી ભોજન સાથે આજનો કાર્યક્રમ સમાપ્ત થશે....

મુખ્ય સચિવ વીરસેનના છેલ્લા ચાર શબ્દો બોલાઈ રહે ત્યાં સુધીમાં જયદેવ તેની બાજુમાં જઈને ઊભો રહી ગયો હતો. તેની ઉપસ્થિતિએ ઘણાનું ધ્યાન ખેંચ્યું. કાર્યક્રમનું આયોજન કરનારાઓની આંખો પહોળી થઈ અને માઇક સામે ઊભેલા સચિવને તો અજાણ્યા સાધુની અણધારી હાજરથી જીભે લોચા વળવા લાગ્યા. 'સમાપ્ત થશે' બદલે 'સમાપ્ત થયો' ને એમ બોલાઈ ગયું ત્યારે માઇકના મોં પર હાથ દાબી દઈ એણે જયદેવ સામે કરડાકીથી જોયું.

પણ જયે તેને પૃચ્છા કરવાનો મોકો આપ્યા વિના હાથમાં એક ચબરખી પકડાવી દીધી, ત્યારે તેનો આત્મવિશ્વાસ જોઈને સચિવે માન્યું કે સાધુની દખલને યુવરાજશ્રીની સંમતિ મળી હશે અને શ્રોતાઓએ ધારી લીધું કે કોઈ મહાત્મા યુવરાજશ્રી માટે આશીર્વચન ઉચ્ચારવા માઇક સામે પધાર્યા લાગે છે !

બે વાક્યોની ચબરખી વાંચીને સચિવનો શ્વાસ તાળવે ચડી ગયો: 'સામેના ઝરૂખે જુઓ, ત્યાં બેઠેલા શરણાઈવાદકના હાથમાં મશીનગન છે. જરા સરખો અવરોધ કરશો તો તમારા સહિત અનેક લાશો ઢળી પડશે...'

ચિઠ્ઠી વાંચતાં વાંચતાં જ ઝરૂખામાંથી તકાએલી મશીનગનની નળી જોઈ લીધા પછી સચિવના ટાંટિયા ધ્રૂજવા લાગ્યા, પણ નીચે ફસડાઈ પડે તો મશીનગનમાંથી ગોળી છૂટશે એવી બીકે મહાપરાણે જમીન પર પગ ટકાવી રાખી પૂતળાની જેમ એ ખોડાઈ રહ્યો.

'હમણાં જાહેર થયેલા કાર્યક્રમમાં થોડો સુધારો છે !' માઇક પરથી વહેતા જયદેવના અવાજે સૌનું ધ્યાન ખેંચ્યું. તેનો સાધુવેશ, ગળામાં લટકતી રૂદ્રાક્ષની માળા, આંખ પર ચડાવેલા ગોગલ્સ અને માથે બાંધેલો ભગવો સાફો... સૌની આંખો અંજાઈ ગઈ, પરંતુ સર્વસત્તાધીશની સંમતિ વગર અનધિકૃત ચેષ્ટા કરનાર વ્યકિતનો અવાજ સાંભળી યુવરાજ ચન્દ્રભૂષણે તો મોભાની મર્યાદા ઓળંગીને ડોક ફેરવી પાછળ જોવું પડ્યું :

'હમણાં જ આપ સર્વને કહેવામાં આવ્યું કે રંગમંચના પરદા પર સ્વર્ગસ્થ મહારાજા શ્રીપાંચના રાજ્યાભિષેકની ફિલ્મ પ્રદર્શિત થશે. જે ફિલ્મ અહીંની સાથોસાથ સમગ્ર નેપાલના ખૂણે ખૂણે એકસો સ્થળે દેખાડવાનો ભવ્ય પ્રબંધ કરવામાં આવ્યો છે... બસ, કાર્યક્રમમાં છેલ્લી ઘડીનો ફેરફાર એટલો જ છે કે ભૂતપૂર્વ મહારાજાની ફિલ્મને બદલે ભાવિ મહારાજાની એક ખાનગી ફિલ્મ દેખાડવામાં આવશે...'

'કોણ છે એ ?' ત્રાડ નાખતાં યુવરાજ સિંહાસનેથી ઊઠવા જતા હતા, ત્યાં જયદેવે ભગવાં વસ્ત્રોમાં છુપાયેલી પિસ્તોલવાળો હાથ ઊંચો કરી હવામાં ગોળી છોડીને ધડાકો કર્યો :

'ખબરદાર !' પિસ્તોલના ધડાકાનો પડઘો શમે એ પહેલાં જયદેવની ગર્જનાએ સૌને સ્તબ્ધ કરી દીધા : 'અહીં છસ્સો વ્યકિતઓ હાજર છે તેમાંથી સવાસો મારા સાથીઓ છે, જે દરેક મશીનગન, પિસ્તોલ કે બૉમ્બ ધરાવે છે !' તેના એ વાક્યની ધારી અસર થઈ. જયદેવના લમણાનું નિશાન લઈને પોતાની ગનની ટ્રિગર દબાવવા તત્પર બનેલા સેનાપતિએ છેલ્લી ઘડીએ આંગળીને રોકી દેવી પડી, એકબીજાના શ્વાસ સંભળાય એવો ઘટ્ટ સન્નાટો છવાઈ ગયો :

'અહીં બેઠેલી એક પણ વ્યકિતને જરાસરખી આંચ ન આવે એને માટે માત્ર એક નાની સરખી શરત તમારે સૌએ માન્ય રાખવાની છે... એ શરત છે, હવે પછી રજૂ થનારી ફિલ્મ કોઈ

પણ જાતની દખલગીરી વિના જોવાની !'

જયદેવના અવાજમાં ધમકીની ધ્રુજારી કરતાં કોઈ યોગીની આજ્ઞાનો રણકો હતો. વશ થઈ જવાય એવી એના ઉદ્‌ગારની ધારી અસર થઈ હોય તેમ સૌ સ્થિતપ્રજ્ઞ બનીને તેને સાંભળતા રહ્યા:

'અહીં અનેક રાષ્ટ્રોના મહાનુભાવો મહેમાન બનીને પધાર્યા છે, ફિલ્મને આગળ વધતી રોકવાનો જરાસરખો પણ પ્રયાસ એ સર્વની જિંદગીનો ભોગ લઈ લેશે તો નેપાલનું નામ કલંકિત થશે. કાઠમંડુના પાવર સ્ટેશન પર અમારા સાથીઓનો પહેરો લાગી ચૂક્યો છે ત્યાંથી વીજળીનો પ્રવાહ સતત વહેતો રહેશે. અહીં મહેલના મેઇન સ્વિચ બોર્ડ સાથે પણ કોઈ અડપલું કરી ન શકે એવી જોગવાઈ અમે કરી લીધી છે. બસ, મારે એટલું જ કહેવાનું છે કે સમગ્ર દેશના લોકો તમારી સાથે ફિલ્મ જોઈ રહ્યા છે એ પૂરી થયા પછી જ તમારો ચુકાદો આપશો.'

કહીને જયદેવે માઇકમાં આજ્ઞા ઉચ્ચારી : 'સ્ટાર્ટ !'

ધીમે ધીમે વ્યવસ્થિતપણે બત્તીઓ બુઝાવા લાગી, રંગમંચ પરનો પરદો ઊઘડવા લાગ્યો અને અત્યાર સુધી જયદેવને જોઈ રહેલી હજાર જેટલી આંખો સફેદ ચમકતા પરદા પર સ્થિર થઈ ગઈ. દરેકનાં હૃદય ભયથી ભીંસાતાં હતાં છતાં દરેકની આંખો પરદા પરનાં દૃશ્યો જોઈ લેવા માટે તલસતી હતી. આજુબાજુ કે ઉપર-નીચે ગમે ત્યાંથી મોત ત્રાટકવાનું છે એમ જાણવા છતાં સેંકડો માણસો કોઈએ મૂઠ મારી હોય તેમ યંત્રવત્ સીધી ડોક અને ઉઘાડી આંખે બેસી રહે એવું કાંઈક અભૂતપૂર્વ બની રહ્યું હતું.

પરદા પર દૃશ્યો વહેતાં થયાં અને જાણે સમય સ્થગિત થઈ ગયો, નજર સમક્ષ પાશવી લીલા ભજવાઈ રહી હોય તેમ લોકો જકડાઈ ગયા. અબળા પર બળાત્કાર કરતા બુરખાધારી પ્રત્યે ધિક્કાર ઘૂંટાતો ગયો. કન્યાનું લોહી ચૂસતા નરરાક્ષસને જોઈ અરેરાટી છૂટી ગઈ. કુંવારી દેવીની કાયાને કચડાતી જોઈ કમકમાં આવવા લાગ્યાં. પ્રત્યેક દૃશ્ય વધુ ને વધુ પીડાકારક લાગતું હોવા છતાં પરાકાષ્ઠાની ઉત્કંઠા એટલી હદે ઉગ્ર બની ગઈ કે મોત આવવાનું હોય તોપણ આટલું જોઈ લીધા વગર જીવની ગતિ ન થાય !

લોકોની એકાગ્રતાની ખાતરી કરીને જયદેવ ધીમે ધીમે

પોતાના સ્થાન પરથી ખસતો રંગમંચ તરફ ધસી રહ્યો હતો. પ્રત્યેક પળ જીવન-મૃત્યુ વચ્ચે પાતળી રેખા જેવી લાગતી હતી. પોતાની હિલચાલ પર કોઈની નજર નથી એમ માનીને સાવચેતીભેર એ આગળ વધતો જતો હતો, પણ એને પગલે બે વ્યક્તિ પોતપોતાનો વ્યૂહ ગોઠવીને લપાતી-છુપાતી અંધારામાં સરકતી હતી.

અને પરદા પર બુરખો ચીરવાનું દૃશ્ય થીજી ગયું ત્યારે એકીસાથે અસંખ્ય લોકોના મોંમાંથી જાણે એકસરખા ઉદ્ગાર ઊછળી પડ્યા : આ તો યુવરાજ ચંદ્રભૂષણ પોતે !

થીજી ગયેલાં એ દૃશ્યને ભૂંસી નાખવા માગતી હોય તેમ ચોતરફ રોશની ઝળહળી ઊઠી ત્યારે હજાર આંખોનું લક્ષ એક જ બની ગયું : યુવરાજ ચંદ્રભૂષણ !

રંગમંચના એક ખૂણે પિસ્તોલનું નિશાન તાકીને ઊભેલા જયદેવની જેમ એ હજાર આંખોની દરેકે દરેક કીકી તિરસ્કારનાં તીરથી યુવરાજને વીંધી નાખવા અધીરી બની હતી, પણ જયદેવની પિસ્તોલની જેમ હજાર કીકીઓનાં તીર પણ મોડાં જ પડ્યાં !

સિંહાસન પર બિરાજેલા યુવરાજ ચંદ્રભૂષણની ડોક ઢળી પડી હતી. એના જમણા લમણામાંથી લોહી વહેતું હતું અને સિંહાસનના હાથ પર લબડતા એના જમણા હાથની મુઠ્ઠીમાં એમની પોતાની પિસ્તોલ લટકતી હતી ! બુરખો ચિરાવાના દૃશ્ય સાથે જ યુવરાજે ખિસ્સામાંથી અવાજ ન કરે એવી સાયલન્સર ગનની ગોળી લમણાંમાં ઉતારીને ચુકાદો આપી દીધો હતો !

પરાકાષ્ઠા પછીની પરાકાષ્ઠાની જેમ ફરી ધડકતી છાતીએ બધા સ્તબ્ધ બનીને એ જોઈ રહ્યા હતા, ત્યાં પિસ્તોલના ધડાકાએ ખામોશીને ખળભળાવી દીધી. યુવરાજના અણધાર્યા પગલાથી હેબતાઈને ઊભેલા જયદેવ તરફ ગોળી છૂટી અને કોઈને કાંઈ સમજાય એ પહેલાં દૂરથી ધસી આવતી એક સ્ત્રીએ જયદેવને આડશ આપી ગોળી પોતાની જાત પર ઝીલી લીધી ત્યારે તીણી મરણચીસે સૌને ધ્રુજાવી દીધા.

જીવલેણ ગોળી ઝીલી લેનાર સ્ત્રીને નીચે ઢળી પડતી જોઈને જયદેવે બંને હાથમાં તેને ઝાલી તો લીધી પણ છેલ્લા શ્વાસ લેતી એ નારીનો ચહેરો નજર સામે આવ્યો ત્યારે એનાં રૂંવાડાં

ખડાં થઈ ગયાં. ચીસ તો ગળામાં સુકાઈ ગઈ પણ એનો પડઘો મનમાં ઘૂમરાવા લાગ્યો :

'બિશાખા તું ?'

દાંત ભીંસીને ગોળી છોડનાર તરફ જોયું ત્યારે પાગલની જેમ પિસ્તોલ સાથે ધસી આવતો પ્રસાદ દેખાયો. નજીક પહોંચીને એ જયદેવને વીંધી નાખવા બીજી ગોળી છોડતો હતો, ત્યાં ઝનૂનભેર પાછળથી ધસી આવતી જ્યુલી તરાપ મારીને પ્રસાદ પર ત્રાટકી પડી. પ્રસાદના હાથમાંથી પિસ્તોલ ઊડી પડી અને ગડથોલિયું ખાતો એ જમીન પર પટકાઈ પડ્યો ત્યાં -

'વિભૂષણ !' જયદેવે મંચ પરથી જ નાના યુવરાજના નામની ત્રાડ નાખી : 'વધુ લોહી રેડાય એ પહેલાં તારી પાછળ મૂગા ઊભેલા માઇક પર જઈને જાહેર કરી દે કે યુવરાજ ચંદ્રભૂષણ પછી તારે ભાગે આવનારી રાજગાદીનો તું ત્યાગ કરી દે છે !'

ત્યારે ફફડતા જીવે સૌ સત્તાવીશ વરસના રાજકુંવર વિભૂષણને જોઈ રહ્યા. તેને સ્વસ્થતાથી ઊભો થતો જોઈ બધા વિમાસણમાં પડી ગયા. સિંહાસન પર ઢળી પડેલા મોટાભાઈના જમણા હાથની મુઠ્ઠીમાંથી પિસ્તોલ લેવા એ નીચે ઝૂક્યો ત્યારે સૌના શ્વાસ અદ્ધર ચડી ગયા.

'વિભૂષણ !' ફરી જયદેવની ત્રાડ સંભળાઈ : 'લોહીથી ખરડાયેલા ભગવા રૂમાલવાળો મારો આ હાથ ઊંચો થઈ ગયા પછી બહુ મોડું થઈ જશે... અમાસની આ અંધારી રાતે નેપાલની દેવભૂમિ પરથી રાજાશાહી નાબૂદ કરવાનો સંકલ્પ કરીને અમે બહાર પડ્યા છીએ, તેમાં હવે વિલંબ થશે તો સમગ્ર દેશમાં આંતરવિગ્રહ ફાટી નીકળશે !' પડકારના જવાબમાં યુવરાજની પિસ્તોલ સાથે વિભૂષણ માઇક સામે આવ્યો. નજરોનજર નિહાળેલા મોટાભાઈના પાપનો આઘાત અને મૃત્યુનો શોક પચાવી જવા માટે હૃદય મક્કમ કરીને કાંઈક બોલવા જતો હતો ત્યાં-

'યુવરાજ ચંદ્રભૂષણ મુર્દાબાદ ! પ્રજાતંત્ર ઝિન્દાબાદ !' ના પોકારોએ સૌને ચોંકાવી દીધા. દૂરથી સંભળાએલા હજારો લોકોના એ પોકાર ઝડપભેર રાજમહેલની નજીક આવતા જતા હતા. બધાના કાન એ દિશામાં મંડાયા હતા ત્યાં જયદેવનો અવાજ ગર્જી ઊઠ્યો:

'દેશમાં ઠેરઠેર અત્યારે આ જ પોકારોથી નેપાલનું ગગન ગાજી રહ્યું છે. વિભૂષણ ! પ્રજાતંત્રનો જુવાળ રાજમહેલ સુધી આવી પહોંચ્યો છે. તારી ખામોશી સર્વનાશ નોતરે એ પહેલાં...'

જયદેવનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ વિભૂષણે પિસ્તોલમાંથી સાયલાન્સર કાઢી લઈ ટ્રિગર દબાવી હવામાં ગોળી છોડી :

'નહીં !' પિસ્તોલના ધડાકાનો પડઘો શમતાંની સાથે જ એનો અવાજ માઈકમાંથી ચારે દિશામાં વહેતો થયો : 'વિશ્વનાં આ એકમાત્ર હિન્દુ રાષ્ટ્રમાં આવો સર્વનાશ હું નહીં સર્જાવા દઉં ! આજની આ અંધારી રાતે નેપાલના ભાગ્યાકાશમાં લોકશાહીનો સૂર્યોદય ઊગ્યાની હું સ્વેચ્છાએ જાહેરાત કરું છું.'

અને એ શબ્દો પૂરા થતાંની સાથે જ રાજમહેલને ઘેરી વળેલા હજારો લોકોના એકસામાટા પોકારો આકાશવાણી થતી હોય તેમ ગગનમાં ગુંજી ઊઠ્યા :

'અમારું નેપાલ અમર રહો, અમારી દેવભૂમિ અખંડ રહો !'

એના જવાબમાં જયદેવે નાભિમાંથી નીકળતાં ઊંચા અવાજે 'જય પશુપતિનાથ !' ની ગર્જના કરી ત્યારે જ્યુલીની આંખો ચોધાર આંસુએ વહેતી હતી.

ત્રીસ

અસંભવ લાગે એવો ચમત્કાર સર્જાઈ ગયો હતો. વસ્તીમાં ટચૂકડા પણ વિસ્તારમાં ખીણો, જંગલો અને પર્વતો સુધી ફેલાયેલા નેપાલના ખૂણે ખૂણે બુધવારના સૂર્યોદય પહેલાં પ્રજાતંત્રના ઉદયના સમાચાર પ્રસરી ગયા ત્યારે ધર્મમાં અપાર આસ્થા ધરાવતી અને ક્રાન્તિની કદી કલ્પના નહીં કરનારી ગ્રામ્ય પ્રજાએ તો તેમાંથી માત્ર એક જ અર્થ તારવ્યો હતો : યુવરાજનાં પાપ પર દેવ કોપાયમાન થયા એટલે રાજાશાહીનો અંત આવ્યો ! રાતે પેલી ફિલ્મ જોઈ ત્યારે જ લાગતું હતું કે પાપના ભારથી ધરતી ફાટવી જોઈએ, પર્વતો ધણધણી ઊઠવા જોઈએ અને પૃથ્વી રસાતાળ થવી જોઈએ... તેને બદલે ભાવિ મહારાજાના કમોતના અને નેપાલની રાજાશાહીના અંતના ખબર આવ્યા ! દેવનો કોપ માત્ર રાજમહેલ પર ઊતર્યો અને રૈયત હેમખેમ રહી ગઈ...

પરંતુ ક્રાન્તિના સાક્ષી બનેલા કાઠમંડુના નગરજનો માટે તો મંગળવારની રાત આઝાદીનો સૂરજ ઊગ્યો હોય એવી ઓજના પ્રસરી ગઈ હતી. વીસ મિનિટની ફિલ્મે ભારેલા અગ્નિ પરથી રાખ ફૂંકી દીધી હોય તેમ પ્રજાનો પ્રકોપ ભભૂકી ઊઠ્યો હતો. અરે કુંવારી કન્યા પર થતાં પાશવી બળાત્કારના દૃશ્યો જોઈને લશ્કરી અફસરોનાં માથાં અને સૈનિકો-પોલીસોનાં હથિયાર પણ શરમથી ઝૂકી ગયા હતાં. સ્વયંસ્ફૂરણાથી જુસ્સો જાગી ઊઠ્યો હોય તેમ જનતાને આપમેળે રાજમહેલ તરફ આગેકૂચ કરતી જોઈને ખુદ વિદ્યાપતિ પણ અચંબામાં

પડી ગયો હતો : 'શોભા, આપણે તો માત્ર નિમિત્ત છીએ, જનતાનાં આ જુવાળને હવે આપણે પોતે ધારીએ તોપણ રોકી ન શકીએ !'

'રાંક પ્રજા વિફરે ત્યારે એને કોઈ નથી રોકી શકતું, વિદ્યાપતિ !' કહેતાં શોભાએ હર્ષના આવેશમાં વિદ્યાપતિનો હાથ પકડી લઈને 'જય પશુપતિનાથ'નો પોકાર પાડ્યો હતો.

જાણે તોફાની સમુદ્રનાં મોજાં કિનારા તોડીને ધસી આવતાં હોય તેમ માનવમહેરામણ રાજમહેલ પર ધસી આવ્યો હતો. અજગરે ભરડો લીધો હોય તેમ અસંખ્ય લોકોનાં ટોળાં રાજમહેલને ઘેરી વળ્યાં હતાં. આકાશ ફાટ્યું હોય તેમ 'જય પશુપતિનાથ'ના પોકારોથી રાજાશાહીની દીવાલો કંપી ઊઠી હતી...

મહેલના ચોગાનમાંથી પિસ્તોલનો ધડાકો સંભળાયો ત્યારે વિદ્યાપતિ ફફડી ઊઠ્યો હતો : કોણે ગોળી છોડી ? કોના પર ગોળી છૂટી ? પણ જયદેવે વિભૂષણને કરેલો પડકાર કાને પડતાં ધરપત અનુભવી અને વિભૂષણે સર્વનાશને રોકવા લોકશાહીની જાહેરાત કરી ત્યારે તો વિદ્યાપતિ અને શોભા ધ્યેયસિદ્ધિની ઉત્તેજનામાં હજારો લોકોની હાજરી વચ્ચે એકબીજાને ભેટી પડ્યાં હતાં.

ત્યાં–

'પ્રજાજનો તથા મહેમાનો !' જયદેવના ધીર ગંભીર સંબોધને સૌના કાન સરવા કરી દીધા. માનવમહેરામણ મંત્રમુગ્ધ બનીને સાંભળવા લાગ્યો :

'હું જયદેવ આર્ય ! આજથી પિસ્તાલીસ દિવસ પહેલાં સ્વર્ગસ્થ મહારાજા ઈન્દ્રભૂષણનાં પાપ ધારણ કરી, તમારા સૌનો જાકારો ઝીલી બહેનની શોધમાં વતન છોડનાર આ મામૂલી માણસને પશુપતિનાથે યુવરાજનાં પાપ ઉઘાડાં પાડવામાં નિમિત્ત બનાવ્યો અને એ પાપ રાજાશાહી નાબૂદ કરવામાં નિમિત્ત બન્યાં... પરંતુ આ નિરાળી ક્રાન્તિનો બધો યશ તો નેપાલના સવાબસો યુવાનોને જાય છે અને એ સવાબસો યુવાનોમાં ક્રાન્તિની ચિનગારી જગાડનાર છે ગોપીનાથ ! પોણા બે મહિના અગાઉ જ ગોપીનાથે માત્ર ત્રણ જ સાથીઓના જોરે નેપાલ

રૉયલ બૅન્કની સત્તાવન લાખની બે કૅશપેટીઓ લઈ જતા વિમાનનું અપહરણ કરી ક્રાન્તિના આ વિકટ સાહસનું પ્રથમ કદમ ઉપાડ્યું હતું. તે અત્યારે કાઠમંડુની જેલમાં છે. આપણું પહેલું કાર્ય એને જેલમાંથી મુક્ત કરવાનું છે.'

એટલું સાંભળતાં જ મહેલ બહાર ઊભરાયેલા માનવમહેરામણે ગગનભેદી પોકાર પાડ્યો : 'ગોપીનાથ ઝિન્દાબાદ !'

એના પડઘા શમ્યા ત્યાં ફરી જયનો સાદ સંભળાયો : 'ઉલ્લાસના આવેશમાં અહીં એક સ્ત્રીએ આપેલા બલિદાનને આપણે વીસરી જવાનું નથી. એ સ્ત્રી જે યુવરાજના બળાત્કારનો પહેલો શિકાર બની, એ સ્ત્રી જેણે ક્રાન્તિની રક્ષા ખાતર પોતાના જ પતિની ગોળી ઝીલી લીધી. એ સ્ત્રી એટલે બિશાખા... જેનું જીવતર ઘણા પુરુષોએ બગાડ્યું પણ જેણે દેશ કાજે બલિદાન આપીને મૃત્યુ સુધાર્યું, એની અંતિમયાત્રા આ રાજમહેલમાંથી જ નીકળશે અને આજ સુધી જ્યાં રાજવીઓનાં અંતિમ સંસ્કાર થતા હતા એ ઘાટ પર એની ચિતા પ્રગટશે...'

બિશાખાના બલિદાનની વાત જાણીને બહાર ઊભેલાં વિદ્યાપતિ અને શોભા સ્તબ્ધ બની ગયાં. શોભાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં અને વિદ્યાપતિથી નિઃશ્વાસ નખાઈ ગયો :

'મૃત્યુ પહેલાં કોઈ માનવીના જીવનનું મૂલ્યાંકન આંકવું એના જેવી કાંઈ મૂર્ખાઈ નથી.' પોતાની જાતને કહેતો હોય એમ બબડ્યો : 'જયદેવ પર છૂટેલી ગોળી બિશાખાએ ઝીલી લીધી ન હોત તો કેવો સર્વનાશ સર્જાઈ જાત ! જય ઠાર થયો હોત તો અનેક દિશાએથી ગોળી છૂટી હોત, બૉમ્બ ફૂટ્યા હોત અને કોને ખબર, અનેક દેશોના મહાનુભાવો સહિત કેટકેટલાના ભોગ લેવાત... બિશાખાએ પોતાના પ્રાણ ત્યજી દઈને માત્ર જયને જ નહીં, અનેકને ઉગારી લીધા. અરે સમગ્ર ક્રાંતિને નિષ્ફળતામાંથી ઉગારી લીધી !'

'હવે પછીનાં આપણાં પ્રત્યેક પગલાં પર વિશ્વની નજર મંડાયેલ રહેશે.' જયદેવે થોડું રોકાઈને માઈક પર કહેવા માંડ્યું. 'અહીં બિરાજેલા મહાનુભાવો આપણા મહેમાનો છે અને મહેમાનોની સરભરા

તથા સુરક્ષા આપણા હિન્દુ રાષ્ટ્રની આદર્શ પરંપરા રહી છે. એ સૌને અહીંથી આપણે માનભેર વિદાય આપવાની છે... એટલું જ નહીં, રાજયકુટુંબની કોઈ પણ વ્યક્તિ તરફ હવે પછી આપણામાંથી કોઈએ આંગળી ચીંધવાની નથી. જેણે પાપ કર્યું હતું એને એની સજા મળી ગઈ છે અને જે પાપમાં ભાગીદાર બન્યો હતો એ પ્રસાદને એની સજા હવે પછી મળી જશે. જે જેલમાંથી આપણે ગોપીનાથને મુક્ત કરવાના છીએ એ જેલની કોટડીમાં પ્રસાદને પહોંચાડવાનું કામ પોલીસે કરવાનું છે.' એ શબ્દો સાથે જયદેવે 'જય પશુપતિનાથ'નો નાદ ગજાવ્યો ત્યારે અંદર બેઠેલા અને બહાર ઊભેલા સૌએ ઊંચા અવાજે ગગન ગજાવતો પડઘો પાડ્યો : 'જય પશુપતિનાથ !'

* * *

બુધવારની સવારે ભારતભરનાં વર્તમાનપત્રોમાં દફતર વિનાના પ્રધાન દાનેશ્વર નરેશ્વર વશિષ્ઠનાં દુષ્કૃત્યોની કથા સાથે બોલતા પુરાવા જેવી તસવીરો પ્રગટ થતાં જ હાહાકાર મચી ગયો. સરકારે દબાવી રાખેલા દાનવના મૃત્યુના સમાચાર પણ 'નેપાલથી મળેલા વિશ્વાસપાત્ર અહેવાલ'ના હવાલા ટાંકીને છાપાંવાળાએ બહાર પાડી દીધા. ઊઘડતી લોકસભામાં વિરોધપક્ષોના પ્રહારો સામે કેન્દ્ર સરકારે બચાવ કરવા ઘણાં ફાંફાં માર્યા. પરશુરામના બનાવટી નામે એક પ્રધાનને ઉતારી પાડવાનો નીચ પ્રયાસ થયો છે અને જે વ્યક્તિ હયાત રહી નથી એના મૃત્યુની અદબ જાળવીને બે દિવસ પૂરતું કામકાજ બંધ રાખવાનો પ્રસ્તાવ મૂક્યો, પણ છેવટે વિરોધપક્ષના આક્રમણ સામે સરકારે નમતું જોખી દેવું પડ્યું : 'ટાઈમ બૉમ્બ' પૂસ્તકમાં દાનવનાં દુષ્કૃત્યો સાથે સંકળાએલા બીજા ચાર પ્રધાનોનાં તત્કાળ રાજીનામા માગી લઈને વડાપ્રધાને જાહેર કરવું પડ્યું કે પુસ્તકમાં રજૂ થયેલી વિગતો તપાસપંચની ચકાસણીમાં સાચી ઠરશે તો કેન્દ્ર સરકાર રાજીનામું આપી દઈ મધ્યસત્ર ચૂંટણીની જાહેરાત કરતાં ખચકાશે નહીં...

બુધવારના મધ્યાહ્‌ને દિલ્હીના કોઈ અજાણ્યા સ્મશાને પાંચસાત ડાઘુઓની હાજરીમાં દાનવની ચિંતા ભડભડ બળતી હતી. એ જ વખતે કાઠમંડુના મહેમાન મહેલના મેદાનમાં યુવરાજ ચંદ્રભૂષણની

કાયા અગ્નિમાં બળીને પાપમુક્ત થઈ રહી હતી. બેમાંથી કોઈના મૃત્યુ પર ન તો કોઈએ આંસુ સાર્યા, કે ન કોઈએ નિઃસાસો નાખ્યો. પોતાની કૂખે પાકેલા કપૂતના આઘાતમાં દાનવની વૃદ્ધ માતાએ ગામના કૂવામાં ઝંપલાવી આવરદા ટૂંકાવી નાખી, તેમ રાક્ષસ પતિના બળાત્કાર નિહાળીને બેહોશ બની ગયેલી પત્ની બીનાદેવીને ડૉક્ટરોએ મેન્ટલ હોસ્પિટલમાં દાખલ કરી દેવી પડી.

પરશુરામના તખલ્લુસથી પુસ્તક લખનારનું અસલી નામ શોધીને બુધવારે સાંજે સી. બી. આઈ. ના જાસૂસો દિલ્હીથી નીકળી અલ્હાબાદની સાંકડી ગલીના એક જર્જરિત મકાને પહોંચ્યા ત્યારે જાણવા મળ્યું કે પરશુરામની ક્ષયથી પીડાતી બીમાર પત્નીને સવારે બે-ચાર અજાણ્યા માણસો આવીને ઘેરથી લઈ ગયા પછી એ પાછી આવી નથી!

છાપાંવાળાને ગંધ આવે એ પહેલાં તેને શોધી કાઢવા માટે જાસૂસો અને પોલીસો રાતભર ભટકતા રહી આખું અલ્હાબાદ ખુંદી વળ્યા પણ સાવિત્રીનો પત્તો લાગ્યો નહીં ત્યારે 'પરશુરામની પત્નીને ગુમ કરી દેવામાં સરકારનો હાથ'ની અફવા અલ્હાબાદથી વહેતી થઈને આખા દેશમાં ફેલાઈ ગઈ.

ત્યાં ગુરુવાર સવારનાં છાપાંમાં 'ટાઈમ બૉમ્બ'ની મહિલા પ્રકાશકનું મથાળું ચમકી ગયું : 'નપૂંસક નેતાની જીવનકથા પ્રગટ કરવાનું સાહસ ખેડનાર શોભા ભૂગર્ભમાં !' પી. ટી. આઈ.નો હેવાલો ટાંકીને અહેવાલમાં જણાવવામાં આવ્યું કે સનસનાટી જગાવનાર આ પુસ્તકની પ્રસિદ્ધિનો ઇતિહાસ પણ રહસ્યમય હોય એવું વિશ્વાસપાત્ર વર્તુળમાંથી જાણવા મળ્યું છે. જે પ્રેસમાં એ છપાયું છે. તેનાં નામ-સરનામાની તપાસ કરતાં એ સ્થળે એવા નામનું કોઈ પ્રિન્ટિંગ પ્રેસ જ છે નહીં. પ્રકાશક કુમારી શોભા અરવિંદ આઝાદને ઘેર તપાસ કરતાં પુત્રી-પિતા પંદર દિવસથી ઘર છોડી ગયાં હોવાનું આજુબાજુમાંથી કહેવામાં આવ્યું. કદાચ આ સ્ફોટક પુસ્તક પ્રગટ કરવાનું જોખમ જાણતી પ્રકાશક મહિલાએ સરકારી તવાઈ ટાળવાની સાવચેતી રૂપે પિતા સાથે ભૂગર્ભાવાસ પસંદ કર્યો હોય એવું અનુમાન છે. વિશેષમાં એવું જાણવા મળ્યું કે શોભાના પિતા અરવિંદ આઝાદ દેશના સ્વાતંત્ર્યસંગ્રામના સેનાની તરીકે બ્રિટિશ

પોલીસની બબ્બે ગોળીઓ ઝીલીને અપંગ બની ગયા હતાં. સ્વાતંત્ર્ય સૈનિકનું તામ્રપત્ર ધરાવતા અપંગ પિતાની પુત્રી શોભાએ દાનવને કારણે જ કૉલગર્લની કલંકિત જિંદગી વહોરી લેવી પડી હતી અને 'ટાઈમ બૉમ્બ' પૂસ્તકમાં પણ તેનો ઉલ્લેખ આવે છે.. પછી અમારા પ્રતિનિધિ ઉમેરે છે–ની ટાંક સાથે છપાયું હતું કે નેપાલમાં રાજાશાહીની સામે થયેલી સફળ ક્રાંતિમાં પણ 'ટાઈમ બૉમ્બ' પૂસ્તક મહત્ત્વનો ભાગ ભજવ્યો હોવાનું અનુમાન રાજકીય વર્તુળમાં વહેતું થયું છે.'

* * *

કાઠમંડુનું પશુપતિનાથ મંદિર સમગ્ર નેપાલનું કેન્દ્રસ્થાન બની ગયું હતું. મંદિર પછવાડેના ઘાટ પર બિશાખાના અંતિમ સંસ્કારનો વિધિ પતાવીને લોકો વિખરાયા પછી જયદેવે પશુપતિનાથ મંદિરને પોતાનું નિવાસસ્થાન બનાવી દીધું ત્યારે જ્યુલીએ પૂછ્યું હતું : 'પણ મંદિરમાં હું તમારી સાથે રહી નહીં શકું, ત્યાં મને પ્રવેશ નહીં મળે.'

'હું જાણું છું જ્યુલી !' જયદેવે લાગણીભીના અવાજે કહેવું પડ્યું હતું : 'થોડા દિવસ માટે આપણે જુદા રહેવું જરૂરી છે. હું ઘેર જઈ શકું એમ નથી અને ઘર સિવાય બીજે ક્યાંય પણ રહીશ તો લોકો જાતજાતનાં અનુમાન કરશે. પિતાજીના હૃદયનેય આઘાત લાગશે. ઘર અને વતન ત્યજી દીધા પછી હું તો માત્ર ફરજ બજાવવા પાછો આવ્યો છું. જે ઘડીએ કાર્ય પૂરું થયાની કૃતાર્થતા અનુભવીશ એ જ પળે તારી સાથે વતનની વિદાય લઈને ચાલી નીકળીશ...'

સાંભળીને જ્યુલીએ ધ્રુજારી અનુભવી હતી. નેપાલ છોડી જવાની વાતનો આઘાત તેણે જયને દેખાવા દીધો નહીં છતાં તેનાથી બોલાઈ જવાયું હતું : 'મહારાજાનાં પાપનું ઋણ ચૂકવાઈ ગયા પછી પણ...' બોલતાં બોલતાં થોડું અટકીને ગળગળા અવાજે ઉમેર્યું હતું : 'જય, ચાલી નીકળવાનું કહેશો ત્યારે એક ક્ષણનોય વિલંબ કર્યા વગર હું તમારી આગળ થઈ જઈશ. પણ વતન છોડી જવાની જિદમાં દેશ પ્રત્યેની જવાબદારીમાંથી છટકી જવાનો દ્રોહ ન કરી બેસતા !'

તેનો જવાબ આપવાને બદલે એકીટશે તેને તાકી લઈ જયદેવે ભારે પગલે પશુપતિનાથ મંદિરમાં પ્રવેશ કર્યો હતો.

• 'બસ. પછી તો ક્રાન્તિકારીઓ માટે પશુપતિનાથ મંદિર મસલતનું મથક બની ગયું. બુધવાર સવારથી દિવસમાં ત્રણ ત્રણ વખત બહાર પડતી 'રાષ્ટ્રવાણી'ની આવૃત્તિઓમાં ક્રાંતિની કડીબદ્ધ કથા પ્રગટ થવા લાગી અને દેશના ખૂણે ખૂણેથી લોકો પશુપંતિનાથ મંદિર તરફ ઉમટવા લાગ્યા. ક્રાન્તિમાં ભાગ લેનાર સવાબસો જુવાનોએ પણ ત્યાં જ પડાવ નાખી દીધો. રશિયા, અમેરિકા અને ચીન જેવા દેશો તરફથી પ્રજાતંત્ર નેપાલના વિકાસ અને ઉત્થાન માટે કરોડોની મદદના કૉલ ક્રાન્તિકારી નેતાઓને પહોંચતા થયા : 'તમે અમારી સાથે હાથ મિલાવો, અમે તમારા મિત્ર છીએ !'

લોકશાહી સરકારની સ્થાપના, ચૂંટણી, બંધારણ... કેટકેટલાં ભગીરથ કાર્યો માથા પર તોળાઈ રહ્યાં હતાં અને એ પાર પાડવા માટે લાયક માણસો નજર સામે દેખાતા નહોતા ! ગોપીનાથ, વિદ્યાપતિ, રાણા, શશીનાથ... બધા હેબતાઈ ગયા : આ બધું આપણાથી કેમ થઈ શકશે ! રાજશાહી નાબૂદ કરવાની ધૂનમાં રાષ્ટ્રને કઈ દિશાએ લઈ જવાનું છે એ વિષે તો આપણામાંથી કોઈએ કાંઈ જ વિચાર્યું નથી. દુનિયાભરના દેશો આપણા પર મીટ માંડીને બેઠા છે અને આપણને પ્રથમ પગલું ઉપાડવાનું ય સૂઝતું નથી.

ત્યારે સૌની દૃષ્ટિ જય તરફ વળી 'અમે બધાએ નિર્ણય કરી લીધો છે !'

'શેનો નિર્ણય !' એણે નિર્લેપભાવે પૂછ્યું હતું.

'દેશનો વડાપ્રધાન કોને બનાવવો એનો !' વિદ્યાપતિએ કહ્યું ત્યારે જયે તેને આગળ બોલતો રોકી દીધો હતો :

'એ નિર્ણય તો ક્રાન્તિની મશાલ પ્રગટી ત્યારનો લેવાઈ ચૂક્યો છે વિદ્યાપતિ !' જય બધા સાથીઓ તરફ નજર ફેરવીને એક વ્યક્તિ પર દૃષ્ટિ ફેરવતાં ઉમેર્યું : 'ગોપીનાથ સિવાય બીજા કોઈને એ સ્થાન પર બેસાડી કેમ શકાય ?'

'નહીં જય !' ગોપીનાથે મક્કમ અવાજે સંભળાવી દીધું : 'અમે ફરવા નીકળ્યા હતા એ ક્રાન્તિ નહોતી, રાજાશાહી સામેનો બળવો હતો ! સવાબસ્સો જુવાનિયા બંદૂક-બૉમ્બ લઈને થોડું લોહી રેડી શકે, થોડી લાશો ઢાળી શકે, થોડો વિનાશ સર્જી શકે પણ એનાથી ક્રાન્તિ પેદા ન થાય... મંગળવારની રાતે આપણે જે કરી દેખાડ્યું તેનો જશ ભલે આપણે સૌ વહેંચી લઈએ પણ એની જવાબદારી તો તારા શિરે જ રહેવાની.'

કલાકો સુધી ચર્ચા ચાલી, દલીલો થતી રહી છતાં જય નમતું જોખવા તૈયાર ન થયો ત્યારે વિદ્યાપતિએ ઊભા થઈ જતાં આવેશમાં બોલી નાખ્યું : 'મને લાગે છે કે આપણે બધા જ વતન છોડીને ચાલ્યા જઈએ... પછી ભલે પાડોશી ચીન કે ભારત, મહાસત્તા અમેરિકા કે રશિયા આ ટચૂકડા દેશને ખોળે લેવા માટે ખટપટ શરૂ કરી દે... ભલે આ દેશની પ્રજા આપણને શ્રાપ આપતી રહે કે અમારા થોડાક ઉચ્છૃંખલ જુવાનિયાઓ ભેગા મળી આ દેવભૂમિને પારકાનાં ચરણોમાં પ્રસાદ તરીકે ધરી દીધી !'

પોતાના શબ્દોની ધારી અસર થતી દેખાઈ એટલે વિદ્યાપતિએ ઉમેર્યું : 'જય, ક્યારેક ત્યાગ કરી દેવા કરતાં ગ્રહણ કરવામાં માણસે વધુ ગુમાવવાનું હોય છે. તું તારી સમસ્ત જિંદગી દેશને સમર્પી દેવા તૈયાર ન હો, તો કાંઈ નહીં પણ થોડા દિવસોય તારા વતન માટે નહીં આપી શકે ?'

ત્યારે જય ના ન પાડી શક્યો અને સવાબસ્સો ક્રાન્તિકારીઓના 'જય પશુપતિનાથ'ના પોકારમાંથી નેપાલના પ્રથમ વડાપ્રધાનનો જન્મ થયો.

* * *

બૈશાખ પંચમીની વહેલી સવારથી હજારો નેપાલી નાગરિકો પશુપતિનાથ મંદિર આસપાસ એકઠા થવા લાગ્યા હતા. ભવ્ય ઉત્સવ ઊજવાઈ રહ્યો હોય એવા ઉત્સાહથી સ્ત્રી, પુરુષો અને બાળકો રંગબેરંગી પોશાકમાં સજ્જ થઈને લોકશાહીની સ્થાપનામાં સામેલ થવા આવ્યાં

હતાં. શરણાઈ–બૂંગિયા અને ઢોલ-નગારાંથી વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. એક બ્રાહ્મણપુત્ર નેપાલના રાજસિંહાસન પર બિરાજે એ ન માનવામાં આવે એવો ચમત્કાર નિહાળવા લોકો અધીરા બન્યા હતાં.

અને પશુપતિનાથ મંદિરના ઘંટારવે સૌને સાબદા કરી દીધા. વહેલી સવારથી મહાદેવજીની પૂજામાં બેઠેલા જયદેવને પૂજારીએ પંચામૃત ધર્યું ત્યારે અમૃત જેવા એ પ્રસાદને જવાબદારીનું વિષ માનીને પીવાની ગંભીરતાથી એણે એનો સ્વીકાર કર્યો અને ભોળાનાથને અંતિમ પ્રણામ કરી પોતાની જાતને સંભળાવ્યું : જે સ્થાન પર બેસવા તું જઈ રહ્યો છે એની લાલચમાં લપેટાઈ જતો નહીં. મોહ-માયાથી પર થઈને દેશબાંધવની સેવા કરવાના સંકલ્પમાંથી તસુભાર ચલિત થતો નહીં... છેલ્લા શબ્દો સાથે તેની આંખો આંસુથી ઊભરાઈ આવી.

'જય પશુપતિનાથ'ના નાદ સાથે એ મંદિરમાંથી બહાર નીકળ્યો તો અંબાડીથી શણગારેલા હાથી ફરતા એના સાથીઓ રાહ જોતા ઊભા હતા. આગલી રાતે જયે ઘણી આનાકાની કરી હતીઃ 'આપણે રાજાશાહી ઠાઠનો ત્યાગ કરવો જોઈએ. સાદાઈ અપનાવવી જોઈએ. હું પગપાળા જ નગરયાત્રા કરીશ. પણ ફરી વિદ્યાપતિની દલીલ સામે તેણે નમતું જોખવું પડ્યું : 'જય, એક વાર જે હાથી પર સવારી કરીને તેં વતન છોડ્યું હતું. પ્રજાએ તને જાકારો આપ્યો હતો એના પર જ સવારી કરીને તારે પ્રજાનો આવકાર ઝીલવાનો છે, મોભા માટે નહીં, પણ સ્થાનનું માન જાળવવા ખાતર તારે અમારી વાત માન્ય રાખવી પડશે.'

'વિદ્યાપતિ, સત્તાની આ સુંવાળપ જ માનવને દાનવ બનાવી દે છે.' જયે ચેતવણીના સૂરે સંભળાવ્યું હતું : 'એકવાર માણસ સ્થાનનું માન જાળવવા બધું કરવા લાગે છે. પછી તેને પોતાના માનપાનનો મોહ જાગે છે. તારો પ્રસ્તાવ ઠુકરાવીને હું અપશુકન નહીં કરું પણ ફરી ક્યારેય તમારામાંથી કોઈ માન-મોભાના નામે, મને આવું કરવાની ફરજ પાડશો નહીં... નહિતર એક દિવસ એવો આવશે કે જે સ્થાન પર હું બેસવા રાજી નથી તે સ્થાન પર ચીટકી રહેવા માટે હું માનવ મટીને દાનવ બની જતાં અચકાઈશ નહિ.'

ભારે હૈયે જય હાથી પર સવાર થયો એટલે હજારો લોકોના

જયનાદ સાથે સવારી આગળ વધી. સવા બસ્સો ક્રાન્તિકારીઓની મોખરે વિદ્યાપતિ-ગોપીનાથ હતા અને હાથીની આજુબાજુ જ્યુલી-શોભા ચાલતાં હતાં. સવારી આગળ વધતી ગઈ તેમ લોકો જોડાતા ગયા અને ધીમે ધીમે સરઘસ સવા માઈલ લાંબું થઈ ગયું. ઠેરઠેર મકાનોની બારીઓ અને ઝરૂખામાંથી પુષ્પવર્ષા થતી રહી. લોકોના પ્રેમની આ વર્ષાએ જયને ગદ્‌ગદ બનાવી દીધો ત્યાં–

જયની આંખો સજજડ બની ગઈ. સવારી પોતાના ઘર પાસેથી પસાર થઈ રહી હતી, અને મેડીની બારીમાં તેના પિતા આંસુભરી આંખે પુત્રને નિહાળતાં ઊભા હતાં ! આજુબાજુનો બધો જ શોરબકોર વીસરી જઈને પિતાની આંખોમાંથી વરસતું વાત્સલ્ય ઝીલવામાં ભાવવિભોર બની ગયો. અર્ધી મિનિટ પછી તેને ભાન થયું કે સમયની જેમ સવારી પણ થંભી ગઈ હતી.

'જ્યુ, પિતાજીના આશીર્વાદ નથી લેવા ?' વિદ્યાપતિએ તેના તરફ હાથ લંબાવી નીચે ઊતરવાનો સંકેત કર્યો. ત્યારે હૈયું હાથ ન રહ્યું હોય તેમ હાથીની પીઠ પરથી એ કૂદી પડ્યા. ઘર તરફ પગ ઉપાડ્યો ત્યારે દોડીને ઉંબરો ઓળંગી જવાના ઝનૂન પર પરાણે અંકુશ મૂકી દેવો પડ્યો.

ઉંબરે ઓરમાન માતા અને કપિલ ઊભાં હતાં. માના હાથમાં દીપ પ્રગટાવેલ આરતીની થાળી હતી અને કપિલ બંને હાથના ખોબામાં પુષ્પો સાથે સ્વાગત કરવા ઊભો હતો.

ઓરમાન માએ માગેલું વનવાસનું વચન લોખંડની બેડી બની ગયું હોય તેમ જયના પગ જમીન સાથે જડાઈ ગયા. નિઃશ્વાસ નાખીને પાછો ફરી જવા એ પગ ઉપાડતો હતો ત્યાં ઈન્દ્રાણીની આંખો ઊભરાતી દેખાઈ :

'જય ! તું જેની કૂખેથી જન્મ્યો એ માતાએ આજે અહીં ઊભા રહેવું જોઈતું હતું... ઘરમાં તો મેં એનું સ્થાન લઈ લીધું પણ સદાય તારી સાથે સાવકી માતાની જેમ જ વર્તી છું.. આજે, અત્યારે આ પળે, ઘડીભર માટે મને સગી મા માની લે... બાકી તો હું સ્વાર્થની સગી કોઈની સગી થઈ શકું તેમ નથી !'

ઓરમાન માનાં આંસુ અને બોલ પ્રાયશ્ચિતના હતાં કે પ્રસંગોચિત-એ જય નક્કી ન કરી શક્યો. પણ બંને બાજુ ઊભેલી જ્યુલી-શોભા તરફ જોઈને એણે પગ ઉપાડ્યા.

આરતી ઉતારીને માએ દુઃખણા લીધા અને કપિલે પુષ્પો વરસાવ્યા એટલી વારનો વિલંબ પણ તેને બહુ વસમો લાગ્યો. એનો જીવ તો ઉંબરો ઓળંગીને પિતા પાસે પહોંચી જવા થનગની રહ્યો હતો.

'પિતાજી !' કહેતો એ આંગણામાં ધસી ગયો ત્યાં મેડી ઊતરીને નીચે આવતા રાજપુરોહિત દેખાયા. બંને વચ્ચે પાંચ-સાત પગલાનું અંતર હતું. ત્યારે જયના પગ એકાએક થંભી ગયા. જીવતા હાડપિંજર જેવી પિતાની કૃષ કાયા જોઈને જયનું હૈયું ચિરાઈ ગયું, આંખો છલકાઈ ઊઠી.

'સારું થયું દીકરા, આ ખોળિયામાં જીવ છે ત્યાં તું આવી ગયો !' પિતાના ધ્રૂજતા શબ્દોએ તેને હચમચાવી મૂક્યો. બાકીનું અંતર બે ડગલાંમાં વટાવીને એ પિતાને પગે પડી ગયો. તેની આંખોમાંથી વહેતાં આંસુએ પિતાના પગ ભીંજવી દીધા.

'ઊઠ જય !' રાજપુરોહિતે પુત્રના માથા પર હાથ પસવાર્યો : 'એકવાર મેં નિર્દયપણે વાળ ખેંચીને તને અહીંથી જાકારો આપ્યો હતો, આજે હૈયે વળગાડીને આશીર્વાદ આપું છું : તારા સંસ્કારને ઉજાળજે અને તારી વિદ્યાને દીપાવજે !'

કહેતા એમણે જયને છાતીસરસો ચાંપી દીધો. પિતા-પુત્રનું મિલન જોતાં સૌની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

'રાજપુરોહિતજી !' વિદ્યાપતિના સંબોધને બંનેને સજાગ કર્યાઃ 'આશીર્વાદ માત્ર તમારા પુત્રને નહીં, પુત્રવધૂને પણ આપવાના છે.' – કહેતા એણે જ્યુલીને આગળ કરી. જ્યુલીએ પ્રણામ કર્યા એટલે ગદ્ગદ સાદે એમણે આશીર્વચન ઉચ્ચર્યા : 'અખંડ સૌભાગ્યવતી ભવ!'

જ્યુલી ઓરમાન સાસુને પગે લાગતી હતી, ત્યાં જયદેવે ધડાકો કર્યો :

'પિતાજી, હું રૂખીને લઈ આવવા ગયો હતો. પણ એ તો

આપણાથી રિસાઈ ગઈ.' બોલતાં બોલતાં એણે દર્દને દબાવી દીધું : 'છતાં સાવ ખાલી હાથે નથી આવ્યો, આ શોભા હવે આપણી રૂખી છે.'

સાંભળીને શોભા ચોંકી ઊઠી. માનવામાં આવતું ન હોય તેમ એ બે ડગલાં પાછળ હઠી ગઈ. એટલે જયે તેનું કાંડું પકડી લીધું.

'હજુ બીજો આંચકો બાકી છે, શોભા !' કહેતાં એણે વિદ્યાપતિ તરફ ડોક ફેરવી : 'થોડા દિવસ પછી આ આંગણે માંડવો બંધાશે ત્યારે વાજતે-ગાજતે આવીને વિદ્યાપતિ તને લઈ જશે.'

જાણે વીજળી પડી હોય તેમ એ હેબતાઈ ગઈ. વિદ્યાપતિ સાથે નજર મિલાવી તો એની આંખોમાં પણ સંમતિ વાંચવા મળી : ત્યારે એના હોઠ ફફડ્યા : 'પણ વિદ્યાપતિ, તમે તો જાણો છો કે હું...'

'એવું કાંઈ જ કહેવાની જરૂર નથી શોભા !' વિદ્યાપતિએ તેના ખભા પર હાથ મૂકતાં લાગણીભીના અવાજે કહ્યું : 'રૂખી મને મળી હોત તો એ જેવી હોત એવી જ હું સ્વીકારત કે નહીં ?' એ કાંઈ કહે તે પહેલાં આંગણાના ખૂણેથી એક સ્વાદ સંભળાયો : 'મોટા ભાઈ આવી ગયા.' —કહેતો વૃદ્ધ માનસંગ વળી ગયેલી કમરે ધ્રૂજતી કાયા સાથે જયદેવ પાસે આવી પહોંચ્યોઃ હું બધાને કહેતો'તો કે જોજો ને, એક દિ' મોટા ભાઈ જરૂર આ ઘરમાં પાછા આવશે...'

અને બાકીના શબ્દો જયને વળગી પડવાના આવેશમાં ઓગળી ગયાં

○ ○ ○

સવા દશ વાગે રાજમહેલ સામેના વિશાળ મેદાનમાં 'જય પશુપતિનાથ'ના પોકારો વચ્ચે જયદેવ ગૌરીશંકર આર્યે નેપાલનાં પ્રથમ વડાપ્રધાન તરીકે દેવની સાક્ષીએ શપથ લીધા, ત્યારે વિદેશી મહેમાનો વચ્ચે સફેદ સાડીમાં પરશુરામની વિધવા પણ બેઠી હતી. બુધવારે સવારે વિદ્યાપતિના બે સાગરીતો અલ્હાબાદથી વિમાનમાર્ગે તેને કાઠમંડુ લઈ આવ્યા, ત્યાં સુધી એ બિચારીને ખબર નહોતી કે પોતાના દેશપ્રેમી લેખકપતિના બલિદાનના બદલામાં પરાયા દેશના અજાણ્યા લોકો તેનું

આટલું માન-સન્માન કરશે. ફૂલહારથી તેનો સત્કાર કરતાં જયદેવે કહ્યું હતું : 'સાવિત્રીબેન, તમને વિધવા બનાવનાર દાનવને દેવ તરફથી પૂરતી સજા તો મળી ગઈ, પણ તમારું સૌભાગ્ય કોણ પાછું લાવી શકે!' કહીને તેના હાથમાં નોટો ભરેલી બૅગ સુપરત કરતા ઉમેર્યું હતું : 'માનવીની જિંદગીનો બદલો કોઈ પણ કિંમતથી વાળી શકાય નહિ, પણ એમણે લખેલા પુસ્તકનો ફૂલની પાંખડી જેવો આ પુરસ્કાર સ્વીકારશો તો અમારા પર ઉપકાર થયો ગણાશે.'

બૅગ સ્વીકારી ત્યારે સાવિત્રીને ક્યાં ખબર હતી ફૂલની પાંખડી જેવો એ પુરસ્કાર સવા લાખ રૂપિયાનો હશે !

'શું રાજાશાહી કે શું લોકશાહી !' માઈક સામે ઊભેલા જયદેવના શબ્દોએ સાવિત્રીને સજાગ કરી દીધી : 'દાનવ અને રાક્ષસ તો બધે જ પેદા થવાના... એને હણવા માટે કોઈક પરશુરામ કે કોઈક ગોપીનાથ જેવા માનવ પ્રગટ થતાં રહેશે ત્યાં સુધી અધર્મ સામે ધર્મનો વિજય અચૂક થવાનો...'

અને તાળીઓના ગડગડાટમાં જયદેવના આગળના શબ્દો દબાઈ ગયા !

સમાપ્ત